Barcode : 99999990295333
Title - Pushti Bhakti Sudha Varsh -4 Ank -1 Thi 12
Author - Shah,Nagin Das
Language -
Pages - 341
Publication Year - 1924
Barcode EAN.UCC-13
9 999999 029533

વર્ષ ૪ થું] શ્રીકૃષ્ણાબ્દ ૫૧૩૯, ચૈત્ર.

पुष्टिभक्तिसुधा.

ફેબ્રુ ૧૧ શ્રીવલ્લભાબ્દ ૪૩૬ અંક ૧.]

नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन
यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा वृणुते तनुं स्वाम् ॥१॥
नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया
शक्य एवंविधो द्रष्टुं दृष्टवानसि मां यथा ॥ २ ॥
भक्त्या त्वनन्यया शक्यः अहमेवंविधोऽर्जुन ।
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परंतप ॥ ३ ॥

તંત્રી તથા પ્રકાશક
વાડીલાલ નગીનદાસ શાહ,
બી એ, એલ્એલ્ બી., વકીલ, હાઇકોર્ટ.
મુંબાઇ.

* * *

નોછાવર-વા. ૨-૦-૦

છૂટક અંકના રૂ. ૦-૪-૦

Printed by Somalal Mangaldas Shah at the Gujarat Printing Press—Ahmedabad,
and published by Vadilal N. Shah B. A., LL. B., Princess Street—Bombay

आवश्यक निवेदन.

1. આ માસિક સંબંધી સઘળો પત્રવ્યવહાર પ્રકાશકને નામે કરવો.
2. આ માસિક દરેક માસની કૃષ્ણ એકાદશીએ પ્રકટ થાય છે
3. આ માસિકમા છપાવવાને આવેલા લેખો લેવા ન લેવા તેમ જ તેમાં યોગ્ય સુધારોવધારો કરવો પ્રકાશકની મરજીઆધીન છે.
4. શ્રીમદ્વલ્લભાચાર્યજીના સિદ્ધાન્તાનુસાર જ લેખ લેવામા આવશે.
5. વર્ષનુ નોછાવર પ્રથમથી લેવામા આવે છે
6. આ માસિકના પરિવર્તનમા જેમના તરફથી માસિક વા પત્ર મલશે તેમને વગર નોછાવરે આ માસિક મોકલવામાં આવશે
7. કોઇ પણ બાબતની ખબર મગાવવી હોય તો જવાબ સારૂ ટિકિટ બિડવી, તે સિવાય જવાબ આપવામાં આવશે નહિ
8. આ માસિકમા જાહેર ખબર છપાવવી હોય કે હેન્ડબિલ વહેંચાવવાં હોય તેમણે પ્રકાશકને લખવું અથવા મળવું

પુષ્ટિભક્તિગ્રંથકાર્યાલય,
પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબાઇ. } પ્રકાશક.

અનુક્રમણિકા.

	વિષયો	લેખકો.
૧	વાર્તા...	વૈ. ગો. સ. ગણપતિરામ કાલીદાસ શાસ્ત્રી.
૨.	પ્રાચીન કીર્તનો	,, ,, ગો. ર. મથુરાદાસ હરજીવનદાસ.
૩.	વિરહાનુરાગ	,, ,, ગો. વિ.દ.ગ.
૪.	શ્રીમદ્ વલ્લભાચાર્યજીનું જીવનચરિત્ર	,, ,, મગનલાલ ગણપતિરામ શાસ્ત્રી એમ. એ.
૫.	વિજ્ઞપ્તિ	Mr. D B. A. LL. B. High Court Pleader.
૬.	સ્વામિનીઆર્યાનાટક	વૈ. શા. મં. અવલરામ ભૂધરજી શાસ્ત્રી.
૭.	પુષ્ટિભક્તિ	ગો. ગો. નાનાભાઈ નારાયણદાસ ગાંધી. એમ. એ. એલ. એલ. બી.
૮.	આપ્ત વચન	ગો. ગો. શેઠ સાંકળચંદ મગનલાલ
૯.	શ્રી સર્વોત્તમ	ગો. શ્રીમાલોચક
૧૦	અવલોકન	પ્રકાશક
૧૧.	નિવેદન	,,

॥ श्रीकृष्णाय नमः ॥

श्रीगोपेश्वरजीकृता

॥ वादकथा ॥

विशेषैः प्राकृतैः शून्यमप्राकृतविशेषवत् ।
अशेषोपनिषद्वेद्यं परं ब्रह्म वयं स्तुमः ॥१॥

निरस्य मतमासुरं श्रुतिशतैः सुतर्कैरपि
स्वकीयहरिवर्त्मना निजजनोद्धृतावुन्मनाः ॥

कृपाजलधिराज्ञया व्रजपतेरिहावातरन्स
कोऽपि हरिवाक्पतिः स्फुरतु मे सदा सिद्धये ॥२॥

इह खलु निखिलनिगमस्मृतिपुराणादिप्रमाणगणप्रतिपादितपरमपुरुषार्थत्वपुरुषोत्तमभक्तितत्त्वप्रत्यनीकसर्वालीकवादिप्रणीतमायावादमहातमिस्रविस्रंसनसहस्रकिरणायितकरुणायितशालिश्रीवल्लभाचार्याविर्भावितराद्धांतरहस्यरूपब्रह्मरूपनिरूपकमतिभटविघटनपटुतरश्रीमदस्मत्प्रभुचरणरचितानवद्यपथमालम्ब्य विरुद्धवादिव्युदस्तये वादकथा प्रस्तूयते,

प्राकृतधर्मानाश्रयमप्राकृतनिखिलधर्मरूपमिति ।
निगमप्रतिपाद्यं यत्तच्छुद्धं साकृति स्तौमि ॥

तत् ब्रह्म स्तौमि स्तुतिगोचरं करोमीत्यन्वयः, किंभूतं तत् ? प्राकृतधर्माणामविद्याकल्पितानामनाश्रयभूतं, अप्राकृते ब्रह्मणि प्राकृतधर्माणामभावात्, भावे दोषः क इतिचेन्न, जीवतुल्यस्यैव तत्त्वात्, 'न तत्समश्चाभ्यधिकश्च दृश्यत'इत्यादिश्रुतिभिस्तन्निषेधश्रवणात्, किंच, ते ह्यविद्याकल्पिता वाच्याः, एवं च सत्यविद्या जीवाश्रिता तत्कल्पिता ब्रह्माश्रिता वा ? नाद्यः, असमानाश्रयधर्मकल्पने तस्याः शक्त्यभावात् शक्तावतिप्रसङ्गाच्च, न द्वितीयः, परब्रह्मणि तदभावात्, 'एकस्यैव ममांशस्य जीवस्यैव महामते बंधोस्याविद्ययानादिर्विद्यया च तथेतर'इतिवाक्याच्च, किंच, तस्याः सत्त्वमुतासत्त्वं तदसत्त्वं वा ? न प्रथमः, विकल्पासहत्वात्, तथाहि, सा किं नित्या न वा ? नेतरः, अपसिद्धान्तापातात्, न प्रथमः, तथात्वे ब्रह्मणः सकाशाद्भेद 'एकमेवे'त्यादिश्रुतिविरोधावतारात्, ततो भेदे तस्य भेदपूर्वकत्वानियमेन तदभ्युपगमापत्तेः, अभावस्य प्रतियोगिप्रतिपत्त्यायत्तप्रतिपत्तिकत्वात्, नन्वप्रा-

माणिको भेदोऽभ्युपगतो वाच्यतया न दोषमावहतीति चेन्न, तस्याप्यप्रामाणिकत्वेन वैपरीत्यमेव किं न स्यात् ? श्रुतिरेव तयोरभेदे मानमितिचेन्न, तथाभूतश्रुतेरनुपलम्भात्, अभेदोपि किमेकत्वमुत भेदाभावः ? प्रथमेपि सङ्ख्या वा धर्मान्तरो वा ? नोभौ, तत्रापि भेदाभेदविकल्पेनात्माश्रयानवस्थाद्यापातात्, अत एव नेतरोपि, न द्वितीयः, असतः कारणत्वनिराकरणेन ततो ब्रह्मधर्मानुत्पत्तिप्रसङ्गात्, नन्वस्तु तर्हि सदसद्विलक्षणत्वपक्षस्तृतीयः पूर्वयोर्दोषादितिचेन्न, तस्यास्तथाभावे मानाभावात्, सत्त्वासत्त्वव्यतिरिक्तस्यास्य व्याहतेश्च, 'परस्परविरोधे हि न प्रकाशान्तरस्थिति'रितिन्यायात्, अपि च सानादिरुत सादिरभिधीयते ? नाद्यः, अनादित्वकल्पने मानाभावात्, नापरः, सादित्वस्य त्वन्मतेनङ्गीकारात्, नन्वेवं प्रपञ्चानुदयप्रसङ्गोऽविद्याकारणाभावादितिचेन्न, ब्रह्मण एव तदुत्पत्तेरुपपत्तेरिति चेन्न, कार्यकारणयोरैकजात्यभङ्गप्रसङ्गात्, प्रपञ्चरूपकार्यस्य तुच्छत्वेन तथाविधकारणावश्यम्भावात्, तथा च सिद्धान्तः कारणतयाऽविद्येतिचेन्नैवं, जगतो भगवत्कार्यत्वाभ्युपगमात्, न च कार्यकारणयोरैकजात्याभावः, कार्यस्याक्षरात्मकत्वेनैकजातीयत्वाविरोधात्, कार्यकारणात्मता च 'सर्वं खल्विदं ब्रह्म' 'स हैतावानास' 'ऐतदात्म्यमिदं सर्वं' 'तत्सत्यं''पुरुष एवेदं सर्वं यद्भूतं यच्च भव्यं' यदिदं किंच तत्सत्यमित्याचक्षते' 'स आत्मानं स्वयमकुरुत' 'स वै सर्वमिदं जगत्'इत्यादिश्रुतिसहस्रसिद्धेत्यन्यत्र विस्तरः, वर्णितं चैतच्छ्रीमदाचार्यचरणैः, 'तदेवैतत्प्रकारेण भवतीतिश्रुतेर्मत'मिति, किञ्च, प्रपञ्चब्रह्मणोरभेदं मनसि कृत्वैव'तदनन्यत्वमारम्भणं शब्दादिभ्य'इतिव्यासचरणाः सूत्रयाञ्चक्रुः, अत एव 'स राष्ट्रमभव'दित्यादिवैदिकप्रयोगाः सन्दृश्यन्ते, एतेन श्रुतितत्त्वसूत्रादिप्रमाणसहस्रप्रथनाकलयमाना जगदन्तर्गतभगवन्मूर्तिभजनाद्यसहमाना जगदसत्यमिति कथयमानाः प्रच्छन्ननास्तिका निरस्ता वेदितव्याः, नन्वेवंसत्याविद्यैव किं नाङ्गीक्रियते ? न, अनाद्यनिर्वचनीयतदनङ्गीकरणेपि भगवच्छक्त्यात्मकतदुररीकरणात्, न च तस्यास्तथात्वे मानाभावः, 'श्रिया पुष्ट्ये'तिवाक्यस्यैव प्रमाणत्वात्, न च भेदाभेदसत्त्वासत्त्वादिविकल्पावतारः, शक्तिशक्तिमदभिन्नभिन्नत्वयोः प्रमाणसिद्धत्वात्, अतः सिद्धं प्राकृतधर्मानाश्रयत्वं ब्रह्मणः, तथाचोक्तं 'अज्ञत्वं पारवश्यं च विधिभेदादिकं तथा तथा प्राकृतदेहत्वं देहत्यागादिकं तथा असुराणां विमोहाय दोषा विष्णोर्न हि क्वचि'दिति ।

नन्वेवं प्राकृताप्राकृतधर्माभावेन निर्धर्मके भजनाभाव इत्येवमाशङ्क्य समाधानमाहुः, अप्राकृताः प्रकृतिसम्बन्धशून्या आनन्दरूपाः धर्माः करचर-

णादयो रूपभूता यस्येति, ननु धर्माणां स्वरूपात्मकत्वमसम्भावि, विकल्पासहत्वात्, तथाहि, ब्रह्मधर्मास्ततो भिन्ना न वा? नाद्यः, नित्यत्वेनाद्वैतश्रुतिव्याकोपात्, किञ्च ब्रह्मणा समं धर्माणां यो भेदः स किं तत्स्वरूपं आहोस्विदन्योन्याभाव उत वैधर्म्यमितरद्वा? आद्येपि किमध्यक्षगम्यः प्रमाणान्तरगम्यो वा? नाद्यः, प्रत्यक्षेण धर्मभेदग्रहे धर्मिणः प्रतियोगित्वेन धर्मान्तर्निवेशनेऽभेदावगाहनेन वैपरीत्यापत्तेः अनुयोगिनि प्रतियोग्यनिवेशने च स्वरूपभेदत्वस्य परिभाषितत्वप्रसक्तेः, नित्यम्प्रतियोग्युपश्लिष्टस्यैव तस्य प्रमाणसिद्धत्वेन निष्प्रतियोगिके प्रमाणानाविर्भावात्, अथ प्रतियोगिभूतब्रह्मनिरूपणीयं धर्माणां स्वरूपं भेद इत्युक्तौ नोक्तदोष इतिचेन्न, विकल्पासहत्वात्, तथाहि, धर्मान्प्रति प्रतियोगित्वं ब्रह्मणः कश्चिद्धर्मो वा स्वरूपं वा? नान्त्यः, तावतोर्थस्य ब्रह्मस्वरूपतया धर्माणां ब्रह्मणश्चाभेदपर्यवसानप्रसङ्गात्, नापि प्रथमः, धर्मान्प्रति प्रतियोगित्वं यत्तस्य ब्रह्मधर्मत्वेन तस्मिन् तत्प्रवेशादैक्यापत्तेः, किञ्च, धर्मस्य धर्मिसम्बन्धावश्यकत्वेन परम्परायामनवस्थितेस्तदसत्त्वेऽत्यापत्तेरप्यन्ततः स्वभावसम्बन्धस्वीकार्यतया धर्मधर्मिणोः परस्परस्वभावप्रवेशेनाभेदस्यानिरस्यत्वात्, न द्वितीयः, अन्योन्याभावो यतोभिधेयस्तस्योक्तरीत्या तत्स्वरूपान्तःपातात्, किञ्च, ब्रह्मधर्मान्योन्याभावस्य तत्तादात्म्यप्रतियोगिकत्वेन तत्प्रसिद्धावत्यन्तासत्प्रतियोगित्वदोषात्, तत्सिद्धौ च भेदाशक्यत्वप्रसङ्गात्, नचात्यन्तासत्प्रतियोगिता न दोष इतिवाच्यं, शशविषाणाद्यभावस्यापि सुग्रहत्वापत्तेः, नापि तृतीयः, वैधर्म्यपक्षे क्वचित्तच्छृङ्खलाविश्रान्त्यनवस्थित्यननुभूत्यादीनामनुत्तरणीयत्वात्, तस्मिंस्तदनङ्गीकारे भेदस्यात्माश्रयत्वापत्तेश्च, नापि चतुर्थः, तस्यादर्शनात्, न द्वितीयः, धर्मत्वव्याघातात्, अभेदः किं भेदाभाव उतैकत्वमित्याद्युक्तविकल्पदोषव्याकुलत्वाच्च, अभेदे आधाराधेयभावानुपपत्तिरिति तु चिन्त्यं, घटाभावे घटाभाव इत्यत्रेव तदुपपत्तेः, एवं च सति धर्माणामेकविज्ञानेन सर्वविज्ञानोपपत्तये प्रपञ्चतुल्ययोगक्षेमतया निर्धर्मकमेव ब्रह्म प्रतिपत्तव्यमिति चेदुच्यते सचित्रालोकस्य तदाश्रयधर्मत्वेपि तद्रूपत्ववद्धर्माणां तदाश्रयत्वेपि तदात्मकत्वोपपत्तेः, न च भेदपक्षीयाशङ्कावतारः, अद्वैतागमैरेव भेदस्य क्षारीकृतत्वात्, न चाभेदकल्पोक्तविकल्पादिदोषः, तादात्म्यस्य प्रमाणसिद्धत्वात्, ननु तस्यापि धर्मान्तराकाङ्क्षायां अनवस्थागौरवं च स्यादिति चेन्न, धर्मान्तरस्य प्रमाणेन सिद्धावनवस्थितेरदूषणत्वात्, असिद्धावाश्रयासिद्धेरापादनासम्भवात्, गौरवाभावाच्च, नन्वेवमाश्रयाश्रयिभावानुपपत्तिरितिचेन्न, दत्तोत्तरत्वात्, न च सूर्यजन्यमालोकान्तरमेव

तन्न तद्रूपमितिवाच्यं, भेदकल्पने मानाभावाद्गौरवाच्च, तरणितेजसो भागवतत्वेन नित्यत्वाच्च,'यदादित्यगतं तेज'इतिवाक्यात्, अत एवैतदन्तर्निधाय 'प्रकाशाश्रयवद्वा तेजस्त्वा'दितिसूत्रितं सूत्रकारैः, तस्माद्ब्रह्मधर्मास्तद्भिन्ना अभिन्नाश्चाभ्युपेयाः, 'परास्य शक्ति'रित्यादिभेदश्रुते'रेकमेवे'त्याद्यभेदश्रुतेश्च, तथा चोभयविधश्रुतिबलेन तादृशमेव तद्वस्तूपपत्तिसिद्धमुररीकरणीयमिति न पूर्वोक्तदूषणगणावकाशः, अत एव श्रीवल्लभाचार्यचरणै'र्य आत्मनो दृश्यगुणेषु सन्निति व्यवस्यते स्वव्यतिरेकतोऽबुधः विनानुवादं न च तन्मनीषितं सम्यग्यतस्त्यक्तमुपाददत्पुमानि'त्यत्रात्मनो भगवतो दृश्येषु गुणेषु केशलोमनखरूपस्पर्शादिष्वेको गुणः स्वस्मात्सच्चिदानन्दात्मकभगवत्स्वरूपाद्व्यतिरेकतः, ल्यब्लोपे पञ्चमी, तथा च व्यतिरेकं प्राप्यैव सन्, अन्यथैकरसे ब्रह्मणि विविधरूपभानं न स्यादिति यो व्यवस्यते सोऽबुधः, धर्मिग्राहकमानेन शुद्धस्यैव ब्रह्मणस्तथैवसिद्धेः, एतदेवाह विना इति, वस्तुन एव तथात्वादाकारदर्शनानन्तरं यो भक्तकृतः 'कराम्बुज'मित्यादिरूपो वादः सोनुवादस्तं विना तत्कराम्बुजादिकं स्वरूपव्यतिरिक्तत्वेन मनीषिते मनसा सत्त्वेनाकलितं न भवति, ननु प्राकृतेष्वपि भगवत्सम्बन्धात्सत्त्वोत्पत्या तथा प्रतीतौ न दोष इत्यत आह सम्यगिति, स यथा सैन्धवघनोऽनन्तरोवाह्यः कृत्स्नो रसघन एवायं अरे अयमात्मानंतरोवाह्यः कृत्स्नः प्रज्ञानघनः असंगो ह्ययं पुरुषः ' अथात आदेशो नेतिनेती'त्यादिश्रुतिविचारदशायां त्यक्तप्राकृतधर्ममुपाददद्भवतीत्यर्थः, तैः सह सम्बन्धे सति हि तेषु सत्त्वोत्पत्तिसम्भावनाप्यस्यैवासम्भवात्तदसम्भव इति भाव इत्येवं व्याचक्षाणैरयमेवार्थः समर्थितः, अतः सिद्धमप्राकृतधर्मरूपत्वं ब्रह्मणः।

ननु तथाप्यश्रौतमेतद्भविष्यतीत्याशङ्क्य परिहारमाहुः इतिनिगमप्रतिपाद्यमिति, इति अनेनोक्तेन प्रकारेण निगमैः वेदैः प्रतिपाद्यं निरूपणीयमित्यर्थः, निगमस्तु 'पराञ्चि खानि व्यतृणत्स्वयंभूः' 'अदृश्यमग्राह्यं' 'न तत्र सूर्यो भाति' 'अपाणिपादो जवनो गृहीता पश्यत्यचक्षुः स शृणोत्यकर्णः 'स होवाचैतद्वै तदक्षरं' गार्गि ब्राह्मणा अभिवदन्त्यस्थूलमनण्वह्रस्व'मित्यादि 'दिव्यो ह्यमूर्तः पुरुषः स बाह्याभ्यंतरो ह्यजः अप्राणो ह्यमनाः शुभ्रः असङ्गो ह्ययं पुरुषः निष्कलं निष्क्रियं शान्तं निरवद्यं निरञ्जनं यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह कश्चिद्धीरः प्रत्यगात्मानमैक्षत् 'स ईक्षाञ्चक्रे' 'यतो वा इमानि भूतानि जायन्ते येन जातानि जीवन्ति यत्प्रयंत्यभिसंविशंति' 'विश्वतश्चक्षुरुत विश्वतोमुखो विश्वतो वाहुरुत विश्वतस्पात् सम्बाहुभ्यां धमति संपतत्रैर्द्यावाभूमी जनयन्देव एकः सर्वकामः सर्वरसः 'यः सर्वज्ञः

सर्वशक्तिःपरास्य शक्तिर्विविधैव श्रूयते स्वाभाविकीज्ञान बलक्रिया च'मनसैवानुद्रष्टव्य मित्यादिराकलनीयः तथाच सति नोक्तदोष इतिभावः, नन्वेवं धर्मप्रतिपादकतत्प्रतीनिषेधकश्रुतीनां परस्परविरोधो दुष्परिहर इतिचेन्मैवं, ब्रह्मणि विशेषाणां विधिनिषेधयोः प्रमाणसिद्धत्वस्य साधितत्वेन विरोधाभावात्, नचानेकागमैकवाक्यतया सविशेषश्रुतेरप्रमाणत्वमितिवाच्यं, अवेदबाह्येन वेदप्रामाण्यस्य त्यक्तुमशक्यत्वात्, विरोधपरिहारस्यान्यथासिद्धेश्च, अपि च, श्रुतित्वाविशेषादन्यत्रापि तथात्वस्यावर्जनीयापातात्, किञ्च, विशेषाः किं कल्पिता न वा? नाद्यः, कल्पितत्वासम्भवस्य प्रदर्शितत्वात्, तत्त्वे तदापादकवेदविप्रलम्भकत्वप्रसङ्गाच्च, नेतरः, ईशधर्माणामजन्यत्वस्य शरणीकरणीयत्वात्, अन्यच्च कश्चन विरोधोऽभिधीयते धर्मविधिनिषेधयोः सहानवस्थानमितिचेन्न, आधारभेदेन विरुद्धयोरपि सहावस्थानदर्शनात्, आधाराभेदोऽपि वक्तव्य इतिचेत्, वार्तमेतत्, अव्याप्यवृत्तितावादिमते संयोगादौ तथाप्यनुपपत्तेः, देशाभेदेऽपि प्रकारभेदेन विरोधस्वीकारात्, नन्वव्याप्यवृत्तितानभ्युपगन्तृमते देशाभेदेन सहानवस्थानं तदभ्युपगन्तृमते प्रकाराभेदेन तद्विरोध इतिचेन्न, तत्किं तद्द्वयावस्थानसाहित्यप्रतिक्षेपो वा तद्द्वयानवस्थानप्रतिक्षेपसाहित्यं वा? न प्रथमः तदुभयावस्थितिसाहित्यस्य प्रमित्यविषयतया अप्रसिद्धप्रतियोगिकत्वापातात्, न चेष्टापत्तिः, शशशृङ्गे प्रतिषेधेऽपि शशे शृङ्गप्रतिषेधात्मतोपगमेन अप्रसिद्धप्रतियोगिकत्वकोडीकरणात्, नान्यः, तद्द्वयावस्थानसाहित्यसद्भावस्यैवोपपत्ते, तद्द्वयाभावयोस्तद्द्वयात्मकध्रौव्यात्, अन्यथानवस्थाया दुर्निवारत्वात्, अस्तु वा यः कश्चिद्विरोधः, तथापि नेहासौ, प्राकृतप्रतिषेधाप्राकृतविधानाभ्यां तदयोगात्, तत्सत्त्वेऽपि ब्रह्मणि विरुद्धसर्वधर्माश्रयत्वस्याश्रयणीयतया तस्यादोषत्वात्, नचात्र प्रमाणाभावः; श्रुतिस्मृत्याद्यनेकतत्सत्त्वात्, तथाहि, 'आत्मा वारे श्रोतव्यो मन्तव्यः' 'यतो वाचो निवर्त्तन्ते' 'तदेजति तन्नैजति' अपाणिपादो जवनो ग्रहीता पश्यत्यचक्षुः स शृणोत्यकर्णः' सर्वतः पाणिपादान्तं 'अणोरणीयान्महतो महीयान् समो मशकेन समो नागेन' 'अस्थूलमह्रस्वमनण्वि त्यादि, अतः सुष्ठूक्तमितिनिगमप्रतिपाद्यमिति।

नन्वेवंसत्यन्यत्र विकारित्वदर्शनेनात्रापि तथात्वं स्यादित्याशङ्कायामाहुः शुद्धमिति अविकृतमित्यर्थः, सच्चिदानन्दरूपे ब्रह्मणि विकाराणामभावात् 'सत्यं विज्ञानमानन्दं ब्रह्मे'तिश्रुतेः।

तदेतत्सकलमन्तर्निधाय निष्कलितमाहुः साकृतीनि, साकारमित्यर्थः, नन्वा-

कारणां प्राकृतत्वादतथाभूते तस्मिन्ननवकाशात्तदलौकिकत्वोक्तौ मानाभावात्, गौरवात्, निराकारश्रुतिव्याकोपादुपासनार्थाया: साकारश्रुतेरौपाधिकतत्परत्वात्तदानन्त्येनाद्वैतभङ्गात्सविशेषस्य सावित्र्याद्यालोकभास्यत्वव्यवहार्यत्वचाक्षुषत्वक्रियामयत्वादिनाऽब्रह्मतापातात्, तस्य चागमसूत्राद्यसम्मतत्वादिदमनुपपन्नमितिचेन्न, आकाराणामलौकिकत्वात्, न च प्रमाणाभाव: शङ्क्य:, 'विश्वतश्चक्षुरुत विश्वतोमुखो विश्वतोबाहुरुत: विश्वतस्पात् 'सत्यं विज्ञानमानन्दं ब्रह्म' 'सर्वत: पाणिपादान्तं सर्वतोक्षिशिरोमुखं' 'आनन्दमात्रकरपादमुखोदरादि:' 'आनन्दमयोभ्यासा'दित्यादिसहस्रप्रमाणसद्भावात्, प्रमाणबलात्तस्य तस्यातथात्वाच्च, निराकारश्रुतेर्लौकिकवद्भाववत्ताप्युपपादनपरत्वेनाप्युपपत्तेरविरोधात्, अन्यथा साकारश्रुते: का गतिरायुष्मनाध्यवसिता? यतस्तद्विरोधो न स्यात्, नाप्यन्यतरबाधो युक्त:, विनिगमनाविरहेण तत्र तस्य दुर्वचत्वात्, न चाद्वैतानुरोधेन सविशेषश्रुतिबाध: साधुरितिवाच्यं, अबाधेन गतौ सत्या बाधस्यान्याय्यत्वात्, अन्यथा सर्वांशेन वेदप्रमाण्यमपेयात्, अथाकारप्रतिपादिका: श्रुतयस्तुरीयनिर्विशेषतदवगतये अविद्याकल्पिताकारवादिन्य उपासनार्थं चेति गतौ नोक्तदोषावतार इतिचेत्, अत्राहु:, निर्विशेषं स्वतो दुरवगममिति सविशेषस्य भावनासुकरत्वेन तस्मिंश्चित्तनिश्चलत्वे ततस्तत्प्रतिपत्तिरिति हि तत्राभिप्राय:, सचायुक्त:, अन्योन्याश्रयात्, तथाहि, निर्विशेषतत्सिद्धौ सविशेषश्रुतेस्तदर्थमवास्तवतत्परत्वसिद्धिस्तस्यां च सत्यां सेति, न च श्रुतिबलात्तत्सिद्धिरितिवाच्यं, तस्यान्यत्रापि समानत्वात्, नन्वेवं निराकारव्यवहारस्योच्छेद: स्यादितिचेन्न, कतिपयविशेषप्रतिषेधेन तदनुच्छेदस्य सम्भवात्, ननु निषेधार्थं विशेषानुवादो वेदेषु निषेधस्य निषेध्यप्रतिपत्त्यधीनप्रतिपत्तिकत्वादित्यप्रत्यूहमविशेषतात्सिद्धिरितिचेन्नैवं, विकल्पासहत्वात्, तथाहि, अनुवाद: किं श्रुतिसिद्धानामुत लोकसिद्धानां? न प्रथम:, तेषां निषेधानर्हत्वेनास्य नैरर्थक्यप्रसङ्गात्, अन्यथा सत्यत्वादयोपि ब्रह्मणि न सांसिद्धेयु:, तेषां तादात्म्यान्न क्वापि दोष इतिचेत्, इतरेषामपि तथात्वादेव न दोषलेशोपीति परिभावय, न द्वितीय:, विकल्पानुपपत्ते:, तथाहि, लोकसिद्धयावद्धर्मानुवादो यत्किञ्चिद्धर्मानुवादो वा? नाद्य:, इष्टापादनात्, लोकप्रसिद्धानां दु:खित्वानीशत्वादीनां अनुवादपूर्वकनिषेधसम्भवेप्यतथाभूतानां सर्वेश्वरत्वानन्दमयत्वादीनां तदयोगात्, अत एव च न द्वितीय:, यदप्यात्मोपासनाकथनात्तदर्थश्रुतिषु तदाकारकथनमन्यथातदनुपपत्तेरिति परमार्थतस्तथात्वमितिमतं तदपि , आकाराणां पारमार्थिकत्वात्, अन्यथा तदुपासनाया: फलजनकत्वापत्ते:, ७ यथाप्रपञ्चोनिर्दि-

तत्वाच्च, 'योन्यथा सन्तमात्मानमन्यथा प्रतिपद्यते किं तेन न कृतं पापं चौरेणात्मापहारिणे'त्यादिवाक्यात्, उपास्यावास्तवत्वे समस्तोपास्तिवचसामप्रामाण्यप्रसक्तेश्च, यस्तु कश्चिदवास्तवब्रह्मतत्वोपास्तेः फलास्तित्वं मण्यादिप्रभामण्डलतद्बुद्धिरूपसंवादिभ्रमदृष्टान्तेनाचष्टे, तदसत्, दृष्टान्तदार्ष्टान्तिकयोर्वैषम्यस्य स्पष्टतरत्वात्, दृष्टान्ते भ्रमादर्थक्रियासम्भवेपि दार्ष्टान्तिके श्रुतिपुराणवाक्यसन्दर्भैरुपास्यत्वप्रमिततया तदसम्भवात्, एतेन दारुशिलादिषु देवताभ्रमेण भजनात्फलं न भवेदित्यपि निराकृतं, तत्रापि सत्यभगवत्स्वरूपोपासकानामेव फलदर्शनात्, निजविषये प्रमाया विपरीतबुद्धिबाधकत्वेन दारुशिलादिप्रमितिदशायां देवतात्वभ्रमस्य नाशितुमशक्यत्वात्, नन्वेमुपासनानां नानाविधफलश्रवणेन ब्रह्मणोनन्तरूपताभ्युपगतावद्वैतभङ्गो गौरवं च प्रसज्येतेतिचेन्न, एकस्यैव भगवतो यदृच्छया कार्यार्थमाविर्भाविताविभिन्नानेकमूर्त्तित्वस्य प्रमाणप्रतिपन्नत्वेन तदनवकाशत्वात्, 'अतः परं नान्यदणीयसं हि परात्परं यन्महतो महान्तं यदेकमव्यक्तमनन्तरूपं विश्वं पुराणं तमसः परस्ता'दितिश्रुतेः, तदेतदभाणि श्रीवल्लभाचार्यचरणैस्तत्वदीपनिबन्धे 'अनन्तमूर्त्ति तद्ब्रह्म ह्यविभक्तं विभक्तिम'दिति, एतेन तदानन्त्येनाद्वैतभङ्गइतिनिराकृतं, यदपि सावित्राद्यालोकभाप्यत्वादिना सविशेषत्वेऽब्रह्मत्वापात इति आशङ्कितं, तन्मन्दंसावित्राद्यालोकस्य भागवतत्वेन स्वेनावमतेनस्वावमानाविरोधात्, 'यदादित्यगतं तेजो जगद्भासयतेखिलं यच्चन्द्रमसि यच्चाग्नौ तत्तेजो विद्धि मामक'मितिगीतावाक्यात्, सर्वव्यवहाराविषयत्वस्यापि भगवत्कृतस्याभ्युपेतव्यत्वात्, 'तं त्वौपनिषदं पुरुषं पृच्छामीत्या'दिश्रुतेः, 'प्रकाशवच्चावैयर्थ्यात्' इतिसूत्राच्च, व्यवहाराविषयता श्रुतेर्जीवसामर्थ्येन तथात्वे तात्पर्यस्य वर्णनीयत्वाच्च, चाक्षुषत्वस्य च श्रुतिस्मार्तसूत्रपुराणासिद्धस्य प्रतिषेद्धुमशक्यत्वात्, तथाहि 'कश्चिद्धीरः प्रत्यगात्मानमैक्षदावृत्तचक्षुरमृतत्वमिच्छन् ज्ञानप्रसादेन विशुद्धसत्वस्ततस्तु तं पश्यते निष्कलं ध्यायमानः' 'भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोर्जुन ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परन्तप' अपिसंराधने प्रत्यक्षानुमानाभ्यां' शृण्वन्ति गायन्ति गृणन्त्यभीक्ष्णशः स्मरन्ति नन्दन्ति तवेहितं जनाः त एव पश्यन्त्यचिरेण तावकं भवप्रवाहोपरमं पदाम्बुज'मित्यादि, नन्वेतेषां दृश्यत्वादिविधायकवाक्यानां 'पराञ्चि खानि' 'अदृश्यमग्राह्यं' 'न चक्षुषा ग्रह्यते नापि वाचा न तत्र सूर्यो भाती'त्यादितन्निषेधकवाक्यैः समं विरोधादेकान्ततः कथमित्थं निर्णय इतिचेन्नैवं, भगवत्सामर्थ्यजीवेन्द्रियसामर्थ्याभ्यां तादृश्यत्वादृशत्वयोः सम्भवेन वाक्यानां मिथोविरोधाभावात्, अतएव गीतायां 'मया प्रसन्नेन तवार्जुनेदं

रूपं परं दर्शितमात्मयोगात् दिव्यं ददामि ते चक्षुः पश्य मे योगमैश्वर'मित्यादिना स्वसामर्थ्यादिनैव स्वदृश्यत्वमर्जुनं प्रति भगवानभिदधे एवं क्रियादिमत्त्वमपि, 'परास्य शक्तिर्विविधैव श्रूयते स्वाभाविकज्ञानबलक्रिया च'त्यादिश्रुत्यनुरोधादवधारणीयं, एतेनागमसूत्राद्यसम्मतत्वं व्युदस्तं वेदितव्यं, अत एव सकलमहर्षिमण्डलीशिरोमण्डनायमानैर्व्यासचरणैः 'प्रकृतैतावत्त्वं हि प्रतिषेधति ततो ब्रवीति च भूयः' 'आनन्दमयोऽभ्यासात्' 'आह च तन्मात्र'मित्यादिसूत्रैरानन्दाकारत्वमेव ब्रह्मणो निरणायि, अतः सिद्धं साकृतित्वं ब्रह्मणः, एतेनोदीरितश्रुतिस्मृतिसूत्रपुराणमर्मानभिज्ञा निर्धर्मकब्रह्मवादिनो भगवदादिष्टखण्डपरशुप्रमुखोपदिष्टपाषण्डपद्धतिश्रद्धालुत्वेनाभीष्टभक्तिवर्त्मद्वेष्टारः शिष्टैः प्रत्यादेष्टव्याः, तस्मात्प्राकृतधर्मानधिकरणमनन्ताप्राकृतधर्मनिरूपिताधेयतानिरूपिताधारताशालिसामानाधिकरण्यानधिकरणसकलधर्माधिकरणं सर्वभवनसमर्थं न्यायोपबृंहितनिखिलवेदवेदान्तवेद्यं सच्चिदानन्दाकारं तत्परब्रह्म पुरुषोत्तमाख्यं परमकाष्ठापन्नं स्तौमीतिपर्यवसितः श्लोकार्थो हृदयालुभिरार्यगृह्यः परिभावनीय इत्यलमतिपल्लवितेन ॥

तातस्य नत्वा चरणाम्बुजं श्रीकल्याणरायस्य कृपांबुराशेः ।
ब्रह्मस्वरूपे स्वमतानुरूपां गोपेश्वरो वादकथामकार्षीत् ॥ १ ॥

एतां समेतां सत्तर्कैः स्वसिद्धान्तानुसारिणीम् ।
कृष्णान्तःकरणाः संतो मीमांसन्तां मुहुर्मुहुः ॥ २ ॥

॥ इति श्रीगोपेश्वरविरचिता वादकथा संपूर्णा ॥

निकुंजके पद.

आज अति शोभित हैं नंदलाल ।
श्वेत परदनी चंदन चर्चित उर शोभित वनमाल ॥ १ ॥

ठाडे कमल फीरावत आपन मोही रही व्रजबाल ।
सूरदास प्रभु सदा वीराजो गोवरधनधरलाल ॥ २ ॥

माईरी देखे हे गिरिधरण ।
पासोंकी कटि वन्योंहैं पीछो राधाजुके सरन ॥ १ ॥
अंग अंग अरगजा लाये स्वेतपागसीर ढरकन ।
सूरदास प्रभु कहांलो वरनु श्रीवैकुंठ नीज करन ॥ २ ॥

लाल सुभ निंद वीछुर गई आज ।
काहु काहा निश बहु सुख पाई सबइ भयो समाज ॥ १ ॥
कुंजसदनमें क्रीडा कीनी चंदन चर्चित साज ।
मानो मो उर भाल मरगजी उरझी तुम तन काज ॥ २ ॥
ओर विवस्ता कहा कदा वरनों आवत मोहे लाज ।
सूरदास प्रभु क्यों न कडे हे अधरन मधर समाज ॥ ३ ॥

ग्वालन भूलीसी कांहां डोलत '
बांह पकर बूझत हों वोकुं तू यहां कांहा डोलत ॥ १ ॥

जानत हो नवघन मदमाती-तु जीय कोनही खोलत ।
चतुर्भुजप्रभु गिरधरके रसमें प्रेम पगीसी बोलत ॥ २ ॥

बिधाता एको विधि न बच्यो ।
सबहीनको समसार राधिका चित दे झांई पच्यो ॥ १ ॥
कमल मीन बंधुक शुक पीक सबको सचले सज्यो ।
कृष्णदास प्रभु गिरधर आगे देजु भेट नच्यो ॥ २ ॥

॥ विहगावलोकः ॥

શ્રીવલ્લભાબ્દ ૪૩૧ પહેલા બે ત્રણ સામ્પ્રદાયિક માસિક પ્રગટ થતા હતા તે વિષે નન્દદ્વારની તૃતીય વૈષ્ણવપરિષદ્ પ્રસગે ર. બ લલ્લુભાઈએ વાચેલા રિપોર્ટમા[1] જણાવ્યુ હતુ કે “ વૈષ્ણવો તરફથી બે ત્રણ માસિકો બહાર પડે છે પણ તે બહાર પાડનારને આચાર્યશ્રીના ગ્રંથોની સંપૂર્ણ માહિતી હોય એમ જે જે માસિક અમારા જોવામાં આવ્યા તે ઉપરથી જણાતુ નથી. આચાર્યશ્રીના લેખોને આધારે વિષયો લખાતા હોય તો દરેક વિષય ઉપર આચાર્યશ્રીનો શો અભિપ્રાય છે તે જાણવામાં આવે ” વૈષ્ણવ, વૈષ્ણવધર્મપ્રકાશ અને વૈષ્ણવમાર્તણ્ડ એ ત્રણ માસિક વિષે આ પ્રકારે અસન્તોષ પ્રકટ કરીને તે જ સદ્વૈષ્ણવે તે પ્રસંગે જાહેર કર્યું હતુ કે “ મિ. વાડીલાલ સાથેના પત્રવ્યવહાર ઉપરથી માલમ પડે છે એમણે **પુષ્ટિભક્તિસુધા** નામનુ માસિક આવા પ્રકારના ધોરણ ઉપર આધાર રાખીને કાઢવાનો વિચાર કર્યો છે. “ દ્વિતીય વર્ષની પરિષદ્ની કાર્યસાધક સભાએ શ્રીમદ્વૈષ્ણવપરિષદ્ તરફથી એક માસિક કાઢવાનો ઠરાવ કર્યો હતો તે વિષે ર. પારેખે ઉદ્ગાર કાઢ્યા હતા કે “ તે ઠરાવ સારા ભાગ્યે પાર પડ્યો છે, અને થોડાક દિવસમા એકને બદલે બે માસિક આપણા હાથમાં આવશે પુષ્ટિભક્તિસુધા નામનુ માસિક મિ વાડીલાલ નગીનદાસ શાહ બી. એ. એલ્. એલ્. બી. છપાવશે, અને શ્રીસુબોધિનીજી નામનું માસિક રા. રા મગનલાલ ગણપતરામ શાસ્ત્રી એમ. એ. છપાવશે ” રા બ. લલ્લુભાઈનું આ સર્વ કથન અતીવ વિચારપ્રચુર છે. શ્રીવલ્લભાબ્દ ૪૩૧ મા શ્રીસુબોધિનીજી અને પુષ્ટિભક્તિસુધાના પ્રાદુર્ભાવ પછી તરત જ વૈષ્ણવ અને વૈષ્ણવધર્મમાર્તણ્ડ એ ઉભયે માસિક સ્વત જ બન્ધ પડી ગયા. હાલ માત્ર વૈષ્ણવધર્મપ્રકાશ નામનુ માસિક યથાતથા ચાલે છે. જે બે માસિક બન્ધ પડી ગયા તેને સ્થાને બે ત્રણ માસ થયાં ‘ શુદ્ધાદ્વૈતસિદ્ધાત અને પુષ્ટિમાર્ગ ’ નામનુ માસિક સિનોરવાળા મગનલાલ જગન્નાથ શાસ્ત્રી તરફથી પ્રકટ થાય છે, તેને પણ ર. બ લલ્લુભાઈનું કથન પૂર્ણાંગે જ લાગુ પડે છે. શ્રીસુબોધિનીજી નામના માસિકમા શાસ્ત્રીજીનો હાથ માત્ર આરંભના ૭ જ માસ રહ્યો હતો. શ્રીસુબોધિનીજીના દશમસ્કન્ધના પ્રથમાધ્યાયમા મિ. મગનલાલ શાસ્ત્રીની અનુવાદશૈલી અને તે પછીના અધ્યાયના ભાષાન્તરમાં તારતમ્ય સ્પષ્ટ છે. શ્રીસુબોધિનીજી અને પુષ્ટિભક્તિસુધા એ ઉભયે માસિકને પ્રથમ વર્ષે શેઠ ખીમજી કુવરજી તરફથી આર્થિક સહાય મળતું હતુ. ધનમદવિવશતાએ કરીને શ્રીસુબોધિનીજીના મુદ્રણમાથી શાસ્ત્રીજીની મુક્તિ તો ક્યારની જ થયલી હતી, અને પ્રથમ વર્ષની સમાપ્તિમાં પુષ્ટિભક્તિસુધાને તે શેઠ તરફથી મળતું આર્થિક સહાય પણ સ્વતન્ત્રતાને માટે લેવુ બંધ કર્યું. આથી પુષ્ટિભક્તિસુધાના ઉત્કર્ષને માટે એક સરસ અવકાશ પ્રાપ્ત થયો રા વાડીલાલ, ર. ધીરજલાલ અને શાસ્ત્રી એ ત્રણેના ઐક્યથી પુષ્ટિભક્તિસુધાને વિશિષ્ટ સ્વતન્ત્રતા પ્રાપ્ત થઈ, અને હાલ ચાલતાં પુષ્ટિભક્તિસુધા, શ્રીસુબોધિનીજી, વૈષ્ણવધર્મપ્રકાશ અને શુદ્ધાદ્વૈતસિદ્ધાન્ત એ ચારે માસિકમા આજે તો પ્રથમ સ્થાને પુષ્ટિભક્તિસુધા જ પ્રકાશે છે તે આ સ્વતન્ત્રતાને જ લીધે એ જોઈને અમારા આનન્દનો પાર રહેતો નથી.

---

[1] જુઓ તૃતીય વૈષ્ણવપરિષદનો રિપોર્ટ, પત્ર ૮-૯.

આજે શ્રીમદ્વલ્લભાધીશ્વરની કૃપાથી પુષ્ટિભક્તિસુધાનો ચતુર્થ વર્ષમા પ્રવેશ થાય છે. પ્રથમ વર્ષમા અગ્ર સ્થાન ભોગવતા શ્રીસુબોધિનીજીથી પણ ઉત્તમોત્તમ સ્થાન ગત વર્ષત્રયમાત્રમા જ કેવી રીતિથી પ્રાપ્ત થયુ એ વિષે કાઇક વિશેષ વિચાર પણ અત્ર અસ્થાને નહિ લેખાય. આ ઉત્તમોત્તમસ્થાનાપન્ન માસિકના લેખકવર્ગ પ્રતિ જ દૃષ્ટિક્ષેપ કરતા જણાય છે કે સમ્પ્રદાયના અધિષ્ઠાતા શ્રીવલ્લભાચાર્યજીના વશ્ય ગણાતા મહારાજોમાથી તૃતીયપીઠાધીશ્વર તિલકાયત શ્રીબાલકૃષ્ણલાલજી અને તૃતીયપીઠના ઉપતિલકાયિત શ્રીવ્રજરત્નલાલજી તરફથી ગ્રન્થોનુ અને કામવનસ્થ સપ્તમપીઠાધીશ્વર ચિ શ્રીરમણલાલજી, સુદામપુરીસ્થ શ્રીજીવનલાલજી અને નટપુરસ્થ શ્રીઅનિરુદ્ધલાલજી તરફથી આ માસિકને લેખોનુ સહાય, યદ્યપિ વિશેષ અપેક્ષિત છે તથાપિ, ક્વચિત્ ક્વચિત્ મળ્યુ જાય છે. ત્રિગલ ભટ્ટ ગોવર્ધનલાલ, શીઘ્રકવિ ભટ્ટ [1]નન્દકિશોરજી અને મુબાઇના મોટા મન્દિરના શાસ્ત્રી ભટ્ટ રમાનાથ ઇત્યાદિ ભાટ્ટ વર્ગ આ માસિકને ચર્ચાપત્રદ્વારા સહાયદાન કરવાનુ લક્ષમા રાખે છે મહારાજોના આશ્રિત શાસ્ત્રીમા પણ વે શા. સં છગનલાલ અમરજી શાસ્ત્રી તો પ્રતિમાસ ટાઇ ને ટાઇ સત્સૂચના કરતા જ, અને વે શા સ કલ્યાણજી કાનજી શાસ્ત્રી પણ [2]વ્રતોત્સવ પરંપરા ઇત્યાદિ વિષયો આ માસિકમા જ ચર્ચે છે સ્વતન્ત્ર શાસ્ત્રીઓમા પણ વે શા સ. જ્ઞાનભક્તિવયોવૃદ્ધ ગણપતિરામ કાલીદાસ શાસ્ત્રી પ્રાચીન વાદગ્રન્થોનો જીર્ણોદ્ધાર, વે શા સ. અવલરામ ભૂધરજી શાસ્ત્રી રસાત્મક ગ્રન્થોનુ ભાષાન્તર અને વે ના સ. શાસ્ત્રી વસતરામ હરિકૃષ્ણ ભટ્ટ પ્રમેયરત્નાર્ણવ ઇત્યાદિનુ ભાષાન્તર અને દયારામભાઇના કાવ્યની પ્રસિદ્ધિ પ્રભૃતિ સામ્પ્રદાયિક કાર્ય આ જ ઉત્તમોત્તમ માસિકદ્વારા કરે છે. વસ્તુત વસન્તરામ શાસ્ત્રી જ આ માસિકના ઉપતન્ત્રી છે શ્રીસુબોધિનીજીની પ્રસિદ્ધિમાથી વિનિવૃત્ત થયા પછી મિ શાસ્ત્રી શ્રીસુબોધિનીજીવત્ જ આ માસિક પ્રતિ મમત્વ રાખે છે, અને સામ્પ્રદાયિક માસિકમા જ નહિ પરન્તુ ગુજરાતી ભાષામા પ્રવર્તમાન માસિક માત્રમા આ માસિકને મુખ્ય સ્થાન સત્વર પ્રાપ્ત થાય એ સદુદ્દેશાર્થ જ નિરન્તર પ્રયત્ન કરવામા સ્વકીય શાસ્ત્રિત્વ અને એમ. એ પદવીની કૃતકૃત્યતા માને છે એમણે કરેલા ભાષાન્તર એમના જ નામથી અને એમના ભાષણો એમના મામીના પુત્ર મગનલાલ નાગેશ્વર વ્યાસના નામથી આ માસિકમા પ્રસિદ્ધ થયા છે આ માસિકના મુખ્ય લેખક ગ્રેજ્યુએટો જ છે આ વર્ગમા મિ ધીરજલાલ વ્રજદાસ સાકલીઆ બી એ એલ્ એલ્ બીના વિજ્ઞપ્તિના અનુવાદથી, અને તેથી પણ વિશેષ સ્વત રચેલી માર્મિક વાર્તાથી [3]પુષ્ટિભક્તિસુધાના કયા વાચકને વિનોદ સાથે વિજ્ઞાન પ્રાપ્ત નથી થતુ ? શ્રીગુસાઇજીના પત્રો, શ્રીહરિરાયજીની અષ્ટપદીઓ, આત્મવાદ ઇત્યાદિ સસ્કૃત ગ્રન્થોની પ્રસિદ્ધિથી, ઉપનિષદ્ના અનુવાદથી સર્વાત્મભાવ, શુદ્ધાદ્વૈત વિજ્ઞાન, મહાનુભાવી શ્રીગોપાલદાસજી ઇત્યાદિ સ્વતન્ત્ર લેખોથી અને લીલાવૈચિત્ર્યથી મિ. તેલીવાલાની આ માસિકની સેવા સર્વ વાચકને સુપરિજ્ઞાત છે. શુદ્ધાદ્વૈતબ્રહ્મવાદ નામના શીર્ષક નીચે મુદ્રમાણ આગ્લ નિબન્ધના યોજક પણ એ જ છે. સસ્કૃત વાચનારને સસ્કૃત, ગુર્જર વાચનારને ગુર્જર, અને આગ્લભાષા વાચનારને આગ્લ વિષયો પૂરા પાડવાનો સર્વ ભાગ બે ત્રણ વર્ષથી એ જ ભગવદીય વહે છે મિ. ગાંધીનુ શ્રી

---

[1] વ્રજલાલ શાસ્ત્રીની સહિથી મુદ્રિત લેખના યોજક આ પંડિત જ છે

[2] નાનાલાલ કાલીદાસની સહિથી મુદ્રિત લેખકના યોજક આ શાસ્ત્રી જ છે

[3] આ વાર્તા સ્વતન્ત્ર પુસ્તકરૂપે પૃથક્ પ્રસિદ્ધ થાય છે

યમુનાષ્ટકનુ ભાષાન્તર અપૂર્ણ છે, પણ શ્રીવિદ્વન્મણ્ડન[1]નુ અપૂર્ણ છે. પુષ્ટિભક્તિ વિષે લેખ તેમને પ્રથમ વર્ષે પ્રારમ્ભ્યો હતો તે આ માસિકમા સત્વર સમાપ્ત કરવાનો દૃઢ નિશ્ચય રા. ગાંધીએ કર્યો છે, જ્યારે જ્યારે રા. ગાંધી રાજ્યકાર્યમાથી પણ અવકાશ પ્રાપ્ત કરે છે, ત્યારે ત્યારે યથાશક્તિ સામ્પ્રદાયિક અને વિશેષત આ માસિકની સેવા કરવાનો સદ્વ્યવસાય કરે છે. પરમભાવુક; મિ. મનમોહનદાસ પણ દયારામભાઇના અપ્રસિદ્ધ કાવ્યની પ્રસિદ્ધિદ્વારા ક્વચિત્ આ માસિકને ઉપકારમા નાખવાનું વિસ્મરતા નથી સામ્પ્રત સ્થિતિમાથી સમ્પ્રદાયનો સમુદ્ધાર કરીને પ્રાક્તન સ્થિતિમા લાવવાને અર્થે ગ્રેજ્યુએટ વૈષ્ણવોએ સર્વ સાથે અથવા એકાન્ત રહીને પણ બહુ કર્તવ્ય છે. પ્રભુએ જે સદ્વિદ્યાનુ દાન કૃપા કરીને કર્યું, તેનો વિનિયોગ શ્રીપ્રભુચરણના સમ્પ્રદાયના ઉત્કર્ષાર્થે અવશ્ય કર્તવ્ય છે 'આખા જગત્મા ભગવદ્ભાવ સિદ્ધ કરવો એ જ્ઞાન અને ભક્તિની પરાદશા છે' એ શીર્ષકનો મિ પટવારીનો લેખ આ માસિકમા જ પ્રસિદ્ધ થયો હતો, રાજકાર્યમાથી અવકાશ મળે તો મહારાજ લાયબલ કેસ વિષે કાઇ લખીને વૈષ્ણવસૃષ્ટિ ઉપર ઉપકાર કરવાનુ એમના લક્ષમાં છે રા. બ. લલ્લુભાઇ જેવા મુસદ્દી લેખક પણ 'ભોગ' 'શારીરક ભાષ્ય ઉપર ડૉ થિબોના કેટલાક વિચારો' અને હાલના વૈષ્ણવ વાણીયાના પૂર્વજો જૈન હતા? એ ત્રણ લેખ આ માસિકમા પ્રસિદ્ધ કરીને અનેક કુતર્કનુ નિવારણ કર્યું છે. પરમભક્ત બલદેવદાસ કીર્તનીઆજી, ભરૂચવાલા ચુનીલાલ કીર્તનીઆજી, અને વૈ. મથુરદાસ હરજીવનદાસ અપ્રસિદ્ધ કીર્તનોની પ્રસિદ્ધિથી અને વૈ. ત્રિભુવનદાસ વી શાહ અને વૈ ત્રિકમદાસ શિવદાસ પ્રાસંગિક નવીન પદોની યોજનાથી વાચકોને આનન્દનુ દાન કરે છે. આ ઉપરાંત ઠક્કર ગોવર્ધનદાસે સૂરદાસજીના ઐતિહ્યથી, વૈ રણછોડલાલ કેશવલાલે આચાર્યપરમ્પરા વિષેના લેખથી, વૈ. વનમાલીદાસ શાહે પ્રથમ વિજ્ઞપ્તિના વિવેચનથી, વૈ. નારણદાસે સંખેડા પુસ્તકાલયની નિયમાવલિથી, રોજકાવાલા શાહ મોહનલાલ મોતીચન્દે વર્ષત્રયના વિષયોની અનુક્રમણિકાથી અને પરિષદ્‌ના સેક્રેટરિઓએ અભિનન્દનપત્રની પ્રસિદ્ધિથી ગ. વાડીલાલભાઇને થોડા ઉપકારમા નાખ્યા નથી.

નડીઆદવાળા વૈ. ત્રિભુવનદાસ, ભરૂચવાલા વૈ. હરકીસનદાસ, પાટણવાલા મથુરદાસ માનચંદ અને આનન્દવાલા વૈ ઉત્સવલાલભાઇ આર્થિક ઉન્નતિ માટે યથાવકાશ પ્રયત્ન કરે છે. આ સેવા ઉપરાંત ઉત્સવલાલભાઇએ તો શ્રીગુસાંઇજીના શ્રીહરિરાયજીના સ્તોત્રોનાં ભાષાન્તર કરીને અને 'મહામંગલપત્ર'ના પ્રાથમિક પરિચય કરાવીને આ માસિકના વાચકોને પોતાના વિદ્યાવિનોદિત્વનો લાભ આપતા રહે છે. સ્વતન્ત્ર વાર્તા યોજવા કરતાં પ્રાચીન સ્તોત્રોનો અનુવાદ કરે તો વૈષ્ણવોને એ ભાઇદ્વારા બહુ લાભ પ્રાપ્ત થઇ શકે એમ છે.

સન્માસિકના વિજયાર્થે લેખકોની નિપુણતા અને વાચકોની ઉદારતા એ ઉભય મુખ્ય સાધન છે શ્રીમદ્વલ્લભાધીશના જ કૃપાકટાક્ષથી આ માસિકને મહારાજો, ભટ્ટો, મહારાજના આશ્રિત શાસ્ત્રીઓ, સ્વતન્ત્ર શાસ્ત્રીઓ, ગ્રેજ્યુએટ વૈષ્ણવો અને મુસદ્દી વૈષ્ણવો તરફથી એમ વિવિધ પ્રકારે નિપુણ અને ઉત્તમોત્તમ લેખ પ્રાપ્ત થાય છે, અને મિ ત્રિભુવનદાસ પી. શાહ ઇત્યાદિ વૈષ્ણવચતુષ્ટય તરફથી આ માસિકના પ્રસાર માટે સતત પ્રયત્ન થયા જાય છે, તેમ વિદ્વાનો તરફથી લેખ અને વૈષ્ણવો તરફથી ઉદારતા ચાલુ રહેશે તો પુષ્ટિભક્તિસુધાનો દિનપ્રતિદિન સમુત્કર્ષ થશે જ એમ વિશ્વાસ રાખવાને કારણ મળે છે, પ્રથમ

---

[1] આ ગ્રન્થ રા ગાંધી સ્વતન્ત્ર પ્રસિદ્ધ કરવાની તૈયારીમાં છે.

વર્ષના દ્વાદશ અંક બે વર્ષમા સમાપ્ત કરવામા આવ્યા હતા, દ્વિતીય વર્ષમા માત્ર બે જ વખત બે અંકો ભેગા આપવામા આવ્યા હતા, અને તૃતીય વર્ષે ફક્ત એક જ વાર બે અંકો ભેગા આપવામા હતા, તેથી પુષ્ટિભક્તિસુધાનુ કાર્યતન્ત્ર પ્રતિવર્ષ સુદૃઢતુ જાય છે એમ દરેક વાચકની પ્રતીતિ થયા વિના રહેશે નહિ પ્રભુકૃપાથી આ વર્ષે કાર્યતન્ત્ર તેથી પણ વધારે નિયમિત થશે, અને કોઇપણ બે અંક ભેગા આપવાનો પ્રસંગ આવશે નહિ એમ આશા રાખવામા આવે છે પુષ્ટિભક્તિસુધા કયે માર્ગે પ્રવહે છે તે પણ વિચારશીલ વાચકો યથાર્થ સમજી ગયા છે, તથાપિ અત્ર વિશેષ સ્પષ્ટ કરવામા આવે છે કે મહારાજોને, ભટ્ટોને, મહારાજોના આશ્રિત શાસ્ત્રીઓને, સ્વતન્ત્ર શાસ્ત્રીઓને, ગ્રેડ્યુએટોને, મુસદ્દીઓને, અને અન્ય સર્વ પ્રકારના વૈષ્ણવોને, સક્ષમમા ગુરુસ્થાપનાપન્ન આચાર્યવંશ્યોને અને શિષ્યસ્થાનાપન્ન શ્રીમાન્ વીર્યવાન્ વિવેકવાન્ સમસ્ત વૈષ્ણવમાત્રને, શ્રીમદ્વલ્લભાધીશ્વરના પરમવિશુદ્ધ સમ્પ્રદાયની નિરીક્ષા કરાવીને તે જ ઉત્કૃષ્ટોત્કૃષ્ટ માર્ગે વિચરવાનો સવિનય પરન્તુ સ્પષ્ટ શબ્દમા અને પ્રસિદ્ધિમા આ માસિક તરફથી સદાગ્રહ કરવામા આવે છે. ગ્રન્થોના અવલોકનમા પણ અમારૂ આ જ દ્રષ્ટિબિન્દુ છે હીનનુ નિન્દન, મધ્યમ પ્રતિ ઉદાસીનતા, અને ઉત્તમનો રાગદ્વેષવિવર્જિત સપ્રેમ અંગીકાર એ ઉત્તમોત્તમ નીતિને અવલંબીને જ આ માસિકની સકલ પ્રવૃત્તિ થાય છે. વૈષ્ણવપરિષદે જે કાર્ય કરવાનુ છે તે જ કાર્ય આ માસિક ત્રણ વર્ષ થયા ઉત્સાહપૂર્વક કર્યા કરે છે, વૈષ્ણવપરિષદ્ના હેતુઓનુ પોષણ આ માસિકથી થાય છે, એમ વિવેકપૂર્વક ગ્રહણ કરવામા આવે તો કેટલાક તરફથી વૈષ્ણવપરિષદ્ની શિથિલતા વિષે કથન થાય છે તે નિર્મૂલક છે એમ સ્પષ્ટ પ્રતીત થશે. જે પ્રકારે ગત વર્ષત્રયમા મહારાજોની, વૈષ્ણવોની, અને શ્રીમદ્વૈષ્ણવપરિષદ્ની સેવા આ માસિક કરી શક્યુ છે, તે જ પ્રકારે સામ્પ્રદાયિક ઉત્તરોત્તર અધિકાધિક સેવા કરવાનુ ઉત્સાહપૂર્ણ સામર્થ્ય શ્રીમત્પ્રભુચરણ મહામંગલ પુષ્ટિભક્તિસુધાને દાન કરે એમ સદૈન્ય પ્રાર્થના કરીને આ લેખનો ઉપસંહાર કરવામા આવે છે

શ્રીમદ્વલ્લભાચાર્યજીનું જીવનચરિત.

* * *

ભાષણકર્તા

ગોસ્વામિશ્રીબાલકૃષ્ણલાલજીમહારાજ કાંકરોલીવાલા.

તારદેવ ઉપર આવેલા શેઠ ચતુર્ભુજ મોરારજીના બગલામા સવત ૧૯૬૧ ના આષાઢ વદ અમાસને મંગલવાર તા. ૧–૮–૧૯૦૫ને દિવસે વૈષ્ણવભાઇઓનો દમદબાભરેલો મેલાવડો કરવામા આવ્યો હતો, જે વખતે શ્રોતૃજનોથી આખો હૉલ ચિકાર ભરાઈ ગયો હતો.

શરૂઆતમા મિ. વિઠ્ઠલ રાજારામ દલાલની સૂચનાથી મિ ઠાકોરદાસ કેશવરામે જણાવ્યુ કે " આચાર્ય રત્નશિરોમણિ તથા સભ્ય ગૃહસ્થો,

આપણે અત્ર શા માટે ભેગા થયા છીએ તે આમત્રણપત્રિકા ઉપરથી આપ સર્વને વિદિત થયુ હશે. ગૃહસ્થો, ઇતિહાસ તરફ દૃષ્ટિ કરતા આપણને સ્પષ્ટ માલમ પડે છે કે સૃષ્ટિ ઉપર ચાલતા દરેક ધર્મ પ્રતિ તેના વિરોધીઓ તરફથી કોઇને કોઇ કારણને લીધે હલ્લા થતા આવ્યા છે. આ આર્યાવર્તમા સનાતનધર્મરૂપી સિંહને પણ એવો અનુભવ વારવાર આવ્યો છે હાલમા કેટલાક આર્યમ્મન્ય તરફથી એ સિંહ પ્રતિ તેની સુસ્તીનો લાભ લઇને અનેક આક્ષેપો કરવામા આવે છે. એવા હલ્લા એ સિંહના પ્રવર્તકો તરફથી વાર વાર હઠાવવામાં આવ્યા છે. પ્રવર્તકોની જેમ જેમ હીલચાલ વધતી જશે તેમ તેમ આર્યનામધારીઓ પોતાની ખરી સ્થિતિનુ અવલોકન કરી શકશે. કોઇ પણ ધર્મ, સપ્રદાય, વા આચાર્ય પ્રતિ આક્ષેપો કરવા પહેલા તે કરનારાઓએ તેના મૂલ સિદ્ધાન્તનો પ્રથમ અભ્યાસ કરવો જોઇએ, તેમ ન કરતા જેઓ આક્ષેપો કરવા તત્પર થાય છે, તેઓ સમજુ મનુષ્યોની દૃષ્ટિમા નિરર્થક વિવેચન કરનારા જેવા લાગે છે. ગૃહસ્થો, નીતિશાસ્ત્રમા પણ કહ્યુ છે કે કોઇ પણ મનુષ્યે અન્યના દોષ કાઢવા પહેલા પોતાના ગુણદોષનુ અવલોકન કરવુ જોઇએ, તેમ નહિ કરતા જેઓ અન્યના દોષ પ્રતિ તર્કવિતર્ક દોડાવે છે તેઓ " ડાહી સાસરે ન જાય, ને ઘેલીને શિખામણ દે " એ કહેવતમુજબ વર્તન કરે છે એમ કહેવામાં કઇ પણ અતિશયોક્તિ કીધેલી કહેવાશે નહિ. ગૃહસ્થો, ચાલતા સમય યા જમાનાને આર્ય જ્યોતિશાસ્ત્રના સિદ્ધાંતમુજબ કલિયુગ તરીકે ઓલખવામા આવે છે. એ કલિયુગમાં લોકોની ધર્મ પ્રતિ મંદ ગતિને લીધે નાસ્તિકતાનો વધારો દિનપ્રતિદિન થતો જાય છે એવા સમયે નાસ્તિકોથી ચેતી ચાલવા પડિત શ્રીગટૂલાલજી ધર્મિષ્ઠ જનોને ભલામણ કરી ગયા છે —

" વધ્યુ કલિનું બલ આજ માનો, ફરી ગયો ભૂતલ આ જમાનો,
જ્યા ત્યાં કરે નાસ્તિક દાબ ચેતો ! બુદ્ધિ બચાવે જ કદા બચે તો "

આનો અર્થ ખુલ્લો છે એટલે તે સંબંધમાં બોલવાની જરૂર નથી. વલી પ્રાચીન ઋષિમુનિઓ ચાલતા કલિકાલમાં લોકોની ધર્મ પ્રતિ તેમ જ આચારવિચારાદિની ચાલચલગત કેવી થશે તે વિષે ભવિષ્ય વાણી ભાખી ગયા છે કે " जना भ्रष्टा नष्टा अहह कलिकाल: प्रभवति " અર્થાત્ અરેરે ! આ કલિકાલનો પ્રભાવ કેવો આવ્યો છે કે જનો (આર્ય પુત્રો) ખાનપાનાદિ આચારથી ભ્રષ્ટ થઇ નષ્ટ થઈ જવા લાગ્યા છે. આનો પ્રત્યક્ષ દાખલો હાલમાં

આપણી સમીપ હોવાથી તે સંબંધમા કઇ પણ બોલવુ યોગ્ય નથી પરંતુ ગૃહસ્થો, શ્રુતિ-સ્મૃતિમાં કહ્યુ છે કે "आहारशुद्धौ सत्त्वशुद्धि आचार परमो धर्म" આહારની શુદ્ધિથી અંતઃકરણની શુદ્ધિ થાય છે, અને અંતઃકરણની શુદ્ધિથી અચલ સ્વસ્વરૂપની સ્મૃતિ થવા લાગે છે. આચાર એ શ્રેષ્ઠ ધર્મ છે, અને એ આપણા શ્રીવલ્લભસંપ્રદાયનો મૂલ સિદ્ધાંત છે, અને તે પ્રમાણે શ્રદ્ધા રાખીને વર્તવુ, એ આપણા આર્યભાઈઓનુ મૂલ કર્તવ્ય છે"

શ્રીમદ્ગોસ્વામિશ્રીબાલકૃષ્ણલાલજીમહારાજનું ભાષણ.[1]

મહારાજશ્રીએ શ્રીમદ્ભાગવતના પ્રથમ શ્લોક, દ્વારિકેશસ્વરૂપના ભાવનાત્મક શ્લોક, શ્રીમદાચાર્યચરણ તેમ જ શ્રીવિઠ્ઠલનાથજીના ધ્યાનનિરૂપક શ્લોક વડે, શ્રીકૃષ્ણ, શ્રીદ્વારિકાનાથજી, શ્રીમદાચાર્યવર્ય તેમ જ શ્રીગોસ્વામિજીનુ નમનાત્મક મંગલાચરણ કરીને પ્રારંભમા આજ્ઞા કરી કે "પ્રાય વેદાન્તશાસ્ત્રના પ્રવર્તક સર્વ આચાર્ય દક્ષિણ દેશમા પ્રકટ થયા છે. શ્રીવલ્લભાચાર્યજી પણ દક્ષિણ જનપદમા જ પ્રકટ થયા હતા. એમનુ મૂલ ગ્રામ "કુંભકર"નામે હતુ [2]વિષ્ણુસ્વામિસંપ્રદાયના [3]શ્રીગોવિંદાચાર્યાનુગૃહીત શ્રીવલ્લભદીક્ષિત આચાર્ય થયા તે સોમયાજી હતા. તેમના પુત્ર યજ્ઞનારાયણદીક્ષિતના સોમયજ્ઞથી પ્રસન્ન થઈ પૂર્ણ પુરુષોત્તમે પ્રકટ થઇને સ્વેચ્છાથી જ એવુ વરપ્રદાન કર્યુ કે "અમે તમારા શુદ્ધ કુલમા પ્રકટ થઇને શુદ્ધ વૈદિક માર્ગ પ્રકટ કરીશું." શ્રીયજ્ઞનારાયણદીક્ષિતના પુત્ર શિવાવતાર ગંગાધરદીક્ષિત પણ તેવા જ વિદ્વાન સોમયાજી હતા. એમણે રચેલા કેટલાક ગ્રંથોના નામ સાંપ્રદાયિક ગ્રંથમા ઘણી વાર જોવામા આવે છે, પણ શોચનીય છે કે તે તે ગ્રંથો હાલ ઉપલબ્ધ નથી. ગંગાધરભટ્ટના પુત્ર ગણપતિરૂપ ગણપતિદીક્ષિત થયા. તે સમર્થ પંડિત હતા, અને દક્ષિણ દેશમા કેટલીક વાર તેમણે સભામા વિજય પ્રાપ્ત કર્યો હતો. એમના પુત્ર શ્રીવલ્લભદીક્ષિત થયા તેમના પુત્ર શ્રીગોવિન્દદીક્ષિત થયા, જેમના ગ્રંથો "ભક્તિદીપ" આદિ નામથી સુપ્રસિદ્ધ છે

---

[1] આ ભાષણ શાસ્ત્રીજીએ નિજ ગુરુપુત્ર શ્રીબાલકૃષ્ણલાલજીને ભેટ કર્યુ છે

[2]. શ્રીમદ્વલ્લભાચાર્યજીના મૂલ પુરુષો શ્રીવિષ્ણુસ્વામીના અનુયાયી કદાચિત્ હશે, પણ તેથી શ્રીવલ્લભાચાર્યજી સ્વતઃ પણ તામસથી વિષ્ણુસ્વામીના મતાનુયાયી હતા એ અનુમાન શ્રીમહાપ્રભુજીની નિજ ઉક્તિથી જ વિરુદ્ધ છે (જુઓ શ્રીમદ્ભાગવતસુબોધિની ૩-૩૨-૩૭)

[3] શ્રીમદ્વલ્લભાધીશની સાત પેઢી આ પ્રકારે છે, એમની અટક "ખંભ વડીવાર" છે.

શ્રીવલ્લભદીક્ષિત (વિષ્ણુસ્વામિમતવર્તિ શ્રીગોવિન્દાચાર્યના શિષ્ય)
|
શ્રીયજ્ઞનારાયણદીક્ષિત (શ્રીયજ્ઞનારાયણાવતાર)
|
શ્રીગંગાધરદીક્ષિત (શ્રીશિવાવતાર)
|
શ્રીગણપતિદીક્ષિત (શ્રીગણેશાવતાર)
|
શ્રીવલ્લભદીક્ષિત.
|
શ્રીગોવિંદદીક્ષિત (ભક્તિદીપ ઇત્યાદિના કર્તા)
|
શ્રીલક્ષ્મણભટ્ટજી (શ્રીવસુદેવાવતાર).
|
શ્રીવલ્લભાચાર્યજી શ્રીવલ્લભાચાર્યજી
(શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ અને નિર્ગુણભક્તિમાર્ગના પ્રવર્તક)

શ્રીગોવિન્દદીક્ષિતના શ્રીલક્ષ્મણદીક્ષિત અને શ્રીજનાર્દનદીક્ષિત એમ બે પુત્ર થયા. શ્રીલક્ષ્મણદીક્ષિત શ્રીવસુદેવનો અવતાર કહેવાય છે.' કુલપુરોહિત વિષ્ણુદીક્ષિતદ્વારા યજ્ઞોપવીત પ્રાપ્ત કરીને બ્રહ્મચર્યાદિ ધર્મ ગ્રહણ કરીને, સમાવર્તન કરીને, વિદ્યાનગરના રાજપુરોહિત કાશ્યપગોત્રી સુશર્મા બ્રાહ્મણની યલ્લમાગારુ નામની કન્યાનું પ્રાજાપત્યવિધિથી પાણિગ્રહણ શ્રીલક્ષ્મણભટ્ટજીએ કર્યું શ્રીમદ્વલ્લભાચાર્યના પૂર્વ પુરુષો કુંભકરનગરીમાં નિવાસ કરતા એમ પ્રથમ કહ્યું છે. શ્રીલક્ષ્મણભટ્ટજીના સમયમાં તે નગરમાં ઉપદ્રવ થવાથી "કાંકરવાડ"ગ્રામમાં તેમણે સપરિકર નિવાસ કર્યો. શ્રીલક્ષ્મણભટ્ટજીને રામકૃષ્ણ નામનો એક પુત્ર અને સુભદ્રા તેમ જ સરસ્વતીનામે બે કન્યા યલ્લમાગારુથી થઇ આ બન્ને કન્યા જોડકાં હતાં. ત્યારપછી એક રામચન્દ્રનામક પુત્ર થયા. આ પુત્રપ્રસવ પછી યલ્લમાગારુ રુગ્ણ રહેવા લાગ્યાં. પ્રતિજ્ઞા પ્રમાણે શ્રીપુરુષોત્તમનું પ્રાકટ્ય હજી થયું નહિ, તેથી શ્રીલક્ષ્મણભટ્ટજીને ચિંતા થતા, યલ્લમાગારુની રુગ્ણ પ્રકૃતિમાં સંતાનાસંભવથી તે ચિંતાનો ઉદ્વેગ થતા, શ્રીપુરુષોત્તમનું સ્મરણ સમાધિવડે કર્યું. સમાધિમાં જ દ્વિતીય લગ્ન કરવાની આજ્ઞા થતાં, યજ્ઞાદિ ક્રિયામાં કલત્ર ઉપયુક્ત થશે એમ નિશ્ચય કરીને, યલ્લમાગારુની આજ્ઞા સંપાદન કરીને, તેની જ નાની બ્હેન ઇલ્લમાગારુ સાથે શ્રીલક્ષ્મણભટ્ટજીએ લગ્ન કર્યું પૂર્વ પુરુષોએ ૯૫ સોમયાગ કર્યા હતા. અવશિષ્ટ પાંચ સોમયાગ સંપૂર્ણ કરીને શત સોમયાગની સમાપ્તિનિમિત્તે કાશીપ્રયાણ કરતાં રસ્તામાં [1]ચંપકારણ્યમાં સગર્ભા ઇલ્લમાગારુને ગર્ભસ્રાવ થયો. શમીવૃક્ષની છાલથી તે સાત માસના આમ ગર્ભનું સંવેષ્ટન કર્યું, અને તે જ શમીવૃક્ષ નીચે તે ગર્ભને ધરીને કાશી ગયા. ત્યાંથી પાછા ફરતા ઉક્ત ચંપકારણ્યમાં આવતાં તે જ શમીવૃક્ષ આગલ અગ્નિના પુંજમાં એક સુંદર બાલકના દર્શન થતા ઇલ્લમાગારુએ પતિને પ્રાર્થના કરી કે "એ પુત્ર મારો છે." શ્રીલક્ષ્મણભટ્ટજીએ ઇલ્લમાગારુજીના સ્તનમાંથી પયપ્રસર પ્રત્યક્ષ જોવા છતાં પણ આજ્ઞા કરી કે "એ પુત્ર તમારો હશે તો અગ્નિ તમને રસ્તો આપશે." અગ્નિએ ઇલ્લમાગારુજીને રસ્તો આપ્યો. આ પ્રમાણે કૃષ્ણાવતારવત્ માહાત્મ્યજ્ઞાન કરાવીને "પ્રાકૃત શિશુ થયા." માતૃચરણ ઇલ્લમાગારુએ પોતાના હસ્તમાં હવે સનાલ બાલકને લઈને સ્તનપાન કરાવ્યું, જે સમયનું ચિત્ર પણ સંપ્રદાયમાં સુપ્રસિદ્ધ છે.

શ્રીવલ્લભાચાર્યજીના પ્રાકટ્યનાં કારણ.

શ્રીવલ્લભાચાર્યના પ્રાકટ્ય પહેલાં શુદ્ધ વૈદિક માર્ગ માયાવાદીઓએ કલુષિત કરી નાખ્યો હતો. બ્રહ્મને અત્યંત નિર્ગુણ માનીને, જીવને પૂર્ણ બ્રહ્મ વ્યાપક માનીને, જગતને મિથ્યા માનીને ધર્મ અને જ્ઞાન ઉભયને વસ્તુત મિથ્યા માનીને, તત્પ્રતિપાદક નિગમાગમને પણ તે વાદીઓ મિથ્યા કહી રહ્યા હતા. વેદ જ મિથ્યા એટલે પરમાર્થન તત્પ્રતિપાદિત કર્મ, જ્ઞાન ઉપાસના, સાંખ્ય, યોગ, ભક્તિ સર્વ જ મિથ્યા એમ મિથ્યાવાદમાં તેઓ સદા અભિનિવિષ્ટ રહેતા હતા. આ મિથ્યાવાદનું નિરાકરણ કરવું, શુદ્ધ વૈદિક માર્ગ પ્રકટ કરવો એક જ બ્રહ્મ

---

[1] સુરતથી ટપ્ટીવેલી લાઇનથી અમલનેર, અમલનેરથી ભુસાવલ, ભુસાવલથી નાગપોર, નાગપોરથી રાયપોર, અને રાયપોરથી રાજીમ જઈને ત્રણચાર ગાઉની મજલ કરવાથી શ્રીચંપકારણ્ય જવાય છે મુંબાઈથી કલકત્તામેલમાં બેસવાથી સીધા જ રાયપોરપર્યંત જઈ શકાય છે રાયપોરમાં શ્રીનૃસિંહલાલજી મહારાજનું મંદિર છે રાજીમમાં શ્રીરાજીવલોચનનામક ભગવદવતારનું મંદીર છે. ચંપારણ્યમાં ધર્મશાલાની સગવડ પણ સારી છે બુદ્ધે પણ પ્રથમ આ ચંપારણ્યમાં તપસ્યા કરી હતી.

સ્વરૂપત વિરુદ્ધસર્વધર્માશ્રયન્યાયે નર્ગુણ અને સગુણ પણ છે, તે જ બ્રહ્મથી અનન્ય જીવ તત્મેવઃ હોવાથી અણુમાત્ર છે, તે જ બ્રહ્મનું આધિભૌતિક જગદ્રૂપ પણ સત્ય છે, તે જ બ્રહ્મની જ્ઞાનક્રિયાદિ શક્તિ સત્ય હોવાથી કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગ ઉભયે સત્ય છે, બ્રહ્મનિશ્વસિત વેદ પણ સત્ય હોવાથી કર્મ, જ્ઞાન, ઉપાસના, સાખ્ય, યોગ, ભક્તિ સર્વ પરમાર્થત. મિથ્યા નહિ. પણ સત્ય છે એમ સપ્રમાણ પ્રતિપાદન કરીને વૈદિક માર્ગનો પ્રચાર કરવો એ પ્રાકટ્યનુ પ્રથમ અથવા હીન પ્રયોજન છે. પ્રવાહમિશ્રિત પૌષ્ટિક જીવોનુ પૃથક્કરણ કરીને સ્વરૂપામૃત કરાવવું એ દ્વિતીય વા મધ્યમ પ્રયોજન છે, અને મર્યાદામિશ્રિત પૌષ્ટિક જીવોનુ પૃથક્કરણ કરીને ઉત્તમોત્તમ રસાસ્વાદ કરાવવો એ ઉત્તમ વા તૃતીય પ્રયોજન છે. શાસ્ત્રોક્ત ઇતર પ્રયોજનોનો સમાવેશ આ ત્રણમાં જ કરી લેવો.

શ્રીવલ્લભાચાર્યજીનું સ્વરૂપ.

" आचार्यं मा विजानियात् " એ ભાગવતશ્લોકમાં ભગવાન્ સ્વત શ્રીમુખથી જ પોતાનો અને આચાર્યનો સાક્ષાત્ અભેદ ઉપદેશ કરે છે, અર્થાત્ આચાર્ય મારા જેવા છે એટલું જ નહિ પણ આચાર્ય શ્રીકૃષ્ણરૂપ જ છે. તે જ શ્લોકમાં શ્રીકૃષ્ણની અલૌકિકતા અને આચાર્યની લૌકિકતા જોઇને કોઈ શંકા કરે તો શુકદેવજી વધારે નિરૂપણ કરે છે કે "नावमन्येत कर्हिचित्" " કદાપિ તે (ભગવદભિન્ન) આચાર્યનું અપમાન કરવુ નહિ " જીવવત્ પ્રાકૃતરૂપ ધારણ કરે તથાપિ આચાર્ય પુરુષોત્તમ જ હોવાથી અપમાન ન કરવુ, મર્ત્યબુદ્ધિથી તેની અસૂયા ન કરવી. કારણ કે ગુરુ સર્વદેવમય છે " છાંદોગ્યોપનિષત્મા પણ आत्मानं वैश्वानर उपास्ते ઇત્યાદિ પ્રતિપાદન છે, વૈશ્વાનર આત્મા છે, વ્યાપક છે, પુરુષોત્તમ છે, તે વૈકુંઠાદિ સર્વ લોકમા અને બ્રાહ્મણાદિ ચારે વર્ણમા વ્યાપી રહ્યા છે, માટે સ્વરૂપજ્ઞાનનિષ્ઠ ભગવદીય તે વૈશ્વાનરની સેવા કરે છે. વેદ પરોક્ષપ્રિય હોવાથી પરોક્ષ રીતિથી જ વૈશ્વાનરશબ્દથી શ્રીવલ્લભાચાર્યનુ જ પ્રતિપાદન કરે છે તથાપિ વેદમાં જ ક્વચિત્ સાક્ષાત્ પ્રતિપાદન પણ પ્રત્યક્ષ થાય છે. इन्द्रियाय नलिनीमन्दिराया वल्लभो वासुदेवः ઇત્યાદિ ઉપનિષત્ના વાક્યમા પ્રત્યક્ષ "વલ્લભ" શબ્દ પણ પ્રસિદ્ધ છે. મુખારવિંદવડે સિદ્ધાંતનો ઉપદેશ કરીને શબ્દથી જીવોનુ પરમ નિશ્રેયસ સિદ્ધ કર્યુ છે, તેથી શ્રીવલ્લભાચાર્ય પૂર્ણ પુરુષોત્તમ છતા પણ શ્રીકૃષ્ણના મુખાવતાર કહેવાય છે. અગ્નિ શ્રીકૃષ્ણનું મુખ છે, એમ તો मुखादग्निरजायत શ્રુતિ સાક્ષાત્ જ ઉપદેશે છે. ब्राह्मणोऽस्यमुखमासीत तो એ અગ્નિ, કૃષ્ણમુખ, બ્રાહ્મણરૂપે ભૂતલ ઉપર પ્રકટશે એમ પણ પરોક્ષતાથી સંકેતે છે એ વિષયમાં સાંપ્રદાયિક ગ્રંથોમા અનેકાનેક પ્રમાણો દૃષ્ટિગોચર થાય છે, પણ તે સર્વનો અર્થ કરતા અત્ર વિષય અસમાપ્ત રહી જાય, માટે એટલેથી જ વિરામ પામુછુ.

શ્રીવલ્લભાચાર્યજીની બાલક્રીડા.

પૂર્ણપુરુષોત્તમસ્વરૂપ, શ્રીકૃષ્ણાસ્ય, શ્રીવલ્લભાચાર્યજી સન્મનુષ્યાકૃતિ સદ્બ્રાહ્મણાકૃતિ અંગીકાર કરીને ધર્મગ્લાનિનો નિસ્તાર કરીને સન્માર્ગસ્થાપન કરવાને શ્રીલક્ષ્મણદીક્ષિતના વંશમા સંવત્[૧] ૧૫૩૫ના ચૈત્ર કૃષ્ણ ૧૧ને દિવસે ભૂતલ ઉપર પ્રકટ થયા. જેવુ એમનુ સ્વરૂપ અલૌકિક, તેવા તેમના ધર્મ પણ અપ્રાકૃત જ છે. બાલક્રીડામા સામાન્ય સાધારણ

---

[૧] શ્રીગોકુલનાથજીના સેવકો ૧૫૨૯ ને પ્રાકટ્ય સંવત્ માને છે. કુશલ જ્યોતિર્વિદ્ જે નિર્ણય આપે તે જ યોગ્ય છે.

પ્રાકૃત રમકડાંથી આ આચાર્ય કદાપિ ખેલ્યા નથી, ખેલમા પણ શ્રીકૃષ્ણનાં જ રમકડાં અંગીકાર કરતા' ક્વચિત્ શ્રીલક્ષ્મણભટ્ટજી સ્વાધ્યાયાદિ કરતા હોય ત્યા રિંગણલીલા કરીને શ્રીકૃષ્ણાવતારનું અનુસંધાન કરાવતા, અને ક્વચિત્ તો વેદના મંત્રોના વ્યંગ્યાર્થ પણ સ્પષ્ટ કરી દેતા. આવી 'અપ્રાકૃત બાલલીલાથી નિરુદ્ધ માતાપિતા નંદયશોદાવત્ પોતાનું મહાભાગ્ય માનીને પરમાનંદમા અવગાહ કરતા

શ્રીવલ્લભાચાર્યજીનો બ્રહ્મચર્યાશ્રમ.

સંવત[1] ૧૫૪૦ના ચૈત્ર શુક્લ ૯મીને દિવસે કાશીજીમા શ્રીવલ્લભાચાર્યજીને પિતાએ યજ્ઞોપવીત ધર્યું પિતાથી ગાયત્રીમંત્રોચ્ચારનું શ્રવણ કરીને, ઇલ્લમાગારુજીની પ્રથમ ભિક્ષા ગ્રહણ કરીને કુલપુરોહિત શ્રીવિષ્ણુવિત્દીક્ષિતને ત્યા નિવાસ કર્યો. સજાતીય બ્રાહ્મણને ત્યાંથી ભિક્ષા યાચીને, ગુરુને નિવેદન કરીને, ગુરુની પરિચર્યાપૂર્વક ભિક્ષાભોજન આદિ બ્રહ્મચર્યાશ્રમના સર્વ ધર્મ જીવશિક્ષાર્થ પોતે પ્રકટ કર્યા. કૃષ્ણયજુર્વેદની તૈત્તિરીય શાખાના ગ્રંથો પોતાના પિતાએ અધ્યાપન કરાવ્યા. અવશિષ્ટ યજુ શાખાના ગ્રંથો બૃહસ્પતિના અવતાર વિષ્ણુવિદ્દ પાસે અતિશીઘ્ર ભણ્યા. બ્રહ્માવતાર ત્રિરુમલ્લ પાસે ઋગ્વેદ ભણ્યા. સાંદીપનિના અવતાર નારાયણદીક્ષિત પાસે સામવેદ તથા ૭ શાસ્ત્ર શીખ્યા. સરહસ્ય અથર્વવેદ પિતાજીએ જ શિક્ષણ કરાવ્યો. મધ્વસંપ્રદાયી આન્ધ્ર માધવેન્દ્રયતિ પાસે ગીતા, ભાગવત, અને નારદપંચરાત્ર એ ભાગવતશાસ્ત્રનું અધ્યયન કર્યું એ યતિ શાંડિલ્યમુનિના અવતાર હતા વેદાંત, ધર્મશાસ્ત્ર, કાવ્ય, સાહિત્ય, અને કલા શ્રીલક્ષ્મણભટ્ટજીની જ પાઠશાલામા શિષ્યાધ્યાપન સમયમાં ઉપસ્થિત કરી લીધા. વેદબાહ્ય નૈયાયિક, વૈશેષિક, જૈન, બૌદ્ધ, ચાર્વાક ઇત્યાદિ મતનું વાદવિવાદમા જ અવધારણ કરી લીધું સંવત્[2] ૧૫૪૬મા "પત્રાવલંબન" નામનો ગ્રંથ નિર્માણ કરીને વૈદિક વેદાંતસિદ્ધાંતના ડિંડિમનો, શ્રીવિશ્વેશ્વરને સાક્ષી રાખીને, શ્રીમદાચાર્યજીએ ઉદ્ઘોષ કર્યો આ ગ્રંથ સુપ્રસિદ્ધ[3] છે, પણ તે એટલો તો ગહન છે કે ટીકા વિના સારાસારા વિદ્વાનોનો પણ તેમા પ્રવેશ થઈ શકતો નથી.

શ્રીવલ્લભાચાર્યજીની પરિક્રમા.

"પત્રાવલંબન' ગ્રંથનું પત્ર કાશીવિશ્વેશ્વરમા અવલંબન કરીને ત્યાંના પંડિતોને સ્વવિદ્યાથી સંતુષ્ટ કર્યા પછી સંવત્ ૧૫૪૮મા શ્રીમદાચાર્યજીએ પૃથ્વીપરિક્રમાનો પ્રારંભ કર્યો. તે પહેલા સંવત્ ૧૫૪૬ના ફાગણ વદ ૯મીને દીવસે શ્રીલક્ષ્મણભટ્ટજીએ શ્રીલક્ષ્મણબાલાજીમા પ્રાકૃત દેહનું વિસર્જન કરીને સાયુજ્યફલાર્થ લીલાંતપ્રવેશ કર્યો. પરિક્રમામા હવે કાંઇ પણ પ્રતિબંધ ન હોવાથી સં. ૧૫૪૮ના વૈશાખ કૃષ્ણ ૨ને દિવસે પરિક્રમાનો પ્રારંભ થયો વિદ્યાનગરમા કૃષ્ણદેવરાજાએ વૈદિક સિદ્ધાન્તનો નિર્ણય કરાવવાને ઋષ્યશૃંગના (શૃંગેરીના)

---

[1] આ સંવત્ વિષે ઉહાપોહ થઈ શકે છે.

[2] શ્રીપુરુષોત્તમજીનું મંતવ્ય એમ છે કે આ ગ્રંથ બાલ્યાવસ્થાનો નથી, પરંતુ પ્રૌઢાવસ્થાનો છે.

[3] રા. પટવારીએ આ ગ્રંથ હાલમા જ પ્રસિદ્ધ કર્યો છે, એ ગ્રંથની ત્રણચાર સંસ્કૃતિ થયા પછી જ સુવાચ્ય અવસ્થામા આવી શકશે. ગ્રંથ પ્રસિદ્ધ કરતી વખતે જ ભાષાંતર કરવાની ત્વરામાં ગ્રંથ અને ભાષાંતર ઉભયની દુરવસ્થા થાય છે. ગુજરાતી ભાષાંતર પણ છે એમ જોઈને ગ્રાહકો લલચાય છે, પણ પરિનિરાશા થાય છે. સાંપ્રદાયિક ગ્રંથોની પ્રસિદ્ધિમાં વાણિજ્યબુદ્ધિનો પરિત્યાગ કરીને પ્રથમ ગ્રંથો શુદ્ધ મુદ્રિત થાય, ભાષાંતરકર્તા પણ તે શુદ્ધ સંસ્કૃત મુદ્રિત ગ્રંથની દરેક વાર ઓછામાં ઓછી આવૃત્તિ કરે ત્યારે જ ભાષાંતર કરવાની યોગ્યતા પ્રાપ્ત કરી શકે.

શાંકર યતિવર નૃસિંહયતિ, માધ્વસંપ્રદાયી વ્યાસતીર્થ, રામાનુજસંપ્રદાયી હનુમદાચાર્ય, નિમ્બાર્કસંપ્રદાયી કેશવાચાર્ય ઇત્યાદિ અનેક પંડિતોને નિમન્ત્રણ કરીને વાદશાલામાં વાદપ્રારંભ કરાવ્યો હતો વૈષ્ણવાચાર્ય પ્રાય પરાસ્તવત્ થયા હતા તે જ દિવસે શ્રીમદાચાર્યજી વિદ્યાનગરમા પધાર્યા. રાજગુરુ મામા તરફથી સભાનો વૃત્તાંત સખેદ શ્રવણ કરીને પરમોત્સાહથી બીજે દિવસે પોતે ત્યા સાક્ષાત્ પધારવાનો નિશ્ચય કર્યો. પ્રાતઃકાલમા વાદશાલામાં પધારતા તેજપુંજથી ચકિત થઈને રાજાએ સન્મુખ આવીને કનકસિંહાસન ઉપર શ્રીવલ્લભાચાર્યજીને પધરાવ્યા દશ દિવસ માયાવાદી સાથે વાગ્યુદ્ધ કરીને, તે સર્વને પરાસ્ત કરીને, વૈષ્ણવ સિદ્ધાન્તનું મંડન કરીને, સર્વ વૈષ્ણવાચાર્યના સિદ્ધાન્તનુ સામાન્ય સમર્થન કરીને, વિષ્ણુસ્વામિ[1]સિદ્ધાન્તનુ સવિશેષ સ્થાપન કર્યું અવશિષ્ટ આઠ દિવસમા સાંખ્ય અને મીમાંસાની સમીક્ષા કરી. સર્વ આચાર્યોની સમક્ષ વાગીશત્વ પ્રકટ કરીને નિર્મલ કર્મમાર્ગ, શુદ્ધ જ્ઞાનમાર્ગ, અને નિરુપાધિ ભક્તિમાર્ગનું[2] સંસ્થાપન કર્યું તેથી સર્વ આચાર્યોએ વિજયતિલક કરીને શ્રીવલ્લભાચાર્યજીને વિજયપત્ર[3] સમર્પ્યું પોતાના સર્વ સંશયની અત્યંત નિવૃત્તિ થઈ જવાથી રાજાએ કનકાભિષેક કરાવ્યો. સમર્પેલી દક્ષિણામાથી સપ્ત નિષ્કમાત્રનો અંગીકાર કરીને, રાજાને શરણે લઈને, તેણે આપેલા છત્ર ચામર ઇત્યાદિ આચાર્યચિહ્ન ગ્રહણ કરીને પાંડુરંગ વિઠ્ઠલનાથ પધાર્યા. શ્રીચંદ્રભાગાસમીપ શ્રીમદાચાર્યજી પધાર્યા, એટલામાં શ્રીવિઠ્ઠલનાથજી સામા પધાર્યા ઉભયે સાથે જ નિજ મંદિરમા પધાર્યા શ્રીવિઠ્ઠલનાથજી સેવાથી એટલા તો પ્રસન્ન થયા કે શ્રીમદાચાર્યજીને ત્યા પુત્રરૂપે પ્રકટ થવાની આકાંક્ષા બતાવતા, શ્રીમદાચાર્યજીએ લગ્ન કરવાનુ વચન આપ્યુ. દક્ષિણના મુખ્ય તીર્થ સનાથ કરીને સં.૧૫૪૮ના શ્રાવણ વદ ૮ને દિવસે શ્રીમદાચાર્યજી વ્રજમા પધાર્યા. સં.૧૫૪૯ના ફાલ્ગુન શુકલ ૧૧ને દિવસે શ્રીનાથજીએ ઝાડખંડમાં પાટોત્સવવિષયક આજ્ઞા કરી. તે જ વર્ષમા શ્રાવણ શુકલ ૧૧ને દિવસે મધ્ય રાત્રિએ શ્રીનાથજીએ સાક્ષાત્[4] પ્રકટ થઈને શ્રીમહાપ્રભુજીને બ્રહ્મસંબંધવિષયક આજ્ઞા કરી. તે જ સમયે શ્રીમદાચાર્યજીએ શ્રીનાથજીને પવિત્રા સમર્પણ કરીને મિશ્રીભોગ ધરીને ભગવન્મુખશબ્દપ્રમાણાત્મક પુષ્ટિમાર્ગ ભૂતલ ઉપર પ્રકટ કર્યો પૂર્વ, પશ્ચિમ, અને ઉત્તર દિશાના તીર્થ સનાથ કરીને સં.૧૫૫૪ના વૈશાખ શુકલ ૩ને દિવસે પ્રથમ પરિક્રમા સંપૂર્ણ કરી સં.૧૫૫૫ના ચૈત્ર સુદ ૨ને રવિવાર દ્વિતીય પરિક્રમાનો પ્રારંભ કર્યો. ૭ વર્ષમા તે પરિક્રમા પણ પૂર્ણ કરી. પછી થોડે દિવસે તૃતીય પરિક્રમાનો આરંભ કરીને, તે પણ ૭ વર્ષમા સમાપ્ત કરીને, વાદિમાત્રની સર્વ શંકા નિરાસ કરીને દશ દિશામા દિગ્વિજય કર્યો.

શ્રીમદ્વલ્લભાચાર્યજીનો ગૃહસ્થાશ્રમ.

શ્રીવિઠ્ઠલનાથજીએ શ્રીમદાચાર્યજીને લગ્ન સંબંધી જે આગ્રહ કર્યો હતો તે સાર્થક હતો

---

[1] કારણકે તે સમયમા ત્રણ સગુણ વૈષ્ણવસંપ્રદાયમા સંપ્રદાયને આશ્રયની વિશેષ આવશ્યકતા હતી

[2] વિષ્ણુસ્વામીના તામસ સંપ્રદાયથી ભિન્ન સ્વકીય નિર્ગુણ સંપ્રદાયનુ

[3] આ વિજયપત્રની શોધ શ્રીગોવર્ધનલાલજી તિલકાયિતે અવશ્ય કરવી જોઈએ

[4] વિષ્ણુસ્વામીની પરંપરાના કદાગ્રહી શેખરો ધ્યાનમાં લેશે કે શ્રીવલ્લભાચાર્યજીના સંપ્રદાયમા અપાતા અષ્ટાક્ષર અને બ્રહ્મસંબંધ એ ઉભય મંત્રનો ઉપદેશ શ્રીગોપાલોપાસક વિષ્ણુસ્વામીના મતમા પણ પ્રચલિત ન હતો ? એ મંત્રનું દાન શ્રીનાથજીએ શ્રીમહાપ્રભુજીને જ કર્યું છે, અન્યને નહિ. વિષ્ણુસ્વામિ મતમાં શ્રીગોપાલ મંત્રનો પ્રચાર હશે, પણ બ્રહ્મસંબંધનો મંત્ર તો કેવલ શ્રીમહાપ્રભુજીએ જ પ્રકટ કર્યો.

આચાર્ય માત્ર બ્રહ્મચારી જ રહે, અથવા માત્ર વાનપ્રસ્થ રહે, અથવા માત્ર સંન્યાસી રહે તો શાસ્ત્રોક્ત સર્વ આશ્રમધર્મનું પ્રતિપાદન થાય નહિ. આચાર્યના લક્ષણમાં જ आचिनोति तु वेदार्थान् ઇત્યાદિથી વેદના અર્થનો સંચય આ સમંતાત્ કરે, તે પ્રકારે આચરણ કરે, અને તે જ પ્રકારે ઇતરને આચરણ કરાવે, તે आचार्य એમ કહેવામાં આવ્યું છે. વેદ અને તદર્થ, માત્ર બ્રહ્મચર્ય, માત્ર વાનપ્રસ્થ, કે માત્ર સંન્યાસનો અંગીકાર બતાવતા નથી, પણ ચારે આશ્રમનો અંગીકાર પ્રતિપાદન કરે છે. ચાર આશ્રમમાંથી એકનો પણ આચરણદ્વારા અંગીકાર અવશિષ્ટ રહી જાય તો આચાર્યત્વ પણ એકદેશીય થઈ જાય જ્યાંસુધી આચાર્ય સર્વ આશ્રમનું આચરણ કરીને વેદાર્થપ્રતિપાદન કરે નહિ ત્યાં સુધી બીજાઓને તે તે આશ્રમના આચરણનું જ્ઞાન યથાયોગ્ય થાય નહિ. “यद्यदाचरति श्रेष्ठ” શ્લોક પણ, શ્રેષ્ઠ પુરુષ જે આચરણ કરે તે જ આશ્રમનું આચરણ ઇતર પણ કરે એમ કહેલું છે એટલે ગુરુ ગૃહસ્થાશ્રમધર્માચરણ ન કરે તો શિષ્ય પણ યથાયોગ્ય ગૃહસ્થાશ્રમનું આચરણ ન કરે. એમ થતાં સર્વોપકારક ગૃહસ્થાશ્રમ વ્યર્થવત્ થઈ જાય, માટે આચાર્યે જ પ્રથમ અવશ્ય ગૃહસ્થાશ્રમનો અંગીકાર કરવો જોઇએ, જેથી શિષ્ય પણ યથાધર્મ ગૃહસ્થાશ્રમનો સ્વીકાર કરે. શ્રીમદાચાર્યજીને સવિશેષ આજ્ઞા શ્રીવિઠ્ઠલનાથજીએ કરી છે તેનું સ્વારસ્ય[1] માત્ર એ જ કે શિષ્યદ્વારા શ્રીવલ્લભાચાર્યજી વંશવૃદ્ધિ કરીને ભક્તિમાર્ગનું આચરણ ન કરે, પણ પુત્રદ્વારા જ વંશવૃદ્ધિ કરીને ભક્તિમાર્ગનો પ્રચાર (પ્રકર્ષથી આચરણ) કરે, તેથી જ શ્રીસર્વોત્તમજીમાં “भुवि भक्तिप्रचारैककृते स्वान्वयकृत” એવું શ્રીમદાચાર્યનું નામ વિરાજે છે, અર્થાત્ ભૂતલમાં માત્ર ભક્તિપ્રચાર કરવાને જ શ્રીવલ્લભાચાર્યજી વંશવૃદ્ધિ કરે છે.

કાશીનિવાસી મધુમંગલની મહાલક્ષ્મી કન્યાનું પાણિગ્રહણ શ્રીવલ્લભાચાર્યજીએ આષાઢ શુક્લ પંચમીએ કર્યું. ચતુર્થ નિધિ શ્રીગોકુલનાથજી જે હાલ શ્રીગોકુલમાં વિરાજે છે તે સ્વરૂપ પણ એમને શ્વશુરગૃહમાંથી પ્રાપ્ત થયું છે. સંવત્ ૧૫૬૭માં શ્રીગોપીનાથજીનું પ્રાકટ્ય ભાદ્રપદ કૃષ્ણ ૧૨ને દિવસે થયું ત્યાર પહેલા જ અલર્કપુરમાં શ્રીમદાચાર્યજીએ નિવાસ કર્યો હતો.. સંવત્ ૧૫૭૨માં ચરણાદ્રિમાં શ્રીવિઠ્ઠલનાથજીનું પ્રાકટ્ય માર્ગશીર્ષ કૃષ્ણ નવમીને દિવસે થયું.

શ્રીમદ્વલ્લભાચાર્યજીનો વાનપ્રસ્થ અને સંન્યાસાશ્રમ.

સંવત્ ૧૫૮૭ના વૈશાખ કૃષ્ણ ૧૦ને દિવસે શ્રીમદ્વલ્લભાચાર્યજી પ્રયાગ પધાર્યા, ત્યારપહેલા શ્રીકૃષ્ણની બે આજ્ઞા એમને થઈ ચુકી હતી. પ્રથમ આજ્ઞા ગંગાસાગરમાં થઈ હતી તે દેહત્યાગ કરવા વિષે હતી. બીજી મધુવનમાં થઈ તે દેશત્યાગવિષયક હતી ભાવી જીવોનું કલ્યાણ કરવાના હેતુથી પોતે તે બન્ને ભગવદાજ્ઞાનો આદર ન કર્યો. તૃતીય આજ્ઞા અલર્કપુરમાં જ થવાથી અસમાપ્ત ગ્રંથ પણ તદવસ્થ જ રાખીને શ્રીસુબોધિનીજીનો દશમસ્કંધ સંપૂર્ણ કરી લઇને નિરોધલીલાનું વિવરણ કરીને શાસ્ત્રોક્ત ફલરૂપ સંન્યાસ અંગીકાર કરવાનો નિશ્ચય કર્યો. અલર્કપુરથી પ્રયાગ પધારતા વાનપ્રસ્થાશ્રમ ધર્મનું આચરણ કરીને પ્રયાગમાં શ્રીનારાયણેન્દ્રતીર્થસ્વામી પાસે પ્રૈષમન્ત્રનું શ્રવણ કરીને સશિખાસૂત્ર ત્રિદંડસંન્યાસનો આદર કર્યો. ૩૨ દિવસ હંસધર્મનું આચરણ કરીને, આઠ દિવસ પરમહંસ સંન્યાસના ધર્મ પ્રકટ

---

[1] વિષ્ણુસ્વામી, માધ્વ, અને રામાનુજ એ ત્રણ સગુણ વૈષ્ણવસંપ્રદાયમાં સંન્યાસી શિષ્ય આચાર્ય થઇ જાય છે, ત્યારે શ્રીમહાપ્રભુજીના નિર્ગુણ સંપ્રદાયમાં ઔરસ પુત્રને જ આચાર્યત્વનો અધિકાર છે, એ પણ તારતમ્ય વિચારણીય છે.

કર્યાં કાયિક, વાચિક અને માનસિક એમ ત્રિદંડ દંડ ગ્રહણ કરીને, તન્નિરોધ કરીને, કૌપીનમાત્ર ધારણ કરીને, મૌન અનશન અંગીકાર કરીને, કાશીમાં હનુમાનઘાટ ઉપર વિરાજીને પૂર્ણ ભક્તિમાર્ગીય સંન્યાસીના ધર્મ પ્રકટ કર્યા આષાઢશુક્લદ્વિતીયા ઉપરાંત તૃતીયાને દિવસે મધ્યાહ્ને શ્રીમદાચાર્યજીએ મધ્યપ્રવાહમાં પદ્માસન કરીને શ્રીમુખાગ્નિ પ્રકટ કરીને, સૂર્યકિરણ સાથે તેની એકતા કરીને, તેજપુંજનિસ્તાર કરીને, આસુર દૃષ્ટિનું આચ્છાદન કરીને, સૂર્યદ્વારા વ્યાપિવૈકુંઠમાં પ્રવેશ કરીને, આસુરવ્યામોહ લીલા કરી.

આશ્વાસક ભાષણ.

શ્રીવલ્લભાચાર્યજીના આસુર વ્યામોહથી વૈષ્ણવોએ દૈવજીવોએ મોહ ન પામવું. શ્રીવલ્લભાચાર્યજી નિત્ય છે, કારણ કે ભગવાન્ અને તેનું મુખ નિત્ય છે. આજે પણ સાક્ષાત્ સર્વધર્મસહિત ધર્મી વંશ ગ્રન્થ નિધિ અને પાદુકા એ ચાર સ્વરૂપથી પ્રત્યક્ષ વિરાજે છે. એ ચારે સાક્ષાત્ ધર્મી છે, માટે એમને જે સામગ્રી આપણે ધરીએ છીએ તેને 'નૈવેદ્ય' ન કહેતાં 'ભોગ' કહીએ છીએ. निवेद्यत इति नैवेद्यम् परंतु भुज्यत इति भोग જે માત્ર નિવેદન કરવામાં આવે, જેનો સાક્ષાત્ અંગીકાર કરવો વા ન કરવો પ્રભુની ઇચ્છા ઉપર છે એવું પરોક્ષ સમર્પણ 'નૈવેદ્ય' કહેવાય, પરંતુ જેનું ભોજન કરવું જ પડે તે "ભોગ" સાક્ષાત્ ધર્મી હોવાથી જ એ ચારે સ્વરૂપે ભોગ અંગીકાર કરીને ભક્તવશ્યતા સૂચવે છે.

શ્રીવલ્લભાચાર્યજીના જીવનચરિતનો ઉપસંહાર.

ઉપસંહાર કરતાં મહારાજશ્રીએ આજ્ઞા કરી કે શ્રીવલ્લભાચાર્યજીના ૮૪ ગ્રંથ,[1] ૮૪ બેઠક, ૮૪ મુખ્ય ભક્ત અને ૮૪ કથા છે. એ શ્રીમદાચાર્યજીનું ચરિત એટલું તો વિસ્તીર્ણ છે કે કલાક દોઢ કલાકમાં સંક્ષેપ ઉપરાંત વધારે કહી શકાય એમ નથી. આ ચરિતનું ભાષણ કરતાં, જે ઐતિહાસિક વૃત્ત આપ સર્વને વિદિત છે, તે મુકી દઇને જે તમે કદાપિ શ્રવણ ન કર્યું હોય તે જ વૃત્તાંત શ્રવણ કરાવવા મેં વિશેષ લક્ષ રાખ્યું છે. શ્રીમદાચાર્યજીએ જે જે ધર્મનું આચરણ કર્યું છે તે જ વર્ણાશ્રમધર્મપુરસર પુષ્ટિમર્યાદા સરણિકાથી ભગવદ્ધર્મનું દૃઢ આચરણ કરવા હું તમને સર્વને આગ્રહ કરું છું ”

रा. रा. मगनलाल, ग. शास्त्री एम. ए.नुं भाषणनो सार.

મહારાજશ્રીનું ભાષણ સંપૂર્ણ થયા પછી રા. રા. શાસ્ત્રી મગનલાલે આજના વૈષ્ણવ-સમાગમથી સંતોષ બતાવીને, એવા જ સમાગમ વારંવાર થાય એમ આકાંક્ષા જણાવ્યા પછી, ખાસ બે વાત ઉપર સમસ્ત વૈષ્ણવોનું ધ્યાન આકર્ષ્યું હતું

મહારાજશ્રીએ શ્રીમદ્વલ્લભાચાર્યજીના પુરુષોત્તમત્વના એટલાં બધાં પ્રમાણો આપ્યાં છે કે તેનું પિષ્ટપેષણ કરી નાખવાની આવશ્યકતા નથી. અગ્નિ પુરુષોત્તમનું મુખ છે, મુખથી જ શબ્દદ્વારા અંગીકાર થાય એ ઉપપત્તિ ઉપરાંત अग्नि શબ્દ अक् ધાતુથી સિદ્ધ થયલો હોવાથી गति કરાવે, भगवत्प्राप्ति કરાવે, તે अग्नि એમ એ શબ્દની વ્યુત્પત્તિ છે, અર્થાત્

---

[1] આ ગ્રંથોમાંથી ઉપરના નામ ગુજરાતી પ્રેસમાં મુદ્રિત શ્રીમદ્ભાગવતના ગટ્ટુજી શાસ્ત્રીએ લખેલા ઉપોદ્ઘાતમાં આપ્યા છે તે વિશ્વસનીય નથી શ્રીસર્વોત્તમજી અને તેની ટીકાના કર્તા પણ તેમાં શ્રીમહાપ્રભુજીને માનવામાં આવ્યા છે ! આટલું બધું સંપ્રદાયનું જ્ઞાન શ્રીનાથજીના તિલકાયિત શ્રીગોવર્ધનલાલજીના આશ્રિત અને ગટ્ટુલાલજીના કહેવાતા શિષ્યને પ્રાય હોય છે

જીવને બ્રહ્મપર્યંત પરમ ફલ દશામાં ગતિ કરાવીને તે ફલપ્રાપ્તિ કરાવવી એ કાર્ય અગ્નિ વિના ઇતર કોઇ પણ કરી શકે એમ નથી. વેદમા અગ્નિસૂક્તો વાચતા પણ અગ્નિનુંજ આચાર્યત્વ ઉત્તરોત્તર સુદૃઢ થતુ જાય છે, એટલે રુદ્ર, વાયુ, શેષ પ્રભૃતિ આચાર્યથી અર્થાત્ જ ઉત્કર્ષ સિદ્ધ થાય છે. કેવલવ્યુત્પત્તિ અને વૈદિક અગ્નિધર્મનું સામ્ય, એટલાથીજ અટકવાનુ નથી, પણ તેમના વાક્પતિત્વથી પણ એજ પર્યવસાન આવે છે જેટલા ઉપલબ્ધ ગ્રંથો છે તેમા પણ શબ્દમાધુર્ય ઉપરાંત અર્થગાંભીર્ય જોતા તેમનુ શ્રુતિસઘટ્ટન યુક્તિદાર્ઢ્ય અને સ્થિર અનુભૂતિનો વિચાર કરતા ઇતર આચાર્યો તો શુ પરતુ શ્રીલક્ષ્મણભટ્ટજી વિષ્ણુસ્વામી અને વ્યાસાદિ કરતા પણ તેમનો ઉત્કર્ષ સર્વત્ર પ્રવર્તે છે શ્રીમદ્‌વલ્લભાચાર્યજી એવા ઉત્કૃષ્ટ આચાર્ય છે એમ આગ્રહથી ઘોષવામાં મારે એજ કહેવાનું છે કે એમના સમ્પ્રદાયોના લક્ષાવધિ ગ્રંથો સડે છે, તેનો જીર્ણોદ્ધાર કરીને તેનું અર્થજ્ઞાન લઇને તમારા જન્મનુ સાર્થક્ય કરો. તેવા ગ્રંથોનુ પઠનપાઠન આગ્રહપૂર્વક બન્યુ રહે તો માત્ર આ ભૂમિમા જ નહિ પણ સર્વત્ર આપણા ઉત્તમોત્તમ ધર્મની વિજયપતાકા પ્રવર્તે એમ છે.

બીજી વાત મારે એ કહેવાની છે કે જ્યારથી શ્રીવલ્લભાચાર્યજીના જીવનચરિત ઉપર ભાષણ આપવાનો નિશ્ચય થયો, ત્યારથી ગમે તે વખતે હુ મહારાજશ્રી પાસે જતો હતો, ત્યારે શ્રીયદુનાથજીકૃત દિગ્વિજય[1] લઈને તેનાં પત્રમાં અન્વેષણ કરતા જ એમનાં દર્શન થતાં. આ ઉપરથી એમ માનવાને સબલ કારણ મલે છે કે જેટલી શિથિલતા છે તે આપણી છે જો આપણે આગ્રહથી આચાર્યોને પ્રાર્થના કરીએ તો આપણા તરફ ધર્મ બજાવવામા તેઓ સર્વ બદ્ધપરિકર થાય સાત દિવસે, પદર દિવસે, મહિને પણ સુધાવર્ષણ બન્યુ રહે તો તેથી તમે સર્વ અમર બની જાઓ એમા સદેહ નથી. પરન્તુ હુ ફરીથી જણાવુ છુ કે વૈષ્ણવોએ જ આગ્રહ કરીને આચાર્યોને સ્વધર્મ પ્રવર્તાવવા બદ્ધપરિકર કરવાના છે. શ્રીબાલકૃષ્ણલાલજીનું કાઇ વિશેષ ઓલખાણ કરાવી હુ બેસી જઇશ શ્રીવલ્લભાચાર્યજીનાં જીવનચરિત્ર સંપ્રદાયમાં અનેક છે, તેમાનુ એક શ્રીવિટ્ઠલનાથજીના પઙ પુત્ર શ્રીયદુનાથજીનું[1] કરેલુ કહેવાય છે. તે ગ્રથ 'યદુનાથવિજય' નામથી પડિતોમાં પ્રસિદ્ધ છે તે ગમે તેમ હોય પરન્તુ એ શ્રીગુસાંઇજીના પઙ પુત્ર શ્રીયદુનાથજીના ખાસ વંશમા શ્રીબાલકૃષ્ણલાલજી પ્રકટ થયા છે, તો ક્રમશ બીજા પણ એવા અપૂર્વ ગ્રથોનું અવગાહન સ્વત કરીને, આવુ જ વાક્સુધાપાન આપણને વારવાર કરાવશે એમ પ્રચુર આકાક્ષા બતાવીને હુ બેસવાની આજ્ઞા માગુ છુ,

श्रीबालकृष्णलालजी महाराजाश्रित वेदशास्त्रसंपन्न शास्त्री मनःसुखरामनुं भाषण.

મુલતાની પડિત ચેતનરામજીએ વિદ્યાવૃદ્ધિ વાસ્તે નિરુક્તનો મંત્ર ભણી બતાવી ભક્તિવૃદ્ધિ તરફ વૈષ્ણવોનું આકર્ષણ કર્યું, ત્યારબાદ શાસ્ત્રી મનસુખરામે કહ્યુ કે

" આજે જેટલું જ્ઞાન તમને આપવામા આવ્યું છે તે સમસ્ત યાદ રાખનાર ભાગ્યવાન વિરલ થોડા જ હશે, તોપણ તેનો સારાંશ જો ટુકામા કહુ તો તમે સર્વ સમજી શકો અને તેનુ આચરણ પણ કરી શકો. શ્રીકૃષ્ણદેવરાજાએ પ્રશ્ન કર્યો ત્યારે શ્રી વલ્લભાચાર્યજીએ

---

[1] આ સર્વ ભાષણ એ જ ગ્રથના નવનીતરૂપ છે.

જે બે શ્લોક આજ્ઞા કર્યા તે સગ્રહરૂપ હોવાથી હું બોલુ છુ, અને તેનુ મનન કરી તે મુજબ દરેક વૈષ્ણવે વર્તવુ જોઇએ એવી મારી ખાસ ભલામણ છે. તે શ્લોક આ પ્રકારે છે.

देवत्वेन गुरोरनुग्रहवशात् जाता प्रपत्तिर्यदा
स्त्रक्पुड्रादि विधारयेत् परजयन्त्येकादशीना व्रतम् ।
धर्म भागवत चरेत् हरिकथामाचार्यभक्तार्चन
पाप तद्विमुखानर्पितभुजि चान्याश्रय वर्जयेत् ॥ १ ॥

आश्रित्याश्रमधर्ममत्रभवता स्थेय प्रजा रक्षता
सेव्य श्रीरमण सदाहरिजनै कार्याधिका सगति ।
आर्जीव्य विदुषा विधाय जगता योज्याश्च ते शिक्षणे
दीनाना दयया नयेन विनयै कीर्तिर्विधेयाऽचला ॥ २ ॥

હે રાજન્ ! દૈવ જીવ હોવાથી ગુરના અનુગ્રહવડે જ્યારથી શરણે આવવુ ત્યારથી માલા ધારણ કરવી, તિલકમુદ્રા ધારણ કરવા, ચાર મુખ્ય જયતી, અને એકાદશીવ્રત આચરણ કરવા ભાગવત ધર્મનું સેવન કરવુ, હરિકથાનુ સેવન કરવુ, અને આચાર્ય તથા ભક્તનું અર્ચન કરવુ, પાપ, બહિર્મુખ અસમર્પિતવસ્તુભોજન અને અન્યાશ્રય એ સર્વનો ત્યાગ કરવો. હે રાજન્ ! તમારે આશ્રમ ધર્મનો આશ્રય રાખીને પ્રજાનું રક્ષણ કરતા રહેવુ, લક્ષ્મીપતિની સદા સેવા કરવી, હરિજન સાથે અધિક સગતિ રાખવી, પડિત લોકોનુ સન્માન કરીને જગતને શિક્ષણ આપવામા તેમનો વિનિયોગ કરવો દીન ઉપર દયાથી નીતિથી અને વિનયથી અચલ યશ પ્રાપ્ત કરવુ આ ધર્મ ખાસ ક્ષત્રિયોના છે, પરતુ દરેક વર્ણના લોકોએ પોતપોતાને લાગુ પડતાં ભાગનુ ગ્રહણ કરી તે મુજબ વર્તવાને પ્રયત્ન કરવો

સભાવિસર્જન.

ત્યારબાદ જયકૃષ્ણ વ્યાસ પ્રસગોપાત્ત શ્લોક બોલ્યા. બાદ શેઠ ગિરિધરભાઇ[1] જેઠાભાઈએ પણ પુસ્તકોનો જીર્ણોદ્ધાર કરવાને ખાસ આગ્રહથી સૂચના કરીને મણિરત્નમાલાના શ્લોકથી દર્શાવ્યુ કે અપાર સસાર સમુદ્રમાથી ગુરુકૃપા વિના તરવાનો અન્ય ઉપાય નથી. સમાપ્તિમા શેઠ ચતુર્ભુજ[2] મોરારજીએ મહારાજશ્રીને વિજયતિલક માલા અને ધર્યા પછી સર્વ પડિતોને માલા પહેરાવી હતી ત્યારબાદ શ્રીવલ્લભાચાર્યજીની જય બોલી સભા વિસર્જન થઈ હતી[3]

---

[1] શેઠ ગિરિધરભાઈના અવસાનપર્યંત તેમને પ્રાચીન સંસ્કૃત ગ્રથો તરફ અભિરુચિ અને શાકરમતમિશ્ર વૈષ્ણવતા રહી

[2] આ સુગૃહીતનામધેય વૈષ્ણવવરનું સ્થાન મુંબાઈમાં તો અદ્યાપિ કોઇએ પણ પૂર્યું જ નથી. એમના સુપુત્ર ચરણદાસશેઠને ભગવાન પિતાના પગલે જ ચાલવાની સન્મતિ આપો

[3] અહિં પર્યન્તનું સકલ ભાષણ 'શ્રીવલ્લભાચાર્યજીનું જીવનસ્વરૂપ' એ શીર્ષકથી બેત્રણ સ્થલે પ્રસિદ્ધ થઈ ગયું છે, પરંતુ તે સર્વ અશુદ્ધિમય હોવાથી મૂલ ભાષણ યોજકને વંચાવીને અમે તેમની શોધાવીને પુન પ્રસિદ્ધ કર્યું છે.

અથ સપ્તમી વિજ્ઞપ્તિઃ ॥

શ્રીકૃષ્ણાય નમ. ॥ હે સખિ, તુ ધન્ય છે, પ્રતિક્ષણ નવુ નવુ પ્રિયના મુખકમલનું અધરામૃત, રાત્રિ દિવસ આનંદથી ક્ષણે ક્ષણે તું પાન કરે છે. કૃપાના સાગર, અતિસુંદર સ્મિત યુક્ત મુખારવિંદવાળાં પ્રાણપ્રિય તમારી સભામાં સુખચેનથી બેઠા બેઠા કોઈકવાર મને સંભારે છે ખરા ? (૧)

હે સખિ, પ્રિયના મુખકમલના દર્શનને માટે ઉત્સુક ચિત્તવાલી છતાં આકુલ વ્યાકુલ ચપલીનું એ પ્રાણપ્રેષ્ઠ શુ કરશે તે હું જાણતી નથી. (૨).

પ્રાણનાથના વિયોગમા ડગલે ડગલે વિપત્તિ પડે છે, તે યોગ્યજ છે, તેથી આ વિયોગ જ મને યોગ્ય છે, બીજું કાંઈ યોગ્ય નથી. તે છતાં અત્યંત કૃપાથી ગોપીપતિ, શ્રીરાધાના હૃદયમણિ, પોતાના મુખચંદ્રનુ દર્શન મને થોડા વખતમાં કરાવો. (૩).

હે સખિ, વિશેષ શુ કહું ? આ સ્થિતિમાં પાન્થ (દૂત) પણ વિઘ્નકર્તા થઇ પડે છે. દુઃખ દરિયામા હુ ડુબી છુ હુ શુ કરૂ ? પ્રાણપ્રિય જ મારૂ શરણ છે. (૪)

હે સખિ, પ્રાણપ્રિય આગલ કૃપાકરી કોઇ મને પ્રીતિથી સંભારશે, તો તે જ ક્ષણે મને મારા સર્વ મનોરથ પ્રાપ્ત થશે, હું સત્ય કહું છું. (૫)

પરિજનની હાંસિ અને દ્વેષથી દુઃખી થયા છતાં આ ચિત્ત ઉત્સુક છે, અને પોતાનો સ્વભાવ છોડતું નથી, એ યોગ્ય છે કે નહિ, તે અમને સમજ પડતી નથી. (૬).

હે સખિ, તારાથી જેટલું થાય એટલુ તેં કર્યું, મારા ભાગ્યોદયનો કાલ આવશે ત્યારે તે પોતે જ કૃપા કરશે. (૭).

નથી મારામા પરમ સૌંદર્ય, નથી ચતુરાઇ, નથી સુરતસંગ્રામકૌશલ્ય, નથી મધુર વાણી, નથી કાંઈ રસ, હે સખિ પ્રિયસંગમ તે કેમ થશે ? (૮)

રતિપતિના મંગલ કલશો, આ કુચ કુંભો, કામરસપૂર્ણ છતાં કમલાવરના કરકમલના સ્પર્શ વગર વૃથા થઇ જાય છે. (૯).

બુદ્ધિ ગઈ, શુદ્ધિ ગઇ, સ્વપનિએ પણ જગત્માં વિરોધ (નિરોધ) કર્યો, હે સખિ, જેને માટે ગુરુ, પતિ, પુત્રોની લજ્જાને ઉંચી મુકી, તેનો સંગ જલદી ન થાય તો અરેરે ! મરણ સિવાય બીજી કાઇ પણ ગતિ હુ જોતી નથી. (૧૦)

નેત્રો બંધ હોય તે સારૂં, પણ અન્ય કોઇના દર્શન રૂચતા નથી, અંધાર અરણ્યમા રહેવું સારૂ, પણ અન્યનો મેલાપ રૂચતો નથી. (૧૧).

ભગવાનના ચરણકમલની રજમા જેની પ્રીતિ છે, તેને ભલે મૃત્યુ થાય પણ અન્યાશ્રય યુક્ત નથી હાથીપર સ્વારી કરનારને ગર્દભ રૂચે નહિ જ. (૧૨).

હે ગોકુલના અનન્ય સ્વામિ, હે ગોકુલને અનન્ય કરનાર, હે દયાસિંધો, મને તારા ચરણ કમલની રજમા લે. (૧૩).

હે નાથ, મારી કિશોર અવસ્થામા તે પોતે જ કૃપા કરી હતી, તે કૃપાનું માત્ર આશારૂપી લતાની વૃદ્ધિ એજ ફલ, કે કાંઇ સત્ફલ પ્રાપ્ત થશે, તે હું જાણતી નથી. હે સર્વ સામર્થ્યસંયુક્ત, હે વ્રજાધિપ, હું તારી છુ, તારી છુ, તારી જ છુ. (૧૪).

હે દયાનિધે, અમે જેવા છીએ તેવા, પણ તુ મારો ત્યાગ કર નહિ, સર્વથા સર્વદા અમારી એજ વિજ્ઞપ્તિ છે. (૧૫)

હે વ્રજેશ્વર, નાના કે મોટા અપરાધને લીધે તુ અમારો (તારા) સ્વકીયનો ત્યાગ કરે છે, ત્યારે હું શું કહું ? (૧૬).

અમે તારા જ છીએ એ અમારો નિશ્ચય છે અને વળી તુ ભર્તા છે, એ પણ નિશ્ચય છે, અને હે પ્રભુ, તુ કાલ કર્મ અને સ્વભાવનો નિયંતા છે, એ પણ નિશ્ચય છે, માટે અમને કાલાદિથી દુઃખ થાય એ ઉચિત નથી. કદાચ અમે અપરાધ કર્યો હોય, તોપણ સેવકોની ઉપેક્ષા કરવી તને ઘટતી નથી ઉપેક્ષાને લીધે જ કાલાદિ ભક્ષ કરે, નહિ તો ન જ કરે. જો કદાચ અમારી બહિર્મુખતાને લીધે કાલ વગેરેથી દુઃખ થતુ હોય, તો બહિર્મુખતા તો અમને સ્વાભાવિક છે, એતો તારી કૃપાથી જગે, બીજી કોઈ રીતે નહિ જાય. અમે સ્વભાવથી જ દોષપૂર્ણ છીએ, એમ જાણીને જ તે અમારો અંગીકાર કર્યો છે માટે (અમારા) દોષક્ષયની અપેક્ષા રાખવી એ તને કૃપાળુને ઘટિત નથી તુ જે કાંઈ કરે છે તે તારા સ્વભાવિક પ્રભુત્વને લીધે કરે છે, અપેક્ષાથી નહિ જ. (૧૭-૨૧).

સ્વકીય માનીને અમને દંડ કરે, તો તે અમને ઇષ્ટ જ છે. અમને પોતાના માનીને ગમે ત્યાં, ગમે તે વખતે, ગમે તે અમને કરવાની ઇચ્છા હોય તે ઇચ્છા પ્રમાણે જન્મો જન્મ અમને ભલે થાઓ હે વ્રજેશ્વર, મારી સર્વદા આ જ પ્રાર્થના છે કે હું ત્વદીય—તારો થાઉં. તે આપેલુ દુઃખ હુ સહન કરી શકતો નથી, તો પણ હે પ્રભુ, હુ એ જ પ્રાર્થના કરૂ છુ કે જેમ અમારા અપરાધ ન થાય તેમ કર. (૨૨-૨૪)

ઇતિ શ્રીવિઠ્ઠલેશ્વરકૃતા સપ્તમી વિજ્ઞપ્તિ સમાપ્તા.

श्रीमत्प्रभुचरणप्रणीतं

श्रीस्वामिनीप्रार्थनाष्टकम्.

यत्करुणारसवृष्ट्या हृदि हरिभक्त्यङ्कुरः समुल्लसति ॥
तं विट्ठलविभुमनिशं पूर्णानन्दात्मकं वन्दे ॥ १ ॥

भूमिका.

આ વિશ્વમા અનેકશ અન્યઆચાર્યોની અભિવ્યક્તિઓ થયલી છે અને તે અભિવ્યક્તિઓમાં રાધાવલ્લભીય સંપ્રદાયાદિકમા કૃષ્ણચૈતન્યાદિકોએ મુખ્ય શ્રીરાસેશ્વરી શ્રીસ્વામિનીને જ પ્રાધાન્યપદ આપ્યુ છે, અને તેમના સ્વરૂપનુ પણ વર્ણન કર્યું છે, અને નિકુંજનાયક શ્રીકૃષ્ણમાં પ્રિયાજીના પ્રેમનો ચિતાર પણ આપ્યો છે. ગીતગોવિંદાદિક જયદેવકૃત કાવ્યોમા પણ પ્રિયાજીના અપૂર્વસ્નેહનુ સ્વરૂપ દર્શાવ્યુ છે, પરંતુ જે અખંડ અને અભેદ રસાત્મક શુદ્ધનિર્ગુણ પ્રેમનુ વર્ણન શ્રીવિઠ્ઠલના આ અષ્ટક તથા અન્ય ગ્રંથોમા આપ્યુ છે તેવા શુદ્ધ પુષ્ટિમાર્ગીય પ્રેમનું સ્વરૂપ અન્ય આચાર્યો તથા ભવભૂત્યાદિક નાટ્યકારોથી અદ્યાપિ પર્યંત

અપાયુ નથી. આ સ્વામિન્યષ્ટકમા શ્રીવિઠ્ઠલનાથજીએ તેમનું દાસ્યત્વ પ્રતિશ્લોકમા નિરૂપણ કર્યું છે. કારણ, बिनामहत्पादरजोभिषेकं એ વાક્યથી પુષ્ટિમાર્ગીય મહાન્ ભક્ત શ્રીસ્વામિની છે. અથવા તદ્રૂપ આચાર્યવર્ય શ્રીવલ્લભાધીશ્વર છે તેમના દાસ્ય તથા પાદરજાભિષેકવિના આ માર્ગમા પ્રવેશ જ કઠિન છે. માટે જ શ્રીવિઠ્ઠલનાથે कृपयति यदि राधा बाधिताशेषबाधा. અર્થ—જ્યારે આ માર્ગમાં શ્રીસ્વામિની કૃપા કરે ત્યારે જ પુષ્ટિમાર્ગીય સમગ્ર બાધાઓ એટલે સાક્ષાત્ સ્વરૂપાનંદમા લાવણ્યામૃતાદિક રસભોગમા જે વિઘ્નો તે દૂર થઇ ભગવલ્લીલાંતપાત થાય છે આ **સ્વામિન્યષ્ટકમાં** પ્રાય સયોગશૃગારનુ જ વર્ણન ભગવલ્લીલાવિશિષ્ટ સ્વામિનીજીનુ સર્વોત્કૃષ્ટત્વ આ અષ્ટકમા પ્રતિપાદન આપે કર્યું છે પુષ્ટિમાર્ગીય ઉત્તમાધિકારીને શુદ્ધપ્રેમનુ વર્ણન આ સ્તોત્રમા જ સમજવાનું છે

रहस्यं श्रीराधेत्यखिलनिगमानामिव धनं
निगूढं मद्वाणी जपतु सततं जातु न परम् ॥
प्रदोपे रम्योपे पुलिनगमनायातिमधुरं
चलत्तस्याश्चञ्चच्चरणयुगमास्तां मनसि मे ॥ १ ॥

શ્લોકાર્થ—રહસ્યરૂપ અને અખિલનિગમના ધનરૂપ હોયની શુ તેમ લીલાસ્થાનમા પ્રકાશિત એવું રાધાઇત્યક્ષરદ્વયને મારી વાણી સદા સર્વદા જપ કરો. ક્યારે પણ અન્ય રૂપાતરને નહિ ભજતા ધ્યાનના વિષયમા નહિ લો. દૃષ્ટિના પ્રકાશને હરનાર એવા સાયકાલમા શ્રીયમુનાપુલિનવિષે ગમન કરવામા અત્યંત મધુર જેમ હોય તેમ ચાલતુ એવુ સ્વામિનીજીનું ચપલચરણયુગલ મારા મનને વિષે સદા સર્વદા રહો.

ભાવાર્થપ્રકાશ—સકલ વેદશિરસ્થાનાપન્ન ઉપનિષદો કહેવાય છે, અને ઉપનિષદ્રુપા અર્થાત્ શ્રુતિરૂપા ગોપસીમંતનીયો કહેવાય છે. અર્થાત્ શ્રુતિરૂપા શ્રીગોપીજનોમા ગુપ્ત ધનરૂપ અને પ્રભુની સાથે ગુપ્તવિહારાદિ લીલામા પણ રહસ્યપણાથી રહેનાર પૂર્વોક્ત લીલાવિશિષ્ટ સ્વામિનીના જપ કરવાની વાણીની આ પુષ્ટિમાર્ગમા આવશ્યકતા છે. જેના જપ કરવાથી સયોગ વિપ્રયોગથી:પુષ્ટ એવા પુષ્ટિમાર્ગીય શુદ્ધરસાત્મકભાવનુ ઉદ્ગ્રમન થાય છે. આ રસાત્મક પુષ્ટિમાર્ગમા નિકુંજસ્થ રસાત્મકપ્રભુનો સબધ એજ મુક્તિપદવાચ્ય છે. ક્યારે પ્રિયાજી સાયકાલરૂપ સકેતમા શ્રીયમુનાપુલિનમા નવનિકુંજાદિ કુજકુટીરમાં બિરાજતા સ્વપ્રાણેશના સગમાર્થ ગમન કરે છે, ત્યારે પ્રિયતમના સન્માનાર્થ ચપલતાયુક્ત ચરણદ્વયની ગતિ કરે છે પૂર્વોક્ત લીલાવિશિષ્ટપ્રિયાજીના ચરણયુગલ સદાસર્વદા મારા મનમા રહે એવી પ્રાર્થના આપ કરે છે અત્ર ગૂઢાભિસધિથી પ્રતિક્ષણ નિકુજસ્થ લીલારસસુપૂરિત શ્રીમદાચાર્યના ચરણદ્વયની પણ ભાવના ઉત્પન્ન છે, તે વિસ્મરણ ન થવુ જોઇયે. સ્વામિનીવત્ સર્વલીલાનુભવ શ્રીમદાચાર્ય પણ કરે છે અને તદ્રૂપ છે એ સિદ્ધાત પણ સ્મરણમાં રાખવો

पुष्टिभक्ति.

(અનુસધાન વર્ષ ૧ નુ પૃષ્ઠ ૧૦૫)

પરતુ પુષ્ટિમાર્ગમા અલ્પ પણ ક્લેશ નથી, કારણ કે પુષ્ટિમાર્ગમા જે કાઇ સાધન કરવામા આવે છે તે પ્રેમ અને સ્નેહથી જ કરવામા આવે છે. અત્ર ફલની અપેક્ષા નથી, પરંતુ સાધનજ ફલરૂપ છે. સાધન અને ફલ એક જ હોવાથી, સાધનમા ક્લેશનો અનુભવ થતો નથી, પરતુ ફલનો જ અનુભવ થાય છે ફલનો અનુભવ કરતાં જે આનદ પ્રાપ્ત થાય છે તેનો આનદ સાધન સમયે પણ પ્રાપ્ત થાય છે

જે કાર્ય પ્રેમ અને સ્નેહથી કરવામા આવે તેમા ક્લેશ સભવે જ નહિ પુષ્ટિમાર્ગમા સર્વ સાધન પણ ફલ જ હોવાથી તથા પ્રેમ અને સ્નેહથી કરવામા આવતા હોવાથી તેમા અલ્પ પણ ક્લેશ થતો નથી. આ લોકમા પણ જે કાર્ય પ્રેમથી કરવામા આવે છે તેમા ક્લેશ થતો નથી. પતિવ્રતા સ્ત્રી પોતાના પતિના સુખના સર્વ સાધન કરવામા રાત્રિ દિવસ તત્પર રહે છે, આ કાર્ય તે નિરતર પ્રેમથી જ કરે છે તેથી તેને એ કાર્ય કરવામા ક્લેશ થતો નથી, પ્રત્યુત આનદ પ્રાપ્ત થાય છે. તેજ પ્રમાણે માતાપિતાને પોતાના બાલકપર અતિશય પ્રેમ હોવાથી તેનું પાલન પ્રેમથી કરે છે તેથી બાલકનુ પાલન કરવામા માતાને અને પિતાને ક્લેશ થતો નથી તેજ પ્રમાણે શ્રીપુરષોતમની સેવામા પુષ્ટિભક્ત નિરંતર તત્પર રહે છે, પરતુ તેમા તેને અલ્પ પણ ક્લેશ થતો નથી, પ્રત્યુત અતિશય આનદ જ પ્રાપ્ત થાય છે.

પૂર્વપક્ષઃ—સ્ત્રી પતિની સેવા પોતાના સુખ માટે જ કરે છે પતિની સેવા કરવાથી પતિ સતોષ પામે, અને પોતાને દુઃખ ન દેતા સુખી કરે એજ સ્ત્રીનો પતિની સેવા કરવામા હેતુ રહેલો છે તેથી સ્ત્રીને પોતાનુ સુખ જ ઇષ્ટ છે પોતાના સુખના સાધનરૂપ પતિની સેવામા મર્યાદા ભક્ત પેઠે સર્વથા તેને ક્લેશ થાય છે. તેજ પ્રમાણે બાલક પુખ્ત ઉમરનુ થશે ત્યારે અમને પાળશે, અમારી સેવા કરશે એવી ઇચ્છાથીજ માતા અને પિતા તેનું પાલન કરે છે. તેથી બાલકનું પાલન કરવામા પણ માતા અને પિતાને પોતાનું સુખ જ ઇષ્ટ છે. પોતાના સુખના સાધનરૂપ બાલકનું પાલન કરવામા તેમને પણ ક્લેશ થાય છે સ્ત્રીને પતિની સેવા કરવામા, અને માતા તથા પિતાને પુત્રનું પાલન કરવામા ક્લેશ થતો નથી તે પ્રમાણે પુષ્ટિભક્તને પણ પ્રભુની સેવા કરવામા ક્લેશ થતો નથી એમ કહેવાય નહિ

સિદ્ધાન્તઃ-પતિવ્રતા સ્ત્રી પોતાના સુખ માટે પતિની શેવા કરતી નથી પતિ ઇચ્છા પ્રમાણે સ્ત્રીને કષ્ટ દે તો પણ પતિવ્રતા પોતાના પતિનુ શુભ જ ઇચ્છે છે, અને સદા તેના સુખના સાધન કરવામા તત્પર રહે છે. આ સાધન કરવામા તેને ક્લેશ થતો હોય તો પતિ દુઃખ દે તોપણ ક્લેશ સહન કરી તેના સુખના સાધન કરવામા તત્પર કેમ રહે? દુઃખ દેનાર પતિના સુખના સાધન કરવામા સ્વાર્થ શુ? તેજ પ્રમાણે માતા અને પિતા સ્વાર્થથી પુત્રનુ પાલન કરતા નથી પુત્ર ભવિષ્યમા દુરાચારી થશે, પોતાને દુઃખ દેશે એમ નિપુણ જ્યોતિશાસ્ત્રી પાસેથી ભવિષ્ય જાણે તોપણ માતા અને પિતા પુત્રનુ પાલન કરતા અટકતા નથી. પુત્રનુ પાલન કરતા ક્લેશ થતો હોય તો ભવિષ્યમા દુઃખ દેનાર પુત્રનુ ક્લેશ વેઠી પાલન કેમ કરે? વળી ભવિષ્યમા દુઃખ દેનાર પુત્રનું પાલન કરવામા સ્વાર્થ શુ?

પૂર્વપક્ષઃ—પતિ દુઃખ દેતો હોય તોપણ શાસ્ત્રમા પતિની સેવા કરવી એ સ્ત્રીનો ધર્મ કહેલો છે. તેથી શાસ્ત્રવિરુદ્ધ ચાલી પતિની સેવા ન કરે તો દોષ પ્રાપ્ત થાય એવી ભીતિથી સ્ત્રી પતિની સેવા કરે છે. દુઃખ દેનાર પતિની સેવા કરવામા સ્ત્રીને પ્રવર્તાવનાર શાસ્ત્રની વિધિજ છે. તેજ પ્રમાણે પુત્રનું પાલન કરવાનો માતા પિતાનો ધર્મ હોવાથી, ભવિષ્યમા દુઃખ દેનાર પુત્રનુ પણ માતા પિતા પાલન કરે છે. શાસ્ત્રની વિધિ આ કાર્ય કરવામા પ્રવૃત્તિ કરાવે છે, અને વિધિ પ્રમાણે કાર્ય કરવામા મર્યાદાભક્તિ અને જ્ઞાનપ્રાપ્તિની પેઠે કલેશ રહેલો જ છે.

લાલ લગન.

રાગ ગરબી.

(મને મુકી ગયો મારો છેલડોરે એ રાહ)

મને લાગી લગન લલિતલાલની રે
મધુર મુરલી હાંરે (૨) ધરનાર સુખકાર
દુઃખહાર રસવાર પાયે પ્યાર મને. ૧

રસરાસમેં રસભર્યો ગાનમેં રે
થૈથૈ નાચે હાંરે (૨) વૃંદાવનમાંહ રસિલી જ્યાંહ
આનંદ ત્યાંહ ભેદ છે ક્યાંહ મને. ૨

નયને નિરખો નેહીં નટવરછબી રે
રસરૂપ હાંરે (૨) વ્રજભૂપ છબી અનૂપ
કામ કદરૂપ ભવકૂપ તરે તદ્રૂપ મને. ૩

કર્તા હર્તા સૃષ્ટિના છે પોષતા રે
નિર્ગુણ નાથ હારે (૨) નરાકાર અક્ષરપાર
શ્રુતિસાર નેતિ ઉચ્ચાર મને. ૪

આધિદૈવિક સૃષ્ટિ રાધાવરે રે
રચી વનિતા હારે (૨) વૃંદ હજાર બન્યા મોરાર
આનદ અપાર પામે ન પાર મને ૫

લહરીલાલ વિન લહરીને ગમે નહી રે
ભવની માહ હારે (૨) સુખ છાય
નથી ક્યાય, દુઃખ ત્યાંય, કલેશ ત્યાય. મને. ૬

લીલાવૈચિત્ર્ય.

૧. અત્રત્ય મોટા મંદિરના ગોસ્વામી શ્રીગોકુલનાથજી મહારાજને તેમના લાલબાવાના યજ્ઞોપવીતના આનંદજનક પ્રસંગે અમે જે વિનતિ કરી હતી. તેના ઉપર રિવાજ પ્રમાણે લક્ષ અપાયું નથી. ધારવા પ્રમાણે અને ચાલી રહેલી કિંવદંતી ઉપરથી આ પ્રસંગે ઘણા બાલકો પધારે એવો સંભવ હતો, પરંતુ તે અસંભવમાં પલટાઇ ગયો છે. આથી અમારી કરેલી પ્રથમ અને તૃતીય સૂચનાનો મહારાજશ્રી તરફથી સર્વાંશે આદર ન થઇ શકે એમ માનવામાં આવે તો પણ સાંપ્રદાયિક પ્રાચીન સંસ્કૃત પુસ્તકોની પ્રસિદ્ધિ થવા માટે એક કાયમનું ફંડ ઉભું કરવાની અમારી સૂચના અમે નથી ધારતા કે અશક્ય અને અનાદરણીય કહેવામાં આવે. યજ્ઞોપવીતનો મહાન્ અને મંગલ પ્રસંગ ચિરસ્મરણીય થવા સારૂ અમે મહારાજશ્રીને આ નમ્ર સૂચનાઓ કરી હતી. મહારાજશ્રી પોતે વિવિધ વિદ્યાવિલાસી છે અને ખચિત જ શ્રીસુબોધિની માફક આ પણ કાર્ય ઉપાડી લેશે અને સમગ્ર વલ્લભસૃષ્ટિ ઉપકાર કરશે, પણ આશ્ચર્ય છે કે આ શુભ પ્રસંગમાં મહારાજશ્રીએ આગલ વાદ્યના સ્વરો સિવાય અને અનેકમતમિશ્રિત એક માત્ર વૈષ્ણવના ભાષણ સિવાય, બીજો કોઇ પણ લાભ વૈષ્ણવોને આપ્યો હોય એમ અમારી જાણમાં નથી. હા, ‘જેને પાટલે બેઠા તેના ગીત ગાનારા’ સ્વાર્થપરાયણ સ્માર્ત બ્રાહ્મણોને તો રૂ ૫) નો વિના પ્રયાસે તડાકો પડયો છે એવા લગભગ ૧૫૦) બ્રાહ્મણોને મહારાજશ્રીએ દ્રવ્યદાન કરી પ્રસન્ન કર્યા છે તે સિવાય સાંપ્રદાયિક ઉન્નતિ કરનારૂં કંઇ પણ સત્કાર્ય આ મહાન્ પ્રસંગમાં થયું નથી. પ્રભુ વિચિત્ર લીલાનું તાત્પર્ય કોણ કલી શકે એમ છે?

* * *

૨. સંખેડાથી ભગવદ્ધર્મપરાયણ જોશી છગનલાલ હિંમતલાલ શ્રી મહાપ્રભુજીની સ્તુતિ દયારામભાઇએ કોઇ સ્થલે કરી છે કે નહિ એ વિષય પરત્વે એક લેખ લખી મોકલે છે, જેનો સાર આ છે.

પરમ ભગવદીય દયારામભાઇએ ‘અખંડભૂમંડલાચાર્યચક્રચૂડામણિ, પુષ્ટિપથાચાર્ય શ્રીમદ્વૈશ્વાનરાધીશ્વર શ્રીમહાપ્રભુજીની સ્તુતિ’ અને તેમના સ્વરૂપનું વર્ણન અનેક સ્થલે કરેલું છે. તે સંબંધમાં હું કેટલાંક પ્રમાણ આપું છું, તેથી તેનો નિશ્ચય થશે.

પરમભક્ત (મર્યાદિક) નૃસિંહ મહેતા શ્રી મહાપ્રભુજી પહેલા થઇ ગયા છે, તે પણ ભવિષ્ય વાણીદ્વારા આ પ્રમાણે કહે છે

શ્રીહરિ નરહરિ કૃષ્ણ કરુણા કરી, રાખ્ય રાધાવર ચરણ શરણે,
શોક મોહે ગયા જન્મ સઘળા વૃથા, દુષ્ટ ચિંતા કરી ઉદર ભરણે. ૧
દેહપ્રાણાદિયાત કરણદ્વારાધન, સોંપીઆ સ્યામલ શરણ તાહારે
જીવ વિદ્યા ધર્મ સર્વ શ્રીનાથ તું, તુજ વિના અવર નહિ વસ્તુ માહારે ૨
(માહરે) માત તું તાત તું ભ્રાત તું ભૂધરા, તુજ વિના અવર કોને ન જાણું,
દાસ હું નાથ તું એમ જાણી સદા, દ્વાર બેઠો તારા ગુણ વખાણું. ૩
શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલ ભૂતલે પ્રકટીને, પુષ્ટિમાર્ગ જ વિશદ કરશે,
દૈવી નિજ જીવને શરણ કોઇ આવશે, વિના સાધન તે ઉદ્ધાર કરશે. ૪

(માટે) શરણ દ્યો શ્રી હરિ દીન જાણી કરી, સર્વદા દાસને શરણ રાખો,
બેઉ કર જોડીને **નરસૈયો** વિનવે, 'નિત્ય' પ્રતિ આવીને વદન દાખો. ૫

ભગવદીય દયારામભાઇએ પણ ગાયું છે કે —

"એરે મંડાણનું મૂળ હરિ ઇચ્છા રે, કૃપા વિના સિદ્ધ ના પામે રે;
શ્રીવલ્લભશરણ થકી પડે સહુ સહેલું રે, દૈવીજન પ્રતિ દયો ગાય રે.'

કવિત.

વંદો શ્રી ગુરૂ પાય, ચાહે ફલ મોહી પાય,
બિના હિ કિયે ઉપાય, પાપ તાપ ભાજે હે.
જ્યાકી બિન કરુણા શ્રીહરિ હુ પ્રસન્ન નાહિ,
સાક્ષ દેનવારે શાસ્ત્ર અબ લોં બિરાજે હે
હરિ રૂઠે ગુરૂ રાખે, ગુરૂ રૂઠે હરિ ના,
ગુરૂકૃપા અંશ આગે, કોટિ યત્ન લાજે હે,
એસે શ્રીવલ્લભ ગુરુ તિનકો પ્રનામ કોટિ,
કહે દયો દાસ જ્યાકે શિસ સદા ગાજે હે.
વલ્લભ તે દુર્લભ કહા સબહી જ્યાકે હાથ.
જંગલમે મંગલ કરે બાબાશ્રી વિઠ્ઠલનાથ.

વળી **પ્રબોધબાવની** નામના ગ્રંથમાં પણ દયારામભાઇ કહે છે કે—

" તરસ્યો ખોદે કૂપ જલ, પ્રકટ પીએ નહિ ગંગ; "
પ્રકટ પીએ નહિ ગંગ વંશ **શ્રીવલ્લભ** કેરો,
પ્રકટ રૂપ સાકાર નિરખતાં લાભ ઘણેરો,
વણ સાધન એક શરણ જતામાં અભયજ આપે,
જે સેવે શ્રીકૃષ્ણ અચલ વ્રજ મંડલ સ્થાપે,
પાપે મન કુપથમાં દયો કહે દુસ્સંગ,
તરસ્યો ખોદે કૂપ જલ પ્રકટ પીએ નહિ ગંગ ૧.

વળી પ્રબંધમાં પણ કહે છે કે—

'શ્રીગુરુદેવ, શ્રીમદ્વલ્લભવર, વાગધીશ, મહાપ્રભુ,
પુરુષોત્તમ, શ્રીગોસ્વામી વિઠ્ઠલેશ'

પ્રશ્નોત્તરમાલા ગ્રંથમાં આદિમાં પણ લખે છે કે —

ગુરુ શ્રીવલ્લભ પ્રભો, શ્રીવિઠ્ઠલશ્રીનાથ,
શ્રીયમુને મહારાણી જુગ ધરીએ અમ શિર હાથ.

श्रीवल्लभाचार्य प्रभोः कृपातः श्रीविट्ठलानुग्रहतश्च नित्यम् ॥ इत्यादि.

* * *

૩. રા. રા. જોશી છગનલાલભાઇ પાસે ભક્ત કવિવર દયારામભાઇના અપ્રસિદ્ધ કાવ્યોનો સારો જથો છે એમ સાંભળ્યું છે, આશા છે કે તેઓ પોતાના સ્વતંત્ર લેખ ઉપરાંત દયારામભાઇના ન છપાયેલા કાવ્યો 'પુષ્ટિભક્તિસુધા'માં પ્રસિદ્ધ કરીને વૈષ્ણવોને ભક્ત કવિવરની રસિક વાણીનો સ્વાદ ચખાડશે.

ग्रंथावलोकन.

श्रीमदाचार्यविजय अने तेमना सिद्धान्त, પ્રકાશક મણિલાલ હરિલાલ ચોકસી, વ્યવસ્થાપક 'પુષ્ટિગ્રંથપ્રવર્તક' કાર્યાલય, ઉમરેઠ. વિનામૂલ્ય આપવામા આવે છે. ટપાલ ખર્ચ માટે ૦॥ આનાના સ્ટેંપ બીડવા

'પુષ્ટિભક્તિસુધા'ના ચાલુ વર્ષના ૪થા અંકના ટાઇટલ પેઇજ ઉપર જેને લગતી જાહેર ખબર પ્રકટ થઇ હતી, તે આ પુસ્તક છે. સમગ્ર પુસ્તકનુ અવલોકન કરતા જણાય છે કે શ્રીમહાપ્રભુજીના દિવ્ય ચરિત્રનો સાદી ભાષામા સંક્ષેપમા અનુવાદ કરવો અને તેમ કરીને આ માર્ગથી વિમુખ થયલા અલ્પ કેળવણીવાલા માણસોને શ્રીમદ્વલ્લભાધીશ્વરના ઉત્તમોત્તમ સચ્ચારિત્ર્યના કિંચિદંશથી વાકેફગાર કરવા, તેટલા માટે આ સ્વલ્પ ગ્રંથની યોજના છે.

શ્રીમદ્વલ્લભાધીશ્વરના ચરિત્રને લગતા સંસ્કૃત સાંપ્રદાયિક ગ્રંથો અને વ્રજભાષાના ગ્રંથો ઘણા છે, પરંતુ હજુ સુધી સર્વાંશે માન્ય, વિરોધરહિત અને ઇતિહાસની યથાસ્થિત વિગત રજુ કરનાર ગ્રંથ અનુપલબ્ધ દશામા છે. આ સ્થિતિને અવલોકીને સદ્ગત રા. બ. લલ્લુભાઇએ શ્રીમદાચાર્યચરિત્ર ઉપર અજવાળુ પાડતા અનેક ગ્રંથોનો સંગ્રહ કરીને 'શ્રીમદ્વલ્લભદિગ્વિજય' નામે એક ગ્રંથ પ્રકટ કર્યો છે.

શ્રીમહાપ્રભુજીનુ ચરિત્ર બે લક્ષ્યબિંદુથી લખી શકાય છે. એક તો તેમને શ્રીપુરુષોત્તમના મુખકમલરૂપ અગ્નિરૂપે અને એક એમને ઉત્તમોત્તમ ધર્મોદ્ધારક, મહાત્મા, મનુષ્યરૂપ ગણીને. પ્રાચીન ગ્રંથો પૂર્વ દૃષ્ટિબિંદુથી અને આધુનિક ગ્રંથો ઉત્તર દૃષ્ટિબિંદુથી નાસ્તિક અને પરમતવાલાઓને અસર કરવાની લાલસાએ રચાયા છે અને રચાતા જાય છે. આ નાનકડો ગ્રંથ પણ તેવાજ આશયથી લખાયલો જણાય છે ગ્રંથ સાદી ભાષામા અને સંક્ષેપથી શ્રીમહાપ્રભુનું ચરિત્ર અવબોધે છે ૨૩મે પાને લખવામાં આવ્યુ છે કે 'એ પ્રમાણે ઇલકાબ આપી સર્વેએ નમસ્કાર કર્યા.' લેખકે લખેલ સાડાત્રણ લીટીના ઇલકાબને ક્યા પ્રાચીન સંસ્કૃત ગ્રંથનો આધાર છે એ લેખક લખી જણાવશે તો આભારી થઇશુ

છેવટે અમારી સર્વ ગ્રન્થપ્રકટકર્તાઓને નમ્ર સૂચના છે કે તેઓએ સંપ્રદાય સંબંધમા જે કઇ લખવુ તે સ્વસિદ્ધાંતો લક્ષ્યમા રાખીને ઘણું ચોક્કસ લખવું, કારણ કે સંપ્રદાયના સિદ્ધાંતો લક્ષ્યમાં રાખ્યા વિના લખવાથી એવો ગોટાળો ઉભો થાય છે કે, તે વાંચીને વાચકો વિમાસણમા પડી જાય છે. દૃષ્ટાંત તરીકે આ પુસ્તકમા ૩૯મે પાને 'જગત્ સત્ય છે' એ સ્વસિદ્ધાંત ટાંક્યો છે અને લગભગ ત્રણ ચાર ઠેકાણે 'નશ્વર જગત્' 'માયિક જગત્' એવા શબ્દો નજરે પડે છે. अत्र शाङ्करा प्राहुर्मायिकं नश्वर जगत् એ શ્લોકમા જણાવ્યુ છે કે જગત્ માયિક અને નશ્વર છે એમ શાંકરો કહે છે હવે આપણે જ જો જગતને માયિક અને નશ્વર કહીએ તો પછી આપણામા અને તેમનામા તફાવત શો? આશા છે કે ભવિષ્યમા પ્રકટ થનારા પુસ્તકોમા આવી ગંભીર ભૂલો લેખક નહિ કરે

नवरत्न, अंतःकरणप्रबोध, जलभेद, पंचपद्यानि, અને चतुःश्लोकी ग्रंथो, પ્રકાશક—તુલસીદાસ લલ્લુભાઇ શ્રીપુષ્ટિમાર્ગીય પુસ્તકાલયના મંત્રી, ધંધુકા, નોછાવર રૂ. ૦–૧–૦.

ધંધુકા પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય તરફથી 'ઞ' સંજ્ઞક ગ્રથમાળાનો આ બીજો મણકો છે. આ પુસ્તકના લેખક બરવાળાની હાઇસ્કૂલના માસ્તર રા. રા. ગિરધર મૂળજીભાઈ શાહ છે. પુસ્તક 'ઘણી જ સરલ ગુજરાતી' ભાષામા 'સમજણ સહિત' સાધારણ ભણેલા વૈષ્ણવો માટે છે. પહેલા પ્રકટ થયલુ પુસ્તક શ્રીનૃસિંહલાલજી મહારાજ તરફથી બહાર પડેલા પુસ્તકને આધારે છે એમ લેખકે જણાવ્યુ હતું, આમાં તેવો કશો ઉલ્લેખ જણાતો નથી. ભાષા સરલ છે, તેથી તેમા લખવા પ્રમાણે 'સાધારણ ભણેલા વૈષ્ણવોને' તે ઉપયોગી થઈ પડે એમાં સશય શો? એકદર આ પુસ્તક કેટલેક ઠેકાણે સારૂ સ્પષ્ટીકરણ કરે છે. પહેલાંની માફક આ ગ્રથમા વધારે મુદ્રણાશુદ્ધિ નથી.

સ્વધર્મવર્ધક અને સંશયછેદક—પ્રકાશક વૈષ્ણવ હરિદાસ ઝવેરદાસ. આ પુસ્તકમા માલા પ્રસંગનો સાર આપવામા આવ્યો છે. સાદી ભાષામા અને ઠીકઠીક લખાયલો છે. સંતોષકારક પ્રમાણો જણાતા નથી. મુદ્રણાશુદ્ધિ ઘણી છે. આ પુસ્તકમાં કઠી તિલકને માટે મહા પ્રયાસ કરનારા અને તેને માટે પડેલી અનેક આપત્તિઓ સહન કરનારા શ્રીવિઠ્ઠલાધીશ્વરના તુરીય કુમાર શ્રીગોકુલનાથજીના ચિત્રજી સારૂ ધ્યાન ખેંચે છે. મૂલ્ય ૦-૪-૦ છે.

ગ્રાહકોને નિવેદન.

'પુષ્ટિભક્તિસુધા'નુ નોછાવર રૂ. ૨-૦-૦ છે, પરંતુ જેઓ ૪ થા વર્ષનુ નોછાવર વૈશાખ કૃષ્ણ ૧૧ પહેલાં મોકલી આપશે, તેમની પાસેથી ફક્ત રૂ. ૧-૮-૦ લેવામા આવશે.

Reg. No. B. 8c

પુષ્ટિમાર્ગ ઉપર થતા ગંભીર આક્ષેપો.

જવાબદાર કોણ?

આક્ષેપ કરનારાઓ પોતેજ શું થોડા જવાબદાર છે?

કહેવામાં આવે છે કે પુષ્ટિમાર્ગમાં બસો બાવન, ચોરાશી વૈષ્ણવ, ઘોળ વગેરે સાધારણ ગ્રંથો સિવાય બીજા સમાધાન કરનાર ગ્રંથો ક્યાં છે? હશે તો છપાયલા નહિ હોય. છપાયલા હશે તો કમાવવા ખાતર ન ખરચાય એટલી નોછાવરના હશે

આ બધો વાગ્વિલાસ અજ્ઞાનમાં ગોંધાએલાઓનો જ છે એમ અમે ખચિત જ જણાવતાં અચકાશું નહિ. તેની સત્યતાનો નિશ્ચય કરવો હોય તો ફક્ત રૂ. ૪-૦-૦ આજે આજ રૂપૈઆ નીચેને સરનામે મોકલો.

નિયમ પ્રમાણે ૧૯ ગ્રંથો કે જેમાં શ્રીમદ્વલ્લભાધીશના ષોડશ ગ્રંથોનું તાત્પર્ય વિસ્તારવાળી સરલ ગુજરાતી ભાષામાં આપવામાં આવ્યું છે તે ઉપરાંત રકમ બચશે તો બીજા પણ સુંદર ગ્રંથો વિના મૂલ્યે આપવામાં આવશે. છૂટક ગ્રંથો લેનારને પણ નોછાવર વધારે ન થઈ પડે માટે છાપવાના ખર્ચના પ્રમાણમાં જ નોછાવર રાખ્યું છે.

આ સિવાય આજ સુધીમાં છપાયલા સંપ્રદાયના ૨૨૮ પુસ્તકો સસ્તે ભાવે પુરાં પાડીશું

આ સંપ્રદાય ઉપર કોઈ પણ જાતના આક્ષેપ કરતા પહેલાં અમારા પુસ્તકાલયનાં પુસ્તકોનું મનન કરો. અમે નિશ્ચયપૂર્વક જણાવીએ છીએ કે તેથી તમારી ભ્રાન્તિ સો ગાઉ દૂર નાસશે

ત્રિભુવનદાસ પીતાંબરદાસ શાહ,
ઠે. શ્રી પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય.
નડીઆદ.

વર્ષ ૪ થુ] શ્રીકૃષ્ણાબ્દ ૫૧૩૯, વૈશાખ

पुष्टिभक्तिसुधा.

કૃષ્ણ ૧૧ શ્રીવલ્લભાબ્દ ૪૩૬. અંક ૭.]

नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन
यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा वृणुते तनूं स्वाम् ॥१॥
नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया।
शक्य एवंविधो द्रष्टुं दृष्टवानसि मां यथा ॥ २ ॥
भक्त्या त्वनन्यया शक्यः अहमेवंविधोऽर्जुन ।
ज्ञातु द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परंतप ॥ ३ ॥

તંત્રી તથા પ્રકાશક
વાડીલાલ નગીનદાસ શાહ,
બી એ, એલ્એલ્ બી, વકીલ, હાઈકોર્ટ,
મુંબાઇ

* * *

નોછાવર રૂા. ૨-૦-૦ છુટક અંકના રૂ. ૦-૪-૦

Printed by Somalal Mangaldas Shah at the Gujarat Printing Press—AHMEDABAD
and Published by Vadilal N Shah B.A., LL B., Princess Street,—BOMBAY

आवश्यक निवेदन.

૧. આ માસિક સંબંધી સઘળો પત્રવ્યવહાર પ્રકાશકને નામે કરવો

૨. આ માસિક દરેક માસની કૃષ્ણ એકાદશીએ પ્રકટ થાય છે.

૩. આ માસિકમા છપાવવાને આવેલા લેખો, લેવા ન લેવા તેમ જ તેમાં યોગ્ય સુધારોવધારો કરવો પ્રકાશકની મરજીઆધીન છે.

૪ શ્રીમદ્વલ્લભાચાર્યજીના સિદ્ધાન્તાનુસાર જ લેખ લેવામા આવશે

૫. વર્ષનું નોછાવર પ્રથમથી લેવામા આવે છે

૬. આ માસિકના પરિવર્તનમા જેમના તરફથી માસિક વા પત્ર મળશે તેમને વગર નોછાવરે આ માસિક મોકલવામા આવશે.

૭. કોઇ પણ બાબતની ખબર મગાવવી હોય તો જવાબ માટે ટિકિટ બિડવી, તે સિવાય જવાબ આપવામા આવશે નહિ

૮ આ માસિકમા જાહેર ખબર છપાવવી હોય કે હેન્ડબિલ વહેંચાવવા હોય તેમણે પ્રકાશકને લખવું અથવા મળવું.

પુષ્ટિભક્તિસુધાકાર્યાલય,
પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબાઇ. } પ્રકાશક.

અનુક્રમણિકા.

વિષયો. લેખકો.
૧ શ્રીહરિરાયજીકૃતાષ્ટપદી ... . રા. રા. મગનચંદ તુલસીદાસ તેલીવાલા B. A.
૨ દયારામભાઇના કાવ્ય ... ... વૈ. શા. મ. વસનરામ હરિકૃષ્ણ શાસ્ત્રી
૩ અપ્રસિદ્ધ ગુર્જર સાહિત્ય . . ,, ,, ,, ,,
૪. પુષ્ટિભક્તિ .. . . ,, ,, રા. રા. નાનુભાઇ નારાયણદાસ ગાંધી એમ. એ. એન્ડ એલ. બી.
૫ લીલાવૈચિત્ર્ય ... ... ,, ,, રા. શીનાસોચક
૬ પ્રસિદ્ધ થયેલું નવીન પુસ્તક ... ... પ્રકાશક.
૭ ભેટનું પુસ્તક ... . ,,
૮. કવિતાસંગ્રહ ... . વૈ. શા. મ. વસનરામ હરિકૃષ્ણ શાસ્ત્રી

निझामाई
फणस रोड.
मुंबई ४

॥ श्रीकृष्णाय नमः ॥

॥ श्रीहरिरायजीकृताष्टपदी ॥

(१७

(श्रीरागेण गीयते.)

सुतवदनं भावयति यशोदा, खेलनजनितमनसि मोदा ॥
रुचिरालकततिसंवृतिरुचिरं, सन्ततचिन्तितबालविनोदा ॥ १ ॥
मीनसमानचपलनिजनयनं, केवलभावविभावनदीना ॥
वत्सलताकृतबाहुलतापरिरम्भणसमयविवेकविहीना ॥ २ ॥
उभयरेखमतिमञ्जुलतिलकं, निहिततदन्तरपरिगतचित्ता ॥
लसदलकाहितकज्जलबिन्दुं, ननामिर सङ्गतविरहितचित्ता ॥ ३ ॥
मृदुलकपोललोलकुण्डलयुगमतिशयभावनभावविभागा ॥
गगनराजदरुणांशुसमानं, प्रकटितहृदयविलसदनुरागा ॥ ४ ॥
वेणुवादविधिफुल्लनासिकं, सुन्दरतापरिलोकनमोहा ॥
नासाभूषणमुक्तलालनं, चिरलब्धानन्दथुसन्दोहा ॥ ५ ॥
अरुणाधरफलनिर्जितबिम्बं, निजकरकृतनवनीतसुभक्षा ॥
सुन्दरतापातितजनदृष्टिं, गोरजसा बहुतरकृतरक्षा ॥ ६ ॥
सहजनीलतमचिबुकसुरुचिरं, चिरसञ्चितचेतसि भावा ॥
आविर्भावितबालकलीलं, विरचिततातेतिविरावा ॥ ७ ॥
श्रीवल्लभवरचरणावासे हरिदासोपि करोतु सदा ॥
करुणामिति जानातु मदीयोयमिति हरे परवश्यहृदा ॥ ८ ॥

કવિવર દયારામભાઇનાં કાવ્ય.

રાગ, સોરઠ.

મન તે મોહનથી શે નવ મોહાય, તેને કાજે શિદ ચિત્ત પ્રોય. ટેક. ૧

જગમનમોહન મદન છે, મદનમનોહર કૃષ્ણ;
તે સંગે મન મોહીશ તો પૂર્ણ થશે સહુ તૃષ્ણ. ૨

દ્રવ્ય જોઈ સહુકો દ્રવે તે દ્રવ્ય જેનો અંશ;
તે કમલા મોહિત થઈ સહુ મોહન અવતંસ. ૩

નારી નર ચિત્તચોર છે, નરનારીચિત્ત ચોર,
તે બંનેનુ મન હરે, નટવર નંદકિશોર. ૪

જેને કશી ન કામના એવા જોગી જન;
તે મોહિત જેમા થયા સોંપ્યું તન મન ધન. ૫

જેની રચના જોઇને મોહ પામે સહુ જન;
કરતામાં કમી શી રહે? દયા વિચારો મન. ૬

મૂર્ખ તને કૃષ્ણ કહેતાં શું બેસે નાણુ?
મિથ્યા લવરી કરે મનમાની, નહિ તેનુ ઠામ ઠેકાણુ રે. મૂર્ખ. ૧

દામનુ કામ નહિ નહિ પરિશ્રમ, ગાતાં ગોવિંદ ગાણું;
કિંચિત્ શ્રમ ને લાભ ઘણેરો, નહિ કોઈ એહ સમણુ[1] રે. ૨

ખાતો ના હોય તો નાળો કહું, તારે જોઈએ બશેરનુ ભાણું,
અલ્યા હરિ વદતા તને આલસ્ય આવે, ભવ ભટકણુ નિશ[2] વાણુ રે. ૩

કો દહાડે તુને કોડ થયું ના જે હું કૃષ્ણકીર્તન સુખ આણું;
ત્યારે તુંમા ને પશુમાં અંતર શાનો? અલ્યા તું તે પશુ પુચ્છ[3] વોણું રે, ૪

પ્રભુ સ્મરણ વિના ભવ ના તરાય તે હું નિશ્ચય કરીને રે જાણું;
જન દયો કહે હરિ ભજ મન મારા, ફરી મળે ન આ ટાણું રે. ૫

---

[1] સમણુ–તુલ્ય–સરીખું.

[2] રાત્રી અને દહાડો ભવ ભટકણુ–સંસારમા ભમવું જારી રાખે છે અને કૃષ્ણ કહેતા શરમાય છે.

[3] પુચ્છ વોણું–પુછડા વિનાના પશુ સમાન છે.

'મનોમતિસંવાદ.

* * *

શ્રીગુરુ ગોપીજનવલ્લભપદ શિર નામું,
કૃપાદૃષ્ટિ કરીને કરુણાનિધિ ભાળો મુજસામું;
પ્રબોધ થવા મનને રચુ મનોમતિસંવાદ;
મન ગાશે દુઃખ મનનુ મતિ શુભ મતિ ઉસ્તાદ સુણો પ્રશ્નોત્તરે ૧

મન કહે છે સુણ સુમતિ મારે દુઃખ છે મોટુ;
સમજુ છું હરિભજન વિના વિષયસુખ ખોટું,
પણ નિશ્ચલ બનતું નથી કામ, દામ, મન જાય,
કઇ યદ્વાતદ્વા બને કેમ રીઝે વ્રજરાય ? મતિ કહે કેમ કરુ ? ૨

મતિ–રે મન હુ સમજી તું દુઃખીયો માટે રોય,
પણ એનો ક્યાં પાર જન્મ સહુ એમા ખોય,
હજુ તૃષ્ણા નથી તૂટતી ક્યારે ગોવિંદ ગાઇશ ?
ભાણે ભર્યો ન તોપિયો કર ચાટે શું ધરાઇશ ? વિચારી જો હૃદે ૩

' બ્રાહ્મણભક્તસવાદ ' પછી ભક્ત કવિવરનો આ બીજો સવાદ અત્ર સગ્રહ કરવામા આવે છે. પૂર્વ સંવાદવત્ આ સવાદ પણ પુષ્ટિપથવિષયક તારતમ્યનું દ્યોતન કરે છે. મન સુમતિ પાસે પોતાના દુખોને રડે છે, અને પોતાની ચંચલતા કેમ કાબુમા આવે અને તુચ્છ, ક્ષણિક, સસારવિષય સુખની લાલચ નષ્ટ થઇને નિત્ય નિરવાધસુખ કેમ મળે, એવી મતલબના પ્રશ્નો મતિને કરે છે, મતિ તેને યોગ્ય માર્ગ દર્શાવીને તેની મુઝવણનો પરિહાર કરે છે. ભક્ત કવિનો આ ગ્રંથ ખચિત જ અસરકારક અને કવિના સુવિચારના, સચ્ચારિત્ર્યના દૃષ્ટાંતરૂપ છે. આ ગ્રથ મનનીય હોવાથી તેની વિષમ કડીઓના અર્થ સાદી ભાષામા સમજાવ્યા છે

શ્રીગુરુ અને ગોપીજનવલ્લભ શ્રીકૃષ્ણના ચરણને મસ્તક નમાવીને વિનતિ કરુ છું કે હે પ્રભો, કરુણાનિધિ, કૃપાદષ્ટિ વડે મારી સામુ જુઓ મનને ઉત્કૃષ્ટ બોધ થવાને મનોમતિ-સંવાદ હું રચુ છુ. તેમા એ વિષય આ આવશે મન ઉસ્તાદ–ગુરુ મતિ પાસે પોતાના દુખને રડશે તે પ્રશ્નોતર સાભળો. ૧.

મન કહે છે હે સુમતિ, હું જાણું છુ કે હરિભજન વિના વિષયસુખ તે ખોટુ છે, પરતુ હું ચચલ છુ, નિશ્ચલ નથી, કામ દામમા દોડી જાઉ છુ એ દુખ મારે માથે સર્વથી મોટુ આવી પડ્યુ છે. એવુ કંઇ યદ્વાતદ્વા–જેવુ તેવું બની જાય છે હે મતિ, તો વ્રજરાય શ્રીકૃષ્ણ કેમ અનુગ્રહ કરે એ તુ કહે. તે પ્રમાણે હું કરીશ ૨.

મતિ કહે છે હે મન, તારી મનોવ્યથા હુ સમજી. તુ દુખી છે. તારી તૃષ્ણા તૂટતી નથી તુ ગોવિન્દ ક્યારે ગાઇશ ? ગોવિંદ ગાવાનો તારો સમય છે, તે નહિ ગાય તો પછી પસ્તાઇશ ભાણા ભરેલાં છે, અને તેથી તને સતોષ થયો નહિ, તો હવે તુ એમ માને છે કે હાથના આંગળા ચાટીને ધરાઇશ ? ૩.

મન—હે મતિ મે ભવસુખ નથી ભોગવ્યું સારી રીતે,
માટે ત્યાંનુ ત્યાં ચિત્ત ચોટયું રહે છે નિત્યે,
સારી પેઠે ભોગવું તો મન પામે શાંતિ,
પછી નિશદિન હરિને ભજુ થાય વિષયવદ્વાન્તિ. ૪

મતિ—રે મન તું ધારે છે તેમ કેમે નથી થાવું;
નિશદિન એમા પચ્યા જ છે રહ્યુ તેને ધાવુ;
ઇંદ્ર ચંદ્ર ગુરુપત્નીથી રમ્યા ઘેર ઘણી નાર;
યયાતિ સુતયૌવન રમ્યો તદપિ ન તૃપ્તિ વિચાર. કલ્પના કાઢજે. ૫

મન—કહી મતિ સાચી વાત, તદપિ નથી નિરાંત વળતી;
ક્ષુધિત[1] શ્વાનની પેર, મનસા ફરે રઝળતી;
એઠો કટકો ક્યહુ મળે, ખાય ક્યહુ માર,
તદપિ ટેવ તજે નહિ, ના માને ધિક્કાર; નફ્ટને લાજ શી ? ૬

મતિ—મન એનું એ કરતાં, તરફડયું [2]ચોખાણે;
મોંઘો મનુષ્યદેહ મળ્યો, ધિક એ રૂચિ આણે,
આ અવસર આ શરીરે, કૃષ્ણભજન અધિકાર;
સૂકર કુક્કર ખર ઊંટ અજ, વિષયભોગ તૈયાર; ચેત ભજ કૃષ્ણને. ૭

મન—મતિ, ભય વિવેકથી પણ, મન હરિમા નથી ઠરતું,
વિષયથકી બહુ યત્ને, ખેંચે નથી નિસરતું;
નિસરે તો કાઢે ન શું ? નથી વહાલું કલ્યાણ;

મન કહે છે હે મતિ, હું વિષયસુખ સારી પેઠે નથી ભોગવી રહ્યો. મારું ચિત્ત ત્યાંને ત્યાંજ ચોટયું રહે છે. વિષયસુખ સારી પેઠે ભોગવી રહ્યા પછી રાતદિવસ હરિને ભજીશ. પછી વિષયવાળા પદાર્થની વાન્તિ ઉલટી થઇ જશે. ૪.

અરે મન, તારું ધાર્યું કંઈ થવાનું નથી નિશદિન વિષયોમા પચ્યા છીએ, તત્સુખલાલસામાં લચ્યા છીએ વળી તેને જ ધાવાનું બાકી રહ્યું હોય એમ લાગે છે ! ! ફરીને વિષયસુખ ભોગવીને શાંત થવાની ઇચ્છા ખપુષ્પવત્ છે. કવિશશી તુલશી પણ કહે છે કે 'બૂઝે ન કામ અગ્નિ તુલસી કહુ વિષયભોગ બહુ ઘૃત તે.' ઇંદ્ર સ્વગુરુ ગૌતમપત્નીથી ઘેર ઘણી સ્ત્રીઓ છતાં લોભાયો, ચંદ્ર બૃહસ્પતિની—સ્વગુરુની સ્ત્રીમા આસક્ત થયો, યયાતિરાજા પોતાના પુત્રની યુવાવસ્થા માગી લઇને વિષયલંપટ થયો, આવી રીતે દેવ ગણાતાઓએ ગોથાં ખાધાં છે તૃપ્તિને પામ્યા નથી તો તું કોણ ? આ ગૂઢ ધ્વનિ છે ૫.

[1] ભૂખ્યા કુતરા માફક મારી બુદ્ધિ રઝળતી ફરે છે.

[2] ચાર ખાણ—જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્‌ભિજ્જ. મનુષ્ય, પશુ વગેરે જરાયુજ. પક્ષિ વગેરે અંડજ. માકણ, મચ્છર વગેરે સ્વેદજ, વૃક્ષ વગેરે ઉદ્‌ભિજ.

[૧]નાક કાપીને અપશુકન, કરે જગતમા કોણ ? પરાધીન શુ કરે ? ૮
મતિ—હે મન મનનો એ જ સ્વભાવ, વિષયમાં જાય;
પણ તનને તો [૨]ખાળ, બિગાડ ઘણો નવ થાય,
વિકળ થાય તો થાવા દે, હરિ ભજ રાખી ધીર,
વિના ચઢાવ્યે કામઠી, કેમ કરી વાગે તીર ? ચળ્યે ચિત્ત શુ થાય ? ૯
મન—સદા વિષયનુ ધ્યાન, અંતકાળે પણ થાશે,
[૩]મરણે યા મતિ સા ગતિ, જીવ અધોગતિ જાશે,
વિષયની ભ્રષ્ટતા ભલી, કે તલખી મરવું સાર,
કહે બુદ્ધિ કલ્યાણ ક્યમ, સુઝે નહિ [૪]નિસ્તાર, ગુચવણી [૫]ગુજની. ૧૦
મતિ—સાભળ મન ચિત્ત વશ કરવાનો એક ઉપાય,
જેવી સગત કરે મન તેવું થઇ જાય,
વિષયી જનનો સગ તો, મન બગડ્યાનો ઠામ;
સુસગથી મન [૬]શુચિ રહે, ભજન ગમે ઘનસ્યામ, કરી જો પારખુ. ૧૧
મન—સુણ બુદ્ધિ હું બેસું છુ, નિત્ય હરિજનમા,
જ્યા લગી સુણ પ્રબોધ,[૭] તાપ ઉપજે નહિ મનમા,
ઉઠીને અળગો ગયો, ત્યાં વળી તેનુ તેહ,
[૮]કુંજરમજ્જનન્યાય એ, નહિ ઉરાડે ખેહ, કર્યું તે ના કર્યું. ૧૨
મતિ—કરતાં સિદ્ધ ઉપાય, હરિપાદોદકક્ષીર પિયે,
હરિપ્રસાદ, હરિ ગાય, અવિદ્યા તો ટળે;
એમ કરે મન નિત્ય પ્રતિ, લાગે હરિ શુ રંગ,
મન રાખવુ હરિચરિતમા, દૂર તજી દુસ્સગ, હઠે મને ક્રમેક્રમે. ૧૩
ઘણા કાળનો રોગ, જાય નહિ થોડે દાડે,
પણ ન રહે પરિણામે, કદા સમૂળો કાહાડે,
વણ સત્સગ ન હરિકૃપા, કૃપા વણ ન સત્સગ,
નિજ કરવો જેને હરિ, ત્યાં મગ રંગ અભગ, મૂળ સહુ[૯]હરિરુચી. ૧૪

---

[૧] હુ ઘણો પ્રયાસ કરૂ છુ પણ થોડુ પણ વિષયથી પાછુ હઠતુ નથી પાછુ હઠતું હોય તો કહેવત છે કે ‘નાક કાપીને જગતમા અપશુકન કોણ કરે ?’

[૨] શરીરને શુદ્ધ કર

[૩] અંતકાલે જેવી મતિ તેવી તે જીવની ગતિ થાય છે

[૪] નિસ્તાર–છેડો

[૫] ગુજની–ગુપ્ત.

[૬] શુદ્ધ.

[૭] ઉપદેશ

[૮] હાથીનું નાહાવું જેમ નિરર્થક છે તેમ.

[૯] ભગવત્કૃપા સર્વનું મુળ છે.

મન—તું કહે છે [1]ધી ! મન થોડે થોડે વશ થાય;
તે કહેવાની વાત પડ્યા બહુ યોગી રાય,
કૌશિક [2]સૌભરિ પરાશર, [3]એકલશૃંગી આદિ;
સદા સુસંગી વિરાગી, [4]બ્રહ્મા શિવ બ્રહ્મવાદી, વહવાયા વિષયથી.૧૫

મતિ—સાંભળ મન [5]નવયોગી (એ), વિષયવાસના દહી છે;
ઉર વશિયા ચિરાતીત, તદપિ શુક માત કહી છે;
[6]કુમારદત્ત, કપીશ, સુરઋષિ, ભુશુંડીજીને સ્કંધ,
ગરુડ, અંજની આદિ નહિં સ્વપ્ને કામસંબંધ, કર્યું વશ મનને. ૧૬

મન—હે મતિ મન ઇત્યાદિ થયું, વશ નથી નિજ જોરે,
પ્રભુ નિજ લહી નિજબલે, કાઢ્યા માયાથી કોરે,
એમ અવિદ્યાસર્પેની, ટાળે હરિ શી વાર;
નિજબલ કયમે ના ખળે, એવો વેગ અપાર, જીવનું જોર શું? ૧૭

મતિ—સુણ મન, ભક્તિ વિના પ્રભુને, અતિપ્રિય કો છે નહિ;
હરિના થઈ હરિ ભજે, અવિદ્યા કદા દમે નહિ;
ભજતા અતિ હરિ ઉર વસે, પ્રકટ પછી નહિ પાપ:
જેમ ન અડે [7]રસના ચીકટ, અખંડ અગ્નિપ્રતાપ વડાની વાત શી.૧૮

મન—હે મેધા[8], મેં વાત, વડાની પડતી મૂકી,
પણ કહે હું કેમ કરૂં, વિકલ છું જાણી ચુકી,
મનુષ્યદેહ ન ભજાય હરિ, અખંડ તે સંતાપ;
મન ન વિષયથી નીકળે, કાલ ચઢાવ્યું ચાપ,[9] લહ્યું કચ શ્વેતથી ૧૯

મતિ—લાખ વાતની વાત કહું, મન સાભળ સાચી,
કૃષ્ણનામ રટ અચળ, વાત સહુ જાણી કાચી,

---

[1] હે બુદ્ધિ !

[2] સૌભરી નામના એક ઋષિ અનત સમય સુધી તપ કરીને પણ આખરે રાજા માંધાતા પાસે જઈને તેની કન્યા વરવાની પોતાની ઇચ્છા જાહેર કરવા લાગ્યા

[3] જે ઋષિ વેશ્યાથી લુબ્ધ થયા હતા.

[4] બ્રહ્મા સ્વપુત્રી પાછળ, શિવ ભીલડી પાછળ, બીજા બ્રહ્મવાદીઓ પણ વિષયથી વ'વાયા છે તેમા લપટાયા છે.

[5] જનક રાજાને ઘેર રહેલા નવ યોગીઓએ વિષયવાસના કેમ બાળી છે ?

[6] દત્તાત્રેય, હનુમાન, નારદ, ભૂશુંડી ઋષિ, કાર્તિક.

[7] જેમ જીભ ઉપર ચિકટ અડતી નથી.

[8] બુદ્ધિ.

[9] કાળે ધનુષ્ ચઢાવ્યુ કચ કેશ શ્વેત થયા પળીઆ આવ્યાં.

ચિત્ત ચંચળ, ધન, મદન, આદિ શોધ થઈ ધીર;
સહુજે સર્વ સુખ થઇ જશે દુખ અચિર કાલ પણ કંપશે ૨૦

હરિ ભજતાં ઉર અમલ, કદી જો થાય ન તારૂ,
તો પછી એનું એ કરજે, માનીશ ન મારૂં;
સિંહ વસ્યો જે વનમાં, ત્યાં કયમ વસે શિયાળ ?
વિષય અલ્પ સુખ, દુઃખ ઘણુ, સુખનિધિ ભજ ગોપાળ,
હોય હરિ પામવા ૨૧

મન—મતિ એક મુજ પ્રશ્નોત્તર કર બહુ સંદેહ રહે છે,
કામકેલિ[1] ક્યમ પાપ અતિશે સહુ કોઇ કહે છે ?
દુ:ખ કોઇને થાતું નથી, બંને રહે પ્રસન્ન,
દોષ ન જોતાં છે કશો, કયમ નિંદે સહુ જન હરિ પણ ના મળે ૨૨

મતિ—સુણ મન એનું હાર્દ, નિ:સંદેહ કહુ તુજને,
વેદશાસ્ત્ર શોધે એ, નિર્ણય મળ્યો મુજને,
વિષયી મન પરવશ અતિ, સદા કશુ નહિ ભાન,
માટે મહા અપરાધ એ, ભાવે નહિ ભગવાન, કામ ઉર રામ નહીં ૨૩

મન—મતિ, તે તુચ્છ વિષય સુખ કહ્યું, હવા નહિ માણુ;
પણ તેમ મન ધનથી ન ખમે, અતિશે લપટાણું,
શા માટે કહે દ્રવ્ય વણુ, કશુ ન નિપજે કામ,
તેને તજવું કેમ બને ? સંસારીનું ધામ, ૨૪

મતિ—મન એ વાત ખરી પણ, વિવેક વણુ દુ:ખદાઇ,
મે આણ્યું હુ લાવીશ, ધન મારૂ તજ ભાઈ,
દે છે લે છે હરિ લહે, મનથી હર્ષ ન શોધ,
રીતે ઉદ્યમ રાખવો, સહજ લાભ સંતોષ, પ્રાપ્ત સમ ખરચ સદા. ૨૫

ધન મેળવવું કઠિણુ, કઠિણુ અતિ રક્ષણુ તેનું,
વૃદ્ધિ વિત્ત ત્યમ લોભ વૃદ્ધિ, લક્ષણુ છે એનું;
લોભે શોભા સહુ ઘટે, જદ્યપિ ગુણુ ભંડાર;
ધનમા અનર્થ પંચ દશ, ભિક્ષુગીતા વિસ્તાર, નામ કહુ તેહના. ૨૬
હિંસા, દંભ, મૃષા[2], ચોરી, સ્પર્ધા અતિહરિજન,
કામ, ક્રોધ, મદ, ગર્વ, ભેદ, બહુ વૈર રહે મન,

---

[1] કામક્રીડા
[2] મૃષા, અસત્ય, હરિજનની અતિ સ્પર્ધા કરવી

અવિશ્વાસ, પરસ્ત્રીરતિ, દ્યુત રમણ મધુપાન;
ઇત્યાદિક અનર્થ ઘણા, ભજન ન રુચિ ભગવાન;
વિષયી તેમ ધની પણ. ૨૭

જ્યાં લગી ધનમા મન, ત્યાં લગી ભય ચિત્ત ચિંતા;
ત્રાસ, શોક, નિત્ય વિકલ, ધનાઢ્ય સુખવંતા,
ન હોય તેથી મળી ટળે, તે દુઃખનો નહીં પાર;
પ્રકટ કર્યા તે પોષશે, ધનસંચય ધિક્કાર; સર્પ થાવું મરી. ૨૮

સહજે સહુ સુખ મળે, કૃપા કરી દે વૃજરાણો;
જો તેની ઇચ્છા નથી, મસહુ મિથ્યા જાણો,
માટે તજી સહુ કલ્પના, હરિ ભજીએ નિશ્ચિંત;
દુર્લભ અવસર જાય છે, લોભતણો નથી અંત, પછી પસ્તાઇશ તું ૨૯

મન—હે મેધા, તે વાત સત્ય, કહી મુજ મન આવી,
નામસંગ વળી કાંઇ, કરવું દે મુને બતાવી,
સમૂલ અવિદ્યા સહજમાં, ટળે પ્રભુ પ્રિય થાય,
ઝાઝુ કષ્ટ પડે નહીં, એવો સિદ્ધ ઉપાય; બતાવી દે મુને. ૩૦

મતિ—સુણ તે રસિકવર જેવો, ઉપાય પૂછ્યો મૂજને,
ઉપનિષત્‌સિદ્ધાંત કહું, થોડામાં તુજને;
અનાયાસ મન વશ રહે, પ્રપંચ પ્રીતિ જાય,
પ્રેમલક્ષણા ભક્તિ દૃઢ । હરિની સદ્ય થાય, [1]સાંગ [2]અનપાયિની.૩૧

શરણાગતિ । કૃષ્ણનામ, હરિચરિત્ર ગાવું;
બની આવે તે ટેહેલ, કૃષ્ણ જન જ્યાં ત્યા ધાવુ;
હરિપ્રસાદ હરિપદામૃત, તે વણ અન્ય ન ભોગ,
બહુ રડવું દુઃખસંગથી, સદ્ય ટળે ભવરોગ, **દયા** પ્રીતમ મળે. ૩૨

આ **મનોમતિસંવાદ** સર્વ કોઇને પ્રિય લાગે,
કરી વિચાર વાંચે તો, સઘળા સંદેહ ભાગે,
વિષય વિત્તથી મન હઠે, હરિશું લાગે રંગ,
દયારામ નાટક રચ્યું, ભવ દુઃખ થવા ભંગ; સાર સિદ્ધાંતનો. ૩૩

---

[1] વિઘ્નરહિત, શ્રમરહિત. [2] નાશરહિત.

અપ્રસિદ્ધ સાંપ્રદાયિક ગુર્જર સાહિત્ય.[1]

શ્રીવૃન્દ્રાવનચંદ્ર કુંજમા ઝુલે શોભતા રે;
જોવા આવ્યા વ્રજવધૂવૃન્દ તેના મન લોભતા રે. ૧
વામ ભાગે પરમાનદ શ્રીવૃષભાન તણી સુતા;
શોભે પાસે શ્રીનંદનદ જાણે કંચનલતા રે. ૨
શી શોભા કહુ હુ આજ હિંડોલાના સાજની રે;
વિશ્વકર્માએ મુકી કાજ ડાંડી રચી રંગ રાજની રે. ૩
મરકત મરૂઆ[2] માંહ્ય પટુલી ઘનસારની રે;
યુગલ સ્થંભ સોનાના લર કંચનના તારની રે. ૪
ત્યહાં વિવિધ પ્રકાર પવન આવે છે સુગંધ ભર્યા રે;
લઇ હિંડોલો કરી મન શ્યામ વિહ્વલ કર્યો રે. ૫
કહો મહારા પ્રાણજીવન હલુરા ઘાલુ ઘુમડી રે,
આજ પામી નવલો દિન આનદ આવે ઉમડી રે. ૬
ઘુમરડી નવ રાખે નારી કહાન કહે કામની સાંભલો રે;
હવે જાણ્યો તમારો પાર છે કાંઈ મનમા આમલો રે. ૭
સુણી વહાલાં કેરા વચન શ્યામાને લાગ્યા સોહામણાં રે;
થઇ માહોમાહ પ્રસન્ન અરસપરસ લે ભામણા રે. ૮
રાખી મન માંહે વાત શ્યામાજીના મન તણી રે,
લીધી ઘુમરડી પાંચ સાત શ્યામાને બીહામણા રે. ૯
ત્યહાં નીલાંબર ખસી જાય દંત ગ્રહી રાખે કામની રે;
દેખી વૃજવધૂ આશ્ચર્ય થાય લીલા શ્રીઘનશ્યામની રે. ૧૦
હિંડોલો રાખો નાથ સાથ હસે સહુ વ્રજતણો રે;
લઇ કંઠે મેલ્યો હાથ શ્યામે મન આનંદ ઘણો રે. ૧૧
નહિ બોલું તમ શું આજ પ્રેમ તમારો જાણીઓ રે,
નવ આવે તમને લાજ દેખે સહીયર સમાણીઓ રે ૧૨
સુણી શ્યામા કેરા બોલ રાખ્યો હિંડોલો શ્રીહરિ રે;
બહુ એને પ્રેમ અતુલ્ય અવનવી ત્યહા લીલા કરી રે. ૧૩
ગોપીજન મન આનંદ શ્રી જન તો ભલે અવતર્યાં રે;
દીઠી લીલા આનદ કદ મનવાછિત કારજ સર્યાં રે. ૧૪
સદા બિરાજો શ્રી શ્યામ શ્યામા કુંજના ધામમાં રે;
શ્રીવલ્લભ સુતનું નામ નિત્ય પ્રત્ય આઠે જામમાં રે; ૧૫
છીએ કલ ન પડે ક્ષણું એક જેમ જલ બાહાર મીનને રે;
કૃપા કીજે રાખી ટેક ગિરિરાજ કુંવર દીનને રે. ૧૬

---

[1] આ કાવ્ય જૂના પુસ્તકોમાંથી મળ્યુ હતુ. [2]. મરૂઆ—મોર.

पुष्टिभक्ति.

(અનુસધાન ગયા અકના પૃષ્ઠ ૨૮ થી.)

સિદ્ધાન્ત:–વિધિ પ્રમાણે જ કાર્ય કરવામા ક્લેશ થાય પરંતુ પ્રેમથી કાર્ય કરવામા આવે તેમા ક્લેશ સંભવતો નથી પુષ્ટિભક્ત પ્રભુના શ્રવણ આદિ પ્રેમ અને સ્નેહથી જ કરે છે, વિધિને લીધે કરતા નથી. તેથી જ ભગવાન્ ભાષ્યકાર શ્રીમદણુભાષ્યમા તૃતીયાધ્યાયના તૃતીય પાદના ઓગણત્રીસમા સૂત્ર પર ભાષ્યમાં પુષ્ટિભક્તના વિષયમા ' अत्र श्रवणादिकर्मापि फलरूपमेव । स्नेहेनैव क्रियमाणत्वान विधिविषय । ' 'અહિ શ્રવણ વિગેરે પણ ફલરૂપજ છે સ્નેહથી જ કરાતા હોવાથી વિધિના વિષય નથી ' એમ સ્પષ્ટ કહે છે. સર્વ સ્ત્રી અને માતા પિતા શાસ્ત્રની વિધિ જાણતા નથી, તો પણ દુઃખ દેનાર પતિની સેવા અને ભવિષ્યમા દુઃખ દેનાર બાલકનું પાલન કરે છે. આ સ્થળે તેઓ વિધિને લીધે સેવા અથવા પાલન કરે છે એમ કહી શકાય નહિ, કારણ કે વિધિનુ તેમને જ્ઞાન જ નથી. તેમ જ તેમને સ્વાર્થ પણ નથી તેથી માત્ર પ્રેમથી જ તેઓ એમ કરે છે. તેમા તેમને અલ્પ પણ ક્લેશ થતો નથી. તે જ પ્રમાણે પુષ્ટિભક્ત કેવલ સ્નેહને જ લીધે પ્રભુની સેવા કરે છે તેથી તેને અલ્પ પણ ક્લેશ થતો નથી પ્રત્યુત આનંદ જ થાય છે કારણ કે પુષ્ટિમાર્ગમા સાધન અને ફલ એક જ છે. તેથી સાધન કરતા પણ પુષ્ટિભક્ત ફલનુ આસ્વાદન કરે છે. તેથી પુષ્ટિમાર્ગમા ક્લેશ ન હોવાથી અને અન્ય સર્વ માર્ગ ક્લિષ્ટ હોવાથી પુષ્ટિમાર્ગ સર્વ માર્ગથી ઉત્તમ છે.

पातभयाभावात् ॥ २ ॥

વળી અન્ય સર્વ માર્ગમા પતન થવાનો ભય છે, પરતુ પુષ્ટિભક્તને પતમ થવાનો કદાપિ ભય થતો નથી, તેથી પણ પુષ્ટિમાર્ગ અન્ય સર્વ માર્ગથી ઉત્તમ છે.

પ્રથમ કર્મમાર્ગમા પતનનો ભય છે તે જોઇએ. કર્મમાર્ગ અતિશય ક્લિષ્ટ છે તે આપણે પ્રથમ જોયુ. આવા ક્લેશ વેઠી કર્મ કરીએ તો પણ તેમા અલ્પ પણ દોષ થાય તો સર્વ અર્થનો અનર્થ થઇ જાય, અને કર્મ કરનારને ફલ ન મળે એટલુ જ નહિ, પરતુ અનિષ્ટ પ્રાપ્ત થાય. વૃત્રાસુરના દૃષ્ટાન્તથી આ સિદ્ધ થાય છે. ત્વષ્ટાના પુત્ર વિશ્વરૂપનો ઇંદ્રે શિરચ્છેદ કર્યો તેથી અતિશય ક્રોધિત થઇ ત્વષ્ટાએ ઇન્દ્રનો વધ કરનાર પુત્ર પ્રાપ્ત થાય એવા હેતુથી હોમ કર્યો. " इन्द्रशत्रो विवर्धस्व " હે ઇન્દ્રના શત્રુ, અર્થાત્ ઇન્દ્રને શાસન કરનાર, વૃદ્ધિ પામ " એ પ્રમાણે હોમ કર્યો એટલે અગ્નિમાથી વૃત્રાસુરની ઉત્પત્તિ થઇ; પરતુ "इन्द्रशत्रो" શબ્દનો બરોબર ઉચ્ચાર ન થવાથી इन्द्रस्य शत्रु એટલે ઇન્દ્રનો શત્રુ અથવા ઇન્દ્રને શાસન કરનાર એવો અર્થ ન થતાં इन्द्रः शत्रुर्यस्य એટલે ઇન્દ્ર જેનો શત્રુ છે અથવા ઇન્દ્ર જેને શાસન કરનાર છે એવો અર્થ થયો અને તેથી વૃત્રાસુરે ઇંદ્રનો વધ કર્યો નહિ, પ્રત્યુત ઇંદ્રે વૃત્રાસુરના પ્રાણ હર્યા. આ પ્રમાણે ત્વષ્ટાએ કરેલા હોમમા માત્ર 'इन्द्रशत्रो' શબ્દનો ઉચ્ચાર બરાબર ન થવાથી અર્થાત્ 'शत्रो' અવયવપર સ્વર આવવાને બદલે 'इन्द्र' અવયવપર સ્વર આવવાથી તત્પુરુષસમાસને સ્થાને બહુવ્રીહિ સમાસ થયો અને તેથી ઉપર જણાવ્યુ તેમ અર્થ વિરુદ્ધ જ થઇ ગયો. તેથી ત્વષ્ટાની ઇચ્છા પરિપૂર્ણ ન થઈ એટલુ જ નહિ, પરતુ તેથી ઇચ્છાથી વિરુદ્ધ કાર્ય થયુ. તેથી કર્મમાર્ગમા જરા ઉચ્ચાર કરવામાં ભેદ થાય તો પણ ઇષ્ટ

પ્રાપ્ત થતી નથી, એટલુ જ નહિ પરતુ અનિષ્ટ પ્રાપ્ત થાય છે તેથી કર્મમાર્ગમા પાત થવાનો અતિશય ભય છે.

પૂર્વપક્ષ–કર્મમાર્ગમા કર્મ કરવામાં ભેદ થાય, અર્થાત્ સ્ખલન થાય તો ઇષ્ટપ્રાપ્તિ ન, થાય અને અનિષ્ટ પ્રાપ્ત થાય એ સત્ય, પરંતુ આ માર્ગમાં કવચિત્ જ એ પ્રમાણે સ્ખલન થાય છે સ્ખલન થવાના દૃષ્ટાંત થોડા જ પ્રાપ્ત થશે, અને એથી વિરુદ્ધ ઘણા કર્મો અથથી ઇતિ સુધી અલ્પ પણ સ્ખલન વિના સપૂર્ણ થાય છે, અને નિર્દિષ્ટ ફલ પ્રાપ્ત થાય છે, કારણ કે કર્મમાર્ગ અતિશય સુકર છે તેથી આ માર્ગમા સ્ખલનની ભીતિ નથી અને તેથી ઇષ્ટ પ્રાપ્તિ ન થવાની તેમ જ અનિષ્ટની ભીતિ નથી

સિદ્ધાન્તઃ–એ સત્ય નથી, કારણ કે કર્મમાર્ગ સુકર નથી પરતુ અતિશય ગહન અને કઠિન છે. કર્મમાર્ગ અતિશય ક્લિષ્ટ છે એમ પ્રથમ અમે દર્શાવ્યુ છે, તે જ પ્રમાણે કર્મમાર્ગ અતિશય કઠિન અને ગહન છે શ્રીમદ્ભગવદ્ગીતા પણ "કર્મ શુ? અકર્મ શુ? અહિ કવિઓ પણ મોહ પામેલા છે કારણ કે કર્મથી પણ સાવધ રહેવાનુ છે, વિકર્મથી સાવધ રહેવાનુ છે અને અકર્મથી સાવધ રહેવાનુ છે કર્મની ગતિ ગહન છે" અધ્યાય ૪–૧૬–૧૭. એ પ્રમાણે કર્મની ગહનતાનું નિરૂપણ કરે છે. કર્મમાર્ગમા પણ સાવધ રહેવાનું છે, સ્ખલન થવાની અને તેથી ઇષ્ટાપ્રાપ્તિ અને અનિષ્ટપ્રાપ્તિની પદેપદે ભીતિ છે તેથી કર્મમાર્ગમાં પાત થવાનો અતિશય ભય રહે છે.

કર્મમાર્ગવત્ જ્ઞાનમાર્ગમા પણ પતનનો ભય છે આપદ્ ન હોય તેવે સમયે જ્ઞાનીઓ પણ જો વિહિતનો ત્યાગ કરે અને અવિહિતનુ આચરણ કરે તો તેમનુ ચિત્ત મલીન થાય, અને તેથી જ્ઞાન તિરોહિત થાય શ્રીમદણુભાષ્ય ૩–૪–૨૭ વળી અસત્ તર્કોથી પણ જ્ઞાનનો વિપ્લવ થાય છે અને તે તિરોહિત થાય છે એમ શ્રીમદ્ભાગવતના દ્વિતીય સ્કધમા નિરૂપણ કરેલુ છે " તે ભગવતી દેવી મહામાયા જ્ઞાનીઓના ચિત્તોને પણ બલથી આકર્ષી મોહને અર્પણ કરે છે " એ માર્કંડપુરાણનું વાક્ય પણ જ્ઞાનીઓનો પાત થાય છે એમ ઉપદેશ કરે છે. તેથી જ્ઞાનીઓનુ જ્ઞાન રહેવાનો સભવ નથી અર્થાત્ જ્ઞાનીઓને પણ પતનભય રહે છે.

કર્મ અને જ્ઞાનમાર્ગની પેઠે ભક્તિમાર્ગમા પાત થવાનો ભય નથી. મર્યાદાભક્તિમાર્ગમા મુક્તિ પ્રાપ્ત થાય છે પરતુ કર્મ અને જ્ઞાનમાર્ગવત્ પતનભય નથી આ માર્ગમા પાતન થાય એ માટે બે દોષથી સાવધ રહેવાનુ છે. વેદનિન્દા અને અધર્મ આચરણ એ બે દોષથી સાવધ રહેવુ જોઇએ મર્યાદા ભક્તિમાર્ગમા પાત થવાનો ભય નથી. વેદનિન્દા અને અધર્મ આચરણ એ બે દોષ ન થાય તો પાત થવાનો અલ્પ પણ ભય નથી. જો આ બે દોષ થાય તોપણ કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગવત્ પાત થતો નથી અર્થાત્ નરકપ્રાપ્તિ થતી નથી. પરતુ માત્ર હીનયોનિમા જન્મ થાય છે, અને આ હીનયોનિમા અવતાર લીધા પછી પણ પૂર્વના સસ્કારથી ભક્તિ કરી મુક્તિ પ્રાપ્ત કરે છે. [1]તત્ત્વદીપનિબધ ૨–૨૧૩–૧૨૪. તેથી મર્યાદામાર્ગમા પાત થવાનો ભય નથી, પરતુ વેદનિન્દા અને અધર્મઆચરણ થાય તો જોકે નરકપાત થતો નથી, તો પણ હીનયોનિમા અવતાર થાય છે. તેથી કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગ કરતા મર્યાદા ભક્તિમાં પાત થવાનો ભય અતિ ન્યૂન છે

---

[1] अत्रापि वेदनिन्दायामधर्मकरणात्तथा । नरके न भवेत्पात किंतु हीनेषु जायते ॥२१३॥ पूर्वसंस्कारतस्तत्र भजन्मुच्येत जन्मभि

પુષ્ટિમાર્ગમા પાત થવાનો અલ્પ પણ ભય નથી કારણ કે જે અનન્યભક્તો ભગવાન્‌નું ચિંતન કરી તેમની સેવા કરે છે તેવા નિત્ય ભગવદનુરક્ત ભક્તોનુ યોગક્ષેમ ભગવાન્ પોતે જ કરે છે. [1](શ્રીમદ્‌ભગવદ્‌ગીતા ૯–૨૨) ભગવાન્‌ની દૈવી ગુણમયી માયા તરવી કઠિન છે પરતુ જે માત્ર ભગવાન્‌ની જ ભક્તિ કરે છે તેવા પુષ્ટિભક્તો આ માયા તરી જાય છે [2]શ્રીમદ્‌ભગવદ્‌ગીતા ૭–૧૪) તેથી તેવા ભક્તોને આપદ્‌નો અથવા પાત થવાનો અલ્પ પણ ભય નથી. સર્વનો ત્યાગ કરી અનન્યભાવથી માત્ર શ્રીકૃષ્ણચંદ્રમા જ ચિત્ત રાખે તેવા પુષ્ટિભક્તોનું શ્રીકૃષ્ણ દેવ સાથે શીઘ્ર જ સાયુજ્ય નિશ્ચિત ફલ છે ([3]તત્ત્વદી ૨. ૨૧૫) પુષ્ટિભક્તિનું ફલ શીઘ્ર જ સાયુજ્ય છે. તેથી પુષ્ટિભક્તિનો પાત સભવતો નથી. કારણ કે જો પાતની સંભાવન હોય તો સાયુજ્ય શીઘ્ર કેવી રીતે થઇ શકે ? શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના અષ્ટાદશ અધ્યાયમા શ્રીકૃષ્ણચંદ્ર અર્જુનને સર્વ [4]ધર્મનો ત્યાગ કરી પોતાને એકલાને શરણે આવવાનો પુષ્ટિમાર્ગીય ઉપદેશ કરે છે અને જણાવે છે કે " હુ તને સર્વ પાપોમાથી મુક્ત કરીશ શોક કર નહિ. ૧૮,૬૬ તે ઉપરથી પણ સ્પષ્ટ સમજાય છે કે જે માણસ પુષ્ટિભક્તિનો અગીકાર કરે છે તેને સર્વ પાપોમાથી પ્રભુ પોતે જ મુક્ત કરે છે. મોચક સ્વભાવવાળા મુકુદ પોતાનું અનન્ય ભજન કરનાર પુષ્ટિભક્તોને સર્વપાપોમાથી પોતે જ મુક્ત કરે છે તો પછી તેઓનો પાત કેમ સંભવે ? ઉત્તમ પુષ્ટભક્તોનો ત્યાગ કરવાની ભગવાનની પોતાની ઇચ્છા અથવા વૃત્તિ થતી જ નથી. તેઓ સ્ત્રી, ઘર, પુત્ર, બધુ, પ્રાણ, વિત્ત, આલોક અને પરલોકનો ત્યાગ કરી ભગવાનને શરણે ગયા હોય એવા ઉત્તમ પુષ્ટિભક્તોનો ત્યાગ કરવાની ભગવાનની ઇચ્છા અથવા વૃત્તિ કેમ થઇ શકે ?[5] તેથી પુષ્ટિભક્તોનો પાત સભવતો જ નથી. પુષ્ટિમાર્ગમા પાત થવાનો અલ્પ પણ ભય નથી, અને તે સર્વ પ્રકારે મુક્તિ આપનાર છે તેથી સર્વમાર્ગોથી પુષ્ટિમાર્ગ ઉત્તમ છે એમ તત્વદીપ નિબધમા ભગન્મુખારવિદસ્વરૂપ શ્રીમદ્વૈશ્વાનરાચાર્ય સ્વત કહે છે. (૨. ૨૦)[6]

फलोत्कृष्टत्वाच्च ॥ २ ॥

પુષ્ટિમાર્ગ અન્ય સર્વમાર્ગથી ઉત્તમ છે, કારણ કે અન્ય સર્વમાર્ગના ફલ કરતા પુષ્ટિમાર્ગીય ફલ ઉત્તમ છે

પુષ્ટિમાર્ગીય ફલ અન્ય સર્વમાર્ગના ફલ કરતા ઉત્તમ છે એ સિદ્ધ કરવા પ્રથમ કર્મમાર્ગનું ફલ શું છે તે જોઇએ. કર્મમાર્ગના ફલનુ નિરૂપણ ભગવાન્ વેદવ્યાસે વેદાન્તસૂત્રના ચતુર્થ ફલાધ્યાયના પ્રથમ પાદના પ્રથમ સૂત્ર "आवृत्तिरसकृदुपदेशात्"થી કરેલુ છે કર્મ જ્ઞાન અને ભક્તિના સ્વરૂપનું નિરૂપણ તૃતીયાધ્યાયમા કરેલુ છે ને ચતુર્થ અધ્યાયમા તેઓના ફલનુ નિરૂપણ કરે છે તેમાં પ્રથમ "आवृत्तिरसकृदुपदेशात्" સૂત્ર કર્મમાર્ગના ફલનુ નિરૂપણ કરવા યોજેલુ છે તેથી કર્મમાર્ગનુ ફલ આવૃત્તિ અથવા પુનર્જન્મ છે, અને તે પણ અસકૃત્ અર્થાત્ વારંવાર. તેથી વારવાર પુનર્જન્મ

---

१ अनन्याश्चियन्तो मा ये जना पर्युपासते । तेषा नित्याभियुक्ताना योगक्षेम वहाम्यहम् ॥
२ दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया । मामेव ये प्रपद्यन्ते मायामेता तरति ते ॥
३ सर्वत्यागेऽनन्यभावे कृष्णमात्रैकमानसे । सायुज्यं कृष्णदेवेन शीघ्रमेव ध्रुव फलम् ॥
४ सर्वधर्मान्परित्यज्य मामेकं शरण व्रज । अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुच ॥
५. ये दारागारपुत्राप्तप्राणा–न्वित्तमिम परम् । हित्वा मा शरण याता कथ तांस्त्यक्तुमुत्सहे ॥
६. मार्गोऽय सर्वमार्गाणामुत्तम परिकीर्तित । यस्मिन्पातभय नास्ति मोचक सर्वथा यत ॥

એ કર્મમાર્ગનું ફલ છે, કારણ કે વારવાર શ્રુતિઓમા તેવો ઉપદેશ કરેલો છે. સૂત્રમાં " असकृत् " પદ છે એ ' आवृत्ति ' અને ' उपदेशात् ' ઉભય પદસાથે સબધ ધરાવે છે તેથી ' વારવાર પુનર્જન્મ ' એ કર્મમાર્ગનુ ફલ છે, કારણ કે શ્રુતિઓમા એવો ' વારવાર ઉપદેશ ' કરેલો છે એવો આ સૂત્રનો અર્થ છે. ' આ અહિં જે કાઇ કરે છે તે કર્મનો અંત પામીને તે લોકમાથી પુન આ લોકમા કર્મ માટે આવે છે '[1] વિગેરે શ્રુતિઓ તેવો ઉપદેશ કરે છે બીજા સૂત્ર ' लिङ्गाच्च ' થી કર્મમાર્ગનુ પુનર્જન્મ ફલ છે તેનો બીજો હેતુ કહે છે. लिङ्ग અનુમાન વેદનુ અનુમાન કરાવનાર સ્મૃતિ હોવાથી તે लिङ्ग કહેવાય છે, તેથી સ્મૃતિઓથી પણ એવો આ સૂત્રનો અર્થ થાય છે, અર્થાત્ સ્મૃતિઓ પણ તેવો જ ઉપદેશ કરે છે ' ત્રણ વિદ્યા જાણનાર સોમપાન કરનાર પાપમાથી પવિત્ર થયેલા યજ્ઞોવડે મારુ યજન કરી સ્વર્ગલોકની પ્રાર્થના કરે છે તેઓ પવિત્ર સ્વર્ગલોક પ્રાપ્ત કરી સ્વર્ગમા દિવ્ય દેવોના ભોગ ભોગવે છે. તેઓ જો વિશાલ સ્વર્ગલોકનો ભોગ કરી પુણ્ય ક્ષીણ થાય ત્યારે મર્ત્યલોકમાં પ્રવેશ કરે છે. આ પ્રમાણે ત્રયી ધર્મ અનુસાર કામની ઇચ્છા રાખનાર ગમન અને આગમન પ્રાપ્ત કરે છે [2]શ્રીમદ્ભગવદ્ગીતા ૯-૨૦-૨૧. તેથી યજ્ઞ વિગેરે કર્મનુ ફલ પુનર્જન્મ જ છે. યજ્ઞ વિગેરે કર્મોનુ ફલ પુનર્જન્મ થાય એમા કાઇ આશ્ચર્ય પણ નથી. કારણ કે યજ્ઞ વિગેરે કર્મ કરવાથી સ્વર્ગની પ્રાપ્તિ થાય સ્વર્ગમા કામ ભોગ ઇચ્છા પ્રમાણે યજ્ઞ કરનાર કર્મમાર્ગીય જીવ ભોગવે છે તેથી તેના ભોગમા વિશેષ આસક્તિ થતી જાય છે ભોગ ભોગવવાથી ભોગની અભિલાષા તૃપ્ત થતી નથી, પરંતુ અગ્નિમા ઘૃત હોમવાથી જેમ અગ્નિ વધારે પ્રદીપ્ત થાય છે તેમ ભોગથી ભોગની અભિલાષા વધારે દૃઢ થાય છે. આ પ્રમાણે ભોગમાં આસક્તિ થવાથી પુણ્ય ક્ષીણ થાય ત્યારે સ્વર્ગમાથી પુન કર્મમાર્ગીય જીવને આ લોકમા અવતરવું પડે તેમા કોઇ આશ્ચર્ય નથી. તેથી જ આવા કર્મમાર્ગીય કર્મનિરત જીવોને શ્રીમદ્ભગવદ્ગીતામા ' વેદવાદરત ' ' અવિપશ્ચિત્ ' કહેલા છે ' અન્ય (કાઇ) નથી ' એવી તેઓની વાણી માત્ર પુષ્પિતા છે પરંતુ ફલદ નથી ભોગ અને ઐશ્વર્ય અર્થે જે ઘણી અમુક્રિયાઓ તેઓ કરે છે તેનુ ફલ માત્ર જન્મ અર્થાત્ પુનર્જન્મ અને કર્મ છે જેઓના ચિત્ત ક્રિયાએ હરણ કરેલા છે તેવા ભોગ અને ઐશ્વર્યમા આસક્ત થએલા કર્મમાર્ગીય જીવોની વ્યવસાયાત્મિકા બુદ્ધિ સમાધિમા રહેતી નથી[3] તેથી કર્મમાર્ગનુ ફલ પુનર્જન્મ જ છે. એમ સિદ્ધ થાય છે પુનર્જન્મ ઇષ્ટ નથી. પરંતુ અનિષ્ટ છે તેથી કર્મમાર્ગનુ ફલ અનિષ્ટ છે એમ સિદ્ધ થાય છે

---

[1] प्राप्यान्त कर्मणस्तस्य यत्किञ्चेह करोत्ययम् । तस्माल्लोकात्पुनरेत्यस्मै लोकाय कर्मणे ॥

[2] त्रैविद्या मा सोमपा पूतपापा यज्ञैरिष्ट्वा स्वर्गति प्रार्थयन्ते ।
ते पुण्यमासाद्य सुरेन्द्रलोकमश्नन्ति दिव्यान्दिवि देवभोगान् ॥
ते त भुक्त्वा स्वर्गलोकं विशाल क्षीणे पुण्ये मर्त्यलोक विशन्ति ।
एव त्रयीधर्ममनुप्रपन्ना गतागतं कामकामा लभन्ते ॥

[3] यामिमा पुष्पिता वाच प्रवदन्त्यविपश्चित । वेदवादरता पार्थ नान्यदस्तीति वादिन. ॥
कामात्मान स्वर्गपरा जन्मकर्मफलप्रदाम् । क्रियाविशेषबहुला भोगैश्वर्यगति प्रति ॥
भोगैश्वर्यप्रसक्ताना तयापहृतचेतसाम् । व्यवसायात्मिका बुद्धि समाधौ न विधीयते ॥
श्रीमद्भगवद्गीता, २-४२-४४

उपोद्घात.

સૃષ્ટિમા પ્રકટ થઈને સર્વ મનુષ્યને પુરુષાર્થસિદ્ધ કરવાની ઇચ્છા થાય છે. ભારતવર્ષના મહાન્ ઋષિઓએ અર્થનું ધર્મ,' અર્થ, કામ અને મોક્ષ એ ચતુર્ધા વર્ગીકરણ કર્યું. આમા પણ ધર્મ અને મોક્ષ એ બન્નેનું પ્રાધાન્ય વિશેષ છે. આ ચારે પુરુષાર્થ પુરુષ સંપાદન કરે એ વાસ્તે સર્વસામર્થ્યયુત પ્રભુએ સ્વનિશ્વાસરૂપ વેદ પ્રકટ કર્યા. વેદના સામાન્યશ બે વિભાગ થયા. પૂર્વકાંડ અથવા ધર્મકાંડથી પુરુષ ધર્મ સિદ્ધ કરે છે અને ધર્મ—યજ્ઞમા પ્રકટ થતા યજ્ઞનારાયણના સ્વરૂપના અનુભવથી પ્રભુની ક્રિયાશક્તિનો સાક્ષાત્કાર કરે છે. ઉત્તરકાંડ અથવા જ્ઞાનકાંડથી પુરુષ મોક્ષ સિદ્ધ કરે છે, અને બ્રહ્મમા પ્રકટ થતી પ્રભુની જ્ઞાનશક્તિનો સાક્ષાત્કાર કરે છે. આ પ્રકારે જ સર્વ આર્ય ત્રૈવર્ણિકને દુઃખાભાવ અને સુખ પ્રાપ્ત થાય તેવા ઉદ્દેશથી સર્વસમર્થ ભગવાને નિજનિશ્વાસરૂપ વેદ પ્રકટ કર્યા. વેદ એ ભગવાન્નુ મનોમય સ્વરૂપ છે. નિર્ગુણ અર્થાત્ પ્રાકૃતધર્મમાત્રથી રહિત અને સર્વ અલૌકિક ધર્મયુક્ત પરમાત્માની સ્વરૂપાત્મક અનેક શક્તિઓમાં—ક્રિયાશક્તિઓમા ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિ એ બે મુખ્ય છે. આ બે શક્તિમાં ક્રિયાશક્તિને આગળ કરી પરમાત્મા જે લીલા કરે છે તે કર્મ કહેવાય છે અને તેથી વેદના પૂર્વકાંડમા કર્મસ્વરૂપે ભગવાનની આ ક્રિયાશક્તિના મહાત્મ્યનુ વર્ણન કરેલુ છે. એ જ પ્રમાણે ઉત્તરકાંડમા બ્રહ્મસ્વરૂપે પરમાત્માની જ્ઞાનશક્તિનુ માહાત્મ્ય વર્ણવેલુ છે. આવા જ્ઞાનક્રિયાશક્તિયુક્ત પરમાત્માના માહાત્મ્યજ્ઞાનપૂર્વક અગ્નિહોત્રાદિ પ્રાકૃતવૈકૃત યજ્ઞ કરવામા આવતા, અને તેથી યજ્ઞપુરુષ પરમાત્માની અભિવ્યક્તિ થતી તે જ પ્રકારે શ્રવણ મનન નિદિધ્યાસનરૂપ અંતરંગ અને શમદમાદિ બહિરંગવડે ચિત્ત અત્યન્ત શુદ્ધ થતા નિજસ્વરૂપના અનુભવપૂર્વક સ્વયંપ્રકાશ બ્રહ્મમા લય થતો, અથવા ઉત્તમાધિકારીને તો 'ब्रह्मविदाप्नोति परम्' શ્રુતિમા બતાવેલા પ્રકારે પુરુષોત્તમપ્રાપ્તિની સ્વરૂપયોગ્યતા થઇને ભગવદનુગ્રહથી પુરુષોત્તમની પણ પ્રાપ્તિ થતી. એ જ પુરુષોત્તમપ્રાપ્તિનો પ્રકાર 'रसो वै स' ઇત્યાદિ શ્રુતિમાં પણ પ્રસિદ્ધ છે.

આર્ય ત્રૈવર્ણિકને ઉપનયનસંસ્કાર થયા પછી સ્વાધ્યાય કરવો પડતો, અને સ્વાધ્યાયમાં વેદના પ્રવચન ઉપરાત તેના છ અગનુ અધ્યયન કરાવવામા આવતુ. સાગ વેદનું અધ્યયન થઈ રહ્યા પછી સાગ વેદનો પૂર્વોક્ત અર્થ ગુરુમુખથી જ શ્રવણ કરવામા આવતો ગુરુ પાસે આ પ્રકારે જે વેદ અને વેદાર્થનો સ્વાધ્યાય કરવામા આવતો તેની સંપૂર્ણ સ્મૃતિ ઉત્તમાધિકારીને રહી શકતી, પરન્તુ હીન અને મધ્યમ અધિકારીને વેદાર્થમાં જ્યારે સદેહ થતો ત્યારે છ અગવડે પણ તેનો નિર્ણય અશક્ય થતો ગયો. પ્રાચીન કાળમાં આવી કંઈ ઉપાધિ આવી પડતી ત્યારે તપનો આશ્રય કરવામા આવતો, પરન્તુ કાલે કરીને તપશ્ચર્યા પણ દુર્લભ થઈ ગઈ, અને વેદાર્થમા સદેહ દિનપ્રતિદિન વધવા માડ્યા—વેદાર્થમા સદેહની નિવૃત્તિ થયા વિના વેદાર્થનુ અનુષ્ઠાન કઠિન થઇ પડ્યું, અને યથોક્ત અનુષ્ઠાનના અભાવે પૂર્વોક્ત બે મુખ્ય પુરુષાર્થનો સંભવ ન્યૂનતર થવા લાગ્યો.

આવી સસ્થામા વેદાર્થનિર્ણાયક શાસ્ત્રની આવશ્યકતા લાગવા માડી, અને તેથી હરિએ નિજજ્ઞાનસ્વરૂપ શ્રીવેદવ્યાસને ભૂતલ ઉપર પ્રકટાવીને સદેહનિવૃત્તિપૂર્વક વેદાર્થનિર્ણાયક બ્રહ્મસૂત્ર

યોજાવ્યા. ઉત્તરકાડનો નિર્ણય શ્રીવેદવ્યાસે સ્વત કર્યો, અને પૂર્વકાડનો એવો જ નિર્ણય સ્વશિષ્ય જૈમિનિ પાસે કરાવ્યો. આ પ્રકારે ઉભયકાડની સદેહનિવારક અને તદ્દ્વારા અર્થનિર્ણાયક એવી પૂર્વ અને ઉત્તરમીમાસાનો પ્રાદુર્ભાવ થયો, અને તપશ્ચર્યાનુ સ્થાન હરિની આજ્ઞાથી પ્રકટ થયલી બ્રહ્મમીમાસાને અને પૂર્વમીમાસાને પણ પ્રાપ્ત થયુ, અર્થાત્ ત્રૈવર્ણિક ગુરુકુલમા સ્વાધ્યાય કરીને પોતાના ગૃહસ્થાશ્રમનો પ્રારભ કરે, ત્યારે તે પરમ ઉપકારક આશ્રમની અનેકાનેક વિચિત્ર પ્રવૃત્તિઓમા પૂર્વપ્રાપ્ત વેદાર્થનુ વિસ્મરણ થતા વેદાર્થમા સદેહ થાય, ત્યારે તેની નિવૃત્તિ કરવાને તપશ્ચર્યાદિ સાધન દુર્લભ હોવાને લીધે આ ઉભયમીમાસારૂપ વિચારશાસ્ત્રને સાધનરૂપે આગલ કરીને વિચારથી જ તપશ્ચર્યાવત્ સર્વ સદેહ નિવૃત્ત થતા ભગવત્કૃપાથી પરમપુરુષાર્થની પણ પ્રાપ્તિ સુલભ થઈ ગઈ, ઉત્તમાધિકારીને વેદાર્થ દૃઢ કરવાને અને મધ્યમ અને હીન અધિકારીને સશયનિવારણપૂર્વક વેદાર્થ દૃઢ કરવાને ઉભય વિચારશાસ્ત્રની આવશ્યકતા પ્રકટ થાય છે.

અત્ર બ્રહ્મમીમાસા પ્રસ્તુત હોવાથી તેનુ જ વિશેષ વિવેચન ઉપયોગી છે. આ બ્રહ્મવિચારશાસ્ત્ર અનેક અભિધાનથી પ્રસિદ્ધ છે કેટલાક એને 'બ્રહ્મસૂત્ર' કહે છે, કેટલાક 'વેદાતસૂત્ર' કહે છે, કેટલાક 'ઉત્તરમીમાસા' કહે છે, કેટલાક 'વ્યાસસૂત્ર' કહે છે, કેટલાક 'બ્રહ્મમીમાસા' કહે છે, કેટલાક 'તત્ત્વસૂત્ર' કહે છે, કેટલાક 'શારીરકસૂત્ર' કહે છે, કેટલાક 'શારીરકમીમાસા' કહે છે અને કેટલાક 'ઔપનિષદ મીમાસા' પણ કહે છે. આ સર્વ નામ સાર્થક જ છે. માર્ગની વિસ્મૃતિ થાય ત્યારે સૂત્રનુ માર્ગસૂચકત્વ અત્ર તેમ અન્યત્ર પણ પ્રસિદ્ધ છે. વેદાર્થરૂપ બ્રહ્મમા સદેહ થાય તે નિવારણ કરનાર વેદાનુકૂલ આ બ્રહ્મવિચાર છે, તેથી એને 'બ્રહ્મસૂત્ર' કહેવામા આવે છે વેદાન્ત એટલે ઉપનિષદ્ તેમાં સંદેહ થાય ત્યારે તેનુ નિવારણ કરનાર આ શાસ્ત્ર છે, તેથી એને 'વેદાન્તસૂત્ર' પણ કહે છે વેદનુ તત્ત્વ નિર્ણય કરી આપે છે, તેથી શ્રીમદ્વિઠ્ઠલેશ્વરાચાર્યાદિ આ શાસ્ત્રને 'તત્ત્વસૂત્ર' કહે છે વેદના ઉત્તરકાડના અર્થનો વિચાર આ શાસ્ત્રમા મુખ્ય હોવાથી એને 'ઉત્તરમીમાસા' કહેવામા આવે છે શ્રીબાદરાયણ વેદવ્યાસદ્વારા આ સૂત્ર પ્રકટ થયા એથી એને 'વ્યાસસૂત્ર' અથવા 'બાદરાયણસૂત્ર' કહેવામા આવે છે બ્રહ્મનો વિચાર આ શાસ્ત્રમા હોવાથી એને 'બ્રહ્મમીમાસા' કહે છે શારીર જે પરમાત્મા, તત્સબધી વિચાર આ શાસ્ત્રમા હોવાથી, એને 'શારીરકસૂત્ર' અથવા 'શારીરકમીમાસા' પણ કહે છે. ઉપનિષદ્‌ના તાત્પર્યનો વિચાર આ શાસ્ત્રમા હોવાથી એને 'ઔપનિષદ મીમાસા' કહે છે પરમઋષિ બાદરાયણપ્રણીત આ સૂત્રો હોવાથી એને પારમાર્ષ સૂત્ર કહે છે અને આ શાસ્ત્રમા ચાર અધ્યાય હોવાથી એને 'ચતુર્લક્ષણી' પણ કહે છે

વિચારપ્રધાન આ બ્રહ્મસૂત્રના ચાર અધ્યાય છે. પ્રથમ અધ્યાયને સમન્વયાધ્યાય કહે છે, કારણ કે એમા સ્વરૂપપ્રતિપાદક સંદિગ્ધ વેદાત વાક્યોનો નિર્ણય કરીને તે વાક્યો બ્રહ્મપર જ છે એમ નિર્ણય કરીને સુંદર અન્વય કર્યો છે. દ્વિતીયાધ્યાયને અવિરોધાધ્યાય કહે છે, કારણ કે તેમા મતાન્તરનો નિરાસ કરીને તેઓ તરફથી આક્ષિપ્ત વિરોધ દુર કર્યો છે. તૃતીયાધ્યાયને સાધનાધ્યાય કહે છે, કારણ કે તેમા ઉપનિષદોના બોધકતાપ્રકારપૂર્વક તદુક્તસાધન પ્રતિપાદકવાક્યના સદેહનો નિર્ણય કર્યો છે. ફલપ્રતિપાદક વેદાતવાક્યના સદેહનુ નિરાકરણ ચતુર્થાધ્યાયમા કર્યું છે તેથી તેને ફલાધ્યાય કહે છે આ પ્રકારે સમન્વય,

અવિરોધ, સાધન અને ફલ, એ ચાર અધ્યાય આ મીમાસામા છે. પ્રત્યેક અધ્યાયના ચાર પાદ છે, અને પ્રત્યેક પાદમા અમુક અધિકરણો છે. પ્રાચીન ઋષિઓએ અધિકરણનુ લક્ષણ નીચે પ્રમાણે આપ્યુ છે. **'विषयो विशयश्चैव पूर्वपक्षस्तथोत्तरम् संगतिश्चेति पंचांगं शास्त्रेऽधिकरणं स्मृतम्'** ॥ ઉપનિષદ્‌ના જે વાક્યમા સદેહ હોય છે તેને વિષયવાક્ય કહેવામા આવે છે. પ્રથમ વિષયવાક્યનો ઉપન્યાસ કરવામા આવે છે, અને તેમા શો સદેહ છે તે કહેવામા આવે છે. વિશય–સદેહનો નિર્ણય કરતા તેમાથી એક પક્ષનુ ગ્રહણ કરવામાં આવે છે અને પછીથી તે પક્ષને પૂર્વ ઉત્તર પક્ષ વડે શિથિલ કરવામાં આવે છે. પૂર્વ પક્ષને શિથિલ કરી નાખ્યા પછી ઉત્તર પક્ષનો સમાશ્રય કરીને સદિગ્ધ ઉપનિષદ્ વાક્યનો અર્થ સુંદર રીતે યોજીને સંગતિ આપવામા આવે છે ઉપનિષદ્ વગેરેના જે વાક્યમા સંદેહ થાય તેને વિષયવાક્ય કહેવામા આવે છે. સંદેહને વિષય કહેવામા આવે છે, પ્રથમ પક્ષને પૂર્વ પક્ષ અને દ્વિતીયને ઉત્તર પક્ષ કહે છે, સુદર અર્થની યોજનાને સંગતિ કહે છે, અર્થાત્ પ્રત્યેક અધિકરણમા વિષય, વિશય, પૂર્વ પક્ષ, ઉત્તરપક્ષ અને સગતિ એમ પાંચ પારિભાષિક અંગ હોય છે. ક્વચિત્ એક જ સૂત્રનુ અધિકરણ હોય છે, તો ક્વચિત્ અનેક સૂત્રનુ પણ અધિકરણ હોય છે. અમુક સૂત્રસખ્યા દરેક અધિકરણમા હોવી જ જોઇએ એમ કાઇ નથી. અધિકરણના પાચ અગ સૂત્રમાં ક્વચિત્ સ્પષ્ટ પણ હોતા નથી, પરન્તુ વેદાધ્યયન કર્યા પછી આ શાસ્ત્રનો પ્રારભ કરનારને તે પાચે અગની સ્ફૂર્તિ થઈ જાય એવી આ મીમાસાની રચના છે. આ સ્થલે સૂત્રનો અર્થ પણ સ્પષ્ટ કરી લઈશુ. સૂત્ર શબ્દનો સામાન્ય અર્થ તો પ્રથમ કહી ગયા છીએ તેનુ સ્મરણ કરાવીએ છીએ કે સંદેહ થતા સદેહની નિવૃત્તિને સૂચવે તેનુ નામ સૂત્ર હવે શાસ્ત્રીય રીતે સૂત્ર શબ્દનો વિચાર કરીએ. સૂત્ર હમેશા ઘણા જ ટૂંકા હોય છે. આવશ્યક ઉપરાત વિશેષ શબ્દ તેમા હોતા નથી, તો પણ સૂત્ર નિસંદિગ્ધ જ અર્થ સૂચવે છે સૂત્રમા અક્ષર અને શબ્દ બને સ્વલ્પ હોય છે. સર્વ પ્રકારે તે સારભૂત હોય છે, એટલુ જ નહિ પણ સૂત્ર વિશ્વતોમુખ હોય છે એટલે અમુક દેશમા અમુક કાલમા તેમાથી વિવિધ અર્થ નિષ્પન્ન થાય છે. સૂત્રમા શબ્દ કે અર્થનો દોષ હોતો નથી.

આ બ્રહ્મસૂત્ર ઉપર અનેક ભાષ્યો થયલા છે. ભાષ્યનુ લક્ષણ ઋષિઓએ આ પ્રમાણે આપ્યુ છે **'सूत्रार्थो वर्ण्यते यत्र वाक्यै सूत्रानुसारिभि । स्वपदानि च वर्ण्यन्ते भाष्यं भाष्यविदो विदु'** ॥ સૂત્રાનુસારી વાક્યોવડે જ્યા સૂત્રાર્થનું વર્ણન હોય અને જ્યા સ્વપદોની પણ વિવૃતિ હોય તેવા ગ્રથને ભાષ્ય કહે છે, અર્થાત્ જે ભાષ્ય સૂત્રના અર્થને અક્ષરશ અનુસરે તે જ ગ્રન્થ 'ભાષ્ય'સંજ્ઞાને યોગ્ય છે આ બ્રહ્મસૂત્ર ઉપરિ ઉપલબ્ધ મુખ્ય ભાષ્યો નીચે પ્રકારે છે શાકર, રામાનુજ, શૈવ, માધ્વ, ભાસ્કર, નિબાર્ક, ભિક્ષુ, અને વાલ્લભ. આપણો ઉદ્દેશ અત્ર આ સર્વ ભાષ્યના ભાષાન્તર કરવાનો નથી, પરન્તુ આ સર્વ ભાષ્યકારોનાં ભાષ્યાનુસાર કેવલ સૂત્રનો જ અર્થ નિરૂપણ કરીશુ. વિવેચક વાચકને તે ઉપરથી સ્પષ્ટ પ્રતીત થશે કે એ સર્વ ભાષ્યકારોમા કયા ભાષ્યકાર સૂત્રાક્ષરને વિશેષ અનુસરીને સરલ અર્થ યોજી આપે છે. સર્વ ભાષ્યકારોના મત પ્રમાણે સૂત્રોનો અર્થનિર્ણય થશે, તેથી શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસના મતે વેદાર્થનુ શુ તાત્પર્ય છે તે પણ અધિકારીને સ્ફુરશે અને સૂત્રાક્ષરના અર્થનિર્ણયથી કયુ ભાષ્ય વ્યાસસૂત્રને વિશેષ અનુસરે છે તે પણ સ્પષ્ટ થશે

ब्रह्ममीमांसास्वरूपावबोधककोष्ठक.

व्याससूत्र.

- १. समन्वयाध्याय, (स्वरूपविचार), पादचतुष्टय.
  - १ कार्यप्रतिपादक,
  - २ अन्तर्यामिप्रतिपादक,
  - ३. उपास्यस्वरूपप्रतिपादक,
  - ४. प्रकीर्णक.
- २ अविरोधाध्याय, (मतान्तरनिराकरण), पादचतुष्टय
  - १. श्रुतिविप्रतिषेधपरिहार,
  - २. स्वान्त्र्येण परमतनिराकरण,
  - ३. जडजीवविरुद्धांशनिराकरण,
  - ४. जीवशरीरपर्यन्तबहिरिन्द्रियविचार
- ३ साधनाध्याय, (साधनविचार), पादचतुष्टय.
  - १. अधिकारिजन्मनिर्धार,
  - २ जीवमुक्तियोग्यताविचार. (ब्रह्मस्वरूपावधृति),
  - ३. ब्रह्मगुणोपसहार, (अन्तरङ्गविचार),
  - ४. कर्मोपसहार (बहिरङ्गविचार).
- ४. फलाध्याय. (फलनिरूपण) पादचतुष्टय.
  - १. अन्तरङ्गसाधनरूपश्रवणादिविचार
  - २. सूक्ष्मशरीरादिलयविचार,
  - ३. क्रममुक्तिमार्गविचार,
  - ४. पुष्टिमर्यादाफलविमर्शनपूर्वकलीलानित्यत्वविचार.

आद्याध्यायादिमपादाधिकरणनिर्धार.


ब्रह्मसूत्र.
समन्वयाध्याय.
प्रथम पाद
(कार्यप्रतिपादक.)
अधिकरणसङ्ख्या-१० सूत्रसङ्ख्या-३०
१. जिज्ञासाधिकरण, सूत्र १
२. जन्माद्यधिकरण, सूत्र १
३. समन्वयाधिकरण, सू. १
४. ईक्षतधिकरण, सू. ७
५. आनन्दमयाधिकरण, सू ८
६ अन्तस्तद्धर्माधिकरण, सू. २
७. आकाशस्तल्लिङ्गाधिकरण, सू. १
८. प्राणाधिकरण, सू. १
९. ज्योतिश्चरणाधिकरण, सू ४
१०. अनुगमाधिकरण, सू. ४

ब्रह्मविचारशास्त्र.

कृपापीयूषसम्पूर्णं सरस्युद्भूतमद्भुतम् ॥
श्रीमदाचार्यपादाब्जं समाश्रयतु मन्मनः ॥ १ ॥
तावद्भाष्याणि चेष्टन्ते खद्योता इव खे निशि ॥
यावन्नाभ्युदितः श्रीमदणुभाष्यविभाकरः ॥ २ ॥
उद्योपन्तीतराचार्यकौशिकास्तावदुन्मुखाः ॥
यावन्नाविरभूत् श्रीमद्वल्लभाचार्यभास्करः ॥ ३ ॥

अथातो ब्रह्मजिज्ञासा ॥१॥ (१-१-१)

पदविश्लेष—अथ, अत, ब्रह्मजिज्ञासा.

पदार्थ—अथ-આરભાય છે अत-એટલા માટે ब्रह्मजिज्ञासा-બ્રહ્મસબધી યાવન્માત્ર વિષયનો વિચાર.

समुदितार्थ—કર્મ વગેરે કરતા પણ બ્રહ્મજ્ઞાન પરમ પુરુષાર્થનુ સાધક છે ' એટલા માટે ' વેદાર્થરૂપ ' બ્રહ્મસબધી યાવન્માત્ર વિષયનો ' વેદાનુકૂલ ' વિચાર ' ' આરભાય છે '

विवेचन—સૂત્રાક્ષરાર્થના સુગમ વિશદીકરણથી અત્ર પચાગયુક્ત અધિકરણરચના આ પ્રમાણે ફલિત થાય છે

विषय—ઉપનિષદ્નો શ્રુત્યનુસારી વિચાર એ આ જીજ્ઞાસાધિકરણનો વિષય છે બ્રહ્મ વેદના અર્થરૂપ છે, વિદાર્થવિચાર કરતા બ્રહ્મવિચાર સહજે જ થઈ શકે એમ છે, માટે શ્રુતિ અને તદનુગામિની યુક્તિના સાહાય્યથી વેદાર્થરૂપ બ્રહ્મના વિચારરૂપ આ નિખિલ બ્રહ્મમીમાંસાશાસ્ત્રની કર્તવ્યતાનુ સમર્થન આ પ્રથમ અધિકરણમાં કરવામા આવે છે

संशय—વેદાત-ઉપનિષદ્નો વિચાર આરંભવો કે નહિ ? વેદાર્થરૂપ બ્રહ્મનો વિચાર કર્તવ્ય છે કે નહિ ? આ **સંશય** છે.

पूर्वपक्ष—વેદાતના સ્વતત્ર વિચારની કઈ પણ આવશ્યકતા નથી, એ **પૂર્વપક્ષ** છે. શિક્ષા વગેરે છ અગથી જ વેદાર્થનિશ્ચયની સભાવના છે, તેથી આ સ્વતત્ર બ્રહ્મવિચારશાસ્ત્રની આવશ્યકતા સિદ્ધ થતી નથી. વેદાર્થરૂપ બ્રહ્મ અચિન્ત્યાનન્તશક્તિમત્ અને સર્વભવનસમર્થ છે, એટલે તે બ્રહ્મમા વિરોધ જ અસભવિત છે. સર્વથા અવિરુદ્ધ બ્રહ્મની વિચિકિત્સા કરતાં વિરુદ્ધ ભાસતાં શ્રુતિવાક્યોનો સમન્વય પણ અનાયાસે જ થશે. બ્રહ્મજ્ઞાનાર્થ આથી પણ વધારે ઇચ્છા થતી હોય તો શ્રુતિ[૧] તપ આચરવાની આજ્ઞા આપીને જ વિરમે છે, સ્વતત્રવિચાર કરવાનો ઉપદેશ કરતી નથી, માટે બ્રહ્મવિષયક આ સ્વતંત્ર વિચારશાસ્ત્રની આવશ્યકતાને ઉપર્યુક્ત હેતુઓ શિથિલ કરે છે

उत्तरपक्ष अथवा सिद्धान्त—વેદાર્થવિચાર કરતા મદ અને મધ્યમ અધિકારીને અવશ્ય સદેહ ઉત્પન્ન થાય છે જ, તેની નિવૃત્તિમાટે આ શ્રુત્યનુસારિણી મીમાસા અથવા

---

[૧] तपसा ब्रह्म विजिज्ञासस्व

વિચારશાસ્ત્રની અતીવ આવશ્યકતા છે, એ સિદ્ધાંત છે. વિરુદ્ધ પ્રતીયમાન થતાં એવાં અનેક શાસ્ત્રોથી વૈદિક પદાર્થનિર્ણયમાં સાંકર્ય પ્રાપ્ત થાય છે, તેનો પરિહાર કરી શકે એટલું શિક્ષાદિ ષડંગનું સામર્થ્ય નથી. સર્વશાસ્ત્રપરિશીલનજન્ય સંદેહમાત્રનો નિરાસ કરીને વેદાર્થનું સ્ફુટ ઉદ્દીપન કરવાનું સામર્થ્ય શિક્ષાદિમાં કેમ હોઇ શકે? જેણે વેદાર્થનો નિશ્ચય કરેલો છે એવા ઉત્તમ અધિકારીને તો આ મીમાંસાશાસ્ત્ર નિશ્ચયદૃઢતા કરવાને પણ ઉપયુક્ત થશે જ, મંદ અને મધ્યમ અધિકારીના તો સંદેહનિરાસ અને નિશ્ચયદૃઢતા એ બન્ને અર્થો આ મીમાંસાશાસ્ત્રથી સરશે. તપવડે બ્રહ્મવિજિજ્ઞાસા કરવાની શ્રુતિની આજ્ઞાનું પરિપાલન આવા વિપરીત કલિકાલમાં સર્વાંશે થવું ઘણું જ અશક્ય છે, માટે આ વેદાનુકૂલ વિચારશાસ્ત્રની ઉપયુક્તતામાં લેશ પણ ન્યૂનતા નહિ આવે વિશેષ, સંહિતાપદપાઠની સંદેહનિવૃત્તિને માટે જેમ શિષ્ટ પુરુષો પ્રાતિશાખ્યસૂત્રોનો ઉપયોગ કરે છે, તેમ વેદાંર્થસંશયનિવારણમાં આ બ્રહ્મમીમાંસાશાસ્ત્રનું શરણ ગ્રહણ કરવું અપ્રમાણ નહિ જ ગણાય.

सङ्गति—પૂર્વપક્ષ વિચારયુક્ત નથી, અને ઉત્તરપક્ષ બલવત્તર છે, માટે આ મીમાંસાશાસ્ત્રનો પ્રારંભ શ્રીવ્યાસજીએ અત્યાવશ્યક માન્યો, અને આ વિચારશાસ્ત્રનું અવતરણ કરવામાં કરુણા કરી એ સંગતિ છે.

परमतोपन्यास—

ઉપર પ્રમાણે સ્વમતનિદર્શન કરાવીને જેટલું સ્વમતનું બ્રહ્મસૂત્રાનુસારિત્વ છે, તેટલું ઇતર મતનું નથી એમ જણાવવાના ઉદ્દેશથી ઇતર ભાષ્યકારોના મતનો પણ સંક્ષિપ્ત અનુવાદ કરવામાં આવે છે.

श्रीश्रीरामानुजाचार्यकृतसूत्रव्याख्यान—

सूत्राक्षरार्थ—अथ–ત્યારપછી. अत એ હેતુથી. ब्रह्मजिज्ञासा–બ્રહ્મને જાણવાની ઇચ્છા.

समुदितार्थ—કર્મનું [1]જ્ઞાન થયા 'પછી' કર્મ અલ્પ અને અસ્થિર છે 'એ હેતુથી' 'બ્રહ્મ' એટલે અસંખ્યકલ્યાણગુણગણ પુરુષોત્તમરૂપ બ્રહ્મ તેને જાણવાની ઇચ્છા (કરવી.)

श्रीश्रीनिम्बार्काचार्यकृतसूत्रव्याख्यान—

सूत्राक्षरार्थ—ઉપર પ્રમાણે, રામાનુજભાષ્યવત્.

समुदितार्थ—ધર્મમીમાંસાશાસ્ત્રના જ્ઞાન 'પછી' કર્મફલ ક્ષયિ છે અને બ્રહ્મજ્ઞાનફલ અક્ષયિ છે 'એ હેતુથી' ભગવત્કૃપા મેલવવાની ઇચ્છા રાખનારા મુમુક્ષુએ અનંત અને અચિન્ત્ય એવાં સ્વરૂપ, ગુણ, શક્તિ વગેરેથી બૃહત્તમ 'બ્રહ્મ' એટલે [2]લક્ષ્મીકાંત પુરુષોત્તમ, તદ્વિષયક જ્ઞાનની ઇચ્છા સંપાદન કરવી

श्रीश्रीमध्वाचार्यकृतसूत्रव्याख्यान—

सूत्राक्षरार्थ—अथ–[3]મંગલાર્થક, અધિકારાર્થક અને આનંતર્યાર્થ. ઇતર સર્વ પૂર્વવત્.

---

[1] 'पूर्ववृत्तात्कर्मज्ञानादनन्तरं तत एव हेतोर्ब्रह्म ज्ञातव्यमित्युक्तं भवति.' रामानुजभाष्य

[2] बृहत्तमो यो रमाकान्तः पुरुषोत्तमो ब्रह्मशब्दाभिधेयस्तद्विषयिका जिज्ञासा सम्पादनीयेत्यर्थः. वेदान्तपारिजातसौरभाख्य नैम्बार्कभाष्य.

[3] अथशब्दो मङ्गलार्थोऽधिकारानन्तर्यार्थश्च. माध्वभाष्य.

समुदितार्थ—કર્મના જ્ઞાન પછી [४]નારાયણની કૃપા વિના મોક્ષ થતો નથી અને નારાયણનો અત્યત અનુગ્રહ જ્ઞાન વિના અસાધ્ય છે માટે બ્રહ્મ એટલે વિષ્ણુરૂપ બ્રહ્મ, તેને જાણવાની ઇચ્છા (કરવી).

भास्कराचार्यकृत सूत्रव्याख्यान—

सूत्राक्षरार्थ—ઉપર પ્રમાણે.

समुदितार्थ—ધર્મના[१] જ્ઞાન 'પછી' કર્મ ક્ષયિ છે, 'એ હેતુથી' બ્રહ્મ એટલે ઇશ્વર, તેને જાણવાની ઇચ્છા કરવી.

विज्ञानभिक्षुकृतसूत्रव्याख्यान—

सूत्राक्षरार्थ—અથ–આરંભાય છે. अत 'અહિંથી' ब्रह्मजिज्ञासा બ્રહ્મનો વિચાર.

समुदितार्थ—'અહિંથી', આ[२] સૂત્રથી આરભીને 'બ્રહ્મશબ્દના અર્થનો વિચાર' 'આરભાય છે'

शङ्कराचार्यकृत सूत्रव्याख्यान—

सूत्राक्षरार्थ—अथ પછી. अत એ હેતુથી. ब्रह्मजिज्ञासा–બ્રહ્મને જાણવાની ઇચ્છા.

समुदितार्थ—નિત્ય અને અનિત્ય વસ્તુનો વિવેક, શમદમાદિ સપત્તિ, આ લોક અને પરલોકના ફલના ઉપભોગમાં વૈરાગ્ય અને મુમુક્ષુત્વ એ ચારે સાધન થયા પછી, અગ્નિહોત્ર વગેરે કર્મોનુ ફલ અનિત્ય છે અને બ્રહ્મજ્ઞાનનુ ફલ અનત છે 'એ હેતુથી' બ્રહ્મને જાણવાની ઇચ્છા કરવી

પરમુખનિરીક્ષક રામાનુજમતતસ્કર એક દેશી શૈવનું પણ ભાષ્ય હાલમા છપાયલુ છે, એમ ખબર મલી છે, પરતુ તે હજુ સુધી મને મલ્યુ નથી, માટે તેના મતનો અનુવાદ અત્ર દૃષ્ટિપથ નહિ થાય. આ વ્યાખ્યાનો વિના બ્રહ્મમીમાસા ઉપર બીજા ઘણા વ્યાખ્યાનો છે, પરતુ મુખ્ય વ્યાખ્યાનોનો જ અત્ર સાર આપવામા આવ્યો છે. હવે ઉપન્યસ્ત પરમતનું નિરીક્ષણ અને સ્વમતનુ શ્રૈષ્ઠ્ય પ્રતિપાદન કરવામા આવે છે

વિજ્ઞાનભિક્ષુ સિવાય સર્વ વ્યાખ્યાનકારો अथશબ્દનો અર્થ 'ત્યારપછી' એમ કરે છે. મધ્વાચાર્ય અર્થત્રય બતાવીને પણ અવલંબન તો આનતર્યાર્થનું જ કરે છે. अथશબ્દનો 'ત્યારપછી' એવો અર્થ કરવામા 'કોના પછી' એ આકાક્ષા થાય છે. આ આકાક્ષાની પરિપૂર્તિમા શંકરાચાર્ય સિવાય સર્વ વ્યાખ્યાતાઓ 'ધર્મના જ્ઞાન પછી' પૂર્વમીમાસાદર્શનથી થયેલા કર્મના જ્ઞાન પછી એવો અર્થ કરે છે, જે અર્થને સૂત્રના અક્ષરમાથી સમતિ મલતી નથી, અને જે કલ્પના કરવા માટે અનર્થ તર્કનુ આશ્રયણ કરવુ પડે છે પૂર્વમીમાસા વેદના કર્મવિષયક પૂર્વભાગનો વિચાર કરવામા ઉપયુક્ત છે, અને બ્રહ્મમીમાસા વેદના ઉત્તરભાગરૂપ ઉપનિષદ્નો વિચાર કરવામા સાધનભૂત છે, પૂર્વોત્તરકાડાત્મક વેદના અધ્યયન પછી જ ઉભય

---

[४] यतो नारायणप्रसादमृते न मोक्ष, न च ज्ञान विनात्यर्थप्रसाद, अतो ब्रह्मजिज्ञासा कर्तव्या. माध्वभाष्य

[१] तस्मात्पूर्ववृत्ताद्धर्मज्ञानादनन्तर ब्रह्मजिज्ञासेतियुक्तम् । भास्करभाष्यम्.

[२] इद सूत्रमारभ्य प्राधान्येन ब्रह्मविचार, तच्छास्त्रमस्माभि क्रियत इति. भिक्षुभाष्यम्.

મીમાસાના પરિશીલનમાં યોગ્યતા છે, એમા વૈમત્ય નથી. મીમાસા વેદાર્થના સંદેહનું નિ કરણમાત્ર કરે છે, કર્મજ્ઞાન અથવા બ્રહ્મજ્ઞાન, કર્મફલસાક્ષાત્કાર અથવા બ્રહ્મસાક્ષાત કરાવવાનું એકે મીમાસામાં સામર્થ્ય નથી કોઇ અધિકારી - એવો જ હોય કે તેણે વેદાન ઉપનિષદ્નું અધ્યયન પ્રથમ કરેલું હોય અને પૂર્વકાંડનું અધ્યયન કર્યું જ ન-હોય તો શું : બ્રહ્મમીમાસાના શબ્દાર્થ માટે પણ અધિકારી ન કહેવાય ? અર્થાત્ ધર્મમીમાસા પછી જ બ્ર મીમાંસાનું પરિશીલન કેમ થાય ? ધર્મવિચારની આદ્યતામાં પ્રમાણ શું ? આ નૈસર્ગિક વિચાર અને यदेव विद्यया करोति એ શ્રુતિથી ઉપનિષદ્નું જ્ઞાન કર્મોપયોગિ હોવાથી ધર્મમીમા પછી અર્થાત્ કર્મજ્ઞાન પછી આ બ્રહ્મમીમાસાનો અધિકાર છે એ ઇતર વ્યાખ્યાતાઓનું ઉપપન્ન લાગતું નથી, માટે જ 'કર્મજ્ઞાન પછી' એવા અર્થને હૃદયમા સ્થાન આપીને કરે અથશબ્દનો આનન્તર્યાર્થ પણ યુક્તિસહ નથી. કર્માદિકનું સ્વર્ગાદિ અધ્રુવ ફલ છે, માટે પૂર્વવૃત્ત હેતુ નથી એમ માનનારા શંકરાચાર્યજી કહે છે કે શમદમાદિ સાધનસંપત્તિ થ પછી બ્રહ્મજિજ્ઞાસા કરવી, પરન્તુ તે પણ વિચારચારુ નથી, કેમ કે શમદમાદિનો બ્રહ્મ પહેલા સંભવ જ નથી. પહેલા ઉપનિષદર્થની મીમાસા કરીને બ્રહ્મ જ પરમ પુરુષાર્થ છે જાણવું જોઈએ, અને યાગાદિ બ્રહ્મજ્ઞાનના અંગ હોવાથી બ્રહ્મજ્ઞાનાર્થ તે કરવા જોઇએ એ નિર્ધારીને, તે પ્રમાણે આચરીને ચિત્તશુદ્ધિ થયા પછી, શમદમાદિ સાધનસંપત્તિ પ્રાપ્ત થ શકે છે. આવી રીતે સાધનસંપત્તિ દુષ્પ્રાપ્ય છે, અને તે મળ્યા પહેલાં તો બ્રહ્મમીમાં કરવાની અતીવ આવશ્યકતા છે, તેથી સાધનસંપત્તિ થયા પછી બ્રહ્મજિજ્ઞાસા કરવી, શિવાપરાવતારનું કહેવું સમંજસ જણાતું નથી. સિદ્ધાંતમા અથશબ્દનો અધિકારાર્થ નિર્દુષ્ટ છે.

સૂત્રસ્થ દ્વિતીય પદ अत શબ્દનો અર્થ એ હેતુથી એમ પંચમ્યર્થ કરનારાઓમાં શંકરાચાર્ય સિવાય સર્વ ભાષ્યકારો अत શબ્દનો આશય આ પ્રમાણે નિર્ધારે છે. 'આ દેશ સુખકારક છે, સુભિક્ષ છે, 'એ હેતુથી' તેમાં વસું છું.'[1] અત્ર સ્વવાસમાં હેતુ દેશનું ક્ષેમત્વ અને સુભિક્ષત્વ છે. આ દૃષ્ટાંતને જ અનુસરીને પ્રસ્તુતમા પણ 'એ હેતુથી બ્રહ્મજિજ્ઞાસા કરવી' એ અક્ષરાર્થ એમ જ દ્યોતન કરે છે કે, બ્રહ્મને જાણવાની ઇચ્છામા પૂર્વવૃત્ત કર્મજ્ઞાન હોવું જોઇએ. કર્મના ક્ષયિ સ્વરૂપનો પછીથી નિશ્ચય થાય છે 'એ હેતુથી' બ્રહ્મજિજ્ઞાસા કર્તવ્ય છે. આ સર્વ ઉપપાદન ક્લિષ્ટ અને અસંગત છે અથશબ્દના 'કર્મજ્ઞાન પછી' એ અર્થના ખંડનથી આ ક્લિષ્ટ આશયનું પણ અસૌષ્ઠવ વિશદ કરવાનું રહેતું નથી. વિજ્ઞાનભિક્ષુ अत શબ્દનો 'આ સૂત્રથી આરંભીને' એવો અર્થ કરે છે તે કેવલ કલ્પનાધાર હોવાથી અપ્રમાણ છે સિદ્ધાંતમા अत શબ્દનો 'કર્માદિક કરતા બ્રહ્મજ્ઞાન જ પુરુષાર્થસાધક છે, માટે, બ્રહ્મજ્ઞાનને માટે' એ સંગત અને યુક્તિસહ અર્થ જ ગ્રાહ્ય છે

ब्रह्मजिज्ञासाशब्दनो અર્થ કરવામાં વિજ્ઞાનભિક્ષુ વિના સર્વ વ્યાખ્યાતાઓ એક જ સમાસનું સમાશ્રયણ કરીને 'બ્રહ્મને જાણવાની ઇચ્છા' એવો અર્થ કરે છે. બ્રહ્મશબ્દથી 'પુરુષોત્તમ' લેવા એમ રામાનુજાચાર્યનું મત છે. આ પુરુષોત્તમ તે પુષ્ટિમાર્ગના રસાનંદાત્મક

---

[1] क्षेमः सुभिक्षोय देशोतोऽस्मिन् वसामि ।

પુરષોત્તમથી જુદા છે, એમ અવધારવુ નિંબાર્ક અને મધ્વ બ્રહ્મશબ્દથી લક્ષ્મીકાંત વિષ્ણુને સમજે છે ભાસ્કર ઈશ્વરને અવધારે છે. સાખ્ય અને ઉપનિષદનુ સાંકર્ય કરવાનો પ્રયાસ કરનાર ભિક્ષુનુ બ્રહ્મ પણ વિલક્ષણ છે. શંકરાવતારનુ બ્રહ્મ ગૌણ શબલ (એક્ટિંગ) નથી, પણ પ્રધાન નિર્ગુણ (ચીફ) છે. જિજ્ઞાસા શબ્દનો અર્થ કરવામા ભિક્ષુ સિવાય જે સર્વ એકમત થયા છે તે જિજ્ઞાસાનો અર્થ 'જાણવાની ઇચ્છા' કરે છે આ અર્થ કરવાથી સૂત્રમાં અપૂર્ણતાનો આરોપ થાય છે, અને कर्तव्या (કરવી) એ શબ્દનો અધ્યાહાર કરવાની વિડંબનાનુ અવલંબન કરવુ પડે છે. આવુ મોટુ દોષવ્યસન ધારણ કરવામા સર્વ તત્પર થયા છે, એ આશ્ચર્ય છે. ભિક્ષુને કંઈક સત્ય માર્ગ જણાયો હોય એમ સમજાય છે, કારણ કે તે જિજ્ઞાસાશબ્દનો વિચાર અર્થ કરે છે. બ્રહ્મને જાણવાની ઇચ્છા એવો અર્થ કરવામા આવ્યો છે, તે અર્થ પણ વિચારહીન છે. માત્ર બ્રહ્મનેજ જાણવાની ઇચ્છાની પ્રતિજ્ઞા કરી, તો પછી બ્રહ્મ વિના ઇતર વિષયો અત્ર ચર્ચવા જ ન જોઈએ, શ્રીવ્યાસજી ચર્ચે છે તો ખરા, માટે માત્ર 'બ્રહ્મને જાણવાની ઇચ્છા' એવો અર્થ ન કરતા 'બ્રહ્મસંબંધી યાવન્માત્ર વિષયનો વિચાર' એવો અર્થ લેવો ઉપપત્તિપૂર્વક છે ભાસ્કરનો 'બ્રહ્મશબ્દાર્થનો વિચાર' એ અર્થ કલ્પિત છે **સિદ્ધાંત**મા વેદના અર્થમા થતા સંદેહોનું નિરાકરણ કરીને વેદનું શાબ્દજ્ઞાન જ આ મીમાસા કરાવી આપે છે, બ્રહ્મ વેદના અર્થરૂપ છે, માટે તેના વિચારની પ્રતિજ્ઞા પણ યોગ્ય છે, એ એ ભાવાર્થ પ્રકાશે છે.

लीलावैचित्र्य.

સ્માર્ત અને વૈષ્ણવો વચ્ચે ઉઠેલા ચિરસમયાવલંબી વિરોધમા નંદુરબારનુ પ્રકરણ પણ કેટલેક અંશે હેતુભૂત હતુ, એ સર્વને વિદિત જ છે. કેટલાક બ્રાહ્મણોએ તિલકકંઠીનો સ્વીકાર કર્યો અને તેથી તેમના સજાતીય બ્રાહ્મણોએ પોતાના કહેવાતા જગદ્ગુરુની આજ્ઞા પ્રમાણે તેઓનો જ્ઞાતિબહિષ્કાર કર્યો. આ ઇતિવૃત્તને લગભગ પાચ વર્ષ થવા આવ્યા, પરન્તુ કંઈપણ સમાધાન થયુ ન હતુ. હાલમા સદ્ગૃહસ્થોના મળેલા પત્ર ઉપરથી જણાય છે કે, તે વિરોધનું હાલ એક બાહોશ સબજજ વૈષ્ણવને હાથે સાત્વન થયુ છે બ્રાહ્મણો અને વૈષ્ણવો એમ બંનેએ મળીને ત્યાના સબજજ અને ચંદ્રમાજીના ઘરના સેવક રા. રા. મુકુંદરાયજીને તટસ્થ નિમ્યા હતા, અને તેઓ આ વિષયપરત્વે જે નિર્ણય આપે તે માનવા કબુલ્યુ હતુ સબજજ સાહેબ પાસે બંને પક્ષે આ પ્રમાણે વિગત રજુ કરી બ્રાહ્મણોએ એમ કહ્યુ કે "જે ચાર બ્રાહ્મણોનો અમે જ્ઞાતિ બહિષ્કાર કર્યો છે, તેનું કારણ તેઓ જ્ઞાતિસમક્ષ અપશબ્દ બોલ્યા હતા તે છે" વૈષ્ણવોએ એમ દલીલ કરી કે ચાર બ્રાહ્મણોને કંઠીતિલક લેવા બદલ જ્ઞાતિબહિષ્કારની શિક્ષા કરી છે. ઉભયપક્ષની આ વિગત સાભળીને બંને વચ્ચે સમાધાન કરવાની ઇચ્છાએ સબજજ સાહેબે પોતાને ઘેર સર્વ બ્રાહ્મણોને ભોજન આપવા તેડાવ્યા અને તે સમયે બહિષ્કૃત બ્રાહ્મણોને પણ પંક્તિમા બેસાડીને ચુકાદો સંભળાવ્યો કે "હવે વ્યતીત થયેલુ સર્વ વિસ્મરીને ઉભયપક્ષે પૂર્વવત્ પોતાનો વ્યવહાર શરૂ કરવો." આ પ્રમાણે એક વખતે જે વિરોધે ગંભીર સ્વરૂપ લીધુ

હતું તે વિરોધ **अतृणे पतितो वह्नि· स्वयमेव प्रशाम्यति** એ ન્યાયે શાંત થયો છે. ખચિત જ તે યોગ્ય થયેલું ગણાશે.

* * *

આ ઉપરથી શં. માધવતીર્થે ખાસ ધડો લેવો ઘટે છે, અને સત્કર્તવ્યનું વિશાલ ક્ષેત્ર મુકીને અન્ય માર્ગે વિચરવાનું તેમણે બંધ કરવું એ અમારી તેમને સૂચના છે. કંઠી તિલકનો સ્વીકાર કરનાર સુયોગ્ય બ્રાહ્મણચતુષ્ટયનો આવેશથી બહિષ્કાર કરનાર જ્ઞાતિજનોએ સમયને અનુસરીને સમાધાન માર્ગ ઉપર આવવાની જે હિમત બતાવી છે, તેથી તેઓને ધન્યવાદ આપીએ છીએ અને હવેથી તેઓએ સ્વહિત વિચારીને કોઇ હિતશત્રુના ભોગ થતાં પહેલા લાંબો વિચાર કરવો. આ ઝગડાના સમાધાનની કોશીષ કરીને સારૂં પરિણામ લાવનાર સબજજ રા. મુકુંદરાયભાઇ અને ભોજન વગેરેનું ખર્ચ ઉઠાવનાર અને અન્ય પ્રયાસ કરનાર રા. ગોરધનદાસ શંભુદાસને પણ ધન્યવાદ ઘટે છે.

પ્રકટ થયેલું નવું પુસ્તક.

શ્રીમદ્વૈષ્ણવપરિષત્ તરફથી પ્રકટ થતી **શ્રીમદ્વલ્લભાચાર્યગ્રંથરત્નમાલા**ના આ પંચમ અંક છે, તેના તૃતીયપીઠના ભૂતપૂર્વ અધીશ્વર શ્રીવ્રજભૂષણજી મહારાજના સેવક શ્રીદ્વારકાધીશના મુખીઆજી, નાગર બ્રાહ્મણ, પરમભગવદીય શ્રી શ્રી નિર્ભયરામ ભટ્ટ છે ગ્રંથનું નામ **अधिकरणसंग्रह** છે આ ગ્રંથમા શ્રીમદ્વલ્લભાધીશ્વરવિરચિત અણુભાષ્યના અધિકરણોનો સૂક્ષ્મ અને સરલ સંસ્કૃત ભાષામા સાર આપ્યો છે. આના મનનથી અણુભાષ્યમા પ્રવેશ સુગમ થાય છે. વિશેષમાં એ ગ્રંથકાર વિષ્ણુસ્વામિપરંપરા ઉપર સારો પ્રકાશ પાડે છે, અને તેને માટે સંક્ષિપ્ત પણ એક સચોટ ઉપોદ્ઘાત લખે છે. વિષ્ણુસ્વામિપરંપરાનો આગ્રહ કરનારાઓએ આ ગ્રંથ એકવાર અવશ્ય વાંચવો, એમ અમારી સૂચના છે. ગ્રંથ ઉપર સરલ સંસ્કૃતમા એક પ્રસ્તાવના શાસ્ત્રી વસંતરામે લખી છે તેમાં તે ગ્રંથકારના આશયને વિશેષ વિશદ કર્યા છે આ ગ્રંથમાલા તરફથી જે ગ્રંથો પ્રકટ થાય તેનો દરેક સદ્ગૃહસ્થે અને પુષ્ટિમાર્ગીય પુસ્તકાલયે સંગ્રહ કરીને આ ગ્રંથમાલાને ઉત્તેજન આપવું.

ભેટનું પુસ્તક.

જેઓ ચાલુ વર્ષનું નોછાવર સત્વર મોકલી આપશે, તેઓને શ્રી ગુસાંઇજીના સેવક શ્રીશ્રીમુરલીધરદાસે રચેલું **शाण्डिल्यभक्तिसूत्रभाष्य** ગુજરાતી ભાષાંતર સાથે ભેટ આપવામા આવશે. પુસ્તક નિર્ણય સાગર પ્રેસમાં ઉત્તમ રીતે છપાય છે.

સ્વધર્મના મુખ્ય સિદ્ધાન્તો.

---

1. જગત્ સત્ય છે.
2. જગત્, જીવ, અંતર્યામી, અક્ષર ઇત્યાદિના નિમિત્ત અને ઉપાદાન કારણ શુદ્ધ નિર્ગુણ બ્રહ્મ કૃષ્ણ પરમાત્મા જ છે.
3. જીવે અવિદ્યાથી કલ્પેલો અહન્તામમતાત્મક સંસાર મિથ્યા છે
4. જીવ અણુ છે, શુદ્ધ નિર્ગુણ બ્રહ્મનો અંશ છે, વ્યાપક નથી
5. પરબ્રહ્મ પુરુષોત્તમ કૃષ્ણનુ ધામ અક્ષરબ્રહ્મ ગણિતાનંદ છે.
6. સર્વોપરિ વેદાદિ શાસ્ત્રે પ્રતિપાદિત પરમકાષ્ઠાપન્ન વસ્તુ શ્રીકૃષ્ણ જ છે
7. કૃષ્ણની સેવા એ જ અંશ જીવનો ધર્મ છે, એટલે વસ્તુત સ્વધર્મ કૃષ્ણસેવા જ છે.
8. આત્મનિવેદન અને પ્રભુપ્રપત્તિ વિના અન્ય સ્વધર્મ હોઇ શકે જ નહિ

GRATIS.

The 'Suddhadwaita Philosophy' or 'System of Vallabhacharya' by Mr Mulchandra T Telivala, B A., will be posted to any gentleman applying to—

Hanuman Street,
BOMBAY, 1 } ISHVARDAS TRIBHUVANDAS VARJIVANDAS SETH

વર્ષ ૪ થું] શ્રીકૃષ્ણાબ્દ ૫૧૩૯, જ્યેષ્ઠ

કૃષ્ણ ૧૧ શ્રીવલ્લભાબ્દ ૪૩૧, અંક ૩]

पुष्टिभक्तिसुधा.

नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन
यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा वृणुते तनुं स्वाम् ॥१॥
नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया
शक्य एवंविधो द्रष्टुं दृष्टवानसि मां यथा ॥ २ ॥
भक्त्या त्वनन्यया शक्यः अहमेवंविधोऽर्जुन ।
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परंतप ॥ ३ ॥

તંત્રી તથા પ્રકાશક
વાડીલાલ નગીનદાસ શાહ.
બી એ., એલ્.એલ્.બી., વકીલ, હાઇકોર્ટ
મુંબાઈ.

ન્યોછાવર રૂ. ૨-૦-૦ છુટક અંકના રૂ. ૦-૪-૦

Printed by Som[illegible] Shah at the Gujarat Printing Press Ahmedabad
and published by Vadilal N. Shah B.A., LL.B. Princess Street, Bombay

आवश्यक निवेदन.

---

1. આ માસિક સંબંધી સઘળો પત્રવ્યવહાર પ્રકાશકને નામે કરવો.
2. આ માસિક દરેક માસની કૃષ્ણ એકાદશીએ પ્રકટ થાય છે.
3. આ માસિકમાં છપાવવાને આવેલા લેખો લેવા ન લેવા તેમ જ તેમાં યોગ્ય સુધારોવધારો કરવો, પ્રકાશકની ઇચ્છાધીન છે.
4. શ્રીમદ્વલ્લભાચાર્યચરણના સિદ્ધાન્તાનુસાર જ લેખ લેવામાં આવશે.
5 વર્ષનું નોછાવર પ્રથમથી લેવામાં આવે છે
6 આ માસિકના પરિવર્તનમાં જેમના તરફથી માસિક વા પત્ર મળશે તેમને વગર-નોછાવરે આ માસિક મોકલવામાં આવશે.
7 કોઈ પણ બાબતની ખબર મંગાવવી હોય તો જવાબને સારૂ ટિકિટ બીડવી, તે સિવાય જવાબ આપવામાં આવશે નહિ.
8 આ માસિકમાં જાહેર ખબર છપાવવી હોય કે હેન્ડબિલ વહેંચાવવા હોય તેમણે પ્રકાશકને લખવું અથવા મળવું.

પુષ્ટિભક્તિસુધાકાર્યાલય,
પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબાઇ. } પ્રકાશક.

અનુક્રમણિકા.

	વિષયો.	લેખકો.
૧	દયારામભાઈના કાવ્ય.	વે. શા. સં. વસંતરામ હરિકૃષ્ણ શાસ્ત્રી.
૨	સ્વમાર્ગરહસ્યનિરૂપણ	રા. રા. ધીરજલાલ વ્રજદાસ માકડીઆ. B. A; LL. B.
૩	અષ્ટમી વિજ્ઞપ્તિ	" " "
૪	સર્વોત્તમસ્તોત્ર	પ્રકાશક
૫	સાંપ્રદાયિક ગુર્જર સાહિત્ય.	રા. રા. જેઠાલાલ ગોકળદાસ
૬	પ્રાકટ્યોત્સવ	રા. રા. જમનાદાસ રતનચંદ કાગળી
૭	લીલાચિત્ર	રા. લીલાલોચક.
૮	[illegible]	પ્રકાશક
૯	Suddhadvaita Brahmavada.	Mr. M. T. Telivala B. A.

ફાર્બસ ગુજરાતી સભા
मुंबई ४

ग्रीष्मऋतुवर्णन.

ગ્રીષ્મ વિષમ આવી અલિ, કહે પ્રભાવતી કન્યા;
નાથ ન આવ્યા હજી, હશે મારો એવડો શો અન્યાય ? ૧
એક જ્વાલા હૃદયે વિરહની, બાહ્ય આતપ બીજી;
આશ ઉગરવાની ટલી, ગઇ નખશિખ સીજી. ૨
વીજન કોટિ ફૂવારાથી, મુજ તાપ ન જાય,
તપ્ત તેલ જેમ જલ મલે, ભડકો તેમ અતિ થાય. ૩
અપ ગુલાબ મલયાગરે, મુને શીતલતા તેવી,
દાદુર છાયા ફણિફણા, સુખદાયક જેવી. ૪
ચંદ્રકિરણ ચિત્ત ના ઠરે, ચોબારૂં વિષજ્વાલા,
ચક્ષુઃશ્રવા સરખી સખી, ઉર પ્રસૂનની માલા. ૫
લૂ વાયે સહુ લોકો કહે, વણ જાણે મર્મ;
નિઃશ્વાસ મૂકે કો વિરહિણી, દુઃખ પામીને પરમ. ૬

---

૧. પ્રભાવંતીની કન્યા શ્રીસ્વામિનીજી કહે છે કે હે સખી, વિષમ-સંતાપકારક ગ્રીષ્મ ઋતુ તો આવી પહોચી, પરંતુ હજુ સુધી નાથ તો પધાર્યા નથી મારો એવો તે શો અન્યાય થયો છે ? એવો કયો અપરાધ કર્યો છે ?

૨. એક તો હૃદયમા વિરહની જ્વાલા સળગી રહી છે, તેમા વળી બહારની તાપની જ્વાલા ભેગી થવા લાગી, અર્થાત્ અંદર અને બહાર તાપોત્પાદક સામગ્રી જ એકઠી થઇ છે હવે મારી ઉગરવાની આશા ટળી છે, કારણ કે નખથી શિખ સુધી હું સીજી ગઇ છુ, એટલે બે જાતના તાપથી બફાઈ ગઇ છુ.

૩. કરોડો પંખા કરવાથી કે કરોડો ફુવારાથી પણ મારો તાપ શમાવાની આશા ઉદ્ભવતી નથી ઉલટુ તેવા બાહ્ય ઉપચારોથી તો જેમ તપેલા તૈલમા જલબિંદુ નાખવાથી ભડકો થાય છે તેમ વિરહજ્વાલા વધારે ગંભીર સ્વરૂપ પકડે છે.

૪. દાદુરને દેડકાને જેવી નાગની ફેણની છાયા સુખદાયક છે તેવી જલ, અને મલયાગિરિનુ ચંદન મને શીતલતા ઉપજાવે છે. અર્થાત્ દેડકાને નાગની ફેણ જેટલી ત્રાસજનક છે તેટલી જ દરેક વસ્તુની શીતલતા મને ત્રાસદાયક થઇ પડે છે.

૫ શશિકિરણથી પણ ચિત્ત ઠરતુ નથી, કેમકે તે ચોતરફ વિષની જ્વાલા જ પ્રગટે છે. વક્ષસ્થલ ઉપર રહેલી પુષ્પમાલા ચક્ષુશ્રવા-સર્પ સરખી લાગે છે.

૬. લોકો કહે છે કે નિદાઘમા લૂ વાય છે, પણ તે લોકો મર્મ જાણ્યા વિના કહે છે. વાસ્તવિક લૂ વાતી નથી, પરંતુ કોઇ વિરહિણી વનિતા અત્યંત દુઃખનો-વિરહનો અનુભવ કરીને ઉષ્ણ નિઃશ્વાસ મૂકે છે. ઉષ્ણ વાયુ ઉપર વિરહિનિશ્વાસની ઉત્પ્રેક્ષા.

સર્વ નવાણુ સુકી ગયાં, મુજ તાપબલેથી;
ઉદધિ અધિક તે કારણ કહું, મારા અશ્રુ મલેથી. ૭

વૃક્ષ વેલ સહુ શુષ્ક તે, લક્ષી કૃશ મારૂં તન;
અર્ક જવાસા ફૂલીઆ, સુખ શોકે પ્રસન્ન. ૮

કહેતાં પ્રેમસમાધિ થઈ, થયું તદ્રુપ મન;
ભાવાત્મક પિયુ કૃષ્ણના, થયાં સ્ફુટ દર્શન. ૯

વિરલા લહે કો એ મર્મને, એ વિરહ ભિન્ન જાતિ;
જેમ લુહારની સાણશી, શીતલ ક્ષણ તાતી. ૧૦

પરમ પુનીત તટ નર્મદા, ચંડીપુર આવાસ;
જ્ઞાતિ નાગર સાઠોદરો, કવિ કૃષ્ણનો દાસ. ૧૧

દયારામ ષડ્ ઋતુ કથી, શ્યામવિરહને બ્યાજ,
રાધાકૃષ્ણ એકરૂપ છે, લીલા ભક્તને કાજ. ૧૨

શ્લોક.

રાધાકૃષ્ણસ્વરૂપ એક નિશ્ચે સ દેહ નથી સર્વથા,
કાયા છાયાવત્ સંયોગ નિત્ય છે ને અર્થ શબ્દે યથા;

---

૭. મારા વિરહતાપના બલથી બધા નવાણુ-સ્નાનાવાસ સુકાઇ ગયાં. ત્યારે સમુદ્ર કેમ વધ્યો ? તેનુ કારણ કહું છુ. મારા અશ્રુ તેમા ભળ્યા એટલે સમુદ્ર વધ્યો.

૮. વૃક્ષ, વેલી વગેરે મારુ શુષ્ક શરીર જોઇને સુકાઇ ગયા. અર્ક–આકડો અને જવાળો કેમ પ્રફુલ્લ રહે છે ? મારી સપત્નીના સુખથી આ ટૂકની નોટમા એક સાક્ષરમન્યે અર્ક શબ્દનો સૂર્ય અર્થ કર્યો છે ! સૂર્ય ખીલતો કેમ હશે અને જવાલાની સાથે તેનું કયા અંશમા સામ્ય હશે, એ તો તે લેખકનું રસિક હૃદય જ જાણે ! આવા રસજ્ઞોને જ ઉદ્દેશીને શિરસિ મા લિખ એ ઉક્તિ પ્રાદુર્ભવી છે.

૯. આ પ્રમાણે કહેતાં પ્રેમની સમાધિ થઇ અને સર્વાત્મભાવે મન કૃષ્ણમય થઇ ગયુ, અને તેમ થવાથી લોકવેદાતીત, અક્ષરાધિપ, રસાનંદાત્મક નંદનંદન પ્રાણેશ શ્રીકૃષ્ણના સ્ફુટ દર્શન થયા.

૧૦. એ વિરહ જુદી જ જાતનો છે, તેના મર્મને વિરલા જ જાણે છે. જેમ લુહારની સાણસી પલમા ઉષ્ણ અને પલમાં શીતલ બને છે તેવા પ્રકારનો આ વિરહ છે

૧૧. ૧૨. પરમ પવિત્ર નર્મદાજીના તટ ઉપર ચાણોદ ગામના રહેવાસી, જ્ઞાતિએ સાઠોદરા નાગર, કૃષ્ણના દાસ, કવિ દયારામે શ્રીશ્યામસુંદરના વિરહના બ્યાજે ષડ્ ઋતુનુ વર્ણન કર્યુ છે. વાસ્તવિક રાધા અને કૃષ્ણમા સ્વરૂપ પણ ભેદ નથી, માત્ર ભક્ત માટે જ તેવી લીલા કરે છે.

સર્વેશ્વર સર્વાત્મ તર્ક મહિમા ક્રીડા વિચિત્રા ગતિ,
વેદાદિકને અગમ્યરૂપ એ છે પ્રાપ્ત એક પ્રેમે કરી. ૧૩

માલિની.

રતિ સહ ઋતુ ગાશે પાપસંતાપ જાશે,
સુમતિ ઉર ભરાશે કૃષ્ણ શું પ્રેમ થાશે;
સફલ જ ચિત્ત ચહાશે વિઘ્ન સર્વે પલાશે,
પરમ હર્ષ છાશે સ્નેહરસ પી જે પાશે. ૧૪

॥ स्वमार्गरहस्यनिरूपणम् ॥

"रसो वै सः" એ શ્રુતિથી પ્રભુ રસરૂપ નિરૂપણ કરાયલા છે. રસ જેવો સ્વશાસ્ત્રમા સિદ્ધ કરેલો છે તેવો માનવો રસ બે પ્રકારનો છે. પહેલો સંયોગ અને પછી વિપ્રયોગ. સંયોગમા ક્રિયા મુખ્ય છે, તેમા રસના ઉદ્બોધને માટે ભાવો નિરૂપણ કરેલા છે વિપ્રયોગનુ ક્રિયા વગરનું કેવલ સ્વરૂપ પણ ભાવાત્મક જ છે. ભાવની પ્રાપ્તિ, તે જ એ વિપ્રયોગની પ્રાપ્તિ, બીજી કોઇ નહિ એ વિપ્રયોગભાવ પ્રથમના દેહને (ભૌતિક દેહને) સર્વત નિવૃત્ત કરી (કાઢી નાખીને) સર્વ સામર્થ્યવાન્ નૂતન દેહ કરે છે. શ્રીપ્રભુના વલ્લભ શ્રીવલ્લભાચાર્યજીએ સર્વ ગ્રંથોમા કહ્યુ છે કે પ્રભુના વિપ્રયોગનો અનુભવ કોઇ પણ અડચણ વગર થયા કરે તેનું નામ નિરોધ. પ્રપંચનુ (જગત્‌નુ) સ્મરણ હમેશા થયા કરવાથી નિરોધમા વિરોધ આવે છે. દશમસ્કંધીય નિરોધલીલાના સ્મરણ વડે ગુણગાન કરવાથી એ વિરોધ જતો રહે છે, એટલે પ્રપંચની વિસ્મૃતિ થાય છે. માત્ર દીનતાભાવથી જ ભાવની પ્રાપ્તિ (સંગતિ) સુલભ થાય છે બ્રહ્માદિને પણ જે ભાવ દુર્લભ છે તે ભાવ આવા જીવોને કેમ પ્રાપ્ત થશે એવી ચિંતાથી કૃપાલુ ભગવાને પોતાનુ મુખારવિંદ પ્રકટ કર્યું. એ મુખારવિંદરૂપ શ્રીમહાપ્રભુજીના આશ્રયથી અહિ ઘણુ ખરૂ સર્વેને વિરહતાપનો સંભવ છે વિરહતાપથી સર્વથા સર્વનો પરિત્યાગ થશે, સર્વનો પરિત્યાગ થયે ખરેખર પ્રપંચનું (જગત્‌નુ) વિસ્મરણ થશે, જગતની વિસ્મૃતિ થયેથી પ્રભુપર આસક્તિ સર્વથા થશે. એ આસક્તિમાથી

---

૧૩. રાધાકૃષ્ણસ્વરૂપ એક જ છે એમ નિશ્ચયથી સમજવુ, એમા કોઇપણ જાતનો સંદેહ પડતો નથી દેહ અને તેની છાયાનો સંયોગ જેમ નિત્ય છે, વળી અર્થ શબ્દથી જુદો નથી, તેમ શ્રીરાધાકૃષ્ણનુ ઐક્ય જ છે પ્રભુ સર્વેશ્વર છે, સર્વના આત્મા છે, તર્કનો મહિમા ત્યાજ આવી વિરામ પામે છે, ક્રીડા–લીલા, ગતિ સર્વ વિચિત્ર જ છે. વેદાદિકને તે સ્વરૂપની ગમ નથી તેની પ્રાપ્તિ માત્ર પ્રેમથી જ થાય છે બીજા બધા સાધનો નિર્મલ છે.

૧૪. આ ઋતુવર્ણન પ્રેમસાથે જે પુરુષ ગાશે, તેના પાપ અને સંતાપ બન્ને જાશે, હૃદયમા સુમતિ સ્થાન કરશે, અને શ્રીકૃષ્ણથી પ્રેમ થાશે ચિત્તમાં જે ચાહના થશે તે પણ સફલ જ થવાની, સર્વ વિઘ્નો પલાયન કરવાના અને પરમ હર્ષની છાઇ છવાઈ જશે. આ વ જે મનુષ્ય પ્રેમરસનુ પાન કરીને બીજાને પાશે તેને થશે.

વ્યસન થાય તો પછી શુ બાકી રહ્યુ ? પ્રભુમા એવી અત્યન્ત દુર્લભ રતિ પ્રાપ્ત થઈ નથી તેથી જ સર્વ પ્રતિબન્ધ પણ નડે છે, માટે સુબુદ્ધિમાને શ્રીમદ્વલ્લભાચાર્યજીનો આશ્રય કરવો. તેથી શ્રીમહાપ્રભુજીના આશ્રયવાન્ સાધનરહિત અનન્ય મનુષ્યોએ સર્વદા સર્વભાવથી તેઓની જ સેવા કરવી

॥ ઇતિ શ્રીહરિદાસવિરચિતં સ્વમાર્ગરહસ્યનિરૂપણ સમાપ્તમ॥

॥ અથ અષ્ટમી વિજ્ઞપ્તિઃ ॥

શ્રીકૃષ્ણાય નમ ॥ હે વ્રજરાજ, અમારા અપરાધ પણ ગણવા ન જોઇએ, કારણ કે તને તો ઐશ્વર્ય સ્વાભાવિક છે, અને અમે ક્ષુદ્ર છીએ. (૧).

અમે ત્વદીય (તારા) છીએ એ અમારૂ અતુલ મહાભાગ્ય છે, પણ અમે તારી સમીપ રહીએ છીએ છતાં અરેરે ! તારી વિલાસયુક્ત દૃષ્ટિના દર્શન ન થાય એ હમણા અમે અમારૂં મોટુ અભાગ્ય માનીએ છીએ. વધારે કહેવાથી શું ? તુ અમારૂ સર્વસ્વ છે, પણ હે ગોવિંદ, તુ માને ત્યારેને ? (૨)

ગોકુલપતિએ અમારા સર્વેનો અંગીકાર કર્યો છે, જો કે અમે અન્યાયી છીએ, તે છતાં તે દયાસિંધુ અમારો ત્યાગ કરશે નહિ. (૩).

મારા કૃત્યોથી મને ભય લાગે છે, પણ શું કરૂ ? તોપણ અમારૂ શરણ પણ એ જ છે, એટલે ભય પણ નથી જ. (૪).

જેમ અમે તદીય (તેના જ) છીએ, તેમ તે પણ સ્વભાવથી જ અમારો પ્રભુ છે, તેથી અમને આ લોક ના પરલોકની ચિંતા નથી (૫).

જેટલુ કાર્ય અમારી પાસે કરાવવાની ઇચ્છા હશે તેટલુ કરાવીને અમને શીઘ્ર (જલદી) પ્રભુ સમીપ આણુશે, માટે તમારે ચિતા કરવી નહિ, અમે સર્વ રીતે પ્રભુને પ્રિય છીએ. (૬)

હે સુંદર, અમે અજ્ઞાની છીએ, પણ તુ તો જાણે છે કે "એમનું સર્વસ્વ હું છુ." કારણ કે તુ સ્વત સર્વકર્તા છે. (૭).

અંગીકૃત જનથી થયલા અપરાધના સમૂહ ક્ષમા કરવા એ તો જેને માત્ર વિનોદ છે, એવા પ્રભુનો અંગીકાર પણ નિત્ય જ છે. કહો, એની બરોબરી કોણ કરી શકશે ? (૮.

નથી વિટ્ટિ મને વેદાધ્યયનનું બલ, નથી યજ્ઞનું બલ, નથી તપનું બલ, નથા યોગજન્ય બલ, નથી ભક્તિનું બલ, નથી જ્ઞાનનુ બલ, કે નથી બીજુ કાંઇ પણ બલ, પણ આજે કાલે કે ગમે ત્યારે તારી કૃપાદૃષ્ટિ થશે, તે જ મારૂ બલ છે (૯).

તારી કૃપાવિનાશને લીધે પહેલા મેં કાલાદિકને તુચ્છકારી કાઢ્યા હતા, તે વૈરનુ સ્મરણ કરીને હમણા તેઓ દુઃખ દે છે. (૧૦)

જે અધરામૃતને [illegible]નો શી વાત ? એમ સર્વસ્વ દાન કરવુ જેનુ શીલ છે તે (હવે) પાત્રનો વિચાર કરે એ જ આશ્ચર્ય ! (૧૧).

'કોઇ કામાગ્નિથી તપ્ત થયલીએ મારી આગલ કહ્યુ છે તે સાંભળ', એમ યાદવ વીરને જઇને કહે. (૧૨).

શશી(ચંદ્ર)ની શીતલતા તારી કૃપાદૃષ્ટિથી જ થયલી હું માનું છુ. જો એમ ન હોય તો તારા ગયા પછી હમણા એના કિરણો પ્રચડતાપવાલા કેમ છે ? (૧૩)

હે પ્રિય, તારી અધરસુધાના પાન વડે તારા મુખકમલની શોભા આગલ શશી તુચ્છ થઈ ગયો હતો, પણ હવે તે વૈર સંભારીને કામાગ્નિ (ચદ્ર) પોતાના અગ્નિ જેવા કિરણોથી (મારા હૃદયને) બાલવાને દુનાય છે. (૧૪).

સર્વ પ્રતિબધ નિવારણ કરનાર રાધા જો કૃપા કરે તો પુષ્ટિ અને મર્યાદામા બીજુ શુ અમને બાકી રહ્યું ? વલી જો સુંદર હાસ્યથી પ્રકાશિત શોભાયુક્ત ઉત્તમ દતરૂપી મણિની પક્તિવડે કાઇક વચનામૃત (મારી સાથે) કોઇ પણ રીતે કરે તો મુક્તિરૂપી છિપાણીનુ પણ પછી શુ પ્રયોજન ? (૧૫).

હે વ્રજેશ, સ્ત્રીરત્નના (રાધાના) હાસ્યની તારા આખા શરીરપર પડતી પ્રભાથી (સત્યયુગ) તેના ચુંબનથી (ત્રેતાયુગ), તેના પ્રતિબિંબોથી (દ્વાપરયુગ) અને તેના કટાક્ષથી (કલિયુગ) ક્ષણક્ષણમા તુ ચતુર્યુંગના રૂપો ધારણ કરે છે. (૧૬).

તુ ઈશ્વર છે, હું ક્ષુદ્ર તારૂં શુ ગુણગાન કરૂ ? હે હરિ, હે કૃષ્ણ, જેવો તુ છે એવાને હુ નમસ્કાર કરૂ છુ (૧૭)

હે સખિ, આનદથી નંદાદિના ઉત્સગમા લાડ લડાવેલો એવો કોઇ શોભાની પરાકાષ્ઠારૂપ કામદેવથી સર્વ દિશાઓને વિધી નાખે છે. (૧૮).

તારૂં મુખારવિંદ અધરના રાગથી અને અંજનથી દેદીપ્યમાન છે, અને સુંદર નાસિકાની ઉપર મુક્તાફલના ભૂષણવાલુ છે. તેની સરખામણીમાં જ તું ગોપીગુંજાફલરૂપી મોતી ઉરપર ધારણ કરે છે (૧૯).

હે વ્રજભૂષણાંગિ, તારૂ આ સ્વરૂપ અતિસુંદર, નીલ મેઘમાથી નિકલતી વીજલીનો મદ હરનારૂ છે. તે નાથ સદા એની સરખામણીમા પીત દુકૂલ જધા અને હૃદયની ઉપર ધારણ કરે છે. (૨૦).

પહેલા વર્ષાઋતુના સમયમા વિરહમા મેઘ ન હોવાથી અતિતપ્ત હું એક પગલુ પણ ચાલી શકતી ન હતી ત્યારે હવે મેઘ છે અને વળી કૃપાશક્તિ પણ સર્વ છે, માટે ઝટઝટ તેના નિજગૃહમાં મને લઈ જા (૨૧)

નાથ અનુકૂલ થતા સર્વ અનુકૂલ થઇ જાય છે, તે પ્રતિકૂલ થતા સર્વ પ્રતિકૂલ થઇ જાય છે. (૨૨)

જો પ્રિય સખીજન પોતે મારાપર કૃપા કરે તો માણસ સામે થાય તેની એક ક્ષણ પણ દરકાર કરૂ નહિ મનોરથરૂપી લતાના આશ્રય એવા એ વ્રજવધૂથી વિટલાયલા હોવાથી મુજ દાસીનુ શરણ સદા વ્રજાધિપતિ જ થાઓ. (૨૩).

હે સખિ, હમણા એવી કોઇક છે કે જેના પ્રાણ શ્રીવ્રજેશ્વર હોય, અને જે શ્રી નદલાલની મુરલિકાથી ચચલ થયલા ચિત્તનું સમાધાન કરે ? (૨૪)

એ કોઇ પ્રકટ અનુભવવતી છે, કે પર્વતનો નવીન અકુર છે, કે કોઇ અત્યંત ઉત્કૃષ્ટ પદ છે ? તે નિશ્ચય થઇ શકતો નથી. (૨૫)

॥ ઇતિ શ્રીવિઠ્ઠલેશ્વરકૃતા અષ્ટમી વિજ્ઞપ્તિઃ સમાપ્તા ॥

॥ श्रीकृष्णाय नमः ॥

॥ श्रीगोपीजनवल्लभाय नमः ॥

॥ सर्वोत्तमस्तोत्रम् ॥

भूमिका સર્વોત્તમસ્તોત્રના ઋષિ, દ્રષ્ટા અથવા લૌકિક ભાષામાં કહીએ તો પ્રકટકર્તા શ્રીમદગ્નિકુમાર શ્રીવિઠ્ઠલનાથજી શ્રીગુસાંઇજી છે. સર્વોત્તમસ્તોત્રમા નિકુંજસ્થ શ્રીમહાપ્રભુજીના તે સ્થલીમા નિત્ય બિરાજતા એકસો ને આઠ નામ છે. દૈવિજીવોનો વાણીદ્વારા ઉદ્ધાર કરવાને શ્રીઠાકોરજીએ ભૂતલ પર આચાર્યશ્રીને પધરાવ્યા. આચાર્યશ્રીએ અત્ર પધારીને અનેક સુબોધિન્યાદિ ગ્રંથમણિ પ્રકટ કર્યા. ઉક્ત આચાર્યશ્રીના ગ્રંથરત્નોનો નિજ વૈષ્ણવજનને સુબોધ થાય એ હેતુથી આ સર્વોત્તમસ્તોત્ર શ્રીગુસાંઇજીએ પ્રકટ કર્યું છે. સર્વોત્તમસ્તોત્રનો જપપાઠ કરવાથી આચાર્યશ્રીની વાણી સુબોધ થાય છે, સાક્ષાદ્ ભક્તિયોગમાં જે જે પ્રતિબંધ હોય તેનો સમૂલ વિનાશ થાય છે, અને શ્રીઠાકોરજીના સાક્ષાદ્ અધરામૃતાસ્વાદની સિદ્ધિ થાય છે. વસ્તુત શ્રીસર્વોત્તમસ્તોત્ર કલ્પવૃક્ષસમાન સર્વ મનોરથ સિદ્ધ કરવાનું સામર્થ્ય ધરાવે છે, તો પણ વૈષ્ણવોએ તેનો વિનિયોગ લૌકિકવૈદિક કાર્યમાં ન કરતાં કેવલ ઉપર કહ્યા પ્રમાણે સાક્ષાદ્ ભક્તિયોગમાં આવતા પ્રતિબંધનો નાશ કરવામા જ કરવો. જેવી રીતે ઉપનયન સંસ્કાર થયા પછી ગાયત્રીનો જપપાઠ ન કરે તો તે દ્વિજ માત્ર દ્વિજાભાસ થઈ જાય છે તેવી જ રીતે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પણ શ્રીસર્વોત્તમજીનો જપપાઠ ન કરે તો તેને ભગવદ્ધર્મની સ્ફૂર્તિ ન થાય, તેથી વૈષ્ણવોએ અવશ્ય આ સ્તોત્રનો જપપાઠ કરવો.

શ્રીસર્વોત્તમસ્તોત્રની ઉપર શ્રીગોસ્વામિબાલકોની અનેક ટીકાઓ છે પણ અધુના મારી પાસે કેવલ ૭ ટીકા છે, જેના આશય પ્રમાણે અત્ર પરમદયાલુ શ્રીગુસાંઇજીની કૃપાછટાથી ભાષાંતર આપવામા આવે છે ઉક્ત ટીકાઓ નીચે પ્રમાણે છે ૧ શ્રીગોકુલનાથજીકૃત, ૨ શ્રીરઘુનાથજીકૃત, ૩ શ્રીગોપેશ્વરજીકૃત, ૪ શ્રીહરિરાયજીકૃત, ૫ શ્રીવલ્લભજીકૃત, અને ૬ શ્રીદ્વારકેશજીકૃત આ ઉપરાત કોઇ ગોસ્વામિબાલક જ વા વૈષ્ણવ પાસે અન્ય ટીકા હશે અને તે અમને મોકલી આપવાની કૃપા કરશે તો તે ટીકાઓનો આશય પણ આ ભાષાંતરમાં લેવામા આવશે.

વૈષ્ણવજનને શ્રીમદાચાર્યચરણનું સ્વરૂપ સમજવુ અત્યાવશ્યક હોવાથી આ ભાષાંતર અત્ર પ્રકટ કરવામા આવે છે. શ્રીમહાપ્રભુજીની કૃપાથી આવી મોહમયી નગરીની અંદર પણ શ્રીસર્વોત્તમજી, શ્રીસુબોધિનીજી, શ્રીઅણુભાષ્ય આદિ માર્મિક, રસિક અને સ્વસિદ્ધાંતદર્શક ગ્રંથોની કથા શાસ્ત્રી મગનલાલભાઈ પોતાના ઘેર કરીને વૈષ્ણવજનને જે અલભ્ય લાભ નિત્ય આપે છે તેનો દેશીપરદેશી સર્વ વૈષ્ણવોને પણ લાભ મળે એવા શુભ હેતુથી જ આ ભાષાંતર અત્ર આપવામાં આવે છે. તેમા જે કાંઇ દોષ આવે તે માટે વૈષ્ણવો મને ક્ષમા કરશે, અને કાંઇ પણ હૃદયમાં ધારણ કરવા જેવી વાત આવે તો તે માટે શ્રીગુસાંઇજી, ઉપર્યુક્ત ટીકાકારો તથા તે સર્વનો સ્પષ્ટ આશય મને સમજાવનાર શાસ્ત્રીજીનો ઉપકાર માનશે.

સર્વ ટીકાકારો સ્તોત્રના વિવરણની પહેલા મંગલાચરણ કરે છે તેનુ ભાષાંતર તેઓશ્રીની દીનતા બતાવવાને અત્ર પ્રથમ આપવામા આવે છે.

શ્રીગોકુલનાથજી ત્રણ શ્લોકવડે મગલાચરણ કરે છે કે ઐહિક અને આમુષ્મિક અર્થને આપવાવાલા પિતૃચરણકમલને નમન કરીને, તેઓશ્રીએ પ્રકટ કરેલા આચાર્યશ્રીનાં નામોનુ યથામતિ વિવરણ કરીશ. (૧). તે નામોની સ્વત (મારા પોતાના બલથી) વિવૃતિ કરવામા જો કે હું અયોગ્ય જ છું તોપણ સ્વીયપણાથી જ (હું પોતાનો છુ એમ ગણીને જ) મારા ઉપર કૃપા કરીને યોગ્યતાનું (આપશ્રી) દાન કરશે. (૨) આ પ્રકારના વિશ્વાસથી જ મારી (આ કાર્યમા) પ્રવૃત્તિ થઇ છે, બીજા કોઇ કારણથી નહિ, એટલા માટે સર્વાર્થસિદ્ધિ માટે તેઓશ્રી જ મારું કારણ છે (૩) શ્રીરઘુનાથજી બે શ્લોકવડે મંગલાચરણ કરે છે કે જેઓશ્રીની કૃપાદૃષ્ટિનું આલબન કરીને ઘરરૂપી અંધારા કૂવામાંના દેડકાઓ સસારસાગર સમ્યક્ પ્રકારે તરી ગયા તે શ્રીવલ્લભના આત્મજ (પુત્ર, શ્રીગુસાંઇજીને) વંદન કરુ છુ. (૧) જીવોનો ઉદ્ધાર કરવાની ઇચ્છાવાલા જે શ્રીવલ્લભ અભિધાનથી પ્રકટ થયા, તેઓશ્રીના એકસોને આઠ નામનુ યથામતિ નિર્વચન કરુ છુ. (૨) શ્રીગોપેશ્વરજી ત્રણ શ્લોકવડે મગલાચરણ કરે છે કે જેઓશ્રીની પ્રવૃદ્ધિ પામતા કૃપાબ્ધિનું એક બિંદુ પણ સંસ્પર્શ કરે તો રસાબ્ધિમા ડૂબતો પણ તપે છે, તે શ્રીઅનલપ્રભુને હું વંદન કરું છુ (અર્થાત્ વિપ્રયોગાવતાર શ્રીમહાપ્રભુજી પોતાનાં કૃપાબિંદુથી સયોગમા પણ વિપ્રયોગનુ દાન કરે છે). (૧). વ્રજપતિની નવીન કેલિના ભાવસ્વરૂપ, સુલલિત ગતિવાલા શ્રીરાધિકાજીના સાધનમા આસક્ત ચિત્તવાલા (શ્રીગુસાંઇજી શ્રીચદ્રાવલીજી) તેઓશ્રીના (વ્રજપતિની) ઉભય રસ (સયોગ, વિપ્રયોગ) શ્રીતાનંદસદોહથી પૂર્ણ, સુવેશ (સુકેશ ?), શ્રીવિઠ્ઠલેશ મારુ સર્વસ્વ થાઓ. (૨) જેઓશ્રીના ભક્તથી સ્વમાર્ગનું ફલ સિદ્ધ થાય એમ જે ઉક્તિ થઈ, તે એક રૂપ શ્રીઅગ્નિ અને તેના કુમારને પ્રણામ કરુ છુ. (૩). શ્રીહરિરાયજી ચાર શ્લોકવડે મગલાચરણ કરે છે કે જે આચાર્યશ્રીના ચરણકમલની રજના ધ્યાનરૂપી ધનથી ગોપિકાપતિ પતિપણાનો સ્વીકાર કરે છે તે આચાર્યશ્રીની હુ નિરતર સ્તુતિ કરુ છુ.(૧) સાધનવિના કૃષ્ણદર્શનભાવૈકસિદ્ધિનુ દાન કરનાર શ્રીવિઠ્ઠલેશચરણકમલરજની પ્રાપ્તિ માટે સ્તુતિ કરુ છુ (૨). તદીયના બલથી (અર્થાત્ શ્રીગુસાંઇજીના બલથી જ) તેઓશ્રીના ભાવમાં આસક્ત ચિત્તથી, સર્વોત્તમની ભાવૈકવિવૃતિ મારાથી સ્ફુટ કરાય છે. (અથવા તેઓશ્રીના ભાવમાઆસક્ત જેનું ચિત્ત છે એવો હું સર્વોત્તમની ભાવૈકવિવૃતિ તદીયના બલથી સ્ફુટ કરું છુ (૩). તેનો (સર્વોત્તમનો) ભાવ જાણવો જ દુર્લભ છે તો પછી તેના કથનની તો શી વાત ? તો પણ હુ સ્વીય છુ એમ સ્મરણ કરીને સ્વય (આપ) મને (ભાવ) જણાવશે (૪). શ્રીવલ્લભજી એક શ્લોકવડે મગલાચરણ કરે છે કે અનન્યશરણ શ્રીમદાચાર્યજીના ઉભય ચરણકમલને નમન કરીને તેઓશ્રીના અનુગ્રહથી તેઓશ્રીના નામથી વિવૃતિ કરુ છુ. (૧) શ્રીદ્વારકેશજી એક શ્લોકવડે મગલાચરણ કરે છે કે નિજગુરુ શ્રીવલ્લભ, શ્રીવિઠ્ઠલને, પ્રિય શ્રીગોવર્ધનેશને, સપ્ત (સાત) સ્વરૂપયુક્ત શ્રીમત્ નવનીતભોજનપરને (શ્રીનવનીતપ્રિયાજીને) શ્રીમદ્ અખિલલલિતત્રિભંગને, અને શ્રીરાધિકા સ્વામિનીને નમન કરીને નિશ્ચયે અતિસરસ સર્વોત્તમસ્તોત્રનું હું વિવરણ કરું છું. (૧)

અથ શ્રીસર્વોત્તમપ્રારંભ

શ્રીમત્પ્રભુચરણ આદિમા સકલ શિષ્ટાચારપ્રમાણે મંગલાચરણ કરે છે. શ્રીમત્પ્રભુચરણ આચાર્યશ્રીના અલૌકિક નામ પ્રકટ કરવાને અને તેઓશ્રીનુ સ્વરૂપ અને તેમના પ્રાકટ્યનો હેતુ કથવાને કેવલ આચાર્યશ્રીને જ પ્રકટ કરેલા ભક્તિમાર્ગમા પ્રતિપાદિત સર્વ શ્રુતિ શ્રીભાગવત ગીતાદિ અનેક અલૌકિક–પ્રમાણસિદ્ધ પૂર્વોક્ત પ્રમેયમૂલભૂત સાક્ષાત્પુરષોત્તમસ્વરૂપની સર્વના મૂલરૂપે સ્તુતિ કરે છે.

શ્રીમાન્ અગ્નિકુમાર પોતાને જ શ્રીમદાચાર્યચરણના અખિલ માહાત્મ્યની અભિજ્ઞા છે એમ જણાવવાને અને નિસાધન દીન દૈવજનનો ઉદ્ધાર કરવાને શ્રીમદાચાર્યચરણના માહાત્મ્યને પ્રતિપાદન કરનારા એકસોને આઠ નામવડે તેઓશ્રીની સ્તુતિ કરે છે. તેમા પ્રથમ આ સ્તોત્ર સર્વોત્તમ કહેતાં લોકવેદાતીત, લોકવેદના કરતાં પણ ઉત્તમ પેલે પાર, હોવાથી, તેવી જ લોકવેદાતીત પુરુષોત્તમાખ્ય વસ્તુને નિર્દેશ કરીને મંગલાચરણ કરે છે. શ્રીમદાચાર્યચરણના અલૌકિક નામોનુ નિરૂપણ કરતાં પહેલા, તેઓનુ સ્વરૂપ પણ તેવુ જ અલૌકિક આનંદરૂપ છે એમ સ્વીય જનને જ્ઞાન કરાવવાને તે અલૌકિકપૂર્ણગુણ આનંદમાત્રસ્વરૂપ સાક્ષાત્પુરુષોત્તમ બ્રહ્મની પરમમંગલરૂપે શ્રીમત્પ્રભુચરણ સ્તુતિ કરે છે. પરમદયાલુ શ્રીમદ્વલ્લભનંદન, પોતાના જનને શ્રીમદાચાર્યની વાણી દુર્બોધ થઇ ક્લેશ થયો તે સહન કરી ન શકવાથી, તેઓશ્રીની વાણી સુબોધ થાય તેટલા માટે તેના ઉપાયભૂત તેઓશ્રીના નામ કહેતાં, શાસ્ત્રાર્થબોધનપૂર્વક મંગલાચરણ કરે છે.

અત્ર ગ્રંથ નિર્વિઘ્ન પૂર્ણ થાય તે માટે કાંઇ મંગલાચરણ નથી, કારણ કે તેમા (ગ્રંથ પ્રકટ કરવામા) કાલાદિ પણ વિઘ્ન કરવાને સમર્થ નથી, પરંતુ એતાદૃશ (મહાપ્રભુજી) સ્વરૂપ પ્રકટ કરીને સ્વીયજન ઉપર મહતી દયા કરી છે એમ બતાવવાને સ્તુતિ કરે છે.

प्राकृतधर्मानाश्रयमप्राकृतनिखिलधर्मरूपमिति ।
निगमप्रतिपाद्यं यत्तच्छुद्धं साकृति स्तौमि ॥ १ ॥

શબ્દાર્થ—પ્રાકૃત ધર્મના અનાશ્રય અપ્રાકૃતનિખિલધર્મરૂપ એમ નિગમપ્રતિપાદ્ય શુદ્ધ સાકૃતિ જે છે તેને સ્તવું છું.

વિવેચન—પ્રાકૃત ધર્મ એટલે પ્રકૃતિજન્ય સત્વાદિ ધર્મ, અથવા પ્રાકૃત એટલે લૌકિક કામક્રોધાદિ ધર્મ, અથવા जायते, अस्ति, वर्धते ઇત્યાદિ, ૫૬ વિકાર ક્ષુધા, (ભુખ) પિપાસા વગેરે અથવા બ્રહ્મ આ સર્વ પ્રાકૃત ધર્મનો આધાર નથી, અર્થાત્ બ્રહ્મમાં કોઇ પણ અંશે પ્રાકૃત ધર્મનો સંબંધ નથી. પ્રાકૃત સકલ ધર્મનો નિષેધ કરવાથી પ્રતિપાદ્ય સ્વરૂપ નિર્ધર્મક હશે એ શંકાનો નિરાસ કરવા અપ્રાકૃતનિખિલધર્મરૂપ પદની યોજના છે. પ્રાકૃત, અને અપ્રાકૃત એમ બે પ્રકારના પદાર્થ સ્વીકારેલા હોવાથી ઇશ્વરમાં પ્રાકૃત ધર્મનો નિષેધ છે તો પણ ઇશ્વર અલૌકિક અખિલ ધર્મવાન્ છે એ અવિરુદ્ધ છે. અપ્રાકૃત એટલે અલૌકિક, ઐશ્વર્યાદિયુક્ત, પ્રકૃતિના સંબંધથી રહિત, આનંદમય, નિખિલ એટલે સર્વ ધર્મરૂપ એટલે ધર્માત્મક એટલે અલૌકિક સર્વધર્મરૂપ, અથવા અપ્રાકૃત એટલે પ્રાકૃતથી ભિન્ન છતા પ્રાકૃતના સદૃશ. लोकवत्तु लीलाकैवल्य એ ન્યાયે અપ્રાકૃત અલૌકિક ધર્મ પણ પ્રાકૃત, લૌકિકવત્ છે, તથાપિ પ્રાકૃતમા ન્યુનતા છે, અપ્રાકૃતમા પૂર્ણતા છે, પ્રાકૃત નિરાનંદ છે, અપ્રાકૃત

સાનંદ છે, પ્રાકૃત નિરાકાર છે અને અપ્રાકૃત સાકાર છે અથવા અપ્રાકૃત. એટલે અલૌકિક આનંદમય ઐશ્વર્યાદિ સકલ ધર્મ અને રૂપ જેના છે તે, અર્થાત્ ઈશ્વરના સકલધર્મ અલૌકિક છે, અને ધર્મ અને ધર્મીનો અભેદ હોવાથી વસ્તુત ઈશ્વર સકલઅલૌકિકધર્માત્મક છે. શ્રુતિ[1] પણ એમ જ પ્રતિપાદન કરે છે કે તે બ્રહ્મ, ઈશ્વર, ભગવાન્, પુરુષોત્તમ, કૃષ્ણ રસરૂપ છે, સર્વકામ છે, સર્વગન્ધ છે, સર્વરસ છે આ શ્રુતિમાં ધર્મ અને ધર્મીનો અભેદ જ બતાવ્યો છે, છતા ભેદ માનવામા આવે તો દ્વૈતાપત્તિ થાય, અને સર્વથા નિર્ધર્મક માનીએ તો ઉપરની તથા (જેના વિશ્વત સર્વ ઠેકાણે ચક્ષુ છે, સર્વ ઠેકાણે પાણિ અને પાદવાલો છે, જે સર્વજ્ઞ છે, સર્વશક્તિ છે. સર્વનો રક્ષક, ભરણપોષણ કરવાવાલો છે છતા જે રક્ષાય છે, જેનું ભરણપોષણ થાય છે, (અર્થાત્ ઈશ્વર વિશ્વંભર છે છતાં ભક્તોથી ભરણપોષણ થાય છે, ભક્તોને ત્યાં માગીને પણ આરોગે છે) ઇત્યાદિ શ્રુતિનો પણ વિરોધ આવે તેમ જ ધર્મોને માયિક મિથ્યા માનવાથી શ્રુતિના મુખ્યાર્થનો બાધ થાય છે, તેથી ધર્મી અને ધર્મ તદ્રૂપ છે, તેમનો અભેદ છે અથવા અલૌકિક સકલ ધર્મ અને દેહેદ્રિયાદિ રૂપ જેનાં છે તે, અર્થાત્ ઈશ્વરમાં સકલ અલૌકિક ધર્મ છે તથા ઈશ્વરનાં દેહેદ્રિયાદિ પ્રભૃતિ રૂપ પણ સ્વરૂપની માફક જ આનંદમય છે. લૌકિક શરીરની પેઠે, આત્મા અને અનાત્મા, જડ અને ચેતન પ્રભૃતિ ભેદ ઈશ્વરના સ્વરૂપમા નથી. ઈશ્વરનો આત્મા અને દેહ આપણી પેઠે જુદો નથી. ઈશ્વરના ધર્મ અલૌકિક આનંદમય છે તેમ જ દેહ, ઈંદ્રિય, પ્રાણ, અંતઃકરણ આદિ પણ અલૌકિક આનંદમય છે. નિજ શ્રીઅંગમાં લૌકિકવત્ અસ્થિ, માંસ મજ્જા નથી, એમ એટલે એ પ્રકારે, પરંતુ આનંદ જ છે. ઉપરોક્ત પ્રાકૃત ધર્મના અનાશ્રય અને અપ્રાકૃત નિખિલ ધર્મરૂપ એ પ્રકારે **નિગમપ્રતિપાદ્ય** એટલે અપ્રાકૃત ધર્મધર્મિરૂપથી બ્રહ્મને જણાવે તેવા વેદ, પ્રતિપાદન કરવા યોગ્ય વડે **શુદ્ધ** એટલે સર્વદોષરહિત, નિર્મલ, આનંદમય, માયાવાદિપ્રાત શ્રાઅવત્ અશુદ્ધ માયાશબલ નહિ **સાકૃતિ** એટલે આકાર વા વિગ્રહ સહિત. અત્ર આકૃતિ કેવલ આનંદમાત્ર જ છે. શ્રુતિ પણ આજ્ઞા કરે છે કે 'आनद ब्रह्मणो रूप' 'अन्योंतर आत्मानन्दमय,' 'आकाशशरीरं ब्रह्म' 'आनदमात्रकरपादमुखोदरादि' 'य एषोतरादित्ये हिरण्मय पुरुष' તેથી સિદ્ધ થાય છે કે પ્રભુના દેહ, ઈંદ્રિય પ્રાણ, અંતઃકરણાદિ આનંદરૂપ જ છે તેમા અન્યથાભાસ કેવલ મૂઢ આસુરોને જ થાય છે, અને તેથી ભગવાન્ સ્વમુખથી શ્રીગીતાજીમા આજ્ઞા કરે છે કે માનુષી તનુ ધારણ કરેલુ હોવાથી ઉત્તમ અચિંત્ય ભાવને ન જાણતાં, મૂઢ આસુરાદિ મારી અવજ્ઞા કરે છે. **જે** એટલે અનિર્વચનીય બ્રહ્મ, ઈશ્વર વેદપ્રતિપાદ્ય છે તેમ જ અનિર્વચનીય છે. 'यतो वाचो निवर्त्तन्ते' 'आनद ब्रह्मणो विद्वान्' ઇત્યાદિ શ્રુતિ પણ તેમ જ પ્રતિપાદન કરે છે, અર્થાત્ બ્રહ્મ વચન વડે શ્રુતિએ પણ પ્રતિપાદન કરવુ અશક્ય છે, બ્રહ્મ કેવલ અનુભવૈકવેદ્ય છે. છે અસ્તિ પદ અધ્યાહાર્ય છે यदस्ति तत्. **તેને** એટલે ઉપર કહ્યાં તેવા સર્વધર્મવિશિષ્ટને **સ્તવું છું** એટલે મારા સ્તુતિનો વિષય કરું છુ. સ્તવુ છું એમ કહીને આગલ ગ્રંથમાં ઉક્ત સ્વરૂપની પૃથક્ સ્તુતિ પ્રભુચરણ કરતા

---

[1] रसो वै स सर्वकाम, सर्वगन्ध, सर्वरस – ઇત્યાદિ

विश्वतश्चक्षु, सर्वत पाणिपादान्त, य सर्वज्ञ सर्वशक्ति, भर्ता सन् भ्रियमाणः

अवजानंति मां मूढा मानुषीं तनुमाश्रितम् ।
परं भावम जानन्तो मम भूत महेश्वरम् ॥ ९

નથી, અને કેવલ આચાર્યશ્રીનાં નામ પ્રતિપાદન કરે છે, તેથી ઉક્તધર્મવિશિષ્ટ પરમકાષ્ઠાપન્ન સ્વરૂપ શ્રીમદાચાર્યચરણનું છે એમ જણાવ્યું. પૂર્વોક્ત સર્વધર્મવિશિષ્ટ વસ્તુ, બ્રહ્મ, ઈશ્વર પરમાત્મા, ભગવાન્, પુરુષોત્તમ, કૃષ્ણ અને શ્રીમદાચાર્યચરણનો અભેદ હોવાથી આચાર્યશ્રીના નામવર્ણનથી તે સ્વરૂપની જ સ્તુતિસંપન્ન થઇ, માટે તે સ્વરૂપની સ્તુતિ કરું છું અથવા તેને સ્તવું છું એમ શ્રીપ્રભુચરણે કહ્યું છે તે યોગ્ય જ છે. પહેલા સ્તુતિની પ્રતિજ્ઞા કરીને આગળ નામવડે સ્તુતિ કરે છે.

નિષ્કર્ષાર્થ:—પ્રકૃતિજન્ય સત્ત્વાદિ પ્રાકૃત લૈકિક ધર્મ જેનો આશ્રય કરતા નથી, અથવા જેમના વિષે નથી, અથવા પ્રાકૃત ધર્મના સંબંધ માત્રથી જે રહિત છે તેને અને અપ્રાકૃત અલૌકિક સકલ ધર્મરૂપ અથવા અલૌકિક આનંદમય સર્વ ધર્મ અને દેહેંદ્રિયાદિરૂપ જેના છે તેને એ પ્રકારે જે નિગમપ્રતિપાદ્ય અને અનિર્વચનીય છે તે શુદ્ધ સાકૃતિ, આનંદાકૃતિ સહિત બ્રહ્મ પરમાત્મા, પુરુષોત્તમ, કૃષ્ણ અને તેનાથી અભિન્ન શ્રીમદાચાર્યચરણને મારી સ્તુતિનો વિષય કરું છું ૧.

સ્વીકાર.

'પુષ્ટિભક્તિસુધા'ના પરિવર્તનમાં નીચેનાં સાપ્તાહિક, પાક્ષિક, માસિક અને ત્રિમાસિક પત્રો આવે છે, જેનો માનપૂર્વક સ્વીકાર કરીએ છીએ.

સાપ્તાહિક–ગુજરાતીપંચ, આર્યપ્રકાશ, કોરોનેશન ઍડવરટાઇઝર. પાક્ષિક–આર્યસુધારક. માસિક–શ્રીસુબોધિનીજી, વૈષ્ણવધર્મપ્રકાશ, વસંત, જ્ઞાનસુધા, જૈન શ્વેતાંબર કોન્ફરન્સ હેરલ્ડ, વિવેચક, વાર્તાવારિધિ, વૈશ્યપત્રિકા, શુદ્ધાદ્વૈતસિદ્ધાંત અને પુષ્ટિમાર્ગ. બુદ્ધિપ્રકાશ, સાહિત્ય, મહામંડલ મેગેઝીન અથવા નિગમાગમચંદ્રિકા. ત્રિમાસિક–દશાલાડપત્રિકા.

નિવેદન.

કેટલાક ગ્રાહકોના આગ્રહથી આ વર્ષે પણ જન્માષ્ટમી સુધીમાં નોછાવર મોકલી આપનાર પાસેથી માત્ર રૂપીઓ દોઢ જ લેવાનો નિયમ રાખ્યો છે.

વિશેષ.

વૈષ્ણવપરિષદ્ તરફથી પ્રકટ થતાં પુસ્તકો સંબંધે આ અંકનું ટાઇટલ પેજનું ત્રીજું પૃષ્ઠ જુઓ.

સાંપ્રદાયિક ગુર્જર સાહિત્ય.

શ્રીમહાપ્રભુજીનું ધોળ.

જેજે શ્રીવલ્લભરાયા;
વેદ તો ભેદ સકલ ગાયા, નિજજન એ રસમાં નાયા. ૧ જેજે.
પાવન કરવાને પ્રીતિ, પ્રકટ કરી વેદતણી રીતિ,
પંડિત લીધા સૌ જીતી. ૨ જેજે.
વાદ કર્યો કાશીમાંહે, શૈવી સર્વ મલ્યા ત્યાંહે,
જીત્યા બલવંત બાહે. ૩ જેજે.
દક્ષિણ દેશ વિજય કીધો, માયામત ચૂર્ણ કીધો;
શત મણ સુવર્ણ નવ લીધો. ૪ જેજે.
ઓડછા દેશ આનંદ કીધો, ઉત્તર દૈવીએ લીધો,
સેવામાર્ગ સાધ્ય કીધો. ૫ જેજે.
જીત્યા પુરુષોત્તમપુરી, માયાવાદી રહ્યા ઝુરી;
એક ન નચ્યો આસુરી. ૬ જેજે.
બીજો દેશ અનેક ફરીઆ, દૈવી ચરણમાં ધરિઆ;
માધવદાસ કહે અધમ તરીઆ. ૭ જેજે.

શ્રીવિઠ્ઠલેશરાયજીનું ધોળ.

શ્રીવિઠ્ઠલેશરાય શોભે ઘણું રે, જલઘનતનવાને, હાંહાંરે;
સૂરસુતાના સંગમાંરે, છબિ નાહિં સમાને, હાંહાંરે. ૧
સ્વરૂપ જોઇ વ્યાકુલ થઇ રે, તન શુદ્ધબુદ્ધ ભુલી;
નેનકમલ અતિરસ ભર્યાં રે, જોઇ અંગોઅંગ ફૂલી; ૨
પુલતનુ કેશ આવી રહ્યા રે, જાણે અલિસુત વારૂ;
ભ્રકુટી કમાને બાણ જીતીયાં રે, મન લલચ્યુ મારૂં, ૩
હસ્ત કમલ કટિપર મસે, જોઈ મન્મથ લાજે;
ભક્ત સંકેત જણાવતા; મહાસુખ સમાજે; ૪
શું વર્ણવું સુકુમારિકા રે, છબિરૂપ અગાધા,
અરસપરસ દૃષ્ટિ મલી રે; જોઈ રીઝયાં શ્રીરાધા; ૫

શ્રીયમુનાનિકટ તટને વિષે રે, જોઇ અંબુજ ફૂલ્યો;
પરમચતુર કિરણિસુતા, મન માન જ ભૂલ્યાં, ૬
હસત લસત મન્મથદશન, જોઇ લહેર ચડે છે;
કુચબીચ અંબુજ લહેરે; કામની પટ અડે છે. ૭
નામ શેષ નિશદિન જપે રે, કોઇ પાર ન પામે;
નિજજન નિજરસ લોભતારે; રાખો નિજ ધામે. ૮

શ્રીદ્વારિકાનાથજીનું ધોળ:

સખીરે આજ દીઠારે, કુંજભુવન વ્રજચંદ્રને.
શ્રીદ્વારિકાનાથજી મનોહર પ્યારા,
કે નંદ યશોમતિ કેરા લોચન તારા,
કે પ્રેમરસ પાયા વ્રજસુંદરીને ન્યારા. ૧
સખીરે હું તો કુંજધામ ગઈ હતી પહેલી;
દીઠારે મેં તો રાધિકા પરમ અલબેલી;
કે વાત કરે સંગ લલિતા સાહેલી. ૨
રાધા પ્યારી શૃંગાર સજે છે ઘણા ત્યાંહે,
સ્યામ આવ્યા ખબર ના રહી પલમાંહે,
નેત્રકમલ મીંચ્યા તેથી વ્યાકુલ થાયે. ૩
પ્યારી પૂછે કોણે નેત્ર મીંચ્યાં મારાં આવી,
ત્યારે સામે બેહુ કરે બંસુરી બજાવી,
ભુજ ચાર જોઇ મૂરત મન ભાવી. ૪
માન મૂકી મન થકી પ્રીત ઘણી કીધી;
ત્યારે શ્યામે રાધા પ્યારી અંક ભરી લીધી;
કૃપાની કટાક્ષે શેન સહચરીને દીધી. ૫
કુંજ ખેલ કરે રંગ રતિ પૂરા,
કોઈ કલામાંહે નથી એક અધૂરા;
કૂદે ઉન્મદ રસ થકી ઘણા સૂરા. ૬
ઝાલરદ્ર જોઈ સખી સુખ ઘણું પામી,
કે વિનતિ કરૂં છું સદા શિર નામી,
દર્શન દેજો નિજજન કેરા સ્વામી. ૭

ઘોળ.

ઠેસે ઠેસે નાચે મોરલીયાં વાલો (૨) એ પ્યારો હમારો,
બીન મૃદંગ તાલ મોર ઉપંગ ચંગ રાધા રંગીલીકો સંગ લીયો. ૧
લલિતા વિશાખા રાધા સહચરી, શ્રીયમુના ચંદ્રાવલીકો નેનનકો તારો. ૨
કોઈ ગાવે કોઇ ભાવ જતાજો; સબહીકે બીચ અનોખો ન્યારો. ૩
તા ધિલાગ (૨) તાતાતા થૈ થૈ ઠુમક (૨) નાચે પેંજનીયા વાલો. ૪

प्राकट्योत्सव.

નગરઠઠ્ઠામા સ્થપાયના " શેઠ ચતુમલ ન્યોશનદ પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય " તરફથી ગત ચૈત્ર કૃષ્ણ એકાદશીએ શ્રીમદ્વલ્લભાધીશ્વરનો પ્રાકટ્યોત્સવ ઘણીજ ધામધુમથી કરવામાં આવ્યો હતો ધ્વજાપતાકા અને श्रीवल्लभो विजयतेतमा વગેરે વાકયોથી પરિષદ્‌ગૃહ બાહારથી અલંકૃત કર્યું હતુ સભાલયની અંદર પુષ્પમાળાથી યુક્ત પ્રભુલીલાદર્શક ચિત્રો અને સુંદર પીછવાઇઓ, શ્રીમદાચાર્યના ચિત્રજી વગેરે અલૌકિકતાનુ ભાન કરાવતા હતા. સંધ્યાસમયે ૬॥ વાગે સભાસ્થાન વૈષ્ણવોથી પૂર્ણ ભરાઇ ગયુ હતુ

ત્યારબાદ સભાનું કાર્ય આરંભવામાં આવતા પ્રસિદ્ધ વૈષ્ણવ ધમનમલ ઠકરે સુપ્રસિદ્ધ વૈદ્યરાજ ગોસ્વામી બાલકોના અધિકારી રા. રા. પીતાબરદાસ સ્વામિદાસને તે સભાનું વ્યાવહારિક પ્રમુખપદ સ્વીકારવાની સૂચના કરી અને રા મૂલચંદમલ આસનમલે તેને અનુમોદન આપ્યા બાદ પ્રમુખે સ્વસ્થાન લીધુ હતુ. કાર્યક્રમાનુસાર વૈષ્ણવકુમારોએ સુંદર સ્વરથી શ્રીગોપિકાગીતનું ગાન કરીને પ્રેક્ષકવર્ગને આનંદમગ્ન કર્યો હતો. ત્યારબાદ સદહું પુસ્તકાલયના ઓન સેક્રેટરિ રા. રા. આત્મારામ ચીરભાનુએ રિપોર્ટ વાચતા જણાવ્યુ કે 'ભારતવર્ષમા ચોતરફ ધાર્મિક જાગૃતિ પ્રસરવા લાગી છે, સ્થલેસ્થલે પુષ્ટિમાર્ગીય પુસ્તકાલયો સ્થપાતાં જાય છે, સંસ્કૃત અધ્યયન, સ્વધર્મનો ઉપદેશ વગેરે સત્કાર્ય વૃદ્ધિંગત થતાં જાય છે. આવા સમયમા સિંધના વૈષ્ણવો પાછળ પડે તે ઠીક કહેવાય નહિ. આજના વાતાવરણમા ઉછરતી અને ભવિષ્યની પ્રજા શુદ્ધ વૈદિક ધર્મથી ભ્રષ્ટ ન થાય અને ધર્માભાસમાં ન ફસાય એવા ઉદ્દેશથી આવાં પુસ્તકાલયો સ્થાપવાની થોડી આવશ્યકતા નથી આ પુસ્તકાલયનો ચતુર્થ વાર્ષિકોત્સવ છે. આ સંસ્થા તરફથી લગભગ ૫૧ નાનામોટા વૈષ્ણવો અને બાલકો શ્રીમદાચાર્યચરણનિર્મિત ગ્રંથો અને ગીતા વગેરેનુ અધ્યયન કરે છે. કોઇ વેલાએ ધર્મસંબંધી વ્યાખ્યાનો પણ આપવામા આવે છે. પુસ્તકાલયના મકાનમા યાત્રાર્થે આવેલા વૈષ્ણવોને પણ ઉતરવા દેવામા આવે છે ' ત્યારપછી તેઓએ પોતાના ભાષણનો ઉપસંહાર કરતા પુસ્તકાલયને તનમન અને ધનથી મદદ કરનારાઓનો અને સભાધ્યક્ષ અને શ્રોતૃગણનો ઉપકાર માન્યો હતો.

વૈષ્ણવ ચતુર્ભુજદાસ ગંગારામ ત્રીકમદાસે आचार्योपासना વિષે વિવેચન કરતાં જણાવ્યુ કે ' જ્યારે મ્લેચ્છ રાજ્યમાં ચારે તરફથી નિંદ્ય કર્મ કરનારાઓનું બળ વધ્યુ હતુ અને

વૈદિક ધર્મરૂપી નૌકા અકર્ણધાર થઇ પડી હતી, ત્યારે તેવા કષ્ટકારક સમયમા તે નૌકાને બચાવનાર દૈવી જીવોનો ઉદ્ધાર કરનાર સૂરદાસ વગેરે ભક્તશિરોમણિઓના હૃદયમા શ્રીકૃષ્ણ પ્રેમભક્તિના ફુવારા ઉઘાડનાર, પરમ ઉદાર, ભારતવર્ષના ભૂષણરૂપ શ્રીમદ્વલ્લભાચાર્યનો પ્રાદુર્ભાવ થયો હતો. એવા આચાર્યની ભક્તિ વિના દરેક આર્યનો ગૃહસ્થાશ્રમ ખચિત જ સ્મશાનભૂમિસદૃશ છે. આચાર્ય એટલે પ્રસ્થાનચતુષ્ટયની એકવાક્યતા કરીને નિઃસાધન જીવોનો સ્વકૃપાબલથી ઉદ્ધાર કરે તે. એવા આચાર્યના ચરણકમલમાં દૃઢ અનુરાગ, એનું નામ આચાર્યોપાસના. ઉક્તલક્ષણવાન્ આચાર્ય જો ભૂતલ ઉપર પ્રકટ થયા હોય તો તે શ્રીમદ્વલ્લભાધીશ્વર જ છે. તેમના ચરણમા અનુરાગ રહેવાથી જીવના સર્વ અર્થો સિદ્ધ થાય છે. શ્રીમદાચાર્યચરણે ઉપદેશેલા શુદ્ધ સન્માર્ગમાથી નીકળીને આચારભ્રષ્ટ મતના આડંબરથી ભ્રાંતબુદ્ધિ થઇને પોતાનુ અને ભવિષ્યની પ્રજાનુ અકલ્યાણ સાધવા આજકાલ કેટલાક અમારા જ વૈષ્ણવબંધુઓ નીકળ્યા છે તે અતિખેદકારક છે. આચાર્યચરણનું સ્વરૂપ નિત્ય છે. સ્વાશ્રિત જનોના હૃદયપ્રદેશમાં બિરાજીને સ્વકૃપાબલથી તેઓનો ઉદ્ધાર કરવાને તેઓ સમર્થ છે, મૂક ને વાચાલ અને પંગુને ગતિમાન્ બનાવવાનું સામર્થ્ય તેઓશ્રીમાં જ છે. ઉપસંહારમા એટલુ જ જણાવવું બસ થશે કે હે સદ્ગૃહસ્થો ! તમો પોતે, તમારા બાલકો, તમારો પરિવાર વગેરે દુષ્ટ કલિની છાયાવાન્ અવૈદિક શ્રદ્ધાઘાતક આસુરી જીવોના ઝપાટાથી બચીને સ્વધર્મપરાયણ થાઓ, અને શ્રીમદ્વૈશ્વાનરાચાર્ય વાક્પતિની સેવા કરીને પોતાનો ઉદ્ધાર કરવા તરફ લક્ષ્ય આપો.'

ત્યારપછી રા. રા વૈષ્ણવ જેઠાનંદ હીરાનંદે "સદ્વિદ્યા" ઉપર બોલતાં જણાવ્યુ કે 'મનુષ્યનું પરમ કર્તવ્ય અલૌકિક પ્રવૃત્તિનો આદર એ છે. મનુષ્ય લૌકિક પ્રવૃત્તિ કરવામાં જેટલી આસક્તિ રાખે છે તેથી પણ વધારે આસક્તિ રાખીને જ્યાં સુધી અલૌકિક પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થતો નથી ત્યા સુધી તેને મનુષ્ય જ કહેવાય નહિ. વિદ્યા બે પ્રકારની છે, ૧. લૌકિક અને ૨. અલૌકિક. લૌકિક વિદ્યાનું ફલ નાશવત્ છે જ્યારે 'અલૌકિક' વિદ્યાનું ફલ ચિરકાલ પર્યંત નિત્ય મલે છે. જગતમા લૌકિક વિદ્યાની પ્રવૃત્તિ એટલી બધી વધી પડી છે કે પોતાને ચતુર અને વિદ્વાન માનતા પુરુષો પણ તેમાં જ મસ્ત બન્યા છે. અલૌકિક બ્રહ્મવિદ્યા તરફ તે લોકોની દૃષ્ટિનું આકર્ષણ થતુ નથી બ્રહ્મવિદ્યાભવનો પિનદ્ધકપાટ થયાના પરિણામે આવા દુષ્કાલો વગેરેથી જનસમૂહ પીડાય છે. સદ્વિદ્યાનું સ્વરૂપ સમજતાં પહેલાં અવિદ્યાનુ સ્વરૂપ સમજવું ઠીક થઇ પડશે. અવિદ્યા પાંચ પ્રકારની છે, ૧. દેહાધ્યાસ, ૨. પ્રાણાધ્યાસ, ૩ અંતઃકરણાધ્યાસ, ૪. ઇંદ્રિયાધ્યાસ, અને ૫ સ્વરૂપવિસ્મૃતિ. આ પંચપર્વા અવિદ્યાની નિવૃત્તિ પણ પાચ પ્રકારની વિદ્યાથી જ થાય છે. શ્રીમહાપ્રભુ તેનાં પર્વો આ પ્રમાણે ઉપદેશે છે, ૧. સાંખ્ય, (આત્મ–અનાત્મવિવેક), ૨. યોગ, (ચિત્તવૃત્તિનિરોધ), ૩. વૈરાગ્ય, (પ્રપંચના પદાર્થમા અનાસક્તિ), ૪. જ્ઞાન, અને ૫. કેશવકીર્તન ' ઉપસંહારમા તેમણે જણાવ્યુ કે 'આપ સર્વ વૈષ્ણવોને અહંતામમતાત્મક સંસારનો નાશ કરવા હોય તો વૈશ્વાનર વાક્પતિના ચરણકમલનો દૃઢ સંશ્રય કરો અને તેઓશ્રીએ ઉપદિષ્ટ માર્ગનુ યથાર્થ સ્વરૂપ સમજીને કૃતાર્થતા સંપાદન કરો '

ત્યારબાદ રા. રા. વૈષ્ણવ મૂલજીમલ મગુમલે "વૈષ્ણવકર્તવ્ય" ઉપર બોલતાં જણાવ્યુ કે 'વૈષ્ણવ એટલે સદાનંદ પૂર્ણપુરુષોત્તમની સાથે સંબંધ બાંધનાર. વૈષ્ણવોના કર્તવ્યોનો નિર્દેશ શ્રીમદ્ભગવદ્ગીતાના ૧૨–૧૬ અધ્યાયમાં છે. જે કર્તવ્ય કરવાથી દેહાદિ શુદ્ધ થાય

અને શુભ આનંદ પ્રકટ થાય તે જ કર્તવ્ય. કર્તવ્ય ચાર પ્રકારનાં છે. ૧ સર્વ પ્રકારની કઠોરતાનું સહન કરવું, ૨. વસ્તુમાત્રને શ્રીકૃષ્ણનું રૂપાંતર સમજવી, ૩. યથાશક્તિ વર્ણાશ્રમ ધર્મપાલન અને વિધર્મનો ત્યાગ, ૪. ઇંદ્રિયાશ્વનો નિગ્રહ. આ કર્તવ્ય બાહ્ય છે. આંતર કર્તવ્ય તો મુખ્ય ભાવપુષ્ટ ભગવત્સેવા જ છે. આ લોક અને પરલોકનાં સુખોની આશાઓને દૂર કરીને પ્રભુસ્વરૂપમાં આસક્ત થવું, તેમાં ચિત્તને પરોવવું એ સેવાનું સ્વરૂપ છે. સેવા પણ બે પ્રકારની છે, નામસેવા અને રૂપસેવા. બન્ને પ્રકારની સેવા કરીએ તો જ સેવા પૂર્ણ થયલી કહેવાય નહિ તો ન્યૂન જ કહેવાય. આજકાલ સ્વરૂપસેવા ઉપર જ વિશેષ ધ્યાન આપતામાં આવે છે, નામસેવારૂપ ગ્રંથસેવનનો અભાવ જોવામાં આવે છે, તેથી જ ભગવત્સ્વરૂપનો પણ યથાર્થ અનુભવ થતો નથી. નામ અને રૂપસેવામાં દૃષ્ટાંતરૂપ કુંભનદાસ છે.'

ત્યારપછી મિ. સુંદરદાસે "શ્રીવલ્લભચરિત્ર" ઉપર કહેતાં જણાવ્યું કે 'ધર્મસંબંધી મહાન્ સુધારો કરનારા, આર્ય અને અનાર્ય સર્વ પ્રજા પોતાનું શ્રેય આવા કલિકાલમાં પણ સાધી શકે એવા માર્ગનું દર્શન કરાવનારા, પંડિતશિરોમણિ, પાખંડ મતનું ખંડન કરનાર શ્રીમદ્વલ્લભાચાર્યજીનો પ્રાદુર્ભાવ વિક્રમસંવત્ ૧૫૩૫ માં થયો હતો. તે વખતની ભારતવર્ષની રાજકીય, સામાજીક અને ધાર્મિક સ્થિતિ એવી તો કફોડી હતી કે તેનું વર્ણન કરતાં ખેદમાં ડૂબવું પડે. ચોતરફ રાજકીય ઉથલપાથલો, ધર્મગ્લાનિ, અંધાધુંધી વગેરેથી ભારતવર્ષ આક્રાંત હતું. આવા કઠોર સમયમાં પણ ધર્મભાવનાને ચેતન કરીને ધર્મનું વાસ્તવિક શુદ્ધ સ્વરૂપ બતાવીને નિઃસાધનોનો ઉદ્ધાર કરનાર શ્રીમદ્વલ્લભાધીશ્વર જ હતા. ત્યારપછી તેઓએ શ્રીમદાચાર્યચરણના આશ્રમચતુષ્ટયનો વૃત્તાન્ત કહીને તેઓશ્રીએ સ્થાપેલો ઉત્કૃષ્ટોત્કૃષ્ટ બ્રહ્મવાદ અને ભક્તિમાર્ગની દિવ્યતા બતાવીને વિદ્યાનગરના છેલ્લા આર્ય રાજા કૃષ્ણદેવની વિદ્વત્પરિષદ્‌માં મેળવેલો મહાન્ વિજય વગેરે સર્વ અસરકારક રીતે વર્ણવીને છેવટે આચાર્યસંશ્રયથી જ સર્વ અર્થ સિદ્ધ થશે' એમ જણાવ્યું હતું.

આ સમય ઉપર શાસ્ત્રી પરમાનંદદાસજી "બ્રહ્મસંબંધ" ઉપર વિસ્તૃત ભાષણ આપવાનાં હતા, પરંતુ સમય ઘણો થઈ ગયલો હોવાથી, તેનો ટૂંકામાં સાર કહ્યો હતો. સર્વ શાસ્ત્રોનો સાર બ્રહ્મસંબંધ જ છે. બ્રહ્મસંબંધ વિના મનુષ્યના સર્વ દોષ નિવૃત્ત થતા નથી. શ્રીઠાકુરજીએ સાક્ષાત્ પ્રકટ થઈને શ્રીમહાપ્રભુને બ્રહ્મસંબંધ દીક્ષા આપી છે, અને તેઓશ્રીએ કરુણા કરીને અનેક ભગવદીયોને બ્રહ્મસંબંધ કરાવીને તાર્યા છે.

ઉપસંહારમાં વ્યાવહારિક પ્રમુખે સર્વ ઉપસ્થિત વિષયોની સિંહાવલોકન્યાયે સમાલોચના કરીને જણાવ્યું કે 'શાસ્ત્રી પરમાનંદજી સમયાભાવને લઈને બ્રહ્મસંબંધ ઉપર વિસ્તારથી કહી શક્યા નથી એ ખેદકારક છે. એ વિષય અતિગહન છે' છેવટે એ વિષય ઉપર બે રસિક દૃષ્ટાંતો આપીને પ્રમુખ સાહેબે સિદ્ધ કરી બતાવ્યું કે બ્રહ્મસંબંધદીક્ષા વિનાનો માણસ જન્મમરણના ચક્રમાં પડે છે. તેના વિના માણસની શુદ્ધિ થતી જ નથી, તેના વિના માણસ પિશાચવત્ જીંદગી ગાળે છે'

ત્યારબાદ પ્રમુખે આ પુસ્તકાલયના પ્રવર્તકોનો ઉત્સાહ જોઈને પોતાનો હર્ષ જાહેર કર્યો હતો તત્પશ્ચાત્ પઠન કરતા વિદ્યાર્થીઓને ઉપયોગી ગ્રંથો પારિતોષિકરૂપે આપવામાં આવ્યા હતા. છેવટે શ્રીમદાચાર્યચરણના જયઘોષની સાથે સભા વિસર્જન થઈ હતી.

લીલાવૈચિત્ર્ય.

શ્રીવલ્લભકુલનો છેલ્લાં ૩૦ વર્ષનો જ્ઞાતિવિષયક ઇતિહાસ જાણવા યોગ્ય હોવાથી અત્ર આપવામા આવે છે. સામાન્યતઃ ભટ્ટવર્ગ બાલકોના ઉત્કર્ષથી અને પોતાની ન્યૂનતાથી ભસ્માચ્છાદિત હુતાશનની પેઠે અંતઃપ્રદીપ્ત રહે છે. અત્યાર સુધીમાં જ્ઞાતિમાં થયલા કોલાહલોમાં દીર્ઘદૃષ્ટિથી જોતાં કેટલેક અંશે ભટ્ટવર્ગની પરોત્કર્ષાસહિષ્ણુતા હેતુભૂત છે એમ જણાય છે. પં. ગટ્ટૂલાલજીએ પરંપરાવિષયક અને ઉત્સવવિષયક નિર્મૂલ ચર્ચા ઉત્પન્ન કરીને અને કેટલાક બાલકોને પોતાના પક્ષમાં લઈને ભેદ પડાવ્યો હતો. તે સમયે શ્રીનાથદ્વાર અને કોટા એમ બન્ને પ્રબલ પક્ષ પડ્યા. તેવામાં લોકપ્રિય અને સુપ્રસિદ્ધ ધીમદ્ધૌરેય શ્રીદેવકીનંદનલાલજીએ સમયાનુસાર સાંપ્રદાયિક મર્યાદાનો ભંગ કર્યો એટલે તેઓશ્રીને [1]જ્ઞાતિબહિષ્કૃત કરવામાં આવ્યા. તે વખતે દાઉજીવાલા શ્રીવિઠ્ઠલેશજી પોતાના પુત્ર શ્રીવલ્લભલાલજી માટે જે કન્યા લાવેલા તે માટે કંઈ શક રહેવાથી તેઓશ્રી પણ જ્ઞાતિબહિષ્કૃત જ હતા આ પરિસ્થિતિમા પુષ્ટિમાર્ગના પ્રચંડરશ્મિ શ્રીનૃસિંહલાલજીમહારાજે રાજનગરવાલા શ્રીવ્રજરાયજી મહારાજને વિનતિ કરીને જ્ઞાતિબહિષ્કૃત બાલકો સાથે સુકો વ્યવહાર શરૂ કરાવ્યો. આ પ્રમાણે કેટલોક સમય વ્યતીત થતાં કોટાના પક્ષના ધુરંધર બાલકો લીલાપ્રવિષ્ટ થયા તે કારણે તે પક્ષ શિથિલ થઈ ગયો, અને સર્વ બાલકો [2]નાથદ્વારના પક્ષમા ભલી ગયા. તે સમયે પણ શ્રીવિઠ્ઠલેશજીનું ગૃહ અને શ્રીદેવકીનંદનલાલજીનુ ગૃહ તો બહિષ્કૃત જ હતુ.

છેલ્લા બે વર્ષ થયાં એક નવીન જ કલહ ઉભો થયો છે. અત્રત્ય બૃહન્મન્દિરના મહારાજ શ્રીગોકુલનાથજીના માતુલ ઉપર અભક્ષ્યભક્ષણનો આરોપ મુકીને જ્ઞાતિના અગ્રેસરોએ કોલાહલ મચાવી મુક્યો, અને તેને પરિણામે શ્રીનાથદ્વારાનો પક્ષ તુટ્યો અને અમુક સમયસુધી શ્રીગોકુલનાથજીનું ગૃહ જ્ઞાતિભિન્ન રહ્યું. હાલમા શ્રીનાથદ્વારાધીશે એવો નિર્ણય આપ્યો કે 'સદ્દુ લાલજી પોતાના ઉપર આવી પડેલા આરોપની અસત્યતા પ્રકટ કરવા શ્રીનાથજીનાં ચિત્રજી અને શ્રીયમુનાજલ હસ્તમા લઈને પ્રતિજ્ઞા કરે તો તેમને જ્ઞાતિમાં લઈ લેવા.' લાલાજીમહારાજને આ વાત અતિરુચિકર લાગ્યાથી શ્રીનાથદ્વારાધીશ સમક્ષ ઉપર્યુક્તરીત્યા અનુસરવામા વિલંબ કરવો યોગ્ય લાગ્યો નહિ [3]શ્રીનાથદ્વારાધીશે તાર મારફતે તેમની સાથે વ્યવહાર શરૂ કરવા આજ્ઞા કરી. તેનું પરિપાલન, પહેલાં જેમણે શ્રીગોકુલનાથજી સાથેના સંસર્ગથી પોતાની સર્વ અપરસ કાઢી હતી અને તેમના સામા પક્ષમા ભલવાનું ઉચિત માન્યુ હતું તે જ મહારાજ શ્રીજીવનેશતનુજ શ્રીરણછોડલાલજીએ, કર્યું ! આ અવસરમાં શ્રીગોકુલનાથજીને ત્યાં યજ્ઞોપવીતપ્રસંગ પ્રાપ્ત થયો. શ્રીનાથદ્વારાધીશની આજ્ઞા થયા છતાં પણ જુજ બાલકોએ જ તેમા ભાગ લીધો હતો. શ્રીનાથદ્વારાધીશજીના આ નિર્ણયને લઈને

---

[1] કેટલાક એમ પણ કહે છે કે તેઓ શ્રીબાલકૃષ્ણલાલજીના માતૃશ્રી સાથે મલી ગયા તેથી જ્ઞાતિબહાર થયા.

[2] અત્ર કેટલુંક સૂચન આવશ્યક છે. નાથદ્વારાના પક્ષમાં ભળવા ઇચ્છનાર બાલકો પાસે અમુક ઠરાવો ઉપર સહિ લેવામાં આવે છે. તેમાં વિષ્ણુસ્વામિપરંપરા અને સ્વટિપ્પનીનો સ્વીકાર કરવાનો પણ નિયમ છે, જે નિયમને અંતઃકરણથી અસ્વીકાર્ય જાણવા છતાં બાલકોને સહિ કરવી પડે છે ! !

[3] શ્રીનાથદ્વારાધીશે એ હુકમ પ્રકટ ~~કર્યો પરં~~તુ પોતે તો તેમની સાથેના વ્યવહારથી દૂર રહ્યા છે એમ કર્ણપથ થયુ છે !

કેટલાક બાલકોએ એઓશ્રીને એવુ વિજ્ઞપ્તિપત્ર લખ્યુ કે 'જેવો નિર્ણય લાલજીને માટે પ્રકટ કર્યો તેવો જ નિર્ણય શ્રીદેવકીનંદનલાલજીના અને શ્રીવિઠ્ઠલેશજીના ગૃહ માટે કેમ ન કરવો?' તેઓશ્રી તરફથી કંઇ સંતોષકારક ખુલાસો ન મળતાં રાજનગરવાળા શ્રીમધુસૂદનલાલજી મહારાજે સર્વવિદ્યાવિશારદ શ્રીદેવકીનંદનલાલજીના અગ્રણીત્વ નીચે એક નવો પક્ષ સ્થાપ્યો છે, અને શ્રીવિઠ્ઠલેશજીના ગૃહમાં બિરાજતા શ્રીદ્વારિકેશજી અને શ્રીવાગીશલાલજી સાથે સર્વ વ્યવહાર પ્રારંભ્યો છે. આ ઉપરથી હાલમા ફક્ત બેજ પક્ષ રહ્યા છે. જો કે કેટલાક બાલકો હજુસુધી એકે પક્ષમાં મલ્યા નથી, પરંતુ તે અમુક પક્ષમા મલ્યા સિવાય રહેશે નહિ અમે ઇચ્છીએ છીએ કે બે પક્ષ મટીને એક જ પક્ષ અવલોકવાનો પ્રસંગ સત્વર પ્રાપ્ત થાય

* * *

અત્રત્ય ભગવદ્ધર્મપરાયણ શેઠ ત્રિભુવનદાસજીએ એક વેલાએ શાસ્ત્રીજી મગનલાલભાઇને સામ્પ્રદાયિક કીર્તનકારોના અભાવસંબંધે સૂચના કરી હતી કે, જો કોઇ પણ ભાવુક સામ્પ્રદાયિક કીર્તનો શિખે અને શીખવે તો તેને યથાયોગ્ય બનતી મદદ કરવા હું તત્પર છુ. ખચિત, પ્રાચીન રૂઢિથી યથાસમય નિયમપુરઃસર સારા કીર્તન કરનારાઓનો હાલમા અભાવ જ છે. હાલમા કીર્તનનો રાગ હોય કઇ અને ગવાતો હોય કઇ એવી સ્થિતિ થઇ પડી છે. યવન ગવૈયાઓના કર્ણકટુ અને રાગસ્વરૂપચ્છેદક સ્વરોનુ અનુકરણ કરવામા જ આજકાલના કેટલાક ઉછરતા કીર્તનકારોએ અને તેની જ કદર બૂજવામા તેવા જ મહારાજશ્રીઓએ કર્તવ્યપરાયણતા માની છે!

* * *

પરતુ હવે તો એક એવો માર્ગ પ્રકટ થયો છે, કે કીર્તનીઆઓની જરૂર જ પડે નહિ! ફોનોગ્રાફની એજન્સિવાલો 'ગુજરાતી'માં જાહેર ખબર આપે છે કે મુબાઇના મોટા મંદિરના કીર્તનીઆ મારફતે તૈયાર કરવામા આવેલી સમયસમયના કીર્તનોની પ્લેટો અમારે ત્યાં મલે છે હવે કીર્તનીઆની જરૂર શી? શ્રીઠાકુરજી સમક્ષ તે તે સમયે ફોનોગ્રાફ ધરી દેવું!! પખાવજી કે કીર્તનીઆ રાખવાનુ ખરચ પણ નહિ! એક પંથ ઔર દો કાજ!! ધીરેધીરે પખો પણ વિદ્યુત્‌નો જ રાખવો! વિદ્યુદ્દીપો તો ક્યારનાએ પ્રવેશ્યા છે આનુ થશે ત્યારે જ कालप्रवाहस्था देहचित्तादयोप्युत सर्वथा भक्षयिष्यन्ति એ શ્રીમુખવચન અત્યંત સત્ય થશે. પ્રભુની અનવગાહ્ય લીલાનો પાર કોણ પામે છે?

* * *

વર્તમાન સમય સાકર્યનો છે વર્ણમા સાકર્ય, ધર્મમા સાકર્ય, આશ્રમમા સાકર્ય, મતમા સાકર્ય, સર્વ સ્થલે સાકર્યને સાકર્ય જ પ્રસરતુ જાય છે. સંકરતાપ્રિય પુરુષો પણ વૃદ્ધિ પામતા જાય છે. સમય એવો આવી પ્હોંચ્યો છે કે જનસમૂહનો મોટો ભાગ સંકરતાનેજ વધાવી લે છે! સંકરતાના મિશ્રણ વિનાનુ કોઇ પણ શુદ્ધ મત આ સમયના માણસોને શલ્યવત્ થઈ પડે છે.

આવી રીતે વિશાલતમ પુષ્ટિમાર્ગમાની પણ કેટલીક વ્યક્તિઓ ઉપર્યુક્ત સંકરતાનો આશ્રય લેવા લાગી છે. ભલે સ્વમતનો સ્વર્ગવાસ થાઓ, ભલે સ્વસિદ્ધાંતો ઉપર સમુદ્ર ફરી વળો, પરતુ અમારી પ્રતિષ્ઠા ક્યાં છે? બધા લોકો અમને માન આપે એવો માર્ગ ક્યા છે? धर्मः प्रयातु पाताल कुलं विलयमृच्छतु गौरव रौरव यातु जठर त्वेकमस्तु न । અમારો

સાથ કેમ સધાય ? આવા મલિન વિચારરૂપિ તિમિરથી આધુનિકોનું મન વિચારમૂઢ થયુ છે પરમતસહિષ્ણુતાપગાના પ્રવાહમા ‘ સ્વસિદ્ધાતાપગા ’ ને જોડી દઇને ધર્મનાશાત્મક ક્ષારો દધિને શરણુ કરવામા સ્વહીનતા નયનગોચર થતી નથી ! પ્રભુલીલા વિચિત્ર છે ! !

હાલમા મુંબાઇમાં એક શંકરાચાર્યજી આવ્યા છે. આ શંકરાચાર્ય આપણા મશહૂર શં માધવાતીર્થ જેવા નથી તેઓ તો કહે છે કે ‘ પુષ્ટિમાર્ગ વૈદિક હૈ, સહસ્ર પ્રમાણોંસે ઉસકી વૈદિકતા મેં પ્રતિપાદન કર સકતા હુ ઇ ’ વાચકો આશ્ચર્ય પામશે કે એક અવૈદિક માયાવાદપ્રસારક આચાર્યની ગાદી ઉપરના આચાર્ય આવો અભિપ્રાય પ્રકટ કેમ કરતા હશે ? सामानाधिकरण्य हि तेजस्तिमिरयों कुत तिमिरनु—અંધકારનુ—અને તેજનું ઐક્ય કેમ થાય ? માયાવાદતિમિર બ્રહ્મવાદરૂપ તેજને કેમ સહન કરી શકશે ? ખચિત, સ્વમાર્ગની ઉપર જેને લેશ પણ મમત્વ હશે તેને તો ઉપરના વિચારો પ્રાપ્ત થશે, પરંતુ જેઓ માત્ર પ્રતિષ્ઠાના જ પૂજારી છે, પ્રતિષ્ઠાને અધીન થઈ પોતાની પરમકર્તવ્યપરાયણતાને સ્વાર્થાગ્નિમા હોમવા તત્પર બને છે, તેઓના મનમા આવા શુભ વિચારાંકુરો ક્યાથી ?

જ્યેષ્ઠ માસના એક સપ્તાહમા ઉપર્યુક્ત શંકરાચાર્યે એક વ્યાખ્યાનમાલા યોજી હતી તેમાં અત્રત્ય ગૃહસ્થવર્ગ પણ જોડાયો હતો. ભાષણકર્તાઓ પ્રતિદિન વિવિધ મતના આવતા હતા. આ સનાતની (!) સભામાં અમને ખૂણે ખાચરે કોઇ સ્થલ મલી જાય તો અમારી વૈદિકતા ઉપર લોકો સંશય લાવે નહિ એવા કે પછી પોતાની પ્રસિદ્ધિના ઉદ્દેશથી એતન્માર્ગીય કહેવાતી બે વ્યક્તિઓ પણ આનો લાભ લેવા ચૂકી ન હતી. સદ્ભાગ્યે સ્વકીય ‘ શુદ્ધાદ્વૈતસિદ્ધાતપંડિતતા ’ નો આવિષ્કાર કરવામા તત્પર બનેલી વ્યક્તિનો લાભ માત્ર ૫૦ સંખ્યાના મનુષ્યોએ જ લીધો હતો ! તેમા એતન્માર્ગીયો અને આગેવાન ગૃહસ્થો તો સાભલવા પ્રમાણે આવ્યા જ ન હતા ! બીજી કાવ્યવિખ્યાત વ્યક્તિના વ્યાખ્યાનને દિવસે કોઇ સ્માર્ત વ્યક્તિએ કોલાહલ મચાવી મૂક્યો હતો. આ પ્રમાણે શંકરાચાર્યના કહેવાથી પોતાના મતની શ્રેષ્ઠતા માનનારી વ્યક્તિઓએ એતન્માર્ગને હાનિ પહોંચાડી છે કે તેની પ્રતિષ્ઠા વધારી છે એ વિચારવાનુ અમે વાચકવર્ગને જ સોપીએ છીએ

* * *

બગસરાથી એક વૈષ્ણવ લખી જણાવે છે કે “ પારમાર્થિક કાર્યને માટે જાણીતા થયલા પોરબંદરનિવાસી શેઠસાહેબ ચતુર્ભુજ શિવજીભાઇ કુમાર અમરાવાલા સાહેબના લગ્નપ્રસંગે અત્ર આવતા અત્રત્ય વૈષ્ણવ શાલાનું કામ જોઇ શાળાને એક વરસ સુધી માસિક રૂા. ૧૦)ની મદદ આપવા જાહેર કર્યું છે, અને શાલાનુ કામ જોઇ વિશેષ વૃદ્ધિ પામશે તો વિશેષ મદદ આપવા વચન આપેલુ છે વળી જુનાગઢનિવાસી વકીલ રતનશી માધવજીએ પોતાના પુત્રના લગ્નની ખુશાલીમાં શાલાના વિદ્યાર્થીઓને રૂા. ૧૦)નુ ઇનામ વહેંચ્યુ, અને રૂા. ૫) શાલાફંડમા આપ્યા. રા. માણેકચંદ ભૂરાભાઇએ નીતિસૂર્યમાલાના પંદર પુસ્તકો ભેટ આપેલા છે. જૈનબંધુઓએ ધર્મની વૃદ્ધિને અર્થે ઠેકઠેકાણે જૈન શાળાઓ ખોલેલી છે ત્યારે વૈષ્ણવ ધર્મની વૃદ્ધિને અર્થે અમે ન ભૂલતા હોઇએ તો આવી એકાદ બે જ સંસ્થા છે એ શું થોડુ શોચનીય છે ! વૈષ્ણવ બંધુઓએ શેઠસાહેબ ચતુર્ભુજભાઇને પગલે ચાલી આવી સંસ્થાની વૃદ્ધિને અર્થે યત્નશીલ થવુ ઘટે છે.”

Suddhadwaita-Brahma-Vada.

SWARUPAS OF BRAHMAN

The conception of Brahman in general has been set forth in the foregoing pages, we now proceed to deal with the varying conceptions under which Brahman is described by different sages to whom it revealed itself. The numerous and varying attributes and forms, with which Brahman is described by different sages, do not lead us to believe that in each case the sage describes not the same Brahman It is to the highest glory of Indian genius that in the immense diversity of numerous conceptions it can perceive a way by which not only the conflict is avoided, but a whole and harmonious conception of Brahman answering to all the different descriptions is met with. Thus where an European scholar stands bewildered, the devout Indian sees not only no conflict, but finds a satisfactory way, in which all the diverse passages describe one and the same Brahman. Nay the Indian philosophers believe that all the Upanishads teach one and the same Brahman, *the difference in description varies with the degree of the individual* sage's revalation Again among Indian philosophers the method of harmonising the diverse conceptions of Brahman varies very considerably Sankara divides the texts of the Upanishads into two classes, one referring to the Higher Brahman and the other to the Lower One Where Vedic passages present a negative conception, it is supposed to refer to Higher Brahman, while passages describing Brahman as possessed of positive attributes are supposed to describe the Lower one The conception of a personal God-like Iswara, Creator, etc, refers to the Lower Brahman, which owes its existence to the Sadasat Maya—the indescribable illusion. With the removal of Maya the Lower Brahman drops into a non-entity, and, it then ceases to exist. With Isvara ceases also the conflict of the negative conception with the positive conception. To Sankara, as he is under the spell of Buddhism, the completely negative conception appeals the most By subordinating the affirmative Srutis to negative ones, he works out the so-called ekavakyata—unanimity of the conflicting vedic passages. The merits or drawbacks whatever of this method have been suggested before Ramanuja and Madhva do not find a satisfactory way to get out of this difficulty. They studiously reject the two Brahmans and not unfrequently twist the wording of the holy texts With them the pure adwaita of the Upanishads results in dwaita In this point Sankara seems to have decided advantages over these two philosophers. But the only great drawback in his case is that his is an imaginary distinction. It is not supported by the authority of the learned Vyasa In order to show that it is countenanced by the sutras of Vyasa attention is drawn to sutras like 2-1-13, where by the use of the word 'Lokavat,' it is urged, Vyasa directly hints at the Vyavahara and Paramartha stages, and through them to two Brahmans. But this is far from convincing The truth is that when the case is quite clear, Vyasa simply says 'Lokavat' 'as in the world.' The case is so apparent that Vyasa does not see it necessary to point at any particular examples, like Pata, Kshira, Ahikundala, etc. Again the word 'Lokavat' is used to illustrate what Vyasa wants to propound in that particular sutra, and it is only the sectarian zeal that sees in it a shadow of support to the so-called theory of Vyavahara and Paramartha stages The right way of looking at Brahman is to banish, from one's mind, the ideas of rationation independent of Vedic texts, and to accept Brahman as it is described in the Upanishads. Rightly says Sankara that this Sastra is not based on reasoning as such It is a pity that Sankara in his zeal for Mayavada forgets his own true words The right way to understand Brahman is, to see it as Vyasa does in 2-1-27[1] and 3-2-27. In these sutras Vyasa teaches the Viruddhadharmasrayatva of Brahman. He accepts Brahman to be unchangeable and impartite and still the material cause of the universe on the authority of the Vedic texts, that is, Brahman is possessed of even contradictory attributes. The same principle when applied to the Vedic passages solves the difficulty without the least twist. Vedic passages whether negative like 'It is not so' or affirmative like 'The omniscient, the almighty' describe the same Brahman. The conception of Brahman varies with the individual revalation of each sage Thus sages[2] describe the different aspects-swarupas

---

1. श्रुतेस्तु शब्दमूलत्वात् । उभयव्यपदेशादहिकुण्डलवत् ।

2. एक सत् विप्रा बहुधा वदन्ति ।

of the one and the same Brahman. To evince its supreme glory and greatness, the highest Brahman becomes revealed even in contradictions. The Brahman becomes manifest as simple and complex, one and infinite Though it cannot be compared with anything in the world, still one cannot say that Brahman is not that thing. Unequal to anything in the world, it is equal to a gnat or an elephant Brahman being everything, even contradiction is Brahman. The narrow standard of the undeveloped reason wanting in divine perception is not to be resorted to in its case With this end in view Vyasa plans the first chapter of his Brahma Mimansa, and teaches that Jyotih, Prana, Vaiswanara, and like words are names of Brahman. Their primary significance is that of the supreme deity, but by Saktisankocha—limitation of the power to express the full sense, viz, Brahman,—they have ceased to signify the highest divinity in the world at large, and now these words are understood to signify a variety of objects. To put it clearly, the words like Jyotih, Prana, Vayu, though they are used in the world, as the names of the elements of nature, signify in Brahma-Mimansa, the highest divinity. Thus it is that by showing each and every word to mean the supreme Brahman, Vyasa clearly sets forth the highest truth taught in the famous sentence of the Chandogya, 'verily all this is Brahman.' By showing the Sarva-rupatva of Brahman in the first pada its Adheyatva in the second, Adharatva in the third and finally discarding the Vedic claims of Prakriti of the Sankhya in the fourth, Vyasa works out his Samanvaya-unanimity of all the Vedic passages in signifying the highest principle Brahman Hence words like Antaryamin, Prana, Jyotih, Vaiswanara, Bhuman, Akshara, Akasa, Avyakta, Sukshma Dahara, Prasasaka, Setu, Vidharana, Apahatapapman, though meaning something else elsewhere, express the highest divinity Brahman in Brahmamimansa As Brahman is Satchidananda—these varying conceptions are classified according as sat-portion or chit-portion or ananda-portion is prominent The conception in which sat-portion or chit-portion or ananda-portion is prominent is technically known as Adhi-Bhautika or Adhyatmika or Adhidaivika respectively. Jagat, in which sat-portion is prominent, is the Adhi-Bhautika swarupa of Brahman, Akshara, in which chit-portion is prominent, is the Adhyatmika swarupa of

Brahman, and Purushottama in which ananda-portion is prominent, is the Adhidaivika swarupa of Brahman. Hence in this part only the different swarupas of the same Brahman are mentioned These swarupas are non-separable and non-dual from the Supreme Nirguna Brahman. A brief account of these, swarupas will be suitable to close .the section of Brahman

Jagat-Universe—which we see around us is the Adhi-Bhautika swarupa of Brahman. In it the sat-portion of Brahman is manifest while the chit-portion and the ananda-portion are non-manifest Hence Jagat is non-dual from Brahman. The non-duality[1] of the cause *Brahman and effect Jagat is taught* by Vyasa in 2-1-14 The Universe and Brahman are non-dual on account of words like arambhana, etc. The ananyatva does not mean the unreality of the Universe. Non-duality is a relation, and so it cannot exist between Sankara's existing Brahman and non-existing Universe. The Universe[2] is a form of Brahman. Brahman developed itself into the Universe form for its eternal sport, without itself undergoing the least change. It should[3] not be urged that there would be a confusion between enjoyer and enjoyed on account of the non-duality, for we see in the world that though both are non-dual developments of gold, the Kataka does neither become Kundala nor Kundala Kataka. The variety of effects though the cause is the same is too apparent in the world. The reader's attention will be drawn to this subject further on when we come to describe the Avikrita Parinama Vada

Akshara is the Adhyatmika swarupa of Brahman. Akshara is that form of Brahman having resorted to which the Supreme Lord became Purusha[4] and Prakriti. All the negative Srutis describe this Akshara Non-dual as is akshara from Purushottama, in it the ananda-portion is measured—Ganitananda, while Purushottama is bliss unlimited. By the will of the supreme Brahman, some anand-portion becomes[5] non-manifest,

---

1. तदनन्यत्वमारम्भणशब्दादिभ्य ।
2. तदेवैतत्प्रकारेण भवतीति श्रुतेर्मतम् । सिद्धान्त मुक्तावली
3. भोक्त्रापत्तेरविभाग स्याल्लोकवत् ।
4 प्रकृति. पुरुषश्चोभौ परमात्माऽभवत् पुरा ।
   यद्रूपं समधिष्ठाय तदक्षरमुदीर्यते ॥
5 इयदामननात् ।

as it were when this swarupa is known as Akshara Basing the sutra on the Ananda-Mimansa Vyasa teaches this. Akshara is Brahman itself It is far above the human soul. It is greater than Prakriti and Purusha for both of them develop out of it. It is all-pervading[1], all-light, chit-pradhana It is niranjana, nirakara, nirvisesha, etc. Infinite are the forms of Nirguna Brahman, but it is the Akshara swarupa that a Jnanin tries to reach. When a Jnanin worships Brahman internally, this Akshara becomes manifest in his heart as antaryamin and he achieves what is known as Sadyomukti-emancipation without any perambulation and enters pada of Brahma The emancipation of Sisupala is to be explained in the same light It should not be supposed that the Jnanin does not reach Brahman for Akshara is also a form of Parmatma Just as a river mingles with an ocean losing name and form, and becomes tadrupa (ocean) so the Jnanin loses name and form and becomes Akshara-rupa, This is the highest fruit that the Suddhadwaiti Jnanin achieves.

To a Bhakta however the Akshara swarupa becomes manifest as an abode, 'Vyapi Vaikuntha' of Purushottama in which the Purushottama has his abode It is Dahara in which Sadananda becomes manifest to the Akshara Bhakta. The words like Vyoman, Akasa in the Vedas, and Dhaman in the Geeta are the various forms under which akshara is mentioned as the abode of Purushottama In the

---

आनन्दाशतिरोभाव सत्त्वमात्रेण तत्र हि ।
मुख्यजीवस्तत प्रोक्त सृष्टीच्छावशगो हरि ॥
इच्छामात्रात्तिरोभाव तस्यायमुपचर्यते ।
ब्रह्मकूटस्थाव्यक्तादिशब्दैर्वाच्यो निरन्तरम् ॥
सर्वावरणयुक्तानि तस्मिन्नण्डानि कोटिश ।
मूलाविच्छेदरूपेण तदाधारतया स्थित ॥
प्रभुत्वेन हरे स्फूर्तौ लोकत्वेन तदुद्भव ।
अन्तर्याम्यवतारादिरूपे पादत्वमस्य हि ॥
हसाकृतित्वकथने पुच्छत्व परमात्मन ।
तदुपासनया ज्ञानात् परमात्मत्वमस्य हि ॥
ज्ञानमार्गे त्वेतदेव सेव्यम् × × × × ॥ तत्त्वदीप. 2, 14, 103

The perusal of Vallabhacharya's own commentary and Avarana Bhanga of Purushottomaji on this portion will be interesting to those who want to enter into further details on this point

[1] વ્યાપકરૂપ અદ્વૈત બ્રહ્મ જે તેજોમય કહેવાય આર્યપથ અધિકારી મુનિજન તે માંહે લય થાય વલ્લભાખ્યાન.

Brahmananda Valli Akshara Brahman is described as the Tail of Anandamaya Purshottama. The Anandamaya is described as Hansa and akshara Brahman as its tail, rightly so, because the Hansas and like birds sit on their tails. Sankara's interpretation of this passage in conjunction with the anandamayadhikarana is an example of the horrible twist that that commentator often gives to the sacred writings.

Purushottama is Adhidaivika swarupa of Brahman. This is Anandarupa. It is the Highest Divinity. It is beyond akshara which serves as his abode, when the loving devotees like maids of Gokula or Narada experience the highest bliss. He[*] is greater than kshara and akshara and so known as Purushottama in the loka and the veda Akshara[1] is his Dhaman

These three swarupas of Brahman are beautifully illustrated by Vallabhacharya in his Siddhanta Muktavali on the analogy of the Ganges[2] The waters of the river correspond to Jagat, Sakta to Akshara and the deity to Krishna, another name for Purushottama. The great poet and Bhakta Dayaram[3] also compares Purushottama with the moon, and akshara with the moon light. This means that the highest divinity—Purushottama—who is to be attained through loving devotion alone, becomes 'He'—that is—a personal God—who can be approached by the humblest through pure love The grace of the supreme Lord is so great that for the sake of the loving devotee He does not become manifest before him as all-pervading, but as atmarati, atmakrida, atmanithuna, atmananda. He is Rasa-ananda-bliss, attained through self-sacrificing love alone. He[4] is beyond maya, prakriti, time, space in fact everything that is earthly

---

[*] यस्मात् क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः ।
अतोऽस्मि लोके वेदे प्रथित पुरुषोत्तम ॥ गीता.

Manilal's blind zeal for Mayavada does not even hesitate to twist this clear meaning of the verse.

1. अव्यक्तोऽक्षरमित्युक्तस्तमाहु परमागति यद् गत्वा न निवर्तन्ते तद् धाम परम मम. । गीता

2 यथा जलं तथा सर्वं यथा शक्ता तथा बृहत् ।
यथा देवी तथा कृष्णः ॥ सिद्धान्तमुक्तावली

3. તમારા તો હરિ સર્વે રે અમારા તો હરિ એક જ રહ્યે,
તમો રીઝો ચાંદનીથી રે અમો રીઝીએ ચન્દ્રથી રે. દયારામભાઈ.

4. न यत्र माया, न यत्र कालो, etc Bhagvata.

શ્રીમદ્વલ્લભાચાર્યગ્રંથરત્નમાલા.

આ ગ્રંથમાલાનાં અત્યાર સુધીમાં પાંચ રત્નો પ્રકટ થઈ ગયા છે, અને જે રત્નો મુદ્રિત થાય છે પ્રકટ થયલા ગ્રંથરત્નો કિંવિષયક છે અને તેનું નોછાવર શું છે વગેરે અત્ર જણાવવામાં આવે છે.

૧. **गायत्रीभाष्य**—દ્વિજમાત્રને પરમપ્રેષ્ઠ ગાયત્રી મંત્રનો ગૂઢ આશય આ ગ્રંથમાં છે. શ્રીમદ્વલ્લભાચાર્યચરણ, શ્રીમત્પ્રભુચરણ, અને વિદ્વત્કેસરી શ્રી પુરુષોત્તમજીની સંસ્કૃત ટીકાઓ અને તે સર્વનો ગુર્જર ભાષામાં અનુવાદ શાસ્ત્રીજી મગનલાલભાઈએ આઠેક વર્ષ ઉપર કર્યો હતો. તેનું નોછાવર માત્ર પોસ્ટેજ સાથે દોઢ આનો છે. (પ્રથમ આવૃત્તિની નકલો થઈ રહેવાથી તેની બીજી આવૃત્તિ સાત સંસ્કૃત ટીકાઓ સાથે નિર્ણયસાગર પ્રેસમાં છપાય છે)

૨ **श्रीमद्भगवद्गीता, तत्त्वदीपादिसहिता** આ ગ્રંથમાં શ્રીમદ્વલ્લભાધીશ્વરકૃત તત્ત્વદીપ અને ન્યાસાદેશ, શ્રીપ્રભુચરણકૃત ન્યાસાદેશટીકા અને શ્રીપુરુષોત્તમજીકૃત ન્યાસાદેશટીકાવિવરણ વગેરે સંસ્કૃત સાહિત્ય સાથે શ્રીવલ્લભજીકૃત સમગ્ર ગીતાટીકા પણ છે. ગીતામૃતતરંગિણી સિવાયનું એતન્માર્ગીય સર્વ ગીતાસાહિત્ય આ ગ્રંથમાં છે. નોછાવર રૂ ૦-૮-૦ પોસ્ટેજ ૦-૧-૬.

૩ **श्रीमत्प्रस्थानरत्नाकर**—દશદિગંતવિજયી પંડિતપ્રવર શ્રીપુરુષોત્તમજીએ રચ્યો છે આ ગ્રંથમાં અનેક મતમતાંતરોના નિદર્શન સહિત સાંપ્રદાયિક મંતવ્ય સુવિસ્તૃત અને સપ્રમાણ નિરૂપણ કરવામાં આવ્યું છે આ ગ્રંથ દુર્લભપ્રાય અને વિદ્વત્કેસરીઓના માનને પણ મર્દન કરનારો છે. ગ્રંથ સંસ્કૃત ભાષામાં છે. નોછાવર રૂ. ૦-૮-૦ પોસ્ટેજ રૂ ૦-૧-૦

૪. **श्रीमद्वल्लभाचार्यचरित**—આ ગ્રંથ શ્રીગુસાંઈજીના સેવક શ્રીમુરલીધરદાસજીએ રચેલો છે શ્રીમદ્વલ્લભાચાર્યના દિવ્ય ચરિત્રનું સરલ સંસ્કૃત ભાષામાં વર્ણન કરવામાં આવ્યું છે આ ગ્રંથ ત્રાવણકોરની લાયબ્રેરીમાંથી ભા. મા. વે. ભ. પં. ગટ્ટુલાલજીના શિષ્ય વિઠ્ઠલદાસે ઉતરાવી મંગાવેલો હતો. આનું નોછાવર માત્ર રૂ ૦-૧-૬ પોસ્ટેજ સાથે

૫ **अधिकरणसंग्रह**—આ ગ્રંથના કર્તા તૃતીયપીઠના ભૂતપૂર્વ અધીશ્વર શ્રીવ્રજભૂષણજી મહારાજના સેવક શ્રીદ્વારકાધીશના મુખ્યાજી, નાગર બ્રાહ્મણ, પરમભગવદીય શ્રીશ્રીનિર્ભયરામ ભટ્ટ છે, આ ગ્રંથમાં શ્રીમદ્વલ્લભાધીશ્વરવિરચિત અણુભાષ્યના અધિકરણોનો સૂક્ષ્મ અને સરલ સંસ્કૃત ભાષામાં સાર આપ્યો છે આના મનનથી અણુભાષ્યમાં પ્રવેશ સુગમ થાય છે વિશેષમાં ગ્રંથકાર વિષ્ણુસ્વામિપરંપરાથી વિરુદ્ધ સારો પ્રકાશ પાડે છે, અને તેને માટે સવિસ્તર પણ એક સ્ફોટ ઉપોદ્ઘાત લખે છે વિષ્ણુસ્વામિપરંપરાનો આગ્રહ કરનારાઓએ આ ગ્રંથ એકવાર અવશ્ય વાંચવો, એમ અમારી સૂચના છે ગ્રંથ ઉપર સરલ સંસ્કૃતમાં એક પ્રસ્તાવના શાસ્ત્રી વસંતરામે લખી છે, તેમાં તે ગ્રંથકારના આશયને વિશેષ વિશદ કર્યો છે નોછાવર માત્ર રૂ. ૦-૪-૬ પોસ્ટેજ સાથે

આ ગ્રંથમાલા તરફથી જે ગ્રંથો પ્રકટ થાય તેનો દરેક સદ્ગૃહસ્થે અને પુષ્ટિમાર્ગીય પુસ્તકાલયે સંગ્રહ કરીને આ ગ્રંથમાલાને ઉત્તેજન આપવું જોઈએ.

Reg. No. B. 896.

श्रीकृष्णस्तु भगवान्स्वयम्.

મનુષ્યનું કર્તવ્ય અને ધર્મજિજ્ઞાસા.

લેખક—ધીરજલાલ વ્રજદાસ સાંકલીઆ બી. એ, એલ એલ બી.
વકીલ-હાઇકોર્ટ.

“પુષ્ટિભક્તિસુધા”મા ત્રણ વર્ષ થયા આવતો આ લેખ વૈષ્ણવોએ આનંદથી વાંચ્યો છે, અને તેને સામટો છપાવી પ્રસિદ્ધ કરવાની ઘણી માગણી થવાથી અમે તે કામ માથે લીધું છે, અને સુધારા વધારા સાથે તે છપાવવાનું કામ ચાલુ છે, અને તે જુલાઈ આખરમા છપાઇ બહાર પડશે. આ જમાનાના યુવાનોને, તેમ જ સર્વ વિચારશીલ સજ્જનોને, વૈષ્ણવોને, અને ધર્મ સમજવાની ઇચ્છાવાળા ગ્રેજ્યુએટોને આ લેખ ઘણો જ ઉપયોગી છે ધર્મની વિવિધ બાબતોની શંકાનું સંતોષકારક રીતે સમાધાન આ લેખથી થાય છે, અને વાર્તાની મનહર શૈલીથી, અને સંવાદની ચિત્તાકર્ષક રીતિથી લખાયેલો આ લેખ સર્વને આનંદ સાથે શુદ્ધજ્ઞાન સરલતાથી આપે છે એ લેખમા ધર્મ, ધર્મના મૂલ તત્વો, કર્તવ્ય, ભક્તિ, પુષ્ટિ, પ્રેમ, શૃંગાર, વિષય, વગેરે સર્વ બાબતોનું અનુપમ વર્ણન કર્યું છે, અને સર્વ બાબતોનું સમાધાન મનગમતી યુક્તિથી તેમ જ ઉપનિષદ, બ્રહ્મસૂત્રો, ગીતા અને પુરાણોના પ્રમાણોથી કરવામા આવ્યું છે. સુંદર પાકા બાઇન્ડીંગવાળો આશરે ૨૫૦ (ડેમી ૧૨ પેજી) પૃષ્ઠનો ગ્રંથ સર્વને વાંચવા લાયક, સંગ્રહ કરવા લાયક તેમ જ ભેટ આપવા લાયક થશે. આગળથી પૈસા મોકલી નામ નોંધાવી ગ્રાહક થનાર પાસે કિંમત માત્ર ૮) આના. જુલાઇ આખર સુધી માત્ર, નામ નોંધાવી ગ્રાહક થનાર પાસે ૧૦ આના, પાછળથી ૧૨) આના.

ત્રિભોવનદાસ પીતાંબરદાસ શાહ.
મંત્રી પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય
નડીઆદ.

વર્ષ ૪ થું] શ્રીકૃષ્ણાબ્દ ૫૧૩૯, આષાઢ

पुष्टिभक्तिसुधा.

કૃષ્ણ ૧૧, શ્રીવલ્લભાબ્દ ૪૩૬, અંક ૪.]

नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न वहुना श्रुतेन
यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा वृणुते तनुं स्वाम् ॥१॥
नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया
शक्य एवंविधो द्रष्टुं दृष्टवानसि मां यथा ॥ २ ॥
भक्त्या त्वनन्यया शक्यः अहमेवंविधोऽर्जुन ।
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परंतप ॥ ३ ॥

તંત્રી તથા પ્રકાશક
વાડીલાલ નગીનદાસ શાહ,
બી.એ., એલ્.એલ્.બી., વકીલ, હાઇકોર્ટ
મુંબાઈ.

પ્રત ૧૦૦૦

◆

નોછાવર રૂ. ૨-૦-૦ છુટક અંકના રૂ. ૦-૪-૦

Printed by Somalal Mangaldas Shah at the Gujarat Printing Press AHMEDABAD
and published by Vadilal N. Shah B.A. LL.B., Princess Street BOMBAY

आवश्यक निवेदन.

૧ આ માસિક સંબંધી સઘળો પત્રવ્યવહાર પ્રકાશકને નામે કરવો.

૨ આ માસિક દરેક માસની કૃષ્ણ એકાદશીએ પ્રકટ થાય છે

૩. આ માસિકમા છપાવવાને આવેલા લેખો લેવા ન લેવા તેમ જ તેમા યોગ્ય સુધારોવધારો કરવો પ્રકાશકની ઇચ્છાધીન છે.

૪. શ્રીમદ્વલ્લભાચાર્યજીના સિદ્ધાન્તાનુસાર જ લેખ લેવામા આવશે.

૫ વર્ષનું નોછાવર પ્રથમથી લેવામાં આવે છે

૬ આ માસિકના પરિવર્તનમા જેમના તરફથી માસિક વા પત્ર મળશે તેમને વગર-નોછાવરે આ માસિક મોકલવામા આવશે.

૭. કોઇ પણ બાબતની ખબર મગાવવી હોય તો જવાબને સારૂ ટિકિટ બિડવી, તે સિવાય જવાબ આપવામા આવશે નહિ

૮ આ માસિકમા જાહેર ખબર છપાવવી હોય કે હેન્ડબિલ વહેંચાવવાં હોય તેમણે પ્રકાશકને લખવુ અથવા મળવુ

પુષ્ટિભક્તિસુધાકાર્યાલય,
પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબાઇ.
પ્રકાશક.

અનુક્રમણિકા.

વિષયો. લેખકો.

૧. શ્રીગુસાંઇજીના પત્રો .. ... વે. શા. સં. ગણપતિરામ કાશીદાસ શાસ્ત્રી.
૨ દયારામભાઇનાં કાવ્ય. : ... વે. શા. સં. વસંતરામ હરિકૃષ્ણ શાસ્ત્રી.
૩. શ્રીહરિરાયજી ઉપર પત્ર . " " "
૪ નિતકાપિતશ્રીને વિનતિપત્ર... ... ગ. રા. મૂલચંદ તુલસીદાસ તેલીવાલા B. A.
૫ રતિપથ... ... ... Mr. D B A., L L. B.
High Court Pleader
૬. શ્રી સ્વામિનીપ્રાર્થનાષ્ટક ... વે. શા. સં. અવધરામ ભૂધરજી શાસ્ત્રી.
૭. લીલાચિત્ર .. .. રા. લીલાલોચક.

ફાર્બસ ગુજરાતી સભા
વિઠ્ઠલભાઈ
પટેલ રોડ.
મુંબઈ ૪

॥ श्रीकृष्णाय नमः ॥

॥ श्रीमद्विट्ठलेश्वराणां पत्राणि ॥

(१)

॥ श्रीगोपीजनवल्लभाय नमः ॥

अजनिरजनिः प्रादुर्भूतं तमो विजना दिश-
स्त्वमसि चतुरा चाहं सङ्गाभिलापवती मुहुः ।
तदपि तु यदप्राप्तिः प्रेष्ठस्य मे सुविचारितं
प्रियसखि परीरम्भारम्भे विधेरविधेयता ॥१॥
त्वत्तो नान्यामहं पश्ये राधाबाधावरोधिनीम् ।
तत् त्वं यथैव मत्प्राणो मिलत्येव तथा कुरु ॥२॥

स्वस्ति श्रीमच्छ्रीगोवर्धनोद्धरणधीरचरणसेवकेषु श्रीकृष्णदासरामदासकेशवदासमाधवदासगौतमदासभगवद्दासराघवदासलक्ष्मणयादवदासखनूनरसिंहदासगोपालदासश्रीमताखीलूप्रभृतिषु विट्ठलानां कुशलवार्ताभिज्ञापकोयं लेखः ॥

भद्रमिह, भावत्कमाशास्महे। गृहोपविष्टे भगवत्यहमागच्छन् स्थितः तदा सत्यभामाया विवाहवार्तोपस्थिता तेनागमनमधुनैव नाभूत्। माघेयदिवि विवाहो भविष्यति। तदा तदनन्तरं भाव्यं चेद्भविष्यति। मया आगन्तव्यम्। अन्योन्यं प्रीत्या सेवा कर्तव्या। पुरुषोत्तमादयः कुशलिनः। काशीश्वरेषु रघुनन्दने च नतयो निवेदनीयाः। किमधिकं ?

श्रीगोपीजनवल्लभाय नमः मार्ग-वदि १३ मथुरामल्लानां नतयः ॥

त्वदीयमधुसूक्तिभिर्व्रजजनेशसङ्गाशया
मनोजशरपीडिता कथमपि स्थिता मेसवः ।
अतः परमये यदि प्रियतमाङ्गसङ्गो भवे-
त्तदैव मम जीवितं विरहितादशाहीकरम् ॥१॥

॥ इति श्रीमत्प्रभुचरणश्रीविट्ठलेश्वराणां पत्रम् ॥

(२)

॥ श्रीगोपीजनवल्लभाय नमः ॥

स्वस्ति श्रीगिरिधरादिष्वाशिषः। शमिह, भावत्कं तदाशास्महे। मदागमा-

नानन्तरं कथं स्थितो गिरिधरः ? कदा किं गृहीतवान्न वा ? रात्रौ च किं वृत्तं ? उपचारविशेषः कः कृतः ? निद्रा सम्पन्ना ? पूर्ववन्नैर्बल्याभावोस्ति ज्वराभावश्च ? विद्याधरः किं वदति ? स्वामिदास आगतो न वा ? आगत्य वा किमुक्तवान् ? किं कृतवानित्यादि सर्वं लेखनीयम् । भृगुवारे दिवावृत्तान्तः सर्वोपि रात्रिवृत्तान्तश्च । अस्मिन् पर्याये मद्धृदि भयं चिन्ता चातिशय्येन जायते । सेवानन्तरं तत्रागमने भद्रासांमुख्यमग्रे च शनिवासर इति दिन २ स्थीयते तथा विधेयम् । भोगसामग्री सम्यक् दृष्ट्वा देया । यथाशक्ति सर्वे भोगा निर्वाह्याः । चतुर्थप्रहरे मक्षिकामार्जनार्थं कश्चिन्नियोज्यः । यदि यमुनाजलनिर्वाहः सेवकैर्भवति तदा तथैव कार्यम् । परं त्वतिकष्टेन न कार्यम् । मत्स्वामिनः कोमलस्वभावात् । अन्यच्च, यवनादयो भगवद्द्वारे आगच्छन्ति तदा यथापूर्वकं भाषणमिलनप्रसादादिकं कार्यं, यद्यपि हार्दं न भवति तथापि बाह्यतोपि कार्यम् । सावधानैः सदा परस्परं सस्नेहैरवहिर्दृष्टिभिः भगवत्सेवापरैः स्थेयम् । चिन्ता कापि न कार्या । अहं यथा शीघ्रं दर्शनं प्राप्नोमि तथा विधेयम् । प्रत्यहं भगवत्स्वधिकं किं लिखामि ? स्वभाग्योदये शीघ्रमेवागमिष्यामि । चिन्ता कापि न कार्या । पत्रं मुहुः प्रेषणीयम् । तत्रत्यः सर्वः समाचारो लेखनीयः । हरिवंशस्य नतयः । अत्राहं दुग्धं बहु पिबामि । रामदासः पायसादिकं सर्वं गृह्णातु । दुग्धोदनप्रसादो कृष्णदासस्यापि मध्ये मध्ये देयः । सर्वैः कृष्णदासस्याज्ञायां स्थातव्यम् । मर्यादायां सर्वैः स्थेयम् ।

इति श्रीमत्प्रभुचरणश्रीविट्ठलेश्वराणां पत्रम् ॥

(३)

॥ श्रीकृष्णाय नमः ॥ स्वस्ति श्रीविट्ठलदीक्षितानां गिरिधरश्रीगोविन्दबालकृष्णश्रीवल्लभरघुनाथयदुनाथघनश्याममुरलीधरकल्याणरायगोकुलोत्सवद्वारकेश्वरादिष्वाशिषः । शमिह, भवदीयं भद्रं सततमाशास्महे । प्रभुसेवा सम्यक् कर्तव्या । भोगादिविषयको विचारः सावधानतया कर्तव्यः । सेवकाः सर्वे यथा मर्यादां न त्यजन्ति तथा कार्यम् । स्थलविचारं कृत्वा यदुनाथगृहं कारणीयम् । अत्रत्यः समाचारः सर्वश्चम्पादिमुखाच्छ्रोतव्यः । तत्रापि वीरबरराजस्य पूर्वापेक्षया भूयसी प्रपत्तिर्द्रष्टव्या । रायपुरुषोत्तमस्यापि तथैव प्रपत्तिर्दृष्टा वीरबरेणोक्तमस्ति 'मह्यं सदाज्ञापत्रं गिरिधरा यथा लिखन्ति तथा भवद्भिर्लेखनीयम्' इति । तेन यद्यत्यावश्यकं कार्यं भवति तदा तथा लेखनीयम् । अपरञ्च, गोविन्दभट्टादिभिर्मत्समं समागमनार्थं भूयानाग्रहः कृतः । उष्णकाले पाकजः क्लेशो भविष्यतीति तत्र मया

बहुधा निषिद्धास्तथापि स्वाग्रहेण वासुदेवः सङ्गे समागच्छति । तत्र वासुदेवमातुरनुज्ञा न गृहीतास्तीति मन्मनसि खेदो भवति सङ्कोचस्तत्र ममाशक्यतया मया वासुदेवो नीयते । तेन भवद्भिस्तन्मातुः समाधानं कार्यम् । भवद्भिश्चिन्ता न कार्या । शीघ्रमेवागमिष्यामः । श्रीगोकुलनाथोऽस्माकमैहिकं पारलौकिकं च स्वयमेव जातोस्तीति किमस्माकं विचारणीयमस्ति ? अहोरात्रे सेवका अन्तर्बहिश्च सावधानाः स्थापनीयाः । किमधिकं ? फाल्गुन सुदि १ । यमुनादिषु वैकुंठादिष्वाशिषः । गोविन्दभट्टगणेशभट्टौ रायपुरुषोत्तमवीरवरराजयोर्निकटे सपदि तिष्ठतः ॥

इति श्रीविट्ठलनाथानां पत्रम् ॥

(४)

श्रीकृष्णाय नमः । स्वस्ति श्रीगोवर्धननाथपादपद्मरागेषु श्रीकृष्णदासरामदासग्वालभट्टनरसिंहदासयादवदासराघवदासगोपीनाथदासकेशवदासमाधवदाससन्तदासहरिदासगोपालदासस्वामिदासमनालालदासभीष्मगोवर्धनधारिदास अजयादामोददाससधूकुम्भनाप्रभृतिषु श्रीविट्ठलानामाशिषां कोटिः । भद्रमिह । भावत्कं सततमाशास्महे । अपरञ्च, सेवा सम्यक् कार्या ॥ ग्वालभट्टः सम्यक् शाकादिसेवां करोतीति श्रुतं तेन सन्तोषो जातः । सम्यक् शिक्षणीयश्च । अग्रे व्यञ्जनादिकं यथा भवति तथा विधेयम् । भोगसामग्र्यादि सम्यक् दृष्ट्वा देयम् । यथाशक्ति सर्वे भोगा निर्वाह्याः । चतुर्थप्रहरे मक्षिकामार्जनार्थं कश्चिन्नियोज्यः । यदि यमुनाजलनिर्वाहः सेवकैर्भवति तदा तथैव कार्यम् । परं त्वतिकष्टेन न कार्यम् । मत्स्वामिनः कोमलस्वभावत्वात् । अन्यच्च, यवनादयो भगवद्द्वारे आगच्छन्ति तथा यथापूर्वं भाषणमिलनप्रसादादिकं कार्यम् । यद्यपि हार्दं न भवति, तथापि बाह्यतोपि कार्यम् । सावधानैः सदा परस्परं सस्नेहैर्बहिर्दृष्टिभिः भगवत्सेवापरैः स्थेयम् । चिन्ता कापि न कार्या । गोकुलजीवनः सर्वं भद्रमेव करिष्यति । अहं यथा शीघ्रं दर्शनं प्राप्नोमि तथा विधेयं प्रत्यहम् । भवत्स्वधिकं किं लिखामि ? स्वभाग्योदये शीघ्रमेवागमिष्यामि । चिन्ता कापि न कार्या । पत्रं मुहुः प्रेषणीयम् । तत्रत्यसमाचारो लेखनीयः । हरिवंशस्य नतयः । अत्राहं दुग्धं बहु पिबामि । रामदासः पायसादिकं सर्वं गृह्णातु । दुग्धोदनप्रसादः कृष्णदासस्यापि देयः । सर्वैः कृष्णदासस्याज्ञायां स्थातव्यम् । मर्यादायां सर्वैः स्थेयम् । ॥ श्रीविट्ठलानां पत्रं सम्पूर्णम् ॥

દયારામભાઇનાં કાવ્ય.

वर्षाऋतुवर्णन.

શ્રીગુરુ વલ્લભદેવના પદ પ્રણમું સુરંગ,
તથા શ્રીવિઠ્ઠલ શ્રીગોપીજનવલ્લભ સંગે. ૧
દો સુમનીષા શુભ ગિરા અતિ આનંદકારી,
ષડ્ઋતુ વિરહ વર્ણન કરૂં કાંઇ શ્રીવ્રજનારી. ૨
શ્રીરાધા કહે સુણો સખિ લલિતાદિ વિશાખા,
આવી વર્ષાશ્રી મૃષા હુવે અમર અભિલાષા. ૩
આ ઋતુમા જ કરી પરી હરિનંદકુમાર;
તો શી હુવે હણતાં મને પલ મારને વાર. ૪
આવ્યું કટક જો આ કટકટી મનમથ પથ વ્યોમ,
સુણી ચોપદાર પોકાર એ કેકી તેડે છે ભોમ. ૫
એ ના ગગન ગડગડે મનોભવના નિશાન;
ચપલા ના જરી ધ્વજ ફરહરે જોઈ થરહરે પ્રાણ. ૬
ગાન કરે પિક અપ્સરા દે દાદુર કરતાલ;
સાજ અવર દ્વિજ જે વદે સુણો મદનભૂપાલ. ૭

---

૧. શ્રીમહાપ્રભુજીનાં ચરણને અંત્યત સ્નેહથી પ્રણમુ છુ. અને સાથે જ શ્રીગુસાંઇજી અને શ્રીગોપીજનપ્રાણેશને પણ પ્રણમુ છુ.

૨. અત્યંત આનંદકારી સારી બુદ્ધિ અને શુભ વાણી મને પ્રભુ આપો, કે જેથીં શ્રીસ્વામિનીજીના ષડ્ઋતુમાં થનારા વિરહનુ હું કાંઇ વર્ણન કરૂ.

૩ શ્રીસ્વામિનીજી કહે છે કે હે લલિતા પ્રભૃતિ સખીઓ, હે વિશાખા, વર્ષાઋતુની શ્રી–શોભા હવે આવી પહોચી, વર્ષાની શોભા છવરાઇ રહેવા લાગી, હવે આપણી આશા મિથ્યા છે, પરંતુ તે અમર છે, માટે કંઇ હરકત નથી

૪. નંદનંદનપ્રભુએ મને આ ઋતુમા જ દૂર કરી છે દૂર થયલી મને મારતા કામદેવને હવે પલની પણ વાર શી થવાની ?

૫. આકાશ–વાદલ કામદેવના માર્ગે થઇને ગર્જના કરતુ કટક–પર્વતના નિતંબ ભાગ ઉપર આવ્યુ તેનો પોકાર સાભળીને તેનો ચોપદાર મોર તેને પૃથ્વી ઉપર તેડે છે કટકનો 'સેના' અર્થ એક ટીકાકારે કર્યો છે તે સંદિગ્ધ છે.

૬. એ આકાશ ગડગડતુ નથી, પણ કામદેવના નિશાને ગડગડે છે ! વિજલી ચમકતી નથી, પણ કામદેવનો જરીનો વાવટો ફરકે છે. જેને જોઇને મારા પ્રાણ કંપે છે !

૭. કોયલરૂપ અપ્સરાઓ ગાન ગાય છે દેડકાઓ કરતાલ વગાડે છે અને બીજા પક્ષીઓ જે બોલે છે, તે સૂર પૂરવાના સાજ છે હે સખીઓ, સાભલો, ખચિત જ આ કામરાજા વિના બીજુ કોઇ હોય જ નહિ

છલવા મને સ્મર જો રચી એ અજા વિપરીત,
પ્રિયતમવર્ણ વિયત્ કર્યું જાણે ધનુ પટપીત. ૮
મુક્તમાલ બકપંક્તિ અભ્ર ગોછબિ લાવે,
ચાતક પિયુ પિયુ કહી સખિ મને પ્રતીત ઉપજાવે. ૯
પડી ઝડી જો આ શરતણી નહિ એ અંબુદધારા;
સુસવાટા સાંગ એ સમીરના લેશે વૈ અસુ મારા. ૧૦
પહેર્યાં નીલાંબર જો ધરા લહી પ્રિયરસ માતી,
ઇંદ્રગોપના એ સુંદરી ચિરમાં રંગ રાતી. ૧૧
વલગી વૃક્ષ જોને વેલડી મારી બેલડી તૂટી,
કૃષ્ણ વિના લખી સુખ સખિ લીધું કંદર્પે લૂટી. ૧૨
હરિસંગે હિંડોલે હીંચતી સિંચતી દગ્ જ્યારે;
મુખથકી લઇ સમારતા કચ કેશવ ત્યારે. ૧૩
માન શિક્ષા તું રક્ષા તજી હે આલિ હઠ રખે લેતી;
મુજ મળ્યો વિરહ અમર થશે માટે કહું સુણ નેતિ. ૧૪

---

૮. મને છેતરવાને કામદેવે વળી આકાશમાં કંઈ ઓર જ તરેહની કપટજાલ રચી છે. આખા આકાશને મારા પ્રાણેશના વર્ણ સરખું શ્યામ કર્યું છે અને રંગબેરંગી ધનુષથી જાણે પીતાંબર પહેરાવ્યું હોયને શું એમ લાગે છે

૯. શ્વેત બગલાઓની હાર મોતીની માલા સરખી લાગે છે. વાદલાં ગાયની છબિ લાવે છે હે સખિ, ચાતક પણ 'પિયુ પિયુ' કહીને મને વિશ્વાસ ઉપજાવે છે. અર્થાત્ કામદેવ આવું કરીને મને પોતાની પાસે બોલાવે છે.

૧૦. આ વર્ષાદની ધારા નથી, પણ કામદેવના બાણોની ઝડી પડે છે. વાયુના સુસવાટા નથી, પણ સાંગ આયુધના છે. ખચિત, તે મારા પ્રાણ લેશે.

૧૧ પૃથ્વીએ નીલાંબર પહેર્યાં છે તે જો પ્રિય-મેઘના રસથી-જલથી મત્ત થઇ છે. એ સુંદરી વળી ચિરમાં પણ ઇંદ્રગોપના (એટલે ઇંદ્રના મેઘના સંધ્યાકાલે ખુલવાના-ગોપના-ગ્રામના) રંગે રાતી-લાલ બની છે. આનો સ્પષ્ટ અર્થ ન સમજ્યાથી એક લેખકે દોડાવેલા કલ્પનાના તુરંગો જોવા જેવા છે !

૧૨. લતા-વેલ વૃક્ષને વળગી પડી છે, પણ કૃષ્ણ વિના મારી બેલડી તૂટી છે મારું બેલી કોઇ નથી. હે સખિ, તું લક્ષીને જો, તો તને જણાશે કે મારૂં સુખ કામે લૂટી લીધું છે.

૧૩. જ્યારે પ્રભુ સાથે-ત્રિલોકાધીશ સાથે હિંડોલે હીંચતી, જ્યારે દૃષ્ટિને સિંચતી પ્રભુના સ્વરૂપમાં સ્થિર કરતી, ત્યારે મારા મુખ ઉપર આવેલા કેશોને કેશવ સમારતા. અર્થાત્ મુખ ઉપરથી ખસેડતા.

૧૪. હે સખિ, મારું રક્ષણ છોડી દે. મારી શિક્ષા માન. ખાલી હઠ ન લે. મને પ્રભુ તરફથી મળેલો વિપ્રયોગ અમર થશે, માટે કહું છું તે સાંભળ અને તું મારે વાસ્તે કંઇ ન કર.

શાર્દૂલ.

જાણીને ઘન ગર્જ દુઃખ મુજને તન ત્યાગ્યું પંચાનને,
મારો ચિત્તચકોર કલેશ પ્રચુર આણી ઉદાસી રહે,
પ્રાવૃટ્ પાવકથી અધિક મુજને દે કષ્ટ વાહાલા વિના,
નિર્દય નંદકિશોર ચોરી ચિત્તને માણે મધુપુરીમાં. ૧૫

માલિની.

ઘન તેમ ઘનશ્યામ એ કર્યું એક કામ,
તમ વિરહ અગાધા મુગ્ધ કરી જગત્ રાધા;
નિશદિન કો ન જાણે ઉભય એક જ પ્રમાણે,
સખી અહીં સમજાવે કોક ભવને બતાવે. ૧૬

*प्रबोधबावनी.

कुण्डलीआ.

'શ્રીગુરુ ગોવિંદ સ્મરતાં સકલ મનોરથ સિદ્ધ,'
સકલ મનોરથ સિદ્ધ થાય શુભ બુદ્ધિ પ્રકાશે;
મહામંગલ આનંદ હોય દુઃખ દુષ્કૃત નાશે;
જગત ઉખાણે જટિત રચિત આ મનઃપ્રબોધિની;
રાધાવરરતિકરણી પ્રીતિ પ્રપંચનિરોધિની,[1]

---

૧૫. ઘનગર્જનાથી થતા-વધતા મારા દુખને જાણીને (ઘનનો પ્રતીકાર કરવામાં અશક્ત) સિંહે શરીર ત્યજ્યુ. સિંહ જેવા ક્રૂર પ્રાણિને દયા આવી પણ પ્રભુને ન આવી. મારો ચિત્તચકોર કલેશ લાવીને ઉદાસ રહ્યા કરે છે. વહાલા વિનાં વર્ષાઋતુ અગ્નિથી પણ વધારે કષ્ટ દે છે-બાલે છે આટલુ છતાં નંદકિશોર તો મારૂં ચિત્ત ચોરીને નિર્દય થઇને મથુરામાં માણે છે, મોજશોખ ભોગવે છે.

૧૬. ઘન-મેઘ જેવો છે તેવા જ મેઘના સરખા શ્યામ પ્રભુ છે. બન્નેએ સંપીને એક કાર્ય કરવા માંડ્યુ છે શ્રીકૃષ્ણ વિરહથી રાધાજીને મુગ્ધ કરે છે ત્યારે મેઘ અંધકારથી જગત્‌ને મોહ પમાડે છે. નિશદિન કોઇ કંઇ સમજતું નથી. બન્ને એક જ રીતે પોતાનુ કાર્ય કરે છે. હવે સખી રાધિકાજીને સમજાવે છે અને ચક્રવાકપક્ષીના સંસારને દેખાડે છે. રાત્રિ પડતા ચક્રવાક અને તેની સ્રી વચ્ચે અતિશય વિરહવિભાવસુ પ્રકટે છે, એ પ્રસિદ્ધ છે સવાર થતાં જેમ બન્ને પક્ષીઓ મલે છે તેમ તમને પણ પ્રિય મલશે.

*આ ગ્રંથમાં ભક્ત કવિવરે બાવન કહેવતોનો ભક્તિમાર્ગનાં તત્ત્વો સમજાવવામાં ઉપયોગ કર્યો છે. પ્રથમ કહેવત મુકીને તેનો તાત્પર્યાર્થ ભક્તિમાર્ગમાં ઉતારવાનુ કૌશલ્ય આ કવિવર સિવાય અન્ય કોઇ પણ ગુર્જર કવિએ કરેલુ જણાતું નથી.

[1] જગત્‌માંથી આસક્તિ ઉઠાવીને રાધાવરમાં પ્રીતિ કરાવનારી.

નિરોધ કરવા ચિત્તને દયે 'કથન આ કીધ,
'શ્રીગુરુ ગોવિંદ સ્મરતાં,' સકલ મનોરથ સિદ્ધ. ૧

'તરસ્યો ખોદે કૂપ જલ પ્રકટ પીએ નહિ ગંગ,'
પ્રકટ પીએ નહિં ગંગ વંશ શ્રીવલ્લભ કેરો;'
પ્રકટરૂપ પરબ્રહ્મ નિરખતાં લાભ ઘણેરો;
વિન સાધન એક શરણ જતામાં અભય જ આપે;
જો સેવે શ્રીકૃષ્ણ અચલ વ્રજમંડલ સ્થાપે;
સ્થાપે મન કુપંથમા દયો કહે કુસંગ;
'તરસ્યો ખોદે કૂપ જલ પ્રકટ પીએ નહીં ગંગ' ૨

'જતું ન જાણ્યું નાગરી મૂસલ પૂજા માય;'
મૂસલ પૂજા માંય અનુગ્રહે અતિશય કીધો,
ભજન માટ ભગવત દયા મનુષ્યદેહ દીધો,
તે તે ખોયો વ્યર્થ અર્થ સાચો ના સાધ્યો;
ઇંદ્રિયપોષણ કર્યું ન ઈશ્વર ક્ષણ આરાધ્યો;
આરાધ્યો ઈશ્વર નહિ જનમારામાં ક્યાંય,
'જતું ન જાણ્યું નાગરી મૂસલ પૂજા માય.' ૩

'પારસમણિને વાટકે ભટજી માગે ભિખ;'
ભટજી માગે ભિખ નામ ચિંતામણિ હરિનું;
સકલ મનોરથ સહજ, સિદ્ધ ઔષધ નથી[1] કરિનું;
તે તજી કૂટે કઠિન યોગ તપ વ્રત મખ[2] દીક્ષા;
ત્યાગી[3] નવનીત તક્ર[4] શુકલ લે ઊંધી પરીક્ષા,
પરીક્ષા ન પોતા કને શ્રુતિ ન પામ્યો શિખ;
'પારસમણિને વાટકે ભટજી માગે ભિખ.' ૪

'ગાંગડતું જ પલાણીએ ઉંટ તણી એ રીત[5]',
ઉંટ તણી એ રીત જીવ જડ સમો ન જાણે;
પીયૂષ[6] આવિયું પાણ,[7] પાનમા આળસ આણે;
માટે કસી કલેવર ભય ધર આલસ ખોઈ;
દયા ભજાવો કૃષ્ણ પ્રેમી તો વિરલા કોઈ,

---

[1] બધા મનોરથ સહજમાં સરે છે. હરિનું નામ એવુ ઔષધ છે કે જેમાં કરી પાળવાની પણ નથી હોતી. [2] યજ્ઞ [3]. માખણ [4] છાસ [5] ઉંટને ગાગડવાનો સ્વભાવ જ છે, માટે તે ગાગડતુ હોય તો પણ તેને પલાણીએ [6]. અમૃત, [7] હાથમાં

કોઇ સમય મનથી ન રટયા, રસના હરિ ધરી પ્રીત;
'આંગડતું જ પલાણીએ ઉંટ તણી એ રીત.' ૫

'સ્મશાન મોદકમા કયહા ઇલાયચીનો સ્વાદ,'?
ઇલાયચીનો સ્વાદ કુટુંબ વોર્યું દુઃખ દરિયો,
વટલ્યો ભૂખ્યો રહ્યો અર્થ એક નવ સરિયો;
કલેશ કૂટ દિન જાય, પલક પરવાર ન ત્યાંથી,
પેટ પાપથી ભરે ભજન સુખ તેને ક્યાંથી;
ક્યાથી સુખ સંસારમાં સત્ય વચન સુખ વાદ,
'સ્મશાન મોદકમાં કયહા ઇલાયચીનો સ્વાદ.'? ૬

'લકડ લાડુ ખાય ના ખાય બેહુ પસ્તાય,'
ખાય બેહુ પસ્તાય, રહે ગૃહસ્થી પસ્તાતો,
અરે! હાય! શીદ પરણ્યો નહિ તો ગોવિંદ ગાતો;
પેરે કુંવારો બલે કેમ હું પત્ની પાસું,
નથી કોઇનો વાંક કૃષ્ણ માયા શિર નાસું;
નાસું શિશ **દયા**નિધે ભક્તિ દો સુખ થાય;
'લકડ લાડુ ખાય ના ખાય બેહુ પસ્તાય' ૭

'વિવેકથી બન્ને રહે દોણીને વળી દૂધ;'
દોણીને વળી દૂધ ઘરધણી ગોવિંદ જાણો;
સેવો સર્વ સમર્પી જન થઇ સહુ સુખ માણો;
સહજ લાભ સંતોષ **દયા** સઘળે નાગરતા;
ગુરુ સંત હરિતુલ્ય ભજન દૃઢ આપ અકર્તા,
કર્તા હરિ સાક્ષી થઇ રહો ગૃહસ્થ વિબુધ,
'વિવેકથી બન્ને રહે દોણીને વળી દૂધ.' ૮

'કહા બાપના બાપને, રડતા ન આવે પાર;'
રડતાં ન આવે પાર કૂટ સહુ અલગી ઠેલી,
દયા સ્મર શ્રીકૃષ્ણ સદા જે સાચો બેલી;
જેથી સહુ દુઃખ જાય સકલ સુખ જેથી સુલભ;
બગડ્યું સુધરી જાય, કામના કશી ન દુર્લભ;
દુર્લભ મનુષ્યદેહ છે, રટ નટવર નિરધાર,
'કહા બાપના બાપને રડતાં ન આવે પાર.' ૯

'ડાટા મારે ખાળમાં રહે ઉઘાડાં દ્વાર;'
રહે ઉઘાડાં દ્વાર, ખરચ કોડી પણ લેખે;
આવરદા વહી જાય, અમૂલ્ય તે નવ દેખે,
ટલે મલે બહુ વાર, દામ મનશું લલચાવે;
શ્યામ શ્વેત બે ચોર, ચોરશે તે નહીં આવે;
આવે નહીં સંભાલ તે રે જડ ! **દયા** ગમાર;
'ડાટા મારે ખાળમાં રહ્યા ઉઘાડાં દ્વાર.' ૧૦

'લંકા પામ્યો લૂટવા, મૂસલ આવ્યું હાથ,'
મૂસલ આવ્યું હાથ જન્મ જન હરિપદ લહિયે,
સહજ નામ શ્રીકૃષ્ણ સ્મરતાં નિર્ભય થઇયે,
એ અવસરમા **દયા** ચામ દામે ચિત્ત જોડયું;
સત્સંગ ભગવંત ભજન દુર્લભ સુખ છોડયું;
છોડયું હેત ન કુટુંબથી જન્મ જન્મ જે સાથ;
'લંકા પામ્યો લૂટવા મૂસલ આવ્યું હાથ.' ૧૧

'કૂપે પડે મશાલચી સહુનું ટાલે તમ,'
સહુનું ટાલે તમ, ગુરુ થઇ જ્ઞાન બતાવે,
યુક્તિ અર્થ ઇતિહાસ, આપ મન એક ન લાવે,
ક્ષણભંગુર તન જાગો કહે ન તું ખલ જાગે,
દયા શું અમર થયો ભર્યું રાખે મન [1]ઠગે;
ઠગે ભકત થઈ ભવ સકલ તુને ન તારી ગમ,
'કૂપે પડે મશાલચી સહુનું ટાલે તમ.' ૧૨

'સો મણ તેલથી શું સર્યું, રહ્યું અંધારૂં ઘોર;'
રહ્યું અંધારૂં ઘોર ચતુર્દશ વિદ્યા ભણિઓ,
ગાનકલા, રતિકલા શૂર પણ તું અગ્રણીઓ,
[2]કરણ પ્રબોધપ્રવીણ સકલ ગુણસાગર ચતુર;
રૂપવંત, કવિ, અસર **દયા** સહુ જોવા આતુર;
આતુર થઈ ફૂલ સર્વનું, ભજ્યા ન નંદકિશોર;
'સો મણ તેલથી શું સર્યું રહ્યું અંધારૂં ઘોર.' ૧૩

'રંડાપણ તો રોકડું એવાતન ઉધાર,'
એવાતન ઉધાર તુને કદી એ ચિત્ત ચિંતા,

---

[1] ઠગપણાથી. [2] કરવામાં જ્ઞાન આપવામાં ચતુર.

ક્યા ફરી સુખ આ વિષય ભક્ત થઇ શે ભગવતા;
તે સદેહ શખ્ય, શિરોમણિ સહુ સુખ હરિપદ;
તે ક્યાં આ તો વિધા-માન સઘળે સહજે સધ
સધ મળે સઘળે **દયા** તેથી હિત ધિક્કાર,
‘ રંડાપણુ તો રૈકડું એવાતન ઉધાર. ’ ૧૪

‘ દળનારીના દિકરા ગુલાબરાયજી નામ, ’
ગુલાબરાયજી નામ ભજન લવલેશ ન કર્યું;
મહાનુભાવ હરિભક્ત સમોવડ ડગલું ભર્યું;
અતિ ઠાલો અહંકાર વિનાગુણ મનથી મોટા;
ભક્તવેશ પાખંડ, **દયા** સાચા કે ખોટા;
ખોટા નિજ સમજે નહિ, હરિ જશ ઉદ્યમ ઠામ,
‘દળનારીના દીકરા ગુલાબરાયજી નામ.’ ૧૫

‘ઘણાં ઘરાંનો પ્રાણુલો[1] ભૂખ્યો રહે નિદાન,’
ભૂખ્યો રહે નિદાન એક આશરો નહિ જેને,
ભજે દેવ દશ વિશ અમારો કો કે તેને;
દયા ન આવે હેત કોઇને તેને જોઇ,
ઓલંભો[2] આસંગો[3] તેનો સહે ન કોઇ,
કોઇ એક પણ નિશ્ચે ભલો ભૂરિ ક્યહાં ભગવાન;
‘ઘણા ઘરાંનો પ્રાણુલો ભૂખ્યો રહે નિદાન.’ ૧૬

‘શ્વાન પુચ્છ ગ્રહી કોઇ પણ પડિયું સાગર પાર ?’
પાડ્યું સાગર પાર દેવ કોઇક ખલહીના;
બહુ પ્રયત્ન ફલ તુચ્છ દે, કો રાચે રતિ ક્ષીણા;
સેવ દેવ-દેવેશ **દયા** ટાલે ભવ રૂજને,[4]
શું કરશે સુર ન્યાલ ભીખારી તુજને,
તુજને જો અક્કલ નથી, પૂછ ભલા કો ચાર,
‘શ્વાનપુચ્છ ગ્રહી કોઇપણ, પડ્યું સાગર પાર.’ ? ૧૭

‘તે રચનાથી રાચીએ, જે રચના ચિત્તચોર,
જે રચના ચિત્તચોર, કરે ઘેલા ગુણસાગર,
દયા વિચારો હૃદે, હશે કેવા હરિનાગર;
સર્વ તજીને પ્રીત, કરો તે સાથે સાચી;

---

[1] પરોણો. [2] ઉપાલંભ-ઠપકો. [3] આસંગ-સ્નેહ. [4] રોગ

જે ચહાશો તે થશે વાત કંઈ નહીં રે કાચી,
કાચી વસ્ત કશી જ્યહાં સહુ જુગતીનુ જોર,
‘તે રચનાથી રાચીએ જે રચના ચિત્તચોર.’ ૧૮

‘ઝુલે અધવચ ઝુમના નહીં હિંદુ નહિ તુર્ક;’
નહીં હિંદુ નહિ તુર્ક નહીં એકોમા પૂરો,
રામ ભજે રેહેમાન સાકર સોમલ ચૂરો;
જગત ના ગાંઠે ભક્ત પડે નહીં સુખ એકોનું;
ફોકટ દયા ફજેત બને ક્યમ તુલસી સોનુ;
[1]સોને રોક્યું મુક્તિપદ તુલસી રોક્યું નર્ક;
‘ઝુલે અધવચ ઝુમના નહિ હિંદુ નહિ તુર્ક.’ ૧૯

‘ઈંદ્રવાયણું ઉપર ભલું ભીતર લાળા હોય,’
ભીતર લાળા હોય દૂર દુનિયાં સુખ સારૂ,
પૂછી જોજે પડયા જો ન તું માને મારૂં,
શોભીતો સંસાર જાણીએ મહાસુખ એને;
અંતર એવી આગ હોય કહેવાય ન કેને;
કેને કહે લાજી મરે દયા હૃદેમા રોય;
‘ઈંદ્રવાયણું ઉપર ભલું ભીતર લાળા હોય.’ ૨૦

‘ઘોડે બેશી ગાંઠડી માથે મૂકે મૂઢ;’
માથે મૂકે મૂઢ શેઠ સમર્થ શિર શ્રીજી;
શકટ શ્વાનની પેર રહો શિર ચિંતા બીજી;
તુજ કીધુ શું થયું વ્યર્થ ફૂટે અજ્ઞાની;
કર્તા હર્તા કૃષ્ણ દુઃખ મિથ્યા લે માની;
માની ફરે દયા મૃષા ગતિ સમઝે નહિ મૂઢ;
‘ઘોડે બેશી ગાઠડી માથે મૂકે મૂઢ.’ ૨૧

‘તાર અચાનક તૂટશે જંત્ર તણો તું જાણ,’
જંત્રતણો તું જાણ અચાનક થાશે જાવું;
સદા સર્વદા સાવધ રે ન પડે પસ્તાવું;
રૂક્મિણીરમણ હૃદયમા રાખી મુખ નામ ન મેલો,
કામ અવર બેગાર આવશ્યક આવ્યું ઠેલો,
ઠેલ દયા માથે પડ્યું હરિવિણ હિત ક્યહું ન આણ,
‘તાર અચાનક તૂટશે જંત્રતણો તું જાણ.’ ૨૨

(અપૂર્ણ.)

---

[1] સોનાએ મુક્તિના દ્વાર રોક્યાં છે. તુલસીએ નરકના દ્વાર રોક્યા છે.

श्रीहरिरायजी उपर पत्र.

શુદ્ધપુષ્ટિનું મર્મ સમજવામા અદ્વિતીય વિદ્વાન્ શ્રીહરિરાયચરણ ઉપર કોઇ રાજાએ લખેલો પત્ર અમને મલ્યો છે. આ પત્ર આશરે સવત્ ૧૭૪૨ની સાલમાં લખાયલો હોય એમ લાગે છે. તે જેવોને તેવો જ અત્ર આપવામા આવે છે. ભાષા ગુજરાતી છે. પણ બાલબોધ લિપિમાં તે લખેલો છે

स्वस्ति श्रीमत्पुरवपंभणोपुरस्थितानां सकलसद्गुणगणालङ्कृतश्रौतस्मार्तकर्मानुष्ठानतत्परहरिचरणस्म(र ?)णासक्ताचित्तवृत्तिजीवन्मुक्तसकलशास्त्रविशारदपंडितवर्यमीमांसाधुरंधरपरमभक्तजनवल्लभगोस्वामिश्रीश्रीश्रीश्रीश्रीश्रीमत्हरिरायाणां चरणसरोरु(हे?)षु—

वंशालयस्थमहाराजाधिराजमहारावलश्रीमत्कुशलसिंहजित्कृताः कोटिशो नतिपरंपराः कृपाकटाक्षेणाङ्गीकरणीयाः । अत्र श्रीम........कृपया भवत्कृपया च शमास्ति । भवतां प्रतिदिनमनवरतम(?)मेधमानं तदाशास्महे। गोचरश्च (अपरश्च?) राज, अमारे वडा छो, ठाकुर छो, सदाए अपने जेवी कृपा राखो छो तथा विशेषे राप(खी?)वी, दिव(सी?)मध्ये वार एक अमारुं शुभचिंतन राजे क(री?)वुं, जेणे अमारे आनंद थाए, सुज्ञे(ज्ञे?)षु किमधिकं ? मिति आ. शु. १. सं ४२ वर्षे ऽ ऽ ऽ ऽ ऽ ऽ ऽ ऽ केरी ४ पु(पू?)ज्यने मोकली छे ते संभाली लेजो, कृपापत्र पाछु वेगु लेखजो, जे दीठे आनंद उपजे ।

* આ મહારાણાસબધી અને તેના સાંપ્રદાયિક સંબધ વિષે ઇતિહાસ જો કોઇ અમને જણાવશે તો આભારી થઈશુ. ઉપતંત્રી.

तिलकायितश्रीने विनतिपत्र.

હાલમા શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ અને પુષ્ટિમાર્ગના અધિપતિ સમસ્ત વૈષ્ણવોના પૂજ્ય અને શ્રીમદ્વલ્લભાચાર્યજીના શ્રીમદ્ગોપીનાથજીના શ્રીમદ્ગોસ્વામિપ્રભુચરણના સાક્ષાત્ પ્રતિનિધિ શ્રીનાથદ્વારાધીશ શ્રીમદ્ગોસ્વામી તિલકાયિતશ્રીગોવર્ધનલાલજી સ્વ; ચિ. લાલબાવા શ્રીદામોદરલાલજીસહ અત્ર પધારેલા હોવાથી સર્વત્ર આનન્દ પ્રસરી રહ્યો છે. મહારાજશ્રીની વૈષ્ણવોતરફ અતિશય લાગણી છે તેનું દર્શન જ્યારે પોતે પધાર્યા ત્યારે સ્વત કરાવ્યુ હતુ પોતે પધાર્યા ત્યારે વર્ષાદ મુસલધાર વર્ષવા માંડ્યો, તો પણ પોતે બધ ગાડીમાં બિરાજે તો દર્શને આવેલા વૈષ્ણવોને દર્શનનો લાભ ન મલે એ મહારાજશ્રીને અનિષ્ટ હોવાથી પોતે આખે રસ્તે વર્ષાદમાં ભીંજતા અને વૈષ્ણવોને દર્શનથી આનન્દ આપતા બોરીબંદરથી તે મોરારબાગસુધી પધાર્યા હતા. પુષ્ટિમાર્ગના ૬૦ લાખ વૈષ્ણવોનું શ્રેય અશત. એઓશ્રીના હાથમાં છે. એઓશ્રી વિચારે

તો ક્ષણભરમા અધોગતિએ પ્રાપ્ત થયલા અને સર્વત્ર નિંદિત પુષ્ટિમાર્ગનું સહજ કલ્યાણ કરી શકે. વૈષ્ણવોનુ કલ્યાણ કોઇ પ્રકારે થાય તો સારુ એવી એઓશ્રીની પણ ઇચ્છા છે, અને પડિત ગટ્ટૂલાલજીપાસેથી વિદ્યાગ્રહણ કરેલુ હોવાથી વિદ્યાની કદર સારી રીતે કરી શકે એમ છે. આવા કાઇક ઉદ્દેશથી નીચેની કેટલીક વિનતિઓ મહારાજશ્રીને કરવામાં આવે છે.

૧. પ્રથમ તો કાર્ય ગ્રન્થસંગ્રહનુ છે. શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ અને પુષ્ટિમાર્ગવિષયક સર્વ ગ્રન્થોનો સગ્રહ કરવો પ્રાચીન સરસ્વતીભડારોમા આ પુસ્તકો સડે છે ત્યાથી તેમને મુક્ત કરી જ્યા એમનું રક્ષણ થઇ શકે અને જ્યાથી એનો લાભ કોઇ વિદ્વાન્ લઇ શકે એવી યોજના યોજવી જોઇએ, મહારાજશ્રીના વિદ્યાગુરુ ભા. મા વે. ભ. ૫. ગટ્ટૂલાલજી પણ બહુ ખેદથી સ્વકૃત નિબધની પ્રસ્તાવનામા જણાવે છે કે સાપ્રદાયિક સર્વ ગ્રન્થો યમદેવતાના હસ્તમા પડ્યા છે. નવુ સાહિત્ય યોજવાની શક્તિ તો પ્રભુ જેને દાન કરે તેનાથી જ થઇ શકે, પરન્તુ પ્રાચીન સાહિત્ય જેવુ હોય તેવુ રક્ષણ કરવાનુ કાર્ય તો સામાન્ય લોકોથી પણ થઇ શકે સર્વ પ્રાચીન હસ્તલિખિત ગ્રન્થનો એક એવો સગ્રહ હોવો જોઇએ કે જેમાથી કોઇ પણ વિદ્વાન્, તેનો લાભ લેવો હોય તો, લઇ શકે આ કાર્ય મહારાજશ્રીથી જ ઉત્તમ રીતે થઇ શકે. સાપ્રદાયિક સર્વ ગ્રન્થો વિશેષે કરીને મહારાજોના સરસ્વતીભડારોમાં બિરાજે છે અને કેટલાક ભટ્ટોના ઘરોમા બિરાજે છે આ સર્વના અધિપતિ પોતે હોવાથી અને મુખ્ય ધામના સ્વામી પણ હોવાથી પોતાના ત્યાના અને અન્ય ગોસ્વામીઓના ત્યાના સર્વ ગ્રન્થો આજ્ઞામાત્રથી પ્રાપ્ત કરી શકે એમ છે જે વૈષ્ણવોને ત્યા એ ગ્રન્થો બિરાજે છે તે પણ મહારાજશ્રીની આજ્ઞાનું ઉલ્લઘન કરી શકે એમ નથી એ સર્વ ગ્રન્થોને ઉત્તમ રૂપે લખાવીને અને તેને વિદ્વાનો પાસે શોધાવીને એક સેન્ટ્રલ લાયબ્રેરિમા મૂકવા જોઇએ, અને તે પુસ્તકાલયનું લિસ્ટ પણ એવુ ચોક્કસ થવુ જોઇએ કે પુસ્તક સુગમતાથી જડે અને વ્યવસ્થા પણ એવી નિયત હોવી જોઇએ કે ત્યાથી કોઇ વિદ્વાનને એ પુસ્તક જોઇતુ હોય તો તેને ઉતરાવી અપાય, અથવા તો એને વાચવા જોઇતુ હોય તો અમુક સરતે તેને વાચવા આપી શકાય. આ કાર્ય વિશેષ અગત્યનુ છે, કારણ કે પુસ્તકોની પ્રાપ્તિ સુગમ ન હોય તો મુદ્રણાદિ વા ભાષાન્તર કાર્ય કોઇ પણ રીતે થઇ શકે નહિ. પ્રત્યેક ગ્રન્થની જેટલી મલે તેટલી પ્રતો એ સગ્રહસ્થાનમા મૂકવી જોઇએ. જેથી મુદ્રણ કરતી વખતે શોધનકાર્ય ઉત્તમ રીતે થઇ શકે. આવુ પુસ્તકાલય મુબઇમા અથવા તો રાજનગરમા કે એવે બીજે કોઇ પણ અનુકૂલ સ્થલે રાખવુ જોઇએ, અને સમયાનુસાર એવા જ પુસ્તકાલયો અન્ય શહેરોમા સ્થાપવા જોઇએ. પ્રત્યેક મોટા શહેરમા એવી કમિટિ સ્થાપવી જોઇએ કે જે આ કાર્ય કરી શકે, અને તેમ કરવામા જે યોજના યોજવી જોઇએ તે યોજી શકે. આવા સર્વ પુસ્તકાલયો મહારાજશ્રીની આજ્ઞાનુસાર વર્તન રાખીને ગ્રન્થરક્ષણનુ જ કાર્ય ઉત્તમ રીતે બજાવે

૨. આ પ્રકારે ગ્રન્થસગ્રહ અને ગ્રન્થસરક્ષણની યોજના થયા પછી એ ગ્રન્થસંગ્રહોમાથી યોગ્યતાનુસાર ગ્રન્થોને પસદ કરીને તે ગ્રન્થોને ક્રમશ દરેક પુસ્તકાલયની કમિટિએ ચૂટી કાઢેલા ગ્રન્થોને યોગ્ય વિદ્વાનને એડિટ કરવા (છાપવા) સોપવા. દરેક પુસ્તકાલયે પરસ્પર વ્યવહાર રાખવો, જેથી જે ગ્રન્થ એક પુસ્તકાલયમા ન હોય તે અન્યમાથી મલી આવે. પુસ્તકપ્રસિદ્ધિને વાસ્તે યૌરોપીય દેશોમા જેવી રીતે સોસાયટિઓ સ્થપાઇને પોતાનુ કાર્ય ઉત્તમ રીતે છપાવે છે તેવીજ રીતે આ કમિટિએ ગ્રન્થમુદ્રણનું કાર્ય આરંભવું જોઇએ.

ગ્રન્થના શુદ્ધ મુદ્રણના અભાવમા ગ્રન્થકારના આશયનો અનર્થ થાય છે, અને તદ્દ્વારા ભાષાન્તર સ્વનામને યોગ્ય થતુ નથી. શૃંગેરીમઠના શંકરાચાર્યે જેવી રીતે સ્વસાપ્રદાયિક ગ્રન્થોને ઉત્તમ રીતે છપાવેલા છે તેવી રીતે શ્રીમાન્ તિલકાયિતે શ્રીમદાચાર્યજીના ગ્રન્થોને ઉત્તમ રીતે છપાવવાની યોજના યોજવી જોઇએ

૩. આ કાર્ય સ્વલ્પ સમયમા અને ઉત્તમ રીતે પાર પડે તેવાસ્તે પ્રથમ તો એક ઉત્તમ મુદ્રણાલય સ્થાપવુ જોઇએ, મુદ્રણાલયની યોજના કઠિન લાગે તો નિર્ણયસાગરજેવા ઉત્તમ પ્રેસ સાથે એવી યોજના કરવી જોઇએ કે પૂર્ણ સગવડથી સાપ્રદાયિક ગ્રન્થો ત્વરાથી છાપી શકાય આ કાર્યમા દ્રવ્યની અતિશય અપેક્ષા છે, ' તેથી એક આબરુદાર ગૃહસ્થોની કમિટિ નીમીને તેની મારફત દ્રવ્યસંચય કરાવવો જોઇએ શ્રીમાન્ તિલકાયિતે સ્વત પણ યથાયોગ્ય દ્રવ્યનું સાહાય્ય કરીને અન્ય ગોસ્વામીઓને તેમ કરવા પ્રેરવા જોઇએ ગ્રન્થસંગ્રહ અને દ્રવ્યસંચય થયા પછી એક સાપ્રદાયિક વિદ્વાનોની કમિટિ બોલાવીને તેમાના પ્રત્યેકને યથારુચિ એકેક ગ્રન્થ મુદ્રણ કરવાને સોપવો જોઇએ. આ પ્રકારે જ્યારે ગ્રન્થનુ શુદ્ધ મુદ્રણ થાય ત્યાર પછી તેના ભાષાન્તરની પણ તેવી જ યોજના યોજવી જોઇએ ગુજરાતીપ્રેસના ભાગવતનુ ભાષાન્તર, જો કે શ્રીમાન્ તિલકાયિત શ્રીગોવર્ધનલાલજીને અર્પણ થયુ છે, અને તેથી વૈષ્ણવો યથાતથા વાચે છે, છતા પણ એ ભાષાન્તર પ્રાય શ્રીધરસ્વામીને અનુસરીને થયલુ હોવાથી, અને શ્રીમદાચાર્યજી અને શ્રીધરસ્વામીના મતે ભાગવતાર્થ અત્યત ભિન્ન હોવાથી, શ્રીમદ્વલ્લભાચાર્યજીના ઉત્તમોત્તમ દૃષ્ટિબિન્દુથી એ ભાષાન્તર વૈષ્ણવોને લાભપ્રદ ગણી શકાય નહિ, તેથી શ્રીમદ્ભાગવતનુ શ્રીસુબોધિનીજી અને 'શ્રીમાલપ્રમોધિનીજીને અનુસાર ભાષાન્તર કરાવીને 'સસ્તા સાહિત્ય'ના ભાગવતજીની માફક સ્વલ્પ મૂલ્યથી કોઇ વૈષ્ણવ પ્રાપ્ત કરી શકે તેમ યોજના કરવી જોઇએ શ્રીમદ્ભગવદ્ગીતામા પણ એ જ પદ્ધતિનું અનુસરણ કરવુ જોઇએ. આ ઉપરાત શ્રીમત્પુરુષોત્તમજીના ઉપનિષદ્ભાષ્યો પ્રાપ્ત કરીને તેનું મુદ્રણ કરાવીને તેના ભાષાન્તરની યોજના થાય તો તે પણ લાભપ્રદ જ થાય આ જમાનો ઉપનિષદ્નો છે, તેથી આ કાર્ય જેમ ત્વરાથી થાય તેમ સારુ.

૪. વ્રતોત્સવનિર્ણયસંબંધમા અનિષ્ટ કલહ સંપ્રદાયમા પ્રતિવર્ષ પ્રકટે છે તો તેનો તિરોભાવ કરવાનો ઉત્તમ ઉપાય માત્ર એટલો જ હોઇ શકે કે સાંપ્રદાયિક સર્વ નિર્ણયગ્રન્થોનુ મુદ્રણ કરાવવુ શ્રવણમા આવ્યુ છે કે શ્રીગોવર્ધનલાલજીની પણ ઇચ્છા છે કે સર્વ નિર્ણયગ્રન્થોને મુદ્રિત કરવા. આ ઇચ્છા અતિશય શુભ છે, અને મહારાજશ્રીની ઇચ્છાના કાર્યરૂપે પ્રકટ દર્શન જેમ બને તેમ જલદીથી થાય તેમા જ સંપ્રદાયનો લાભ સચવાશે.

૫ વિષ્ણુસ્વામિપરંપરાવિષયમા પણ તિલકાયિત મહારાજશ્રીનુ કર્તવ્ય વિશેષ છે નિબંધની ઇતિશ્રીમા વિષ્ણુસ્વામીનું નામ દૃષ્ટિગોચર થાય છે, જ્યારે શ્રીસુબોધિનીતૃતીયસ્કંધમા વિષ્ણુસ્વામીને તામસ કહીને પોતાને તેનાથી જૂદા ગણે છે તો આ ઉભયમા કોને વિશેષ માન ઘટે છે ? શ્રીમાન્ તિલકાયિતકને જો કાઇ વિધાનગરના કૃષ્ણદેવરાજાનો તામ્રલેખ હોય તો તેની પણ શોધ કરીને તેને પ્રસિદ્ધ કરવો જોઇએ, જેથી વ્યર્થ કલહને પ્રયોજન ન મળે.

૬ વૈષ્ણવોના બાલકોમાં બાલપણથી જ ધર્મના અને નીતિના ઉત્તમ સંસ્કારો પડે તેવી સરલ ભાષામા વાર્તાની ચોપડીઓની સીરિઝ (ગ્રન્થમાલા) યોજાવવી જોઇએ એ ચોપડીઓ

વૈષ્ણવોના ભક્તોના, મહારાજોના, મહાભારત, રામાયણ, ભાગવતાદિ ઉત્તમોત્તમ આખ્યાનોના ઉતારા કરીને જ્ઞાનસાથે ગમ્મત આપે, અને બાલકોને રુચે એવી સરલ વાર્તારૂપે યોજાવવી જોઇએ, જેથી બાલકોના કુમલા મનઉપર સારા સસ્કાર પડે. આ ઉપરાત મોટા માણસોને રુચે તેવી વાર્તાઓ રચાવીને શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ અને પુષ્ટિમાર્ગનુ જ્ઞાન આપવુ જોઇએ. જેવી રીતે ચદ્રકાન્ત માયાવાદનુ શિક્ષણ આપે છે તેવી જ રીતે આ આખ્યાયિકાઓ મોટા માણસોને બ્રહ્મવાદનુ જ્ઞાન આપે તેવી યોજાવવી જોઇએ.

૭ આ ઉપરાત કોલેજમા ભણતા વૈષ્ણવ વિદ્યાર્થીઓને સારુ એક બોર્ડિંગ હાઉસ સ્થાપવુ જોઇએ જે વૈષ્ણવ યુવકો આ બોર્ડિંગનો લાભ લે તેમને ચાર વર્ષમા ઉત્તરોત્તર અધિક કક્ષાની ચાર પરીક્ષાઓ સાપ્રદાયિક વિષયોમા અપાવવાની ગોઠવણ કરવી જોઇએ આમ થવાથી સપ્રદાયમા શુદ્ધ વિચારકો અને લેખકોની સખ્યામાં પણ વધારો થશે.

૮. કોલેજ સ્થાપવાની વાત હવામા ઉડે છે, આમાં કેટલુ સત્ય છે તે હાલ કહી શકાતુ નથી, પરન્તુ જો આવુ કાઇ થતુ હોય તો તે ઉત્તમ જ છે આર્ટ્સ્ કોલેજ સ્થાપવા કરતાં બનારસ સસ્કૃત કોલેજના જેવી શ્રીમદ્વલ્લભાચાર્યસસ્કૃતકોલેજ સ્થપાય તો વધારે સારુ. આ કોલેજમા સાપ્રદાયિક સાહિત્યનો જ મુખ્ય ઉપદેશ હોવાથી સાપ્રદાયિક વિદ્વાનોની સખ્યા વધશે, અને તેથી સપ્રદાયના આચાર અને વિચારની થતી અધોગતિ અટકશે.

૯ આ વિનતિઓ ઉપરાત આચારમા કરવાનું ઘણુ છે. પ્રત્યેક મંદિરના મુખ્યાજીઓ તો સપ્રદાયનું જ્ઞાન ધરાવતા જ હોવા જોઇએ મદિરોમા અને મહારાજોની આસપાસ મૂર્ખ મનુષ્ય રહે તેના કરતા વિદ્યાવિનયસપન્ન મનુષ્યો રહે તો સપ્રદાયનો ઉત્કર્ષ સહજ થાય એક ગોસ્વામી જો વિચાર કરે તો હજારો વૈષ્ણવોનુ કલ્યાણ કરી શકે એમ છે હજુ લોકો મહારાજોને અત્યન્ત માનથી જુવે છે, અને મહારાજોની આજ્ઞાનું પાલન કરવામા સ્વકર્તવ્યની સફલતા માને છે તેથી મહારાજોએ અને વિશેષે કરીને શ્રીમાન્ તિલકાયિતે વૈષ્ણવોને જેમ બને તેમ પોતાના સદાચારથી અને સદ્વિદ્યાથી સન્માર્ગે દોરવા જોઇએ પોતાના બાલકોને વિદ્યાવિનયસંપન્ન કરવા જોઇએ, કારણ કે એમને હાથે હજારો વૈષ્ણવોનુ કલ્યાણ રહેલુ છે, મહારાજોએ સ્વબાલકોનો પોતાની પાસે રાખવા કરતા બનારસસસ્કૃતકોલેજમા અથવા પોતાની ખાસ સ્થાપેલી કોલેજમા અમુક વર્ષોસુધી વિદ્યાનુ ગ્રહણ કરાવવુ જોઇએ, આમ કરવાથી ઉભય પક્ષને લાભ થશે

૧૦ આ વિનતિ મહારાજશ્રીને સદુદ્દેશથી કરી છે, અને પ્રભુપ્રતિ પ્રાર્થના છે કે આમાથી ફુલ નહિ અને ફુલની પાખડી પ્રભુ તિલકાયિત શ્રીમાનગોવર્ધનલાલજીપાસે કરાવે

[1]रतिपथ.

સર્વે પ્રાણિમાત્રના હૃદયમાં પ્રભુનો વાસ છે, અને આપણા હૃદયમાં પણ પ્રભુ બિરાજે છે એ વાત જાણતા છતાં પણ આપણે આપણા અંતઃકરણની તરફ દૃષ્ટિ કરતા નથી, તેમાં નિત્ય બિરાજમાન પ્રભુનાં દર્શન કરતા નથી, દર્શન કરવા પ્રયત્ન પણ કરતા નથી, તે પ્રભુની સેવામા પ્રાણ ઇંદ્રિયની સહિત તત્પર રહેતા નથી, એ આશ્ચર્યકારક નથી? દુનિયામાં એવી ક્યી વસ્તુ છે કે જે પ્રભુ કરતા વધારે ઉત્તમ હોય? અને પ્રભુ જ આપણા આત્માના પણ આત્મા–પરમાત્મા–હોવાથી એના કરતા વધારે પ્રિય પણ શુ હોઇ શકે? આ સરલ વાત એક વાર બરોબર લક્ષમાં આવે અને તેનું સદાસર્વદા સ્મરણ રહે તો આ જીવ આ ઉત્તમ અને પ્રિય પ્રભુને છોડી બીજી કોઇ વસ્તુ તરફ દૃષ્ટિ કરે ખરો?

આમ છતા વસ્તુસ્થિતિ ઉલટી જ છે સહસ્ર મનુષ્યોમાથી કોઇક જ પ્રભુના શ્રવણ, દર્શન, કીર્તન કરવા પ્રયત્ન કરે છે, અને એવા સહસ્રોમાથી પણ કોઇક જ પ્રભુને તત્ત્વતઃ ઓલખે છે. ભૂતલપરના સર્વ ધર્મો આ સ્થિતિ સુધારવાનો પ્રયત્ન કરે છે, અને ભિન્નભિન્ન રુચિના મનુષ્યો ભિન્ન ભિન્ન ધર્મો તરફ આકર્ષાય છે. કેટલાએક ધર્મો ક્રિયાપ્રધાન હોય છે, કેટલાએક જ્ઞાનપ્રધાન હોય છે, અને કેટલાએક ભક્તિપ્રધાન હોય છે ભક્તિપ્રધાન ધર્મોમા પણ કેટલાએક સ્વાર્થી એટલે પોતાને સંસારના ત્રિવિધ તાપમાથી મુક્તિ મલવાના સ્વાર્થ માટે જ–પ્રભુની ભક્તિ કરવાનુ કહે છે, અને કેટલાએક, જીવનો સહજ સ્વાભાવિક ધર્મ જ પ્રભુની સેવા કરવાનો છે, મુક્તિ મલ્યા પછી પણ પ્રભુસેવા એ જ ઉત્તમ ફલ છે, મુક્ત જીવો જ ઉત્તમ પ્રભુસેવા કરી શકે એમ સૂચવે છે

પુષ્ટિમાર્ગ એ છેલ્લા પ્રકારનો ભક્તિમાર્ગ છે. પુષ્ટિ એટલે ભગવાનનો અનુગ્રહ. ભગવાનના અનુગ્રહથી જ આપણું સર્વતઃ પોષણ થાય ત્યારે આપણે પુષ્ટિમાર્ગમાં આવ્યા એમ કહેવાય. આ માર્ગ 'નિસાધન' કહેવાય છે, પણ એ શબ્દનો અર્થ નિગૂઢ છે. એનો ખરો અર્થ એ જ છે કે આ માર્ગ ક્રિયાપ્રધાન અથવા જ્ઞાનપ્રધાન અથવા સ્વાર્થ–મુક્તિસાધક–ભક્તિપ્રધાન નથી, આ માર્ગ ફલાત્મક પ્રેમપ્રધાન છે, અને સંસારના કોઇ પણ અનુભવીએ કબુલ કરવુ પડશે કે પ્રેમ એ સર્વ સાધનમાં ઉત્તમ છે, અને જોઇએ તે સમયે, જોઇએ તેટલુ કષ્ટ વેઠી, માનપાનને તિલાંજલિ આપી, જોઇએ તે વસ્તુ પ્રેમી પ્રાપ્ત કરી આપે છે, અને પ્રત્યુપકારની ઇચ્છા કરતો નથી, એટલુ જ નહિ, પણ જો પોતાનો હૃદયપ્રેષ્ઠ સાચા પ્રેમસિવાય બીજા કોઇ પ્રત્યુપકારની વાત કરે તો વજ્રવાતજેવુ દુઃખ થાય છે. એ અસહ્ય દુઃખનું કારણ પણ સ્પષ્ટ છે. જેમ પ્રેમ સર્વોત્તમ સબલ સાધન છે, તેમ સર્વોત્તમ ફલ પણ પ્રેમ જ છે, અને એવા સર્વોત્તમ સાધનથી કરેલા કાર્યનો બદલો પ્રેમ સિવાય બીજો શો હોઇ શકે? બીજો કોઇ પણ પ્રત્યુપકાર પ્રેમની ગરજ સારી શકે જ નહિ.

પ્રેમ આવુ ઉત્તમ સાધન અને ફલ હોવાને લીધે ચિત્તને સંસારના વિવિધ પ્રકારના વિષયોની આસક્તિમાથી છોડવી તેને પ્રભુપરત્વે યોજવામા અતિ ઉપયોગિ થઈ પડે છે તેમાં પણ આ કલિના સમયમાં જ્યારે યજ્ઞયાગ, જપતપ, જ્ઞાનવૈરાગ્ય વગેરે સર્વ સાધન લગ-

---

૧. આ લેખ 'મનુષ્યનું કર્તવ્ય અને ધર્મજિજ્ઞાસા' નામના લેખના ઉપોદ્ઘાતરૂપે લખાયલો છે.

ભગ નષ્ટપ્રાય અને અશક્ય થઈ ગયા છે, અને પ્રાતઃકાલથી રાત્રિપર્યન્ત મનુષ્યો વિવિધ પ્રકારની દોડધામમાં મચ્યા છે, અને ઈશ્વર છે ખરો કે નહિ તેનો પણ વિચાર કરવાનો વખત મળતો નથી (અને કેટલાકને તો જરુર પણ જણાતી નથી), તેવા વખતમા એવા વિષયોમા રચીપચી રહેલા જીવના ઉદ્ધારને માટે પ્રેમ જે કાર્ય કરી શકે છે તે બીજુ કોઇ સાધન કરી શકતુ નથી. સામાન્યત પ્રેમી જન કોઇ સુંદર કોમલ દેખાતી વ્યક્તિતરફ આકર્ષાય છે, આ વ્યક્તિમા તેને સર્વોત્તમતાના દર્શન થાય છે અને બીજી સર્વ રીતે અધ થઈ તેને જ ભજે છે, બીજા સર્વ વિષયો તેને તુચ્છ અને શુષ્ક લાગે છે. આમ પ્રેમ તેને બીજી સર્વ વસ્તુતરફ વૈરાગ્ય અને એક વ્યક્તિતરફ અસત અનુરાગનો પાઠ શિખવે છે, અને મર્કટની માફક ભટકતી ચિત્તવૃત્તિને એક વ્યક્તિમા સ્થિર કરે છે. પણ પ્રેમના લીલા-પીલા સુદર કિરણોથી રગાયલી આ વ્યક્તિનુ ખરુ, હાડચામડુ,—તુચ્છ સ્વરૂપ—પ્રેમીને કોઇક વાર પણ માલમ પડી જ આવે છે, ત્યારે ત્યાથી નિરાશ થયલા આ પ્રેમીનુ હૃદય પ્રેમને માટે વલખા મારે છે, આખો સસાર તો એને તુચ્છ હતો જ, તે હવે એને ખારો લાગે છે, અને એ ટળવળે છે. એ એકલવાયો, બ્હીલો અને દીન થઈ જાય છે, અને સર્વત્ર અધકારસિવાય બીજુ કાઇ દેખતો નથી

બાહ્ય વસ્તુમા પછાડા મારી થાકેલા આવા જીવને આવે વખતે જો કોઇ યોગ્ય ગુરુ મળી આવે, અને એના કર્ણદ્વારા હૃદયમા મત્ર મુકે કે ‘તારા પ્રેમને યોગ્ય અલૌકિક સર્વ-સૌદર્યયુક્ત સર્વસમર્થ પ્રભુ તારા આત્માની સાથે તારી હૃદયગુહામા જ બિરાજે છે, અત્યાર સુધી તુ તેને વિસરી બાહ્ય વસ્તુમા પ્રેમની અપેક્ષા રાખતો હતો તે ભુલ હતી, હવે અતર્મુખ દૃષ્ટિ કરી તેના ચરણકમલમા તારુ માથુ મુક, તારુ સર્વસ્વ તેને અર્પણ કર, અને તેની સેવામા તત્પર રહે’ ત્યારે એને સ્મૃતિ થઈ, સહસ્ર વર્ષો થયા બ્રહ્મમાથી વ્યુચ્ચરણ પામેલો તે જીવ પાછો બ્રહ્મસબધ પામે છે, એવા અનન્ય થયલા જીવાત્માપર કૃપા કરી પ્રભુ એના હૃદયમાથી પ્રકટ થઈ એને દર્શન દે છે, અને તેના તનુને વરે છે,—પોતાના રમણસ્થાનતરીકે પસદ કરે છે પણ જ્યાસુધી આવી અનન્યતા થતી નથી, ત્યાસુધી પ્રવચનથી, બુદ્ધિથી, બહુશ્રુત થવાથી, અથવા એવા કોઇ પણ પ્રકારથી પ્રભુ મળતા નથી, તેથી જ શ્રુતિ કહે છે કે,

नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन ।
यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा वृणुते तनूं स्वाम् ॥

આના કરતા વિશેષ સુંદર પરમ ફલ શુ હોઈ શકે ? માત્ર સસારના ત્રિવિધ તાપથી મુક્ત થવામા—એવી મુક્તિ મેળવવામા—કાઇ ખરો અર્થ સરતો નથી, પણ જ્યારે જીવ મુક્ત થઈ સત્ય, જ્ઞાન, આનદમય—સચ્ચિદાનદમય—બ્રહ્મને ઓળખે છે, પોતાની હૃદયગુહામા બિરાજમાન પ્રભુના દર્શન કરે છે, ત્યારે એ વિપશ્ચિત્ પ્રભુની સાથે સર્વ કામ ભોગવે છે,—આ જ જીવનો પરમ આનદ છે, પરમ ફલ છે, અને તેનુ જ વર્ણન કરતા શ્રુતિ કહે છે કે सत्य ज्ञान अनत ब्रह्म यो वेद निहितं गुहायाम् परमे व्योमन् सोऽश्नुते सर्वान् कामान् सह ब्रह्मणा विपश्चिता ।

નિષ્પક્ષપાતી સહૃદય વાચકને આવો ધર્મ ઉત્તમોત્તમ લાગ્યા વગર રહે જ નહિ, તો પણ જે જીવ આવા શુદ્ધ પ્રેમમાર્ગે જઈ શકે નહિ, અને જેનુ મન ઈશ્વર તે શુ, જીવ તે શુ, જગત્ તે શુ એવા એવા પ્રશ્નોના ઉત્તર શોધતુ હોય તેને માટે શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ પ્રતિપાદન કરનાર પણ પુષ્કલ ગ્રથો વિદ્યમાન છે ‘શુદ્ધાદ્વૈતસિદ્ધાતમાર્તંડ’ નામનો સંસ્કૃત

ગ્રંથ ગુજરાતી ભાષાંતરસહિત છપાયલો છે, અને તે ગ્રંથના ઉપોદ્‌ઘાતમા શાસ્ત્રી મગનલાલ ગણપતિરામે શુદ્ધાદ્વૈત સિદ્ધાંતપર એક મુદ્દાસર વિસ્તૃત લેખ લખ્યો છે, જેમાંથી થોડું વાંચે ઘણું મલે તેમ છે.

અન્ય માર્ગો અથવા ધર્મોપર અથવા કોઇ કોઇ વ્યક્તિઓપર જે ટીકા કરવામા આવી છે, તે શુદ્ધ બુદ્ધિથી કરવામા આવી છે. બ્રહ્મને અત્યંત નિર્ધર્મક, જીવને આભાસ અથવા પ્રતિબિંબ અને જગત્‌ને મિથ્યા માનવાથી બધુ શૂન્ય જેવુ થઈ જાય છે, બુદ્ધિ એ કબુલ કરતી નથી અને હૃદયને સંતોષ થતો નથી એથી તદ્દન ઉલટુ બ્રહ્મને સર્વધર્મોપેત, જીવને બ્રહ્મનો અંશ, અને જગત્‌ને બ્રહ્મરૂપ માનવાથી ચિત્તને શાંતિ અને હૃદયને સંતોષ થાય છે સર્વ બ્રહ્મમય હોવાથી અદ્વૈતભંગ અને દ્વૈતાપત્તિની કાંઇ પણ શંકા રહેતી નથી શ્રુતિ, ગીતા, બ્રહ્મસૂત્ર અને શ્રીમદ્‌ભાગવત આ સરલ અને હૃદયંગમ સિદ્ધાંતને સર્વત પુષ્ટિ આપે છે, અને એ સર્વ શાસ્ત્રોના અર્થ યોજવામા લક્ષણા અથવા મિથ્યા તર્ક કરવા પડતા નથી, શાસ્ત્રો મિથ્યા થઈ જતા નથી, અને પ્રેમ, ભક્તિ વગેરે સર્વે પોતપોતાના યોગ્ય સ્થાનમા શોભી રહે છે

सर्वत्र भगवांस्तुत्यः सर्वदोषविवर्जितः ।
क्रीडार्थमनुकुर्वन्हि सर्वत्रैव विराजते ॥
गुप्तानंदा यतो जीवा निरानंदं जगद्यतः ।
पूर्णानंदो हरिस्तस्माज्जीवैः सेव्यः सुखार्थिभिः ॥
श्रुतिगीता ६–७॥

અર્થ–સર્વદોષવિવર્જિત ભગવાન્ સર્વત્ર સ્તુતિ કરવાયોગ્ય છે ક્રીડાને અર્થે સર્વને અનુસરીને સર્વત્ર પોતે શોભી રહે છે–બિરાજે છે. જીવો ગુપ્તાનંદ છે, જગત્ નિરાનંદ છે, અને હરિ પૂર્ણાનંદ છે, તેથી સુખાર્થી જીવોએ હરિની સેવા કરવી

આ સર્વનુ વિસ્તારપૂર્વક વિવેચન આ માર્ગના સુબોધિની, અણુભાષ્ય, વિદ્વન્મંડન, નિબંધ, ષોડશ ગ્રંથ અને અન્ય ગ્રંથોમાથી વાંચી લેવા વાચકને વિજ્ઞાપના કરવામાં આવે છે

स्वामिनीप्रार्थनाष्टक.

अमन्दप्रेमार्द्रप्रियकरतलं कुंकुममिषात्
कुचद्वंद्वे वक्षस्यपि च दधती चारु सततम् ॥
कृपां कुर्याद्राधा मयि रुचिरहेमाद्रिशिखरोदित-
प्रावृण्मेघस्मरहरहरा चूचुकमिषात् ॥ २ ॥

શ્લોકાર્થ:—અતિપ્રેમથી આર્દ્રતાયુક્ત પ્રિય અતએવ સુંદર મૃદુ સ્નિગ્ધ કરતલને કુંકુમના મિષથી નિરંતર કુચદ્વંદ્વને વિષે તથા વક્ષસ્થલને વિષે ધારણ કરનાર અને રુચિર હેમાદ્રિના શિખરમા આવિર્ભૂત વર્ષાઋતુના શ્યામમેઘના ગર્વને હરનાર સ્વપ્રિયતમને સ્તનાગ્રભાગના મિષથી પૂર્વોક્ત નીલાંબુદવત્ શ્યામ પ્રભુને હૃદય પ્રદેશમા હરણ કરનારા એટલે ધારણ કરનારા પ્રિયાજી મારે વિષે નિરંતર કૃપા કરો, એમ આપ અભિલાષા કરે છે.

ભાવાર્થ:—પૂર્વોક્ત અલૌકિક પ્રમેયસિદ્ધાંત શ્રીભાગવતરાસપંચાધ્યાયાદિકના શ્રીસુબોધિનીજીમા શ્રીમદાચાર્યે સુનિપુણતાથી પ્રતિપાદિત છે. પૂર્વોક્ત પ્રમેયની અધિકારિણી પુષ્ટિમાર્ગીય શ્રીવલ્લભીય સૃષ્ટિ જ છે, તેના માટે જ આ પ્રમેયનું ઉદ્‌ઘાટન છે, તે વિસ્મરણ

ન થવુ જોઇયે. હવે શ્લોકનો ભાવાર્થ વિચારીયે. જ્યારે કાલિંદીપુલિનમા નવનિકુંજાદિ સંકેતસ્થાનમા કોટિકંદર્પલાવણ્ય સ્વપ્રિયતમના મૃદુ અને સ્નિગ્ધ કેસરચંદનયુક્ત કરમલ ને સ્વકીય હૃદય પ્રદેશમા તાપશાંત્યર્થ ધારણ કરીને અગણિતાનંદને પ્રાપ્ત થાય છે, એટલુ જ નહિ પરંતુ સ્વકીય હૃદયપ્રદેશના મુખ્ય ભાગમા શ્યામતા દેખીને પણ નીલાંબુદ-શ્યામ પ્રભુને જ હૃદયમા ધારણ કરવાનુ અનુસંધાન નિત્ય કરે છે, અર્થાત્ સાક્ષાત્ સ્વપ્રિયતમના નિત્ય સંબંધવાલા પ્રિયાજી છે એ સિદ્ધાંત અત્ર નિષ્પન્ન થયો છે. અહાહા! આ પુષ્ટિમાર્ગીય સ્નેહમર્યાદા કેવી છે કે, જ્યા રાત્રિદિવસ પ્રભુની જ ઝંખના થયા કરે છે. અન્ય આલાપ, અન્યધ્યાન, અન્યજ્ઞાન, સર્વનુ જ્યા વિસ્મરણ છે અને પ્રભુના સંબંધની જ જ્યા મુખ્યતા છે, પૂર્વોક્ત સિદ્ધાંત હૃદયંગમ કરવા માટે સ્વામિનીજીની કૃપાભિલાષા આપ કરે છે પ્રિયાજી નિત્યનિકુંજાદિકમા રાત્રિમા સ્વપ્રિયતમની સાથે રમણાદિક સંગમરસનો અનુભવ કરીને પણ પ્રાતઃકાલમા પ્રભુને પ્રિપાતરથી એકાંતમા મલીને આમંત્રણ કરીને સમયાનુસાર સ્વકીય ભુવનમા પધરાવીને વિવિધ ષડ્રસયુક્ત સામગ્રી અંગીકાર કરાવે છે, મુખ્ય ભોગ સામગ્રી મહાન્ ભક્ત પ્રિયાજીની જ પ્રભુ અંગીકાર કરે છે એ સિદ્ધાંત આપ આ શ્લોકમા પ્રકટ કરે છે

લીલાવૈચિત્ર્ય.

ગત અંકમાં અમે જણાવી ગયા છીએ કે હાલમા મુંબાઇમા કરવીરપીઠના એક કહેવાતા શંકરાચાર્ય આવ્યા છે આટલાં વર્ષસુધી આ શંકરાચાર્ય પ્રસિદ્ધિમા આવ્યા ન હતા, તેમનો કરવીરમઠ પણ લોકોથી અજ્ઞાત હતો, પરંતુ થોડા સમય થયા તેઓ અને તેઓનો મઠ એટલા બધા પ્રસિદ્ધ થાય છે કે તેસંબંધે કંઇને કંઇ પ્રતિદિન પ્રત્યેક વર્તમાનપત્રમા આવ્યા વિના રહેતુ નથી આ ઉપરથી જણાય છે કે આ શંકરાચાર્યજી આપણા લોકપ્રિય ગોસ્વામી શ્રીદેવકીનંદનલાલજીની પેઠે લોકપ્રિયતા મેલવવાનો માર્ગ સારી પેઠે નિરખી શક્યા છે તેઓ શંકરાચાર્ય માધવાતીર્થની માફક લઘુચેતસ્ત્વ અને પરમતાસહિષ્ણુત્વ (!) દેખાડતા નથી તેઓના અધ્યક્ષપણાની નીચે કોઇ પણ અન્યમતાવલંબી સ્વમતનુ સ્થાપન કરી જાય અને તેમના મતનુ ઉત્થાપન (!) કરી જાય તો તેઓ છછણી પડતા નથી, પરંતુ 'થાલીકે બેગનકી તરહ કભી ઇધર ઝુકતા હય કભી ઉધર' એ ન્યાયને અનુસરે છે વળી 'જૈસેકા તૈસે મિલે' એ કહેવત પ્રમાણે પ્રતિષ્ઠાના પ્રેપ્સુઓ તેમને મલી પણ જાય છે.

* * *

જ્યેષ્ઠ માસમા એક દિવસે ઉપર્યુક્ત શંકરાચાર્યજી અત્રત્ય મોટા મંદિરમા મહારાજશ્રીની સાથે મેલન અને શ્રીઠાકુરજીના દર્શન કરવા ગયા હતા શયનાર્તિનો સમય હતો. મંદિરના ચોકમા આસનનો નિયમ ન હોવાથી મહારાજશ્રીગોકુલનાથજી[1] અને શંકરાચાર્યજી નીચે જ

---

[1] ગોસ્વામી શ્રીગોકુલનાથજીમહારાજની આ યુક્તિ દૂરદૃષ્ટિત્વનુ સૂચન કરતી હતી આવા સમયે કેટલાક આચાર્ય પોતાનો દરજ્જો ત્યજીને અન્ય અનધિકારીને ઉચ્ચ આસન આપીને પોતાની 'વીતરાગતા બતાવે છે, તેના કરતા આ યુક્તિ નિઃસંશય પ્રશંસનીય કહેવાશે.

ઉપવિષ્ટ થયા હતા દર્શન ખુલતી વેલાએ શંકરાચાર્યજીએ એક સુવર્ણમુદ્રિકા[1] અને શ્રીફલ શ્રીઠાકુરજીસમક્ષ ધર્યું હતુ, અને કેટલીક સમયોચિત વ્યાકરણવિષયક વાતચિત કર્યા પછી તેઓએ રજા લીધી[2] હતી

* * *

અમારા જાણવા પ્રમાણે ઉપરનો બનાવ આ વિશમી સદીનો એક આશ્ચર્યકારક અને અભૂતપૂર્વ છે આથી સંપ્રદાયને શુ લાભ થયો એ કઇ અમારાથી સમજાતુ નથી કહેવામા આવે છે કે એક માયાવાદનો આગ્રહી આપણા મંદિરમા આવીને શ્રીઠાકુરજીસમક્ષ ભેટ ધરે અને દંડવત્ પ્રણિપાત કરે એ શુ સ્વલ્પ ઉપમર્દ છે ? આનો ઉત્તર એટલો જ છે કે આ શંકરાચાર્ય કઇ ચાર મઠમાના મુખ્ય મઠના અધિષ્ઠાતા નથી. જેમ ગુજરાતમાં ધોલકામા એક શંકરાચાર્ય છે, તેમ આ છે. આ શંકરાચાર્યને એક ચુસ્ત માયાવાદી સ્માર્ત કદી પણ માન આપશે નહિ તેવા શંકરાચાર્યપાસે પોતાના મતનું સમર્થન કરીને તેમના મતનુ નિરસન કરીને ગર્વિષ્ઠ થવુ અને કૃતકૃત્યતા માની લેવી એના જેવી બીજી કોઇ પણ ભ્રાન્તિ નથી આ તો પ્રત્યનીક[3]અલંકારના દૃષ્ટાંતસરખુ છે. બલવાન્ શત્રુનુ તો કાંઇ પણ કરી શકવાની પોતાનામા શક્તિ હોય નહિ એટલે તેના પક્ષના કોઇ નિર્બલઉપર પરાક્રમ કરવુ એને કોઇ પરાક્રમ કહેશે નહિ, બલવાન્ માધવતીર્થના 'અડબડ આક્ષેપોને સંહારનાર સુદર્શન શક્તિ' શય્યામા સુખેથી શયન કરતી હોય, તે વાપરવાની કહો કે બહારથી પણ બતાવવાની હિંમતનો અભાવ હોય ત્યા પ્રત્યનીક સિવાય કોનો પાઠ ભજવાય ?

* * *

હવે અમે સાંપ્રદાયિક દૃષ્ટિથી જોઇએ છીએ. શંકરાચાર્યને, હાથમા દંડ ધારણ કરી આવનાર એક રુદ્રાક્ષધારીને, મંદિરમા પ્રવેશ કરાવવો એ સંપ્રદાયાચાર્યને સંમત છે કે નહિ ? सत्सिद्धान्तमार्तण्डमा સદ્ગત. ભા મા વે ભ પંડિત ગટ્ટૂલાલજી કહે છે કે 'त्रिपुण्ड्ररुद्राक्षमात्रधारिषु शैवदीक्षादुराग्रहिष्वेवास्पृश्यत्वप्रभृतयो दोषा सिध्यन्ति' ત્રિપુંડ્ર અને રુદ્રાક્ષમાત્રને ધારણ કરનારા શૈવદીક્ષાના દુરાગ્રહીઓમા જ અસ્પૃશ્યત્વ વગેરે દોષ સિદ્ધ થાય છે,' અર્થાત્ તેવાઓનો સ્પર્શ પણ કરવો નહિ અને તેવાઓને જોઈને પણ સ્નાન કરવુ. પંડિત ગટ્ટૂલાલજી પ્રતિષ્ઠા અને લોકપ્રિયતાને વિવશ થઈને જાહેરમા કોઇકોઇવાર સત્ય પ્રકટ કરતા અચકાતા, પરંતુ લખવામા તો બે ત્રણ અપવાદ ત્યજીને બહુ જ ચોક્કસ લખતા, એમા તો કઇ સંશય નથી. આશ્ચર્યની વાત છે કે હાલમા તેમના શિષ્યતરીકે ખપવાની લાલસા રાખતા, તેમના

---

[1] શ્રીઠાકુરજીસમક્ષ ગોસ્વામિબાલકોસિવાય અન્ય વૈષ્ણવ વા અવૈષ્ણવ ભેટ ધરી શકે કે નહિ? એનો ખુલાસો કોઇ અભિયુક્ત કરશે ?

[2] એક પત્રકારે એવું છાપી માર્યું હતું કે શંકરાચાર્યે મંદિરમા જઈ શ્રીઠાકુરજીની 'પૂજા' કરી ! શાસ્ત્રીજી મગનલાલભાઈએ તેના ઉપર શ્રીગોકુલનાથજી બાવાનુ ધ્યાન ખેંચ્યુ હતુ, પરંતુ રિવાજપ્રમાણે લક્ષ્ય અપાયું નથી

[3] प्रत्यनीक बलवत शत्रो पक्षे पराक्रम —'બલવાન્ શત્રુના પક્ષમા પરાક્રમ બતાવવુ એ પ્રત્યનીક અલંકાર છે'

ઉપર થતા સત્ય આક્ષેપોથી પણ ફફડી ઉઠીને ગુરુભક્તિની પરિસીમાને દેખાડવામા જ સ્વકર્તવ્ય માનતા, કેટલાક [1]ભટ્ટો સર્વવિપ્લવ કરવા તૈયાર થયા છે !!

* * *

અત્રત્ય એક તિધરા ભટ્ટે “પુષ્ટિમાર્ગીય આચાર્યપરંપરા” નામનુ સ્વલ્પ પુસ્તક પ્રસિદ્ધ કર્યું હતુ. તેમા વિષ્ણુસ્વામીની નિર્મૂલ પરંપરાની ‘નેત્રનિમીલનપૂર્વક’ મજબૂત હિમાયત કરી તે હિમાયત નહિ સ્વીકારનાર સમર્થ ગોસ્વામિબાલકો, શ્રીકોટાવાલા, શ્રીનૃસિંહલાલજી મહારાજ અને ભગવચ્છાસ્ત્રનિષ્ણાત શાસ્ત્રીજી મગનલાલઉપર ‘વચન પુષ્પોનો વર્ષાદ વર્ષાવવામા’ આવ્યો હતો, તેમા કંઇ તત્ત્વ ન હોવાથી તેનુ કંઇ પણ ઉત્તર ન આપતા મૌન જ ધારણ કરવાનુ શાસ્ત્રીજીએ ઉચિત માન્યુ હતુ. પરંતુ શ્રીનૃસિંહલાલજીમહારાજના પરમ ઋણી શાસ્ત્રી સદ્ગત છગનલાલજીએ એ પુસ્તકની સભ્યતાપૂર્વક સૂક્ષ્મ સમીક્ષા કરીને એક લેખ શ્રીનૃસિંહલાલજી મહારાજના આત્મજ શ્રીગોવર્ધનલાલજી મહારાજ-ઉપર મોકલી આપ્યો હતો. તેમા કેટલીક વિશેષ સૂચના લખીને ઉક્ત મહારાજશ્રીના શાસ્ત્રીજી કલ્યાણજીભાઈએ એ લેખ આ માસિકમા પ્રકટ કરવા મોકલી નામ પ્રકટ કરવાની ના પાડી હતી તે પ્રમાણે એ લેખને આ માસિકમા સ્થાન મલ્યા પછી તે જ ‘તિધરા ભટ્ટ’ના કોઇ અનુયાયીએ હેંડબિલદ્વારા જ પ્રત્યુત્તર આપવા પ્રયત્ન કર્યો હતો તેમા વાગ્વિગ્લાપનવિના કંઇ પણ ન હોવાથી તેને ઉત્તર આપવાનુ મારી વાલવામા આવ્યુ હતુ પરંતુ તે ‘તિધરાભટ્ટ’જીની શાસ્ત્રાર્થ કરવાની ઇચ્છાને તૃપ્ત કરવાને શાસ્ત્રીજી મગનલાલભાઈએ ‘આહ્વાનનો અંગીકાર’ એ શીર્ષકનીચે એક લેખ આ માસિકમા જ પ્રકટ કરાવ્યો હતો, જેનો જવાબ લગભગ બે વર્ષ થયા ‘તિધરાભટ્ટ’ કે તેના અનુયાયી તરફથી આપવામા આવ્યો નથી ! અર્થાત્ ‘મુહપર નકાબ દેકે નકાબપોસ બન ગયે’ ! પરિસ્થિતિ એવી છતા હાલમા એ ‘તિધરાભટ્ટે’ એક સ્થલે એવુ છાપી માર્યું છે કે આ પુસ્તકના જવાબમાં અત્યાર સુધી યદ્વાતદ્વા લખ્યા સિવાય કોઇએ કંઇ પણ લખ્યુ નથી. સદર્હુ ‘તિધરાભટ્ટ’જી એટલુ લખીને જ નથી બેસી રહેતા, પરંતુ લખે છે કે ‘એ પુસ્તકમાની દલીલો વાંચીને મોટા મોટા વકીલો અને બૅરિસ્ટરોના દાત ખાટા થઇ જાય છે, તેઓ પોતાની આંગલીઓ દાત નીચે દબાવે છે.’ આવી ખાટી આમલીજેવી દલિલોના પ્રકટકર્તા કોણ ? ‘વેદિ કાવ્યરત્નાકરજી.’ વાહ રે કાવ્યરત્નના આ-કરજી ! ધન્ય છે, તમારી બુદ્ધિને !! સદર્હુ ‘તિધરાભટ્ટ’ જેવાતેવા નથી, એતો બડા ખિતાબી જણાય છે !! નામની આગલ અને પાછલ પાપા માઇલના (!) ખિતાબો જોડે છે આટલેથી સંતોષ ન પામતા બીજા પણ ખિતાબો કેમ નથી જોડતા ? આજના સમયમાં કોણ કોને પૂછે છે ?

* * *

---

[1] શ્વશુરપક્ષસામર્થ્યે ઉપર ઝઝુમનાર, પ્રાયઃ તેના જ ઉપર તાગડધિન્ના કરનાર, ભટ્ટવર્ગની શી સ્થિતિ છે તે સંબંધે વિસ્તારપૂર્વક ઇતિહાસ લખવામાં આવશે શ્વશુરવિત્તોપજીવીને ધર્મશાસ્ત્ર કઇ કક્ષામાં મૂકે છે તે પણ બતાવવામા આવશે

એક હિન્દી કવિ એક સ્થલે કહે છે કે—

कर नकल औरकी सदा स्वनाम खपाके,
रच देना झटपट ग्रन्थसमूह छपाके,
यदि कोई कुछ प्रतिकूल कहे छल पाके,
करना दृग् लोहित यथा प्रसून जपाके,
मिथ्यास्तुति करके कदि न आप अघाते,
कविराज आपके चरित न जाने जाते.

સર્વ સાહિત્યનૌકાની અકર્ણધાર દશામા આ દેશમા ચાતુર્માસ્યના મકોડાની પેઠે કવિઓ ઉભરાઈ જાય છે. કોઇ શીઘ્રકવિ, કોઇ વલી શીઘ્રકવીશ્વર, કોઇ કવિકુલકમલભાસ્કર વગેરે મનમાનતી પદવીઓ પોતે અથવા તો પોતાના ઉપકારભારનીચે દબાયલા પાસેથી પણ ધારણ કરી લે છે. સર્વભવનસમર્થ પ્રભુની અનત અને વિચિત્ર લીલા અગાધ છે !

* * *

જેમને જેમના ‘ સ્નેહીબધુ’ઓએ ‘ **દયાનંદ**નો ખિતાબ ’ આપેલો, અને તેથી જેઓએ ‘ તેનો નિર્ણય લોકસમતિથી કરાવવા માટે ’ ‘પુષ્ટિભક્તિસુધા’નો આશ્રય લીધેલો તેવા એક માથુર ભટ્ટે ગીતાતાત્પર્યનો ગુજરાતી ભાષામા અનુવાદ કર્યો છે ! અત્ર તેનું પરીક્ષણ કરવાનુ સ્થલ નથી, પણ તેમા એક સ્થલે જે અકાલલાસ્ય થયુ છે તેનું જ ‘ તાત્પર્ય ’ અત્ર ઉઘાડુ પાડવામા આવશે. મૂલ ગીતાતાત્પર્ય ગ્રંથ શાસ્ત્રીજી મગનલાલભાઈએ ગીતાના સસ્કૃત સાહિત્યનુ મુદ્રણ કરતી વેલાએ દશેક વર્ષ ઉપર પ્રકટ કર્યો હતો તેમા એક સ્થલે–एवं सन्दर्शार्पितता એ સ્થલે सन्दर्शपतिता એમ રહી ગયલુ હતુ, તે જ ગ્રથનો **શાસ્ત્રીજી**એ જ્યારે ગુજરાતીમાં અનુવાદ કરીને આ માસિકમા છપાવ્યો ત્યારે મૂલ શુદ્ધ सन्दर्श એ પાઠજ સ્વીકારીને ભાષાતર કર્યું હતુ, આટલુ છતા તે માથુર ભટ્ટ આક્ષેપ કરે છે કે “ મિ. મગનલાલ શાસ્ત્રી એમ્ એ ‘ सदर्श ’ એવો પાઠ ફેરવે છે, તે ચિન્ત્ય છે.” આ માથુર ભટ્ટના બુદ્ધિવૈભવ અને વિચારશીલતાને માટે શુ કહેવુ એની અમને સમજણ પડતી નથી. જે માથુર ભટ્ટ ‘ પુષ્ટિમાર્ગ ’ને બદલે ‘ પુષ્ટીમાર્ગ ’ અને पुष्टिमर्ग લખે છે અને વલી ‘પડિત’મા ખપવાનો દાવો કરે છે, અને સાથેજ અન્યની ભૂલ દર્શાવવાનુ ડહાપણ પણ ડોળે છે તેમને તે અમારે ‘નમસ્કાર’ કરવા કે કંટકન્યાયે પૃથક્કાર કરવા ? એટલો હજી ઉપકાર માનવાનો છે તે ભટ્ટ મહાશયે શાસ્ત્રીજીના અનુવાદમાથી કઇ ભૂલ બતાવી નથી ! हे सद्रत्न तवैतदेव कुशल . ,अन्त सारिविलोकनव्यसनिना चूर्णीकृत नाश्मना ।

* * *

સામાન્યત ભટ્ટવર્ગની સંપ્રદાયમાં ઉચ્ચ કક્ષામા ગણના નથી થતી. એક વૈષ્ણવને જેટલા અધિકારો મળ્યા છે તેટલા ભટ્ટોને કદાપિ મલ્યા નથી. શિષ્ટાચાર તો એવો છે કે ભટ્ટવર્ગને સેવામાં પણ દાખલ ન કરવા. પરતુ તે સમય હાલમા પલટાઇ ગયો છે ! ભટ્ટવર્ગપણ ધીરેધીરે સેવામા દાખલ થવા લાગ્યો છે ! ભટ્ટમતાવલબી એક મહારાજશ્રીએ અત્યાર સુધીમાં કોઇ પણ બાલકે નહિ આપેલા એવા અધિકારો ભટ્ટવર્ગને પ્રદાન કર્યા છે ભટ્ટવર્ગવિષે વૈષ્ણવોની કેવી માન્યતા છે તે આ દૃષ્ટાંતથી આબેહુબ જણાશે. ૯૮ આગ્રહી સદ્ગત

શેઠ ચદારામજી, જેમણે શ્રીગોકુલચદ્રમાજીને અત્ર પધરાવવા માટે શ્રીદેવકીનંદનલાલજી મહારાજને ચદાવાડી આપી હતી તેઓ, એક દિવસ મહાપ્રસાદ લેવા બેઠા હતા, તે વખતે ત્યાથી કોઇ ભટ્ટજી પસાર થયા એટલે પોતે પાતલઉપરથી ઉઠી ગયા, અને પુન નવો મહાપ્રસાદ મગાવીને લેવા બેઠા ! અર્થાત્ એઇ વૈષ્ણવો ભટ્ટજીને તેવા જ માનતા મહારાજશ્રીઓ ભલે જ્ઞાતિશિષ્ટાચારને વશ થઈને માન આપે પરતુ વૈષ્ણવો તો તેમની મૂર્તિ જોઈને જ ચાલ્યા કરશે. લગભગ બસો વૈષ્ણવોને ભટ્ટજીને ત્યાં જમવાબદ્દલ પ્રાયશ્ચિત્ત કરાવવાનો દાખલો પણ મોજુદ છે, છતા જે મહારાજશ્રીઓ ભટ્ટજીને નવા અધિકારો આપે છે, તે સાંપ્રદાયિક આચારથી વિરુદ્ધ જ છે

* * *

થોડા સમય પછી શ્રાવણમાસનો પ્રારભ થશે પ્રતિવર્ષ અનન્ય વૈષ્ણવ ગૃહસ્થો તરફથી ભૂલેશ્વર અને બાબુલનાથઉપર જેમ ઘીના બગલાઓ ચણવામાં આવે છે, તેમ આ વર્ષ પણ થશે, એમા કઇ સંશય નથી તેમા શોકની વાત એટલી છે કે દર સોમવારે ઘીના બગલા બનાવી નામના મેળવવાને ઇચ્છતા ગૃહસ્થોના પ્રકટ થતાં નામો જ્યારે અમે જોઇએ છીએ ત્યારે તે વૈષ્ણવ ગૃહસ્થો વિના જોવામા નથી આવતા ! જેઓના પૂર્વજો દઢ આગ્રહી હતા તેઓ હાલ પ્રકૃતિવશ થઈ ગયા છે અમને ખબર છે કે પરમભગવદીય ચતુર્ભુજ મોરારજી ભૂલેશ્વર અને બાબુલનાથના ટ્રસ્ટી હતા, પરતુ તેના પગથીઆ ઉપર કોઇ પણ દિવસે પગ મૂક્યો ન હતો ! એવુ અનન્યત્વ આજકાલ પ્રાય લુપ્તપ્રાય બન્યુ છે મહાદેવઉપર જે ઘીના બગલાઓ ચડાવવામા આવે છે, તે ઘીમાં અમુક પ્રકારનુ વિષ નાખવામા આવે છે, કારણ કે વિષસિવાય એમાનુ દ્રવત્વ તિરોભૂત થતુ નથી, અને પછીથી તે ઘીના બગલાઓ સમુદ્રમા નખાય છે, અને કહેવાય છે કે તે વિષમય ઘૃત અનેક માછલાઓને લલચાવી પ્રાણઘાતક નિવડે છે. આટલુ બધુ પુણ્ય (!) આપણા ભાટીઆ ગૃહસ્થો લુંટવા લાગ્યા છે ! તેમા પણ જ્યારે અમે તેવા હજારો રૂપીઆ હોમનારા ગૃહસ્થોને ગીતાપાઠશાલાના સગી અને ગીતાના રગી તરીકે સાભલીએ છીએ ત્યારે અપાર ખેદ થાય છે कामैस्तैस्तैर्हृतज्ञाना અને अनन्याश्चिन्तयन्तो मा વગેરે શ્રીમુખવાક્યો શું એઓ નજરે નિહાળતા નથી ? આવા ઘોર અન્યાશ્રયથી બચવાનો ઉપદેશ શુ અત્ર પધારેલા તિલકાયિતશ્રી નહિ કરે ? શુ સર્વવિપ્લવજ થશે ? प्रभोरिच्छा बलीयसी.

* * *

શાસ્ત્રીજી મગનલાલે કામવનવાળા શ્રીગોપાલલાલજીના અધ્યક્ષપણાનીચે કરેલા ભાષણમા બીજે દિવસે શિવરાત્રિ હોવાથી તેના વ્રતનો સ્પષ્ટ નિષેધ કર્યો હતો, જો કે તેથી કેટલાક ભૂલેશ્વરીઆ ઉદરભરીઓ, સપ્રદાયના કહેવાતા આપણા ભદ્રરાજો પોતાનો ગુસ્સો બહાર પાડવાની ન્યૂનતા રાખતા ન હતા, પરતુ તેથી, તેના ઉદરપરાયણોના ભયથી, સત્યગોપન કરવાની કઇ પણ જરૂર નથી अप्रियस्यापि तथ्यस्य श्रोता वक्ता च दुर्लभ ।

* * *

'પુષ્ટિભક્તિસુધા'ના ગયા અકમા અમે શ્રીવલ્લભકુલનો ૩૦ વર્ષનો જ્ઞાતિવિષયક ઇતિહાસ લખ્યો હતો તેમાં લખેલી હકીકત કર્ણોકર્ણિકયા મલી હતી તે વિષય ઉપર 'ધર્મન્યાય'

એ નામનો ૬ પાનાનો લેખ કોઇએ આ માસિકની ઓફિસમાં પોસ્ટદ્વારા મોકલી આપ્યો છે. સાભળ્યુ છે કે તે દરેક મહારાજશ્રીઉપર પણ ગયો છે. તેમાં લેખકનુ નામ તો ઠીક, પણ જે તે પ્રેસમા છપાયો હશે તે પ્રેસનુ નામ પણ ગેપ થયલુ છે! છેલ્લા પાનાની નીચેની લગભગ પાચ લાઇનો ફાડી લીધેલી લાગે છે! આ લેખ તેની સ્થિતિ તપાસતા અમને અવિશ્વાસપાત્ર જણાયો હતો, પરતુ જ્યારે અમે તે વાંચ્યો અને તેને લગતી તપાસ કરી ત્યારે જણાયુ કે તે લેખ શ્રીદેવકીનદનલાલજીના કોઇ સેવકે, અને તે પણ મુબઇના જ ગૃહસ્થે છપાવ્યો છે! આમાની કેટલીક જાણવા યોગ્ય હકીકત નીચે આપીએ છીએ.

કામવનમા કોઇ સાચોરા બ્રાહ્મણ ઉપર ધૂમ્રપાન અને મદ્યપાન વગેરે આરોપો મૂકીને તેને અને તેની સ્ત્રીને જ્ઞાતિબાહાર કર્યાં. પતિ જેવા આચરણવાલો હતો તેવી જ તેની સ્ત્રી પણ હતી આ જાતિબ્હાર સાચોરીને અને તેની માને પોતાના ઘરમા રાખવાથી રેહી[1] રામલાલજીઉપર 'તેના સસર્ગનો અભિશાપ મુકીને તેમનો જ્ઞાતિબહિષ્કાર કર્યો, આ ઉપરથી જણાય છે કે શ્રીગોકુલનાથજીના મામાઉપર જેણે મદ્યપાન વગેરે કર્યું છે તેના સસર્ગનો આરોપ મુકાયો હતો. અમે અભક્ષ્યભક્ષણના આરોપ મુકાયાનુ જે સાભળ્યુ તે, આની સાથે સરખાવતા બરાબર લાગતું નથી. અમે અદરના ભેદો શુ છે તે જાણતા નથી. સત્ય હકીકત લાગતાવલગતા તરફથી મલતા અમો પ્રસિદ્ધ કરીશુ. આ ભટ્ટજીનો જ પક્ષ શ્રીગોકુલનાથજીએ લીધો, તેથી જ્ઞાતિમા કોલાહલ શરૂ થયો, અને પક્ષો પડ્યા. છેવટે અત્ર પધારેલા તિલકાયિતશ્રીને અમારી નમ્ર વિનતિ છે કે આવા ઝઘડાઓને શાત કરીને, સર્વ જ્ઞાતિને એકત્ર કરીને, દુરાગ્રહને શમાવીને, પોતાની શાતિપ્રિયતા પ્રકટ કરીને, પોતાનુ અત્ર પધારવુ યાદગાર બનાવવુ.

* * *

ગોસ્વામી શ્રીદેવકીનદનલાલજીમહારાજ હાલમા અત્યત વ્યાધિગ્રસ્ત છે. થોડા સમયપહેલા તો અત્રે એટલે સુધી અફવા ફેલાઇ હતી કે તેઓશ્રીએ લીલા કરી પરતુ પછલથી તે અફવા અસત્ય ઠરી અને હાલમા મહારાજશ્રીની પ્રકૃતિ દિનપ્રતિદિન સુધરતી જાય છે, એમ ખબર મલી છે, જે સાભલીને અમને અત્યન્ત આનદ થયો છે. મહારાજશ્રી ગભીર બિમારી ભોગવીને ઉઠ્યા છે એમા તો શક નથી, માટે અમારી તેઓશ્રીને નમ્ર પ્રાર્થના છે કે હવેથી તેઓએ સપ્રદાયઉપર કેટલોક ઉપકાર કરવા ઉદ્યુક્ત થવુ. આપશ્રીની સમૃદ્ધિ અસાધારણ છે, તેમાથી ફક્ત સોમો ભાગ પણ જો તેઓશ્રી પ્રભુની નામસેવામા અર્પે તો સપ્રદાયઉપર મોટો ઉપકાર થાય. આશા છે કે વૃદ્ધાવસ્થામા તેઓશ્રી આવુ કઇ કાર્ય કરીને પોતાનુ નામ याच्चन्द्रार्दिवाकरो સ્મરણીય કરશે

* * *

પુષ્ટિમાર્ગીયોમા અને મુખ્યત તેના હિતશત્રુંઓમા બ્લાકટાનંદનું નામ ભાગ્યે જ અજ્ઞાત રહ્યુ હશે તેણે આ માર્ગઉપર નીચ હુમલો કરનારા ત્રણ પુસ્તકો હિન્દીમા લખ્યાં છે, જે ગૃહભેદિ છે પહેલા શ્રીનાથદ્વારામા' અને કાકરોલીમા વર્ષોસુધી તેણે પડીઆ ચાટ્યા છે. કોઇ બાબતમા વાધો ઉઠવાથી તેને પાણીચું મલ્યુ, એટલે પછી તેણે યદ્વાતદ્વા લખી માર્યું છે. આ ત્રણ પુસ્તકો એવી તો નીચ ભાષામા લખાયલાં છે કે તેના લેખકની સચ્ચ-

---

[1] જેઓ અત્રેના મોટા મદિરના મહારાજ શ્રીગોકુલનાથજીના મામાજી થાય છે !

ચિત્રતાવિષે અનિવાર્ય સશયો ઉદ્ભવે છે. સ્વામી બ્લાકટના આ ત્રણ પુસ્તકોનું ભાષાંતર મુબાઈમા અમુકતરફથી છપાઈને બહાર પડવાની વાત આજથી બે વર્ષ ઉપર પ્રસિદ્ધ થઈ હતી. તે વિષે ચાપતા ઉપાયો લેવા માટે અત્રસ્થ કેટલાક ગૃહસ્થોએ પ્રયત્ન કર્યો હતો. શ્રીદેવકીનંદનલાલજીમાટે આ પુસ્તકમા ઘણુ અસભ્ય લખાણુ હોવાથી તેમના અનુયાયી શેઠ કાનજીભાઈ વગેરે તે બાબતની સલાહ લેવા શાસ્ત્રીજી મગનલાલભાઈપાસે ગયા હતા શાસ્ત્રીજીએ કહ્યુ કે 'તે પુસ્તકમાં શ્રીનાથજીના સંબધે જે ચિતરવામા આવ્યુ છે તે કેવલ નીચ અને દ્વેષબુદ્ધિથી લખાયુ છે, માટે તેથી વૈષ્ણવોની લાગણી અતિશય દુખાય છે' એ દલિલ કરીને મુબાઈના ના પોલિસ કમિશનર પાસે જઈને તે પુસ્તક અહિ ન આવે તેમ યત્ન કરવો અને સાથે જ શ્રીનાથજીનુ વાસ્તવિક સ્વરૂપ શુ છે તે બતાવવા એક વિસ્તારપૂર્વક અને સચોટ લેખ પ્રકટ કરવો.' શાસ્ત્રીજીની સલાહનો શો અમલ થયો તે અમને પછીથી જણાયુ ન હતું. આપણા મનુષ્યો આરંભશૂર હોય છે, તેથી કોઈ અગ્રેસર થાય અને તેને યશ મલે એમ હોય તો તેના કાર્યને તોડી પાડીને પોતે યશોભોગી થવાની ધૂનમા બીજો સાર્વજનિક હિતને હાનિ પહોંચાડે છે. હાલમા સ્વામી બ્લાકટની ચોપડીઓનુ ગુજરાતી ભાષાંતર બહાર પડ્યુ છે અને અત્ર મફત વહેંચાયુ છે, તે પણ તિલકાયિતશ્રીની પધરામણીને દિવસે જ! આવા ઉછરતી પ્રજાને ભ્રમમા નાખનારા શ્રદ્ધાઘાતક પુસ્તકોના પ્રસારને અસાધારણ બલ ધરાવતી વૈષ્ણવસૃષ્ટિ મૌન ધરીને જોઈ રહે એ થોડુ ખેદકારક નથી. ખરી વાત છે કે આજકાલ દુનિયામા પોતાના માણસોને જ હફાવવામા પોતાની શક્તિનો દુરુપયોગ કરવામા આવે છે, અને પરકીયના હુમલાઓસામે તો 'મુંહપર નકાબ દેતે હૈ'વાળી ઉક્તિનુ જ અનુસરણ થાય છે! પ્રભુલીલા વિચિત્ર છે!!

* * *

ચાલુ સાલમા જતિપુરાના શ્રીમદ્દજીમહારાજના મંદિરસબંધે એક કેસ ઠેઠ પ્રિવિ કાઉન્સિલ સુધી પહોચ્યો હતો! શ્રીમદ્દજી મહારાજ લીલાપ્રવિષ્ટ થયા પછી, તેમના બેટીજીના પુત્ર ભટ્ટમોહનલાલજીએ તે મંદિરઉપર પોતાનો હક્ક સિદ્ધ કરવા ન્યાયાલયનો આશ્રય લીધો હતો. પ્રતિવાદીતરીકે હાલમા અત્ર પધારેલા ગોસ્વામિધુરંધર તિલકાયિતશ્રીગોવર્ધનલાલજીમહારાજ હતા. ભટ્ટમોહનલાલજીએ અહિંની દરેક કોર્ટમા પાછા પડ્યા પછી આ મુકદ્દમો પ્રિવિ કાઉન્સિલમા પહોચાડયો હતો ત્યા પણ છેવટે તેઓનો પરાજય જ થયો છે અને પ્રતિવાદીનુ ખર્ચ પણ તેમણે જ આપવુ એવો કાઉન્સિલતરફથી હુકમ થયો છે, આ કેસની અંદર કેટલા પૈસા બરબાદ થયા હશે એનો ખ્યાલ વૈષ્ણવોએ કરવાનો છે, અને સમજવાનુ છે કે પોતે પોતાના પ્રયાસથી ઉપાર્જન કરીને શ્રીપ્રભુસેવામાં અંગીકાર થવાને માટે આપેલા વિત્તને ક્યા સ્થાન મલે છે અને તેનો કોણ અંગીકાર કરે છે? શુ વૈષ્ણવો પોતે આવા વિષયમાં આંખમિચામણા ચાલુ જ રાખી સ્વધર્મઉપર પાણી જ ફેરવશે?

* * *

આ કેસમાનું પ્રિવિ કાઉન્સિલનુ જજમેન્ટ હમણા જ બહાર પડ્યુ છે. તેમાના કેટલાક ફકરા ખાસ અગત્યના હોવાથી અમે નીચે આપીએ છીએ તે ઉપરથી જણાશે કે કેટલાક અર્વાચીન વૈષ્ણવોને જેઓ બ્રહ્મસબંધ આપવામા પોતાનો અધિકાર છે એમ માનીને, બ્રહ્મસબંધ આપીને, પોતાનુ જૂઠણ ખવરાવીને સંપ્રદાયવિદ્રોહના પાતકપંકમા ફસવવા ચહાય છે,

જાહેર થયુ છે કે શ્રીતિલકાયિત, અત્રેના નરનારાયણના મદિરમા પધાર્યા હતા અને ત્યા પધારીને આર્તિ ઉતારીને એવા વચનામૃત કર્યા કે 'આ મૂર્તિમાં હુ ખરેખરું પુષ્ટિસ્વરૂપ જોઉં છુ !' હવે એક દિવસ મહારાજશ્રીએ સોમવારે ભૂલેશ્વરની આર્તિ પણ ઉતારવી અને શનિવારે તેની સામેના હનૂમાનની પણ આર્તિ ઉતારીને પુષ્ટિસ્વરૂપ જોવું. હજુ પણ કાલકાદેવી અને મમ્માદેવી રહી ન જાય માટે તેની પણ મુલાકાત લઈ લેવી અને 'પુષ્ટ' બનાવી દેવા. આમ કર્યાથીજ પુષ્ટિમાર્ગનુ સ્થાપન (!) થશે, અને પોતાની તિલકાયિતતા પણ વધારે દીપી નિકલશે (!) हरेरद्य द्वारे शिवशिव शिवाना कलकल !! પ્રભુલીલા વિચિત્ર છે '

तिलकायित श्रीगोवर्धनलालजीना चि. दामोदरलालजीनुं भाषण.

મુબઇમા પ્રખ્યાત થયલા માધવબાગમા લાલબાવા શ્રીદામોદરલાલનુ વ્યાખ્યાન 'સપ્રદાય અને શરણાગતિ' એ વિષયઉપર તા. ૨૦ જુલાઇને રવિવારે સાયકાલે થયુ હતુ આ વ્યાખ્યાનસમયે નિમન્ત્રણપત્રો મોકલવામા આવ્યા હતા તેથી નિમન્ત્રિત સજ્જનો માત્ર આ ભાષણનો લાભ લેવાને ભાગ્યશાલી થયા હતા આજ કારણને લીધે ગત એકાદશીના વ્યાખ્યાનની માફક વૈષ્ણવોનો મોટો સમૂહ ન હતો, તેમ ઘોઘાટ પણ ન હતો, અને તદુપરાન્ત મહારાજશ્રી તથા લાલબાવાનુ આસન ગતવ્યાખ્યાનની માફક જમીનપર નહિ હોતા સિહાસન ઉપર હતુ, તેથી નિમન્ત્રિત સજ્જનોના નેત્ર તથા કર્ણ ગતવ્યાખ્યાનની માફક નિષ્ફલ નહિ થતા સફલ થયા હતા આ વ્યાખ્યાન બહુ શાન્તિથી હાજર રહેલા ગૃહસ્થોથી સાભલી શકાય એમ હતુ. આ સર્વ લાભનુ કારણ રા રા શેઠ ત્રિભુવનદાસની સુવ્યવસ્થા જ છે

વૈષ્ણવો પ્રાય મહારાજશ્રીના વચનામૃત શ્રવણ કરવાને સર્વદા આતુર હોય છે. ગત વ્યાખ્યાનમા કઇ નહિ સભલાવાથી અને આ વ્યાખ્યાનમા નિમન્ત્રણ નહિ મળવાથી અત્રસ્થ કોઇ વૈષ્ણવનું મન નિરાશ ન થાય, તેમ પરદેશમા વસતા વૈષ્ણવોને મહારાજશ્રીના વ્યાખ્યાનના કાઇક શબ્દોનુ જ્ઞાન થાય એવા ઉદ્દેશથી નીચે એઓશ્રીના વ્યાખ્યાનનો સાર આપવામા આવે છે, મહારાજશ્રીના વચનામૃતનુ શ્રવણ કરવામા વૈષ્ણવોનુ અહોભાગ્ય છે માટે.

વ્યાખ્યાનનો વિષય ઉપર કહ્યાપ્રમાણે 'સપ્રદાય અને શરણાગતિ' હતો પ્રથમ 'સંપ્રદાય' શબ્દનુ વિવેચન કરવામા આવ્યુ હતુ કલિયુગમા સર્વ દુ:ખરૂપ હોવાથી શંકરાચાર્યકૃત 'ગોવિદાષ્ટક'મા કહ્યા પ્રમાણે જરામરણમાથી મુક્ત થવાને જીવે ઈશ્વરનુ ભજન કરવું. ઈશ્વરને શરણે જવામા અમુક મર્યાદામા રહેવુ જોઇએ, અમુક સંપ્રદાયમા રહેવુ જોઇએ, નહિ તો 'સપ્રદાયવિહીન મંત્રો અને ક્રિયાઓ નિરર્થક છે' ઇત્યાદિ શાસ્ત્રવાક્યનો બાધ આવે. આ પ્રકારે સંપ્રદાયની આવશ્યકતા દર્શાવી સંપ્રદાય અને પથનુ તારતમ્ય એક બે દૃષ્ટાન્તોથી સૂચવ્યુ હતુ. ગંગા જેવી નિત્યનદી એ સપ્રદાયજેવી છે, જ્યારે વર્ષાઋતુમા પ્રકટ થતા અને ત્યારપછી તિરોભાવ પામતા અનિત્ય ઝરા એ પંથરૂપ છે. ગગાદૃષ્ટાન્તથી સપ્રદાયની અવિચ્છિન્નતા—નિત્યતા—દર્શાવી, એટલે પુરુષોત્તમથી પ્રારભીને વિષ્ણુસ્વામી વગેરેદ્વારા પ્રાપ્ત થયલી શ્રીમદ્વલ્લભાચાર્યજીની પરંપરા એજ સપ્રદાયનુ નિત્યત્વ સૂચવે છે. આ

વિષ્ણુસ્વામી દ્રવિડદેશીય છે. શ્રીપુરુષોત્તમે શિવને ઉપદેશ કર્યો, શિવે નારદને, એમ કેટલાક આચાર્યો પછી વિષ્ણુસ્વામીએ એ ઉપદેશ પ્રાપ્ત કર્યો, આ જ ઉપદેશ શ્રીમદ્વલ્લભાચાર્યજીને પ્રાપ્ત થયો, અને તેનો જ પોતે સ્વગ્રન્થોમાં વિસ્તાર કર્યો. શિવના આચાર્યત્વવાસ્તે કહેવામા આવ્યું કે 'શિવજી કરે તે કરવુ નહિ પરન્તુ કહે તે કરવુ,' અર્થાત્ શિવજીની માફક ભસ્મ-રુદ્રાક્ષ ધારણ ન કરવા, પરન્તુ 'वैष्णवानां यथा शम्भु' એ વાક્યપ્રમાણે શિવજી વૈષ્ણવ હોવાથી એ કહે તેમ કરવુ, આથી જ ચતુર્થસ્કન્ધમા પ્રોક્ત રુદ્રગીતપ્રમાણે શિવદ્વારા પ્રાપ્ત ઉપદેશનુ ગ્રહણ શ્રીમદ્વલ્લભાચાર્યજીએ સ્વીકાર્યું છે. વલી પદ્મપુરાણનુ વાક્ય ટાંકીને ચાર સંપ્રદાયની અવ્યવસ્થા કરી હતી શ્રી, રુદ્ર, સનક, અને મારુતિને અનુસાર હાલ રામાનુજ, વાલ્લભ, નિમ્બાર્ક અને માધ્વ એમ ચાર સંપ્રદાયો છે, તેમા 'રુદ્રસંપ્રદાય' શ્રીમદ્વલ્લભાચાર્યજીનો છે, અર્થાત્ ભા મા વે ભ પ. ગટ્ટુલાલકૃત શ્લોકમા દર્શાવેલી પરંપરાપ્રમાણે શ્રીમદાચાર્યજીનો સંપ્રદાય નિત્ય છે, અવિચ્છિન્ન છે, અને તદ્દ્વારા પ્રાપ્ત સર્વ મન્ત્ર ક્રિયા વગેરે સફલ છે એમ સમ્, પ્ર, અને દાય એમ સંપ્રદાયની વ્યુત્પત્તિથી સૂચવ્યુ. સમ્ એટલે પરંપરાથી સારી રીતે, પ્ર એટલે પ્રકૃષ્ટ, અને દાય એટલે દાન, એટલે સારી રીતે ઉત્તમ દાન અથવા તે દાન કરી શકે તે 'સંપ્રદાય'

આ પ્રકારે સંપ્રદાયનો નિર્ણય કરી મહારાજશ્રીનુ વ્યાખ્યાન 'શરણાગતિ' શબ્દનુ પ્રવચન કરવાને પ્રવર્ત્યું સંપ્રદાયપ્રાપ્ત ગુરુદ્વારા પ્રભુને શરણે જીવે જવુ એ જરૂરનુ છે. 'वर्णाश्रमवता' ઇત્યાદિ શ્રીમદાચાર્યપ્રોક્ત નિબન્ધવાક્યથી વર્ણાશ્રમધર્મનું વિધિપ્રમાણે આચરણ કરવાનુ દર્શાવીને અન્તમા વર્ણાશ્રમધર્મના પોષણપૂર્વક શરણના ઉપષ્ટંભ માટે શ્રીમદ્ભગવદ્ગીતાના 'सर्वधर्मान् परित्यज्य' એ વાક્યનો ઉપન્યાસ કરવામા આવ્યો હતો ગીતાના ઉક્ત શ્લોકમા સર્વધર્મના ત્યાગપૂર્વક પ્રભુએ શરણે જવાનો ઉપદેશ કર્યો છે એમ સ્પષ્ટ અર્થ લાગે તો પણ તે વાસ્તવ અર્થ નથી, કારણ કે આચાર્યજીના વાક્યાનુસાર વર્ણાશ્રમના ધર્મનુ તો અવશ્ય પાલન કરવુ જ જોઇએ આ ઉપરાંત કાઇ ફલસંબન્ધનો વિરોધ દર્શાવી ઉક્ત શ્લોકમા શરણાગતિનો ઉપદેશ છે તે સર્વધર્મના ત્યાગપૂર્વક નહિ પણ સર્વવર્ણાશ્રમધર્મના આચરણપૂર્વક શરણાગતિનો છે એમ ઉપસંહાર કરવામા આવ્યો હતો

ભાષણ સમાપ્ત થતા અત્રસ્થ બડામંદિરના શાસ્ત્રી (સાહિત્યાચાર્ય ?) પ. રમાનાથજીએ એ વ્યાખ્યાનનો સાર નિવેદન કર્યો હતો વૈષ્ણવોની ઉપર મહારાજશ્રીનો અત્યન્ત અનુગ્રહ થયો હતો, અને એમના તથા વૈષ્ણવોના પરમ ભાગ્યોદય થયા હતા એમ બહુ પ્રશ્રયપૂર્વક જણાવી પોતે આસનારૂઢ થયા હતા

અન્તે રા રા ત્રિભુવનદાસજીએ મહારાજશ્રીનો અને વૈષ્ણવોનો ઉપકાર માનીને અને પુન આવો લાભ વૈષ્ણવોને અપાવાશે એમ આશા આપીને મહારાજશ્રી તિલકાયિત શ્રીગોવર્ધનલાલજીને, લાલબાવા ચિ શ્રીદામોદરલાલજીને, તથા પાછલથી પધારેલા મોટા મંદિરવાલા શ્રીગોકુલનાથજીના ચિ લાલબાવાને પ્રસાદિ કુસુમ અને માલાદ્વય સમર્પીને સભાને વિસર્જન કરી હતી. સભાવિસર્જન થયા પછી મહારાજશ્રી તિલકાયિત અને લાલબાવા જ્યારે સ્વનિવાસસ્થાનપર મોટરકારમા બિરાજીને પધારવાની તૈયારીમા હતા ત્યારે બડામંદિરવાલા શ્રીમદ્ગોસ્વામી શ્રીગોકુલનાથજી મહારાજ પધાર્યા હતા.

આ સભામા આસરે બસે વૈષ્ણવો હશે. મહારાજોના આશ્રિત માથુર અને ગોકુલસ્થ ભટ્ટો પણ હાજર હતા. માથુર ભટ્ટો વૈષ્ણવોના અગ્રે મહારાજશ્રીસન્મુખ જમીન ઉપર બેઠા હતા, જ્યારે ગોકુલસ્થ ભટ્ટો ઉચ્ચાસનઉપર મહારાજશ્રીના ચરણકમલસન્મુખ બિરાજ્યા હતા

આ પ્રકારે ઉક્ત સભાનું યથામતિ વર્ણન કર્યું છે જે લોકોને પ્રત્યક્ષ દર્શન વા શ્રવણ નથી થયુ, તેમને તો આ શબ્દચિત્રથી સર્વ કલ્પના કરી લેવી શ્રેયસ્કર થઇ પડશે

હવે અમે ઉક્ત વ્યાખ્યાનવિષે બે શબ્દ કહીને વિરમીશું. પ્રથમ તો, ચિ. લાલબાવાનુ વ્યાખ્યાન લગભગ એક કલાક ચાલ્યુ હતુ તે ઉપરથી અને લાલબાવાના પ્રવચન કરવાના ઉત્સાહઉપરથી એમ સિદ્ધ થાય છે કે જો આ ચિ. લાલબાવાને યથાયોગ્ય શિક્ષણ આપવામા આવે, અને પોતે સિંહસુત છે એમ જો અનુભવ કરાવવામાં આવે, તો એઓશ્રીને હાથે કાઇક વૈષ્ણવોના ભાગ્યોદય થઈ શકે બીજું આ વ્યાખ્યાન મહારાજશ્રીની નિજ કૃતિ હોવાના અસંભવને લીધે એ કૃતિ કોઇ નિજાશ્રિત ભટ્ટની વા શાસ્ત્રીની હોય એમ નિશ્ચય થાય છે. એ કોની કૃતિ છે એ શોધવાને કલ્પના દોડાવવાની જરૂર નથી આજથી આશરે પચીશ વર્ષઉપર જ્યારે તિલકાયિતશ્રી અહિ પધારેલા ત્યારે આવી જ રીતિનું અને આવા જ આશયનુ પંડિત ગટ્ટૂલાલજીપ્રેરિત વા રચિત વ્યાખ્યાનનો સ્વમુખે ઉપદેશ કર્યો હતો તેમ, અહિં લાલાબાવાશ્રીએ નિજાશ્રિત કોઇક ભટ્ટગ્રથિત વ્યાખ્યાનનો સ્વમુખે ઉચ્ચાર કર્યો હોય એમ લાગે છે આ કારણથી ઉક્ત વ્યાખ્યાનનુ અવલોકન અમે નિર્દોષ અને ઉત્સાહી લાલબાવાના વચનામૃતતરીકે નહિ કરીએ, પરન્તુ એઓશ્રીના દ્વારા સ્વમન્તવ્યનું સમર્થન કરનાર ય કશ્ચનની જ રચનાનુ અવલોકન કરવાને પ્રવૃત્ત થઈશુ લાલાબાવાશ્રીએ આચાર્યના સર્વ ગ્રન્થોનું અધ્યયન નહિ કરેલુ હોવાથી આ નાની વયે નિશ્ચયપર આવવુ અશક્ય હોવાથી નિજાશ્રિત ભટ્ટ શાસ્ત્રીના મતને અનુસર્યા હોય એ જેટલુ સ્વાભાવિક છે તેટલુ જ નિર્દોષ છે. અમે આશા રાખીએ છીએ કે ચિ. લાલબાવા શ્રીમદાચાર્યપ્રણીત ગ્રન્થોનુ સ્વત અધ્યયન કરે, અને આવા વ્યાખ્યાન સદૈવ આપીને વૈષ્ણવોનુ નિરન્તર કલ્યાણ કરે એમ કરવામાં અપેક્ષિત સામર્થ્યનુ શ્રીનાથજી એઓશ્રીને શીઘ્ર દાન કરે એમ એ જ પ્રભુને પ્રાર્થને પ્રસ્તુત અવલોકનકાર્ય આરભીશું.

૧. સસારમા સર્વ દુ ખમય છે તેને વાસ્તે ‘ भज गोविन्दम् ’ એ માયાવાદીના સ્તોત્રનો ઉપન્યાસ કર્યો તેનું શુ કારણ તે સમજાતુ નથી શુ નિજ સપ્રદાયમા વૈરાગ્યબોધક એવું કંઇ પણ સ્તોત્ર નથી ? શ્રીમહાપ્રભુજીના, શ્રીગુસાંઇજીના, શ્રીગોકુલેશનાં, શ્રીહરિરાયજીના અનેક સ્તોત્રો છે તેમા એવાં વૈરાગ્યબોધક પદો નથી ? તેનો ઉપન્યાસ વૈષ્ણવોને સંસારની દુ ખમયતાનો નિશ્ચય કરાવવાને સમર્થ ન હતો ? કે તે ભટ્ટશાસ્ત્રીને તેવા વાક્યોના અસ્તિત્વનું જ વિજ્ઞાન ન હતુ ? વસ્તુત પુષ્ટિમાર્ગમા ‘ આ સસાર દુ ખમય છે ’ એમ કહેવા કરતા ‘સર્વ અહંતામમતા પ્રભુને સમર્પીને પ્રભુને શરણ જવુ એજ ઉતમ સાધન છે’ એમ કહ્યુ હોત તો વધારે સારુ થાત

૨. ‘સંપ્રદાય’ અને ‘પથ’ (પથિન્) એ બે શબ્દવચ્ચેના તારતમ્ય ઉપર બહુ ભાર દેવામાં આવ્યો હતો. આ તારતમ્ય સપ્રદાયના ગોસ્વામિકૃત કોઇ પણ ગ્રન્થમાં સ્પષ્ટ કરેલુ છે ? અને જો કરેલુ નથી તો શા આધારથી અહિં આટલો બધો ભાર દેવાની જરૂર પડી ?

વળી, સાપ્રદાયિક ગ્રન્થોમા શ્રીમદાચાર્યજીપ્રકટિત માર્ગને ‘ પથ’ સજ્ઞા શુ ધુરધર ગોસ્વામિબાળકોએ નથી અર્પી ! સસ્કૃત ભાષામા ‘ સંપ્રદાય, ’ ‘પથ,’ ‘માર્ગ’ ઇત્યાદિ શબ્દો એકાર્થ જ નથી ? ગુજરાતી ભાષામા ‘પથ’ હલકો ગણાય છે, તેમ સસ્કૃતમા પણ ‘સપ્રદાય’ શબ્દ કરતા ‘પથ’ ‘માર્ગ’ ઇત્યાદિ શબ્દો હલકા લેખાય છે ખરા કે ? શ્રીમદાચાર્યજીપ્રકટિત માર્ગને મત, પથ, વા સપ્રદાય ઇત્યાદિ ગમે તે સંજ્ઞાથી ઓળખવામા આવે તેમા એમની ન્યૂનતા થતી નથી સત્ય ગૌરવવાળુ હોય તો તે સર્વદા તેવુ જ રહે છે ‘ रतिपथ उदितो दैवजीवोद्धरणार्थम् ’ એ શ્રીમાન્ પુરુષોત્તમજીની ઉક્તિનુ વિસ્મરણ પણ આ મિથ્યા તારતમ્યના સ્પષ્ટીકરણના ઉત્સાહમા થયુ હોય એમ લાગે છે.

૩ પદ્મપુરાણનુ વાક્ય ટાંકીને શ્રી, રુદ્ર, સનક અને મારુતિને અનુસાર રામાનુજ, વાલ્લભ, નિમ્બાર્ક અને માધ્વ એમ ચાર સપ્રદાય ગણાવ્યા હતા તે સાપ્રદાયિક કોઇક ગ્રન્થને આધારે કે સ્વકલ્પનાથી ? શ્રીમદ્ભાગવતના તૃતીયસ્કધમા કપિલના ઉપદેશમા ‘ भक्तियोग चतुर्विधम् ’ ઉપર વ્યાખ્યા કરતા શ્રીમદ્વલ્લભાચાર્યજી સ્વત નીચે પ્રમાણે ચાર સપ્રદાયની ગણના કરે છે. (૧) તામસ વિષ્ણુસ્વામી, (૨) રાજસ માધ્વ, (૩) સાત્ત્વિક રામાનુજ અને (૪) નિર્ગુણ પોતે (શ્રીમદાચાર્યજી) આ શ્રીમદાચાર્યજીપ્રોક્ત ચાર સપ્રદાયની ગણના ઉપર્યુક્ત ગણનાની સાથે કેમ સગત થાય એ ભટ્ટશાસ્ત્રી સમજાવશે ખરા ? ઉક્ત ગણનાઓમા વિરોધ તો સ્પષ્ટ છે. વિષ્ણુસ્વામીની પરપરા શ્રીમદાચાર્યજીએ ક્યા સ્વીકારી છે તે જણાવશે ? પુરુષોત્તમ, રુદ્ર, ઇત્યાદિથી ઉતરતી વિષ્ણુસ્વામીની પરપરાને આચાર્યજીએ સ્વીકારી છે તેને વાસ્તે ‘યદુવિજય’ નામના કોઇક બનાવટી ગ્રન્થનો જ ઉપન્યાસ કર્યો હતો, પણ ઉક્ત ગ્રન્થનો શ્રીમદાચાર્યજીના વાક્ય સાથેનો વિરોધ કેમ પરિહાર થાય એ ભટ્ટશાસ્ત્રી સમજાવશે ‘ ઉક્ત યદુવિજય ગ્રન્થનો કોઇ પણ પ્રાચીન ગ્રન્થમા ઉપન્યાસ કરેલો બતાવશે ખરા ? વસ્તુત શ્રીસુબોધિનીજીમા વિષ્ણુસ્વામીથી શ્રીમદાચાર્યજી પોતાને પૃથક્ ગણે છે, તેથી વિષ્ણુસ્વામીની પરપરા શ્રીમદાચાર્યજીઉપર આરોપવી અમને તો પાખડમય ધાર્ષ્ટ્ય લાગે છે. વિષ્ણુસ્વામિપરંપરાની વિરુદ્ધમા આ પત્રિકામા બહુ બહુ કહેવામા આવ્યુ છે એટલે વિશેષ વિસ્તારની જરુર અત્ર નથી

૪. શરણાગતિના ઉપદેશસમયે વર્ણાશ્રમધર્મનો બહુ આગ્રહ કરવામા આવ્યો હતો ‘सर्वधर्मान् परित्यज्य’ એ શ્રીકૃષ્ણવાક્યના અર્થનો પણ સકોચ કરવામા શુ પ્રયોજન હશે તે તો વ્યાખ્યાનના પ્રેરક જ જાણે વસ્તુત વર્ણાશ્રમાદિધર્મ દેહધર્મ હોવાથી બહારના છે, જ્યારે ભક્તિ, સેવા ઇત્યાદિ આત્મધર્મ હોવાથી આન્તર છે આન્તર ભગવદ્ધર્મ ગરિષ્ઠ છે તેથી તેનાથી અવિરુદ્ધ થઈને વર્ણાશ્રમાદિ બહારના ધર્મનુ પાલન કરવુ એ સાપ્રદાયિક આશયપ્રમાણે મનાતી અને પળાતી મર્યાદા છે. આનુ વિસ્મરણ વ્યાખ્યાનના યોજકને કેમ થયુ ? કદાચિત્ ગ્રન્થદર્શનનો જ અભાવ તો નહિ હોય ?

૫ વસ્ય ગુરદ્વારા શ્રીમદાચાર્યજીને શરણે જવુ અને તેમની કૃપાથી પ્રભુ જીવને શરણે લે છે એ જ તત્ત્વ છે. જીવનો ધર્મ છે કે પ્રભુને શરણે જવુ શ્રીમદાચાર્યજીને શરણે રહીને પ્રભુને શરણે જવામાં જ પરમ કલ્યાણ છે આ ઉક્તિ જ અખિલ વ્યાખ્યાનમા સર્વાંશે માન્ય કરી શકાય અન્યત્ સર્વ અકાડતાડવ અપ્રસ્તુતપ્રસગજેવુ લાગે છે.

૬ આ લખ્યા પછી જાણવામા આવ્યુ કે શ્રીમદ્ગોકુલનાથજીએ તિલકાયિતશ્રીના

પધાર્યા પછી 'ભક્તિ' એ વિષય ઉપર હાજર રહેલા વૈષ્ણવોને સદ્બોધ આપ્યો હતો. પ્રલયસમયે ભગવાન્ મુકુન્દરૂપે એકલા ખેલે છે, અને ખેલવાની ઇચ્છામા દ્વિતીયની ઇચ્છા કરે છે, અને તેની સાથે સૃષ્ટિપ્રારભ થાય છે. આ પ્રકારે આરભ કરીને વ્યાખ્યાનનો અંત ભક્તિમા કર્યો હતો ભક્તિ જ જીવનભૂષણ છે એમ સમજાવ્યુ હતુ, અને ઉમેર્યું હતુ કે અનન્ય ભક્તિ એ ઉત્તમ છે. अन्यत् किमप्युक्तं पर तस्यानुपयोगित्वान्नानूद्यते ।

૭ ઉપસંહારમા એટલુ જ વક્તવ્ય રહે છે કે ચિ શ્રીલાલબાવાએ જે પરિશ્રમ ભક્તહિતાર્થ કર્યો તે કોટિશ ધન્યવાદાસ્પદ જ છે, શુદ્ધ પુષ્ટિમાર્ગમા માર્ગાન્તરનુ વિમિશ્રણ અર્ધદગ્ધ પંડિત તરફથી બુદ્ધિપૂર્વક કરવામા આવે છે તે સ્પષ્ટ જણાય છે. આવા પંડિતોથી થતા સાંકર્યનો નિરોધ કરવાનુ સામર્થ્ય શ્રીગોવર્ધનનાથજી જ ચિ શ્રીલાલબાવાને ગ્રંથાવગાહનદ્વારા દાન કરે એજ અભ્યર્થના સમાપ્તિમા કરવાની રહે છે સહસ્રાવધિ અર્ધદગ્ધ માયાવી પંડિતોના કુતર્કથી પણ શ્રીમદાચાર્યચરણની તૃતીય સ્કંધીય **શ્રીસુબોધિનીજીની** પંક્તિને બાધ આવી શકવાનો નથી. તિલકાયિત શ્રીગોવર્ધનલાલજીએ પણ લક્ષ આપીને જોવુ જોઇએ કે ભાટ્ટ પંડિતમન્ય શ્રીમદાચાર્યચરણના વિશુદ્ધ સિદ્ધાન્તને દૂષણ આપવાનો પ્રયત્ન કરી પુત્રપરંપરાનો ન્યક્કાર કરીને વેદાંતભટ્ટાચાર્ય પરંપરાની ઘટના કરી શકે નહિ પુત્રપરંપરા જ વંશ્યને હિતાવહ છે. ભટ્ટોને આચાર્ય થવુ છે, તેથી જ શિષ્યપરંપરાપોષક વિષ્ણુસ્વામીની પરંપરા કલ્પી છે.

ભટ્ટજીએ પ્રેરિત વિષ્ણુસ્વામિપરંપરા તિલકાયિતશ્રીને તથા ચિ. લાલબાવાને ઇષ્ટ હોય તો તેને શ્રીમદાચાર્યચરણના વાક્યોથી સુસિદ્ધ કરવી જોઇએ. આ જમાનો બુદ્ધિબલનો છે. 'બાબાવાક્ય પ્રમાણ' એ રીતિને કોઇ પણ આચાર્યશ્રીના ગ્રન્થોના પરિચયવાળો મનુષ્ય અનુસરી શકે એમ નથી વિષ્ણુસ્વામિપરંપરા માનવાના અને મનાવવાના ઉત્સાહમા જો શ્રીમદાચાર્યજીની ઉક્તિ ઉપર હરતાલ મારીને પણ તે પરંપરાનો સ્વીકાર કરવો હોય તો તો મહારાજશ્રીને પણ ધન્ય છે શ્રીમદાચાર્યના ગ્રન્થોથી પરિચિત કોઇ પણ વૈષ્ણવ આપના એ વાક્યનો બુદ્ધિપૂર્વક અન્તઃકરણથી સ્વીકાર આ જમાનામા કરી શકે એમ નથી. મહારાજશ્રીનુ કેવલ વચનામૃત છે અને તે શ્રીમદાચાર્યજીના પ્રત્યક્ષ આશયથી વિરુદ્ધ છે કે નહિ તેનો વિચાર કર્યાવિના સ્વીકાર માત્ર અંધશ્રદ્ધાજડ અથવા સ્વાર્થપરાયણ લોકો જ કરી શકે નિસ્પૃહી કોઇ પણ બુદ્ધિમાન્ વાચક જેને શ્રીમદાચાર્યજીને વાસ્તે સહજ પણ માન છે તે તો પ્રાણ કંઠે આવે તો પણ એનો સ્વીકાર કરી શકે નહિ. વળી આ પરંપરાનો સ્વીકાર ન કરવામાં આવે તો મન્ત્ર અને ક્રિયાની નિષ્ફલતાનો ભય દર્શાવવામા આવ્યો હતો, પરન્તુ એ ભય અમને તો કાલ્પનિક જ લાગે છે, શ્રીમદાચાર્યજીઉપર અમને સંપૂર્ણ વિશ્વાસ છે, એઓશ્રીના વાક્ય અમને વેદવત્ પ્રમાણ છે, અને જ્યારે સ્વતઃ જ સિદ્ધાન્તરહસ્યમા ભગવદાજ્ઞાનુ કથન કરે છે તો તે આજ્ઞાનુસાર જ સર્વ દોષોની નિવૃત્તિ થઈ જાય છે સંપ્રદાયનો (અન્યનો) સામાન્ય નિયમ આ સંપ્રદાયને લાગુ પડતો નથી પુષ્ટિમાર્ગમા તો શરણે આવેલા સર્વ જીવોનુ જોખમ શ્રીમદાચાર્યજી પોતાને શિર લે છે. આ સંપ્રદાય તો સર્વમૂર્ધન્ય છે પૌરાણિક ચાર સંપ્રદાયમા એની ગણના ન થાય તો અમને કંઇ ન્યૂનતા નથી લાગતી એટલુ જ નહિ પણ એમા જ મોટું માન સમજીએ છીએ.

સ્વધર્મના મુખ્ય સિદ્ધાન્તો.

---

૧ જગત્ સત્ય છે

૨ જગત્, જીવ, અંતર્યામી, અક્ષર ઇત્યાદિના નિમિત્ત અને ઉપાદાન કારણ શુદ્ધ નિર્ગુણ બ્રહ્મ કૃષ્ણપરમાત્મા જ છે

૩ જીવે અવિદ્યાથી કલ્પેલો અહન્તામમતાત્મક સંસાર મિથ્યા છે

૪. જીવ અણુ છે, શુદ્ધ નિર્ગુણ બ્રહ્મનો અંશ છે, વ્યાપક નથી

૫. પરબ્રહ્મ પુરષોતમ કૃષ્ણનુ ધામ અક્ષરબ્રહ્મ ગણિતાનંદ છે.

૬ સર્વોપરિ વેદાદિ શાસ્ત્રે પ્રતિપાદિત પરમકાષ્ઠાપન્ન વસ્તુ શ્રીકૃષ્ણ જ છે

૭. કૃષ્ણની સેવા એ જ અંશ જીવનો ધર્મ છે, એટલે વસ્તુતઃ સ્વધર્મ કૃષ્ણસેવા જ છે

૮ આત્મનિવેદન અને પ્રભુપ્રપત્તિ વિના અન્ય વિશ્વધર્મ હોઈ શકે જ નહિ

GRATIS.

The 'Suddhadwaita Philosophy' or 'System of Vallabhacharya' by Mr. Mulchandra T. Telivala, B. A., will be posted to any gentleman applying to

Humum Street,
BOMBAY, 1.

ISHVARDAS TRIBHUVANDAS VARJEEVANDAS SETH.

Reg. No. B. 896.

श्रीकृष्णस्तु भगवान्स्वयम्.

મનુષ્યનું કર્તવ્ય અને ધર્મજીજ્ઞાસા.

લેખકઃ—ધીરજલાલ મજદાસ સાંકલીઆ બી. એ., એલ એલ બી.

વકીલ–હાઇકોર્ટ.

" પુષ્ટિભક્તિસુધા " મા ત્રણ વર્ષ થયા આવતો આ લેખ વૈષ્ણવોએ આનંદથી વાંચ્યો છે, અને તેને સામટો છપાવી પ્રસિદ્ધ કરવાની ઘણી માગણી થવાથી અમે તે કામ માથે લીધું છે, અને આશરે દસ દિવસમા ગ્રંથ બહાર પડશે. આ, જમાનાના યુવાનોને, તેમ જ સર્વ વિચારશીલ સજ્જનોને, વૈષ્ણવોને, અને ધર્મ સમજવાની ઇચ્છાવાળા ગ્રેજ્યુએટોને આ લેખ ઘણો જ ઉપયોગી છે. ધર્મની વિવિધ બાબતોની શંકાનું સંતોષકારક રીતે સમાધાન આ લેખથી થાય છે, અને વાર્તાની મનહર શૈલીથી, અને સંવાદની ચિત્તાકર્ષક રીતિથી લખાયલો આ લેખ સર્વેને આનંદ સાથે શુદ્ધજ્ઞાન સરલતાથી આપે છે. એ લેખમા ધર્મ ધર્મનાં મૂલ તત્ત્વો, કર્તવ્ય, ભક્તિ, પુષ્ટિ, પ્રેમ, શૃંગાર, વિષય વગેરે સર્વ બાબતોનું અનુપમ વર્ણન કર્યું છે, અને સર્વ બાબતોનું સમાધાન મનગમતી, યુક્તિથી તેમ જ ઉપનિષદ્, બ્રહ્મસૂત્રો, ગીતા અને પુરાણોના પ્રમાણોથી કરવામાં આવ્યું છે. સુંદર પાકા બાઇન્ડીંગવાળો આશરે ૨૫૦ (ડેમી ૧૨ પેજી) પૃષ્ઠનો ગ્રંથ સર્વેને વાચવા લાયક, સંગ્રહ કરવા લાયક તેમ જ ભેટ આપવા લાયક થશે. આગળથી પૈસા મોકલી નામ નોંધાવી ગ્રાહક થનાર પાસે કિંમત માત્ર ૮)આના. ઑગસ્ટની દસમી તારીખ સુધી માત્ર નામ નોંધાવી ગ્રાહક થનાર પાસે ૧૦ આના, પાછળથી ૧૨) આના.

ત્રિભોવનદાસ પીતાંબરદાસ શાહ.
મંત્રી પુષ્ટિમાર્ગીય પુસ્તકાલયઃ
નડીઆદ.

તા. ક. આ લેખની માગણી ઘણી હોવાથી અને પ્રત માત્ર ૧૦૦૦) હોવાથી જેના નામ પહેલા નોંધાશે, તેને જ ક્રમવાર આ ગ્રંથ આપવામા આવશે

गुजराती सभा

વર્ષ ૪ થું] શ્રીકૃષ્ણાબ્દ ૫૧૩૭, શ્રાવણ, ભાદ્રપદ

પુષ્ટિભક્તિસુધા.

કૃષ્ણ ૧૧ શ્રીવલ્લભાબ્દ ૪૩૬ અંક ૫–૬.]

नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन
यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा वृणुते तनुं स्वाम् ॥१॥
नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया
शक्य एवंविधो द्रष्टुं दृष्टवानसि मां यथा ॥ २ ॥
भक्त्या त्वनन्यया शक्यः अहमेवंविधोऽर्जुन ।
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परंतप ॥ ३ ॥

તંત્રી તથા પ્રકાશક
વાડીલાલ નગીનદાસ શાહ,
બી. એ., એલ્એલ્. બી., વકીલ, હાઈકોર્ટ
મુંબાઈ

પ્રત ૧૦૦૦

* * *

લવાજમ રૂ. ૨–૦–૦ છુટક અંકની રૂ ૦–૪–૦

Printed by [illegible] Mangaldas Shah at the Gujarat Printing Press Ahmedabad
and published by Vadilal N. Shah B. A., LL. B., [illegible] Street, Bombay

आवश्यक निवेदन.

1. આ માસિક સબધી સઘળો પત્રવ્યવહાર પ્રકાશકને નામે કરવો
2. આ માસિક દરેક માસની કૃષ્ણ એકાદશીએ પ્રકટ થાય છે.
3. આ માસિકમા છપાવવાને આવેલા લેખો લેવા ન લેવા તેમ જ તેમા યોગ્ય સુધારોવધારો કરવો પ્રકાશકની ઇચ્છાધીન છે.
4. શ્રીમદ્વલ્લભાચાર્યજીના સિદ્ધાન્તાનુસાર જ લેખ લેવામા આવશે.
5. વર્ષનુ નોછાવર પ્રથમથી લેવામા આવે છે
6. આ માસિકના પરિવર્તનમા જેમના તરફથી માસિક વા પત્ર મલશે તેમને વગરનોછાવરે આ માસિક મોકલવામા આવશે.
7. કોઇ પણ બાબતની ખબર મગાવવી હોય તો જવાબને સારુ ટિકિટ બિડવી, તે સિવાય જવાબ આપવામા આવશે નહિ.
8. આ માસિકમા જાહેર ખબર છપાવવી હોય કે હેન્ડબિલ વહેંચાવવાં હોય તેમણે પ્રકાશકને લખવુ અથવા મલવુ

પુષ્ટિભક્તિસુધાકાર્યાલય,
પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબાઇ.
} પ્રકાશક.

અનુક્રમણિકા.

વિષયો. ... લેખકો.
૧. શ્રીગુસાંઇજીના પત્રો ... ... વે. શા સ. ગણપતિરામ કાશીદાસ શાસ્ત્રી.
૨ શ્રીમહાપ્રભુશિક્ષા ... ... પ્રકાશક.
૩ શ્રીસર્વોત્તમજી વિષે શ્રીગોવિંદસ્વામિકૃત પદો. ... ... ,,
૪ શ્રીસર્વોત્તમસ્તોત્ર. ... . ,,
૫ પ્રબોધબાવની ... .. વે. શા અ. વસંતરામ હરિકૃષ્ણ શાસ્ત્રી.
૬. પુષ્ટિભક્તિ ... રા. રા. નાનુભાઇ નાગરદાસ ગાંધી. M A., LL B.
૭. બ્રહ્મવાદ અને માયાવાદ. ... ... પ્રકાશક.
૮. ગ્રન્થાવલોકન .. ... ,,
૯. જાહેર ખબરો .. .. ,,
૧૦. લીલાવિચિન્ત્ય .. .. રા. લીલાલોચક.
૧૧ ભ્રમભેદ. ... ... રા. ધ. હ. શાસ્ત્રી,
૧૨. શ્રીહરિરાયજીકૃત માર્ગસ્વરૂપનિર્ણય ... ... Mr. D B. A. LL. B High Court Pleader.
૧૩. નરસિંહમહેતા ... ... રા. ડભોઇવાલા
૧૪. ગોસ્વામીશ્રી શ્રીદેવકીનન્દનજીનો લીલાપ્રવેશ. ... રા. લીલાલોચક

ફાર્બસ ગુજરાતી સભા
વિઠ્ઠલભાઈ પટેલ રોડ. મુંબઈ

॥ श्रीकृष्णाय नमः ॥

॥ श्रीमद्विट्ठलेश्वराणां पत्राणि ॥

(५)

स्वस्ति श्रीविट्ठलदीक्षितानां गिरिधरस्य च श्रीगोविन्दबालकृष्णश्रीवल्लभरघुनाथयदुनाथघनश्यामेषु गिरिधरस्य च भवतां पुत्रेष्वाशिषः । शमिह, भावत्कमाशास्महे । टोडाग्रामपर्यन्तं श्रीगोकुलनाथेन कुशलेन समानीताः स्मोत्रैव दोलोत्सवश्च कारितः । गिरिधरविषयिण्यस्मद्विषयिणी च कापि चिन्ता न कार्या । श्रीगोवर्धनेश एवावितास्ति । उभयत्रापि सेवा सम्यक् कार्या कारणीया च । स्वदेहरक्षा सर्वैः प्रकारैः कार्या । सेवकाः स्वस्वमर्यादायां च रक्षणीयाः । बालकानां रक्षा सर्वैः प्रकारैः कार्या । यद् द्रव्यमागमिष्यति तन्मध्ये तत्कालानुरूपव्ययोपयोगि यावद्भवति तावत्स्थापयित्वा शेषेणावश्यमृणशोधनं कार्यम् । व्ययश्च सावधानतया करणीयः । निशि यामिकाः सावधानाः स्थापनीयाः । इतः प्रेषितोश्वो गोविन्दभट्टेभ्यो दत्तोस्त्यस्माभिस्तं विक्रीय तद् द्रव्यं तैर्ग्राह्यम् । पत्रं मुहुःप्रेषणीयम् । तत्रत्यसर्वोपि वृत्तान्तो लेखनीयः । गिरिधरापत्यानां विशेषतः कुशलं लेख्यम् । चिन्ता कापि न कार्या । श्रीगोवर्धननाथोस्मत्कुलपतिरस्मद्धितमेव करिष्यति । चैत्रवदि ४ । गोविन्दभट्टेषु गणेशभट्टेषु वासुदेवभट्टेषु चाशिषः । पदकृद्गोविन्ददासेषु भगवत्स्मरणं वाच्यम् । मदनसिंहादिषु कृष्णदासादिष्वाशिषो वाच्याः । वासुदेवभट्टेन गन्तव्यं पुरोहितगृहात् । वेङ्कटप्रभृतिषु कृष्णरायादिष्वाशिषः ।

(६)

(श्रीनवनीतप्रियमथुरानाथद्वारकानाथगोवर्धनधरविट्ठलेश्वरमदनमोहनगोवर्धनधरनवनीतप्रियचरणारविन्देषु अनुचरस्य प्रणतयो निवेदनीयाः ।)

स्वस्ति श्रीमज्ज्येष्ठभ्रातृचरणकमलेषु यवीयसो विट्ठलस्य प्रणामकोटिनिवेदकोयं पत्रदूतः । शमिह, भावत्कमाशासे । अहं भगवदाज्ञया रासोत्सवपर्यन्तं श्रीगोवर्धनधरणचरणारविन्दनिकटे स्थितोऽस्मि । हरिद्वारं प्रत्याज्ञा न जातेति न गतम् । अत्र ममास्वास्थ्यं बहु जातमासीत् । उपवासदशकं कृतम् । अधुना भगवत्कृपया श्रीमत्कृपया च नैरुज्यं जातमस्ति । कापि चिन्ता न कार्या । अक्काअम्माअत्ताचरणेषु नतयः । अक्का यथा दुःखं न करोति ममास्वास्थ्यं श्रुत्वा तादृक् कर्तव्यम् । भवतापि कापि चिन्ता न कार्या मम, भगवति सर्वत्र । यादवेन्द्रपुरीषु ब्रह्मानन्देषु

दीक्षितेषु हरिहरनागनाथचूडादिषु नमस्काराः। विष्णुदासादिष्वाशिषः। अत्रत्यवैष्णवानां नतयः।

निर्भरं क्रीडतोरालि मुदा कुञ्जे विवाससोः।
अन्योन्यस्य प्रभैवासीदन्योन्यमुचितांशुकम् ॥ १ ॥

॥ श्रीमत्प्रभुचरणश्रीविट्ठलेश्वराणां पत्रम् ॥

(७)

॥ श्रीगोपीजनवल्लभाय नमः ॥

किं ब्रवाणि ? सखि प्रेष्ठविरहानलदाहिता।
जीवामीत्येतदेवालं निरपत्रपतास्पदम् ॥ १ ॥
सखे तल्लेखनीयं त्वयातियत्नेन राधिकानाथः।
किं कृपयिष्यत्यथवा मनोरथेनैव जन्मनिर्वाहः ॥ २ ॥
गोवर्धननाथचरणकमलयोर्नतयो निवेदनीयाः ॥

॥ इति श्रीविट्ठलनाथानां पत्रम् ॥

(८)

॥ श्रीकृष्णाय नमः ॥

(भवन्तु सदाशिषः।)

भवन्तः स्नेहवशतो मच्छरीरव्यवस्थितिम्।
जानन्तोपि न जानन्ति तदुचिततरं हि वः ॥ १ ॥
यथा नर्तयति स्वामी वस्तुतस्त्वपराधिनम्।
मां तथाहं तु नृत्यामि भृशं क्लिष्टोस्मि तेन हि ॥ २ ॥
त्रपावैराग्यराहित्याद् भवदार्तिजिहीर्षया।
पुनस्तत्रागताविच्छां करोमि स्नेहयन्त्रितः ॥ ३ ॥
परं तदनुरूपं मच्छरीरं नैव वर्तते।
तथापि यदि पञ्चभ्यां किञ्चित् स्वास्थ्यं भविष्यति ॥ ४ ॥
तदा समागमिष्यामि दुःखं मा कुरुत प्रियाः।
सर्वांशे गोकुलाधीशशरणा एव सर्वतः ॥ ५ ॥
अतो न चिन्ता कर्तव्या भवद्भिः कृष्णसात्कृतैः ॥ ६ ॥

॥ श्रीकृष्णः शरणं मम ॥

॥ इति श्रीविट्ठलनाथानां पत्रम् ॥

(९)

स्वस्ति श्रीविट्ठलदीक्षितानां धर्मसीसिंह(?)वैष्णवेषु सायणाकृष्णदासादिष्वाशिषः । शमिह, भावत्कमाशास्महे । तुम्हारे समाचार तुम्हारे पत्रतें पाये ।

ऐहिके परलोके च सर्वथा शरणं हरिः ।
सम्पत्स्वपि सदानन्दः शरणं हरिरेव हि ॥१॥

किमधिकं ? गोविन्दद्विवेदिपुत्रकृष्णदासस्य व्यावहारिकी चिन्ता न कार्या । यादवपण्डितेषु कृष्णस्मरणम् । हरिजीभाईलादिष्वाशिषः ॥

॥ इति श्रीविट्ठलनाथानां पत्रम् ॥

(१०)

॥ श्रीगोपीजनवल्लभाय नमः ॥

स्वस्ति श्रीविट्ठलदीक्षितानां गिरिधरगोविन्दबालकृष्णश्रीवल्लभरघुनाथयदुनाथघनश्यामेषु गिरिधरस्य च भवत्पुत्रेषु चाशिषः । शमिह, भावत्कं कुशलमाशास्महे । उभयत्र सेवा सम्यक् कार्या । भोगादौ वैष्णवानां विश्वासो न कार्यः । मध्येमध्ये मनोहरभोगोपि कार्यः । एतदर्थं गृहे दुग्धासम्भवेऽन्यतोप्यानाय्य कार्यः । अपरञ्च,

सर्वे परिगृहीताः स्मो गोकुलस्वामिना वयम् ।
न त्यक्ष्यति दयासिन्धुरस्मानन्यायिनोपि हि ॥ १ ॥
स्वकृत्या भीर्भवत्येव तथापि करवाणि किम् ?
तथापि गतिरस्माकं स एवेति न भीरपि ॥ २ ॥
यथा वयं तदीयाः स्मस्तथा सोपि निसर्गतः ।
अस्मत्प्रभुरतो चिन्ता नैहिके पारलौकिके ॥ ३ ॥
चिकीर्षितं कारयित्वा शीघ्रमानेष्यति प्रभुः ।
अस्मानतो न चिन्ता वः कार्या सर्वात्मना प्रियाः ॥ ४ ॥
एतेषामहमेवास्मि सर्वस्वामिति सुन्दरः ।
जानात्यस्माकमज्ञानेप्यतः कर्ता स्वतोखिलम् ॥ ६ ॥

ज्येष्ठे मासि प्रभुरस्मानानेष्यति । कापि चिन्ता न कार्या । पत्रं मुहुः प्रेषणीयम् । दोलोत्सव उत्तरानक्षत्रेऽरुणोदयसमये कार्यः । पदवस्त्राणि प्रेषितानि सन्ति । वैष्णवा मर्यादायां स्थापनीयाः । देशकालानुसारेण सावधानतया स्थेयम् । श्रीगोविन्दः कामपि चिन्तां मा करोतु । श्रीगोकुलनाथः सर्वं कुशलं करिष्यति । श्रीरङ्गदासप्रोक्तं तु सत्यमिति ज्ञेयम् । त्वया रीत्या प्रभुस्तथोक्तवान् ।

पुनः प्रश्ने प्रवाहरीत्योक्तवानिति । किमधिकं ?

॥ श्रीविट्ठलदीक्षितानां पत्रम् ॥

(११)

॥ श्रीगोपीजनवल्लभाय नमः ॥

स्वस्ति श्रीविट्ठलदीक्षितानां नागजीप्रभृतिष्वाशिषः । शमिह, भावत्कमाशास्महे ।

सततं गोपिकाधीशपदाम्भोजं सुभावितम् ।
हृदि कार्यं तदीयत्वं तत एव फलिष्यति ॥ १ ॥
निवेदितात्मभिन्नेषु सदौदासीन्यमाचरेत् ।
प्रावाहिकास्तेपि चेत् स्युरुपेक्षैवोचिता तदा ॥ २ ॥

पुरुषोत्तमात् कुशलतः समागताः स्मः । गिरिधरादयः कुशलिनः । किमधिकं ? श्रीकृष्णः शरणं मम । शुभं भवतु ।

॥ श्रीविट्ठलनाथानां पत्रम् ॥

(१२)

स्वस्ति श्रीविट्ठलनाथदीक्षितानां गोपीनाथभट्टेष्वाशिषः । शमिह, भावत्कमाशास्महे । अपरञ्च, ना वृत्तान्तं हरिवंशुडुचपेदिहुण्डी प्रविष्ट मामनु नीइठ कुशलमुन्नइ । हरिराम गोवर्धनु लुलिस्मे उन्नारु । भ्रातृवियोगजनितदुःखं चेय्य वल्दु । भगवदिच्छाधीनमता मरिनाउ । विवेकिनि गोविन्दभट्ट वासुदेवभट्टादिकुशलमुन्नारु । कार्यमैनेवे गिरं वच्चेडिदि । किमधिकं ? शिवात्राचिनाडु वानि दीयति ऐय्येढ टवेऽरुं चानि ।

॥ इति श्रीमत्प्रभूणां पत्रम् ॥

(१३)

॥ श्रीगोपीजनवल्लभाय नमः ॥

अधिरजनिविनोदभरोदितश्रमभरोदितसकलाङ्गशैथिल्योदितनिद्राभरनिर्भरनिष्पीडनविस्मृतशीतादरप्युपस्युन्निद्रतादशोदितप्रियाप्रणयभरस्मृतशीतनिरसनपटुतल्पादुत्थानसामयिकं तूलकञ्चुकं शीघ्रं प्रेषणीयम् । विलम्बो न कार्यः । यदाकुलालिकुलमुखगलदमन्दसौन्दर्यमरन्दपानमदानिर्वचनीयाचित्तमधुपटतानि व्रजरत्नानीतानि कुसुमानि प्रेषितानि भवद्भिः सर्वग्राह्याणि । किं० कु० । भवत्सु सदाशिषः ॥

॥ इति श्रीविट्ठलानां पत्रम् ॥

(૧૪)

॥ श्रीकृष्णाय नमः ॥

गिरिच्छत्रेण दृक्पातचामरैः स्नेहवारिभिः ।
केवलं स्वीयताराज्येऽभ्यपिञ्चद् व्रजमीश्वरः ॥ १ ॥
नानाधीनत्वमैश्वर्याद् दीनताधीनता परम् ।
तत्रापि त्वत्कृपा हेतुरेवं सर्वं त्वमेव नः ॥ २ ॥
व्रजतरुणीकुचकनकाचलोपमर्दे पुलकितोन्नतता ।
तनुता तदनुपमर्दे चित्रैषा ते कथा नाथ ॥ ३ ॥
उपमा नयने प्राप्तुमायान्त्योञ्जनपिच्छिलात् ।
तटात्स्खलन्त्यः श्रीराधेऽपतन्हासार्णवे कवेः ॥ ४ ॥
कलिन्दकन्यकाकूले कूले कनकशाखिनः ।
अस्ति सर्वेन्द्रियास्वाद्यं ब्रह्मामृतमनावृतम् ॥ ५ ॥
प्रायः प्राणैः सहैवायं प्रयास्यति मनोरथः ।
ते त्रपा यदि तत्संगादहमप्यास्त तादृशः ॥ ६ ॥
पशुपराजसुदुर्ललितः सुतो व्रजवधूजनजीवनमित्यपि ।
व्रजनिकुञ्जविहारमनाः स्वयं प्रसभमाश्वसनेन हि वञ्चिताः ॥ ७ ॥

॥ इति श्रीमद्विट्ठलेश्वराणां पत्रम् ॥

શ્રીમહાપ્રભુશિક્ષા.

પ્રથમ તો અન્યાશ્રય ન કરનો. સબ પ્રાણિમાત્રઉપર દયા રાખની સદા પ્રસન્ન રહેનો ક્રોધ ન કરનો ક્રોધ હે સો ચાંડાલ—સ્વરૂપ હે. જહાં ક્રોધ રહે તહાં ધર્માદિક ન રહે સેવાકે વિષે એકાગ્ર મન રાખનો શ્રીઠાકુરજીકી રસોઇકો યથાશક્તિ પ્રધાન કરે સેવકકો અપરાધ દેખે તો હું ક્રોધ ન કરે. સબકી સહી રહેનો ભગવદીયસો સાંચેહી રહેનો. ક્રોધદુર્વચન કહે સો સબ સહી રહેનો શ્રીઠાકુરજીકી સેવા અપને ઘરમે કરે સો સાક્ષાત્ પુરુષોત્તમ જાણીકે કરે, સ્વરૂપકે વિષે અન્યથાભાવ ન કરે ગૃહસ્થાશ્રમ સો ભગવત્કાર્યાર્થ જાનનો ગૃહાસક્તિ ન કરે. સબનસો નમ્ર હોયકે રહે વૈષ્ણવમાત્રકી નિંદા ન કરની. તૃષ્ણા થોરી કરની સદૈવ અપને મનમેં ભય રાખનો, જો મતિ મોસો કછુ અપરાધ હોય આવે. રાજસેવાકો ભાવ સદૈવ જાનનો લીલા હે સો અપને હૃદયમેં નિત્ય કરીકે જાનની અપની દેહ હે સો અનિત્ય કરીકે જાનની પ્રસાદ વૈષ્ણવસો મિલીકે લેનો. ભગવત્સ્વરૂપ,

---

આ લેખ પ્રાચીન સંવત્ ૧૮૩૯ વૈશાક વદ ૧૧ ના રોજ ઉતારેલા ગ્રંથ ઉપરથી ઉતરાવીને પાટણસ્થ વૈષ્ણવ કેશવલાલ ઈશ્વરદાસે પુષ્ટિભક્તિસુધામાં પ્રસિદ્ધ કરવા મોકલી આપ્યો છે

ભગવદીયસ્વરૂપમેં ભેદબુદ્ધિ ન કરની ચિત્ત સ્થિર રાખનો. મન સર્વથા ડગાવનો નહિ જહાં ભગવદીય હોય તહાં ચાલીકે જાનો. દર્શનકો આલસ્ય ન કરનો. જો શ્રીઠાકુરજીકે દર્શનકો આલસ્ય કરે તો આસુરી બુદ્ધિ હોય. ભક્તિકે વિષે ખરો મમત્વ રાખનો. ભગવદીયકે દેહ અલૌકિક કરી જાનને અસમર્પિત વસ્તુ સર્વથા ન લેની, જો અસમર્પિત વસ્તુ લે તો આસુરી બુદ્ધિ હોય. અપને યથાશ્રમ ઉદ્યમ કરનો. યથાલાભ સંતોષ કરનો. પ્રસાદ થોરેસો લેનો. નિદ્રા થોરી કરની. આલસ્ય ન કરનો. સમયકે સમય શ્રીઠાકુરજીકો કાર્ય કરનો. **શ્રીઠાકુરજીકો કાર્ય અપને હાથસોં કરનો, ઓર કાહુસો ન કહેનો, ન કરાવનો. દેહકે વિષે સુખ થોરો કરનો. વિષયતેં ભગવદાવિર્ભાવમેં અંતરાય જાનનો.** અંતઃકરણ વિષયમેં રહે તો શ્રીઠાકુરજીકો આવિર્ભાવ કબહુ ન હોય. જહાં બહિર્મુખ લોક બૈ હોય તહાં બોલનો નહિ. અવૈષ્ણવકો સંગ ન કરનો.-શ્રીભાગવત ઓર ભગવદીય વિષે સદા મન રાખનો, મનમેં અંતર ન રાખનો સેવાકે વિષે અંગ અંગ સ્વસ્વરૂપ ભાવ કરીકે રહેનો. ચિત્તકો ચરણારવિંદવિષે રાખનો. ધીરજ ન છોડે. ભગવદીયસો સદા દીનતાહીમેં રહેનો અપની બડાઈ આપહુ ન કરની. દાસભાવ લીયેહી રહેનો. **જો વૈષ્ણવકે અન્યાશ્રય અન્ય ઉપાસના હોય તાસોં કબહુ ન મિલનો, વાકે ઘરકો કછુ ન લેનો.** સેવાસમય મહાસ્થલવિષે નિકટ રહેનો. જબ શ્રીઠાકુરજીકો અનોસર હોય તબ થોડીસી દૂર રહેનો બહિર્મુખસો સંભાષણ ન કરનો. રસોઈ એકલ કાહુકી ન કરની સેવા મનસો બુદ્ધિસો કરની પાખંડ ન કરનો, પાખંડ કરે તો બહિર્મુખ હોય. શ્રીઠાકુરજીકુ ઉત્તમતે ઉત્તમ સામગ્રી હોય સો સમર્પીએ. નૂતન વસ્તુ આવે સો તુરત શ્રીઠાકુરજીકું સમર્પની. **પહેલે ભગવત્સેવા, પાછે ભગવદ્વાર્તા.** સેવા, કથા, ભગવદીયનસો મિલાપ, તાપાછે ઉદરાર્થ લૌકિક વ્યવહાર સબ કરનો, સોઉ અપને હૃદયમેં શ્રીઠાકુરજીકો સ્મરણ કરત રહે. સખડી અનસખડી સબ ભલી ભાતીસો જાને. આચાર સબહી જાનનો. **સામગ્રીમેં મન સ્થિર રાખનો.** શ્રીઠાકુરજીકે સમીપ મન ચલાવનો નહિ. ઉત્સવકે દિન આનંદસો ઉત્સવ કરનો. બડો લૌકિક કાર્ય હોય, તોહુ પ્રથમ તો ઉત્સવ કરનો, વૈષ્ણવસો આજ્ઞા માગની. ઓરહુ જો કછુ ખર્ચ કરનો હોય સો શ્રીઠાકુરજીકી દૃષ્ટિપથ હોયકે ખર્ચ કરે. જો કરે સો શ્રીઠાકુરજીકે અર્થ કરે, અપને દેહાર્થ ન કરે, **જો અન્યવિનિયોગ કરે તો શ્રીઠાકુરજીતેં બહિર્મુખ હોય.** નિવેદની વૈષ્ણવ સ્થિત હોય તાસો ખાનપાન કરનો નામધારીસો મર્યાદાપૂર્વક રહેનો. સદાસર્વદા ભગવદીયનકી ટહેલ કરની ભગવદીયનકે સંગ માર્ગ લીયે રહેનો શ્રીઠાકુરજીકી સેવામેં સ્વરૂપભાવસંબંધ વિના અવૈષ્ણવકો પ્રવેશ ન કરન દેનો અવૈષ્ણવસો શ્રીઠાકુરજીકી તથા અપની ટહલ કરવાવની નહિ જો જો વસ્તુ શ્રીમહાપ્રભુજીને પ્રકટ કરી હૈ સો સો વસ્તુ ઉત્સવમેં શ્રીઠાકુરજીકો સમર્પની મર્યાદા ઉલંઘન કરની નહિ. શ્રીભાગવતકો પાઠ નિત્ય કરનો, ઓર શ્રીસુબોધિનીજીયુક્ત ભાગવત સુને શ્રીઆચાર્યજીકે શ્રીગુસાંઈજીકે ગ્રંથકો પાઠ કરે. અવૈષ્ણવસોં કથા ન સુને. ઓર જો કીર્તન આવત હોય તો શ્રીઠાકુરજીકો સુનાવે. યહ સર્વ વાત અધોક્ત હૈ, અપને મનમેં નિશ્ચય કરીકે રાખની, વાકો વિચાર નિત્ય કરે તો સબ સ્ફૂર્તિ હોય. ઓર શ્રીઆચાર્યજીકે ગ્રંથ સુને તથા પાઠ કરે ઓર સર્વોત્તમકો પાઠ નિત્ય નિયમસો કરે, મન સ્થિર રાખીકે કરે, તો શ્રીઆચાર્યજીકો સ્વરૂપ હૃદયમેં આવે, તબ સકલ કલ્યાણ હોય

ઇતિ શિક્ષા સંપૂર્ણ.

॥ श्रीकृष्णाय नमः ॥

श्रीसर्वोत्तमजी विषे श्रीगोविंदस्वामिकृत पदो.[1]

राग भैरव.

प्राकृतधर्मरहित अप्राकृतनिखिलधर्मसहित साकार ।
निगमनिरूपित शुद्ध पुरुषोत्तम [2]वदनानल श्रीवल्लभ अवतार ॥ १ ॥
स्तुति करो सदानंद पद सेवो सुजश श्रवण करो गुणगान ।
चित्तमें चिंतन करो [3]रनदिन सुबोधिनी अरु वचनामृतपान ॥ २ ॥
करुणा करी कलि प्रकट भए [4]बिन होत न दैवी जन उद्धार ।
श्रीविट्ठल निजपद नौका है गोविंद उतारो भवसागर पार ॥ ३ ॥ १ ॥

राग बिभास.

[5]विदुषजनदृष्टि कलिकालमहा[6]तिमिरने [7]निगमनवनीतको हार्द न लह्यो ।
ब्रह्म साकारको भेद जाने बिना आसुरावेशते विरुद्ध हि कह्यो ॥ १ ॥
भूमिके जीव मतिहीन वैकुंठकी बातकी कहो कहा मंद कैसे जु जाने ।
ब्रह्म साकारको रूप जाने बिना मूढ अति अज्ञान जु माने ॥ २ ॥
तस्य संमति तातें नहि होत हैं उग्र माहात्म्य कौन पार पावें ।
श्रीविट्ठलपदकमलरजधन गोविंद जनहरिवदन[8] [9]वह्नि गुण गावें ॥ ३ ॥ २ ॥

राग रामग्री.

जब श्रीहरि भई यह इच्छा निज महिमा [10]प्रकटवे काज ।
व्रजपति[11]वदन [12]अनल आनंदमय तब प्रकट कीये वाक्पति [13]द्विजराज ॥ १ ॥
सो स्वरूप प्रकट्यो भूतलमें विद्यानिधि विदुषशिरताज[14] ।
[15]दरशपरश आनंद उपज्यो उर [16]तीनों भुवन रहें सब गाज ॥ २ ॥
दैवी जन सब करत बधाई चिंता गई सबनकी [17]भाज ।
कहत गोविंद यह गान करो नित्य बाल वृद्ध सब जोरि समाज ॥ ३ ॥

---

[1] આ પદનું પુસ્તક પાટણનિવાસી વૈષ્ણવ ભાઈ કેશવલાલ ઈશ્વરદાસ તરફથી અમને મળ્યું છે, તેમાં સર્વોત્તમજીના પ્રત્યેક શ્લોક વિષે પદ છે તે સર્વોત્તમજીના ભાષાંતર સાથે સાથે આપવામાં આવશે [2] મુખાગ્નિ [3] રાત્રિદિવસ. [4] વિના [5] વિદ્વાન્ [6] અંધકાર. [7] વેદ [8] મુખ [9] અગ્નિ હરિવદન વહ્નિ, હરિના મુખાગ્નિ, એટલે શ્રીમહાપ્રભુજી [10] પ્રકટ કરવાને [11] મુખ [12] અગ્નિ. [13] દ્વિજ એટલે બ્રાહ્મણ, તેમાં ઉત્તમ [14] વિદ્વાનના શિરોમણિ [15] દર્શન તથા સ્પર્શથી [16] ત્રણે લોક [17] નહાસી.

सर्वोत्तमस्तोत्र.

(અનુસંધાન અંક ૩ પૃષ્ઠ ૬૬.)

ભગવાન્‌નુ ઉપર્યુક્ત ધર્મવિશિષ્ટ સ્વરૂપ શું આપજ જાણો છો ? શુ અન્ય વિદ્વાનો જાણતા નથી ? અન્ય વિદ્વાનો તે સ્વરૂપને જાણતા હોત તો શામાટે તે સ્વરૂપનુ કોઇ પણ ઠેકાણે તેઓએ અદ્યાવધિ પ્રતિપાદન કર્યું નથી ? આપે પ્રથમ શ્લોકમા પ્રતિપાદન કર્યું તેવુ જ પુરુષોત્તમનુ સ્વરૂપ વેદપ્રતિપાદ્ય જ છે તો એતાવત્‌કાલપર્યંત આ પ્રકારે તેના માહાત્મ્યનુ કોઇ પણ વેદવિજ્ઞાતાએ કોઇ પણ ઠેકાણે કેમ વર્ણન કર્યું નથી ? તેથી ઉલટુ વિદ્વાનો બ્રહ્મના સ્વરૂપને નિરાકાર અને નિર્ગુણ કેમ પ્રતિપાદન કરે છે ? આ સર્વ સંદેહના સમાધાન માટે શ્રીગુસાંઇજી દ્વિતીય શ્લોક આજ્ઞા કરે છે —

कलिकालतमश्छन्नदृष्टित्वाद्विदुषामपि ।
संप्रत्यविषयस्तस्य माहात्म्यं समभूद् भुवि ॥२॥

શબ્દાર્થ:—કલિકાલતમશ્છન્નદૃષ્ટિત્વથી વિદ્વાનોને પણ સંપ્રતિ ભૂતલઉપર તેનુ માહાત્મ્ય સમ્યક્ અવિષય થયુ. (૨).

વિવેચન:—**કલિકાલતમશ્છન્નદૃષ્ટિત્વથી,** કલિકાલજન્ય-કલિકાલથી થતા, તમવડે-પ્રકાશપ્રતિબંધક અંધકારવડે-અજ્ઞાનવડે, ચારેકોરથી આવૃત-આચ્છાદિત-ઢંકાઈ ગઈ છે દૃષ્ટિ-એટલે પ્રમાણુત કરણાદિ જેમની તેમના ભાવને પામેલા હોવાથી, અર્થાત્ પ્રમાણુત કરણાદિ કલિકાલતમવડે આચ્છાદિત થઈ જવાથી, તેના **વિદ્વાનોને** પણ, જેઓએ વેદશાસ્ત્રનો અભ્યાસ કર્યો છે અને વેદના જ્ઞાતા છે તેવા મર્યાદામાર્ગોક્ત સંપૂર્ણ જ્ઞાનવાનને પણ, **સંપ્રતિ** હમણા, કલિકાલમા, ભગવાનના અનવતારસમયમાં, સાક્ષાદ્ ભગવાન્ ભૂતલ ઉપર પ્રકટ થઈ પાછા અંતર્ધાન થયા ત્યારથી તે અત્યાર સુધી, શ્રીમદાચાર્યચરણ પ્રકટ થયા ત્યાસુધી, ભૂતલ ઉપર-ભૂલોકમા, **તેનું**-પુરુષોત્તમાખ્ય વસ્તુનું (પુરુષોત્તમનું), **માહાત્મ્ય, સમ્યક્** શ્રુત્યુક્ત પ્રકારે, **અવિષય** અપ્રત્યક્ષ થયું. કલિ અંધકારરૂપ છે તેથી જેવી રીતે છતે નેત્રે ચક્ષુષ્માનને પણ અંધકારમા વસ્તુનું યાથાત્મ્યજ્ઞાન થતુ નથી તેવી રીતે જ્ઞાનદૃષ્ટિ હોવા છતાં વિદ્વાનોને પણ કલિકાલના અંધકારમાં તે પુરુષોત્તમાખ્ય વસ્તુનુ યથાર્થ એટલે નિગમ અને તેના ફલરૂપ ભાગવત જ્ઞાન દૃષ્ટિગોચર ન થયુ.

શ્રુતિ, સૂત્ર, ગીતા તથા શ્રીમદ્ભાગવત ભગવાન્‌નું માહાત્મ્ય પ્રતિપાદન કરીને કહે છે કે ‘ सोऽकामयत ’ તેણે (પુરુષોત્તમે) કામના કરી, ‘ पुरुष एवेदं ’ પુરુષ જ આ એટલે પુરોવર્તિ જગત્ છે ‘ आनन्दाद्ध्येव ’ આનંદમાંથી જ આ સર્વનો પ્રાદુર્ભાવ વગેરે છે. ‘एतस्मादात्मन ’ આ આત્મામાંથી જ (આ સર્વનો પ્રાદુર્ભાવ છે), ‘जन्माद्यस्य’ આના (પુરોવર્તિ) જગતના જન્માદિ બ્રહ્મથી છે, ‘ अहं सर्वस्य प्रभव ’ હું સર્વનો પ્રભવ છુ ઇત્યાદિવાક્યપ્રતિપાદ્ય (મર્યાદિક) માહાત્મ્ય, તથા વ્રજમા ભક્તાધીનતાએ લીલા અને પરધર્મ (પ્રભુના) જાગરૂક હોવા છતા હાસ્ય જેનો જ્ઞાનાનુદય છે અને નિઃસાધનને ફલરૂપ છે એ (પોષ્ટિક) માહાત્મ્ય, એમ બે પ્રકારનુ માહાત્મ્ય, હાલમાં અનવતારસમયે અપ્રત્યક્ષ થયુ

એકમાં—એ ઉપર્યુક્ત જગત્કર્તાના મર્યાદામાહાત્મ્યમા—સર્વ જગત્મા મિથ્યાત્વની કલ્પના, અને બીજામાં—પુષ્ટિમાહાત્મ્યમાં—પ્રભુમા અને તેની લીલામાં પ્રાકૃતત્વ તથા લૌકિકત્વની કલ્પના કરવામા આવી, અને તેથી બન્ને પ્રકારનું માહાત્મ્ય અપ્રત્યક્ષ થયુ. ‘ પ્રભુ જગત્ના કર્તા છે, જગદ્રૂપ છે, સર્વરૂપ છે, સર્વના પ્રભવ છે, પ્રલય છે ’ ઇત્યાદિવડે પ્રભુનુ માહાત્મ્ય ત્યારેજ કહેવાય કે જ્યારે આ સર્વ જગત્ વગેરે સત્ય હોય, પરતુ તે સર્વ જો મિથ્યા હોય તો તેમા પ્રભુનુ શુ માહાત્મ્ય કહેવાય ? મિથ્યા વસ્તુ કરવામા કરવાપણુ જ શુ ? માટે જગત્ને—વિશ્વને—મિથ્યા કહેનારા વસ્તુત પ્રભુના માહાત્મ્યનો નાશ કરે છે તથા ઉપર્યુક્ત ઉપનિષદ્ સૂત્ર તથા ગીતાના વાક્યની હત્યા કરે છે. તેમ જ ભગવાને અવતાર ધારણ કરીને અનેક લીલા કરીને પોતાના કૃપાબલે—સ્વરૂપબલે—સ્વીય ભક્તોનો, જેમને ભગવાન્ સિવાય કાઇ પણ સાધન યા ઈપ્સિત વસ્તુ ન હતી તેમનો, ઉદ્ધાર કરી ઉત્તમોત્તમ ફલદાન કર્યું તે પુષ્ટિમાર્ગીય ભગવાનને પ્રાકૃત—લૌકિક—પુરુષ ગણવામા આવે અને તેની લીલાને લૌકિક—પ્રાકૃત—ગણી કાઢી હસી કાઢવામા આવે, તેની મશ્કરી કરવામા આવે, તો પછી તેવાઓને ભગવાન્નુ માહાત્મ્ય ક્યાથી સમજાય ? માટે જ કલિકાલમા માયાવાદાદિમતાભિનિવેશથી વિદ્વાનોની બુદ્ધિ પણ દૂષિત થઈ અને તેથી વેદ, ગીતા, સૂત્ર તથા ભાગવતનો સત્યાર્થ તેઓને નહિ સુઝવાથી તેવુ માહાત્મ્ય કોઇ પણ વિદ્વાને પ્રતિપાદન કર્યું નથી. જો કલિકાલથી જ વિદ્વાનોને અજ્ઞાન થયુ હોય તો અન્ય (સત્ય, ત્રેતા અને દ્વાપર) યુગોમા સર્વને જ્ઞાન થવુ જોઇએ, કારણ કે તે યુગોમા વિદ્વાનો સર્વજ્ઞ હતા, તો પણ તે પ્રમાણે, આપે ભગવાન્નુ માહાત્મ્ય પ્રતિપાદન કર્યું તે પ્રમાણે, એતાવત્પર્યંત (આજ સુધી) સાભલવામા આવ્યુ નથી, તો પછી આપના કહેવામા શુ પ્રમાણ ? એમ જો વાદી શકા કરે તો સમાધાન નીચે પ્રમાણે કરવામા આવે છે ભગવાને પહેલા પણ આવુ લીલાવિશિષ્ટ આનંદમાત્રકરપાદમુખોદરાદિરૂપ સ્વસ્વરૂપ કૃતાદિયુગમાં નહિ પણ કલિકાલની આદિમાં જ પ્રકટ કર્યું હતુ, કારણ કે કૃતાદિ યુગમાં સાધનની જ મુખ્યતા હતી, અને પુરુષોત્તમની વિભૂતિરૂપ તત્સાધ્યફલ હતું, અને અહિ કલિકાલમાં સાક્ષાત્ પુરુષોત્તમ જ ફલરૂપ છે, જે (પુરુષોત્તમ) સાધનવડે અસાધ્ય હોવાથી, કૃતાદિ યુગમા પુરુષોત્તમની વિભૂતિ અને તે વિભૂતિનુ માહાત્મ્ય પ્રકટે તથા કલિકાલમા પુરુષોત્તમ અને તેનુ માહાત્મ્ય પ્રકટે એ ઉપપન્ન છે. કલિકાલમા લીલાસમયે સાધનથી નહિ પણ પોતાના સાક્ષાત્સ્વરૂપબલવડે જ સ્વીયજનવિષે સર્વ સ્વમાહાત્મ્ય પ્રકટ કર્યું, તેથી, તે માહાત્મ્ય કેવલ સ્વપ્રમેયબલસાધ્ય હોવાથી, કૃતાદિ યુગમા પ્રભુનુ પ્રાકટ્ય ન હોવાથી, સ્વપ્રમેય એટલે સ્વરૂપબલ અનાવશ્યક હોવાથી, કૃતાદિયુગમા કોઇ આગળ પણ તે માહાત્મ્ય પ્રકટ ન થયુ. કૃતાદિ યુગમા સર્વની પ્રવૃત્તિ મર્યાદામાર્ગોક્ત સાધનમા જ હતી, અને જો કે મર્યાદામાર્ગોક્ત સાધનથી મુક્ત્યાદિ ફલ થાય છે તોપણ આથી—સાક્ષાત્ સ્વરૂપસબધથી—તે મુક્ત્યાદિ ન્યૂન જ છે. પોતાના ભૂતલ ઉપર પ્રાકટ્ય પછી પણ અનવતારસમયમા નિજ સર્વ માહાત્મ્ય કલિમા સર્વને અવિષય થયુ, અર્થાત્ શ્રીમદાચાર્યચરણના પ્રાદુર્ભાવસમયે જ સ્વ માહાત્મ્યનુ જ્ઞાન થયુ, બીજા સમયે નહિ પ્રભુ ભૂતલમા આસુરવ્યામોહલીલા કરીને નિજ નિત્યલીલામા પધાર્યા ત્યારથી જ મર્યાદામાર્ગોક્ત સપૂર્ણજ્ઞાનવાન્ વિદ્વાનોને પણ કલિકાલાધકારચ્છન્ન દૃષ્ટિ થઈ જવાથી પૂર્વસાધિત જ્ઞાન પણ જતુ રહ્યુ, અને તેથી હાલમાં, શ્રીમદાચાર્ય-

ચરણના પ્રાકટ્યસુધી, સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમનુ માહાત્મ્ય ભૂતલ ઉપર સર્વને અવિષય થયું. 'ભૂતલ' ઉપર કહેવાનુ કારણ એ છે કે કલિયુગની પ્રવૃત્તિ ભૂતલમા જ છે, અન્ય લોકમા નથી, તેથી તદતિરિક્ત ભગવલ્લોકસ્થિતને સ્વમાહાત્મ્ય જ્ઞાનગોચર છે. અન્ય લોકમા બ્રહ્મા, શિવ, સનક, શુકાદિને તો પ્રભુનું માહાત્મ્ય સદૈવ પ્રત્યક્ષ છે. વળી 'ભૂમિ'પદવડે એમ પણ સૂચન કર્યું કે ભૂમિ ભક્ત છે, અને પ્રભુના પ્રાકટ્યસમયે શ્રીકૃષ્ણના ચરણકમલના સબંધવડે સર્વદા સરસા આર્દ્ર રહેતી, અને અધુના તદભાવે ભૂમિને પણ દુ:ખ છે. જેમ પ્રભુના પ્રાકટ્યથી ભૂમિના દુ:ખની નિવૃત્તિ થઈ તેમ આચાર્યશ્રીના પ્રાકટ્યથી પણ ભૂમિના દુ:ખની નિવૃત્તિ થઈ છે, અને તેથી જ શ્રીમત્પ્રભુચરણ આગલ 'भूमिभाग्य' એમ આચાર્યશ્રીનુ નામ ધરે છે 'समभूत्' મા ઉપસર્ગનો અર્થ 'સમ્યક્' એટલે 'શ્રુત્યુક્ત પ્રકારથી' એમ થાય છે, अभूत् એમ ભૂતકાલના રૂપવડે બહુ કાલ થયાનું સૂચવે છે અવતારસમાપ્ત્યનન્તર જ કાલનો પ્રભાવ થયો, અને ત્યારથી કે અત્યારસુધી પ્રભુનુ શ્રુત્યુક્ત માહાત્મ્ય કોઈ પણ વિદ્વાનને પ્રત્યક્ષ થયુ નહિ.

નિષ્કર્ષાર્થ:—વેદવિદ્ વિદ્વાનોની જ્ઞાનદૃષ્ટિ પણ કલિકાલના અંધકારથી (માયાવાદાદિમતાભિનિવેશવડે) આવૃત–દૂષિત–થઈ જવાથી સંપ્રતિ ભૂતલ ઉપર તેઓને પુરુષોત્તમનુ શ્રુત્યુક્ત માહાત્મ્ય જ્ઞાનગોચર થયુ નહિ.

આપનુ પણ પ્રાકટ્ય ભૂતલ ઉપર હોવાથી જ્ઞાપક વિના આપને જ તે માહાત્મ્યનું જ્ઞાન કેમ થયુ એમ કોઈ આશંકા કરે તો તેના નિરાસ માટે શ્રીપ્રભુચરણ તૃતીય શ્લોક આજ્ઞા કરે છે.

दयया निजमाहात्म्यं करिष्यन् प्रकटं हरि ।
वाण्या यदा तदा स्वास्यं प्रादुर्भूत चकार हि (ह) ॥ ३ ॥

શબ્દાર્થ:—દયાવડે નિજ માહાત્મ્ય વાણીદ્વારા પ્રકટ કરવાની ઇચ્છાવાન્ જ્યારે હરિ (થયા) ત્યારે સ્વાસ્યને નિશ્ચય પ્રાદુર્ભૂત કર્યું (૩)

વિવેચન:—દયાવડે નિરુપધિ સ્વકીયજનના દુ:ખને દૂર કરવાની ઇચ્છાવડે, નિજ માહાત્મ્ય સ્વકીય પુષ્ટિમાર્ગીય લીલારસમાહાત્મ્ય, વાણીદ્વારા સ્વવચનદ્વારા, સ્વકીયને વિષે પ્રકટ કરવાની ઇચ્છાવાન્ હરિ સકલદુ:ખહરણશીલ ભગવાન્ થયા, ત્યારે સર્વગુણોપેતકાલે-ફલકાલે, સ્વાસ્યને પોતાના પુરુષોત્તમના જ આનંદમાત્રાધિદૈવિકાગ્નિરૂપ મુખને પ્રાદુર્ભૂત કર્યું પ્રકટ કર્યુ. ઉપર્યુક્ત શ્લોકમા પ્રતિપાદન કરવામા આવ્યુ તે પ્રકારે માયાવાદાદિમતાભિનિવેશથી વિદ્વાનોની બુદ્ધિ પણ દૂષિત થઈ, વેદ, ગીતા, વ્યાસસૂત્ર તથા શ્રીમદ્ભાગવતના શુદ્ધ અર્થના જ્ઞાનનો સર્વને અભાવ થયો, અને તેથી મર્યાદાપુષ્ટિભેદથી ઉભયવિધ ફલનો અભાવ થવાથી દૈવી સૃષ્ટિ અકૃતાર્થ થઈ, ત્યારે ભગવાનને દયા નિરુપધિ કરુણા, આવી. સ્વીય જનને સ્વસ્વરૂપરસપ્રાપ્તિના અભાવે જે તાપ થયો તે તાપદૂરીકરણની ઇચ્છા દીનવાત્સલ્યથી પ્રભુને પ્રથમ થઈ, અર્થાત્ પ્રભુને પ્રથમ સ્વેચ્છાથી ભક્ત વિષે દયા, નિરુપધિ કરુણા, થઈ દયાથી આ કાર્ય થયુ છે એમ કહીને તે વિના કદાપિ પણ અન્યથા આ કાર્ય થતે નહિ એમ પણ સૂચન કર્યું, અર્થાત્ નિરુપધિ કરુણાથી જ આચાર્યચરણનું પ્રાકટ્ય હોવાથી વેદ તથા શ્રીભાગવતના શ્રીમદાચાર્યોક્ત અર્થના જ્ઞાન તથા

અનુષ્ઠાનથી દૈવી જીવોને અવ્યભિચાર, નિશ્ચય, અપવાદ વિના, ફલ થશે એમ પણ સૂચન કર્યું.

આ પ્રકારે સ્વકીય જન ઉપર પ્રથમ હરિને નિરુપધિ કરુણા થઈ, અને તેથી જ પૂર્વોક્ત પુષ્ટિલીલાગુણવિશિષ્ટ નિજ માહાત્મ્ય વાણીદ્વારા, કથનદ્વારા, અમારા (શ્રીપ્રભુચરણાદિ) વિષે પ્રકટ કરવાની અને સ્વરૂપાનન્દનુ જ દાન કરવાની જ્યારે ઇચ્છા થઈ ત્યારે સ્વાસ્યને પ્રકટ કર્યું **નિજ માહાત્મ્ય** એટલે સાક્ષાત્ પુરુષોત્તમસંબંધિ લોકવેદપ્રસિદ્ધ તથા તદતીત–લોકવેદથી પણ અગમ્ય–કેવલ નિજ અંતરંગ ભક્તના અનુભવગમ્ય–માહાત્મ્ય અથવા 'નિજમાહાત્મ્ય' એટલે શ્રીમત્પ્રભુસ્વરૂપભૂત સાક્ષાદ્ વૃંદાવનીય રસરૂપ માહાત્મ્ય, અથવા 'નિજમાહાત્મ્ય' એટલે નિજ જે સ્વકીય તેમના વિષે રમણરૂપ માહાત્મ્ય, અથવા 'નિજમાહાત્મ્ય' એટલે નિજોનુ સ્વકીયજનોનું માહાત્મ્ય, તેમને પ્રકટ કરીને અને પોતે પોતાના માહાત્મ્યસહિત પ્રકટ થઈને રમણરૂપ માહાત્મ્ય અથવા નિજ એટલે વ્રજવાસિનીઓ તેમના વિષેનુ માહાત્મ્ય એટલે સ્વાચાર્યરસરૂપ માહાત્મ્ય. **વાણીદ્વારા** એટલે વેદ, ગીતા, તત્ત્વસૂત્ર, શ્રીભાગવતના અર્થના યથાસ્થિત કથનદ્વારા, નિજ સ્વકીય આધિદૈવિક સાક્ષાદ્ વાણીદ્વારા **પ્રકટ કરવાની** ઇચ્છાવાન્ એટલે પ્રત્યક્ષ કરવાની ઇચ્છાવાન્, અર્થાત્ સ્વકીય વિષે સ્વમાહાત્મ્ય પ્રકટ કરીને તે સ્વરૂપના દાનપૂર્વક સેવા કરાવવાની ઇચ્છાવાન્ **જ્યારે** એટલે ભગવન સર્વગુણયુક્ત ફલસમયે **હરિ** એટલે સર્વદુઃખહરણશીલ ભગવાન્. અત્ર 'હરિ' પદ ભગવાન્ સ્વતઃ સર્વાર્થપૂર્ણ છે તથાપિ આ પ્રકારે નિજ માહાત્મ્ય પ્રકટ કરવાની તેમને ઇચ્છા થાય છે એમ પ્રયોજન સૂચવે છે. **હરિ** એટલે નિરુપધિ સર્વદુઃખહર્તા, સ્વકીયના સર્વ દુઃખનુ નિરુપધિ હરણકર્તા જો હરિ સ્વાસ્યને પ્રકટ ન કરે તો સર્વ સ્વકીયને એતન્માર્ગીય માહાત્મ્યના અજ્ઞાનવડે દુઃખ થાય અને તેથી પોતાનુ હરિત્વ (દુઃખ હરવાપણુ) જ ન થાય તેથી, સ્વહરિત્વ સિદ્ધ કરવાને વાસ્તે, જ. આ પ્રકારે કર્યું, અર્થાત્ સ્વકીયના દુઃખ હરણ કરવાનો હરિનો સ્વભાવ જ છે, અને તેથી જ સ્વાસ્યને પ્રકટ કર્યું, એ જણાવવાને 'હરિ' પદ મૂક્યુ છે પૂર્વે ગજના દુઃખનુ નિવારણ કરવાથી જેવી રીતે 'હરિ' નામ પ્રકટ થયુ તેવી રીતે અહિ પણ નિજસ્વરૂપદર્શનાનન્તર તે ભાવને પ્રાપ્ત થયેલી વ્રજસીમન્તિનીઓ ગજગામિની થઈ અને તે રસ પ્રાપ્ત ન થવાથી તાપરત થઈ, અર્થાત્ દુઃખસિંધુમા મગ્ન થઈ, અને વિયોગગ્રાહવડે (મગરવડે) પકડાઈ ગજેન્દ્ર મોક્ષમા એક જ ગજ હતો અને અહિ તો ઘણી ગજગામિની છે, તેથી ઉદ્ધાર ન કરે તો તે યશ (ગજને ઉદ્ધાર કરવારૂપ હરિનામસાર્થક્યકૃત્ યશ) પણ નાશ પામે, માટે સર્વનો ઉદ્ધાર કરવાની ઇચ્છાવાન્ થયા એમ પણ 'હરિ'પદનો ભાવ છે ત્યા હાથી હતો અને હસ્તિનીઓ છે, તેથી અવશ્ય ઉદ્ધાર કરવો જોઇએ, અને તેટલા માટે જ શ્રીમદાચાર્યચરણે આજ્ઞા કરી છે કે 'અત્ર સ્ત્રીઓનો વિશેષતઃ ઉદ્ધાર છે,' આમ ન હોય તો ગોપીજનો मग्नमुद्धर गोविन्द गोकुलं वृजिनार्णवात् 'વૃજિનના–પ્રભુના વિરહ તાપના–સમુદ્રમાં મગ્ન ગોકુલનો, હે ગોવિંદ, ઉદ્ધાર કરો' એમ કહત નહિ, અર્થાત્ સ્વાવતારલીલાસમયે પણ પ્રભુએ ગોપીજનરૂપ કરિણીઓનો તાપસમુદ્રમાથી વિરહગ્રાહના પંજરમાથી ઉદ્ધાર કર્યો અને પોતાની હરિસંજ્ઞા સિદ્ધ કરી હતી. પોતાનુ નામ જ 'હરિ' છે, તેથી સ્વકીયનાં દુઃખનુ નિરુપધિ, કાંઈ પણ પ્રયોજન કે અપેક્ષા સિવાય, હરણ કરવુ તે સ્વસ્વભાવ જ છે એમ 'હરિ'પદ વડે સૂચન કર્યુ **સ્વાસ્ય** એટલે સ્વમુખરૂપ સ્વમુખાધિષ્ઠાતા સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમનુ લીલારસવિશિષ્ટ

આસ્ય, અર્થાત્ વાક્‌ના (વાણીના) અધિષ્ઠાનરૂપ અલૌકિક આનંદમય અગ્નિરૂપ શ્રીમદાચાર્ય-વિગ્રહ. અત્ર કેવલ 'આસ્ય' (મુખ) એમ પદ યોજ્યું હોત તો ચાલત, છતા સ્વાસ્ય (સ્વ-મુખ) એમ સ્વવિશિષ્ટપદ યોજ્યુ છે તેથી એમ સૂચન થાય છે કે આચાર્યશ્રી સ્વ એટલે સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમનું જ નિજ મુખારવિંદ છે અંશકલાદિનુ નહિ સ્વપદ મુકવાથી અંશકલાદિના અવતારવત્ પોતાના અનન્ત ધર્મોમાથી કોઇક ધર્મને આચાર્યશ્રીના અવતારરૂપે મોકલ્યા હશે એ શંકાનો નિરાસ થાય છે. સ્વાવતારલીલાસમયે પણ ગોપીજનની પ્રાર્થનાથી પ્રકટ થવાની ઇચ્છા થઇ ત્યારે કયા સ્વરૂપથી ત્યારે પ્રકટ થવુ એમ પોતે વિચાર કર્યો ત્યારે નિજભક્ત વ્રજવાસિનીઓનુ તે કાર્ય માટે અસામર્થ્ય લાગ્યુ, તેથી સ્વાસ્યને (સ્વમુખને), પોતાના મધ્યમા પુરુષોત્તમલીલાસ્થસ્વરૂપમા મુખરૂપ મૂલભૂત સ્વરૂપને, જે પોતાનો પણ તાપ દૂર કરે છે તે સ્વરૂપને, પ્રકટ કર્યુ આ માર્ગમા મુખની જ ઉત્તમતા હોવાથી એમ કહ્યુ છે. અત્ર પ્રથમ મુખનુ જ દર્શન છે અને તેની જ મુખ્યતા છે એ પુષ્ટિ શ્રુતિ—શ્રુતિરૂપાનો—અભિપ્રાય છે, અને તેનુ अक्षण्वता फलमिद શ્લોકવડે વેણુગીતમા પ્રતિપાદન કર્યું છે. વળી 'આસ્ય' કહીને 'સ્વ'પદ યોજવાનો આશય આ પણ છે. ભગવાન્ સ્વાસ્યતા સ્વામિનીજીને વિષે માને છે, અન્યત્ર નહિ, અને તે સિદ્ધાન્તનું શ્રીપ્રભુચરણે ક્વચિત્ પ્રતિપાદન કર્યું છે. વળી त्वत्कृतेहमास प्रकटस्त्व मत्कृते राधे (હે રાધે હું તારે વાસ્તે પ્રકટ થયો છું અને તુ મારે માટે પ્રકટ છે) ઇત્યાદિથી શ્રીસ્વામિનીજીનુ પણ મુખ આચાર્યશ્રી છે, તેથી આચાર્યશ્રીવિષે ઉભયરૂપની (શ્રીઠાકુરજીની તથા શ્રીસ્વામીનીજીની) સ્થિતિ છે, આચાર્યશ્રી ઉભયરૂપાત્મક હોવાથી ઉભય રૂપના તાપને દૂર કરે છે, (અર્થાત્ આચાર્યશ્રી ભગવાનના તથા સ્વામિનીજીના, ભક્તના, તાપને દૂર કરે છે. આચાર્યશ્રીનુ વસ્તુત પ્રાકટ્ય ઉભય સ્વરૂપના તાપદૂરીકરણાર્થે જ છે એમ 'હિ' સૂચવે છે. આચાર્યશ્રીનુ આ પ્રકારે વિરહતાપમાથી તાપાત્મક પ્રાકટ્ય હોવાથી તેમને અગ્નિરૂપ કહેવામાં આવે છે, પરંતુ વસ્તુત તેમા અગ્નિરૂપતા નથી. સ્વીયજનને વિરહતાપના દાનવડે તદ્‌ભાવ પ્રકટ કરવાની ઇચ્છાથી અગ્નિરૂપ કહેવાય છે, અને તે જ સિદ્ધાન્તનુ શ્રીપ્રભુચરણે વલ્લભાષ્ટકમા કથન કરતાં આજ્ઞા કરી છે કે 'अग्नित्व वर्णित' 'वस्तुत कृष्ण एव' (અગ્નિતાનું વર્ણન કર્યું છે, પણ વસ્તુત કૃષ્ણજ છે) 'પ્રાદુર્ભૂત ચકાર' એમ મૂલમા કહ્યુ છે, તેમા પ્રાદુર્ભૂત' શબ્દવડે

ત્યમાં પ્રભુની અભિલાષા છે આથી સિદ્ધ થાય છે કે નિજ માહાત્મ્યનું જ્ઞાન આચાર્યસાધ્ય જ છે. પોતાનું રહસ્ય પોતે જ પ્રકાશ કરે છે. જેવી રીતે નિજ ગુપ્ત ઉદ્બુદ્ધ રસાત્મક સ્વરૂપ બર્હાપીડ શ્લોકવડે પ્રકટ કર્યું, તેવી જ રીતે શ્રીમદાચાર્યચરણની વાણી વેણુનાદરૂપ હોવાથી નિજ માહાત્મ્ય તથા સ્વરૂપ સ્વકીયજન વિષે પ્રકટ કરીને તે સ્વરૂપનુ દાન સ્વકીયને કર્યું હિ એટલે યુક્ત એમ પણ અર્થ થાય છે, ઉપર્યુક્ત વાત યુક્ત છે, અર્થાત્ તાદૃશ, આચાર્યશ્રીના તેવા સ્વાસ્યરૂપ જેવા, સ્વરૂપ વિના સ્વીયનું તાપજનિત રમણેચ્છાજનિત દુઃખને દૂર કરવાનુ સામર્થ્ય હોઈ શકે જ નહિ, અથવા હરિપણાથી, ભક્તના દુઃખ દૂર કરવાના સ્વભાવથી, સ્વાસ્યને પ્રકટ ન કરત તો સાક્ષાદ્ ભક્તિમાર્ગીય માહાત્મ્યના પ્રાકટ્યના અભાવે સ્વીય જનોને સર્વ પુરુષાર્થની સિદ્ધિ ન થાત, આ સર્વ સૂચનાર્થ જ 'હિ' પદ મૂલમા કહ્યુ છે.

'હિ' ને બદલે 'હ' એમ પણ પાઠ છે 'હ'નો અર્થ 'પ્રસિદ્ધ' થાય છે, અર્થાત્ આ વાત પ્રસિદ્ધ છે, કારણ કે ભક્તોને આચાર્યશ્રીના તેવા સ્વરૂપનો અનુભવ થાય છે સ્વકીયને અર્થે કૃપાથી જ આ પ્રકારે અલૌકિકકરણ છે, પ્રભુનુ અત્યત ભક્તપરત્વ પ્રસિદ્ધ છે એ સૂચવવાને 'હ' પદ ધર્યું આ શ્લોકમા પોતાને એટલે શ્રીપ્રભુચરણને ફલમાર્ગીય માહાત્મ્યજ્ઞાનમા સ્વાસ્યના પ્રાકટ્યરૂપ અસાધારણ હેતુ કહ્યો, અર્થાત્ ભૂતલ ઉપર કલિકાલમા અનવતારદશામા સર્વને નિજ માહાત્મ્ય અવિષય થયુ, પરંતુ શ્રીપ્રભુચરણને ભૂતલ ઉપર અને કલિકાલમા અનવતારસમયે તે માહાત્મ્ય પણ પ્રત્યક્ષ થયુ, જેનુ પ્રથમ શ્લોકમાં પ્રતિપાદન થઇ ગયુ છે, તેનો અસાધારણ હેતુ સ્વાસ્યપ્રાકટ્ય છે. સ્વાસ્યના પ્રાકટ્યથી, તેની કૃપાથી, પોતાને જ્ઞાન છે અને બીજાઓને અજ્ઞાન છે એમ પણ સિદ્ધ થયુ, તેમા કોઇ પણ અનુપપત્તિ ન રહી આ સર્વથી સ્પષ્ટ થયુ કે આચાર્યશ્રીના સ્વરૂપબલવડે જ ઈદૃશલીલાવિશિષ્ટ બ્રહ્મ છે, અન્યથા નહિ, એમ સર્વમાહાત્મ્યજ્ઞાન અમને થયુ.

નિષ્કર્ષાર્થ—નિજ માહાત્મ્યના અજ્ઞાનથી નિજ દૈવી સૃષ્ટિને અકૃતાર્થ જોઈને સ્વકીયનાં દુઃખહરણશીલ ભગવાન્‌ને દયા આવી, તેથી વાણીદ્વારા નિજ માહાત્મ્ય પ્રકટ કરવાની ઇચ્છા થઈ, ત્યારે વાણીના અધિષ્ઠાન સ્વમુખારવિંદને આચાર્યવિગ્રહરૂપે ભૂતલ ઉપર પ્રકટ કર્યું શ્રીવલ્લભાવતાર વાણીદ્વારા ઉદ્ધાર કરવાને છે, તેથી શ્રીકૃષ્ણાવતારમા સ્વરૂપ[1] મુખ્ય હતુ અને અધુના વાણી મુખ્ય છે. પણ ખેદની વાત છે કે વૈષ્ણવો આચાર્યશ્રીની વાણીની લેશ પણ દરકાર કરતા નથી. અધુના આચાર્યશ્રીની વાણીની, જે સાક્ષાત્ પ્રભુના સ્વરૂપ કરતા પણ વસ્તુત વિશેષ ફલદાયિની છે તેની, સર્વ ગોસ્વામિબાલકો તથા વૈષ્ણવો તરફથી ઉપેક્ષા—અવગણના—કરવામા આવે છે. વૈષ્ણવો, ચેતો, તમારે તમારો ઉદ્ધાર કરવાની અભિલાષા હોય તો ગોસ્વામિબાલકોને પ્રાર્થના કરીને આચાર્યશ્રીનાં પુસ્તકોનુ શ્રવણ કરો, તેને પ્રસિદ્ધ કરાવો, તેનાં ભાષાંતર કરાવો, તેને વાંચો, મનન કરો ખાસ ધ્યાનમા રાખો કે પ્રભુની ઇચ્છા હાલ સ્વરૂપથી ઉદ્ધાર કરવાની નથી, પણ વાણીથી છે, તેથી તે વાણીને સમજો અને તદનુસાર વર્તો

આ પ્રકારે ભગવત્પરત્વે ત્રણે શ્લોકનો અર્થ કહ્યો, હવે આચાર્યપરત્વે શ્લોકાર્થ કહેવાય છે

---

[1] કૃષ્ણાવતારમા સ્વરૂપવડે ઉદ્ધાર હતો

શ્રીમત્પ્રભુચરણ આચાર્યશ્રીના અલૌકિક નામ પ્રકટ કરવાને આચાર્યસ્વરૂપના પ્રાકટ્યનો હેતુ, સ્વીયાતિરિક્તને આચાર્યસ્વરૂપના અજ્ઞાનનો હેતુ અને સ્વીયને આચાર્યસ્વરૂપના જ્ઞાનનો હેતુ કથવાને આચાર્યસ્વરૂપનું વર્ણન કરે છે. પ્રથમ શ્લોકનો અર્થ પૂર્વવત્ જ છે. જો કે આચાર્યને ઉદ્દેશીને આચાર્યસ્વરૂપ નિગમમા પ્રતિપાદિત હોય એમ શ્રવણ થતુ નથી, તોપણ આચાર્ય સાક્ષાત્ પુરુષોત્તમના મુખારવિંદના અધિષ્ઠાતા હોવાથી, સાક્ષાત્ પુરુષોત્તમના અખિલ ધર્મવાન્ હોવાથી, અને પુરુષોત્તમ સાકાર આનંદમય છે એમ શ્રુતિપ્રતિપાદ્ય હોવાથી, આચાર્ય પણ તેવા પુરુષોત્તમના આસ્ય હોવાથી, આચાર્યશ્રી પણ શ્રુતિપ્રતિપાદ્ય છે એમ જણાવવાને 'નિગમપ્રતિપાદ્ય' પદ ધર્યું 'નિગમપ્રતિપાદ્ય જે તે શુદ્ધ અને સાકૃતિને સ્તવુ છુ' આ પ્રકારે આચાર્યનું શ્રુતિપ્રતિપાદ્યત્વ નિરૂપણ કરીને તેઓશ્રીની સ્તુતિની, સ્તૌમિ સ્તુતિ કરૂં છુ, એમ કથીને પ્રતિજ્ઞા કરે છે. હવે શંકા થાય કે આપે નિરૂપણ કર્યા તેવા ધર્મયુક્ત આચાર્યસ્વરૂપ કેમ અન્ય શાસ્ત્રવિત્ કોઇ પણ પંડિતોએ પ્રતિપાદન કર્યું નથી? તેના સમાધાન માટે દ્વિતીય શ્લોક આજ્ઞા કરે છે દ્વિતીય શ્લોકનો અર્થ પૂર્વ પ્રકારે જ પણ શ્રીમદાચાર્યપરત્વે છે. હવે આચાર્યના સ્વરૂપનુ પોતાને-શ્રીગુસાંઇજીને-જ્ઞાન થવામા હેતુ તૃતીય શ્લોકવડે કહે છે. એનો પણ અર્થ પૂર્વવત્ જ છે. અત્ર પણ શ્રીગુસાંઇજી સિદ્ધવત્ આચાર્યશ્રીનું પુરુષોત્તમાસ્યપણું કથન કરે છે, તેનો આશય આ પ્રકારે છે. ભગવાનની આજ્ઞાથી શ્રીભાગવતના ગૂઢાર્થના વિવરણના આરંભમાં આચાર્યશ્રી જ 'अर्थं तस्य विवेचितुं' શ્લોકમા પોતાના સિવાય અન્યને શ્રીભાગવતના ગૂઢાર્થનું અજ્ઞાન છે એમ આજ્ઞા કરે છે. જ્ઞાન હોવામા પોતે વાક્પતિ વૈશ્વાનર છે એમ કહીને, પોતામાં સાક્ષાત્ પુરુષોત્તમના મુખારવિંદનું અધિષ્ઠાતૃત્વ પણ નિરૂપણ કર્યું. અને તેમ કરવામા હેતુ પણ છે. શ્રીભાગવત દ્વાદશ અંગપણાથી પુરુષોત્તમરૂપ છે, પુરુષોત્તમસ્વરૂપ પુરુષોત્તમને જ ગમ્ય છે અન્યને નહિ, તેથી, શ્રીભાગવત પુરુષોત્તમરૂપ હોવાથી, તેનું જ્ઞાન પુરુષોત્તમને જ હોય અન્યને નહિ. ગીતામા પણ અર્જુને કહ્યુ છે કે नहि ते भगवन् व्यक्तिं विदुर्देवा न दानवा स्वयमेवात्मनात्मानं वेत्थ त्वं पुरुषोत्तम 'હે ભગવન્ - આપની વ્યક્તિ દેવ કે દાનવ જાણતા નથી, આપ પોતે જ આત્માવડે આત્માને જાણો છો, કારણ કે પુરુષોત્તમ છો.' આચાર્યશ્રી પુરુષોત્તમના સ્વરૂપનું નિરૂપણ કરે છે, અને તે નિરૂપણ વાગ્રૂપ હોવાથી શ્રીભાગવતના જ અર્થનું નિરૂપણ કરે છે, વાણી આસ્યમા-મુખમાં-જ હોવાથી આચાર્યશ્રી આસ્યરૂપ-મુખરૂપ-છે એમ જણાવવાને स्वास्य प्रादुर्भूतं चकार हि એમ કહ્યું.

પ્રબોધબાવની.

(અનુસંધાન પૃષ્ઠ ૮૫થી ચાલુ)

'રંગના ચટકા હોય છે, કુંડાં કયહું ન હોય;'
કુંડા કયહું ન હોય, સમજ આણો મનમાંથી;
કાલ હતુ ક્યાં આજ, આજ તે કાલે ક્યાંથી,
સહજ મળ્યુ સંતોષ-આણી અવિનાશી ભજીએ,
ક્ષણભગુર તન દયા, મોહ માયા દુઃખ તજીએ,
તજીએ ¹અલીક ટેવને, અતિમા સુખ નહિ કોય,
'રંગના ચટકા હોય છે, કુંડા કયડુ ન હોય.' ૨૩

'નહિ ત્રણમા નહિ તેરમા, નહિ છપનને મેળ,'
નહિ છપનને મેળ, હવો તુ વૃદ્ધ નકામો,
મેળે મોટો થઇ, પડે શીદ સહુના સામો,
હાકે શ્વાન સમાન, કહે કથા મોત અબુધને,
તદપિ-નહિ વૈરાગ્ય, હરિથી હેત ન તુજને,
તુજને દયા ન તે ગણે, તારે ભાવે ભેળ,
'નહિ ત્રણમાં નહિં તેરમા, નહિ છપનને મેળ.' ૨૪

'અજગર ભાસે અળશિયુ, મરણુ ભાસે મોર,'
મરણુ ભાસે મોર, જોર હરિ માયા કેરૂં,
સૌ જાણે વિષ વિષય, દેહ ક્ષણભંગુર ડેરૂ,
કૃષ્ણ કર્યું સહુ થાય, અહંમમ મિથ્યા જાણે,
હરિ ભજને ભવતરણ કથે આચરણે ન આણે,
ન આણે આચરણે દયા, દામોદર અકોર;
'અજગર ભાસે અળશિયુ, મરણું ભાસે મોર.' ૨૫

'હરિ રજને પર્વત કરે પર્વતને રજ તોલ,
પર્વતને રજતોલ, થવાનું હોય મટાડે,
ના થવાનુ કરે, ઉદકથી અગ્નિ કહાડે,
કરે ચહાય તેનુ અસંભવ, અતર્ક્ય ને અકથ્ય,
શરણાગતનુ ઉલટ-સુલટ કરવાને સમર્થ,
સમર્થ સહુ વાતે દયા, ઇશ્વર છે, શ્રુતિબોલ;
'હરિ રજને પર્વત કરે, પર્વતને રજતોલ' ૨૬

'²વાઢ્યા તે વઢેવા ખરા, શોચે કે સંતોષ,'
શોચે કે સંતોષ, કર્યું ભોગવ્યુ સાચુ;

---

૧. ખોટી ટેવને ૨ વાઢ્યા તે કપાવવા જ પડશે. પછી સંતોષ રાખ, કે શોક કર

પુણ્ય પાપ ફલ સુખ દુખ થાય ન કોથી કાસુ;
હરિ ચહાય તો શૂળી કટક, સમૂલ મટાડે;
પણ તે ત્યારે દયા, કૃષ્ણથી ચિત્ત ન કહાડે;
કહાડે ચિત્ત, સઘળું ખરૂ સુકૃત કરી કે દોષ,
'વાઢ્યા તે વહેવાં ખરાં, શોચે કે સંતોષ' ૨૭

'હરિ સર્વ સારૂ કરે, મર્મ ન જાણે જીવ,'
મર્મ ન જાણે જીવ, માટે ગુણ માને અવગુણ;
ગ્રહવા દે નહિ વ્યાલ, બાલને તુર્ત રોય પણ,
કંઠ ગાઢ થઇ કઠિન, માત સુતની ભગાવે;
પણ જેમ અરિ નથી અંબ, સમજ વિન સુત દુખ લાવે,
લાવે દુખ તેમ તું દયા, શ્રીજી ધારે [1]શિવ,
'હરિ સર્વ સારૂ કરે, મર્મ ન જાણે જીવ ૨૮

'વેચી ઉંઘ ઉજાગરો, મેળે લે શીદ મૂઢ'?
મેળે લે શીદ મૂઢ, ચિત્ત પરપત્ની [2]પ્રોતા;
ઢાંક્યું બીકણ થશે, પાર નહિ આવે રોતાં;
[3]દશન સાલ જેમ જીભ, જીવ તેને નહિ ત્યાગે,
કરતા કોટિ પ્રયત્ન, મન માધવ નહિ લાગે;
લાગે નહિ મન કોઇમાં, દયા મોહ આરૂઢ,
'વેચી ઉંઘ ઉજાગરો, મેળે લે શીદ મૂઢ'? ૨૯

'કીડી કણ સંચય કરે, તેતર તેને ખાય;'
તેતર તેને ખાય, કરી શ્રમ બહુ ધન આણે;
નવ ખરચે નવ ખાય, પ્રાણ પ્રભુ પૈસો જાણે;
પણ કહું દયા ભવિષ્ય, જીવ જર માટે જાશે,
કે મૂકીને મરતા, જન્મ સર્પનો થાશે;
થશે સફલ હરિસંબંધે, તો તો નહિ પસ્તાય,
'કીડી કણ સંચય કરે, તેતર તેને ખાય.' ૩૦

'વિના કામનું [4]બરકવુ, ધોળો આવે ઘેર,'
ધોળો આવે ઘેર, લૂટ જન દેહે છૂટી.
રત્ન અમૂલક કૃષ્ણનામ શે નવ લે લૂટી ?
મોઘો અવસર ફરી, દયા આ ક્યાથકી તારે,
તે સમયે તું કંકર વીણી શીદ ધર મારે;
મારે ધર મૂર્ખપણે, સમજે તો સુખ લહેર;
'વિના કામનું બરકવુ, ધોળો આવે ઘેર.' ૩૧

---

૧. શ્રેયસ્ કલ્યાણ. ૨. કવિવરના ઉપર પરદારાભિમર્શનનો આરોપ મુકના પામશે આ પંક્તિ વાંચશે ? ૩ દાંત. ૪ ઠગારો ને ઠગારો તારે ઘેર આવે છે, ત્યારે તારો પટપટાર નકામો છે.

'નદી નાવ સંયોગ છે, કોનુ છે નહિ કોઈ.'
કોનુ છે નહિ કોઇ કહો ક્યાંથી આવ્યુ, ?
જેમ આવ્યુ તેમ જશે, કર્મ સંયોગ મેલવ્યુ;
સહુથી હળી મળી રહેવુ વેર વાહાલ ન કરવું,
જન્મ મરણ જંજાલ વધે તે માટે ડરવુ,
ડરવુ દયા પ્રપંચથી, પ્રભુ પ્રીતે સુખ હોય,
નદી નાવ સંયોગ છે, કોનુ છે નહિ કોય ૩૨

'હરખી [1]અજ લીલુ ચરે, કસાઈ બાંધ્યો બાર.'
કસાઈ બાંધ્યો બાર, વિષય સુખ તેમ તુ માણે,
ગોળપાપડી ગરદની, એ તુ નવ જાણે,
ચેત દયા હરિ સમર્થ ચાવશે કાળ પલકમા,
મનમણિ ગુણ ગોપાલ, પ્રોઇ લે વિદ્યુત ઝનકમા,
ઝલકારામા ઝપટ ભજ, ઝટ વટલતો વાર,
'હરખી અજ લીલુ ચરે, કસાઇ બાંધ્યો બાર.' ૩૩

'ખોદે ખાડો તે પડે, સત્ય અનાદિ વાત',
સત્ય અનાદિ વાત, ઘાત નવ કોને કરીએ,
દગો કોઇનો સગો ન, પર પેહેલાં નિજ મારીએ,
ભલુ કરે ભલુ થાય, દયા તેમ તે પણ જાણો,
બને વાત બતાવી, મન ભાવે તે માણો,
માણો સુખ સત્સંગ હરિ, છાંડો કર્મ કુજાત;
'ખોદે ખાડો તે પડે, સત્ય અનાદિ વાત' ૩૪

'ગણીએ નહિ જો દુજણી, પાટુ મારે ગાય',
પાટુ મારે ગાય, દુખે પણ સત્સંગ કરીએ,
પોષણ એ કલ્યાણ, કલ્પતરુ દૃઢ ચિત્ત ધરીએ,
એથી અધિક કોઇ, નથી સાધન હરિ મળવા,
દયા ન અવર ઉપાય, ચિત્ત ચંચલતા ટલવા,
ટલવા આવાગમનરજ, એ ઔષધ સુખદાય,
'ગણીએ નહિ જો દુજણી, પાટુ મારે ગાય' ૩૫

'ચંચુ દીધી જે ધણી, તેજ આપશે [2]ચેણ.'
તે જ આપશે ચેણ, અવર જે ઇચ્છા તે પણ,
દયા સેવ શ્રીકૃષ્ણ, થઇ નિશ્ચિંત ગાને ગુણ;
વિશ્વભર વ્રજપાલ, કેમ તે દાસ દુખવશે, ?
જેને નહિ વિશ્વાસ, ત્રાસ દુખ તે અનુભવશે,
અનુભવશે સુખ સહુ વિધે, જેને દૃઢ સમજેણ,
'ચંચુ દીધી જે ધણી, તેજ આપશે ચેણ.' ૩૬

---

[1] બકરો. [2] ચારવુ

'જે ફૂલ્યું તે ફૂટશે' સત્ય ઉખાણો એહ;'
સત્ય ઉખાણો એહ ગર્વ કો વાત ન કરીએ;
રૂપ, દ્રવ્ય, ગુણ, મતિ, ગર્વ કો વાતે કરીએ;
દીનબન્ધુ, મધુસૂદન, બિર્દ બે વેદ વખાણે;
જ્યાં લગી અણુ અહંકાર, કથા હરિ દયા ન આણે;
આણે કરુણા તે સમે, નિર્મલ નિસંદેહ;
'જે ફૂલ્યું તે ફુટશે, સત્ય ઉખાણો એહ.' ૩૭

'દરમાં પેસે પાધરો, વાંકો[1] સઘળે વ્યાલ'
વાંકો સઘળે વ્યાલ, હરિશું સીધા રહીએ;
મનથી સાચો મનસુખો ન રહે તેમ કહીએ.
ટેકી ટેડા વચન કહે, પણ રંક કલંકા,
કયા ત્રિભંગીલાલ, હૃદે વાંકાથી વાંકા,
વાંકપણું તન તો નભે, મન સૂધું ગોપાલ,
'દરમાં પેસે પાધરો, વાંકો સઘળે વ્યાલ.' ૩૮

'લેશ કુદારો તો નભે, દૃઢ ખીલાનું જોર;'
દૃઢ ખીલાનું જોર, હોડ તેની નવ કરીએ;
હરિવલ્લભથી રીત, અરીતે સઘલે ડરીએ,
નૃસિંહ મહેતો ટેડસગ બેઠા ભલી ભાતે,
ગાતે નિંદા કરી, ટેડપણ પામ્યા જાતે;
જાતે ગમ્યું કરે કથા, જો વશ નંદકિશોર.
'લેશ કુદારો તો નભે, દૃઢ ખીલાનું જોર. ૩૯

કર્યું કીજીએ રીતનું, વચન વડાનું સત્ય;
વચન વડાનું સત્ય, શ્વપચ અન્ન શંકર જમીઆ,
જગન્નાથ પંડિત, [2]યવનજા સાથે રમીઆ,
પીંડુ સીધું શંકરે, તે કૃતિ કહો ક્યાં થાવી;
નાળા પંડિત બાવન સીડી, ગંગ ચઢાવી;
ચઢાવે ભૃકુટી શું થયું, કથા ન સમર્થ જન;
'કર્યું કીજીએ રીતનું, વચન વડાનું સત્ય' ૪૦

'જે સમજે બગડી ગયું, ભવિષ્ય હતું એમ જાણ;'
ભવિષ્ય હતું એમ જાણ, શોચ કરવો નહિ તેનો;
તેની ચિંતા વ્યર્થ, ઉપાય ચલો નહિ જેનો,
તદપિ ફિકર ન જાય, શરણ હરિનું લે સહેલું.
જાણ અજાણ્યે [3]વણસ્યું, સહુ સુધરે પર પહેલું;

---

[1] સાપ દરમાં પેસતી વેળાએ જ સીધો, બાકી બીજે સમયે વાંકો જ ચાલવાનો! [2] યવનકન્યા.
[3] બગડી ગયું

પહેલું સમજીને કર્યું, દયા તદપિ દુઃખ ન આણું
'જે સહજે બગડી ગયું, ભવિષ્ય હતું એમ જાણું' ૪૧

'માગ્યાથી મરવુ ભલુ, માગે મોટી હાન,'
માગે મોટી હાન, સુરાનન માન મટાડે;
શ્રદ્ધા પ્રીતિ જાય, સર્વ ગુણમા રજ પાડે.
દયા યદ્યપિ દારિદ્ર, તદપિ હરિ આગે રહેવું.
હરિ પ્રેરક સહુ જગત, કોઈને પડે ન કહેવું;
કહેવુ તદપિ ફલ નહિ, હરિ ઇચ્છા વશ જાણું.
'માગ્યાથી મરવુ ભલુ, માગે મોટી હાન' ૪૨

'હરિ વિશ્વાસ હજુર છે, અવિશ્વાસથી દૂર'
અવિશ્વાસથી દૂર દયા વિશ્વાસે રહેવું,
[1]બર્દવાદ નહિં કદા, કૃષ્ણનું નિશ્ચય લેવું,
વ્યર્થ પડ્યુ બ્રહ્માસ્ત્ર, નિશાચર પ્રતીત હારી.
અનાવૃષ્ટિ પણ ચાતક, વિશ્વાસે લે વારિ,
વારિ ચાતક જોઈને, રાખ ભરોસો ઉર,
'હરિ વિશ્વાસ હજુર છે, અવિશ્વાસથી દૂર' ૪૩

'મંત્ર તણે વશ દેવતા, ભક્તિવશ ભગવન્ત,'
ભક્તિવશ ભગવન્ત, કરો સાધન કોઈ કોટિ,
હરિ નવ આવે હાથ, શક્તિ આસક્તિ મોટી,
પણ તે મળવી દુર્લભ, સુલભ સત્સંગથી,
સુસંગ પણ ત્યાં ફલે, દીનતા હોય મન સત્થી
સત્ય દયા શ્રીજી પ્રિયે, શ્રુતિ સ્મૃતિ કહે સત્ય
'મંત્ર તણે વશ દેવતા, ભક્તિવશ ભગવન્ત' ૪૪

'સુખ દુઃખ હરિના હાથમા, કહેવા માત્ર પ્રયાસ,'
કહેવા માત્ર પ્રયાસ, કોણ દુઃખ મૃત્યુ માગે,
સહજ મલે તેમ સુખ પણ, સમજે ભટકણુ ભાગે,
નિજ બચવા, સુત હણવા, કૃત શ્રમ આડો આડો,
તે હિરણ્યકશિપુ સદ્ય મુઓ સુત વા'લ ન વાંકો,
વાંકો પાયો મૂલથી, દયા ન જો હરિદાસ,
'સુખ દુઃખ હરિના હાથમા, કહેવા માત્ર પ્રયાસ' ૪૫

'દલતા દલતા ખુટીયે, તે જ લાભ પરમાણુ,'
તે જ લાભ પ્રમાણુ, હાન છે એમ વિચારો;
દયા થશે દૃઢ મન, શ્યામ સમરે નિસ્તારો,

---

[1] પ્રારબ્ધવાદ

તે દિન તો નથી થવો, વિષયમાં ચિત્ત તો જાશે,
તેવામા હરિ સમર્થ, કામ તારૂ તો થાશે,
થાશે તૃપ્તિ જો વિફલ મન પણ જમતા તેમ જાણ;
'દલતા દલનાં ભુકીએ, તે જ લાભ પ્રમાણ.' ૪૬

'જ્યહા ગોલ ત્યા ખોલને, જ્યહા ખોળ ત્યા ગોળ,'
જ્યહાં ખોળ ત્યાં ગોળ સમજ ઊંધી જડ લાવે,
કહે બ્રહ્મને જીવ, જીવને બ્રહ્મ ઠરાવે,
તેનુ ક્યા કલ્યાણ, સદા મન ભર્યું ગુલામી;
તું તો રહે હરિદાસ દયા શ્રીજી લે સ્વામી:
સ્વામી પદ શું જીવને 'નાતરિયામા ધોળ,'
'જ્યહા ગોલ ત્યા ખોળને, જ્યહાં ખોળ ત્યાં ગોળ' ૪૭

'સાગર ખારો છે સદા, અચરજ મીઠી લહેર,
અચરજ મીઠી લહેર, રાખ સમજણ એ જ વિધિ·
સ્વાભાવિક સર્વદા, જીવ સહુ દુષ્ટ દોષનિધિ;
કિંચિત્ ક્યાએક સદ્ગુણ, ત્યાં હરિ હસ્ત જાણવો:
દયા દોષ સર્વત્ર જ, ત્યા શો દોષ આણવો ?
આણવો ન અવગુણ કશું, ગુણ લખી કરવી મહેર,
'સાગર ખારો છે સદા, અચરજ મીઠી લહેર.' ૪૮

'ઘણુ ઘસ્યાથી નીકલે, ચંદનથી પણ આગ;'
ચંદનથી પણ આગ, એ સમજી લેવો;
દુર્જન હો વા સજ્જન, કોઈનો અંત ન જોવો,
થોડામાં છે સાર, પડે ઝાઝે પસ્તાવું;
દયા ન સુધરે બગડ્યું ઘરથી, સમજી જાવું:
જાવું હાડ ન કોઈથી હઠ સાહસથી ભાગ;
'ઘણું ઘસ્યાથી નીકળે, ચંદનથી પણ આગ.' ૪૯

'લક્ષ વાતની વાતનો, થોડામા કહું સાર'
થોડામાં કહું સાર, ધર્મમણિ પતિવ્રત જાણો;
પ્રીત પ્રતીતિ દૈન્ય, તોષ સત્યના પ્રમાણો,
સહજે પરઉપકાર, દયા સહુ સુકૃત સાગર,
ભક્તદ્રોહ, વિશ્વાસઘાત અધમણિ[1] લે નાગર:
નાગર નટવર મેલવે, સત્સંગતે નિરધાર;
'લક્ષ વાતની વાતનો, થોડામા કહું સાર.' ૫૦

'ગજ પગલામા સર્વનાં પગલા જાણો ગેબ,'
પગલાં જાણો ગેબ, સર્વ કારણ સર્વોત્તમ;

---

[1] પાપના મણિ

શ્રીમદ્‌ગોપીજનવલ્લભ પૂર્ણ પુરુષોત્તમ,
નિરાકાર સાકાર, સકલ ઉત્પત્તિ તેમાંથી,
નિગમ ન પામ્યા પાર, ગતિ બીજાને ક્યાંથી ?
ક્યાંથી ગમ સમજ દયા, એ વણ સહુમાં એબ,
'ગજ પગલામાં સર્વના, પગલાં જાણો ગેબ' ૫૧

'ફરીં ફરીં એ કહું છું, સાચો થઇ ભજ કૃષ્ણ',
સાચો થઇ ભજ કૃષ્ણ, સુખી કર સહુ દેહ ધારી,
દયા ભલું જો ચાય, શીખ માની લે મારી,
બાવન કુંડલીએ કરી, નિજ મન શિક્ષા દીધી,
દયારામ દ્વિજ કૃષ્ણદાસ આ રચના કીધી,
કીધી ગુરુકરુણા થકી પૂર્ણ થઇ મન તૃષ્ણ,
'ફરીં ફરીં એ કહું છું, સાચો થઇ ભજ કૃષ્ણ' ૫૨

पुष्टिभक्ति.

(અનુસંધાન પૃ૦ ૪૫ થી ચાલુ.)

પૂર્વપક્ષ—કર્મનું ફલ આવૃત્તિ અથવા પુનર્જન્મ કહો છો, પરંતુ જ્ઞાન અને ભક્તિથી પણ કાંઇ શ્રેય થઇ શકે તેમ નથી. જ્ઞાન અને ભક્તિનું ફલ અનાવૃત્તિ કહો છો તે અનાવૃત્તિ અમર શબ્દ પેઠે અંતવાળી છે. દેવોને અમર અથવા મૃત્યુ ના પામે તેવા કહીએ છીએ તે માત્ર તેઓનું આયુષ્ય અધિક છે તેથી જ, પરંતુ તેઓના આયુષ્યનો અંત જ નથી એવો તેનો ભાવાર્થ નથી. તે જ પ્રમાણે જ્ઞાન અને ભક્તિનું ફલ અનાવૃત્તિ કહો તો તે અનાવૃષ્ટિ પણ અંતવાળી જ છે, અર્થાત્ અમુક સમય પછી પુનઃ જ્ઞાની અને ભક્તોની પણ આવૃત્તિ થવાની જ, કારણ કે પૂર્વે તેઓને પણ નિયત કર્મ હતાં એમ તમે પણ અંગીકાર કરો છો. વૃદ્ધિ પામવું એ જ કર્મનો સ્વભાવ છે અને એ સ્વભાવનું ઉલ્લંઘન થઇ શકે નહિ તેથી જ્ઞાની અને ભક્તોનાં પણ કર્મ વૃદ્ધિ પામવાનાં, અને તેથી તેમનાં ફલનો અનુભવ કરવો પડે. તેઓની અનાવૃત્તિ અંતરહિત હોય તો તેમ થઇ શકે નહિ તેથી અનાવૃત્તિ પણ અંતવાળી જ હોવી જોઇએ

વળી કર્મ વિના કાંઇ થઈ શકે તેમ નથી. જ્ઞાન અને ભક્તિથી અનાવૃત્તિ અથવા મુક્તિ પ્રાપ્ત થઇ શકે એમ નથી, કારણ કે 'य एन विदु' વિગેરે શ્રુતિથી બ્રહ્મજ્ઞાન થાય ત્યારે અનાવૃત્તિ અથવા મુક્તિ પ્રાપ્ત થાય પરંતુ 'यतो वाचो निवर्तन्तेऽप्राप्य मनसा सह 'अगृह्यो न हि गृह्यते' વગેરે શ્રુતિઓથી બ્રહ્મજ્ઞાનનો જ અસંભવ છે. બ્રહ્મજ્ઞાન ન હોય તો અનાવૃત્તિ અથવા મુક્તિ ક્યાંથી સંભવે ? તેથી જ ભક્તિથી પણ અનાવૃત્તિ સિદ્ધ થતી નથી, કારણ કે ભક્તિ 'માહાત્મ્યજ્ઞાનપૂર્વ સુદૃઢ સર્વત અધિક સ્નેહ' હોવાથી, જ્ઞાનનો અસંભવ હોવાથી તેનો પણ અસંભવ જ છે તેથી જ્ઞાન અને ભક્તિથી પણ અનાવૃત્તિ સિદ્ધ થતી નથી, અર્થાત્ જ્ઞાની અને ભક્તોની પણ આવૃત્તિ થાય છે જ ત્યારે તે કારણથી કર્મનું જ ફલ અનિષ્ટ છે એમ કહેવું ઉચિત નથી

સિદ્ધાન્ત—એમ નથી. બ્રહ્મમાં અણુત્વ અતિમહત્ત્વ વિગેરે ધર્મો જેમ છે તેમ જ સર્વાત્મત્વ ધર્મ પણ છે. “यं आत्मनि तिष्ठन्” વિગેરે શ્રુતિઓ બ્રહ્મનું આત્મા તરીકે જ નિરૂપણ કરે છે, તેથી બ્રહ્મમાં સર્વાત્મત્વ ધર્મ પણ છે. બ્રહ્મ સર્વ ધર્મનો આશ્રય છે. તેથી જે જે ધર્મને આગળ કરી બ્રહ્મ લીલા કરે છે તે તે કાર્ય તે તે સમયે થાય છે. આ પ્રમાણે હોવાથી જે જે પુરુષમાં જ્યારે તેના આત્મા તરીકે લીલા કરે છે ત્યારે તેને પોતાની પ્રાપ્તિ માટે અનુકૂલ પ્રયત્નવાળો કરી પોતાની પ્રાપ્તિ કરાવે છે. કર્મના સ્વભાવનું ઉલ્લંઘન થઇ શકે નહિ એમ તમે કહ્યું, પરંતુ એ દોષ પણ અહિં નથી, કારણ કે અન્ન પચાવવા માટે ઔષધ લીધું હોય તેથી અજીર્ણની બુદ્ધિ થતી નથી, પરંતુ તે દૂર થાય છે. વળી પ્રાણ હરણ કરવાના સ્વભાવવાળા સર્પનું વિષ પણ તેને ઉતારવામાં કુશલ મંત્ર વિગેરેથી દૂર થતું નથી એમ પણ કહેવાય નહિ. તે જ પ્રમાણે ભગવાન્‌ને અર્પણ કરેલું અને ભગવદર્થ કરેલું કર્મ કર્મનો નાશ કરતું નથી એમ પણ કહી શકાય નહિ. તેથી જ શ્રીમદ્‌ભાગવતના એકાદશ સ્કંધમાં ‘વેદ ઔષધની પેઠે કર્મનો નાશ કરવા કર્મનું વિધાન કરે છે’ એમ યોગેશ્વરનું વાક્ય છે. તેથી કર્મનો વૃદ્ધિ પામવાનો સ્વભાવ ઉલ્લંઘન થઇ ન શકે એવો હોવાથી કર્મ વિના કોઇને ચાલે તેમ નથી, એમ કહી શકાય નહિ તેથી જ્ઞાન અને ભક્તિથી પ્રાપ્ત થતી અનાવૃત્તિ અંતવાળી જ છે એમ કહી શકાય નહિ. પરંતુ કર્મનું ફલ પુનર્જન્મ જ છે એમ પ્રથમ સિદ્ધ કરેલું છે. તેથી કેવલ કર્મનું ફલ ઇષ્ટ નથી પ્રત્યુત અનિષ્ટ જ છે.

આ પ્રમાણે કર્મમાર્ગના ફલનો નિર્ણય કરી જ્ઞાનમાર્ગના ફલનું નિરીક્ષણ કરીએ. જ્ઞાનનું ફલ અનાવૃત્તિ અથવા ભગવાનમાં લય થાય છે. આ જ્ઞાન શુદ્ધાદ્વૈતીય બ્રહ્મજ્ઞાન છે. જગતને અસત્ય અને અનીશ્વર માનનાર ભ્રાંત લોકોનું મિથ્યાજ્ઞાન માત્ર મોહ ઉત્પન્ન કરે છે, અને તેનું ફલ અધમગતિ જ છે. આ લોકમાં દૈવ અને આસુર એવા બે પ્રકારના પ્રાણીઓ પ્રભુએ સર્જેલા છે. તેમાં આસુરી પ્રાણીઓ જગતને અસત્ય, અપ્રતિષ્ઠ અને અનીશ્વર માને છે, અને પોતાના તથા અન્યના દેહમાં રહેલા પ્રભુનો દ્વેષ કરે છે અને ઈર્ષ્યા કરે છે. આવા દ્વેષ કરનાર ક્રૂર અશુભ અધમ નરોને પ્રભુ નિરંતર આસુરી જ યોનિમાં નાખે છે, અને તે મૂઢો જન્મોજન્મ આસુરી યોનિમાં અવતરી, પ્રભુને પ્રાપ્ત કર્યા વિના જ અધમ ગતિ પામે છે એમ સાક્ષાત્ દેવદેવ વિશ્વનિયંતા ભગવાન્ શ્રીકૃષ્ણચંદ્ર પોતે જ અર્જુનને કહે છે.* તેથી મિથ્યા ભ્રાંત આસુરી જીવોના જ્ઞાનનું ફલ અનાવૃત્તિ અથવા લય નથી, પરંતુ અધમ ગતિ જ છે એમાં કાંઇ પણ સંશય નથી. તેથી અહિં જે જ્ઞાનના ફલનું નિરૂપણ કરવામાં આવે છે તે આ આસુરી જીવોના ભ્રાંતજ્ઞાનનું ફલ નથી પરંતુ શુદ્ધાદ્વૈતીય યથાર્થ જ્ઞાનનું જ ફલ છે.

---

* द्वौ भूतसर्गौ लोकेऽस्मिन्दैव आसुर एव च
असत्यमप्रतिष्ठं ते जगदाहुरनीश्वरम्
मामात्मपरदेहेषु प्रद्विषन्तोऽभ्यसूयकाः ।
तानहं द्विषतः क्रूरान्संसारेषु नराधमान् ।
क्षिपाम्यजस्रमशुभानासुरीष्वेव योनिषु ॥
आसुरीं योनिमापन्ना मूढा जन्मनि जन्मनि ।
मामप्राप्यैव कौन्तेय ततो यान्त्यधमां गतिम् ॥ भ गी १६–६–२०.

આ ઉત્તમ શુદ્ધાદ્વૈતીય જ્ઞાનનું ફલ અક્ષરપ્રાપ્તિ છે. અક્ષર ભગવદ્ધામ છે. (જે) અવ્યક્તને અક્ષર કહે છે, તેને પરમ ગતિ કહે છે, જેને પ્રાપ્ત કરી આવૃત્તિ થતી નથી તે મારૂ પરમ ધામ છે§' આ અક્ષર અથવા ભગવદ્ધામની પ્રાપ્તિ એ જ્ઞાનનુ ફલ છે એમ 'आत्मेति तूपगच्छन्ति ग्राहयन्ति च' બ્રહ્મસૂત્ર ૪-૧-૩ સૂત્રથી કહેલુ છે. 'इति' શબ્દ હેતુ માટે યોજેલો છે. ભગવાન્ સર્વ જીવોના આત્મા છે તેથી આત્મા તરીકે જ્ઞાનીઓ ભગવાન્ પાસે જાય છે (उपगच्छन्ति), અર્થાત્ અક્ષરમા જ પ્રવેશ કરે છે.[1] આ પ્રમાણે અક્ષરપ્રાપ્તિ થયા પછી જ્ઞાનીઓની પુનરાવૃત્તિ થતી નથી. આ પ્રાપ્તિ લયરૂપા છે જેમ સૈંધવનો કટકો જલમા નાખવામા આવે તો તે ગળી જાય છે, અને જલમા તેનો લય થાય છે, તેમ જ્ઞાનીઓનો બ્રહ્મમા લય થાય છે જેમ નદીઓ પોતાના નામ તથા રૂપ તજી સમુદ્રમા પ્રવેશ કરે છે અને તેઓનો સમુદ્રમા લય થાય છે તેમ જ્ઞાનીઓનો બ્રહ્મમા લય થાય છે. જ્ઞાનીઓ પોતાનો સઘાત અથવા દેહ, ઇંદ્રિય, અતકરણ વિગેરે તજી બ્રહ્મમાં લય પામે છે[2] આ લય મોક્ષ કહેવાય છે. આવી રીતે મુક્ત થએલા જ્ઞાનીઓ પોતાના આત્માથી બ્રહ્મરસનો સ્વાદ ગ્રહણ કરે છે અથવા પોતાના સ્વરૂપથી બ્રહ્માનદનો અનુભવ કરે છે

શકરાચાર્યના મત પ્રમાણે જીવનો અહભાવ અથવા અહમર્થ નષ્ટ થાય છે, અર્થાત્ જીવનો જ નાશ થાય છે. આ મત પ્રમાણે જીવના સ્વરૂપનો જ નાશ થયો સ્વરૂપનો જ નાશ એ જ મોક્ષ એમ આ મત પ્રમાણે થયુ આવા પ્રકારનો મોક્ષ કોઇને ઇષ્ટ હોઇ શકે જ નહિ. મોક્ષ આવો હોય તો મોક્ષની કથાની પ્રસ્તાવનાની ગધથી જ દરેક જીવ નાસતો ફરે ! અહિ જ્ઞાનથી જે મોક્ષ પ્રાપ્ત થાય એમ કહ્યુ તે આ કહેવાતા મોક્ષથી ભિન્ન છે એમ સ્પષ્ટ જ છે. શકરાચાર્યના મતમા મોક્ષના અહમર્થ અથવા સ્વરૂપનો નાશ થાય છે, તેને કોઇપણ પ્રકારનુ [3]ભાન રહેતુ નથી અહિ જીવના સ્વરૂપનો નાશ થતો નથી, પરંતુ તેનો બ્રહ્મમા લય થાય છે, અને તે સ્વરૂપથી બ્રહ્માનદનો અનુભન કરે છે. સુખ અને દુખ ઉભયનો અંસંતાભાવ અર્થાત્ સુખ અને દુખનો સંભવજ ન રહે ત્યારે મોક્ષ થયો, એવુ મોક્ષનુ સ્વરૂપ પણ ઇષ્ટ નથી, કારણકે જો એવો મોક્ષ હોય તો કાયર આલસુ પુરુષોને જ તે ઇષ્ટ ગણાય. મોક્ષ શન્ય નથી, પણ ઘન છે મોક્ષ શન્ય હોય તો તે માત્ર કાયર પુરુષોને જ ઇષ્ટ હોય સ્વર્ગ અને મોક્ષમા ભેદ એ છે કે સ્વર્ગ પ્રાપ્ત થયા પછી પોતાના પુણ્ય ક્ષીણ થાય ત્યા સુધી સુખ ભોગવ્યા પછી પુન ભૂતલ પર પાત થાય છે, પરતુ મોક્ષમા નિરતર બ્રહ્માનદનો અનુભવ થાય છે. મોક્ષ પ્રાપ્ત થયા પછી પુનર્જન્મ થતો નથી. સ્વર્ગમા જે વૈભવ અથવા સુખ મળે છે તે હલકા પ્રકારનુ છે, મોક્ષમા બ્રહ્માનંદનો અનુભવ થાય છે. જો મોક્ષમા સુખ અને દુખની અત્યત નિવૃત્તિ હોય, અને જીવના અહમર્થ અથવા સ્વરૂપનો પણ નાશ થતો હોય તો મોક્ષ કોઇ પણ પ્રકારે ઇષ્ટ ગણાય નહિ

જ્ઞાનીઓને મોક્ષની પ્રાપ્તિ થાય છે. તેઓ પોતાના સ્વરૂપથી બ્રહ્માનદનો અનુભવ કરે છે આ જ્ઞાનમાર્ગનું ફલ છે. આ મુક્તિ સાત્ત્વિક છે 'सत्त्वात्सजायते ज्ञानम्' વાક્યથી જ્ઞાનમાર્ગ સગુણ છે તેથી જ્ઞાનમાર્ગથી પ્રાપ્ત થતો મોક્ષ પણ સાત્ત્વિક જ છે અને જ્ઞાનમાર્ગ અને અક્ષરમાર્ગ એક જ છે તેનુ ફલ સાત્ત્વિકી મુક્તિ છે.

---

§ अव्यक्तोऽक्षर इत्युक्तस्तमाहु परमा गतिम् ।
य प्राप्य न निवर्तन्ते तद्धाम परम मम ।

[1] અણુભાષ્ય ૪-૧-૩ [2] તત્ત્વદીપનિબધ. ૧-૫૩ પ્રકાશ. [3] Consciousness

¹બ્રહ્મવાદ અને માયાવાદ.

આપના વાદને 'માયાવાદ' નામ કેમ આપવામા આવ્યુ છે એ આપનો પ્રશ્ન છે. તેમા વક્તવ્ય એટલું જ છે કે બ્રહ્મને મુખ્ય કારણ માનવાને બદલે તમે વાસ્તવિક રીતે આ જડજીવાત્મક જગત્નું મુખ્ય કારણ માયાને જ માનો છો, અને તે સાથે માયાને શુદ્ધ બ્રહ્મનો વાસ્તવ ધર્મ કહેતા નથી, અથવા બ્રહ્મથી અભિન્ન પણ કહી શકતા નથી. આવી શુદ્ધ બ્રહ્મથી ભિન્ન અને ખરૂ જોતા સૃષ્ટિના મુખ્ય કારણરૂપ માયા તમે માનતા હોવાથી 'બ્રહ્મવાદ' ન કહેતાં 'માયાવાદ' કહેવું એ જ તમારા મત માટે યુક્ત કહેવાય. પ્રયોજન તરીકે—કારણ તરીકે—જગત્નું મુખ્ય કારણ અમારા વાદમા લીલા હોવાથી અમારો વાદ 'લીલાવાદ' છે, અને તેથી 'બ્રહ્મવાદ' નથી એમ તમે કહી શકો તેમ નથી, કારણ કે લીલા એ તો શુદ્ધ બ્રહ્મનો સ્વાભિન્ન ધર્મ જ છે, બ્રહ્મસ્વભાવ છે. બ્રહ્મની લીલા, બ્રહ્મની માયા, બ્રહ્મની શક્તિ, એમ જ અમે તો હમેશા કહીએ છીએ ધર્મ વિનાનો ધર્મી જ વેદાન્તમા ગ્રાહ્ય નથી ગુણગુણી, ધર્મધર્મી, તેમ જ માયા અને માયાને વા અલૌકિક શક્તિને ધારણ કરનાર માયાવી, એ પણ ભિન્ન નથી. ધર્મ વિનાનો ધર્મી જ વસ્તુત અશક્ય છે બ્રહ્મમા અલૌકિક શક્તિ વા અપ્રાકૃત ગુણો માનવાથી અમારા સિદ્ધાન્તમા દ્વૈત આવી જતુ નથી. વેદાન્તમા ગુણ અને ગુણી વગેરે એક જ છે. એવો ભેદ તો નૈયાયિક વગેરે હોય તે જ માનસિક પૃથક્કરણને ભિન્ન વસ્તુરૂપે કલ્પે છે. જ્યા ધર્મી હોય ત્યા જ ધર્મ જણાય છે, ધર્મની સ્વતંત્ર અવસ્થિતિ જ નથી, એવી સ્વતન્ત્ર ઉપલબ્ધિ થતી નથી તેથી જ વ્યાસજીએ 'नाति चोपलब्धे' સૂત્ર યોજ્યુ, અને બન્નેની અનન્યતા સિદ્ધ કરી આપી આ સૂત્રનુ કથન માત્ર વ્યવહારમા તકરારને ખાતર માની લીધુ છે એમ કહેવુ યોગ્ય નથી, કારણ કે વ્યાવહારિક સત્ય અને પારમાર્થિક સત્ય અને વળી શાસ્ત્રીય સત્ય એવા કપોલકલ્પિત ભેદ તો તમારે એકલાને જ માન્ય છે. શ્રુતિસૂત્રોનો અસરલ ખેચતાણ કરીને અર્થ કરનારને જ તેની જરૂર પડે છે તત્ત્વાર્થે વાદ થાય તેમા વળી વ્યાવહારિકાદિ ત્રણ સત્ય કેવાં? સત્ય તો એક જ હોય અમુક સૂત્રો વ્યવહારદૃષ્ટિથી જ્ઞાન આપે છે અને બીજા વાસ્તવિક જ્ઞાન આપે છે એ વાત સૂત્રમાથી કે શ્રુતિમાંથી એક પણ સ્થલે બતાવી શકાય એમ નથી. ઉપનિષદ્મા જ્યા પરા અને અપરા વિદ્યાનો

---

[1] ઉક્ત લેખના પ્રયોજક શાસ્ત્રીજી મગનલાલના પરમસ્નેહી રા. હરિલાલ જેકીસનદાસ ગાડારી બી. એ. છે. આજથી દશેક વર્ષ ઉપર રા. મગનલાલશાસ્ત્રીએ શુદ્ધાદ્વૈતસિદ્ધાન્તપ્રદીપનામક ગ્રન્થ પ્રકટ કર્યો હતો. તે ગ્રન્થમા રા. હીરાલાલ વ્રજભૂખણદાસ શ્રોફને કેટલીક શંકાઓ ઉદ્ભવી હતી. એ શંકાઓનું સમાધાન આ લેખમા સમર્થ રીતે કરેલુ છે, અને તેની સાથે જે કેટલાક આક્ષેપો રા. શ્રોફે કર્યા હતા તેમનો પણ પરિહાર કર્યો છે લેખકે શ્રુતિ, યુક્તિ, અને અનુભવ સર્વનો યથાયોગ્ય ઉપયોગ કરીને બ્રહ્મવાદ અને માયાવાદની વચ્ચે શું તારતમ્ય છે તે સ્પષ્ટ કરી આપ્યું છે, અને તદ્દ્વારા બ્રહ્મવાદ-વિષે સ્વવૈદુષ્યની ઉત્તમતા દર્શાવી છે. આ લેખ બહુ સમય થયા અપ્રસિદ્ધ દશામા હતો, તથાપિ એની ઉપયોગિતાનો વિચાર કરી અત્ર પ્રસિદ્ધ કરવાનું ઉચિત ધાર્યું છે પ્રભુની વિચિત્ર લીલાનું ભાન આ લેખકના વિષયમા પણ થાય છે, કારણ કે આટલુ બધુ પાંડિત્ય હોવા છતા માત્ર આ લેખ લખીને જ લેખકે સ્વકૃતાર્થતા માની છે। આ લેખથી સર્વ બુદ્ધિમાન વાચકને બ્રહ્મવાદ અને માયાવાદનુ તારતમ્ય સ્પષ્ટ રીતે સ્ફુરશે, અને ભવિષ્યમા ઉભય મતના સંભ્રમનો અવકાશ અલ્પ રહેશે એમ આશા રાખવામા આવે છે.

નિર્દેશ છે, ત્યાંએ વ્યવહાર અને પરમાર્થદશાની ગંધ પણ નથી, ત્યા તો ક્ષરવિદ્યાને હીન કહી છે, અને અક્ષરવિદ્યાને તેથી ઉત્તમ કહીને પુરુષ જે અક્ષરથી પર છે તેની વિદ્યાને સર્વથી શ્રેષ્ઠ સૂચવીને ગીતાના પંદરમા અધ્યાય સાથે એકવાક્યતા સિદ્ધ કરી છે શ્રુતિસૂત્રમા વ્યવહારપરમાર્થનો નિર્દેશ કોઈ સ્થલે નથી, અને તે છતા સરલતાથી શ્રુતિસ્મૃતિમા જેવુ બ્રહ્મ કહેલુ છે તેથીજ સર્વ સૂત્રાદિકનો અર્થ સ્પષ્ટ થઈ શકતો હોય તો પછી તમારી elaborate interpretationની પરિભાષાનો અંગીકાર બીજાને કરવાની કંઈ જરૂર નથી. એમાં કંઈ અમને તમારા સિદ્ધાન્તની (માયાવાદની) પ્રૌઢતા જણાતી નથી, પણ ખોટાને ખરૂ કરવાની શૈલી માત્ર પ્રતીત થાય છે ભલે તમે 'અમે બહુ ઉંડુ સમજીએ છીએ અને બીજા સમજતા નથી' એમ મિથ્યાભિમાનમા ઘૂમો પણ જરા વિચાર કરજો કે 'માયાને' વા 'પ્રકૃતિને' 'બ્રહ્મની' એમ સ્પષ્ટ વચન છે વળી બ્રહ્મધર્મ–પ્રકૃતિ–સ્વભાવ એ યોનિ, અને પરમાત્મા તેમા બીજ ધારણ કરનાર પિતા છે, અધ્યક્ષ છે, સૂત્રધાર છે, અર્થાત્ પ્રકૃતિના પણ ઈશ્વર છે, અને ઈશ્વર હોવાથી જ પ્રકૃતિમાથી–સ્વસ્વભાવમાથી–સર્વ વિશ્વનુ જન્મ–આવિર્ભાવ–કરાવે છે. બીજપ્રદાન કરે છે તેથી પોતેજ સવિતા પણ કહેવાય છે આ સર્વનો પોતાની પ્રકૃતિમાથી–સ્વસ્વભાવથીજ–સવિતા જન્મ કરાવે છે, છતા પણ એ પોતાનો લીલારૂપ સહજ સ્વભાવ હોવાથી બ્રહ્મને પોતાને તેનુ બધન નથી, કારણ કે તેની લીલા માત્ર ઉદાસીનવત્ છે બ્રહ્મ આત્મારામ છે, પૂર્ણકામ છે, તેથી તે લીલામા પોતાને કોઈ પણ રીતનો સગ નથી સંગ નથી એટલે બંધન નથી, બધન નથી એટલેજ સર્વ કર્મમાત્ર ગુણ પણ નથી, શબ્દાર્થ જ જરા જોશો તો જણાશે કે ગુણશબ્દનો અર્થ જ બધન છે, ભગવાનના ધર્મો બંધનરૂપ નથી માટે જ તે ગુણ કહેવાતા નથી, માટે જ સધર્મક પણ ભગવાન્ નિર્ગુણ છે જરા ભગવદ્ગીતાના નવમા તથા અઢારમા અધ્યાય ફરીથી વાચજો સગુણ બ્રહ્મને ઈશ્વર કહેવા એ જ માયાવાદની 'absurdity' છે જે ગુણવાન્ છે, બધનવાન્ છે તેને ઈશ્વર કેમ કહેવાય? સગુણ ઈશ્વર! જે બદ્ધ છે તે ઐશ્વર્યવાન્ કેમ કહેવાય? વાહ રે પ્રૌઢ સિદ્ધાન્ત! તમારા પ્રૌઢ બુદ્ધિબલને પણ ધન્ય છે! તમારી પરિભાષાને પણ ધન્ય છે! તમારા વેદબાહ્ય વિરુદ્ધધર્માશ્રયને પણ ધન્ય છે! ઈશ્વરનુ માહાત્મ્ય ભુલી જઈ માયાના ઉપનેત્રથી સર્વ વસ્તુ જોનારને શશશૃંગ વિના બીજુ તત્ત્વ ક્યાથી જડે? અને માયા પણ કેવી? કપોલકલ્પિત! માયાને વેદ વગેરેમા દેવતાઓની વા અસુરોની અચિન્ત્ય શક્તિના અર્થરૂપે વર્ણવેલી છે એમ સર્વ પાશ્ચાત્ય અને અત્રત્ય વિદ્વાનો પણ કહે છે, પણ શંકરની માયા તો શુ છે તે શંકરજ જાણે! (અપૂર્ણ)

ग्रन्थावलोकन.

૧ ષોડશગ્રન્થ—ગુજરાતી ભાષાન્તર સાથે અનુવાદક શાસ્ત્રી ચિમનલાલ હરિશંકર ભટ્ટ, બોરસદ પ્રકાશક અને ઉત્તેજક શાસ્ત્રી મણિશંકર ભાઈશંકર, પેટલાદ, અને પુરાણી ત્રિભુવનભાઈ મોતીરામ, બોરસદ મૂલ્ય રૂ. ૦–૧૨–૦.

શ્રીમદ્વૈશ્વાનરાચાર્યચરણપ્રકટિત ષોડશગ્રન્થથી કોઈ પુષ્ટિમાર્ગીય ભાગ્યે જ અજ્ઞ હશે. ઘણા વૈષ્ણવો તેનો નિત્ય પ્રેમથી પાઠ કરે છે. એમા જે ગંભીર તાત્પર્ય સમાયલુ જણાય

છે, પ્રત્યક્ષરે જે જે સૂક્ષ્મ સિદ્ધાન્ત દૃષ્ટિગોચર થાય છે, તે તેના પાઠમાત્રથી નહિ પરંતુ તેનુ મનન કરવાથી, અને શ્રીમદાચાર્યચરણના દૃઢ આશ્રયથી તેના અર્થનુ સ્ફોટન કરનારા અન્ય તેમના વંશ્યોના વિવરણથી જ સમજાય છે. સ્વાભાવિક રીતે શ્રીમહાપ્રભુજીની પ્રત્યેક કૃતિ ઉપરથી અતીવ સરલ જણાય છે, પરંતુ તેનુ તાત્પર્ય કેટલુ ગહન છે, એનો પરિચય તે ગ્રંથના અભ્યાસીઓને જ થાય છે. ષોડશગ્રંથ ઉપર ઘણું સંસ્કૃત સાહિત્ય છે. પ્રત્યેક ગ્રંથ ઉપર લગભગ ૧૦–૧૨ ટીકાઓ ઉપલબ્ધ થાય છે. આ સર્વ સંસ્કૃત ટીકાઓ મેળવીને તેનુ શુદ્ધ મુદ્રણ કરવામા આવે તો સાંપ્રદાયિક સાહિત્યના એક ભાગની મ્હોટી સેવા બજાવેલી ગણાય સંસ્કૃત ટીકાઓ અને તેના ગુર્જરાનુવાદ સાથે ષોડશગ્રંથની સેવા બજાવવાનુ માન સદ્ગત શીઘ્રકવિવર[1] શાસ્ત્રી શ્યામજીભાઈને ઘટે છે. તેઓએ શ્રીયમુનાષ્ટક, શ્રીબાલબોધ, શ્રી સિદ્ધાન્તમુક્તાવલી એ ત્રણે ગ્રંથોનો સંસ્કૃત સાહિત્ય અને ગુર્જરભાષામા અનુવાદ, શ્રીનાથદ્વારાધીશના આશ્રયથી પ્રકટ કરવા માંડ્યો હતો. તેઓ પરલોકપાન્થ થયા પછી એ કાર્ય અટકી ગયુ છે. શ્રીલાલમણિજીવાળા શ્રીવિઠ્ઠલેશરાયજી મહારાજ પણ અત્ર ષોડશગ્રંથનુ વ્યાખ્યાન કરતા, તે સાંભળીને તેમના કેટલાક સેવકો તે વ્યાખ્યાન લખી લઈને મુદ્રણ કરાવતા, પણ ષોડશે ગ્રંથ ઉપર તેઓનુ વ્યાખ્યાન મુદ્રિત થયલુ અમારી જાણમા નથી, તેઓ તો એકએક પૃથક્ પૃથક્ ગ્રંથ ટીકાઓના આધારે સવિસ્તર પ્રકટ કરતા. સંસ્કૃત સાહિત્યનુ મુદ્રણ તો તેમાં થતુ જ ન હતુ. ગોસ્વામિકુલકમલવિભાકર શ્રીનૃસિંહલાલજીમહારાજે પણ સદ્ગત શાસ્ત્રીજી છગનલાલજીના સહાયથી ષોડશગ્રંથનો વ્રજભાષામા સૂક્ષ્મ, અપેક્ષિત તાત્પર્યને સ્ફુટ કરનાર, અનુવાદ પ્રકટ કર્યો હતો. એકલા ષોડશગ્રંથના અભ્યાસીઓને આ જ ગ્રંથ ઉપયોગી થઈ પડે છે. આવી રીતે બીજાઓ તરફથી પણ ષોડશગ્રંથનો ગુર્જરભાષામા સૂક્ષ્મ અનુવાદ પ્રસિદ્ધ થયલો છે. સદ્ગત શાસ્ત્રીજી છગનલાલજીએ 'પુષ્ટિમાર્ગપ્રકાશ'નામક માસિકમાં ષોડશગ્રંથનો ઉપલબ્ધ થયલી ટીકાઓને આધારે સવિસ્તર અનુવાદ પ્રારંભ્યો હતો. લગભગ ૮–૧૦ ગ્રંથ સુધી તેઓ પહોંચ્યા હતા. શ્રીનૃસિંહલાલજીએ આસુરવ્યામોહ કર્યો, અને તેથી માસિક બંધ પડ્યુ, એટલે તેઓનુ કાર્ય અપૂર્ણ રહી ગયુ તેને પણ કેટલોક સમય વ્યતીત થયો. ષોડશગ્રંથ જેવા મુખ્ય ગ્રંથોનુ તાત્પર્ય જાણવાની ઘણાઓને જીજ્ઞાસા થઈ. તે જીજ્ઞાસાને તૃપ્ત કરવાનુ કાર્ય નડીઆદવાળા ભગવદીય ત્રિભુવનદાસ પીતાંબરદાસ શાહે ઉપાડી લીધું. શાસ્ત્રીજી છગનલાલજીએ પ્રકટ કરેલા ગ્રંથોનુ મુદ્રણ પ્રારંભ્યું. જુદાજુદા પુસ્તકરૂપે તેઓએ એકએક ગ્રંથ પ્રકટ કરવા માંડ્યો જેટલા ગ્રંથ છપાયલા હતા તેઓનો જીર્ણોદ્ધાર થઈ ગયો, પણ પછી શાસ્ત્રીજીએ અવશિષ્ટ ગ્રંથો લખવાની સમયાભાવને કારણે ના પાડ્યાથી તે કાર્યમા હાલ વસંતરામશાસ્ત્રી યોજાયા છે. માત્ર ચાર ગ્રંથો જ હવે અવશિષ્ટ રહ્યા છે આવી રીતે ષોડશગ્રંથસંબંધે દિગ્દર્શન કરાવ્યા પછી અભિપ્રાયાર્થ મળેલા પ્રસ્તુત પુસ્તકનું અવલોકન કાર્ય પ્રારંભીશુ.

આ અનુવાદકર્તાથી પુષ્ટિભક્તિસુધાના કેવલ વાચકો અપરિચિત તો નહિ જ હોય. 'પુષ્ટિસુધાકર' નામના ગ્રંથના કર્તાતરીકે તેઓ જાણીતા થયા છે. ગ્રંથની પ્રસ્તાવનામા જણાવ્યા પ્રમાણે ' શાસ્ત્રી છગનલાલના લેખને માન્ય આપીને ' આ અનુવાદ પ્રવર્ત્યો હોય એમ જણાય

---

[1] પ ગટ્ટુલાલજી એક સમર્થ કવિ હતા એમાં કાંઇ બે મત નથી, આ શાસ્ત્રી તેમના શિષ્ય હતા તેઓ પણ સંસ્કૃત સાહિત્ય ઉપર મહોટો કાબુ ધરાવતા. આજના પોપ કવિઓ જેવા ન હતા આજકાલ તો પ. ગટ્ટુલાલજીના શિષ્યને નામે ઘણા કવિઓ ફુટી નીકળ્યા છે!

છે. વળી કરાચીપુષ્ટિમાર્ગીયપુસ્તકાલયના શાસ્ત્રીદુર્લભજીએ પણ ‘ આ ગ્રંથોનું ભાષાંતર કરવામાં મદદ કરીને ’ કર્તાને ‘આભારી’ બનાવ્યા છે. ‘ મુખ્યાજી ભાઈલાલ છગનલાલના “ હૃદયોદ્‌ગાર ” પણ ક્વચિત્ ઉદ્ગમાન થતા ભાવુક વૈષ્ણવોનું લક્ષ્ય ખેંચે છે. શ્રીયમુનાષ્ટકથી ગ્રંથનો પ્રારંભ કરવામાં આવ્યો છે, પ્રથમ મૂલ શ્લોક આપીને પછીથી તેનો અક્ષરાર્થ આપવામાં આવ્યો છે. આ સ્થલે શાસ્ત્રીજી છગનલાલજીની માફક સાન્વયપદાર્થ આપવામાં આવ્યો હોત તો ‘ભાવસંયુક્ત વૈષ્ણવો’ અને ‘ છાત્રવર્ગ ’ ‘પુરતો લાભ’ કદાપિ લઈ શકત. દ્વિતીય આવૃત્તિમાં ગ્રંથકાર તેમ કરશે એવી અમારી સૂચના છે. વળી દરેક ગ્રંથને અંતે તેનો સંક્ષેપમાં સાર પણ જો આપવામાં આવશે તો તેથી ઘણો લાભ થશે. અક્ષરાર્થ અને વિવેચન તદ્દન સાદી ગુર્જર ભાષામાં હોવાથી સાધારણ વૈષ્ણવો તેનો લાભ સારી પેઠે લઈ શકે એમ છે. કોઈ કોઈ સ્થલે ટીકાકારોના અપેક્ષિત ભાવનું ઉટ્ટંકન ઉપયુક્ત થઈ પડ્યું છે. તેમની લેખનશૈલી કેટલી સરલ છે, તેને માટે આ ઉલ્લેખ ઉપયુક્ત થઈ પડશે

‘मूलम्—लोकार्थी चेद्भजेत् कृष्णं क्लिष्टो भवति सर्वथा ।
क्लिष्टोपि चेद्भजेत्कृष्णं लोको नश्यति सर्वथा ॥ १६ ॥

અર્થ—લૌકિક કામનાની ઈચ્છાવાળા થઈ જો ભગવાન્‌ને ભજે તો નક્કી દુઃખી થાય છે, અને લોકથી વિરક્ત થઈ, સંસારને છોડી અહંતામમતા વગરનો થઈ શ્રીકૃષ્ણને ભજે તો નક્કી સર્વ રીતે લોક એટલે સંસાર નાશ પામે છે.

વિવેચન—આ શ્લોકમાં કનિષ્ઠ અધિકારીનું વર્ણન કરે છે. જે લૌકિક પદાર્થની ઇચ્છા રાખી અથવા પુત્ર-કલત્રાદિની મતલબવાળો થઈ શ્રીકૃષ્ણની સેવા કરે તો તે લોકાર્થી કહેવાય છે આ લોકાર્થી માણસને ભગવાનનો ભજનાનન્દ મળતો નથી પરંતુ છેવટે કલેશવાળો થાય છે. દ્રવ્યની ઇચ્છાથી સેવા કરે તો તે પણ કનિષ્ઠ અધિકારી છે વળી દેવને ઉદ્દેશી દ્રવ્ય લે અને તેના ઉપર દેવદ્રવ્યની બુદ્ધિ ન રાખે અને પોતાના મોજશોખમાં વાપરે તે દેવલક કહેવાય છે. તે શાસ્ત્રમાં હલકો છે.’

ઉપર પ્રમાણે જોતા જણાય છે કે ગ્રન્થકારની શૈલી એકંદરે ઠીક છે પ્રત્યેક મનુષ્યના હૃદયમાં વિવેચનથી શ્લોકાર્થનું સ્થાપન કરવાને અને શ્રીમદાચાર્યચરણની વાણીના તાત્પર્યનું દર્શન કરાવવાને કેટલેક અંશે આ તરજુમાકારે પ્રયત્ન કર્યો છે, એમ કહેવામાં અતિશયોક્તિ નથી. પૂર્વના ગ્રંથો જુની ગુજરાતીમાં લખાયલા છે અને આ તરજુમો ચાલુ સમયની બોલાતી ભાષામાં લખાયલો હોવાથી સામાન્ય વર્ગની તો પસંદગીને પાત્ર થઈ પડશે. છેવટે એટલું જ જણાવવું બસ થશે કે આ ગ્રંથને વાંચીને કોઈ પણ વાચકના મનમાં તરજુમા કર્તાના સફલ પ્રયાસ વિષે સંશય ઉદ્‌ભવશે નહિ આ સર્વનું કારણ અત્યાર સુધીમાં પ્રકટ થયેલા અનુવાદમાત્રનો કાંઈક અભ્યાસ અને તેમાંથી અપેક્ષિત ભાગનું તારણ કરવાની અને સામાન્ય લોકહૃદય સમજવાની ઠીકઠીક શક્તિ જ છે. ગુર્જર અનુવાદમાત્રના તારણ કરીને ખ્યાતિપ્રાપ્તિથી શાસ્ત્રીઓ કાંઈક આગળ વધે તો પિષ્ટપેષણ અટકે અને સંપ્રદાયને વિશેષ લાભ થાય

આ ગ્રંથમાં મુદ્રણાશુદ્ધિ ‘ પુષ્ટિસુધાકર ’ જેટલી નથી, તો એ પણ ઘણે સ્થલે તેવી અશુદ્ધિ રહી છે. કોઈક સ્થલે શ્લોકના પદાર્થનું જ તિરોધાન થઈ ગયું છે આશા છે કે

અનુવાદક હવેથી મુદ્રણ ઉપર ખાસ ધ્યાન આપશે મુદ્રણાશુદ્ધિ ઘણી રહેવાથી ગ્રંથ તિરસ્કારને પાત્ર થતો નથી, અને પ્રવિવિક્ષુઓને ઉંધે રસ્તે દોરે છે, એ અનુવાદકને સમજાવવાની વધારે આવશ્યકતા અમે જોતા નથી.

૨. **ભક્તિમાર્ગનું રહસ્ય**—પ્રસિદ્ધ કરનાર **મૂલજી નાથજી કોઠારી** બીજો ભોઇવાડો, મુંબાઇ નં. ૨. મૂલ્ય નોછાવર રૂ. ૦–૫–૦ આ માસિકના ગ્રાહકો માટે ખાસ ત્રણ આના

ગોસ્વામી શ્રીબાલકૃષ્ણલાલજી, શ્રીઅનિરુદ્ધલાલજી, શ્રીકનૈયાલાલજી વગેરે પાસે મગનલાલ શાસ્ત્રીએ કરેલા ભાષણોનો સંગ્રહ આ ગ્રંથમા કરવામા આવ્યો છે. બધા થઇને નવ ભાષણોનો સંગ્રહ આ ગ્રંથમાં છે. આ ભાષણોથી સંપ્રદાયનું રહસ્ય, ભક્તિમાર્ગનું સ્વરૂપ, શુદ્ધ પુષ્ટિભક્તિ, વૈષ્ણવોનું કર્તવ્ય વગેરે વિષયો સ્પષ્ટ સમજાય છે. જે શાસ્ત્રીએ આ ભાષણો યોજ્યાં છે તેની પાસે પ્રૂફ ન વંચાવવાથી મુદ્રણાશુદ્ધિ ઘણી છે, પરંતુ તે લક્ષમા નહિ લેતાં તેમાનું તાત્પર્ય સમજવા ઇચ્છનારાઓએ અને થોડાંક ભાષણોનો એક સાથે સંગ્રહ કરવા ઇચ્છનારાઓએ આ ગ્રંથ સંગ્રાહ્ય છે. રા. રા. શાસ્ત્રીના ભાષણ માટે પ્રસ્તાવના પોતે લખી ન નાખતા તેમની જ પાસે લખાવી હોત તો સંગ્રહ વિશેષ ઉપયોગી થાત

श्रीयशोदाबेटीजी महाराजकृत काव्य—છપાવીને પ્રસિદ્ધ કરનાર શ્રીમદ્ગોસ્વામી શ્રીવ્રજરત્નલાલજી મહારાજશ્રીની આશ્રિત સુરત **વૈષ્ણવધર્મપ્રસારક મંડલી.** મળવાનું ઠેકાણું—મોટામંદિર, સુરત, અને શાહ ડીકાભાઈ હરિવલ્લભદાસ એન્ડ સન્સ, કાલબાદેવી રોડ, મુંબાઈ નોછાવર રૂ. ૦—૮—૦.

આ પુસ્તક ગોસ્વામીશ્રી ૬ શ્રીવ્રજરત્નલાલજી મહારાજે સુપ્રસિદ્ધ ભગવદ્ધર્મપરાયણ શેઠ નાનાભાઈ ઘેલાભાઈ મારફતે અવલોકનાર્થ મોકલાવ્યું છે. સંભળાય છે કે આ પુસ્તકની આવકમાથી ખરચ બાદ કરતા જે કાંઇ વધશે તે ધર્મકાર્યમા વપરાશે

શ્રીયશોદાબેટીજી ગોસ્વામી શ્રીયદુનાથજી મહારાજના બેટીજી હતાં. પ્રસ્તુત પુસ્તકમાં તેમનું સંક્ષિપ્ત જીવનચરિત્ર આપવામા આવ્યું છે, તે ઉપરથી જણાય છે કે તેઓશ્રીને બાલ્યાવસ્થાથી જ સેવા ઉપર નિસ્સીમ ભાવ હતો. સ્વરૂપસેવાવ્યતિરિક્ત સમયમાં ભગવદ્વિપ્રયોગનો અનુભવ કરતાં હોય તેમ અષ્ટ સખા વગેરે મહાનુભાવીઓનાં ભાવમય કીર્તનો રચીને ગાતા હતા મધ્યમાવસ્થામા પણ મુખ્યત્વે શ્રીસેવામા પોતાનો સર્વ સમય વ્યતીત કરતાં અને બીજાં કાર્યો ગૌણ રીતે કરતાં. પોતે એટલાં બધાં ચતુર હતાં કે વયોવૃદ્ધ અનુભવી વહુજીઓને પણ એમની સમ્મતિની જરૂર પડતી. એઓશ્રીએ શ્રીયમુનાજીનાં પ્રાકટ્યના ધોળ બનાવ્યા છે, ને ઉપરથી તુરીયપ્રિયા શ્રીયમુનાજી ઉપરની તેમની આસક્તિ કેટલી બધી હતી તે સ્પષ્ટ જણાય છે. શ્રીયમુનાજીના પ્રાકટ્ય વિષે તેમણે એવા તો ભાવો પ્રકટ કર્યા છે કે એવા ભાવો હાલના બાલકોમાં કોઇએ પ્રકટ કર્યા નથી. આ ઉપરથી વૈષ્ણવો તેઓશ્રીને યમુનાજીના અવતાર તરીકે માને છે[1] વૃદ્ધાવસ્થામાં તેઓશ્રી કોઇ કોઇ વેળાએ ડેરામા બિરાજીને પોતાની વિદ્વત્તાનો લાભ આપતા, વ્યાખ્યાન કરતા, અને સાંપ્રદાયિક ગ્રંથોનું તારતમ્ય સમજાવતા. ત્યારબાદ ગોસ્વામીશ્રી ૬ શ્રીમગનલાલજી મહારાજે લીલા વિસ્તારી, પછીથી થોડા જ સમયમા [illegible] વ્રજરત્નલાલજીને બાલ્યાવસ્થામા જ મુકીને તેમનાં માતુશ્રી લીલાવશ થયાં. આવી અવસ્થામાં પાટણવાળાં શ્રીમાજીમહારાજ સુરતમાં પધાર્યા અને ત્યા

---

[1] આજના સમયમાં આવા પણ બેટીજી કે મહારાજો છે ?

પધારીને સભ્ય વૈષ્ણવોની મંડળી નિમીને મોટો મહોત્સવ કરીને લાલબાવાશ્રીને શ્રીયશોદાબેટીજીને સોપ્યા.

શ્રીબેટીજીમહારાજકૃત પદ કેટલાક ભગવદીયો ગાતા હતા, તે સુરતની 'વૈષ્ણવધર્મપ્રસારકમંડળી'એ સાભળ્યાં એટલે તેઓએ લાલબાવાશ્રીને તે સર્વ ધવલ–કીર્તનો આપવા, તથા છપાવવાની આજ્ઞા કરવા, વિનતિ કરી લાલબાવાશ્રીએ કૃપા કરીને તે સર્વ પદો શોધી આપ્યા. તે સર્વનો સંગ્રહ કરીને શુદ્ધ સ્વરૂપે લખવાનો પ્રયાસ વૈષ્ણવ જમનાદાસ ગુલાબદાસ ગાંધીએ કર્યો, અને તેને મુદ્રણ કરવામા અપેક્ષિત દ્રવ્યસાહાય્ય પરમ ભગવદીય શેઠ નાનાભાઈ ઘેલાભાઇએ આપ્યુ તેથી તેમનો મ્હોટો ઉપકાર થયો છે.

આ કાવ્યમા બધા થઇને ૨૧૬ પદો છે. કોઇ ગુર્જરગિરામા છે, તો કોઇ વ્રજભાષાને સેવે છે, અને કોઇ હિંદીને પુનીત કરે છે. ભાષા સરલ અને પ્રાસાદિક છે. પદે પદે સ્નેહ અને ઉંડા હૃદયની લાગણી પ્રકટી નીકળે છે. આનંદરસાત્મક નંદનંદનપ્રભુનુ સ્વરૂપ અનુભવમા આવે તેમ વર્ણવ્યુ છે. 'પ્રભુ વિરુદ્ધધર્માશ્રય આપ એમા સંશય તે મનમા ન આણીએ' વગેરે પદોમા ઔપનિષદ સ્વસિદ્ધાંતો પણ દૃષ્ટિગોચર થાય છે સર્વ પદોમા અપૂર્વ ભક્તિભાવ ઝળકી રહ્યો છે જેમ સાકરનો સ્વાદ અનુભવૈક ગમ્ય છે, તેમ આ કાવ્યનો આસ્વાદ વાચવાથી જ જણાશે. દરેક પદની અન્તે આપ નિજજન એવી સંજ્ઞા લખે છે છેવટે એટલુ જ કહેવાનુ રહે છે કે દરેક ભાવુક વૈષ્ણવે આ પુસ્તકનો સંગ્રહ કરવો.

પદ કેવાં દીનતામય છે તે આ પદથી જ જણાશે.

(રાગ, બિહાગ.)

જય જય જય જય જય શ્રીલક્ષ્મણનંદના, પ્રાણપતિ પ્રાણનંદન હૂતે અધિક હો;
કરત હું વિનતિ કોટિ વંદના.
•આપ નિજ સ્વામિની વિરહરસ પ્રેમમય, રહત સંયોગરસ રાસ સુખકંદના,
કરત રસકી વર્ષા દાસદાસી વિષે, લગન નહિ દેત મન ઔર કહુ ફંદના. ૧
મૂઢ મતિમંદ મહામોહમેં ફસી રહ્યો, કરત પાખંડ મન અધિક છલ છંદના;
દેખ સબ જગતકો નામ રસના રટત, કૃત્ય નહિ દેખીએ મેરો દુખ દ્વંદના ૨
યેહી માગત ચરણકમલકી હૃદે રહે, જૈસે પ્રિય વાસુકિ મલયગિરિચંદના,
લુબ્ધ મકરંદ અલિસુત કહું ડગત નહિ, કહત નિજજન દેહો યેહી આનંદના ૩

૪. શ્રીગાયત્રીભાષ્યભાષાન્તર, અનુવાદક મણિલાલ જાદવરાય દ્વિવેદી, કપડવણજ મૂલ્ય—અમૂલ્ય.

ઉપરનુ પુસ્તક તેના અનુવાદક તરફથી અભિપ્રાયાર્થ મળ્યુ છે.

ગ્રંથના પ્રારંભમાં શ્રીગાયત્રી દેવીનું ચિત્ર આપવામા આવ્યુ છે. ચિત્રમાં દેવી પાંચ મુખથી અને દશ હસ્તથી વિરાજે છે. જેવુ ચિત્ર આલેખેલુ છે, તેના ભાવવાળા પ્રામાણિક પદ્યો તેની નીચે અથવા તો બીજા પત્રમા મૂકીને તેના સ્વરૂપનુ વિશદીકરણ કરવામા આવ્યુ હોત તો ઠીક થઈ પડત. પછીથી 'પુસ્તકદાનના ફલ' માટે મન્વાદિ આર્ષ ગ્રંથોનાં વાક્યોનો

ગુર્જરભાષામા અનુવાદ નજરે પડે છે આર્ય ગ્રંથોથી પુસ્તકદાનનું મહાફલ નિર્ધારીને ગ્રંથકાર આજના સમય માટે શોકોદ્ગાર દર્શાવે છે, અને પુસ્તકદાન નથી થતું માટે 'ભારતવર્ષની દુર્દશા' થઈ છે એમ જણાવે છે. છેવટે ભિક્ષુ અખંડાનંદે 'સસ્તા સાહિત્યવર્ધક' મારફતે હિંદુસ્થાનની દુર્દશા દૂર કરી નાખી હોય તેમ તેના 'જેવુ ધર્મવીરત્વ અન્ય યોગ્ય વિદ્વાનોમા પ્રકટ' થવાની 'સર્વેશ્વરને પ્રાર્થના' કરે છે. આ પછી આપણા સુપ્રસિદ્ધ 'ગુજરાતી'વાળા કૈલાસવાસી મિ ઇચ્છારામનો ફોટો મુકીને તેને પ્રેમાંજલિ આપવામા આવી છે. તેમાં રા. ઇચ્છારામના 'વિશિષ્ટ અને તેજસ્વી' જીવનનો પરિચય કરાવ્યો છે. જો કે ગ્રંથકાર મિ ઇચ્છારામની 'પૂજ્યતા અને વાત્સલ્યનો અમૂલ્ય લાભ દુર્ભાગ્ય લીધે' 'બરાબર રીતે પામી શક્યા નથી, એટલુ જ નહિ પણ તે સદ્ગતને નજરે પણ નીહાળી'ને ગ્રંથકારે પોતાનાં 'ચર્મચક્ષુને કૃતાર્થ' કર્યાં નથી, છતા પણ તેઓ 'તે દિવ્ય[1] પુરુષના સ્મરણને આ ભાષાંતરવડે કૃતજ્ઞતાથી અંકિત કરી કાંઇક અંશે કૃતાર્થ થયા' છે! પછીથી ગ્રંથકાર પ્રસ્તાવના લખે છે, તેમાં ગાયત્રીની અત્યાવશ્યકતા દર્શાવીને તેનાથી જુદી જુદી દૃષ્ટિએ કેવા લાભો મળે છે, તેનું વિવેચન કરીને જે વિષય ઉપર આ ગ્રંથમાં 'વિશેષ લક્ષ આપ્યું છે' તેનો નિર્દેશ કર્યો છે. 'ગાયત્રીનો અધિકાર અને અધિકારી' એવા શીર્ષક નીચે લખાયલી ૧૫ લીટીમાં તે વિષય સંબધે કંઇ સ્પષ્ટીકરણ જોવામા આવતું નથી. 'પુસ્તકના અંતમાં શ્રીવલ્લભાચાર્યકૃત ભાષ્ય આપવાનું ગ્રંથકારે 'યોગ્ય' ધારીને 'દૂર દૂર રાખનારી અનેકતાની એક નાની દિવાલ જમીનદોસ્ત થઈ' પડવાની આશા દર્શાવી છે પછીથી ગ્રંથકાર 'મનુષ્યજીવનનું પરમ રહસ્ય' બે લીટીમાં બતાવી દે છે. તે રહસ્ય સાવધાનતાથી સાંભળવાજેવું છે. લખે છે કે 'મનુષ્ય જીવનનું પરમ રહસ્ય જીવબ્રહ્મનું ઐક્ય જ છે, સકલ શાસ્ત્રોનું પરમ લક્ષ પણ તે જ છે, તે પ્રમાણે ગાયત્રીમંત્રનું તો તે ઐક્યમાં જ-તે અભેદમાં જ—પર્યવસિત થાય છે' ગ્રંથકારનું આ 'મનુષ્યજીવનનું પરમ રહસ્ય' તેમને જ મુબારક હો! ગ્રંથકાર 'પોતાના મત પ્રમાણે કે જગતના ગુરુ થઈ બેઠેલાના મત પ્રમાણે તે 'રહસ્ય' રેલાયુ' છે એમ લખત તો ઠીક પડત, પરંતુ તે રહસ્યના કુફરાનમા 'સકલ શાસ્ત્ર' અને ગાયત્રીદેવીને સંડોવવાને સાહસ કર્યું તે અક્ષમ્ય છે ગ્રંથકારને પુછીએ છીએ આપે કેટલાં શાસ્ત્રો જોયાં? કયા શાસ્ત્રમાં સંપૂર્ણ અરો તે રહસ્ય ઝળકી નિકળેલુ તમે નજરે નિહાળ્યું? તેમ જ ગાયત્રીના કયા અક્ષરમાંથી તેવુ 'પરમ રહસ્ય' ભભુકી નિકળે છે? આ પ્રશ્નનું સંતોષકારક સમાધાન ગ્રંથકાર કરશે તો અમે આભારી થઈશું. પછી ગ્રંથકાર ગ્રંથમા મૂકેલી અન્ય મનુષ્યની પ્રતિકૃતિ માટેનો ખુલાસો કરે છે અને છેવટે લખે છે કે "ઉપર કહ્યુ તેમ ગાયત્રીમંત્રનો આધ્યાત્મિક અર્થ સમજવા માટે તો શ્રીમચ્છંકરાચાર્યના[2] રચેલાં ભાષ્યો જ ઉત્તમોત્તમ છે." આ દૃષ્ટિ સંકુચિત નથી, પણ માઇલો સુધી પહોંચેલી સુવિસ્તૃત છે. બીજાને સંકુચિત દૃષ્ટિવાળા કહેવા, અને પોતે ભલે એક ગુફામા જ આકાશતત્ત્વ સમાયલુ માને, તેની કશી અડચણ નહિ. ગ્રંથકારના આ દાક્ષિણ્યથી અમને કંઇ આશ્ચર્ય થતું નથી. દુનીઆમા મ્હોટા ગણાતાઓએ પણ તેવાં જ ગોથાં ખાધા છે, માટે અમારે તેમના ઉપર ગુસ્સો કરવાનું કારણ નથી. દુનીઆ એમ જ ચાલે છે!

---

[1] આવા ગ્રંથોમા પ્રાકૃત મનુષ્યનાં ગુણગાન કરવા એ કાંઈ મહત્તા વધારનાર થઈ પડે છે.

[2]. ગાયત્રી ઉપર આદ્ય શંકરાચાર્યનું ભાષ્ય છે? ગ્રંથકાર તે વિષે ખુલાસો કરવા શ્રમ લેશે?

ઉપર પ્રમાણે મુખબંધ બાંધીને ગ્રંથકારે ગ્રંથની શરૂઆત કરી છે. શાન્ત્યાનંદસરસ્વતીકૃત ગાયત્રીભાષ્ય મૂલ સંસ્કૃતમાં આપ્યું છે. પછીથી ગુર્જરભાષામાં ગાયત્રીમાહાત્મ્ય, ગાયત્રીદીક્ષા, લોકની બિભીષિકા, અને શ્રીમદ્વલ્લભાચાર્યવિરચિત ગાયત્રીવિવરણ આપ્યું છે. શ્રીમદાચાર્યચરણપ્રણીત ગાયત્રીભાષ્યનો ભાવાર્થ જણાવનાર 'દ્વિજરાજસુધા' એ શીર્ષક નીચે શાસ્ત્રીજી મગનલાલભાઈએ જે લેખ પ્રકટ કર્યો છે, તેમાંના છૂટાછવાયાં વાક્યોનો સંગ્રહ છેલ્લા નિર્દિષ્ટ વિષયમાં કર્યો છે. તે સંગ્રહના છપાયલા ફોર્મ અનુવાદકે શાસ્ત્રીજી મગનલાલભાઈ ઉપર અભિપ્રાયાર્થે મોકલી આપ્યાં હતાં, પરંતુ પોતાના લેખનું તેમાં ઉદ્ધરણમાત્ર જણાયાથી તેમણે તેને માટે અભિપ્રાય લખવાનું ઉચિત ધાર્યું ન હતું. અમને તેઓએ એટલું જણાવ્યું હતું કે જે [1]વાક્યોનો ખાસ ઉપન્યાસ કરવો જોઇએ તેનો કર્યો નથી, પણ અમુક વાક્યોનો જ અને તે પણ અશુદ્ધ કર્યો છે, જેથી અર્થભંગ પણ થવાનો સંભવ રહે છે. આશ્ચર્યની વાત છે કે અનુવાદકે શાસ્ત્રીજીના લેખના જ શબ્દોની તફડંચી કરેલી હોવા છતાં તે વાતનો કોઇ પણ ઠેકાણે નિર્દેશ સરખો કર્યો નથી? અનુવાદકની કૃતજ્ઞતાનું સૂચન આથી વધારે હોઈ શકે? પછી ગ્રન્થકાર શ્રીનાથજીનું ચિત્ર આપીને, તેથી વૈષ્ણવ બ્રાહ્મણોને મોહ કરીને, બ્રહ્મવાદવિરુદ્ધ ગાયત્રીકલ્પનું મૂલ સંસ્કૃતમાં આપે છે. પછીથી ગાયત્રીમન્ત્રનું વિશેષ વિવેચન આપવામાં આવ્યું છે. 'વેદોક્તધર્મપ્રકાશ' ઉપરથી મન્ત્રશાસ્ત્રનો લેખ લેવામાં આવ્યો છે. પ્રાર્થનાસુભાષિત સમાપ્ત થયા પછી પહેરગીરના ધોકા જેવો દંડ હાથમાં લઇને, મસ્તક ઉપર ભિક્ષાપાત્ર મુકીને, એક હાથમાં કમંડલુ ધારણ કરીને, ઉભેલા બ્રહ્મલીન (?) મહાત્મા પૂર્ણાનંદજીની પ્રતિકૃતિ આપવામાં આવી છે. છેવટે કેટલીક કવિતાઓ આપી છે, અને ગ્રંથ સમાપ્ત કર્યો છે. અંતિમમાં વિવિધજનોના આ પુસ્તક માટે આવેલા અભિપ્રાયો આપ્યા છે, અને પટવારીસાહેબ જેવાઓએ પણ આમાં મદદ આપી છે, એમ ખુશી સાથે જણાવવામાં આવ્યું છે।

છેવટે અમારે લખવાનું કે અનુવાદકે અને પ્રયોજકે જે ઉદ્દેશથી આ પુસ્તક પ્રસિદ્ધ કર્યું છે, તે ઉદ્દેશ સફલ થશે કે કેમ એ તો સંશયગ્રસ્ત જ છે. જો કે એઓનો ઉત્સાહ, ગાયત્રી ઉપરનો પ્રેમ, પ્રશંસાપાત્ર જ છે, ગાયત્રીની સેવા બજાવવાની તેમની ઉત્કટ આકાંક્ષા આદરણીય જ છે, પરંતુ તેમાં જે રૂઢિએ કાર્ય થવું જોઇએ તે રૂઢિએ નથી થયું એ ખેદકારક છે. ગાયત્રી ઉપર જે જે મહાન્ આચાર્યોએ જે કંઇ લખ્યું હોય તે મૂલ શુદ્ધ સ્વરૂપમાં છાપીને, નિષ્પક્ષપાત રીતે તેનું શુદ્ધ ભાષાન્તર કરીને, પોતાનું જજમેન્ટ પ્રસિદ્ધ કરીને, 'તટસ્થ'તાનો ડોળ કરવાનું ત્યજવાથી, કાર્ય યશસ્વિ નિવડે છે. મહાન્ આચાર્યોના, અને તો ગાયત્ર્યર્થભૂત અન્ય દેવોના પણ, ચિત્રો આપવાં. લૌકિક ચિત્રો આવાં પુસ્તકોમાં હોવાથી તો લાભને બદલે હાનિ વિશેષ થાય છે

જાહેર ખબર વગેરે.

૧. દીનતા આશ્રયનાં પદ સંગ્રહ—છપાવી પ્રસિદ્ધ કરનાર શ્રી પાટણ પુષ્ટિમાર્ગીય જ્ઞાનવર્ધક વૈષ્ણવ સભાના મંત્રી પરી. મથુરદાસ માનચંદ, મુ. પાટણ નોછાવર રૂ. ૦।।=.

---

[1] માત્ર વ્યાહૃતિઓનો અર્થ લઈને જ વિરામ પામ્યા છે ગાયત્રીનો શ્રીવલ્લભાચાર્યકૃત અર્થ મિ. દ્વિવેદીએ આપ્યો જ નથી. વળી ગાયત્રીકલ્પ આ સંપ્રદાયમાં અપ્રમાણ છે, તેથી આ ગ્રન્થ કેવલ સ્માર્તોને જ ઉપયોગી થઈ પડશે, એટલે 'દૂર દૂર રાખનારી અનેકતાની એક નાની દિવાલ' આ પુસ્તકથી પડી ભાગવાની ભ્રાંતિ નથી રહેતી.

ઉપરના ગ્રન્થમા અષ્ટ સખાઓના ભાવોદ્દીપક પદોનો સંગ્રહ કરવામા આવ્યો છે. સર્વે પદો ઘણાં રસિક છે, તેનુ વર્ણન કરવાની કંઇ જરૂર નથી જેઓ નિરંતર તેનું રટન કર્યા કરે છે, તે તે રસના જ્ઞાતા છેજ. આ પુસ્તકનો સર્વે વૈષ્ણવોએ સગ્રહ કરવો

૨. पोडशग्रन्थभावार्थ.

ગોસ્વામિની શ્રીરાધાવહુજીમહારાજની આજ્ઞાથી ‘ પ્રાચીનપુસ્તકપ્રસારકમંડળી' તરફથી ઉપરનું પુસ્તક બહાર પડ્યુ છે. તેમા પોડશ ગ્રન્થના ભાવાર્થો કવિતામાં સરસ રાગમય વાણીમા ઉતાર્યા છે સ્વમાર્ગીય સિદ્ધાતથી ભરપૂર છે નોછાવર રૂ. ૦ા

મળવાનું ઠેકાણું:—**વેલજી નથુ મીસ્રી.**
રાજકોટ (કાઠિયાવાડ.)

૩. **ભાગ્યોદય**—દર માસે પ્રકટ થાય છે, કદ ૪૦ પૃષ્ઠનુ છતા લવાજમ માત્ર રૂ. ૧ાા છે. પ્રકાશક રા. ગ **જેઠાલાલ** દેવશકર દવે.

મળવાનુ સ્થળ—**ભાગ્યોદય ઓફિસ—અમદાવાદ.**

ઉપરના માસિકમા જનસમુદાયના સામાજીક હિતના વિષયો સરલ ગુર્જર ભાષામાં ચર્ચવામા આવે છે વડોદરાવાળા નૃસિંહાચાર્યસ્થાપિત શ્રેયસાધક અધિકારિવર્ગના હિતાર્થે તેમના જ દૃષ્ટિબિન્દુથી ધાર્મિક વિષયો ચર્ચાય છે, જે તેમના અનુયાયીઓને ઉપયોગી થઈ પડે એવા છે. હેલા છૂટા અંકથી મહાન્ વૈદ્યક ગ્રન્થ **ચરકસંહિતાનું** ગુર્જર ભાષામાં ભાષાંતર શરૂ થયલુ જણાય છે, જે વૈદ્યકના, પુરાતન આર્ય વૈદ્યકશાસ્ત્રના, જીજ્ઞાસુઓને પણ ઉપયોગિ થઈ પડશે

लीलावैचित्र्य.

जानामि धर्मं न च मे प्रवृत्तिः
जानाम्यधर्मं न च मे निवृत्तिः ।
केनापि देवेन हृदि स्थितेन
यथा नियुक्तोऽस्मि तथा करोमि ॥

આ શ્લોક ટાંકીને એના નીચે પ્રમાણે ત્રણ અર્થ આષાઢના વસન્તમાં એક સદ્‌ગૃહસ્થે કર્યા છે. આ શ્લોક દુર્યોધનનો ઉચ્ચારેલો છે.

૧. દુર્યોધને કરેલો ખોટો અર્થ—

‘ ધર્મ શુ તે હું જાણુ છુ, છતાં મારાથી એમાં પ્રવૃત્ત થઈ શકાતુ નથી, અધર્મ શું તે પણ જાણુ છુ છતા તેમાથી મારાથી નિવૃત્ત થવાતુ નથી, (કેમકે) હૃદયમાં રહેલો કોઈક અગમ્ય દેવ મને જેમ પ્રેરે છે તેમ હું કરૂં છુ.' આ પ્રમાણે અર્થ કરી નીચે પ્રમાણે અનુમાન કાઢે છે. ‘ ધર્મકૃત્ય ના કરવા માટે તેમ જ અધર્મકૃત્ય કરવા માટે પોતાની જવાબદારી અન્તર્યામી પ્રેરનાર દેવની જ છે.'

૨. ખરા અર્થ—

'હું ધર્મ જાણુ છું, પણ તે તરફની મારી પ્રવૃત્તિ તે મારી પોતાની નથી; અને અધર્મ જાણું છુ, પણ તેનાથી નિવૃત્ત થાઉ છુ તે નિવૃત્તિ મારી પોતાની નથી; જે છે તે મને પ્રેરનાર દેવની પ્રવૃત્તિનિવૃત્તિ છે; કેમકે એ હૃદયસ્થિત દેવ પ્રેરે છે તેમ હું કરૂ છું.' આ પ્રકારે અર્થ કરીને ઉમેરે છે કે 'આ અર્થમા મનુષ્ય કેવલ સ્વેચ્છાહીન બુદ્ધિહીન પુતલુ બને છે, તેથી' અરુચિથી તૃતીય અર્થ આપવામા આવે છે. '૩ ધર્મ શુ તે હું જાણુ છુ, પરંતુ તે તરફની મારી પ્રવૃત્તિ તે મારી પ્રવૃત્તિ નથી, કેવલ મારા ઇચ્છાબલથી હુ તે કૃત્ય કરૂ છુ એમ નથી, તેમ જ અધર્મ શું તે હું જાણુ છુ, પરન્તુ તે કૃત્ય તરફથી હું નિવૃત્ત થાઉ છુ તે મારી નિવૃત્તિ નથી, કેવલ પોતાના ઇચ્છાબલથી હું પાપ કરતા અટકુ છુ એમ નથી, (ત્યારે કોના ઇચ્છાબલથી આ બને છે? તે કહે છે—) મારા હૃદયમા રહેલો કોઈક અગમ્ય દેવ છે તે જેમ મને પ્રેરે છે તેમ હું કરૂ છુ, અર્થાત્ એની ઇચ્છાના બલથી હું પુણ્ય કરવાને પ્રવૃત્ત થાઉ છુ ને પાપથી નિવૃત્ત થાઉ છુ.'

પાછલા બે અર્થ બહુ પાણ્ડિત્યથી ઉપજાવેલા હોવાથી શ્લોકમા નહિ એવા ઘણા શબ્દોનો અધ્યાહાર કરીને અર્થ કરવો પડ્યો છે એ તો આપાતત વાચકને સ્પષ્ટ થાય છે આમ કરવાના પ્રયોજનની શોધ કરતા માલમ પડે છે કે ચર્ચાપત્રીને જીવને કોઈ પણ પ્રકારે સ્વકર્મના બંધમાથી મુક્ત કરવો ઇષ્ટ નથી. હૃદયસ્થિત પ્રેરે છે એ વાત ખરી, પરંતુ તેથી જીવની જોખમદારી નષ્ટ થતી નથી. પોતે પ્રાર્થનાસમાજી હોવાથી 'જ્યારે કર્તવ્ય–અકર્તવ્યનો પ્રસંગ આવે ત્યારે પ્રભુની પ્રાર્થના કરી તેની ઇચ્છા સમજી સ્વેચ્છાનો તેની ઇચ્છા જોડે સંયોગ કરી આચરણ જીવે કરવુ' એવો ફલિતાર્થ સૂચવ્યો છે ધર્મ અને અધર્મમા મનુષ્ય પ્રવૃત્તિ કરે અને તેની જોખમદારી ઈશ્વરને માથે નાખે તો તેમ કરવામાં મનુષ્ય સ્વેચ્છાહીન બુદ્ધિહીન પુતલુ બને છે, પરંતુ મનુષ્ય પુતલું નથી, એમના મતે જીવ ઈશ્વરથી અત્યન્ત પૃથક્ છે, તેથી તે અનુમાન એમને પોતાને રુચ્યુ નથી.

સ્વમન્તવ્યના આરોપણ સિવાય આમા બહુ તત્ત્વ હોય એમ સમજાતુ નથી. આ શ્લોકનો ઉચ્ચાર કરીને જ તદુક્ત અર્થનો દુર્યોધને 'દુરુપયોગ' કર્યો હોય એ એ શ્લોકના સ્પષ્ટ અર્થથી વિપરીત લાગે છે દુર્યોધન કહે છે કે—'ધર્મ જાણું છુ અને (તેમાં) પ્રવૃત્તિ નથી, અધર્મ જાણું છુ અને (તેમાથી) નિવૃત્તિ નથી (આ પ્રકારે ધર્મ તથા અધર્મનું પોતાને જ્ઞાન હોવા છતા તેમાં પ્રવૃત્તિ તથા નિવૃત્તિ કેમ થતી નથી ત્યારે કહે છે કે—) હૃદયમાં બિરાજતા કોઈ એક દેવથી જેમ નિયુક્ત થાઉં છુ તેમ કરૂ છુ' અત્ર ચકાર હોવાથી વાક્યદ્વય હોય એમ પણ લાગે છે 'ધર્મ જાણુ છુ અને (તેમા) પ્રવૃત્તિ નથી (તે પણ) જાણુ છુ' ઇત્યાદિ આ પ્રકારે શ્લોકનો યથાક્ષરાર્થ છે આમાથી દુર્યોધને આ સિદ્ધાન્તનો દુરુપયોગ કર્યો એમ માની લઈને અતિપાણ્ડિત્યદ્યોતક ચર્ચા કરવી તેના કરતા શ્લોકના અર્થને જ અનુસરીને જે તાત્પર્ય નીકળે તે જ ગ્રહણ કરવુ યુક્ત છે સર્વને વિદિત જ છે કે મહાઅધર્મી પુરુષને પણ કોઈ સમય એવો આવે છે કે જ્યારે તેને પોતાનુ યથાર્થ સ્વરૂપ સ્ફુરે છે, 'તેમ દુર્યોધનને અહિં સ્વસ્વરૂપની અધમતા સ્ફુરે છે,' અને તે કહે છે કે ધર્મમા પ્રવૃત્તિ અને અધર્મમાથી નિવૃત્તિ એ ધર્મ તથા અધર્મના જ્ઞાનમાત્રથી

થતી નથી. પ્રવૃત્તિ અને નિવૃત્તિ ઉભયનું મૂળ હૃદયસ્થિત દૈવેચ્છા જ અથવા ઈશ્વરેચ્છા જ છે. ઈશ્વરની ઉદ્ધાર કરવાની ઇચ્છા હોય તો ધર્મમાં પ્રવૃત્તિ થાય અને અધર્મમાંથી નિવૃત્તિ થાય, અને ઈશ્વરની અધઃપાત કરવાની ઇચ્છા હોય તો ધર્મમાં નિવૃત્તિ થાય અને અધર્મમાં પ્રવૃત્તિ થાય. મુખ્ય કર્તૃત્વ જીવનું નથી, પરન્તુ પરમાત્માનું જ છે. સ્વલીલાનું વૈચિત્ર્ય અખણ્ડિત સતત રહે તેને વાસ્તે પ્રભુ પ્રત્યેક જીવના હૃદયમાં બિરાજીને સ્વેચ્છાનુસાર પ્રવૃત્તિનિવૃત્તિ કરાવે છે. શ્રુતિ પણ કહે છે કે 'एष उ एव साधु कर्म कारयति यमेभ्यो लोकेभ्य उन्निनीषति ઇત્યાદિ.' તાત્પર્ય કે જીવે ધર્મ અને અધર્મની પ્રવૃત્તિનિવૃત્તિ પોતાની છે (એટલે 'શકટનો ભાર જેમ શ્વાન તાણે') એમ નહિ માનતાં સર્વ પ્રવૃત્તિ અને નિવૃત્તિનું પરમ કારણ પોતે નથી પણ પ્રભુ જ છે એમ માની, અહંતામમતાનો ત્યાગ કરી, પ્રભુ જે પ્રકારે પ્રેરે તે પ્રકારે આચરીને કૃતાર્થ થવું. પોતાની ઇચ્છા પ્રભુની ઇચ્છાથી ભિન્ન છે એમ માની સ્વેચ્છાનો પ્રભુની ઇચ્છા જોડે સંયોગ કરવો એ અહંતાવાન્ પુરુષો જ કરી શકે, જો કે તેમાં પણ વસ્તુત પ્રભુની જ ઇચ્છા પ્રવર્તશે. પ્રભુની ઇચ્છા અનુસરવામાં જીવ સ્વેચ્છાહીન કે બુદ્ધિહીન 'પુતળું' નહિ બને, કારણ કે પ્રભુ જ તેને બુદ્ધિ અને સ્વેચ્છાનું, પુતળું બનાવીને નચાવવાને (मृत, See याक्क), માન કરશે. ગીતાનો શ્લોક પણ આ જ તાત્પર્યનું સમર્થન કરે છે. કોઇ પણ રીતે પ્રભુનું મૂળ પ્રેરકત્વ અને તદ્દ્વારા કર્તૃત્વ ખંડિત થવાનું નથી. જ્યાં સુધી જીવને અહંતામમતા છે ત્યાં સુધી પોતાના ધર્મ–અધર્મની જવાબદારી રહે છે, પણ જ્યાં અહંતામમતા છૂટે અને હૃદયસ્થિત પ્રભુ જ પોતાને પ્રેરે છે એમ અનુભવ કરે તો પછી જવાબદારી ક્યાં રહી? હૃદયસ્થિત પ્રભુની પ્રેરણાપ્રમાણે આચરનાર મનુષ્યના પાપ અને પુણ્ય પાપત્વ અને પુણ્યત્વથી જ રહિત થાય છે, એ કર્મી થતો અટકે છે, નિષ્કર્મી થાય છે, અને નિષ્કર્મી થવાથી જ જવાબદારી હવામાં ઉડી જાય છે, જુઓ, 'परात्तु तच्छ्रुतेः', 'फलमत उपपत्ते' ઇત્યાદિ વેદાન્તસૂત્ર.

કદાચિત્ શ્લોકમાંથી ફલિત થતું આવું તાત્પર્ય દુર્યોધનને પોતાને શાન્ત ચિત્તવૃત્તિના પ્રસંગે થયું હોય અને તેથી ઉક્ત શ્લોકનો ઉચ્ચાર કર્યો હોય એ જેટલું સ્વાભાવિક લાગે છે, તેટલું એ સિદ્ધાન્તનો એણે દુરુપયોગ કર્યો અને તેથી ઉક્ત શ્લોકના સ્પષ્ટ સિદ્ધાન્તનો અનાદર કરી અન્ય સિદ્ધાન્ત ઉપજાવવાને ઉચ્ચાર કર્યો હોય એ સ્વાભાવિક લાગતું નથી. ઉપર્યુક્ત સિદ્ધાન્ત જે દુર્યોધનને કવચિત્ સ્ફુર્યો તેનું જ અનુસરણ હમેશાં એણે કર્યું છે, એવું કહેવાનો અહિં આશય નથી. એવો પણ પવન તો એને વાયો ખરો!

આ લખ્યા પછી ઉક્ત શ્લોકનો અર્થ નીચે પ્રમાણે કરવાની સૂચના એક મિત્રે કરી છે. ઉક્ત શ્લોકમાં 'न' ને દેહલીદીપકન્યાયથી ઉભયની સાથે લેવાથી એવો અર્થ નીકળે છે કે 'ધર્મ હું જાણતો નથી તેથી તેમાં મારી પ્રવૃત્તિ નથી' 'અધર્મ જાણતો નથી તેથી તેમાંથી મને નિવૃત્તિ નથી, ઇત્યાદિ' આ પ્રમાણેના અર્થમાં દુર્યોધનનું શાઠ્ય જ પ્રકટ થાય છે.

* * * *

પુ. ભ. સુ.ના ગત વર્ષના અન્તિમ અંકમાં અત્રત્ય શ્રીમદ્ગોસ્વામિશ્રીગોવર્ધનલાલજીના જામાતા ગોકુલસ્થ નિગમભટ્ટ ગોવર્ધનશર્માએ પ્રકટ કરેલા 'ચંદ્રસરતોદય' નામક લેખની સમીક્ષા કરવામાં આવી હતી તેનો આશય માત્ર એટલો જ હતો કે નિગમભટ્ટજીએ

પોતાના લેખમાં 'શ્રીવલ્લભગોસ્વામીના શુદ્ધ મેત્રાસીકર્યાર્થક સિદ્ધાંતઉપર નિર્ગુણભિન્નપ્રભૂતિમૂલકતા આરોપવાની ધૃષ્ટતા' ન કરી હોત અને ઇતિહાસની દૃષ્ટિથી અને બીજા આસપાસના સંયોગો જોઈને 'શ્રીવલ્લભગોસ્વામીના સિદ્ધાન્તને છાજે પણ સ્વમાર્ગીય પ્રમાણોથી પોષ્યો હોત તો ભટ્ટજીના મન સાથે દુર્ભાગ્યે શ્રીવલ્લભગોસ્વામીના શુદ્ધ સિદ્ધાંતની અવગણના આ પ્રસંગે કરવામાં આવી તેમ થાત નહિ.' આ ઉપરથી જણાશે કે અમારો ઉદ્દેશ તિધરાભટ્ટે શોધી કાઢેલા સિદ્ધાંતોને વગોવવાનો ન હતો, પરંતુ તેમણે જે પદ્ધતિ સ્વીકારી તે નહિ સ્વીકારતાં કેવળ સાંપ્રદાયિક અને પ્રામાણિક રીતિનું જ અવલંબન કર્યું હોત તો તેમની સ્થિતિ અસહાય અને ખેદપ્રદ ન થઈ પડત.

ઉપરના વૃત્તાન્તને લગભગ બે માસ થઈ ગયા પછી તે જ નિધરાભટ્ટે આ માસિકની ઑફિસમાં તેમના મતનું ખંડન કરનાર મથુરાજીમાંથી કોઇએ તેમની સામે પ્રકટ કરેલો લેખ જોવા માટે મોકલ્યો હતો. તે પછી થોડા જ સમયમાં તે 'તિધરાભટ્ટજી' તરફથી કે તેમના કોઇ નવા અવતાર તરફથી અથવા કોઇ તેમના આશ્રિત તરફથી, નનામું હેંડબિલ બહાર પડ્યું હતું. નામઠામ વગરનું, અરે પ્રેસનું પણ નામ જેમાંથી લોપ થયલું એવું, હેંડબિલ જોઈને અમને ઘણું આશ્ચર્ય થયું જાણ્યું કે લીલાલોચક દૈવઋષિનો ઇતર ઋષિ ઘણા સમય થયાં દ્વેષ કરે છે, પરંતુ તેની સામે મેદાનમાં પડી શકતી નથી, દૈવઋષિનો જાહેરમાં દ્વેષ કરવા નીકળતાં તે ઋષિ પોતાના કુળને કલંક લાગવાના કે ગમે તેવા ભયથી છુપાતી નાસતી ફરે છે! સઘળું નામઠામ છુપાવીને 'મુખપર નકાબ!' દઈને ફર્યા કરે છે!

સનાતનધર્માભિમાની 'તિધરાભટ્ટ'નો સમાલોચક કહે છે 'લીલાલોચક ઋષિ સનાતન ધર્મની અંદર રહી ગુપ્ત રીતે પુષ્ટિમાર્ગને આર્યસમાજ કરતાં પણ સરલ બનાવવા માટે યત્ન કરે છે.' સમાલોચકની આ સમજણ ક્યાંથી ઉદ્ભવી એનો વિચાર કરવાની જરૂર નથી તેને એટલુંએ ભાન નથી કે લીલાલોચક ઋષિ કહેવાતા અને સર્વાશે અનિયત સનાતનધર્મની નથી, પણ શ્રીમદ્વલ્લભાચાર્યના માર્ગને 'સર્વાંશે' વળગી રહેનારી છે. અંદર રહીને ગુપ્ત રીતે પુષ્ટિમાર્ગનું કોણ નિકંદન કરે છે એ હવે દુનિયાની સમજબાહાર નથી, આર્યસમાજથી પણ આ માર્ગને આટલો બધો કોણ નિંદાપાત્ર બનાવે છે એ દુનિયા સારી પેઠે સમજે છે એકાકી સમાલોચકને અમે ચેલેંજ કરીએ છીએ કે લીલાલોચક ઋષિએ પુષ્ટિમાર્ગથી કયા અંશમાં વિરુદ્ધ લખ્યું તે બતાવી આપવું લીલાલોચક ઋષિએ કયે સ્થળે આચાર્યોની નિંદા અને પંડિતનામધારીઓની અસૂયા પ્રકટ કરી? કયે ઠેકાણે લીલાલોચક ઋષિએ 'આચાર્ય' 'પંડિત' વગેરે પદવી ધારણ કરવાની ઇચ્છા કરી? હા, લીલાલોચક દૈવ ઋષિનો સહજ દ્વેષ કરનારી ઇતર ઋષિએ તો તેવી પદવીઓ ધારણ કરવાની ઇચ્છા જ નહિ પણ ધારણ કરી લેવાની ધૃષ્ટતા પણ બતાવી છે, 'ભટ્ટાચાર્યે' ભટ્ટાચાર્યની, નામધારી 'નિર્ભયભટ્ટે' 'શુદ્ધાદ્વૈતપુષ્ટિમાર્ગસિદ્ધાંતપંડિત'ની પદવીઓ શું નથી ચોટાડી? લીલાલોચક ઋષિએ કયે સ્થળે પોતાને હાથે તેવી પદવીઓ લખી તે ઉપનેત્રી સમાલોચક 'ભટ' જણાવશે? વિકટાક્ષ ચતુરક્ષ પ્રેક્ષકે લીલાલોચકે લખેલી સંસ્કૃત પંક્તિમાં ભૂલો દેખાડવાને યત્ન કર્યો છે। તેમાં એણે પોતાની ગગનચુંબિત બુદ્ધિનો કેટલો 'ખર્ચ' કર્યો છે તે સ્પષ્ટ જણાય છે તે ભાટ્ટમતાવલંબીનો જોતે જેની હિમાયત કરી છે તેને સંસ્કૃત ભાષાનું કેટલું જ્ઞાન છે, એ તેના જ બનાવેલા 'અનિસિદ્ધાંતસહસ્ર,શુ'-

માં જોયુ હોત તો જણાત કે તેમને સંસ્કૃતનો કેટલો ગંધ છે સમાલોચક તે પંક્તિમા દોષ કાઢે છે કે 'यज्ञा વગેરે ચાર પદોનો સંબંધ જણાતો નથી.' પરંતુ તે પંડિત પ્રખર દોષ જોવાની ધૂનમાં શું લખાયલુ છે તે પણ જોઈ શક્યો નથી! 'खल सर्षपमात्राणि परच्छिद्राणि पश्यति એ ન્યાય તો જાણે ઠીક પણ સર્ષપતુલ્ય છિદ્ર ન હોય તો પણ તે જોવાં એ કંઇ જેવાતેવા ધીવરોનુ કાર્ય નથી! તેવા તો તે के न जानीमहे એ ઉક્તિની કોટિમા ગણાયા છે 'તિમિરાભટ્ટ'-ના અનુયાયીને અમે પૂછીએ છીએ કે લીલાલોચકે यज्ञा લખ્યુ છે કે यद्वा ? यद्वा એ શુદ્ધ જ લખ્યુ છે તો તેના સંબંધની જીજ્ઞાસા નકામી છે यज्ञा એમ અશુદ્ધ લખ્યુ હોય તો તે 'બતાવી આપવાની ચેલેંજ કરવામા આવે છે ગરિબ બિચારાને કોઇ પણ દોષો જડ્યા નહિ એટલે તદ્દન ખોટા દોષો ઉદ્ભાવીને પોતાની પોકળ પંડિતાઈ બતાવવાનું સુઝ્યુ છે! તેની આ 'અસહાય અને ખેદપ્રદ' દુસ્થિતિ ઉપર દરેક મનુષ્ય દયાદષ્ટિએ જોશે. બીજા પદોનો સંબંધ કેવી રીતે જોડાય છે એ જાણવાની તીવ્ર ઇચ્છા હોય તો લીલાલોચક-દૃષ્ટિની સમીપમાં જતાં સારી પેઠે જણાશે. સદર તિમિરાનુગામી સમજે છે કે 'પંડિત' થવા માટે પૂર્ણ પરિશ્રમ સાથે સર્વશાસ્ત્રજ્ઞતા સંપાદન કરવી પડે છે, અને બી. એ અને એમ. એ. તો પાલનામાં ઝુલતાં ઝુલતાજ થઈ જવાય છે. આ જ તેમની પંડિતાઇ કેટલા ગજ લાંબી છે એ સિદ્ધ કરી બતાવે છે. नहि वन्ध्या विजानाति गुर्वीं प्रसववेदनाम् એ ન્યાયે તેમની ધુરંધરતા કેવી છે તે જણાઈ આવે છે. એક કવિ કહે છેઃ—'કથન કહું સુણ કુકડા તુજ હિત કારણ આજ, તારે તત્પર નવ થવું રત્નપરીક્ષા કાજ.' આ ન્યાયે એમને હવેથી પોતાની પંડિતાઈના પડ ઉખેડવાની ના કહીશું તો તેમની 'અસૂયા' કરી કહેવાશે નહિ. દાક્ષિણાત્યોમા 'આચાર્ય' 'ભટ્ટ' વગેરે શબ્દો રસોઇયાને માટે વપરાય છે તેવુ જ આચાર્યપદ 'ભટ્ટાચાર્યને' જોઇતુ હોય તો તે આપવાની કશી જરૂર જ નથી, કારણકે કેટલેક ઠેકાણે ભટ્ટજીઓ રસોઇયા તરીકે જ રહેલા હોય છે પુષ્ટિમાર્ગમા 'આચાર્ય' શબ્દથી માત્ર શ્રીમહાપ્રભુજીને જ જાણવામાં આવે છે. કોઇ પણ સામ્પ્રદાયિક ગ્રંથોમા શ્રીમહાપ્રભુજી સિવાય બીજા કોઇ પણ મહાન્ પંડિતવર્ય બાલકોને પણ 'આચાર્ય' સંજ્ઞાથી ઓળખવામાં આવ્યા નથી. આ વાતની ખબર, 'સર્વનિન્દાસત્ર'ના કશ્મલ ધૂમથી આવૃતનયનવાન્ 'ભટ્ટના' ભક્તને ન હોય એ સ્વાભાવિક છે, એમ વારંવાર એ વિષય ઉપર અમારા વિચારો દર્શાવ્યા છે, એટલે અત્ર પિષ્ટપેષણની જરૂર નથી.

ભટ્ટજીનો ભાઈ અડાવે છે કે 'શ્રીગોકુલનાથજીના પ્રાકટ્યનો સમય સં. ૧૬૦૮ છે અને ૧૨૫ વર્ષ સુધી ભૂતલને આપે અલંકૃત કરેલ છે.' આ ભૂતવેત્તાને અમે પૂછીએ છીએ કે આ અદ્ભુત શોધ ક્યાંથી કયા ઇતિહાસમાંથી 'સિદ્ધ' કરી ? કયા ગ્રંથમાં તેઓશ્રી ૧૨૫ વર્ષ બિરાજ્યા એવુ લખ્યુ છે ? આ ભૂતભાષ્યકાર એ પ્રશ્નોના ઉત્તરમાં કંઇ લખતા નથી. અમે શ્રીગોકુલનાથજીના એક ચુસ્ત સેવકને તે વિષે પુછ્યુ અને તેથી જણાવ્યું છે કે તેઓશ્રી ભૂતલ ઉપર ૮૯ વર્ષ બિરાજ્યા છે'એમ પ્રાચીનતમ ગ્રંથોમા ઉલ્લેખ છે આ 'સંસ્કૃતજ્ઞતાનો લેશ' ધારણ કરવાનો ડોળ કરનાર ૩૬ વર્ષ ઘરનાં ઉમેરી નાખે છે નિર્ણયસિંધુનો નિર્માણકાલ સ. ૧૬૬૮ નો છે. હવે તે વખતે પણ 'તિમિરાભટ્ટ'ની ત્રિકાલદષ્ટિએ પ્રેસ વગેરે બધા સાધનો જણાયાં હશે, એટલે જુજ સમયમા તે ગ્રંથ પ્રસિદ્ધ અને શ્રીગોકુલનાથજી-પર્યંતને માન્ય પણ થઈ ગયો, અને તેને આધારે શ્રીગોકુલનાથજીએ આ સિદ્ધાંત

પ્રકટ કર્યો ! તે ગ્રંથ લખાઈ પૂર્ણ થવાની સાલ ૧૬૬૮ છે, તે પછી એટલે ૨૧ વર્ષે પછી આપ લીલામાં પધાર્યા છે એમ જણાય છે. તેવા ઉત્કટના સમયમાં, કશા પણ સાધનો વિનાના સમયમાં, તેઓશ્રીએ તેના આધારે ગ્રંથ રચ્યો એ માનવું એ સ્માર્તાન્ધતા નહિ તો બીજું શું ? વળી તેઓશ્રીએ નિર્ણયસિન્ધુ બન્યા પહેલાં જ સ્વસિદ્ધાંત પ્રકટ કર્યો ન હતો તેવો કંઈ આ 'તિધરાભટ્ટ'ને પ્રમાણ મળે છે ? ભટ્ટજીનો ભક્ત પહેલાં તો એમ સિદ્ધ કરવા ગયો કે નિર્ણયસિન્ધુનો આશય લઈને શ્રીગોકુલનાથજીએ 'સિદ્ધાંત પ્રકટ કર્યો પણ પાછળથી પોતાની પોકળ દલીલોથી ડરી જઈને લખે છે કે 'નિર્ણયસિન્ધુનો આશય લઈ શ્રીગોકુલનાથજીએ લખ્યું એ વાત ભટ્ટજીના લેખમાં નથી તો પછી આક્ષેપ કરવો તે ભ્રાન્તિમૂલક જ ગણાય ' આ લેખકને ભટ્ટજીના લેખનો કેટલો સ્પર્શ થયો છે તે અમે જણાવીએ છીએ ભટ્ટજી લખે છે કે —**इममेवाशयं मनसिकृत्य गोस्वामिश्रीवल्लभपादैः स्वकृतसेवापद्धतौ सर्वोत्सवप्रकाशे स्पष्टतयोक्तम् ।** અર્થ—'આ જ આશયને મનમાં લઈને ગોસ્વામિશ્રીવલ્લભચરણે સ્વકૃત સેવાપદ્ધતિમાં સર્વોત્સવપ્રકાશમાં સ્પષ્ટપણે કહ્યું છે.' પહેલાં ભટ્ટજીએ નિર્ણયસિન્ધુ અને ધર્મસિન્ધુના આશયનો ઉપન્યાસ કર્યો છે અને પછી લખે છે કે 'આ જ આશયને મનમાં લઈને' તેનો અર્થ શું ? શું તેથી કોઈ પણ તટસ્થ એમ નિશ્ચય ઉપર ન આવે કે નિર્ણયસિન્ધ્વાદિ ગ્રંથોના આશયને મનમાં લઈને આપશ્રીએ વાક્યો કહ્યાં ? इदमन्तु मतिकृष्टे એ વૈયાકરણકારિકાનું આ 'તિધરાભટ્ટ'ને વિસ્મરણ થયું તો નથી ? જો 'તિધરાભટ્ટ'ને એમ જણાયું હોત કે નિર્ણયસિન્ધુ વગેરેના આશય લઈને શ્રીગોકુલનાથજી આજ્ઞા કરતા નથી પણ સેવાસૌકર્યાદિ જ કરે છે, તો પહેલાં શ્રીગોકુલનાથનું મત દર્શાવવાને પછીથી તેને સાંપ્રદાયિક ઇતર ગ્રંથોથી પોષીને છેવટે સ્માર્ત ગ્રંથોનો પણ આશય અવિરોધાર્થે પ્રકટ કરત, પરંતુ તે સરલ માર્ગ ત્યજીને કેવલ ધર્મશાસ્ત્રનો પોતાને કાંઈક બોધ છે એમ બતાવવા માટે વિકટ માર્ગનું આશ્રયણ કર્યું છે !

સ્માર્તમત સ્વમાર્ગથી જે અંશમાં વિરોધરહિત હોય તે પણ અગ્રાહ્ય છે એમ લીલાલોચકે ક્યા સ્થલમાં લખ્યું છે એ ભટ્ટગામી સમાલોચક બતાવી આપશે ? માત્ર એટલું જ જણાવ્યું હતું કે શ્રીગોકુલનાથજીએ જે સિદ્ધાંત સ્વીકાર્યો છે તે સ્માર્ત ગ્રંથોના ભટ્ટજીએ ઉપન્યસ્ત નિર્ણયસિન્ધ્વાદિના–આધારથી નહિ, પરંતુ સેવાસૌકર્યથી જ તેમાંથી એવો અર્થ નથી નિકળતો કે સ્માર્તમતનો અવિરુદ્ધાંશ પણ અગ્રાહ્ય છે. છતાં ગુણદૃષ્ટિવતી સમાલોચકસૃષ્ટિ તેવો અર્થ નિપજાવી બેઠી છે એ 'આત્મપ્રતારણા' નહિ તો બીજું શું ? સનાતનધર્મપત્રિત-ભટ્ટમતાગ્રહી આગળ લખે છે કે મોટા મંદિરનું 'અનુકરણ નવા મંદિરવાળાએ કર્યું તે કર્મચારીઓની ભૂલ છે.' અત્ર લખવું પડે છે કે નવું મંદિર ગોસ્વામી શ્રીદેવકીનન્દનલાલજીના અધિકારમાં છે, તેઓશ્રીએ ભટ્ટજીના આ નિર્ણયને સંમતિ આપી તો પોતાના સર્વ મંદિરોમાં તેનો અમલ થવો જોઈતો હતો તેઓશ્રીએ જો નવામંદિરવાળા ઉપર આજ્ઞાપત્ર મોકલ્યા હોત તો અમે નથી ધારતા કે તેઓ જાણી જોઈને 'ભૂલ' કરત.

ઉપર પ્રમાણે 'તિધરાભટ્ટ'ના હિમાયતીના લેખની સમીક્ષા કરીને છેવટે 'તિધરાભટ્ટ'જીને બે શબ્દ તેમના હિતાર્થે જ લખીએ છીએ 'તિધરાભટ્ટ'જીને ધર્મશાસ્ત્રનો બોધ છે એમાં કાંઈ

એ મત નથી. વળી તેઓ સાંપ્રદાયિક નિર્ણયગ્રંથો વધારે પ્રમાણમાં સમજતા હોવાનો દાવો કરે છે, તો અમે એમને એટલી જ સૂચના કરીએ છીએ કે સંપ્રદાયના નિર્ણયના પ્રાચીન ગ્રંથો જેટલા મળે તેટલા શુદ્ધ સ્વરૂપમાં છપાવીને પ્રકટ કરો અને એવા વ્યર્થ કલેશથી, મતભેદથી, ‘ મુગ્ધવ્યામોહલીલા ’ કરવાના વ્યવસાયથી, દૂર રહો. જેટલું દ્રવ્ય આવા વ્યર્થ હેડબિલોમાં ખર્ચાયું છે, તેટલું જ દ્રવ્ય જો નિર્ણયગ્રંથોની, અરે સેવાપદ્ધતિની જ પ્રસિદ્ધિમાં ખરચાય તો ભટ્ટજીનું નામ પણ ચિરસ્થાયી થાય અને સંપ્રદાયને પણ લાભ થાય. આશા છે કે ભટ્ટજી આ હિત સૂચનાનું અવશ્ય મનન કરશે।

ગત ભાદ્રપદ પૂર્ણિમાના અસ્તોદિતચંદ્રગ્રહણપ્રસંગે મુંબાઇમાં પુષ્ટિમાર્ગીય સર્વ વૈષ્ણવ મંદિરોમાં પ્રાચીન રૂઢિ પ્રમાણે સ્પર્શસમયે ૭॥ વાગે જ ગ્રહણનાં દર્શન ખુલ્યાં હતાં; ફક્ત તિથરાભટ્ટના શ્વશુર શ્રીમાનગોવર્ધનલાલજીના શ્રીત્રિભંગલલિતજીના (શ્રીગોકુલાધીશજીના) મંદિરમાં જ ચંદ્રોદયવખતે ગ્રહણનાં દર્શન ખુલ્યાં હતાં એ નોંધ લેવી અત્ર ઉપયુક્ત થઇ પડશે. તિથરાભટ્ટને સંમતિ આપનાર શ્રીદેવકીનંદનજીના નવા મંદિરમાં અને શ્રીમાન્ ગોવર્ધનલાલજીના માતૃચરણના (શ્રીલાલજીના) મંદિરમાં પણ તિથરાભટ્ટનો સુધારો સ્વીકારાયો નથી।

भ्रमभेद.

કવિવર દયારામભાઈનું ‘ વર્ષાઋતુવર્ણન ’ ગયા અંકમાં મુદ્રિત થયું છે. તેમાં નીચેની ટૂક આવે છે.—

‘ પહેર્યાં નીલાંબર જો ધરા, લહી પ્રિયરસ માતી;
ઇંદ્રગોપના એ ચુંદડી, ચિરમાં રંગ રાતી. ૧૧

આ ટૂકમાં ઇંદ્રગોપ શબ્દ આવે છે એનો અર્થ એક ટીકાકારે આ પ્રમાણે કર્યો છે. “ ઇંદ્રગોપ (‘ઇંદ્રગોપના’ એમાં ના અક્ષર વિશેષ જોડ્યો છે) એ પૃથ્વીએ ચુંદડી ઓઢી છે તથા તે ચુંદડી ચીરમાં રંગે રાતી છે......ઇંદ્રગોપ–પરમેશ્વરની ગાયો (કદાપિ ઇંદ્રગોપના નહિ) પરમેશ્વરની ગાયો નહિ પણ ચુંદડી છે એમ લઇ શકાય.”

આ અર્થ કેવો વિચિત્ર છે? ટીકાકાર પોતે સમજ્યો છે કે નહિ એનો નિર્ણય બુદ્ધિમાન્ વાચનારે કરવાનો છે. આ ઠેકાણે વાચનાર ટીકાકારના શબ્દો ઉપરથી કેવા અર્થનો નિશ્ચય કરે છે? ટીકાકારનોમુદ્દો હાથમાં આવે છે? વગેરે વગેરે ઘણા પ્રશ્નો થાય છે, પણ સમાધાન થતું નથી. આ ઉપરથી મેં કંઇ સરલતાથી સમજાવવા ઇંદ્રગોપનો અર્થ ‘ ઇંદ્રના–મેઘના–સંધ્યાકાલે ખુલવાના–ગોપના ગ્રામના ’ એવો કર્યો હતો. આ અર્થ પણ કેવલ કલ્પનાના જ આશ્રયથી ઉદ્ભવ્યો એમ મને હવે લાગે છે. વાસ્તવિક અર્થ શ્રીમદ્ભાગવતના દશમસ્કંધના ૨૦મા અધ્યાયમાં (વસ્તુતઃ ૧૭મામાં) વર્ષાઋતુનું વર્ણન વાચવાથી જણાય છે. કવિવરે ઉપરની પંક્તિમાં દર્શાવેલો ભાવ નીચેના શ્લોકમાં વિશદ છે.

हरिता हरिभिः शष्पैरिन्द्रगोपैश्च लोहिता ।

અર્થ—કોમળ લીલા તૃણથી લીલી બનેલી, ઇંદ્રગોપનામના લાલ રંગના કીડાઓથી ક્વચિત્ લાલ એવી, પૃથ્વી શોભતી હતી.

ઉપરના જ ભાવાર્થને કવિવરે પોતાના કાવ્યમા વૈચિત્ર્યવિશેષથી વર્ણવ્યો છે. આ ઉપરથી એમ પણ જણાય છે કે કવિવરે રચેલુ ષડૃતુવર્ણન શ્રીમદ્ભાગવત, અન્ય પુરાણો, અને અષ્ટ સખાના કીર્તનોને આધારે છે. મર્હુમ રા. હરિલાલ્ હર્ષદ ધ્રુવે ભાલણના કાવ્ય ઉપરથી કવિએ આ કાવ્ય ઉપજાવ્યાનુ જણાવ્યુ તે કેવળ કપોલકલ્પિત જ છે. કવિશિરોમણિ દયારામભાઈને એવા લૌકિક કાવ્યોના આશ્રયની જરૂર જ ન હતી

श्रीहरिरायजीकृतो मार्गस्वरूपनिर्णयः

બીજા સર્વે માર્ગોથી, સ્વમાર્ગ એટલે આપણો પુષ્ટિમાર્ગ સર્વથા અતિવિલક્ષણ સમજવો. પુષ્ટિમાર્ગનુ સ્વરૂપ આપણા પોતાના સામર્થ્યથી સર્વથા દુર્જ્ઞેય એટલે સમજાય નહિ તેવુ છે. તેથી શ્રીકૃષ્ણને ચિંતા થવાથી કૃપા કરીને પોતાનું મુખ એટલે શ્રીવલ્લભાચાર્યને સર્વસામર્થ્ય-સહિત અગ્નિની પેઠે ભૂતલઉપર પ્રકટ કર્યા रसो वै सः એ શ્રુતિમા કહ્યા પ્રમાણે શ્રીકૃષ્ણને ભાવાત્મક માનેલા છે, તે પ્રકારે શ્રીકૃષ્ણનુ મુખ શ્રીવલ્લભાચાર્ય પણ ભાવાત્મક જ મંતવ્ય છે, કેમકે ભક્તોએ તેવો અનુભવ કરેલો છે, તેથી ભક્તોની પાછળ ચાલનારાઓએ (હાલના ભગવજ્જનોએ) તેવા જ (ભાવાત્મક જ) માનવા આ ઉપરથી એમ સિદ્ધ થયુ કે સર્વપ્રકારે પુષ્ટિમાર્ગ ભાવાત્મક જ પ્રકટ કરેલો છે બ્રહ્મસંબંધ મુખ્ય છે, તે પણ ભાવાત્મક જ છે. લગ્નથી સ્ત્રીનો પોતાના પતિમા જેમ ભાવ થાય છે, જેમ પોતાના પતિના સંબંધથી સ્ત્રી નિર્દોષ થાય છે, તેમ અહિ દેહ, પ્રાણ, અંતઃકરણવડે યુક્ત જીવો પણ ભગવદ્ભાવના સંબંધથી નિર્દોષ થાય છે, એમ अंतःकरणप्रबोध ગ્રંથમા શ્રીવલ્લભાચાર્યજીએ चाण्डाली चेद्राजपत्नी ઇત્યાદિ શ્લોકથી કહ્યુ છે, માટે બ્રહ્મસંબંધથી પહેલાના દોષ ભગવાન્ સાથે સંબંધનો અટકાવ કરી શકતા નથી જેમ બીજાના ધાન્યના સંબંધથી, પોતાના પતિના ઉચ્છિષ્ટ સિવાય બીજુ અન્ન ખાવાથી, પોતાના સ્વામીના ભોગના પદાર્થ (બીજાને) આપી દેવાથી, અને પોતાના દેહને અન્યના સંબંધમા આણવાથી, સ્ત્રીનો મ્હોટો દોષ થાય છે, તેમ અહિં પણ ભગવજ્જનોએ સમજી લેવુ જેમ સ્ત્રી મધ્યસ્થોદ્વારા પોતાનો ઉત્તમ આત્મા પતિને અર્પણ કરે છે, તેમ (જીવે) સંબંધીઓદ્વારા સર્વવસ્તુ પ્રભુને સમર્પણ કરવી, પોતાની પ્રભુસાથેની અનન્યતાના અનુસંધાનનો અભાવ બાધક ગણાય છે. જેમ સ્ત્રી (પતિના) સંબંધીઓના સાથે (રહીને) પોતાના પતિવ્રતનુ રક્ષણ કરે છે, તેમ અહિ તાદૃશ જનોની સાથે (રહીને) બ્રહ્મસંબંધનુ ચિંતન કરવુ, માટે જ્યા તાદૃશ જનો રહેતા હોય ત્યા જ રહેવુ. કલિયુગમા તેવા દુર્લભ છે, તેમને શોધી કાઢીને તેમની સાથે રહેવુ, માટે (તેવા મળતા નથી માટે) પ્રભુએ સ્પષ્ટ કહ્યુ છે કે 'હરિસ્થાનમા (મંદિરમા) રહેવુ.' અર્થાત્ ભાવનુ સર્વથા સારી રીતે રક્ષણ કરવુ, અને તે વધારવો भक्तिवर्धिनी ગ્રંથમા શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી છે કે વ્યાવૃત્તિરહિત થઈને (વ્યાપારરોજગાર છોડી દઈને) ભગવદ્ભજન કરવુ એવા જ આશયના અન્ય વચનથી તે બીજભાવ (સૂક્ષ્મભાવ) ભજનના ક્રમથી પ્રેમ, આસક્તિ અને વ્યસનની દશાને પ્રાપ્ત થાય છે એ પ્રાપ્ત કરવાને માટે સેવાની આજ્ઞા કરી છે, તે સેવાપણ ભાવાત્મક છે, તે સેવાથી પ્રાપ્ત થતા ફલરૂપ પ્રભુ પણ ભાવાત્મક જ માનેલા છે રસના મર્મને જાણનારાઓએ પ્રભુની લીલા પણ તેવી ભાવાત્મક જ સમજવી, અર્થાત્ કેવળ શ્રીમહાપ્રભુજીએ જે જે પ્રકાશ કરેલું છે તે સર્વે વિદ્વાનોએ સર્વથા ભાવાત્મક જ

સમજવું જેવું (ભાવાત્મક) મૂલ તેવું જ તેમાથી પ્રકટ થયલું કાર્ય પણ (ભાવાત્મક) થાય. ઉત્તમ જનોએ સમજવું કે આપણા આચાર્ય, તેમણે કરેલો માર્ગ, તે માર્ગથી પ્રાપ્ય પુરુષોત્તમ એ સર્વ અતિ-ઉજ્જ્વલભાવથી પરિપૂર્ણ છે જેઓ આપણા આચાર્યને શરણે ગયલા છે, જેમનું પ્રભુએ વરણ કરેલું છે, એવા વિચક્ષણ ભગવજ્જનોએ આવો જ સિદ્ધાંત સમજવો.

ઇતિ શ્રીહરિદાસવિરચિત માર્ગસ્વરૂપનિર્ણય સમાપ્ત

વિવેચન—આ લઘુ ગ્રંથમાં શ્રીહરિરાયજીએ પુષ્ટિમાર્ગના સ્વરૂપનો નિર્ણય ઘણી સરલતાથી સમજાય એમ આપ્યો છે માર્ગ ભાવાત્મક છે, કૃષ્ણ ભાવાત્મક છે, શ્રીમહાપ્રભુજી ભાવાત્મક છે, બ્રહ્મસંબંધ ભાવાત્મક છે, સેવા ભાવાત્મક છે, સેવાથી પ્રાપ્ય પ્રભુ અને પ્રભુની લીલા ભાવાત્મક છે, એમ સર્વ ભાવાત્મક હોવાથી ભાવ આ માર્ગમા મુખ્ય છે. શ્રીમહાપ્રભુજીએ સ્વપુત્રોને કહ્યું છે કે—

यदा बहिर्मुखा यूयं भविष्यथ कथंचन ।
तदा कालप्रवाहस्था देहचित्तादयोऽप्युत ॥
सर्वथा भक्षयिष्यंति युष्मानिति मतिर्मम ।
न लौकिकः प्रभुः कृष्णो मनुते नैव लौकिकम् ॥
भावः तत्राप्यस्मदीयः सर्वस्वं चैहिकश्च सः ।
परलोकश्च तेनायं सर्वभावेन सर्वथा ॥
सेव्यः स एव गोपीशो विधास्यत्यखिलं हि नः ॥

અર્થ—જ્યારે તમે કોઇ પણ કારણથી બહિર્મુખ થશો, ત્યારે કાલના પ્રવાહમા રહેલા (તમારા) દેહ, ચિત્ત વગેરે સર્વથા તમારું ભક્ષણ કરશે, એમ મારું માનવું છે પ્રભુ કૃષ્ણ લૌકિક નથી, અને લૌકિકની (દ્રવ્યપ્રાપ્ત ભાવનગરની સામગ્રીની) દરકાર કરતા નથી, માટે પ્રભુમાં આપણો ભાવ રાખવો જોઇએ, આ દુનિયાનું આપણું સર્વસ્વ એ પ્રભુ જ છે, અને પરલોકનું સર્વસ્વ પણ પ્રભુ જ છે, તેથી સર્વભાવથી સર્વથા એ ગોપીપતિ કૃષ્ણની સેવા કરવી, તે આપણું સર્વસ્વ કરશે.

અપૂર્ણ.

नरसिंहमहेता.

હાલમાં 'ગુજરાતી' પ્રેસ તરફથી સદ્ગત ઇચ્છારામનો શોધેલો નરસિંહમહેતાના કાવ્યનો સંગ્રહ બહાર પડ્યો છે, તેમા ૫૩૩મે પાને નરસિંહમહેતાનું નીચલું પદ છાપી ટીકા કરવામા પોતે પોતાનું નરસિંહમહેતાના કાવ્યોનું અને પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોનું અજ્ઞાન દર્શાવ્યું છે, એટલું જ નહિ, પરંતુ પોતાની બુદ્ધિ ઉંધે રસ્તે કેવી ચપલતાથી કામ કરે છે તે પણ લોકોમા સિદ્ધ કર્યું છે આ વાત આગાડી સ્પષ્ટ થતી જશે

પદ ૧૨૧ રાગ પ્રભાત (૫૩૩ મું પાનું.)

શ્રીહરિ નરહરિ કૃષ્ણ કરુણા કરી, રાખ રાધાવર ચરણ શરણે;
શોક મોહે ગયા જન્મ સઘળા વૃથા, દુષ્ટ ચિંતા કરી ઉદર ભરણે. ૧
દેહ ઇંદ્રિય પ્રાણ અંતઃકરણ દારા, ધન સોંપીઆ ચરણ તારે,
જીવ વિદ્યા ધર્મ સર્વ શ્રીનાથ તું, તુજ વિના અવર નહી વસ્તુ મારે. ૨

માત તુ ભ્રાત તુ ભૂધરા, તુજ વિના અવર કોને ન જાણું;
દાસ હું નાથ તુ એમ જાણી સદા, હાર બેઠો તારા ગુણ વખાણું. ૩
શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલ ભૂતલે પ્રકટીને, પુષ્ટિમાર્ગ તે વિશદ કરશે;
દૈવ નિજ જીવને શરણ જો આવશે, વિના સાધન ઉદ્ધાર કરશે. ૪
શરણ દો શ્રીહરિ દીન જાણી કરી, સર્વથા દાસને ચરણ રાખો;
બેઉ કર જોડીને નરસઇઓ વીનવે, નિત્ય પ્રતિ આવીને વદન દાખો ૫

ઉક્ત પદ પુષ્ટિભક્તિસુધાના ચતુર્થ વર્ષના પ્રથમ અંકમાં કઇક પાઠભેદસાથે છપાયુ હતુ, આ પદ અમને ભક્તકવિ શ્રીદયારામભાઇના શિષ્યપુત્ર **જોશી** છગનલાલભાઈ હિંમતલાલભાઈ તરફથી મલ્યુ હતુ.

ઉક્ત પદમાં ચોથી કડીમાં શ્રીવલ્લભ અને શ્રીવિઠ્ઠલ પ્રકટ થઈને પુષ્ટિમાર્ગ પ્રકટ કરશે એમ ભવિષ્યવાણી છે આ ભવિષ્યવાણીનું સૂચન ભક્ત કવિશ્રી દયારામભાઈ પણ પોતાના પુષ્ટિપથરહસ્યગ્રંથમાં કડી ૨૮ અને ૮૩માં કર્યું છે.

પ્રકટ પહેલી નરસિંહમેહેતે ગાઈ વધાઈ,
શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલ પ્રકટ થશે વ્રજરાઈ,
કરશે પ્રકટ પુષ્ટિમાર્ગ ત્યાં જે અનુસરશે,
કેવલ શરણમાત્રથી નિ સાધન ભવ તરશે.

આ ઉપરથી એમ સમજાય છે કે દયારામભાઈ પોતે આ ભવિષ્યવાણી માનતા આ ભવિષ્યવાણીને પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો સત્ય માને એ જેટલે અંશે સ્વાભાવિક છે તેટલે જ અંશે પુષ્ટિમાર્ગીય જે ન હોય તે ન માને એ પણ સ્વાભાવિક છે, અને તેથી જો કોઇ અવૈષ્ણવ તે સત્ય ન માને તો તેને વાસ્તે એ જ ભવિષ્યવાણીમા શ્રદ્ધા રાખનાર કોઇ પણ ડાહ્યો વૈષ્ણવ આગ્રહ કરે નહિ. હિંદુસ્થાનમા એક વખત એવો હતો કે જે વખતે ભવિષ્ય વાણી સર્વત્ર પ્રચલિત હતી હવે જમાનો એવો આવ્યો છે કે પવિત્ર જીવનના અભાવમા ભવિષ્યદર્શન વ્યગ્રચિત્તવાન્ મનુષ્યોને થઈ શકતું નથી, અને તેથી જ્યારે આવુ ભવિષ્યદર્શન એમની દૃષ્ટિએ પડે છે કે તરત જ કંઇ પણ વિચાર કર્યા વિના એવા જ સિદ્ધાંતઉપર આવી બેસે છે કે એ તો સત્ય હોઈ શકે જ નહિ વસ્તુસ્થિતિ આ પ્રકારે છે. એટલે આ ભવિષ્યવાણી નરસિંહમહેતાની છે કે નરસિંહમહેતાને નામે કોઇ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે ઘુસાડી દીધેલી છે એને વાસ્તે અમને ઉદાસીન વૃત્તિ રાખવી ઉચિત લાગે છે આ ભવિષ્યવાણીની દયારામભાઈને અને એમના શિષ્યોને જેટલુ સત્ય માનવાનો હક છે, તેટલો જ રા. ઇચ્છારામને અને તેમના અનુસરનારાઓને તે જ ભવિષ્યવાણી નહિ માનવાનો પણ હક છે, માટે સદ્ગત ઇચ્છારામે જો આ ભવિષ્યવાણી પુષ્ટિમાર્ગના કોઇ શ્રદ્ધાલુ વૈષ્ણવની કલ્પેલી છે એટલુ જ માત્ર દર્શાવ્યુ હોત તો આપણને એમને વાસ્તે કંઇ પણ કહેવાનુ રહેત નહિ, પરંતુ તે ઉપરાંત જે કેટલુંક અકાંડતાંડવ ચિતરીને પુષ્ટિમાર્ગ તરફ પોતાનો અજ્ઞાનયુક્ત દ્વેષ પ્રકટ કર્યો છે, તે માફ કરી શકાય એમ નથી. ઉક્ત પદની ટીકા એઓ પોતે નીચે પ્રકારે કરે છે

“ઉપલું પદ નરસિંહમહેતાની કૃતિ છે એમ મનાવવાનો પ્રયત્ન, શ્રીમદ્વલ્લભાચાર્યસંપ્રદાયના કેટલાક ગોસાંઇના બાળકો અને અનેક વૈષ્ણવો કરે છે હેતુ સ્પષ્ટ છે કે પરમભક્ત નરસિંહ-

તાએ સોળમા શતકના આરભ પૂર્વે કે તેની લગભગમા એવું ભવિષ્ય ભાખ્યું હતુ કે પછી શ્રીમદ્વલ્લભાચાર્ય અને તેના દીકરા વિઠ્ઠલનાથજી જેને વૈષ્ણવો ગુસાંઇજી કહે છે ને પ્રેમલા વૈષ્ણવો સાક્ષાત પૂર્ણ પુરુષોત્તમનુ સ્વરૂપ કહે છે તે જન્મ લેશે અને પુષ્ટિ ર્ગને પ્રવર્તાવશે. પદની ભાષા વસ્તુત વિચારી જોતા આ પદની ચોથી કડી કૃત્રિમ છે એ વાની જરૂર નથી વૈષ્ણવો કહે છે કે નરસૈંઇઓ પુષ્ટિમાર્ગનો વધઇઓ એટલે વધામણી પનારો હતો અને નરસિંહમહેતાએ શ્રીવલ્લભાચાર્ય જે બોધ કરવાના હતા તે પ્રથમ જણાવવાને જ જન્મ લીધો હતો. આ જેવો ઉડાંગ ટોહ્નો હું ધારૂછુ કે કોઇ પણ પથ–પ્રદાયમા નહિ હશે નરસિંહમહેતાના કાવ્યો પદો જેટલા જેટલાં જૂના ચોપડામાથી ઉતાર્યા , તેમા ક્યાહી એ પદ દષ્ટે પડ્યુ નથી. પણ અરાડમી સદીના લખાયના વલ્લભસંપ્રદાયના પડામાથી જ માત્ર આ પદ મળી આવ્યુ છે. નરસિંહમહેતો કયા પ્રકારના જ્ઞાન અને ક્તિમાર્ગે ગમન કરનારો હતો તે તેના જ્ઞાનભક્તિ એ મથાળા નીચે આપેલાં પદો તથા રિશિષ્ટમા આપેલા અન્ય પદો તેનુ સ્વરૂપ સુસ્પષ્ટ રીતે દર્શાવે છે અને તે પરથી સિદ્ધ ય છે કે વલ્લભસપ્રદાયની પુષ્ટિભક્તિથી કઇ જુદી જ દિશામા નરસિંહની ભક્તિ વહન કરે . સૂક્ષ્મ રીતે અવલોકન કરનારને પ્રત્યક્ષ થશે કે નરસિંહની જ્ઞાનભક્તિ અને પુષ્ટિભક્તિ ચ્ચે કોઇ પણ જાતની સામ્યતા નથી તો પછી ઉક્ત પદમા વર્ણવેલી ભવિષ્યવાણી નરસિંહમહેતો કેમ ભાખે ? નરસિંહની ભક્તિનુ સ્વરૂપ કોઇ પણ વિષ્ણુ ઉપાસક પથને માન્ય છે, સર્વદેશી છે, વલ્લભાચાર્યની ભક્તિનુ સ્વરૂપ **એકદેશી** છે

બીજુ આ પદની ૨ જી ને ૩ જી કડીમા શ્રીવલ્લભાચાર્યનો બ્રહ્મસબંધી જે મંત્ર છે તેનો ભાવ સમાવ્યો છે. આ મંત્ર સર્વમાન્ય કે વેદોક્ત મત્ર નથી તેવા મત્રનો પ્રવર્તક અમુક થશે એમ વૈષ્ણવો કહે એ તેમના એ પ્રેમલાપણાનો છળ અથવા મૂર્ખતાજ છે. નરસિંહમહેતો વિશુદ્ધ પરમ શ્રીકૃષ્ણનો ઉપાસક ભક્ત જ્ઞાની હતો છતા ઉપલુ પદ નરસિંહમહેતાનું જ હોય અને પુષ્ટિમાર્ગ પ્રવર્તાવવાના પેગામરૂપ હોય તો નરસિંહમહેતો શ્રીમદ્વલ્લભાચાર્યનો ગુરૂ ગણાશે[1] !”

પ્રથમ તો ભવિષ્યવાણી હોઈ શકે કે નહિ એને વાસ્તે આપણને આગ્રહ કરવાનું કારણ નથી. વૈષ્ણવો નરસિંહમહેતાને પુષ્ટિમાર્ગનો વધાઇઓ કહેતા હશે તેનુ કારણ માત્ર આ પદનો જ આધાર નથી. નરસિંહમહેતો જ્ઞાન અને ભક્તિમા પુષ્ટિમાર્ગના સિદ્ધાતોને બહુધા મળતો આવે છે તેની વૈષ્ણવોને સારી રીતે ખબર હોવાથી તેઓ આ પ્રમાણે કહેતા હોય તો તેમનો દોષ માત્ર દોષજ્ઞની અજ્ઞાનતાનો જ સૂચક છે. નરસિંહમહેતાના અને પુષ્ટિમાર્ગના સિદ્ધાતોમા સામ્ય છે તેનું દર્શન ગોવર્ધનરામને પણ થયલુ, પરંતુ ગોવર્ધનરામને પોતાને નરસિંહમહેતાની પણ ભક્તિના મૂળની ખબર નહિ હોવાથી સંપ્રદાયવાલાઓએ નરસિંહમહેતાના બીજરૂપ ઉપદેશને વિકસાવ્યો એમ તે માને છે. સદ્ગત ઇચ્છારામના જ્ઞાન અને બુદ્ધિને વાસ્તે અમને એમના ઉપર દયા આવે છે. પોતાના અજ્ઞાનમા શબ્દનો દુરુપયોગ કરવામા એક જાતનુ અદ્વિતીયત્વ એમણે સપાદન

---

[1] ૧. અત્ર રા. ઇચ્છારામે બ્રહ્મસબંધના મત્રનો પણ અશુદ્ધ ઉપન્યાસ કરી નાખ્યો છે ! આ ઉટંકમા મોટા અક્ષર અમે કર્યા છે, જેથી વાચકોને ઉક્ત સદ્ગતની આતરવૃત્તિની પ્રતીતિ થઈ શકે.

કરેલું લાગે છે. એઓ પોતે લખે છે કે વલ્લભસંપ્રદાયની પુષ્ટિભક્તિથી કંઈ જુદી દિશામા નૃસિંહની ભક્તિ વહન કરે છે. આ શોધ એમણે ક્યાંથી કરી? જ્ઞાનભક્તિમા આપેલાં એમનાં પદો–એમના જ નરસિંહમહેતાના કાવ્યસંગ્રહમાં આપેલાં પદો–પુષ્ટિભક્તિના જેવો ઉપદેશ શું કરતા નથી? સ્ત્રીભાવથી પ્રભુની ભક્તિ કરવાનો એટલે ગોપિકાના ભાવથી પ્રભુની ભક્તિ કરવાનું જેવું પુષ્ટિમાર્ગમા મનાય છે તેવું શું નરસિંહમહેતાને સંમત નથી? 'રસભર્યું રસણું નાથ નોરા કરે તે નહીં નારી અવતાર પામે' એ શું બતાવે છે તે કહેવાની જરૂર નથી. સ્ત્રી સિવાય પ્રભુનો રસ કોઈથી અનુભવી શકાય એમ નથી સંપ્રદાયમાં ચતુર્ધા મુક્તિને 'તુચ્છ' ગણવામા આવે છે તેમ નરસિંહમહેતા પ્રભુની ભક્તિથી એ ચતુર્ધા મુક્તિને હલકી કોટિમા નથી ગણતા શું? (જુઓ "ચતુર્ધા મુક્તિ છે જુજવી જુક્તિની તાહારા તે તેહેને નવ રાચે.") આ પ્રકારે વિશાલ દૃષ્ટિથી અવલોકન કરનારને માલમ પડે છે કે નરસિંહમહેતામાં અને પુષ્ટિમાર્ગમા સામ્ય છે જ એ સામ્યનું તિરોધાન માત્ર ઇચ્છારામની પેઠે સૂક્ષ્મ રીતે અવલોકન કરનારને, અર્થાત્ નેત્રનિમીલન કરીને અવલોકન કરનારને, નરસિંહમહેતાની ભક્તિ અને પુષ્ટિભક્તિ વચ્ચે સ્ફુરે. વળી એઓ પોતે ઉમેરે છે કે નરસિંહમહેતાની ભક્તિ 'સર્વદેશી' છે અને પુષ્ટિભક્તિ 'એકદેશી' છે આનું જ નામ શબ્દનો દુરુપયોગ. સ્ત્રીભાવથી પ્રભુની ભક્તિને, અને તે પણ જ્ઞાનને તત્ત્વનું ટૂંપણું કહીને તુચ્છ ગણે તે ભક્તિને–'સર્વદેશી' કહેવી, અને તેવા જ આશયવાળી પુષ્ટિભક્તિને 'એકદેશી' કહેવી એ નરસિંહમહેતાનું અને પુષ્ટિમાર્ગનું ખેદજનક અજ્ઞાન સૂચવે છે. નરસિંહમહેતામા અને પુષ્ટિમાર્ગમા સામ્ય છે એનો ઇસારો પુષ્ટિભક્તિસુધાના દ્વિતીય વર્ષના ચતુર્થ અંકમા પણ કરવામા આવ્યો છે, તેનો ખ્યાલ તો રા. ઇચ્છારામને ક્યાંથી જ હોય?

પોતાનો કક્કો ખરો કરાવવાને લોકો કેટલે સુધી આડે રસ્તે જાય છે અને તે દ્વારા પોતાનું અજ્ઞાન લોકોમા પ્રકટ કરે છે તે બ્રહ્મસંબંધમંત્રનું આ ઇચ્છારામે કરેલું ઉટ્ટંકન છે. "દેહ ઇંદ્રિય પ્રાણ અંતઃકરણ દાર ધન સોંપિયા ચરણ તારે." ઇત્યાદિ નરસિંહમહેતાની પંક્તિઓ બ્રહ્મસંબંધના મંત્ર ઉપરથી વૈષ્ણવોએ જોડી કાઢેલી છે એમ માનતા કરતા જો રા. ઇચ્છારામે ભાગવતના એકાદશ સ્કંધ અને તૃતીય સ્કંધનું દર્શન કર્યું હોત તો એમને ખબર પડત કે આ કડીઓ બ્રહ્મસંબંધમંત્ર ઉપર આધાર રાખતા કરતા [1]ભાગવતના શ્લોક ઉપર આધાર રાખે છે એમ માનવું વધારે ઉચિત છે, અને એમ હોવાથી બ્રહ્મસંબંધ મંત્ર ઉપરથી આ કડીઓ ઉપજાવી કાઢેલી છે એવો વૈષ્ણવો ઉપર

---

[1] "શ્રીમદ્ભાગવતમાં तस्मात् त्वमुद्धवोत्सृज्य चोदनां प्रतिचोदनां प्रवृत्तिं च निवृत्तिं च श्रोतव्यं श्रुतमेव च मामेकमेव शरणमात्मानं सर्वदेहिनां याहि सर्वात्मभावेन यास्यसे ह्यकुतोभयः त्वं तु सर्वं परित्यज्य स्नेहं स्वजनबन्धुषु मय्यावेश्य मनः सम्यक् समदृग् विचरस्व गाम् ઇત्यાદિ શ્લોકમાં दारान् सुतान् प्रियान् प्राणान् परस्मै संनिवेदयेत् આદિમાં, અને ये दारागारपुत्राप्तान् प्राणान् वित्तमिमं परं हित्वा मां शरणं याताः कथं तांस्त्यक्तुमुत्सहे ઇત્યાદિ શ્લોકમાં પ્રપત્તિપૂર્વક આત્મનિવેદનરૂપ બ્રહ્મસંબંધનું સ્પષ્ટ પ્રતિપાદન કર્યું છે. ગદ્યમંત્રની સ્મૃતિ હશે તો જોઈ શકાશે કે આ શ્લોકમાંના કેટલાક શબ્દ અક્ષરશઃ મહામંત્રમા સ્ફુટ છે. આ પ્રમાણોથી માત્ર દિગ્દર્શન કરાવ્યું સમજવું 'વસ્તુતઃ એવી એક પણ વિદ્યા નથી, એવું એક પણ શાસ્ત્ર નથી, એક પણ પ્રકરણ નથી,

આરોપ મુકીને પ્રેમલક્ષણાભક્તિને છલ અથવા તો મૂર્ખતા જ કહેવી એ વૈષ્ણવોનો નહિ પરંતુ સદ્ગત ઇચ્છારામનો છલ અને મૂર્ખતા સૂચવે છે. રા ઇચ્છારામનો છલ એટલે સુધી પહોંચે છે કે બ્રહ્મસંબંધના મંત્રમાં પણ જે નથી તેવું પુત્રોત્પત્તિ પદ પોતાના ગજવામાંથી મુકી દે છે! આમ શબ્દની ફેરફારી કરી લોકોને વ્યર્થ દોષ દેવા તેના કરતાં નરસિંહમહેતાના કાવ્યોનો સદ્ગતે કંઇક સારો અભ્યાસ કર્યો હોત તો અમારી ખાત્રી છે કે એમને ખબર પડી જાત કે નરસિંહમહેતો વિશુદ્ધ પરમ શ્રીકૃષ્ણનો ઉપાસક **ભક્તજ્ઞાની** ન હતો, પરંતુ ગોપિકાના જેવો જ્ઞાનના અભિમાનવડે શૂન્ય **કેવલસક્ત** હતો, અને તેથી જ નરસિંહમહેતાનું માત્ર એ પદ જ નહિ પરન્તુ જ્ઞાન અને ભક્તિવિષયક સર્વ પદો બ્રહ્મવાદ અને પુષ્ટિમાર્ગના ઉપદેશને અનુસરે છે. આ સામ્ય એ માનસશાસ્ત્રનો નિયમ સૂચવે છે કે એક જ વિચારઉપર બે સ્વતંત્ર વિચારકો જુદે જુદે માર્ગે પણ આવી શકે છે શેકસપીયરના રોમિયો અને જુલીયટ નાટકમાં અને ભવભૂતિના માલતીમાધવમાં સામ્ય આવે છે તે વિષે એક ગ્રંથકારે બીજા ગ્રંથકારનું વાચીને લખ્યું હોય એ કલ્પના જેટલી અસંગત છે તેટલી જ, સામાન્ય રીતે જેમની માતૃભાષા તેલગુ છે તે શ્રીમદ્ વલ્લભાચાર્યજી, વેદ ઉપનિષદ્ વેદાંતસૂત્ર અને શ્રીભાગવત ઉપર પોતાનાં ભાષ્યો રચનાર શ્રીવલ્લભાચાર્યજી, પોતાનો નિર્ણય નરસિંહમહેતાની ગુજરાતી કવિતામાંથી લે એ પણ અશક્ય જ છે, અને તેથી જ ઉભયના મતમાં સામ્ય હોવા છતાં, નરસિંહમહેતો વલ્લભાચાર્યનો ગુરૂ ગણાશે એમ કહેવું એ પણ ઇચ્છારામનો 'ઉડાગ ટાલ્લો'જ કહેવાય. વૈષ્ણવો નરસિંહમહેતાને પુષ્ટિમાર્ગનો વધઇઓ કહે છે તેનું કારણ માત્ર એટલું જ છે કે વલ્લભાચાર્યજીના જેવો ઉપદેશ નરસિંહમહેતાએ એમના પહેલાં કંઇક અંશે કર્યો. આ ઉપદેશસામ્ય તે સમયનું ભક્તિસામ્રાજ્ય સૂચવે છે. બ્રહ્મસંબંધમંત્ર શું છે તેને વાસ્તે પુષ્ટિભક્તિસુધામાં પ્રકટ થયેલું બ્રહ્મસંબંધનું સ્વરૂપ વાંચવું જોઇએ અંતમાં આશા રાખવામાં આવે છે કે સદ્ગત ઇચ્છારામના ગુણી પુત્રો પોતાના પિતાવડે થયેલી આ ભુલનો સહૃદયતાથી સ્વીકાર કરી, જે અન્યાય એમનાથી વૈષ્ણવ સૃષ્ટિને થયો છે, અને શ્રીભાગવતના પ્રતિકૂલ પણ ભાષાંતર ખરીદીને જે ઉપકાર વૈષ્ણવસૃષ્ટિએ એમના ઉપર કર્યો છે તેને વિસ્મરી જે કૃતઘ્નતા દર્શાવાઈ છે, તેને વાસ્તે ક્ષમા યાચીને આંતર પશ્ચાત્તાપ જ કરવો જોઇએ

* * *

એક પણ અધ્યાય નથી, એક પણ શ્લોક નથી, એક પણ વાક્ય નથી, એક પણ પદ નથી, એક પણ અક્ષર નથી, કે જેમાંથી સાત્વિકબુદ્ધિયુક્ત ઉત્તમોત્તમ દૈવજીવને બ્રહ્મસંબંધ વિના, ઇતર કાંઈ પણ સ્ફુરે, અર્થાત્ બ્રહ્મસંબંધ શ્રીમદાચાર્યચરણની કલ્પનામાત્ર નથી, પરંતુ સર્વવિદ્યાનું મૂલ છે, પરમ મર્મ છે, પરમનિગૂઢ આશય છે શ્રીમદાચાર્યચરણ આજ્ઞા કરે છે કે नातः परतरो मन्त्रो नातः परतरः स्तवः नातः परतरा विद्या तीर्थं नातः परात्परम् ॥" વિશેષ માટે જુઓ આજ માસિકના ગયા વર્ષના ૧૧-૧૨-અંકો

श्रीमद्गोस्वामिश्रीदेवकीनन्दनजीनो लीलाप्रवेश.

ગતાંકમાં શ્રીમદ્‌ગોસ્વામી શ્રીદેવકીનન્દનજીના સંબંધમા કંઇક લખવામાં આવ્યું હતું તે સમયે એમ નહોતું લાગતું કે આટલી બધી ટુંક મુદતમા જ મહારાજશ્રી આસુરવ્યામોહ કરશે, પરન્તુ 'ઇશ્વરેચ્છા બલીયસી' એ વચનાનુસાર મહારાજશ્રીએ આ લોકનો ત્યાગ શ્રાવણ કૃષ્ણ દ્વિતીયાને દિને શ્રીમથુરાજીમા કર્યો છે. મહારાજશ્રીએ સંપ્રદાયની શી સેવા કરી તે વિષયમાં અત્ર કહીશું નહિ, કારણ કે આ જ પત્રિકાના ગત વર્ષના પાંચમા અંકમા એનું સવિસ્તર પ્રતિપાદન થયલું છે. અત્ર તો મહારાજશ્રીનું ટુંક જીવનચરિત કેટલાક પ્રકીર્ણ વિચારો સાથે આપીને જ સંતોષ માનીશું.

શ્રીમાન્ દેવકીનન્દનજી—અથવા—શ્રીદેવકીનન્દનાચાર્યજી—આજથી ૫૪ વર્ષ ઉપર સંવત્ ૧૯૧૫ ના ચૈત્ર શુકલ તૃતીયાને દિવસે જયપુરમા પ્રકટ્યા હતા. એઓશ્રીના પિતાનું નામ શ્રીગોવિન્દપ્રભુ હતું શ્રીગોવિન્દપ્રભુને ત્રણ પુત્રો હતા. શ્રી દેવકીનન્દનજી, શ્રી જયદેવલાલજી, અને શ્રીગોપાલલાલજી. આ ત્રણ પુત્રોમા શ્રીદેવકીનન્દનજી જ્યેષ્ઠ હતા.

લાયબલ કેસ પછી જે પ્રસિદ્ધ ગોસ્વામીઓ થયા તેમાં સૌથી પ્રથમ શ્રીગોવિન્દપ્રભુ હતા. એમની નિષ્ઠા સ્વધર્મમા વિશેષ હતી. જમાનો કયી દિશામા વહતો હતો તે પોતે સારી રીતે સમજતા હતા. ગ્રન્થની કૃતિઓમા પણ પોતે "દેશકાલજ્ઞ"નું વિશેષણ ધારણ કરતા હતા. સંપ્રદાયની થતી અધોગતિ અટકાવવાને, અને સ્વધર્મની ઉન્નતિ કરવાને શ્રીગોવિન્દપ્રભુએ અનેક પ્રકારે પ્રયત્ન આદર્યા હતા સ્વધર્મની પ્રાચીનતા સિદ્ધ કરવાને વિષ્ણુસ્વામિપરંપરાને કંઇક આગ્રહપૂર્વક પુરસ્કાર કરવાનું પ્રથમ માન પણ એઓશ્રીને જ છે. આ કાર્ય એઓશ્રીએ શાસ્ત્રી કનૈયાલાલના સાહાય્યથી નવીન શ્રીવલ્લભદિગ્વિજયદ્વારા કાંઇક અંશે કર્યું આ જ કાર્યનો વિશેષ વિસ્તાર થોડા વખત પછી પંડિત ગટ્ટુલાલે કર્યો. શ્રીગોવિન્દપ્રભુનો ઉત્સાહ આટલેથી જ વિરામ પામ્યો ન હતો, પરન્તુ સ્વપુત્રોને સંસ્કૃતનું અધ્યયન કરાવી, સ્વકર્તવ્યનું કંઇક ભાન પણ એઓશ્રીએ કરાવ્યું હતું. શ્રીદેવકીનન્દનજીને યજ્ઞોપવીત સંસ્કાર કરાવ્યા પછી, કનૈયાલાલ શાસ્ત્રી પાસે સંસ્કૃતનું અધ્યયન કરાવવા માંડ્યું શ્રીદેવકીનન્દનજીનું અધ્યયન શ્રીગોવિન્દપ્રભુ અને કનૈયાલાલશાસ્ત્રીના પરલોકગમન પછી તરત જ સમાપ્ત થયું શ્રીગોવિન્દપ્રભુએ શ્રીદેવકીનન્દનજીપ્રભૃતિ પુત્રોને અધ્યયન કરાવવામા કેટલા બધા આગ્રહથી પરિશ્રમ લીધો હતો તે નીચેની આખ્યા ઉપરથી સ્પષ્ટ થશે આધુનિક અન્ય ગોસ્વામીઓ પણ જો એઓશ્રીને અનુસરશે તો એઓશ્રીનાથી અધિક નહિ તો એટલો તો ખરો જ ઉપકાર વૈષ્ણવ સૃષ્ટિ ઉપર તેઓ કરી શકશે. શ્રીગોવિન્દપ્રભુનો નિયમ એવો હતો કે જ્યા સુધી શ્રીદેવકીનન્દનજી વગેરે નિયત પાઠ કરી ન આપે ત્યા સુધી ભોજન કરવા ન દેવું એટલું જ નહિ પરન્તુ પાટલા ભરીને તાપમા ભુખ્યા રાખવાની શિક્ષા પણ તેઓશ્રી ક્વચિત્ ફરમાવતા. બાલકોને શ્રીપુરુષોત્તમ માનનાર એમાનું વૈષ્ણવોનું તેઓ કાંઇ પણ સાંભળતા જ નહિ. આ 'Strict discipline' નું પરિણામ એ આવ્યું કે શ્રીદેવકીનન્દનજીને બાલપણથી જ સત્સંસ્કાર પ્રાપ્ત થયા. સંસ્કૃત સાહિત્યનો શોખ મહારાજશ્રીમા સ્થિર થયો. પરન્તુ શ્રીગોવિન્દપ્રભુના આસુરવ્યામોહ પછી કોઇ પણ પ્રકારનું નિયન્ત્રણ નહિ રહેવાથી અધ્યયન વૃદ્ધિંગત થતું અટક્યું,

અને તેને પરિણામે સાંપ્રદાયિક સાહિત્યનો પરિચય કરવાનું કાર્ય સદૈવ મુલતવી રહ્યું. સદાનન્દ નામના સન્યાસીનું કોઇ બેઠકમાં અપમાન થવાથી તેણે સહસ્રાક્ષનામક ગ્રંથ વિદ્વન્મંડનના ખંડનાભાસરૂપે લખ્યો. જયપુરમાં શ્રીગોવિંદપ્રભુને કોઇ સન્યાસીએ ચેલેન્જ આપીને ૬૪ પ્રશ્ન પુછ્યા, તે જ વિષયમાં દયાનન્દસરસ્વતીના આર્ય સમાજ્ય મથન પણ થયાં. શ્રીગોવિંદપ્રભુ જયપુર છોડીને કામવન જઇ બિરાજ્યા. આ સર્વેનું પરિણામ એ આવ્યું કે શ્રીદેવકીનન્દનજીને પુરાણવાચનનો શોખ થયો જે અંત સુધી કાયમ જ રહ્યો.

શ્રીગોવિન્દપ્રભુના તિરોધાન પછી શ્રીદેવકીનન્દનજી પંચમગૃહના તિલકાયિત થયા. પિતૃચરણના પરિશ્રમથી સંપાદન થયેલા સદાચરણને લીધે, અને પૃચ્છકની રુચિને અનુસરી મધુર બોલવાની પદ્ધતિને લીધે, સુરતના કાયસ્થોમાં પ્રથમ એઓશ્રી બહુ પ્રિય થઇ પડ્યા. કાયસ્થોએ સર્વ ગોસ્વામીઓમાં એઓશ્રીને શ્રેષ્ઠ માન્યા, અને બ્રહ્મસંબંધ વગેરે એઓશ્રી પાસે જ તેઓ લેતા થયા. સુરતમાં આ પ્રકારે પ્રતિષ્ઠા સંપાદન કર્યા પછી મહારાજશ્રી મુંબઇ પધાર્યા. તે સમયે પંડિત ગટ્ટુલાલના સંબંધમાં વિશેષ આવ્યા. ધર્મની અને વિશેષતઃ સ્વમાર્ગની દુઃસ્થિતિ અને નીતિમય જીવનનો આત્યન્તિક અભાવ સર્વત્ર પ્રસરી રહ્યો હતો તે સમયે, અન્ય સાંપ્રદાયિક પંડિતોને પણ સદૈવ આદર આપીને, નીતિમય જીવન આચરીને, અને ચરણસ્પર્શાદિનો અમુક જ સમય નિયત કરીને, વૈષ્ણવોમાં શ્રદ્ધાનાં બીજ રોપ્યાં. પંડિત ગટ્ટુલાલે મહારાજશ્રીને વ્યાવહારિક સદ્બોધ પોતાના દેહાંતપર્યન્ત આપ્યો, અને તેથી જ મહારાજશ્રીની પ્રતિષ્ઠા તદનુસાર વર્તનથી સારી જામી પડી. પંડિત ગટ્ટુલાલના અવસાન પછી, સાંપ્રદાયિક કોઇ પંડિતનું નિયન્ત્રણ નહિ હોવાથી મહારાજશ્રીના આચારવિચાર કેટલેક અંશે સ્વતંત્ર થઇ ગયા.

સદ્બોધ આપનાર વૃદ્ધોના અભાવે, મહારાજશ્રી સ્વતન્ત્રતાથી વર્તતા થયા. પંડિત ગટ્ટુલાલજીને સાથે રાખીને, કેટલાક અન્ય ગોસ્વામીઓની હીનતાસૂચક અને નિજશ્રેષ્ઠતાસૂચક ભાષણો આપીને બહુ સારી પ્રતિષ્ઠા મુંબઇમાં સંપાદન કરી હતી. આ સર્વ કરવામાં એઓશ્રીનો પ્રાચીન વૈષ્ણવો કરતાં દ્રવ્યવાન્ ભાટીઆ વૈષ્ણવ ઉપરનો અનુરાગ પણ બહુધા કારણભૂત હતો. ભાટીઆઓના સંબંધથી મહારાજશ્રીને જો કે દ્રવ્યની સારી સંપત્તિ થઇ, પરન્તુ બીજી કેટલીક ધાર્મિક અવનતિ પણ પ્રાપ્ત થઇ. દ્રવ્યવાન્ ભાટીઆઓના સંબંધમાં નિમગ્ન થવાથી નિર્ધન પરન્તુ સહૃદય કાયસ્થ વૈષ્ણવોની પ્રતિદિન અવગણના થતી. મુંબઇ પધાર્યા ત્યારે જે નિર્ધનતા હતી, અને તદ્દ્વારા જે સદ્ગુણો સંપાદન થયેલા હતા, તે ક્રમશ નષ્ટ થવા લાગ્યા. અધોગતિ એટલે સુધી પ્રાપ્ત થઇ કે ભાટીઆ ગૃહસ્થો ઘોડાની સરતમાં ભાગ લે તેમાં જય અપાવવાને પોતે અન્યાશ્રયરૂપ અનુષ્ઠાન પણ આરંભતા. ભાટીઆઓના સંબંધથી જ વારાંગનાઓનો પણ પ્રવેશ ચંદ્રબાગમાં થયો. આ પણ ધ્યાનમાં રાખવાનું છે કે ચંદ્રબાગ ચંદારામજીએ શ્રીદેવકીનન્દનજીને શ્રીગોકુલચન્દ્રમાજી પધરાવવાને અર્પણ કર્યો હતો, એટલે જ્યાં પ્રભુનો પ્રવેશ થવો જોઇએ ત્યાં વારાંગનાઓનો નિતાંત પ્રવેશ થતો. કામ્યવનથી લાયબ્રેરિને માટે આણેલાં અનેક હસ્તલિખિત ગ્રંથો આવા જ કોઇ દૈવકોપથી અગ્નિસાત્ થયા. ભાટીઆઓના જ સંબંધથી મહારાજશ્રી નાટ્યગૃહની વારંવાર મુલાકાત લેતા શિખ્યા. નાટ્યગૃહમાં પણ એકલા નહિ, જતા મુંબઇમાં આવતા સર્વ ગોસ્વામી બાલકોને તેમના વહુજીઓને–વિધવાઓને સુદ્ધાં–પ્રભુદર્શનને બદલે નાટકદર્શનનો મહોપકાર કરતા !

આ ઉપરાંત સંપ્રદાયના ખાસ કંઈ પણ હિતકૃત્ ગુણો મહારાજશ્રીના જીવનમા અમને દૃષ્ટિગોચર થયા નથી પોતાના ખાસ સદ્ગુણોના અભાવે, અને લોકરુચિ ઉપરના ખાસ લક્ષના સદ્ભાવે, પોતાને અનિષ્ટ એવા કેટલાંક પરિણામો આવ્યા. સંપ્રદાયનો લાભ પોતાના લાભથી ભિન્ન ગણવામા પણ એવું જ થયુ. પરિષદ્‌ના સેક્રેટરિ રા. છગનલાલ વાલજીભાઈએ મહારાજશ્રીને ગ્રન્થપ્રસિદ્ધિ માટે પોતે શ્રમ લેવા અથવા પોતાને ત્યા આવતા દ્રવ્યપાત્ર ભાટિયા વૈષ્ણવોને પ્રેરણ કરવાનુ સૂચવેલુ ત્યારે મહારાજશ્રીનુ પ્રત્યુત્તર આ પ્રમાણે થયુ હતુ. "એમ કરુ તો મારે ત્યા કોઈ ન આવે" આ ઉત્તર પણ અર્થસૂચક જ છે. અન્ય પ્રસંગ ગોડસેના ભાષણનો હતો. એક સમય શાસ્ત્રી નરહરિ ગોડસેને પોતાને ત્યા સાયંકાલે ભાષણ કરવા નિમન્ત્રણ કર્યું પોતે સાયંસંધ્યાની યોજના યોજી હતી ભાષણકારને ઉચ્ચાસનની અભિલાષા થવાથી મહારાજશ્રીને તે આપવાનુ સૂચવ્યુ. નીચે બેસીને અથવા ઉભા રહીને નરહરિ શાસ્ત્રીને પ્રવચન કરવુ યોગ્ય ન લાગવાથી ઉચ્ચતર આસન આપવામા આવ્યુ. ભાષણ સમાપ્ત થયા પછી એકાન્તમા મગનલાલશાસ્ત્રીને બોલાવી મહારાજશ્રીએ આજ્ઞા કરી કે "આ માણસને રોકવામાં આવશે નહિ તો આચાર્ય થઈ જશે; અને આપણા સંપ્રદાયને મ્હોટો ધોકો પહોંચાડશે, કાંઇ થવુ જ જોઇએ." શાસ્ત્રીએ જવાબ આપ્યો કે 'આપની આજ્ઞા હોય તો એણે ગીતાશ્લોકનો કરેલો અર્થ વિરુદ્ધ છે, અને ખરો અર્થ તો કાંઇ અન્ય જ છે, એમ હમણા જ આપસમક્ષ સિદ્ધ કરૂં.' મહારાજશ્રીએ પ્રત્યુત્તર વાળ્યુ કે 'ના, ના, આપણા ઘર તો વકીલના અને વેશ્યાના ઘર જેવાં જોઇએ, જે આવે તેને રાજી કરીને જ વિદાય કરવો ! આ વાક્યો મહારાજશ્રીનું યથાસ્થિત સ્વરૂપ ખડુ કરે છે સંપ્રદાયલાભ કરતા નિજલાભ જ વધારે ઇષ્ટ, અને તેને લીધે સર્વને મીઠું મનાવવુ. મગનલાલશાસ્ત્રીને મહારાજશ્રીના મધુરવચન શ્રવણ કરવાનો અન્ય પ્રસંગ ભાયખરે'વેસ્ટેશન ઉપર પ્રાપ્ત થયો હતો. માધવતીર્થ જોડે જ્યારે અન્ય સંપ્રદાયને કલહનો પ્રારંભ જ થયો હતો, જ્યારે ફર્સ્ટક્લાસમા મહારાજશ્રી બિરાજ્યા હતા, જ્યારે દીપકને વક્ર રાખવાથી ડબ્બા ઉપર અજવાળુ ઝાંખું ઝાંખું લાગતુ હતું, ત્યારે શાસ્ત્રીએ મહારાજશ્રીને વિનતિ કરી કે આપશ્રીએ કંઈ માધવતીર્થસામે કરવું જોઇએ, કારણ કે સંપ્રદાયમાં આપ એકલા પુરુષ લાગો છો.' મહારાજશ્રીએ પ્રત્યુત્તર વાળ્યુ કે 'એ કાર્ય તમારૂ છે.' ગીતાનો 'यदा यदा हि' શ્લોક ટાંકીને સૂચવ્યું કે 'સંપ્રદાયનો ઉદ્ધાર કરવાને તમે (મગનલાલશાસ્ત્રી) પ્રકટ થયા છો" (!) આ વાક્યમા મન્હાસ્ય ઉપરાંત પારકાની રુચિને અનુસરવાનુ પ્રત્યક્ષ છે.

મહારાજશ્રીને વૈષ્ણવપરિષદ્સંસ્થા તરફ તો પ્રેમવૃત્તિ કદાપિ થઈ જ નહિ પાટણમા પધારવાનું વચન આપીને છટકી ગયા. નાથદ્વારમા તો પરિષદ્ વસ્તુતઃ એમને વાસ્તે જ ભરવામા આવી હતી, પરન્તુ ત્યા ન પધારતા કાર્યાન્તરે પધાર્યા. સુરતપરિષદ્ વખતે પ્રથમ આવવાનું વચન આપીને પાછળથી સર ભાલચન્દ્રના નામનો તાર આવેલો દર્શાવી એકાએક સુરતથી મુંબઇ પધારવાની તૈયારી સૂચવી, પરન્તુ મગનલાલશાસ્ત્રીના અને રા. પટવારીના આગ્રહથી ન છૂટકે મહારાજશ્રી પરિષદ્‌મા પધાર્યા. પરિષદ્‌મા પધારી ભાષણ કર્યું, જેની નોંધ ગુજરાતીમા 'પ્રેક્ષક' તરફથી લેવાઈ હતી. આ લખવાનુ પ્રયોજન માત્ર એટલુ જ છે કે જો મહારાજશ્રીએ વૈષ્ણવપરિષદ્‌તરફ પોતાની સહાનુભૂતિ દર્શાવી હોત તો પોતાને દ્રવ્યનો

કાંઇ પણ અલાભ થયા વિના સંપ્રદાયની બહુ સારી સેવા બજાવી શક્યા હોત. આ પ્રસંગ તો એમણે પોતેજ સદૈવ ગુમાવ્યો.

સંપ્રદાયકાર્ય જો મહારાજશ્રીએ કાંઇ કર્યું હોય તો તે માત્ર એ જ કે મગનલાલ શાસ્ત્રી પાસે અણુભાષ્યના પ્રથમ એકાદશ સૂત્રમાત્રનું શ્રવણ કર્યું શ્રવણ કરતી વખતે કેટલીક વખત બગાસાં તથા ઝોકાંથી પણ અરુચિ દર્શાવતા આ છતા પણ કહેવુ જોઇએ કે કેટલાક સ્માર્ત લોક મનાવવાને પ્રયત્ન કરે છે તેમ સંધ્યાસમયે ભસ્મરુદ્રાક્ષાદિ સ્માર્તાચાર તો એઓશ્રીએ કદાપિ અંગિકાર કર્યો ન હતો. ઉષ:કાલમા ઉઠીને સંધ્યાહોમાદિ બ્રાહ્મ કર્મ કરીને શ્રીગોપાલની તીવ્ર અપુષ્ટ ઉપાસ્તિ કરી રહ્યા પછી નિયત સમયે જ નિજવ્યવહારકાર્ય દક્ષતાથી કરતા પુષ્ટિમાર્ગીય સેવાપ્રકાર એમનાથી સર્વાંશે અનુસરાતો નહિ એ વારંવાર કહેવાયુ છે, તથાપિ જે એમના પ્રત્યક્ષ સદ્ગુણો હતા તે સર્વથા અનુકરણીય જ હતા. મહારાજશ્રીથી સંપ્રદાયનું કાર્ય હયાતિમાં ન બની શક્યુ તેનું કારણ પણ નહિ કે એઓશ્રીને કરવાની ઇચ્છા જ ન હતી, પરન્તુ નિજલાભની હાનિ થાય અને કોઇને કહીએ તો તેને ખોટુ લાગે એવી કેવલ મિથ્યાભીતિ જ. આ ભીતિ એમના પુત્ર શ્રીવલ્લભલાલજીમા પ્રકટ ન થાય એ જ શ્રીપ્રભુચરણપ્રતિ પ્રાર્થનીય છે.

મહારાજશ્રીના લગ્ન સબંધમા અમે એમનો દોષ જોતા નથી. ચાલીસ વર્ષે અને તે પણ યથાર્થક દ્વિતીય લગ્ન કર્યું એ ધ્યાનમાં રાખવાથી નિર્દોષતા સ્પષ્ટ થાય એમ છે.

અંતમા એઓશ્રીના અનુયાયી ભાટીઆ વર્ગ તથા અન્ય સજ્જનો એઓશ્રીની હયાતિમાં કંઇ કરી શક્યા નહિ અને કરવાનુ તેમને સ્ફુર્યું નહિ તેથી ખેદ કરે છે, પરન્તુ એઓશ્રીના તિરોધાન પછી પણ એઓશ્રીનુ નામ અમર કરવાને અને તેની સાથે પોતાનું નામ પણ જોડીને જે ભક્તિભાવ દર્શાવી સંપ્રદાયનુ હિત કરવા નિકળ્યા છે તેમને પ્રભુ યશ અને વિજય આપો એટલુ જ સૂચવીને વિરમાશું. મહારાજશ્રીને વાસ્તે લૌકિક રીતિને અનુસરીને શોક દર્શાવાયો એ ઉચિત લાગે, પરન્તુ મહારાજશ્રીના નિત્યસ્વરૂપનો વિચાર કરતાં તો લીલાસ્થાનમાંથી વૈષ્ણવોનુ કલ્યાણ કરવાને જ આચાર્યવંશમાત્ર ભૂતલઉપર પધારે છે, અને ભૂતલનો ત્યાગ કરી પરિણામે ત્યાં જ પધારે છે, એટલે એઓશ્રીના સ્વરૂપના વિચારથી તો લીલામધ્યપાત આનન્દની વાર્તા છે, કારણ કે એમનુ પ્રભુના સંનિધાન કયા વૈષ્ણવને ન રુચે ? મહારાજશ્રીનું લૌકિક તિરોધાન–આસુરવ્યામોહ–પણ સંપ્રદાયના સાહિત્યમુદ્રણદ્વારા સંપ્રદાયનું કલ્યાણ જ કરશે એ વિચાર પણ શુભાર્થસૂચક જ છે

સ્વધર્મના મુખ્ય સિદ્ધાન્તો.

૧. જગત્ સત્ય છે.

૨. જગત, જીવ, અન્તર્યામી, અક્ષર ઇત્યાદિના નિમિત્ત અને ઉપાદાન કારણ શુદ્ધ નિર્ગુણ બ્રહ્મ કૃષ્ણપરમાત્મા જ છે.

૩ જીવે અવિદ્યાથી કલ્પેલો અહન્તામમતાત્મક સંસાર મિથ્યા છે.

૪. જીવ અણુ છે, શુદ્ધ નિર્ગુણ બ્રહ્મનો અંશ છે, વ્યાપક નથી.

૫. પરબ્રહ્મ પુરુષોત્તમ કૃષ્ણનું ધામ અક્ષરબ્રહ્મ ગણિતાનંદ છે.

૬ સર્વોપરિ વેદાદિ શાસ્ત્રે પ્રતિપાદિત પરમફલરૂપ વસ્તુ શ્રીકૃષ્ણ જ છે.

૭ કૃષ્ણની સેવા એ જ અંશ જીવનો ધર્મ છે, એટલે વસ્તુતઃ સ્વધર્મ કૃષ્ણસેવા જ છે.

૮. આત્મનિવેદન અને પ્રભુપ્રપત્તિ વિના અન્ય વિશ્વધર્મ કોઈ છે જ નહિ.

GRATIS.

The 'Suddhādwaita Philosophy' or 'System of Vallabhāchārya' by Mr. Mulchandra T. Telivala, B. A. will be posted to any gentleman applying to

Hummum Street,
BOMBAY, 1.
ISHVARDAS TRIBHUVANDAS VARJEEVANDAS SETH

Reg. No.B. 896.

વિદ્વન્મણ્ડન.

(અનુવાદક--નાનુલાલ નારાયણદાસ ગાંધી, M. A. LL. B.)

શ્રીમદ્વલ્લભાધીશ્વરનાં દ્વિતીય કુમાર શ્રીવિઠ્ઠલેશ્વરપ્રભુચરણના 'વિદ્વન્મંડન' નામક ગ્રન્થથી કયો વૈષ્ણવ અજ્ઞાત હશે? 'પુષ્ટિભક્તિસુધા'ના વાંચકોએ પુ. ભ. સુ. ના બીજા વર્ષના અંકોમાં તે ગ્રંથના તાત્પર્યનો અંશતઃ અનુભવ કર્યો છેજ. માયાવાદના સંપૂર્ણ ખંડન સાથે સ્વસંપ્રદાયનાં સિદ્ધાંતોનું ઉદ્ઘાટન, શ્રુતિ અને યુક્તિઓના અપૂર્વ બલથી સ્વસિદ્ધાંતોનું પોષણ જેવું આ ગ્રંથમા જોવામાં આવે છે તેવું અન્ય ગ્રંથમા નથીજ. પુષ્ટિમાર્ગનાં માર્મિક તાત્પર્યો સમજવાને માટે આ ગ્રંથ જેવો ઉપયુક્ત થઇ પડે છે, તેવો અન્ય નથી થઈ પડતો, ટૂંકામાં એટલુંજ કે આ ગ્રંથ એકજ વખત વાચીને તૃપ્ત નહિ થાઓ, પણ વારવાર વાચ્યાજ કરશો. ભાષા સરલ છે. સાધારણ ગુજરાતી જાણનાર પણ ઉચ્ચ સિદ્ધાંતોને આ ગ્રંથથી સમજી શકશે

ગ્રન્થ રોયલ આઠપેજી ૩૩ ફૉર્મનો છે, છતાં નોછાવર માત્ર રૂ. ૧-૮-૦ રાખ્યું છે. ગ્રંથ પ્રકટ થઈ ગયો છે.

મળવાનું ઠેકાણું:-

શા. ઓછવલાલ ગોપાલદાસની કું.

મૂળજી જેઠા મારકેટ, કામધેનુ ગલ્લી

મુંબઇ નં ૨.

વર્ષ ૪ થું] શ્રીકૃષ્ણાબ્દ ૫૧૩૯, આશ્વિન, કાર્તિક

पुष्टिभक्तिसुधा.

પુસ્તક ૧૧ શ્રીવલ્લભાબ્દ ૪૩૬ અંક ૭-૮.]

नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन
यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा वृणुते तनुं स्वाम् ॥१॥
नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया
शक्य एवंविधो द्रष्टुं दृष्टवानसि मां यथा ॥ २ ॥
भक्त्या त्वनन्यया शक्यः अहमेवंविधोऽर्जुन ।
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परंतप ॥ ३ ॥

તંત્રી તથા પ્રકાશક
વાડીલાલ નગીનદાસ શાહ,
બી એ, એલ્એલ્ બી, વકીલ, હાઈકોર્ટ.
પ્રત ૧૮૦૦
મુંબાઈ

* * *

નોછાવર રૂા° ૨-૮-૦
છુટક અંકના રૂ ૦-૪-૦

Printed by Somalal Mangaldas Shah at the Gujarat Printing Press Ahmedabad
and published by Vadilal N. Shah [illegible] Princess Street Bombay

आवश्यक निवेदन.

---

૧. આ માસિક સબંધી સઘલો પત્રવ્યવહાર પ્રકાશકને નામે કરવો.
૨ આ માસિક દરેક માસની કૃષ્ણ એકાદશીએ પ્રકટ થાય છે.
૩. આ માસિકમાં છપાવવાને, આવેલા લેખો લેવા ન લેવા તેમ જ તેમાં યોગ્ય સુધારોવધારો કરવો પ્રકાશકની ઇચ્છાધીન છે.
૪. શ્રીમદ્વલ્લભાચાર્યજીના સિદ્ધાન્તાનુસાર જ લેખ લેવામા આવશે.
૫ વર્ષનું નોછાવર પ્રથમથી લેવામાં આવે છે
૬ આ માસિકના પરિવર્તનમા જેમના તરફથી માસિક વા પત્ર મલશે તેમને વગર નોછાવરે આ માસિક મોકલવામા આવશે
૭. કોઇ પણ બાબતની ખબર મગાવવી હોય તો જવાબને સારૂ ટિકિટ બિડવી, તે સિવાય જવાબ આપવામા આવશે નહિ
૮. આ માસિકમા જાહેર ખબર છપાવવી હોય કે હેન્ડબિલ વહેંચાવવાં હોય તેમણે પ્રકાશકને લખવુ અથવા મલવુ.

પુષ્ટિભક્તિસુધાકાર્યાલય,
પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબાઇ. } પ્રકાશક.

અનુક્રમણિકા.

વિષયો.	લેખકો.
૧. સાંપ્રદાયિક સંસ્કૃત સાહિત્ય ...	...વે શા. સં ગણપતિરામ કાલીદાસ શાસ્ત્રી.
૨. કવિ દયારામભાઇનાં કાવ્ય. ...	...વે શા. સ. વસંતરામ હરિકૃષ્ણ શાસ્ત્રી
૩. શિક્ષાપત્ર	...Mr. D B. A. LL. B. High Court Pleader.
૪. શંકા-સમાધાન.	„ „
૫. મનુષ્યનું કર્તવ્ય અને ધર્મજિજ્ઞાસા ...	„ „
૬. માર્ગસ્વરૂપનિર્ણય	„ „
૭ અર્પણ.	..રા ગા. વૈષ્ણવ મુરલીદાસજી કોસીવાલા.
૮. સાંપ્રદાયિક ગુર્જર સાહિત્ય. ...	...રા રા. જેઠાલાલ ગોકુલદાસ
૯. આત્મનિવેદન ...	...રા. રા. રણછોડલાલ કેશવલાલ
૧૦. પુરુષોત્તમજાનીએ કર્મ કરવાં કે નહિ?	...રા. રા. વ. હ. શાસ્ત્રી
૧૧. શ્રીહરિરાયજીકૃત માર્ગશિક્ષા. ...	..રા. રા. કેશવલાલ ઇશ્વરદાસ
૧૨. શ્રીસ્વામિનીપ્રાર્થનાષ્ટક. ...	...વે શા. સ અવલરામ ભૂધરજી શાસ્ત્રી
૧૩. લીલાવૈચિત્ર્ય.	...રા. રા. લીલાલોચટ.

गुजर
विठ्ठल
पहल
मुंबई
वर्धक पु

॥ श्रीकृष्णाय नमः ॥
॥ श्रीगोपीजनवल्लभाय नमः ॥

॥ चतुर्भुजस्वरूपविचारः ॥

ननु श्रीमन्नन्दराजकुमारो द्विभुज एव, तत्र स्वानन्ददानतत्प्रतिबन्धापाकरणरूपक्रियाद्वयस्य विद्यमानत्वात्, नहि तत्र वंशजननधर्मरक्षणभूभारहरणमुक्तिदानलक्षणक्रियाचतुष्टयमस्ति, तस्य वसुदेवगृहाविर्भूते दृष्टत्वात्, एवंस शुद्धपुष्टिमार्गप्रवर्तकाचार्यमार्गवर्तिनां चतुर्भुजरूपमनुपपन्नमिवाभाति,

अत्रोच्यते, वसुदेवगृहाविर्भूत एव 'पित्रोः सम्पश्यतोः सद्यो बभूव प्राकृतशिशु'रितिवाक्यात् नन्दगृहाविर्भूत एव केवलधर्मी लोकवेदाप्रथितः पुरुषोत्तम जातः पूर्वरूपं धर्ममहितं स्वस्मिन्नन्तर्भाव्य प्रकटो व्रजे तद्विशिष्टगमनाय, अत ए यज्ञपत्नीनां तेनैव रूपेण फलदानं, इदं चाचार्यचरणैर्नामावल्यां यज्ञपत्नीसम्बन्धिनामनिरूपणस्थले 'अद्भुतबालकाय नम' इत्यादि नामनिरूपणेन सूचितं, एवंस व्रजलीलायामपि कदाचिदेतद्रूपप्राकट्यादुभयरूपसत्त्वमत्र प्रतिकृतावपि तथाभूताय धर्मिमार्गप्रवृत्तिभजनमुपपद्यते, तत्र क्रियाद्वयमाधिकं मर्यादार्पणतन्निवृत्तिरू ज्ञेयं, अत एव यज्ञपत्नीनां ब्राह्मणीरूपत्वात् पुष्टावनङ्गीकारेण मुख्याया अभावे भगवद्गृहनोक्त्याङ्गीकारश्चेति स एवोभयरूप इति तथा प्रतिकृतिभजनमेतन्मार्गवर्तिना निष्प्रत्यूहमुपपद्यत इति नानुपपत्तिः काचित् ॥

॥ [1]श्रीहरिरायविरचितद्विभुजचतुर्भुजस्वरूपविचारः सम्पूर्णः ॥

॥ [2]चतुर्विंशतिमूर्तिविचारः ॥

पद्मशङ्खारिगदया केशवः परिकीर्तितः ॥
शङ्खाम्बुजगदाचक्रैर्देवो नारायणः स्मृतः ॥ १ ॥

गदां शङ्खं च पद्मारी बिभ्रन्माधव उच्यते ॥
चक्रं गदापद्मशङ्खान् गोविन्दो धारयत्यसौ ॥ २ ॥

---

[1] श्रीहरिरायाणामेतद्ग्रन्थप्रणयने सन्दिग्धे मनोस्माकम् ।
[2] अस्य ग्रन्थस्य कर्तुर्नाम नोपलभ्यते ।

गदापद्मे शङ्खचक्रे विष्णुरित्यभिधीयते ॥
चक्रशङ्खाम्बुजगदा बिभर्ति मधुसूदनः ॥ ३ ॥

पद्मं गदां चक्रशङ्खौ बिभर्त्येपत्रिविक्रमः ॥
शङ्खचक्रगदापद्मैर्वामनः परिकीर्तितः ॥ ४ ॥

पद्मचक्रगदाशङ्खैः श्रीधरः कथितो हरिः ॥
गदार्यम्बुजशङ्खैस्तु हृषीकेशोभिधीयते ॥ ५ ॥

शङ्खपद्मारिगदया पद्मनाभोत्र लक्षितः ॥
पद्मशङ्खगदाचक्रैर्दामोदर उदीरितः ॥ ६ ॥

गदाशङ्खाब्जचक्रैस्तु सङ्कर्षण उदीरितः ॥
गदाशङ्खौ चक्रपद्मे वासुदेवो बिभर्ति सः ॥ ७ ॥

चक्रशङ्खगदापद्मैः प्रद्युम्नः परिकीर्तितः ॥
चक्रकौमोदकीशङ्खपद्मैः स्यादनिरुद्धकः ॥ ८ ॥

चक्राब्जशङ्खगदया लक्ष्यते पुरुषोत्तमः ॥
चक्रकौमोदकीपद्मशङ्खैस्तु स्यादधोक्षजः ॥ ९ ॥

चक्रपद्मगदाशङ्खैस्तूच्यते नरकेसरी ॥
गदाम्बुजारिशङ्खैः स्यादच्युतोसौ रमापतिः ॥ १० ॥

पद्मारिशङ्खगदया लक्ष्यतसा जनार्दनः ॥
शङ्खो गदाचक्रपद्मान्युपेन्द्रस्य तु लक्षणम् ॥ ११ ॥

शङ्खचक्राब्जगदया हरिरित्येष कीर्तितः ॥
शङ्खकौमोदकीपद्मचक्रैः श्रीकृष्ण उच्यते ॥ १२ ॥

दक्षिणाद्धस्तनिकरादारभ्यैतत्प्रदक्षिणम् ॥
चतुर्विंशतिमतानामायुधानां हि निर्णयः ॥ १३ ॥

કવિ દયારામભાઇનાં કાવ્ય.

શરદૃતુવર્ણન.

વીતી વર્ષા [1]વૃષભાનુજા કહે શરદ જો આવી;
નાથ હજી ન વળ્યા સખી, [2]પાણિપત્રિકા ન આવી. ૧
જલ વાદલ નિર્મલ થયાં પંથા પંથી સુપથ;
ચલે ન તદપિ કંસની [3]કિંકરી થકી કથ. ૨
[4]ખંજન પ્રકટ થયા ગયા આસુ અંજન વહીને;
રંજન મન ભંજન કર્યાં સુખ [5]શશી રહ્યો દહીને ! ૩
[6]આતપ કેમ થઇ ચંદ્રિકા આતે સોમ કે [7]સૂર !
સુખકર વિપરીત પિયુ વિના દે દુખ પ્રચુર. ૪
ક્યા તે શરદ [8]ક્ષપા ચંદ્રમા ક્યા તે ત્રિવિધ [9]સમીર,
ક્યા સુખપુંજનિકુંજ ક્યા તે શ્રીયમુનાતીર ૫
ક્યા તે મોહન છબિ માધુરી વન રાસ વિલાસ,
આજ સર્વ અવળા થયા પતિ [10]પાખે દે ત્રાસ ૬
ફૂલ્યા કમળ લખી [11]અમલતા રવિ મિત્ર સુરંગ,
કરમાયું મુજ [12]હૃદયકંજતો વિના પિયુજી [13]પતંગ. ૭
[14]વિજયા લગી ગુણુ નવ નિશા આસક્તિ ગણાશે,
પ્રભુએ તો આસક્તિ તજી મારી શી ગતિ થાશે. ૮
સીપ પપૈયા પોષિયા [15]સ્વાતિજલધારે,
હું તો નિરાશ હજી લગી પતિ પોષશે ક્યારે ? ૯
શોક કામણ કરશે સખી આજ ચૌદશ કાળી;
મૂકી એને આવશો હવે શીદ વ્રજ વનમાલી. ૧૦
રાત દીવાળી શી વિતતી, મૂળે જાત રૂપાળી;
કામણ કામના ત્યાં સખી, છબિ કામણવાળી ૧૧
પાક નાના અન્નકૂટ તે, કોણ ભોજન કરશે ?
પ્રભુ વિના [16]પાકારી કોપશે કદા ગિરિ કોણ ધરશે ? ૧૨

શ્લોક

અમૃત [17]ઉદધિ અનંત વાણી નાંખુ રસં પ્રેમઉપર અણુ,
અનુભવિવેદ્ય અવેદ્ય સર્વ કોઇને દુર્દર્શ વસ્તુ અતિ,
અજ્ઞાનદથકી બહુ જ અધિકો નિસ્વાર્થ સ્નેહ કૃષ્ણ શું,
પ્રાણથકી પ્રિય રૂપ અનૂપ આનંદ મન વાણીથી વેગળો. ૧૩

---

[1] રાધાજી, [2] હાથની ચિઠ્ઠી, [3] કંસની દાસી કુબ્જા, [4] એ નામના પક્ષી, [5] ચંદ્ર, [6] તડકારૂપ, [7] ચંદ્ર કે સૂર્ય? [8] રાત્રિ, [9] મંદ,સુગંધ, અને શીતળ એ ત્રણપ્રકારના વાયુ. [10] વિના, [11] નિર્મળતા, [12] હૃદય કમળ, [13] સૂર્ય, [14] વિજયાદશમી સુધી, [15] સ્વાતિ નક્ષત્રના જળથી, [16] ઇંદ્ર, [17] સમુદ્ર;

શુ કહુ મમ પતિને અહી [૧]રતિ ન આર્તિને;
લવ ન ધવ [૨]રતિને દૂષણ તે રતિને;
ધન્ય છે [૩]દર મતિને, રહે સમીપે સતીને;
ધન્ય પર પ્રકૃતિને, સહે ન આ આર્તિને. ૧૪

હેમન્તવર્ણન.

હેમંત આવી ના આવીઆ, હરિ હિંમત ભાગી,
અંગ અનંગ અગન તો, પ્રતિ રોમે જાગી ૧
કેમ કરૂં રે કોને કહુ ક્યા જાઉં રે સજની,
કોટિ કલ્પ મોટી પલક પા કાઢું કેમ દિન રજની ૨
વૃદ્ધિ પામી રે [૪]વિભાવરી દુર્બલ થયો દિન;
ચિંતા મુને ચકવાકીને, જગ જુગ [૫]સુખ પીન. ૩
મન-સુત ભૂત ભ્રમાવે છે, મન કાય કંપાવે,
શીત લખી સખી સમઝતી, એ [૬]પાવક લાવે.
આજ કરૂં શું અગીઠડી દીઠડી નથી દેહ;
અંતર આગ શું [૭]નીઠડી પ્રભુ સાંધ્યો શું નેહ. ૫
એમ કહેતાં અચેતન થઇ હા હા કહી ઢળી ધરણી;
આવી સમીપ ધરી આલિ; ભલી ભાસે ન તરુણી. ૬
જાન ઘડી છેક રાત જેમ, અર્ક [૮]કર્કે થાય,
અતિ શિથિલ પડી કાંચળી, પાંસળિયો ગણાય. ૭
ગોરી થઇ ઘણી ગોરડી, [૯]લાલવિન ઘટી લાલી:
મેદ ન સમ ખાવા રહે, ધીરજ કેમ રહે ઝાલી? ૮
એવી જોઇ રોઇ સહચરી, ઉર સરશી લીધી;
અતિપ્રપત્ન વિધિ કરી શ્યામા જાગૃત કીધી. ૯
દીર્ઘ નિશ્વાસ [૧૦]મુહુર્મુહુ મૂકે હરિણિના બાલા,
ઉષ્ણ એવા જાણે પ્રલયના અગ્નિની જ્વાલા. ૧૦
[૧૧]મધુવ્રતમન અરવિંદમા, કંજ [૧૨]તરણિની માયા,
તેમ તલખું હુ કૃષ્ણને તે તો કુબ્જા લોભાયા. ૧૧
મિરચ વિના ન બરાસ રહે મિરી મુખી સદા આપે.
એકને પ્રીત ના એકને, તેમ રહે પરિતાપે. ૧૨

શ્લોક.

વૃદ્ધિ સ્નેહ ન સુખદાનિ [૧૩]કદને પરમાર્થ હોયે કદા,
[૧૪]યાથાતથ્ય અખંડ ચોલ દુકૂલે [૧૫]ભાતી પટોલે યથા,

---

૧ પ્રીતિ મળી પણ પીડા નહિ, ૨ રતિના સ્વામીનો લેશપણ દોષ નથી પણ મારી પ્રીતિનો જ છે, ૩ ચતુરની બુદ્ધિને, ૪ રાત્રિ, ૫ જોડાં હોય તો સુખમાં મસ્ત રહે. ૬ અગ્નિ. ૭ મનનો અગ્નિ શું યોગ રચ્યો ૮ કર્કરાશિના સૂર્ય વર્તે, ૯ કૃષ્ણવિના, ૧૦ વારવાર, ૧૧ ભ્રમરનું મન, ૧૨ કમળને સૂર્યની માયા હોય છે, ૧૩ વસ્ત્રને, ૧૪ યથાયોગ્ય, ૧૫ રેશમી વસ્ત્રમાં,

ગુણરૂપાદિક સર્વ ત્યાજ ભાસે જ્યાં પ્રેમ સંલગ્નતા,
તે સર્વે પૂર્વોક્ત રાખી પરિષ્ઠ, કેમ ચિત્ત ત્યાથી ચળે ૧૩
પતિ અવગુણ આણું પણ ન ઠરવા ઠેકાણું,
ઉર સુગુણ ભરાણું ત્યાં શું નિંદુ વખાણું;
જીવન જલમકરનું હેત શે ક્ષમ પરનું,
સ્વલ્પ [1]શ્યામલતાનું, તદપિ ત્યા મિન માનું. ૧૪

શિશિરઋતુવર્ણન.

શિશિર ઋતુ લખી [2]શશિમુખી કહે સખી શું વચન.
[3]કંજ પ્રજાળ્યા જો હિમે કામે તેમ મારૂ તન. ૧
સૂર્ય શીતલ શશિ સમ થયો, ગરમી ધરી શીતત્રાસ,
આવી પળી સહુ મુજ હૃદે, લહી કુટિલ [4]મેવાસ ૨
શાને કંપે સખી શીતથી, મેલ્ય મંદિર મારૂં;
છેક સમીપ આવીશમા દાઝશે તનુ તારૂં ૩
આર્દ્ર અંબર આ ઋતુ, ઓઢી અલિ આવે પાસ,
તદપિ તપે તન તે તણું, થાયે સ્વેદ પ્રકાશ. ૪
વિરહાનલ અનિલ સુખ સ્મૃતિ સપત્ની સુખ ક્ષાર.
હેમ [5]હાર મારે નહિ દ્રવી નીસરે ધાર. ૫
વિદ્રુમ ઉપર મુક્તા થયાં નરડા તડકિયા કોઇ,
મલિન માલ્ય માલા થઇ, દહે અલિવર જોઇ. ૬
ગંગાધરા આવી ઉર્ધ્વથી, શિવ શિર રહી સમાઇ,
તેમ દગ્ ધાર ઉરજ પડી સમી અગ્ર ન ધાઇ. ૭
સ્નાન કરૂં યમુના વિષે તપ્તોદક થાય;
નીરનિમગ્ન સોપાન તે પદ સ્પર્શ સુકાય. ૮
મિટ [6]પડે જ્યા જ્યા મુને ત્યાં ત્યા મોહન ભાસે.
તેમ તેમ દુખ અનુભવી લહે અન્ય આશ્ચર્ય વાસે ૯
ભાન નહિ ખાન પાનનુ નિમિષ ન નિદ્રાય,
વીતે વિચારે વાસર ક્ષપા હા હા અતિ પળ થાય. ૧૦
કદા ચિત્રવત્ થઇ રહે કદા ધ્રુસકે રોય,
કવાચિ કવાચિ કરી કુ [7]લુંઠે સ્વે પલ પુટ તોયે. ૧૧
વિતનુ વિદારે ઉર અતિ કલ કેમ પલ પામે,
પિયુ હરિ હર સામા જો મલે, રતિપતિ બલ વામે. ૧૨

શ્લોક.

પ્રલયાનલ થકી તાપ અગણિત ધર્યો વિરહાગ્નિ કેરો હેતુ,
નિશદિન તે મમ ઉર અખંડ પ્રજલે કહે કોણ જઇ કૃષ્ણને.

---

[1] કાળાચટ્ટ, [2] ચંદ્રમુખિ, [3] કમળો, [4] દેશનું નામ [5] સોનાનો હાર પહેરૂં તો વિરહાગ્નિથી અને શોકના સુખરૂપ ક્ષારથી ગળી જાય [6] દૃષ્ટિએ પડે, [7] પૃથ્વીઉપર આળોટે

મહદ્ આશ્ચર્ય મુને તથા સર્વને રહે કેમ અસુ એ દુખે,
પણ કારણ 'ભાસે' મુને ટક્યાનું આશા હરિ આવવા. ૧૩

अन्यवृत्त.

જેમ જેમ વિરહ દાધે, તેમ રતિ વેલ વાધે,
મિલન પોષણ સાધે, ન્યૂનતા નિત્ય લાધે;
પણ ન સહન થાયે, ચલન પાખે રહેવાયે,
જખમી જલજ માગે, મૃત્યુ ભયથી ન ત્યાગે. ૧૪

શ્રી હરિરાયજીકૃત પ્રથમ શિક્ષાપત્ર.

શ્રીકૃષ્ણાય નમઃ ॥ સંસારમાંથી સદા નિર્વેદવાળાએ, કૃષ્ણદર્શન માટે સદા આર્તિવાળાએ, લૌકિક વૈદિક કાર્ય પણ અનાસ્થાથી (જેમ તેમ કરીને) કરીને, વાણીનો નિરોધ કરીને, જરૂર જેટલુંજ બોલીને, હમેશાં મનવડે ભગવાનની સર્વ લીલાની ક્રમવડે ભાવના કરવી. (૧-૨) પ્રભુમા ચિત્તનો નિરોધ કરીને જ તનુજા સેવા પણ કરવી પ્રભુસેવોપયોગી પદાર્થોની જેમ રક્ષા થાય તેમ સર્વ દૈહિક કાર્ય કરવું. સેવાના હેતુને માટેજ સ્ત્રી વગેરેમાં પ્રીતિ રાખવી. (૩-૮) સ્ત્રી વગેરે જો સેવામા પ્રતિકૂલ હોય તો પ્રભુના અસંબંધિ વસ્તુના ત્યાગની માફક તેનો પણ ત્યાગ કરવો. ધનમા નિસ્પૃહ રહેવું, સેવામાં ઉપયોગી હોવાને લીધેજ તેનું ગ્રહણ કરવું. (૫). સ્ત્રીના વિવાહાદિક કાર્યોમાં પ્રભુની સેવામા મન રહે (પ્રભુસેવામા સ્ત્રી ઉપયોગી થશે એવા હેતુથી વિવાહ વગેરેમા દ્રવ્ય ખરચવું). અને આપણા પ્રાણપ્રેષ્ઠ શ્રી ઠાકુરજીની કથા વાર્તાને માટેજ ભગવદ્ભક્તોનો સંગ કરવો. (૬). સેવાના અનોસરમાં વિયોગનો અનુભવ કરવો. મૂર્તિમા-શ્રી ઠાકોરજીના સ્વરૂપમા-સાક્ષાત્ શ્રીકૃષ્ણની ભાવના કરવી તોજ તેને સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમના દર્શન થાય. (૭) ભગવત્સ્વરૂપનો ભાવથીજ સ્પર્શ કરે તેમ સર્વ દેહ સંબંધિ તેમાજ કરે. કેમકે ભાવાત્માનો સર્વ અનુભવ ભાવથીજ થાય. બીજી કોઇ રીતે થઇ શકે નહિ. (૮). હૃદય અતિઅશુદ્ધ હોવાથી તેમાં પ્રભુના આવેશનો સંભવ નથી. પોતાની અતિશુદ્ધ મૂર્તિમાં હરિ આવેશ કરીને સર્વજનોને જેટલી સાધનસંપત્તિ હોય તેટલો અનુભવ કરાવે છે. પછી હૃદય શુદ્ધ કરીને તેમાં પોતે આવેશ કરે છે (૯-૧૦) દીનતાથી સંતોષ પામીને નિત્ય અલૌકિક દેહ આપીને, ભાવાત્મા પ્રભુ તેમા પ્રવેશ કરીને પોતાનો અનુભવ કરાવે છે. (૧૧). એ પ્રકારના નિત્ય ફળનું ચિત્તમાં સદા ચિંતન કરીને કૃષ્ણ સેવામાજ સર્વથા આગ્રહપૂર્વક આદર રાખવો. (૧૨) સંયોગ અને વિપ્રયોગ બન્ને રૂપ હોવાથી સેવા અપૂર્વ અને વિલક્ષણ છે. એ ભાવ દશમ સ્કંધના ૩૦ મા અધ્યાયના ૪ થા શ્લોકમા કહ્યો છે. તે શ્લોક નીચે પ્રમાણે છે—

गायन्त्य उच्चैरमुमेव संहता विचिक्युरुन्मत्तकवद्वनाद्वनम् ।
पप्रच्छुराकाशवदन्तरं बहिर्भूतेषु सन्तं पुरुषं वनस्पतीन् ॥

અર્થ—સર્વે ગોપીઓ મળીને પ્રભુના ગુણગાન ઉંચા સ્વરથી ગાવા લાગી, ઉન્મત્ત બાવરીની માફક એક વનથી બીજા વનમા પ્રભુને શોધવા લાગી, આકાશવત્ અંદર અને બહાર સર્વ પ્રાણિમા રહેનાર પ્રભુ ક્યાં છે? ક્યાં છે? એમ ઝાડોને પૂછવા લાગી.

એ પ્રમાણે ભાવ રાખવો. (૧૩). ઉપર કહેલો ભાવ સિદ્ધ થયા પછી જેમ કેવળ વિરહાત્મક ભાવ થાય તેમ પુષ્ટિમાર્ગમા ફલરૂપ થાય, કેમકે કેવલ વિરહાત્મક ભાવ ફલરૂપ છે. (૧૪). ફલની આશા હોય તો કૃષ્ણ વદનરૂપી ફલનુ હૃદયમા ચિતન કરવુ ભક્તના ભાવાત્મક રૂપ હોવાથી સદાનદ કૃષ્ણ ફલરૂપ છે. (૧૫). ત્યા જ્ઞાનનો સબધ નથી, કારણ કે અહિં જ્ઞાન છે જ નહિ પુરુષોત્તમ સચ્ચિદાનદરૂપ શ્રુતિસ્મૃતિ વગેરેમા પ્રસિદ્ધછે. (૧૬). પૂર્વાવસ્થા એટલે સયોગાત્મકનુ ફલ કૃષ્ણ છે, અને ઉત્તર એટલે વિપ્રયોગ કેવલ ફલરૂપ છે. (પૂર્વાવસ્થા=સયોગ=સાધન અને ઉત્તરાવસ્થા=વિપ્રયોગ=ફળ એ બને શ્રીકૃષ્ણ જ છે તેમનુ મુખારવિંદ તે જ કૃપાપૂર્ણ શ્રીવલ્લભપ્રભુ (૧૭) મન, વાણી અને કાયાની વૃત્તિઓથી તેમનો આશ્રય સર્વદા કરવો. તદીય એટલે ભગવદીયમા સ્વકીયપણુ એટલે મમત્વ રાખવું. જે તેમને શરણે ન આવ્યા હોય તેમને ભિન્ન (જૂદા) ગણવા (૧૮) જેવો ભાવ શ્રી આચાર્યજીમા રાખવો તેવો—તેથી વિશેષ તદીય ભગવદીયમાં રાખવો, જેમ વિષયિજનનો ભાવ દુરિપર હોય છે તેમ. (૨૦) જો ભગવદીય આપણાથી પ્રસન્ન થાય તો કૃષ્ણ સતુષ્ટ થયા, એમા કાઇ સશય નહિ. ભગવદીય કોને કહેવા ? શ્રીવલ્લભાચાર્યજીનો આશ્રય જેને દૃઢ હોય, અનન્ય થઇ પ્રભુ ભજન કરતા હોય, સતોષી હોય, કામ લોભ વગરના હોય નિરપેક્ષ એટલે કાઇપણ અપેક્ષા વગરના હોય, વિરક્ત હોય, સર્વ પ્રાણિમાત્રનુ હિત કરવાવાળા હોય, ઈર્ષ્યા અદેખાઇ વગરના હોય, કૃષ્ણસેવાકથા વગેરેમા આદર કરવાવાળા હોય, એવા ભગવદીય મળે તો તેમના સંગથી વિશેષ ફળ થાય. (૨૧—૨૨—૨૩) દયાળુ શ્રીઠાકોરજીએ જેમનો સ્વીકાર કર્યો છે, એવા શુદ્ધભાવવાળા વૈષ્ણવોનુ શ્રીવલ્લભાચાર્યજીની કૃપાથી સર્વ કાર્ય સિદ્ધ થશે. (૨૪)

ઇતિ શ્રીહરિરાયજીકૃતં પ્રથમશિક્ષાપત્ર સંપૂર્ણમ.

શંકાસમાધાન

એક સંભાવિત વૈષ્ણવ સજ્જન નીચે પ્રમાણે શકા પુછે છે—

ઈશ્વર ઇચ્છાનું general and particular cause (સામાન્ય અને વિશેષ કારણ) એક છે કે બને જુદા છે ? અને જુદા છે તો શી રીતે ? અને એક છે તો કેવી રીતે ? ખોટા વિચારો ઉત્પન્ન થાય તે પણ ઈશ્વરેચ્છા ? અને તેને બદલે સારા વિચારો મુકવાનો પ્રયાસ પ્રભુકૃપાથી કરવો તે પણ ઈશ્વરેચ્છા ? શુ કરવુ અને શુ મુકી દેવુ? અને મુકી દેવુ તો કેવી રીતે ?

સમાધાન—ઈશ્વર અને ઈચ્છા એ બને શબ્દોજ એવા છે કે તે ઇચ્છા—લીલા સિવાય અન્ય કોઈ કારણથી નિયત્રિત થઇ શકે જ નહિ. અન્ય કારણ શોધનારને નિષ્ફલતા જ પ્રાપ્ત થાય. સર્વનો ઈશ્વર પોતાની ઈચ્છા—લીલા પ્રમાણે આત્મસૃષ્ટ સર્વનુ નિયત્રણ કરે, તેનુ કારણ લીલા સિવાય બીજુ શુ હોય ? ઈશ્વર અને તેની ઇચ્છાને નિયત્રણ કરનાર કાઇ અન્ય માનીએ—કર્મ, સ્વભાવ વગેરે માનીએ તો ઈશ્વરનુ ઈશ્વરત્વ જ જતુ રહે, કેમકે ઈશ્વરને નિયત્રણ કરનાર ઈશ્વર કરતા શ્રેષ્ઠ થઇ જાય. આજ વિચારનુ સમર્થન કરતા બૃહદારણ્યકમા કહ્યુ છે કે,

स एकाकी न रमते । स द्वितीयमैच्छत् । स ह एतावानास । १-४-३.
सर्व एव आत्मानो व्युचरन्ति कपूयचरणा रमणीयचरणा ॥ २-१-१०.

અર્થ—તે એકલા રમતા નથી. તેણે બીજાની ઇચ્છા કરી. તે આ પ્રમાણે થયા નઠારા આચરણ કરનાર અને સારા આચરણ કરનાર સર્વ જીવાત્માઓ એમાંથીજ નિકળે છે.

કૌષીતકિબ્રાહ્મણ ઉપનિષદ્‌માં તો સ્પષ્ટ કહ્યું છે કે—

एष ह्येव साधु कर्म कारयति तं यमेभ्यो लोकेभ्य उन्निनीषत्येष उ एवा साधु कर्म कारयति तं यमेभ्यो लोकेभ्योऽधोनिनीषति ॥

અર્થ—જે જીવને આ લોકમાંથી ઉંચે લેવાની ઇચ્છા કરે છે તેની પાસે એજ (ઈશ્વર જ) સારાં કર્મ કરાવે છે. અને જે જીવની આ લોકમાંથી અધોગતિ કરવા ઇચ્છે છે તેની પાસે એજ (ઈશ્વર જ) નઠારાં કર્મો કરાવે છે

ગીતામાં પણ પ્રભુ સ્વમુખથી કહે છે કે,

ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ।
भ्रामयन् सर्वभूतानि यन्त्रारूढानि मायया ॥
सर्वस्य चाहं हृदि सन्निविष्टो मत्तः स्मृतिर्ज्ञानमपोहनं च ॥

અર્થ—હે અર્જુન, ઈશ્વર સર્વ પ્રાણિમાત્રના હૃદયમાં સ્થિતિ કરી રહ્યા છે, અને સર્વ પ્રાણિને પોતાની માયા શક્તિથી જાણે કે યંત્ર પર ચઢાવીને ભ્રમણ કરાવે છે.

હું સર્વના હૃદયમાં નિવાસ કરી રહેલો છું. સ્મૃતિ, જ્ઞાન, અને જ્ઞાનનું દૂર થઈ જવું એ સર્વ મારાથીજ થાય છે.

સૂત્રમાં પણ આનું જ સમર્થન કરતા વ્યાસજી કહે છે કે,

वैषम्यनैर्घृण्ये न सापेक्षत्वात् तथाहि दर्शयति

બ્રહ્મમાં વૈષમ્ય નૈર્ઘૃણ્ય દોષ નથી, કેમકે પોતાના આત્મામાંથી સૃષ્ટિ ઉત્પન્ન કરી છે તાત્પર્ય કે વિષમતા, નિર્ઘૃણતા અન્ય તરફ—પારકા તરફ થઈ શકે, પણ જ્યાં સર્વ પોતાનીજ સૃષ્ટિ છે ત્યાં વિષમતા કેવી?

શ્રીમદ્‌ભાગવતના પ્રથમસ્કંધના છઠ્ઠા અધ્યાયના સાતમા શ્લોકમાં કહ્યું છે કે 'ईशस्य हि वशे लोका योषा दारुमयी यथा" એટલે કાષ્ઠની પુતળીની માફક ઈશ્વરને વશ સમગ્ર લોક છે.

અનન્ય ભગવદીયોનો પણ આ જ અનુભવ છે. દયારામ કહે છે કે

૫૬.

ચિત્ત તું શિદને ચિંતા ધરે, કૃષ્ણને કરવું હોય તે કરે.
સ્થાવર જંગમ જડ ચૈતનમાં, માયાનું બળ ઠરે;
સ્મરણ કર શ્રીકૃષ્ણચંદનું, જન્મ મરણ ભય હરે. કૃષ્ણને ૧
નવ માસ પ્રાણિ કૃષ્ણચંદનું, ધ્યાન ગર્ભમાં ધરે;
માયાનું આવરણ કર્યું ત્યારે, લક્ષ ચોરાશી ફરે. કૃષ્ણને. ૨
તું અંતર ઉદ્વેગ ધરે તેથી કારજ શું સરે;
ધણીનો ધાર્યો મનસૂબો હર બ્રહ્માથી નવ ફરે. કૃષ્ણને. ૩
દોરી સર્વની એના હાથમાં, ભરાવ્યું ડગલું ભરે;
જેવો જંત્ર વગાડે જંત્રી, તેવો સ્વર નિઃસરે. કૃષ્ણને ૪

થનાર વસ્તુ થયા કરે જયમ, શ્રીફળ પાણી ભરે;
જનાર વસ્તુ એણીપેરે જાયે, જયમ ગજ કોઠું ગરે. કૃષ્ણને. ૫
જેવું, જેટલું, જે, જયમ કાળે, તે તેને કર ઠરે;
એમાં ફેર પડે નહિ કોઇથી, શિદ કુટાઇ તું મરે. કૃષ્ણને ૬
તારૂં ધાર્યું થતું હોય તો, સુખ સંચે દુઃખ હરે;
આપતણું અજ્ઞાનપણુંએ, મળ વિચારે ખરે. કૃષ્ણને ૭
થાવાનું અણચિંતવ્યું થાશે, ઉપનિષદ્ ઓચરે;
રાખ ભરોસો રાધાવરનો, દયા શીદને ડરે. કૃષ્ણને. ૮

૫૬.

કોટિ પ્રયત્ન કરો તોયે પણ, સુખ દુખ હાથ હરીનેરે,
થાવાનું સહજે પણ થાશે, હરિ ભજ ભાવ ધરીનેરે
ચંદ્રહાસને વિષ વિષયા કરી, દુષ્ટ મતિ પછી હાર્યોરે,
વણ વિચારે મદન મારિયો, કોણે એ મરવો ધાર્યોરે.
અજામિલ સરખાને વણશ્રમે, તેજ દેહમા મુક્તિરે,
માધવ પ્રકટ મળ્યા મુચુકુંદને, તદપિ જન્મ, કહ્યા મુક્તિરે.
ધીરજ ધરે કે કરે ઉતાવળ, કોણ લહે સુખ મેહેમારે,
મનુષ્ય માથે (મથે) પણ કાંઈ નવ સમજે, હરિ સમજે એક એહમારે
કર્માદિકનું તહા લગી બળ, હરિ જ્યા લાગિ મનમા નાણેરે,
નહિતો કરુણાનિધિ ઈશ્વરપદ, શાને વેદ વખાણેરે.
બ્રહ્મ શાપ જોતા વણ વાંકે, સહુ યાદવને લાગ્યોરે,
ઉદ્ધવ વજ્રનાભ વંચાવ્યા, મન સાધે (સંદેહ) સહુ ભાગ્યોરે.
કર્તું અકર્તું અન્યથા કર્તું, સમર્થ ઈશ કહાવેરે,
સર્વેશ્વર સર્વાત્મા સ્વતંત્ર તેમ કરે જેમ ભાવેરે
સુખ થાવા સહુ દુખ જાવાનો, એજ ઉપાય એક સાચોરે,
મન કર્મ વચને કૃષ્ણ ભજો દયા, અવર વિચાર સહુ કાચોરે.

આ બધા પ્રમાણોથી સિદ્ધ થાય છે કે ઈશ્વરેચ્છાનું લીલા સિવાય બીજું કારણ નથી સારા નરસા વિચારો આવવા એ પણ ઈશ્વરાધીન જ છે ઘણાએ સારા વિચારો આપણને આવે છે, પણ તે પ્રમાણે ચલાય છે ક્યા ? માટે પ્રભુકૃપા સિવાય ઉચ્ચ વિચારો પણ નિર્થક થઇ પડે છે. તેથી જ દુર્યોધને કહ્યું કે—

जानामि धर्मं न च मे प्रवृत्ति।
जानाम्यधर्मं न च मे निवृत्ति॥
केनापि देवेन हृदि स्थितेन।
यथा नियुक्तोऽस्मि तथा करोमि॥

અર્થ—હું ધર્મ જાણું છુ, પણ તેમાં મારી પ્રવૃત્તિ થતી નથી, હું અધર્મ જાણું છુ, (સમજું છુ), પણ તેમાથી મારી નિવૃત્તિ થતી નથી હૃદયસ્થિત કોઇ દેવ જેમ મને દોરવે છે તેમ હું કરું છુ.

પાપબદ્ધ મનની આ સ્થિતિ સ્વાભાવિક છે, અને પોતાના અનુભવનો વિચાર કરનાર તરત સમજશે કે દુર્યોધનનું કહેવું યથાર્થ છે. જાણતા છતા પણ આપણે ખાડામાં પડીએ છીએ, અને તે પણ એક વખત નહિ પણ સેંકડો વખત. (આ ઉપર જુઓ તકરાર, ગયા અંકમા પાને ૧૩૮ મે.) આ સર્વનો વિચાર કરી શ્રીમહાપ્રભુજીકૃત વિવેક ધૈર્યાશ્રયગ્રંથ વાચી સમજી નિશ્ચિંત થવું. चिन्तकस्तु हरि. सर्वं निजेच्छात करिष्यति હરિ સર્વ પોતાની ઇચ્છાથી કરશેજ એમ સમજવું એ વિવેક सर्वत्र तस्य सर्वं हि सर्वसामर्थ्यमेव च. સર્વત્ર સર્વ પ્રભુનુ જ છે, અને પ્રભુ સર્વ સમર્થ છે આમ સમજી પ્રભુનોજ આશ્રય રાખવો.

ऐहिके परलोके च सर्वथा शरणं हरि ।
दुःखहानौ तथा पापे भये कामाद्यपूरणे ॥
भक्तद्रोहे भक्त्यभावे भक्तैश्चातिक्रमे कृते ।
अशक्ये वा सुशक्ये वा सर्वथा शरणं हरि ॥
अहंकारकृते चैव पोष्यपोषणरक्षणे ।
पोष्यातिक्रमणे चैव तथांतेवास्यतिक्रमे ॥
अलौकिकमनःसिद्धौ सर्वार्थे शरणं हरि

અર્થ—આ લોક પરલોક સર્વ બાબતમા સર્વથા શ્રીહરિ શરણ છે દુઃખ તથા હાનિને વિષે, પાપમા, ભયમા, કામ વગેરે પૂર્ણ ન થાય તેમા, ભક્તજનના દ્રોહમા, ભક્તિના અભાવમા, ભક્તો પાપ કરે તેમા, અશક્ય તેમજ સુશક્ય સર્વ વાતમા શ્રીહરિજ શરણછે. અહંકારકૃતિમા, પોષ્યના પોષણ અને રક્ષણમા, પોષ્ય વિરુદ્ધ ચાલે તેમા, નિકટ રહેનાર શિષ્ય સામો થાય ત્યારે, અલૌકિક મનની સિદ્ધિ થવામા, સર્વ બાબતમા શ્રીહરિ શરણ છે.

શુ કરવુ અને શુ મુકી દેવુ?—"સર્વદા સર્વ ભાવથી વ્રજાધિપની સેવા કરવી આપણો એજ ધર્મ છે. બીજો કોઇપણ આપણો ધર્મ નથી. કર્તવ્ય પ્રભુ પોતેજ કરશે. કારણ કે પ્રભુ સર્વ સમર્થ છે. માટે નિશ્ચિત રહેવુ. શ્રીગોકુલાધીશ પ્રભુ સર્વાત્મભાવથી હૃદયમાં ધારણ થયા, તો પછી લૌકિક વૈદિકથી વિશેષ શુ મળવાનુ હતુ? બોલ. માટે મારૂ માનવુ તો એમ છે કે હમેશા શ્રીગોકુલેશ્વરના ચરણકમલનું સ્મરણ કરવું, અને તેની સેવા છોડવી નહિ"

આ ઉપર લખેલા શ્રીમહાપ્રભુજીના ચતુઃશ્લોકીના જ વચન છે. તેનુ જ ભાષાંતર છે. માટે તેજ કરવુ અને બીજું સર્વે મુકી દેવુ જ્યારે આમ આત્મનિવેદન થાય, ત્યારે નવરત્ન ગ્રંથનુ અનુસંધાન કરવુ. તેના છેલા બે શ્લોકમા કહ્યું છે કે "ચિંતોદ્વેગ છોડી દઇને હરિ જે જે કરશે તે તેની લીલાજ છે. એમ માની ચિંતા છોડવી મારૂં માનવુ એમ છે કે સર્વાત્મભાવથી નિત્ય 'શ્રીકૃષ્ણ શરણ મમ' એમ બોલતા બોલતાં હમેશા રહેવુ"

આ શંકાનું સમાધાન અહિં માત્ર શાસ્ત્રના પ્રમાણથી કર્યું છે. પણ તેથી સંતોષ ન થતો હોય અને સાથે યુક્તિની અપેક્ષા હોય તો શ્રીગુસાંઇજીકૃત વિદ્વન્મંડન ગ્રંથનું ભાષાંતર હાલમા ગુજરાતી ભાષામાં મી. નાનુલાલ નારાયણદાસ ગાંધી M A L L B ન્યાયાધીશ, મોરબી, એઓ તરફથી બહાર પડ્યુ છે. તેમાંથી ૯૨ થી ૧૦૦ પાના સુધી ઘણી સુંદર યુક્તિઓ આપેલી છે તે વાંચી સમાધાન કરવુ જાતે પણ વિચાર કરી નિર્ણયપર આવવા પ્રયત્ન કરવો. એમ વાંચી, વિચાર કરી આગળ શંકા રહે તો ફરી પુછવુ.

મનુષ્યનું કર્તવ્ય અને ધર્મજિજ્ઞાસા.

(દ્વિતીય ખંડ.)

ગયા પ્રસંગ પછી પ્રો ફેરજજે કેટલાક દિવસ અનન્યમનથી પુષ્ટિમાર્ગના સિદ્ધાત વાચવા સમજવામા જ ગાળ્યા દરરોજ સાજે તે પુરષોત્તમ, ગોવિંદભટ્ટ, કુસુમ, ગાર્ગી વગેરે સર્વેને મળતો, અને એમના સહવાસમા એને અતિ આનંદ થતો. તેમની અત્યંત સાદી જીદગીથી તે આશ્ચર્ય પામતો. તેમના અત્યંત નિર્દોષ, સંસારથી વિરક્ત, અને પ્રભુના મંદિરરૂપ હૃદયોની સન્નિધિમા પોતાના મન અને હૃદયને પવિત્ર થતા અનુભવતો. જે સત્ય, સંતોષ અને શાતિની શોધમા તે અહિં આવ્યો હતો, તે સર્વ એણે આ સજ્જનોના સમાગમમા સંપૂર્ણ રીતે અનુભવ્યા. એના પ્રશાત થયલા હૃદયમા સર્વ પ્રપંચની બ્રહ્મમયતા એને સ્ફુરવા લાગી, અને એની અંતર્મુખ થયલી ઇંદ્રિયો સર્વ આકાશમા, હૃદયાકાશમા પ્રભુને શોધવા લાગી

ગોવિંદભટ્ટ, ગાર્ગી, કુસુમ, પુરુષોત્તમ વગેરે સર્વે જે સેવાખંડમા અનન્ય-ચિત્તથી, તન્મયતાથી પ્રભુની સેવા કરતા હતા, તે સેવાખંડમા હજુ એનો પ્રવેશ ન હતો. સેવાસમયે ઘણીવાર બહાર પુસ્તકશાળામા વાચવાનુ મિષ કરીને કોઈ પુસ્તક ઉઘાડી તે બેસતો, અને સેવાખંડ તરફ જ ચિત્ત રાખી, પ્રભુની સેવા કેમ થતી હશે તે સમજવા, જાણવા એ પ્રયત્ન કરતો, જુદા જુદા સમયની પ્રભુની લીલાના કીર્તનો આ સજ્જનો ગાતા તે એ એકચિત્તે સાભળતો, કોઇ કોઇ કીર્તનથી એના હૃદયમા પણ સુંદર અનુભવ થતો, અને જ્યાં જ્યા તે તે અનુભવ ન થાય ત્યા શુ બાધ પોતાના મનને નડે છે, તે સમજવા પ્રયત્ન કરતો. આમ કરતા કરતાં આ માર્ગ ભાવમય જ છે એમ એ સારી રીતે સમજતો થયો ભાવ એટલે દેવવિષયા રતિ એ ભાવની વ્યાખ્યાને અનુસાર આ સજ્જનોની રતિ સાક્ષાત્ કૃષ્ણદેવપર હતી એમ તે સમજ્યો, અને પોતાને એ પ્રભુપર રતિ થવામા પોતાનુ મન-મનની દુષ્ટ વાસના-વિષયોનુ આકર્ષણ પ્રતિબંધરૂપ હતા તે પણ એને સમજ પડી મનની-હૃદયની સ્વાભાવિક રતિને અન્ય ધર્મો બાહ્ય ઉપચારોથી કુંઠિત કરવા માગે છે અને વિષયો અલ્પસુખ આપનાર છે, ઘાતક છે વગેરે સમજાવી વિરક્તતા શિખવવા માગે છે, અને જોરજુલમથી ઇંદ્રિયોને તેમના સ્વાભાવિક કાર્યોમાથી અટકાવી સંન્યાસ લેવા આજ્ઞા કરે છે, ત્યારે આ માર્ગ ઇંદ્રિયોનો પ્રવાહ ફેરવી નાખી તેમને પ્રભુપ્રાપ્તિના સાધન તરીકે અતિ અદ્ભુત સરળતાથી યોજી આપે છે એમ એ સમજ્યો જે યોગીઓ ઇંદ્રિયદમન કરી આત્માથી આત્માને ઓળખે છે, તેઓ સમાધિસિવાય ઇતર અવસ્થામા એ જ ઇંદ્રિયોના વિકારને વશ થઇ પતિત થવા સંભવ છે એટલુ જ નહિ, પણ એવા સેંકડો 'યોગીઓ યોગભ્રષ્ટ થયાના દૃષ્ટાંત શાસ્ત્રોમા વાચી, પોતાના અનુભવથી તેનુ કારણ સમજી, આ રતિમાર્ગે-ભાવમાર્ગે-જનાર ભક્તોની ઉત્તમતા અને તેમનુ અભય એ કળી શક્યો તે વિચારતો કે જેમ કોઇ પાપી વ્યભિચારી સ્ત્રીનું મન ઘરના કાર્યો કરતા છતા તેમા લાગતુ નથી, તેમ કૃષ્ણચંદ્રમા રતિવાળા આ પવિત્ર ભગવદીયોનુ મન બીજાં કશામા લાગતુ જ નથી, એટલે એમને પતિત થવાનો સંભવ જ શો? સંસારમા સંપૂર્ણ વૈરાગ્ય અને કૃષ્ણદેવમા અત્યંત રતિ એ એને સ્વાભાવિક લાગ્યા. એમા વિરોધ છે જ નહિ એમ એને સ્ફૂર્તિ થઇ. નરસિંહ મહેતો, મીરાબાઇ, દયારામ, જયદેવ વગેરે ભક્તકવિના પદ કેવા નિર્દોષ છતાં કેટલા સ્વાભાવિક સૌંદર્યથી ઉભરાય છે તે

વાચી, સમજી એ દિઙ્મૂઢ થતો. બીજા કવિઓની કવિતા કરતાં ભક્તકવિઓની કવિતામાં સત્ય, સૌંદર્ય અને ભાવ્ ઘણાંજ વધારે હોય છે એમ એ સમજ્યો. બાહ્યપ્રપંચ અને વિષયોનાં ગુણગાન કરવાં મુકી દઈ પ્રભુ, તેનું સૌંદર્ય તેની લીલાના જ ગુણગાન, કીર્તન કરનાર કવિ ઉત્તમ એમ પણ એને સમજ પડી.

ગીતામાં પદેપદે કહેલાં સત્યથી એનું મન આકર્ષાયલુ હતુ જ, તે મન શ્રીમદ્‌ભાગવતમા પ્રભુની સુંદર લીલાના ગુણગાન ગાવા, સમજવા, યોગ્ય થયુ કલાકોના કલાકો સુધી પોતાની સામે પોતાના ટેબલપર મુકેલા વેદ, ગીતા, સૂત્રભાષ્ય અને શ્રીમદ્‌ભાગવતના ગ્રંથો તરફ એ જોઇ રહેતો. એ ગ્રથોમાં બિરાજતા પ્રભુ એની સામે જોતા હોય એમ એને લાગતું, અને પોતાના ક્ષુદ્ર, પાપી, મ્લેચ્છ શરીર તરફ જોઇ, પોતાના મનના મેલ અને અયોગ્યતા અનુભવી તે દીન થઇ જતો, અને કૃપાલુ પ્રભુનો—આ સત્સગ મેળવી આપનાર કૃપાળુ પ્રભુનો તે અતઃકરણથી આભાર માનતો "હે ભારતવર્ષ ! તારો પશ્ચિમ સાથેનો સબધ ત્યાંના વિષયગ્રસ્ત બહિર્મુખ લોકોને સત્ય ધર્મ સમજાવી પ્રભુનો અનુભવ કરાવવા માટે જ છે," એમ એ ઘણીવાર બોલી ઉઠતો. ત્રિશ કરોડની વસ્તિવાળા આ વિશાળ દેશમા સામાન્યત શાંતિ જ રહેવાનું કારણ લોકોની સમજે કે વગર–સમજે સસાર અને સંસારના વિષયોપરની સ્વાભાવિક વિરક્તતાજ છે એમ તેને સમજ પડી. "આવાં ગૂઢ બ્રહ્મવિદ્યાનાં શાસ્ત્રો, આવા શાંત, વિરક્ત સજ્જનો, આવા દયાળુ હૃદયો, સર્વદા પ્રભુના ગુણગાનથી આકર્ષિત મન, વાણી અને શરીરવાળાં દૈવીજનો અન્ય કોઇપણ દેશમા કોટિ પ્રયત્ને પણ ન જ મળે !" આવા ઉદ્‌ગાર એના હૃદયમાથી નિકળતા.

ગાયત્રીરૂપી બીજનું વેદવૃક્ષ થયું અને તેનું સુંદર ફલ શુકના મુખમાથી રસાલ થઇ ભૂતલપર આવ્યુ, તે હરિની સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ, ઊતિ વગેરે વિવિધ પ્રકારની સુંદરલીલાના અનુપમ વર્ણનરૂપ શ્રીમદ્‌ભાગવત વાચતા એને અતિ હર્ષ થતો, અને નિર્દોષ બાળકની માફક અનંતકોટિ બ્રહ્માંડની બાજી માંડી ખેલતા પ્રભુની લીલા જોઇ, તે પ્રભુ પોતાના હૃદયમાં સ્થિત છે એમ આ શાસ્ત્રોદ્વારા સમજી, તેને પ્રભુના માહાત્મ્ય, આત્મીયતા અને પ્રિયતાનુ એકી વખતે ભાન થતું.

એક દિવસ બહાર પુસ્તકશાલામાં સેવાસમયે તે કીર્તનો સાભળતો બેઠો હતો, તે સમયે મંગલા શૃગારના સુંદર ભાવના કીર્તનોથી એના મનપર બહુ જબર આકર્ષણ થયુ એને પ્રભુના દર્શન કરવાનું મન થયુ, અને એ દર્શનના પ્રતિબંધરૂપ પોતાના શ્વેત શરીર અને તેને ઢાંકનાર ભિન્ન પ્રકારનો પહેરવેશ–કોટ, પાટલુન, મોજા તરફ એને તિરસ્કાર છુટયો. "હું અહિં જ—આ દેશમાં જ જન્મ્યો હોત તો મને આ પ્રતિબધ ન નડત," એમ બોલતાં એનાં ચક્ષુ ગળ્યાં, અને હૃદય ભરાઇ આવવાથી તે ઉઠી ચાલ્યો ગયો. બીજે દિવસે તે ઘણો વહેલો આવ્યો. ગોવિંદભટ સ્નાનની તૈયારી કરતા હતા એટલામાં એક લાંબો શ્વેત ઝભ્ભો પહેરી ઉઘાડે પગે ફેરજજ ત્યા આવ્યો. તેણે પાટલુનને બદલે અંદરથી ઘુંટણ સુધીની લેંઘી જેવું કાંઇ પહેર્યું હતુ જે ઝભ્ભામાં તદ્દન ઢંકાઇ ગયું હતુ ગોવિંદભટ્ટે તેને બેસાડી આ નવા પહેરવેશનું અને ઉઘાડા પગનું કારણ પૂછ્યું, એટલે પ્રો૦ ફેરજજ બોલ્યો "આપના જેવા ભગવજ્જનની સન્નિધિમા ઉઘાડે પગે આવવું જ યોગ્ય છે, અને પહેરવેશ તો આ ગરમ દેશમાં આવો જ જોઇએ."

ગોવિંદભટ્ટે કંઇ ઉત્તર આપ્યો નહિ પ્રો ફેરજજ બોલ્યો.

"મારી એક વિનંતિ છે."

ગોવિંદભટ્ટ—ખુશીથી કહો.

પ્રો. ફેરજજ મુગો રહ્યો

એને બોલતાં ક્ષોભ મનમાં આવ્યો આવે છે એમ સમજી ગોવિંદભટ્ટ બોલ્યા, "આપના જેવા સુશીલ, ગુણજ્ઞ, સજ્જનની ઇચ્છા પૂર્ણ કરવા મારાથી બનતો પ્રયત્ન કરીશ"

પ્રો. ફેરજજ તેમની સામુ ઉત્કંઠાથી જોતો દીન થઇ બોલ્યો, "આ પાપી શરીર આપના પ્રભુની સેવાને માટે સર્વથા અયોગ્ય જ છે? આ ચર્મચક્ષુને આપના પ્રભુના દર્શન પણ નહિ જ થાય?"

ગોવિંદભટ્ટે તેનાપર દયા લાવી કહ્યું "પ્રભુને શૃંગાર ધરાવી હું આપને દર્શન કરવા બોલાવીશ તમે પાછળથી પુષ્પોદ્યાનના દ્વારમાંથી દર્શન કરજો"

પ્રો. ફેરજજનું હૃદય આભાર, પ્રેમ અને જીજ્ઞાસાથી ઉભરાયું, અને તે ત્યાં જ બેસી રહ્યો ગોવિંદભટ્ટ સ્નાન માટે ગયા. થોડીવારમાં પ્રો. ફેરજજના નોકરે આવી કહ્યું, "સાબ, તારવાલા હુમ મારતાહે, બોલતાહે બહોત તાકીદકા તારહે" પ્રો. ફેરજજ ખિન્ન થઇ ઉઠ્યો, અને ઘેર જઇ તાર લીધો. તારની મતલબ નીચે પ્રમાણે હતી—

My dear Fairjudge,

From the time I was with you in the college, I have been deeply impressed by your loving and noble heart and the shrewdness of your penetrating intellect. I have closely followed your career in America, Japan, Palestine, and India, have known all about your researches in antiquities, Oriental Languages, philosophy and religion, and have always marvelled at your quick perception of truth in all matters–social, political and religious Your opinions in political matters have always weighed most with me I admit I have felt all throughout a deep attachment for you, I have watched every movement of yours for several years, and being thoroughly satisfied about your fitness, I have appointed you my Prime Minister. There will be Specialists under you to assist you in your various duties and responsibilities, you have simply to apply your shrewd intellect and inspired and loving heart to test the truth of the conclusions they arrive at, and place them before me for orders, with your remarks. I am sure much good will come to my subjects under your guidance. Come at once.

Augustus,
Emperor of the Sharmans.

ભાવાર્થ—મારા વહાલા ફેરજ્જ,

હું તમારી સાથે કોલેજમા વિદ્યાભ્યાસ કરતો હતો ત્યારથી તમારા પ્રેમાળ, સુશાન્ત હૃદય અને તીવ્ર બુદ્ધિની ગહનતાની મારા મનપર ઉંડી છાપ પડી હતી અમેરિકા, જાપાન, પાલેસ્ટાઇન અને ભારતવર્ષમા તમે જેજે કાર્યો કર્યાં છે, તે સર્વે પર હું હમેશા કાલજીપૂર્વક ધ્યાન આપતો રહ્યો છું; પ્રાચીન શોધખોળમા, પૂર્વની ભાષાઓમાં, તત્વજ્ઞાન અને ધર્મ સબધી જે પ્રકાશ તમે પાડયો છે, તે સર્વ મને વિદિત છે, અને જનસમાજની, રાજ્યનીતિની અને ધર્મની સર્વે બાબતોમાં શીઘ્રતાથી જે સત્યનિર્ણયપર તમે આવો છો તેથી મને આનંદાશ્ચર્ય થાય છે. મારૂ હૃદય હમેશાં તમારી તરફ આકર્ષાઈ રહ્યુ છે, વર્ષોના વર્ષો સુધી તમારા દરેક ઝીણાં કાર્યોપર મેં બારીક નજર રાખી છે, અને તમને સર્વ રીતે યોગ્ય જોઇ મે તમને મારા વડા પ્રધાન નિમ્યા છે. તમને સહાય કરવા તમારા હાથ નીચે દરેક જૂદી જૂદી બાબતોના ખાસ માહિતગાર માણસો નિમવામાં આવશે. તમારૂ કર્તવ્ય માત્ર એટલુ જ કે તે લોકો દરેક પ્રશ્નના જે નિર્ણય તમારા આગળ ધરે, તેમની તમારી તીવ્ર બુદ્ધિથી અને તમારા વિશાલ, પ્રેમાળ, પ્રભુપ્રેરિત હૃદયથી પરીક્ષા કરવી, અને તમારા શેરા સાથે મારી સમક્ષ મારા હુકમ માટે રજુ કરવા. મારી ખાત્રી છે કે મારી પ્રજાને તમારા જેવા નેતાથી ઘણોજ લાભ થશે. એકદમ આવો. ઑગસ્ટસ.

શર્મનીના મહારાજા.

પ્રો ફેરજ્જ આ તાર વાચી દિગ્મૂઢ થઇ ઉભો. તાર ફરીફરીને વાચતા એ ધરાયો નહિ. એકેએક વાક્ય, એકેએક શબ્દ ચીપીચીપીને વાચ્યા, અને મનમા જ બોલ્યો "આ તે રાજા કહેવાય, કે કોઇ સ્નેહપાશમાં બંધાયલી, કેડે પડેલી, કોમલાંગી સ્ત્રી કહેવાય, કે ડિટેક્ટિવ કહેવાય ' ગમે તેમ હો, પણ જ્યારે મહારાજા પોતે તાર કરી મેં સ્વપ્ને પણ નહિ ધારેલુ એવું પ્રધાનપદ માગ્યા વગર મને આપે, ત્યારે મારે વધારે વિચાર કર્યા વગર જવું જ જોઇએ, એમ મને લાગે છે .. .. ..પણ એ પ્રધાનપદને હું શું કરીશ ? એથી શો લાભ ?
જે પ્રજાપર પ્રધાનવટુ કરવા આમંત્રણ થયુ છે, તે પ્રજાને હું શો લાભ કરીશ ? મારી બુદ્ધિને તીવ્ર ગણનાર અને હૃદયને કોમલ માનનાર મારા કામથી સતોષ પામશે ? આવી જોખમની નોકરી, અને કેટલા વર્ષ થયા અનુભવનુ નામ પણ નહિ ! "એકદમ આવો" એટલે બાદશાહી હુકમ અને માન આદર અને પ્રેમ Royal command, love, respect and dignity all combined !"

અત્યંત હર્ષયુક્ત હૃદયથી જવાનો વિચાર કરી ખુરસીપર બેઠો, નોકર પાસે પાણી મગાવી એકેજ પીધુ, અને કપાલપર અને માથાપર છાંટયું, અને કાંઇક શાંત થયો

એટલામાં એની નજર ટેબલપર સામે મુકેલા વેદ, અણુભાષ્ય, ગીતા અને ભાગવતપર પડી.

એકક્ષણે આંખ તારપર જાય, અને બીજી ક્ષણે આ સામા પુસ્તકોપર જાય, આમ તેની આંખો હીચકા ખાવા લાગી. [અપૂર્ણ.]

श्रीहरिरायजीकृतो मार्गस्वरूपनिर्णयः

[ગતાક પૃષ્ઠ ૧૪૬ થી અનુસધાન]

આ શ્લોકોમા **બહિર્મુખ** શબ્દ છે, તે વિચારવા જેવો છે. જ્યારે જ્યારે પ્રભુમાથી આપણુ ચિત્ત છુટી જાય છે, ત્યારે આપણે બહિર્મુખ થઈએ છીએ. ચિત્તને પ્રભુમાથી છોડાવનાર આપણી ઇંદ્રિયો, સ્ત્રી, પુત્ર વગેરે છે, માટે જ બ્રહ્મસબધની આજ્ઞા છે એ બ્રહ્મસબધ ભાવાત્મક જ છે. હજારો વર્ષથી હુ કૃષ્ણથી વિખુટો પડયો છુ, એ કૃષ્ણ જ મારા પતિ છે, તેની સદાસર્વદા સેવા કરવી એ જ મારો ધર્મ છે, તેના વિરહના તાપક્લેશથી ઝુરી મરવુ એ જ મારો ધર્મ છે, એમ સમજી સ્ત્રી, ઘર, પુત્ર, આપ્ત, દ્રવ્ય, આ લોક તથા પરલોક તથા આપણો આત્મા કૃષ્ણને સમર્પણ કરાય અને કૃષ્ણના દાસ થઈ, કૃષ્ણના જ થઈ, રહેવાય, ત્યારે ભાવ પ્રાપ્ત થાય. અમથાઅમથા શબ્દ બોલેથી કાઇ વળતુ નથી પ્રભુને સર્વસ્વ સમર્પણ કરી પ્રભુમા જ ચિત્ત રાખવુ એનુ નામ ભાવ આ ભાવ તો શુદ્ધ મનથી જ પ્રાપ્ત થઈ શકે. સ્ત્રીમા, દ્રવ્યમા, પુત્રમા, કે અન્ય કોઇ પણ વસ્તુમા, જ્યા સુધી ચિત્ત રહે ત્યા સુધી એ ભાવ પ્રાપ્ત થતો નથી, માટે એ સર્વ વસ્તુનુ—અરે, આપણા દેહ, પ્રાણ અને આત્માનુ પણ, પ્રભુને સમર્પણ શુદ્ધ ચિત્તથી થાય નહિ, ત્યા સુધી ભાવ પ્રાપ્ત થાય નહિ ચિત્ત પ્રભુમા પરોવવુ તેનુ નામ સેવા. એ ચિત્ત પ્રભુમા સદાસર્વદા પરોવાયલુ રહે તેને માટે જ તનુજા—વિત્તજા સેવા કરવાની કહી છે (चेतस्तत्प्रवण सेवा तत्सिद्ध्यै तनुवित्तजा), માટે પ્રાત કાલમા એકબે કલાકમા સેવા જલદીજલદી આટોપી વ્યાપારરોજગારમા ચિત્ત પરોવવુ એ સેવા ફક્ત મનને સમજાવવાની છે, વૃથાવત્ છે, એ સેવા સાધન પણ નથી અને ફલ પણ નથી, એ તો કપટ અથવા પાખડ છે. કેટલાક જનોઉપર પ્રભુએ કૃપા કરી સારી સપત્તિ આપી હોય છે, એ દ્રવ્યસપત્તિનો પ્રભુસેવામા ભાવથી ઉપયોગ થાય, તો ચિત્ત પ્રભુમા રહે, પણ એવા સપત્તિમાન્ પ્રભુસેવાને એક સામાન્ય, બાહ્ય, અન્યદ્વારા કરી શકાય એવી, સમજી કોઇ બ્રાહ્મણ અથવા મરજાદીને પ્રભુસેવા સોપી દે છે, અને પોતે તો ચિત્ત, દેહ, ઇંદ્રિય વગેરેને બાહ્ય કાર્યમા જ વ્યગ્ર રાખે છે ! આનો અર્થ એ જ એ સજ્જનો બ્રહ્મસબધનો અર્થ સમજ્યા નથી, તેથી જ તેઓ પોતાના આત્મા, દેહ, પ્રાણ, ઇંદ્રિયને પ્રભુસેવાથી બહિર્મુખ રાખી, પ્રભુ સાથે કપટ કરે છે. જ્યા સુધી આપણે સર્વ આવા ઢોંગી—કપટી—છીએ, ત્યા સુધી ફલપ્રાપ્તિ—કૃષ્ણાધરામૃતનો આસ્વાદ—કેમ થાય ? કેમ કે ફલ તો ભાવપ્રાપ્ય—સર્વાત્મભાવપ્રાપ્ય—છે. કેટલાક મરજાદીઓ એમ સમજે છે કે 'અમે પ્રભુને ધરીને પ્રસાદ લઈએ છીએ, માટે અમે કૃતાર્થ થઈ ગયા છીએ, હવે અમારે કાઇ કર્તવ્ય રહ્યુ નથી.' પણ આ તેમની ભૂલ છે અસમર્પિત વસ્તુનો ત્યાગ એ મહોટી વાત છે, પણ એઓએ સમજવુ જોઇએ કે જ્યારે જ્યારે ચિત્ત પ્રભુ સિવાય અન્ય વસ્તુમાં હોય, જ્યારે જ્યારે આપણે અન્ય કુમતી કરતા હોઇએ, ત્યારે ત્યારે પણ આપણે બહિર્મુખ જ છીએ, માટે સદાસર્વદા પ્રભુસાથેનો સબધ સભારી ભાવનુ રક્ષણ કરવુ, અને તે વધારવો. તાદૃશ જન હાલમા મળતા નથી, તેથી જે મંદિરોમાં ભગવત્કથાવાર્તા થતી હોય ત્યા ભાવવૃદ્ધિમાટે જવુ મંદિરની બીજી હજારો ભાજગડ હોય છે તેમા ઉતરવુ નહિ, પણ ભાવવૃદ્ધિ થતી હોય તો જ જવુ.

સ્વગૃહમા જે સ્વમાર્ગના ગ્રંથો બિરાજતા હોય તે લક્ષપૂર્વક ભાવવૃદ્ધિને અર્થે વાંચવા, અને મનમાં તેમ જ મુક્તકંઠે (ઉચ્ચ સ્વરે) સદાસર્વદા પ્રભુના કીર્તન કરવાં. સારોનરસો જે ભગવદીય મલે તેની સાથે ભગવાનના ગુણગાન સિવાય અન્ય કોઇ પણ વાર્તામાં વૃથા કાલક્ષેપ કરી બહિર્મુખ થતી વૃત્તિને અટકાવવી. વ્યાપારરોજગારે, નોકરીઉપર, નછુટકે જવું, પણ ત્યાં પણ “ હે પ્રભુ તું ક્યા છે ? હવે મારાથી તારા વિના નથી રહેવાતું ” એવી ખરા હૃદયથી ભાવના કરવી. જો આવી ભાવના રાત્રિદિવસ રહે તો વ્યાપારનોકરી પણ છુટી જાય, અને પ્રભુ જલદી દર્શન દે પ્રભુ કાઇ દૂર નથી, આપણા હૃદયમા જ છે. તે આપણને સદાસર્વદા સુંદર નાદથી બોલાવે છે, પણ આપણું ચિત્ત તો તિજોરીમાં, સ્ત્રીમાં, અને અન્ય હજારો વસ્તુમા હોય છે, તે બહિર્મુખ ચિત્ત ભાવાત્મક પ્રભુના ભાવાત્મક નાદને ક્યાંથી સાભલે ? ભાવ કાઇ જેવીતેવી ક્ષુદ્ર વસ્તુ નથી. યોગીઓના સંયમસમાધિથી અને જ્ઞાનીઓના અભેદ અને બ્રહ્મભાવથી પણ ભક્તનો ભગવદ્‌ભાવ અતિ ઉત્તમ વસ્તુ છે. સંયમસમાધિ ક્લેશદાયક અને શુષ્ક છે, અને એથી માત્ર બાહ્ય પ્રપંચનો બહિષ્કાર પણ ક્વચિત્ જ થાય છે, અભેદ પણ તેવો જ શુષ્ક અને ક્લેશદાયક છે.

क्लेशोऽधिकतरस्तेषां अव्यक्तासक्तचेतसाम् ।
अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते ॥

અર્થ--અવ્યક્ત (બ્રહ્મ) મા આસક્ત ચિત્તવાલાઓને બહુ જ ક્લેશ થાય છે, અને દેહવાનોથી સર્વત્ર બ્રહ્મભાવ બહુ જ દુઃખથી પ્રાપ્ત થાય છે.

શ્રીકૃષ્ણે સ્વમુખથી ગીતાના બારમા અધ્યાયમાં આ કહ્યું છે. યોગથી, અને બ્રહ્મભાવથી પણ અંતે કૃષ્ણપ્રાપ્તિ જ ફલ છે એમ સ્પષ્ટ કહ્યું છે. યોગીઓ અને જ્ઞાનીઓમા જે મને–કૃષ્ણને–ભજે તે જ ઉત્તમ છે એમ અત્ર સ્પષ્ટ કહ્યું છે. બારમા અધ્યાયનો છઠ્ઠો, સાતમો અને આઠમો શ્લોક બહુ જ વિચારવા અને સમજવા યોગ્ય છે. એ શ્લોકોનો ભાવાર્થ નીચે પ્રમાણે છે—જે સર્વ કર્મનો સન્યાસ મારામા કરીને, મત્પર થઈને (બ્રહ્મસંબંધથી कृष्ण तवास्मि એવો ભાવ રાખીને) અનન્ય યોગથી મારું ધ્યાન ધરીને સેવા કરે છે, એવા મારામા આવેશવાન્ ચિત્તવાલાઓનો હું જલદી મૃત્યુસંસારસાગરમાથી ઉદ્ધાર કરું છું. (૬–૭) મારામા જ ચિત્ત રાખ, મારામા બુદ્ધિ પરોવ, (અને) તુ મારામા જ વાસ કરશે એમા કાંઇ પણ સંશય નથી (૮). માટે ભગવદ્‌ભાવ સર્વોત્તમ વસ્તુ છે. પ્રથમ પ્રભુ-ઉપર સૂક્ષ્મ ભાવ થાય, તે ભાવની વૃદ્ધિ થઈ પ્રેમ થાય, પછી પ્રભુમા ચિત્તની આસક્તિ થાય, અને છેવટે પ્રભુમા વ્યસન થાય. વ્યસન એટલે ગમે તે થાય, પ્રાણ જાય, પણ પ્રભુ વગર સોહાય નહિ, સર્વત્ર પ્રભુમાં જ ચિત્તનું રહેવું તે. આ જ સર્વાત્મભાવ, અને એ ભાવ થાય ત્યારે જ ભગવલ્લીલાના દર્શન થાય. ભાવ અતિ ઉષ્ણ વસ્તુ છે, અને એ ઉષ્ણભાવથી હૃદયનો સર્વ મલ (અન્ય વસ્તુપરની આસક્તિ) બલી જાય છે, ત્યારે જ હૃદયમાથી પ્રભુ પ્રકટ થઈ, દર્શન દઈ, કૃપા કરી, ભક્તને સર્વ આનંદ આપે છે.

અર્પણ.

શ્રીસ્ફુરત્કૃષ્ણપ્રેમામૃતઉપર શ્રીગોકુલાલંકારજીમહારાજની ટીકા છે, તેમાં તેઓશ્રી ચર્ચાસ્પદ 'વિષ્ણુસ્વામિપરંપરા 'વિષે નીચે પ્રમાણે લખે છે, અમે તે પંક્તિઓ તે પરંપરાના ચુસ્ત હીમાયતીઓને અર્પીએ છીએ.

नन्वधुना हरिमार्गपरिचिता वैष्णवसम्प्रदायप्रवर्तका बहवो भवन्ति, भक्तियोगो बहुविधो मार्गैर्भामिनि भाव्यत ' इत्यादि, तन्मध्ये मुख्यतामसराजससात्त्विकादिविमिश्रभेदाः बहव उक्ताः, मुख्यास्तु त्रिविधाः, चतुर्थो निर्गुणः, नन्वत्राग्रे कपिलदेवेनोक्तं 'प्रावोचं भक्तियोगस्य स्वरूपं ते चतुर्विधं कालस्य चाव्यक्तगतेर्योऽन्तर्धावति जन्तुषु, ' श्रीमदाचार्यचरणैस्तद्व्याख्यानं कृतं, 'भेदः पारमार्थिक' इतिशास्त्रं पुरस्कृत्य त्रिविधो भक्तियोग उक्तः, ते च साम्प्रतं विष्णुस्वाम्यनुसारिणस्तत्त्ववादिनो रामानुजाश्चेति तमोरजस्सत्त्वैर्भिन्ना, अस्मत्प्रतिपादितश्च नैर्गुण्य, एवं चतुर्विधापि भगवता प्रतिपादित '... ....तस्मात् साम्प्रतं सम्प्रदायत्वेनोक्तहरिमार्गपरिचयमध्ये स्वपरिचये उत्कृष्टत्वमुक्तं, पूर्वं भागवतस्य वक्ता व्यास, तत्रैव शब्दतो ज्ञानं, सूतस्य अर्थत, नारदो मध्यमवक्ता, तथा व्यासो मध्यमश्रोतृत्वेन मध्यमाधिकारी, मध्यमाधिकारित्वाद्वैराग्य न जातं, वैराग्यसहितं शुकस्योत्तमाधिकारित्वमुक्तं, तथापि निरोधलक्षणाख्यग्रन्थे स्वयमेवोक्तवान्, 'गुणगाने सुखावाप्तिर्गोविन्दस्य प्रजायते यथा तथा शुकादीनां नैवात्मनि कुतोऽन्यत ? ' 'आकाशवदनन्त 'मित्यादि, तस्य विवरणे शुको हि भगवत्स्वरूपाभिज्ञ, आनन्दमात्रकरपादमुखोदरादिकृष्णं सर्वमेव विद्यमानं पश्यती'त्यादि, तस्य टिप्पण्यामिति शुकस्यैवंज्ञानाभावे तत्कथनमप्यशक्यं स्याज्जीवनं वा न स्यादिति, शुकज्ञानादिति शुकस्य ज्ञानतात्पर्यं वेदितव्यमिति, गोपिकानामग्रे (तस्य) हीनाधिकारोक्तिज्ञापनार्थमुक्तम् ॥

સાંપ્રદાયિક ગુર્જર સાહિત્ય

શ્રીનાથજીનું ધોળ ૧ લું.

શ્રીનાથજી નિરખ્યારે નયણાં ભરી, શ્રીનાથજી નિરખ્યા
નેહસુ રે હુતી હૈયામા હામ હમરે, મારો વાલોજી પૂર્ણકામરે,
વ્રજવનિતાના વિશ્રામરે, એમનું શ્રીગિરિધારીજી નામરે— મે શ્રીનાથજી૦ ૧.

રૂપે રૂડારે, કે રસિયાજી રૂપેરે રૂડા,
વાલમારે સુંદર બીનનેત્રાને વાનેરે, મકરાકૃત કુંડલ કાનેરે,
ઝળકે રવિ શશી કોટિ સમાનેરે, સુખ સાગર કોટિ નિધાનરે—મે શ્રીનાથજી૦ ૨.

શીર્ષ બિરાજેરે, સોરગી શીર્ષ બિરાજે,
પાગરે ઊપર ચંદ્રિકા મોર મોરરે, મુખે વાય મોરલી ઘનઘોરરે,
વ્રજવનિતાના ચિત્તચોરરે, એવા નગર નંદ કિશોરરે— મે શ્રીનાથજી૦ ૩.

નાસા લરકેરે, નાસા ગજ મોતી લરકે;
બે શરીરે બિંબ અધર રૂપ રસાલ રસાલરે, ઉર ગુંજા મુક્તાના હારરે;
કંઠે સોહીએ વૈજયંતી માલરે, કરકંકણ પોચી જડાવરે.
કટિ કીંકણીનો ઝણુકારરે— મે શ્રીનાથજી૦ ૪.

અંગ વાગારે, શ્રીઅંગે કેસરીઆ વાગા શોભીતારે.
પટકેને અટક્યુ છે મન-મનરે, ચરણે તુલસી કોમન પાવનરે;
ગોપીજનપ્રાણજીવનરે, નયને નિરખ્યા તેનો જીવ ધન્યરે— મે શ્રીનાથજી૦ ૫.

જેહર ગુગરીરે, પાવલીઆએ જેહર ગુગરી-રણુજણુરે,
વાજીંત્ર શબ્દ રસાલ રસાલરે, ચાલે લટકતી ગજગતિ ચાલરે;
ચાલે મોહી રહ્યા મરાલરે એવા સમરથ શ્રીગોપાલરે— મે શ્રીનાથજી૦ ૬.

દર્શન દેજોરે, દીન જાણી દર્શન દેજો શ્રીનાથજીરે,
ત્રિવિધ તાપ જાય દૂર, દૂરરે હૈડુ હરખ્યુ ભરપૂરરે;
કૃપા કરજો શ્રીહરિરાયજી સૂરરે, એ શ્રીવલ્લભ ભાગ્યનુ પૂરરે— મે શ્રીનાથજી૦ ૭.

શ્રીદ્વારિકાનાથજીનું ધોળ ૨ જું.

શ્રીદ્વારિકાધીશ તો છબીલાજીને નિરખીએ જો,
નિરખી વદન કમલ જોઈ જોઇ હરખીએ જો. શ્રીદ્વા. ૧
જે કોઇ પ્રાત ઉઠીને સ્મરણ કરે જો;
તેના ભવનાં બંધન દૂર ટલે જો શ્રીદ્વા. ૨
મંગલા આરતિ સમે વદનકાન્તિ જગમગે જો,
નખશિખ શૃંગાર કરી મન ઠરે જો. શ્રીદ્વા ૩
ગ્વાલ સમે શ્રીયશોદાજીની ગોદમા જો,
બોલે તોતડુ મધુરૂ પય પામવા જો. શ્રીદ્વા. ૪
વિવિધ રાજભોગ ધરી ભરી ઝારીયા જો;
મનુહારથી જમાવે માતા લાડને જો- શ્રીદ્વા. ૫
અચવાઇ સુગંધ બીડાં કર ધર્યાં જો;
માલા વેણુ ધરી દર્પણમા મુખ જુવે જો- શ્રીદ્વા. ૬
આરતિ સમે આનંદ ઉમંગ અંગમા જો;
શ્રીબાલકૃષ્ણજીના લાડીલાના સંગમાં જો- શ્રીદ્વા. ૭
દર્શન સમે વૈષ્ણવ આવે સહુ મળી જો;
બોલે જે જે જે આનંદ ભરી જો- શ્રીદ્વા. ૮

શ્રીગોકુલચંદ્રમાજીનું ધોળ ૩ જું.

શ્રીગોકુલચંદ્ર લાગો છો વહાલા;
મોહીરે જોઇ નયનોના ચાળા. શ્રીગોકુલચંદ્ર. ૧
વાહાલારે તારી નેણ કટારી વાંકી,
તેનોરે મારે કાલજડ લાગી. શ્રીગોકુલચંદ્ર ૨

ચરણરજ કેરી હુ અભીલાખી,
દેજોરે મુને લલિત ત્રિભગી જાખી. શ્રીગોકુલચંદ્ર. ૩
ચરણ કટિ ગ્રીવા ને નીમકીવા,
કરુણરસ ભક્તને દાન દેવા- શ્રીગોકુલચદ્ર ૪
ચરણ દર્શન મર્યાદા લોપી,
ત્યારે મન સ્થિર થયુ ગોપી- શ્રીગોકુલચદ્ર ૫
ચરણ નખ ચદ્ર પ્રકાશ જોઇ,
તેનેરે તેજ મદન રહ્યો મોહી- શ્રીગોકુલચદ્ર. ૬
નેપુર ધુની તાન સહિત બાજે,
નાદરે સુણી કામદેવ જાગે- શ્રીગોકુલચદ્ર ૭
પીતામ્બર ફરકે છે સારું,
મોહ્યુરે ચિત્ત પ્રાણપતિ મારુ- શ્રીગોકુલચદ્ર. ૭
સુથન કટિ કાછની છે ભારી
મુકુટની લટકપર જાઉં વારી- શ્રીગોકુલચદ્ર ૯
ચરણ લગી સ્પર્શે છે વનમાલા,
કામણગારા દીસો છો નદલાલા- શ્રીગોકુલચદ્ર. ૧૦
આપ વિના કરુણા કોણ કરે,
દાલ્યારે પાત્ર માહે રસ ભરે— શ્રીગોકુલચદ્ર ૧૧
વર્ણવ્યુ છે સ્વરૂપ સૂક્ષ્મ રીતે,
કરોને કૃપા ગાઉં પૂરણ પ્રીતે- શ્રીગોકુલચદ્ર. ૧૨
સદા રસ રમા મધે રમતા,
તે તોરે વાલા નિજજનને ગમતા- શ્રીગોકુલચદ્ર. ૧૩

શ્રીમથુરાનાથજીનું ધોળ ૪ થું.

રસરૂપ રગીલારે, શ્રીમથુરેશ કહુ,
ગુણ નાગર વાલારે, ચરણની પાસ રહુ- ૧
ગાવુ પ્રેમ ધરીનેરે, પ્રેમરસ સિંધુ ભર્યા,
અતર અતિઆતુરરે, ઈંદુ અજવાલા થયા- ૨
તેજે ત્રિભુવન મોહ્યારે, વ્રજજનના પ્યાગ,
કવિ વર્ણવે ત્યારે, લોચનના તારા- ૩
ભુજા ચાર બિરાજેરે, શી વર્ણવુ શોભા,
આયુધ તેમા રાજેરે, દેખી મન થાય લોભા- ૪
પદ્મ પ્રાણપતિનુરે, મુખ્ય સ્વામિની જાણો,
ગદા કહીએ કુમારિકારે, સમજી મન આણો- ૫
ચક્ર તેજ ચંદ્રાવલીનુરે, વલી શ્રુતિરૂપાસગે,
શખ શ્રીયમુના મહારાણીરે, શ્યામ સુદર સગે- ૬
ગૂઢ ભાવ અતિ મનમાંરે, કરું ચિતન હરખે,
રસકુજની લીલારે, આનદ પ્રેમ બરખે- ૭

બીજો ભાવ પ્રસિદ્ધ છેરે, પદ્મજન તાપ હરે;
ગદા દુષ્ટ સંહારેરે, સુદર્શન રક્ષા કરે— ૮
મહિમા અતિઅગણિતરે, શંખભક્ત કાજ સરે;
કાંઈ પરાક્રમ વર્ણવુરે, જેમ પ્રાકટ્ય કહું— ૯
મથુરેશ શામળીઆરે, સ્વરૂપ ન જાય લહ્યુ;
એક સમે શ્રીમાહાપ્રભુજીરે, બિરાજ્યા શ્રીયમુનાંતીરે— ૧૦
ત્યાંતો તુટયો કરાડોરે, દીઠા શ્યામસુંદરને;
દોડીને પાસે આવ્યારે, કહ્યુ તમો સેવા કરો. ૧૧

શ્રી માહાપ્રભુજી હસી બોલ્યારે, છોટુ તમો સ્વરૂપ ધરો;
તાડ સમો વડરે, કેમ સેવા થાએ ?— ૧૨

કાલયુગના જીવ જે રે, કહા લગી પોહોચાએ;
ગોદમા આવી બેઠારે, ચિબુક લગી આવ્યા ત્યારે— ૧૩
એવુ કૌતુક દીઠું રે, સેવક સહુ જોઇ રહ્યા;
પદ્મનાભદાસ કેરારે, મનોરથ પૂર્ણ થયા— ૧૪
કૌતુક દેખાડવારે, એવું સ્વરૂપ ધર્યું;
બીજાં ચિન્હ શ્રીઅંગમારે, ભાગ્ય હોય તે જાણે— ૧૫
પુષ્ટભક્તિકૃપાથીરે, નિજજન મન આણે;
રસરૂપ રંગીલારે, શ્રીમથુરેશ કહુ— ૧૬

શ્રીમહાપ્રભુજીનું ધોળ ૫ મું.

શ્રીમદ્ વલ્લભ આજ પ્રગટ હવારે, કૃષ્ણાનંદ મજ્વર અવતાર.
તાત શ્રીલક્ષ્મણ અતિ આનંદ ભર્યારે, ધન્ય ધન્ય માત એલંમાગાર;
માધવ માસ કૃષ્ણ એકાદશીરે, શુભદિન શુભ નક્ષત્ર શુભવાર.
દૈવી જીવ અનેક ઉદ્ધારવારે, પૂર્ણ બ્રહ્મ પ્રકટ નિજધામ.
રાસરમણ લીલારસરંગ ભર્યારે, સદા પ્રસન્ન વદન રસરૂપ.
શ્રીભાગવતપ્રતિપદમણિવરભૂષણરે, ગાજે સકલ શૃંગાર અનૂપ;
ચરણકમલની શોભા શી કહુરે, જગમગ દશ નખ ચંદ્રપ્રકાશ.
અરુણ ઉદિતસમ કોમળ શોભિતારે, વૈષ્ણવ જન શિર સદા નિવાસ.
લલિત જાન જુગ જંગ સોહામણારે, કટિપર સીંગ કરૂં બલીહાર;
નાભિ ગંભીર વલિત રોમાવલીરે, જગ ઉપવીતની કાન્તિ અપાર.
સુંદર ઉદર લસત શોભાગણીરે, શી કહીએ શોભાનો પાર ?
તીનરેખ ગ્રીવા સુંદર બનેરે, મોહે તુલસીમાલ સુજાણ;
સુંદર હસ્તકમલ લટકે કરીરે, આપે ભક્તિ અભયપદ દાન.
ચિબુક અધર નાસા અતિમોહનીરે, અદ્ભુત લોલ કપોલ સુદેશ;
નેત્રકમલ ભ્રુકુટિ રળીઆમણીરે, કૃપાદૃષ્ટિ અવલોકન ચાર;
ભાલ વિશાલ તિલક બીચ શોભિતારે, કેશ અંબોડો રૂડો સુધાર;

કેસરીઆ ધોતીને ઉપરણુંરે, જયશ્રીલક્ષ્મણસુત માહારાજ;
છો ઉર લેકે એકે માધુરીરે, બિરાજે શ્રીગોવિંદઘાટ સમાજ;
વૈષ્ણવનાએ અતિઆનંદ ભર્યારે, કરે વિવિધ મંગલ યશ ગાન,
વાગે તાલ મૃદંગ ગતિ બેસુરે, વીણા તાન માન બંધાન·
શ્રીગોકુલ ઘેર ઘેર આનંદ બહુરે, ભૂતલ વર્ત્યો જયજયકાર,
જે જે જે કરી બોલે સૌ મલીરે, ઉચરે શ્રીવલભદ્રજી અવતાર.
શ્રીગોવર્ધન નિરખુ ફરી ફરીરે, વ્રજાધીશ મન એહી હુલાસ

ધોળ ૬ ઠું

અખીયા હરિદર્શનકી પ્યાસી—
કેસર ખોર મોતીયન માલા, બંદ્રાબનકે વાસીરે— અખીયા૦
નેહ લગાય છોડ ગએ ત્રણ સમ ડાર ગયે ગલે ફાસી— અખીયાં૦
વાહુકે મનકી કો જાને લોગનકે મન હાસી— અખીયા૦
સૂરદાસ પ્રભુ તિહારે મીલનકુ લેહુ કરવત કાશી— અખીયા૦

વિનતિ શ્રીદ્વારિકાંધીશને ધોળ ૭ મું.

શ્રીદ્વારિકાનાથ બિનતિ સુન લીજે, દીનજન હું શરણુ પડી,
તનમન વ્યાકુલ ભઈ બાવરી સુનીએ બિનતિ એહી ઘડી— ૧
પરમ ઉદાર અતુલ સુખસાગર, નિજજનકે હો કૃપાનિધિ;
ગજપે ધાએ ગરૂડ છોડકે, શરણાગત હું એહી બીધી— ૨
ભક્તનકે હિતસુખકે કારણ, શંખ ચક્ર ગદા પદ્મ ધરો,
ગ્રહી બાંય મેરી દૃઢ કરકે નહી છુટે અબ લગન પરી— ૩
રોમ રોમ ભરપૂર દોષમેં, મદોન્મત્ત લોભી કામી;
નહિ પ્રભુ મે તિહારે લાયક, સબ ઘટકે અંતરજામી— ૪
રાજશિરોમણિ કુંવર લાડીલો, દેત દંડ અપનો જાની,
ચાતક આશ લગી ઘન ઉપર, સમે પાઇ બરશે પાની— ૫
શ્રીગિરિગોવર્ધન કરપર ધાર્યો, ભક્તનકી રક્ષા કારણ;
વ્રજજુવતિનકો વિપ્રયોગ કીધો કરાવન ગૌચારણ— ૬
ચરણરેણુ હૈયે બસો નિરંતર, તાતે મે નિશ્ચય કીની;
શ્રીવલ્લભ કરુણામય સાગર, નિજજનકો યહ નિધ દીની. ૭

આત્મનિવેદન.

(લેખ માટે તંત્રી જવાબદાર નથી)

આત્મનિવેદન એ મહાન્ યજ્ઞ છે યજ્ઞ વગર સુખની પ્રાપ્તિ ને દુઃખની નિવૃત્તિ થતી નથી, માટે જ શાસ્ત્રો યજ્ઞ કરવાની ભલામણ કરે છે. જીવ ઈશ્વરનો અંશ હોવા છતાં અહંતા-મમતાને લીધે માયિક સંસારના દુઃખો ભોગવે છે. એવાં દુઃખોની નિવૃત્તિ માટે

ભક્તિ ઉત્કૃષ્ટોત્કૃષ્ટ સાધન છે. ભક્તિની યોગ્યતા પ્રાપ્ત કરવા માટે આત્મનિવેદનની જરૂર છે આત્મનિવેદનથી અહંત્વમમત્વધ્વંસ થાય છે, અને તેથી ચિત્તશુદ્ધિ થઇ ઈશ્વરપ્રાપ્તિ માટેના ઉત્તમ સાધન ભક્તિના અધિકારી થવાય છે. પુત્ર, ધન, પ્રાણ, ઇન્દ્રિય અને આત્માસક્ત પ્રેમવાળી સર્વ વસ્તુ ભગવાનને અર્પણ કરી–અહંતા–મમતા દૂર કરી–સર્વનો પ્રભુમાં વિનિયોગ કરવો એ આત્મનિવેદનનુ પરમ રહસ્ય છે

આપણું સર્વસ્વ બ્રહ્માર્પણ–કૃષ્ણાર્પણ કર્યા પછી આપણી સ્થિતિ શેઠ તરીકેની મટી સેવક તરીકેની થાય છે, એટલે આત્મનિવેદન કરનાર મનુષ્ય ભગવાનને સ્વામી (શેઠ) ને પોતાને સેવક તરીકે માને છે શેઠ તરીકેના અહંકાર અને સ્વાર્થબુદ્ધિથી જે પાપ કરે તે સેવક તરીકે કરવાની જરૂર રહે નહિ એ ખુલ્લુ જ છે પ્રભુ સ્વામી છે, આપણે તેના સેવક છીએ એ પિતા છે, આપણે પુત્ર છીએ, સેવકની નીતિનો આધાર સ્વામીઉપર અને પુત્રની નીતિનો આધાર પિતાઉપર રહે છે. સ્વાર્થી, દુરાચારી કે કુકર્મી શેઠના સેવકો અને તેવા પિતાના પુત્રો ઘણા ભાગે તેવા જ હોય છે. પણ સદ્ગુણી શેઠના સેવકો અને સદ્ગુણી પિતાના પુત્રો તેમના અનુકરણથી સદ્ગુણી થાય છે. આત્મનિવેદન કરનાર પ્રભુને શેઠ ગણે છે પ્રભુ સર્વ સદ્ગુણોના ભંડાર છે અને એવા શેઠ (પ્રભુ)ના સેવકો (આત્મનિવેદન કરનાર) દુર્ગુણી હોય તો કાલાન્તરે પણ તેમના અનુગ્રહથી–તેમની કૃપાથી સદ્ગુણી થાય છે.

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ।
यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम् ॥ गीता अ. ९

અર્થ:—હે કૌન્તેય ! તું જે કાંઈ (કર્મ) કરે છે, ભોગવે છે, હોમે છે, દાન દે છે, તપ કરે છે તે સર્વ મને અર્પણ કરજે, આવી રીતે ભગવાન્ શ્રીકૃષ્ણે સર્વસમર્પણ કરવાનો મહાન્ ઉપદેશ અર્જુનને આપેલો છે અને તે પછી તુરતજ ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે કે,

शुभाशुभफलैरेवं मोक्ष्यसे कर्मबन्धनैः ।
संन्यासयोगयुक्तात्मा विमुक्तो मामुपैष्यसि ॥ गीता अ ९.

અર્થ:—એમ કર્યાથી શુભ અને અશુભ ફલો જે કર્મની બેડીઓ છે તેનાથી તું છુટીશ. અને એ રીતે સન્યાસયોગથી યુક્તાત્મા હોઈ વિમુક્ત (બનીને) મને પામીશ

પ્રભુ સર્વમાં સમાન છે તેમને કોઈ અધિક વહાલું અળખામણું નથી, પણ જે ભગવાનને ભક્તિપૂર્વક નિષ્કામપણે ભજે છે. તે ભગવાનની પ્રીતિ સપાદન કરે છે

પ્રભુને પ્રેમપૂર્વક સર્વસમર્પણ કર્યા શિવાય પ્રભુની પ્રીતિ સપાદન થતી નથી. પ્રભુની પ્રીતિ સપાદન થાય એટલે બીજા સાધનોની જરૂર પણ રહેતી નથી તેમનો અનુગ્રહ (પુષ્ટિ–કૃપા) આપણને થોડી મહેનતે વધુ ફલ આપે છે, અર્થાત્ પ્રભુ કૃપાવડે શરણે લે છે કોઈ દુરાચારી જીવ પણ પ્રભુને અનન્ય ભાવથી ભજતો હોય તો તેને સાધુ (સજ્જન) માનવો. એવો મનુષ્ય પણ થોડા કાલમાં દુરાચાર છોડી ધર્માત્મા થાય છે અને શાન્તિને પામે છે. પ્રભુના ભક્તોનો કદી પણ વિનાશ થતો નથી. પ્રભુને પત્ર, પુષ્પ, ફલ, જલ જે ભાવપૂર્વક અર્પણ કરવામા આવે છે, તેનો પ્રભુ ભાવપૂર્વક સ્વીકાર કરે છે. ભાવપૂર્વક અર્પણ કરેલ સુદામાના તન્દુલ, વિદુરની ભાજી, શબરીનાં બોર અને ગજપુષ્પ વગેરેનો પ્રભુએ ભાવપૂર્વક સ્વીકાર કર્યો હતો.

આવી રીતે ભગવાનને ભાવપૂર્વક સર્વ વસ્તુ સમર્પણ કરવી તે **આત્મનિવેદન** અને એવા આત્મનિવેદનને જ **બ્રહ્મસંબંધ** કહેવામા આવે છે ભગવાનની સાથેના વિસ્મરણ થયલા **અંશાંશી સંબંધની બ્રહ્મસંબંધ કરવાથી પુનઃ સ્મૃતિ થાય છે.**

સદોષ જીવ પ્રભુ સેવામા અધિકાર પ્રાપ્ત શી રીતે કરે એમ શ્રીમદ્વલ્લભાચાર્યજીને ચિન્તા ઉત્પન્ન થઈ ત્યારે તે ચિન્તા નિવારણ કરવાને શ્રાવણ સુદ ૧૧ ની મધ્ય રાત્રિએ સાક્ષાત્ ભગવાને પ્રકટ થઇને બ્રહ્મસબધથી જીવને શરણે લેવાનો અને સર્વસમર્પણ કરવાનો મહામત્ર કહ્યો. [1]साक्षाद्भगवता प्रोक्तं तदक्षरश उच्यते । બ્રહ્મસબધથી શાન્તિ પ્રાપ્ત થઈ ચિન્તા નિવારણ થાય છે, અને કોઇપણ પ્રકારની ચિન્તા રહેતી નથી અજ્ઞાનથી અથવા જ્ઞાનથી જેમણે આત્મસમર્પણ,–આત્મનિવેદન કર્યું છે જેમણે શ્રીકૃષ્ણને પ્રાણસુદ્ધા સ્વાધીન કર્યા છે તેને શી ચિન્તા ?

अज्ञानादथवा ज्ञानात् कृतमात्मनिवेदनम् ॥
यैः कृष्णसात्कृतप्राणैस्तेषां का परिदेवना ॥४॥ नवरत्न.

કર્મો કરવાની પ્રભુએ આજ્ઞા આપી છે પણ તે ફલની ઇચ્છા રાખ્યા વિના જ કરવાનુ કહે છે, નિષ્કામપણે–કૃષ્ણાર્પણ સમજીને પ્રભુમા વિનિયોગ કરી કર્મ કરવા–કર્મ કરી તેના કર્તા તરીકેની અહંતા ન થવી જોઇએ ' સગ અને ફલોને છોડીને અવશ્ય કર્મ કરવા એ ભગવાનનુ નિશ્ચિત ને ઉત્તમ મત છે

एतान्यपि तु कर्माणि स॰ त्यक्त्वा फलानि च ।
कर्त्तव्यानीति मे पार्थ निश्चितं मतमुत्तमम् ॥ गीता १८-६

અકર્મમા પ્રીતિ ન કરતા તેનાથી સદૈવ વિદૂર રહેવુ અને કર્મના ફલની અપેક્ષા ન રાખવી એ જ શ્રેયસ્કર કર છે ' કર્મમા જ તારો અધિકાર છે ફલમા કદી પણ નહિ ' એવી જ ભગવદાજ્ઞા છે

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।

શ્રીમદાચાર્યજીએ આ સર્વ ભગવદાજ્ઞાઓને ધ્યાનમા લઇ સ્મરણમા રાખીને સ્વસિદ્ધાન્તનુ રહસ્ય એવી જ રીતે બતાવ્યુ છે કે ' કોઇપણ કાર્ય કરતા પહેલા સર્વ કાર્યમા સર્વ વસ્તુનુ પ્રભુને સમર્પણ કરવુ. '

तस्मादादौ सर्वकार्ये सर्ववस्तुसमर्पणम्

સપૂર્ણ કાળજીપૂર્વક સ્વામીના હિતનુ કાર્ય કરનાર સ્વામીના હિતમા દુઃખ પડે તો પણ વેઠી લેનાર સેવક સ્વામીની પ્રીતિ સપાદન કરે છે માબાપની આજ્ઞા ઉઠાવનાર પુત્ર માબાપની વત્સલતા પૂર્ણ રીતે મેળવે છે ને પતિની આજ્ઞાઓને ત્રાસથી નહિ પણ અંતઃકરણથી શિરસાવંદ્ય કરી વધાવી લેનાર સ્ત્રીજ પતિની પ્રીતિ સંપાદન કરી શકે છે

અર્થાત્—આત્મનિવેદન એ ખરા સેવકની સ્વામી પ્રત્યેની ફરજ છે–આત્મનિવેદન એ ભાગ્યશાલી સુપુત્રની પિતૃભક્તિ છે અને આત્મનિવેદન એ જ પતિવ્રતા સ્ત્રીનુ પાતિવ્રત્ય છે પ્રભુ જ જીવના સ્વામી [શેઠ] છે. પ્રભુ જ જીવના માતપિતા છે પ્રભુ જ જીવના પતિ છે અને

---

[1] આ ઉપરથી પુષ્ટિમાર્ગના પ્રવર્તક શ્રીમદ્વલ્લભાચાર્યજી જ છે અને બ્રહ્મસબધનો મહામત્ર પ્રભુથીજ તેમને પ્રાપ્ત થયેલો છે તેથી શ્રીકૃષ્ણ-ભગવાન્ વિના ઇતર કોઈપણ વ્યક્તિનો શ્રીમદ્વલ્લભાચાર્યજીના પૂર્વાચાર્ય તરીકે સ્વીકાર થઈ શકે નહિ

આત્મનિવેદન એ જ જીવનો પરમ ધર્મ છે. આત્મનિવેદન-બ્રહ્મસંબંધરૂપી મહાયજ્ઞમાં સર્વ પ્રકારના લઘુ યજ્ઞોનો સંપૂર્ણ સમાવેશ થઈ જાય છે, માટે અહંતામમતાનો ધ્વંસ કરી-પ્રભુનું સર્વ પ્રભુને અર્પણ કરી-ચિન્તા નિવારણ કરી-અલૌકિક શાન્તિ પ્રાપ્ત કરી સર્વ કર્મોનો પ્રભુમાં જ વિનિયોગ કરવો એ આત્મનિવેદન-બ્રહ્મસંબંધનું પરમ રહસ્ય છે.

[1]પુરુષોત્તમજ્ઞાનીએ કર્મ કરવાં કે નહિ?

અક્ષરાતીત, પૂર્ણાનંદરસાત્મક શ્રીપુરુષોત્તમનું જ્ઞાન જેણે સંપાદન કરેલું છે, અથવા તો જે સર્વદા ભગવદાનંદનો અનુભવ કરે છે એવા અધિકારીએ લૌકિક વૈદિક કર્મો આચરવાં કે નહિ? આ સંશયનું લક્ષ્યબિન્દુ છે. શ્રીમત્પ્રભુચરણ એ સંશયનો નિરાસ અણુભાષ્યના તૃતીયાધ્યાયના તૃતીયપાદના બેતાલીશમા સૂત્રમાં આ પ્રમાણે કરે છે.

પહેલા તો ઉપર કહેલો સંશય પ્રાપ્ત થાય છે, તેના પ્રત્યુત્તરમા વાદી આ પ્રમાણે કહે છે.—કર્મ કરવાની કંઈપણ આવશ્યકતા નથી; કારણ કે કર્મ, ઉપાસના અને ભક્તિ એ ત્રણે માર્ગનું ફલ પુરુષોત્તમનું જ્ઞાન થવું એ છે, એ ફલ પ્રાપ્ત થયા પછી કર્મની આવશ્યકતા શી? કર્મ તો તેણે પહેલા આચર્યાં છે. અને તેનું પરમ ફલ પણ તેણે મેળવ્યું છે, એટલે હવે તે અધિકારીની દૃષ્ટિમા કર્મની સ્વત પુરુષાર્થતા કદી નહિ આવે, તેથી તે કર્માચરણને નિષ્પ્રયોજન માનશે અને કર્મ કરશે જ નહિ, અર્થાત્ તેવા જ્ઞાનીએ કર્મને આધીન થવાની જરૂર નથી

વાદીનું આ કથન વિચારયુક્ત નથી એમ જણાવતા સિદ્ધાંતી એ વિષયમાં આ પ્રમાણે વિચાર દર્શાવે છે.

ભક્તિમાર્ગ બે પ્રકારનો છે. મર્યાદાભક્તિમાર્ગ અને પુષ્ટિભક્તિમાર્ગ. આ બન્ને માર્ગમાંના કોઈ પણ પુરુષોત્તમજ્ઞાનીને કર્મ કરવાની આવશ્યકતા નથી તેઓ કર્મ કરે તેવો સંભવ જ નથી. તૈત્તિરીય ઉપનિષદ્‌મા કહ્યું છે કે 'જે [2]બ્રહ્મના આનંદને જાણે છે, તે કોઈથી પણ ભય પામતો નથી," જ્યારે કોઈથી તે બીતો નથી તો પછી કર્મથી કેમ ડરશે? વળી ત્યાં જ કહ્યું છે કે "શું [3]મેં સારૂં નથી કર્યું? શું મેં પાપ કર્યું? એનો એ પુરુષ વિચાર જ નથી કરતો." આ પ્રમાણે જોતાં તો બન્ને માર્ગના જ્ઞાનીઓને કર્મ કરવાનું રહેતું નથી, પરંતુ તે જ માર્ગના જ્ઞાની ભક્તોએ કર્મ કર્યાં છે, એમ સદૃષ્ટાંત પ્રમાણ મળે છે. અંબરીષ, ઉદ્ધવ, અને પાંડવો પુરુષોત્તમના જ્ઞાની છતાં કર્મ તો કરતા હતા. ત્યારે બે પક્ષ થયા. કેટલાક જ્ઞાનીઓ કરે છે, અને કેટલાક નથી કરતા એ બન્નેમા કોણ કરે છે અને કોણ નથી કરતા? શા માટે કરે છે અને અને શા માટે નહિ? એ બે સંશયો ઉદ્ભવે છે. તેનું નિરાકરણ આ પ્રમાણે થાય છે. જે મનુષ્ય એમ નિશ્ચય કરે છે કે 'હું કર્મ કરૂં એવી પ્રભુની ઇચ્છા છે, પ્રભુની ઇચ્છા હજુ મારી પાસે કર્મ કરાવવાની છે, તે અધિકારી કર્મ કરે છે. જે અધિ-

---

[1] આ લેખ 'વૈષ્ણવધર્મપ્રકાશ'માં છપાવેલો છે, પરંતુ ત્યાં અશુદ્ધ સ્વરૂપમાં મુદ્રિત થયેલો હોવાથી તેને અત્ર સ્થાન આપ્યું છે.

[2] आनन्दं ब्रह्मणो विद्वान् न बिभेति कुतश्चन ।

[3] एतं ह वाव न तपति किमहं साधु नाकरवम् किमहं पापमकरवमिति ।

કારીને એમ જ નિશ્ચય થઇ ગયો છે કે મારી પાસે કર્મ કરાવવાની ભગવાનની ઇચ્છા જ નથી એ અધિકારી કર્મ કરતો નથી. દૃષ્ટાંત-શુકદેવજી અને જડભરતજી, શુકે અને જડભરતે કરેલો કર્મત્યાગ સુપ્રસિદ્ધ જ છે. આ પ્રકારનો નિશ્ચય થવો ભગવાનને આધીન છે. ભક્તોમા તે નિશ્ચય નિયમપૂર્વક નથી થતો, એટલા માટે તેવો નિશ્ચય કરવા અસમર્થ આધુનિકોએ **તો કર્મ કરવાં જ**, અર્થાત્ જેને જે ઉત્તમ અધિકારીને એવુ જ્ઞાન છે કે ભગવદિચ્છા મને કર્મ કરાવવાની છે તેણે કર્મ કરવુ, અને જે મધ્યમ અધિકારીના મનમા એવો સદેહ છે કે મારી પાસે કર્મ કરાવવાની ભગવાનની ઇચ્છા હશે કે નહિ એણે પણ કર્મ કરવું.

અત્ર સશય ઉત્પન્ન થાય છે કે પુરુષોત્તમને જાણનાર ઉત્તમ અધિકારી ભગવદિચ્છાને આધીન થઇને કર્મ ભલે કરે, પણ તેનુ ફલ તેને શુ મળશે એનો વિચાર કર્યો? લૌકિક ફલ તો તેને ઇષ્ટ નથી, એટલે તે ફલ મળશે એમ કહી શકાશે નહિ વિઘ્નો દૂર થાય એ ફલ થશે એમ કહેશો તો પણ અયુક્ત છે, કેમકે ભગવચ્ચરણારવિંદનુ સેવન કરનારને તે વળી વિઘ્ન શાના? તો હવે તેને કર્મનુ ફલ શુ!

ઉપરના સશયનુ સમાધાન આવી રીતે શ્રીમત્કૃષ્ણદ્વૈપાયન વ્યાસજી કરે છે. જેને ભગવદિચ્છાનુ જ્ઞાન છે અને કર્મ કરે છે, તેને જુદુ જ ફલ પ્રાપ્ત થાય છે. જીવને તો કર્મનું અમુક જ ફલ પ્રાપ્ત થાય છે, પણ આ ઉત્તમ અધિકારીને ઈશ્વર જે કર્મ કરે અને જે ફલ થાય છે, જેવા કે વેદમર્યાદાનું રક્ષણ લોકનો સંગ્રહ વગેરે, તે ફલ થાય છે. ભગવાન્ શ્રીમુખે આજ્ઞા કરે છે કે 'હે [1]અર્જુન, જેવી રીતે અજ્ઞાની લોકો આસક્તિ રાખીને કર્મ કરે છે તેવી રીતે વિદ્વાનોએ, જ્ઞાનીઓએ કર્મ કરવાના નથી, પરતુ આસક્તિ રાખ્યાસિવાય લોકસંગ્રહમાટે, લોકો હીન અધિકારીઓ કર્મનો ત્યાગ ન કરી બેસે એટલામાટે વિદ્વાનોએ કર્મ કરવાં.'

હવે જે મનુષ્યનું મન સંશયગ્રસ્ત છે, મારી પાસે કર્મ કરાવવાની ભગવાનની ઇચ્છા હશે કે નહિ એવો સંદેહ જેના મનમા સ્થાન કરી બેઠો છે, એવા મધ્યમકારીને તો કર્મ અત્યુપયોગિ થઇ પડે છે એવા સદિગ્ધ પુરુષને કામ, દુસગ વગેરે જલદીથી થઇ જાય છે અને તેથી ચિત્ત મલિન બને છે અને તેમ થવાથી ભગવાનનો સાક્ષાત્કાર થવામા પ્રતિબધ થાય છે, તે પ્રતિબધને તોડવામા કર્મ ઘણા ઉપયોગિ થઇ પડે છે, માટે તેવા અધિકારીએ તો કર્મ અવશ્ય કરવા.

[2]श्रीहरिरायजीकृता मार्गशिक्षा.

जानीत परमं तत्त्व यशोदोत्सङ्गलालितम् ॥
तदन्यदिति ये प्राहुरासुरांस्तानहो बुधाः ॥ १ ॥

ઉપરનો શ્લોક શ્રીમદણુભાષ્યની સમાપ્તિમા વેદના સારરૂપે શ્રીગુસાંઇજીએ આજ્ઞા કરેલો છે તેનો અર્થ એવો થાય છે કે પરમ તત્ત્વ તો શ્રીયશોદોત્સંગલાલિત જ છે. જે એમના સિવાય બીજાને પરમ તત્ત્વ કહે તેમના સર્વથા આસુર સમજવા. આ આજ્ઞાથી અન્યમાર્ગીય

---

[1] सक्ता कर्मण्यविद्वासो यथा कुर्वन्ति भारत । कुर्याद् विद्वास्तथा कर्म चिकीर्षुर्लोकसङ्ग्रहम् ।

[2] પ્રાચીન પુસ્તક ઉપરથી વ્રજભાષાનો ગુર્જરાનુવાદ

વૈષ્ણવને આપ એમ જણાવે છે કે યશોદોત્સંગલાલિતના તુલ્ય બીજા કોઇ છે એમ કહે તો પરમ અપરાધ થાય. વળી, આપણા માર્ગમા શ્રીઠાકુરજી આનંદમાત્રકરપાદમુખોદરાદિ છે, લીલાવિશિષ્ટ છે, તેથી જ્યા શ્રીઠાકુરજી બિરાજતા હોય ત્યા તેમની બધી લીલાસામગ્રી જાણવી. न स्त्रियो व्रजसुन्दर्यं पुत्र ता श्रुतय किल એ વાક્ય બ્રહ્માએ ભૃગુઋષિને કહેલું છે, તેથી વ્રજભક્તોમા અન્ય સ્ત્રીઓના જેવી બુદ્ધિ ન રાખવી, કેમકે તે પરમ અપરાધરૂપ છે. વળી आचार्यं मा विजानीयात् એ એકાદશસ્કંધમા કહેલા શ્રીઠાકુરજીના વાક્યથી એમ જ નિશ્ચય કરવો કે આ માર્ગના પ્રકટકર્તા શ્રીઆચાર્યજી મહાપ્રભુજી જ છે, અને આ માર્ગ પ્રકટ કરવા માટે જ આપ પ્રકટ્યા છે તથા શ્રીગુસાંઇજી પણ સાક્ષાત્ ભગવદ્રૂપ જ છે. તેમના સમાન બીજાને કહેવા એ પરમ અપરાધ છે તેવી વિપરીત બુદ્ધિ જેની હોય એવા દુષ્ટના સંગથી, તેવા વિષયના સંગથી પુષ્ટિમાર્ગનો સંબંધ સર્વથા ન થાય, કારણ, શ્રીઆચાર્યજી મહાપ્રભુજીવિષે તથા શ્રીગુસાંઇજીવિષે અન્યથાબુદ્ધિ થવી એ એક મૂલ અપરાધ છે, તેથી બધું નષ્ટ થાય છે તથા શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના વંશમા તથા ભગવદીયોમા જેટલો ભાવસંબંધ હોય તેટલો યથાયોગ્ય સન્માનપૂર્વક રાખવો. એમનાસિવાય અન્યને ભાવસંબંધ વિના પણ સદ્બુદ્ધિથી સન્માન અથવા નમસ્કાર પણ કરે તો અન્યસંબંધ થાય તેથી ઘણો બાધ થાય છે. શ્રીગુસાંઇજીનુ વાક્ય છે કે अन्यसम्बन्धगन्धोपि कन्धरामेव बाधते ॥ શ્રીઆચાર્યજી મહાપ્રભુવિષે ભાવસંબંધ જોઇએ, કેવલ દેહસંબંધ કામમા ન આવે, કારણકે ઈશ્વરવિષે ભાવસંબંધ જ મુખ્ય સંબંધ છે. એટલા માટે જ યાદવાદિઓ દેહસંબંધિઓ હતા, પરંતુ ભાવસંબંધ માત્ર ઉદ્ધવજીનો હોવાથી તેમનો પરમ ઉત્કર્ષ છે એ ભાવસંબંધ કેવો જોઇએ ? જેવો સ્ત્રીનો પતિવિષે હોય છે તેવો સ્ત્રીનો જન્મ અન્યત્ર છે તથાપિ તેનો ભાવસંબંધથી તો સંબંધ છે જ, તેથી ભાવસંબંધ અતિપ્રબલ છે. દેહના સંબંધી માતાપિતા વિદ્યમાન હોઇ દૂર રહે છે, પરંતુ ભાવસંબંધવાળી સતી પતિના સંગે બળે છે. આવી રીતનો પ્રભુસાથે જીવનો સંબંધ હોવો જોઇએ જેવીરીતે વિવાહ થયા પછી ભાવસંબંધ થઇને પતિસેવાનો અધિકાર સ્ત્રીને મલે છે, તેવીરીતે જીવને પણ ભાવસંબંધ થયા પછી સાક્ષાત્ ભગવત્સેવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. આ ઠેકાણે એક શંકા પ્રાપ્ત થાય છે કે જીવ તો સર્વદોષનિધાન છે, અને આ દેહાદિ પ્રાકૃત દુષ્ટ છે, તો કેવી રીતે ભગવત્સેવાયોગ્ય થઇ શકે ? અને શ્રીઠાકુરજી તો આપ નિર્દોષ પૂર્ણગુણવિગ્રહ છે. આનુ ઉત્તર એવી રીતે વિચારવું. આ જીવને નિર્દોષ બનાવીને સેવાયોગ્ય કરવાનો શ્રીમહાપ્રભુજીને જ્યારે વિચાર પ્રાપ્ત થયો ત્યારે તે જ વખતે આપ શ્રીપૂર્ણપુરુષોત્તમ સાક્ષાત્ શ્રીઆચાર્યજીસમક્ષ પ્રકટ થયા અને બ્રહ્મસંબંધ કરાવાની આજ્ઞા આપી જો શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ આપનાદ્વારાએ સમર્પણ કરાવ્યુ તો તે જીવન સઘલા દોષની નિવૃત્તિ થાય છે અને તેથી તેને સેવાનો અધિકાર પ્રાપ્ત થાય છે, એમ સમજવુ. જેવીરીતે બ્રાહ્મણનો બાલક પોતાના ધર્મનુ આચરણ ન કરે તો તેને ફલ મલે નહિ, તેવીરીતે વૈષ્ણવ થઇને પ્રભુસેવા ન કરે આ માર્ગનુ ફલ મલે નહિ જે કાંઇ અધિકાર પ્રાપ્ત થયો હોય તે પણ વૃથા થઇ જાય ભક્તિમાર્ગનો મુખ્ય ધર્મ એજ છે કે નિયમપૂર્વક કૃષ્ણસેવા કરવી જેવી રીતે બ્રાહ્મણ થઇને સંધ્યાવન્દન ન કરે તો પ્રત્યવાય આવી પડે છે, તેવી રીતે વૈષ્ણવ થઇને ભગવત્સેવા ન કરે તો દોષનુ પાત્ર બને છે. કોઇવાર વ્યાવૃત્તિ વિશેષ હોય તો પણ એકવાર અવશ્ય મંદિરમા જઇને થોડી પણ સેવા કરવી.

સેવામાથી પરવારીને બાહાર નિકળીએ ત્યારે પણ એવીજ ભાવના રાખવી કે સર્વ કાર્ય શ્રીઠાકુરજીનુ છે, સર્વનો ઉપયોગ પ્રભુસેવામાજ થવાનો છે એવીરીતે જાણીને શ્રીઠાકુરજીવિષે મન રાખીને સર્વ વ્યાવૃત્તિ કરવી તેમ કરવાથી આસુરભાવ નથી થતો માટેજ સમય મળતા श्रीकृष्ण शरण मम એ અષ્ટાક્ષરનો જપ કર્યા કરવો. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે तस्मात् सर्वात्मना नित्य श्रीकृष्ण शरण मम वदद्भिरेव सतत स्थेयमित्येव मे मति । માટે અષ્ટાક્ષરમંત્ર વારંવાર પ્રતિક્ષણ બોલતા રહેવુ. જો ન બોલે તો અતિપ્રબલ કાલથી આસુરાવેશ આવી જાય વળી અસમર્પિત પદાર્થ સર્વથા ન ખાવો. તે ખાવાથી નિવેદન ધર્મ ચાલ્યો જાય છે. જેવી રીતે શ્રીઠાકુરજીને સમર્પ્યું હોય તેવી રીતે લેવુ એ પ્રભુનુ ઉચ્છિષ્ટ છે એમ જાણીને લેવુ, નહિ કે ભોગબુદ્ધિ રાખીને કેમકે ભોગ સેવામા બાધકર્તા છે. શ્રીમહાપ્રભુજીનુ વચન છે કે उद्वेग प्रतिबन्धो भोगो वा स्यात्तु बाधक । વળી જેમ પતિવ્રતા સ્ત્રી બધી સામગ્રી પતિમાટે સિદ્ધ કરીને પતિને ધરે છે, તે પછી પતિના ઉચ્છિષ્ટથી દેહનિર્વાહ કરે છે, તેમ અહિં સમજવુ જો પતિ પહેલા સ્ત્રી ખાય તો તેની બુદ્ધિ બગડે અને વ્યભિચારિણી થાય તેવી રીતે ભગવાનને નહિ સમર્પેલો પદાર્થ પોતાના ઉપયોગમા વૈષ્ણવ થઇને લે તો તેની બુદ્ધિ બગડે અને તેથી ભગવદાશ્રય છુટી જાય. વળી દુસગથી સાવધાન રહેવુ. કારણકે દુ સગ સર્વથા ભગવદ્ભાવનો એક ક્ષણમા નાશ કરે છે. જેમ દુષ્ટ દૂતીના સગથી પતિવ્રતા સ્ત્રી પોતાનો ભાવ ત્યજે છે, તેના સગથી પતિ જ્ઞાત થાય તો જેમ અપ્રસન્ન થાય છે અને ત્યાગ પણ કરે છે તેવી રીતે અહિં પણ દુ સગ દોષ લાગવાથી હાનિ થાય છે, માટે શ્રીઠાકુરજીની સેવામા ચિત્ત રાખીને દુ સગ ત્યજી દેવો. દુ સગ કરવાથી ભક્તિમાર્ગ પ્રમાણે ચાલવા જતા ભગવત્સેવામા પ્રતિબધ આવી પડે, વિષયાસક્તિ વધે, ગૃહાસક્તિ પણ ઘણી થાય માટે બુદ્ધિમા નિશ્ચય કરવો કે ઘરમા પણ દુ સગ હોય અને બાહાર પણ હોય તો જેમ બલિરાજાને જેમ શુક્રાચાર્યનો સગ હતો તેમ, સાવધાન રહેવુ. આસક્તિ ન કરવી. ઉદાસીન થઇને રહેવુ. સર્વથા સેવાપ્રતિકૂલ વિષયનો પરિત્યાગ કરવો અને દેહ, ઇંદ્રિય, પ્રાણ, અંતઃકરણ, ચિત્ત, કુટુબ વગેરે બધાનો વિનિયોગ પ્રભુસેવામા કરવો જો વિનિયોગ ન કરે તો બહિર્મુખતા થાય, તેથી ભગવાનનુ વિસ્મરણ થાય. વાસ્તે અન્ય વિનિયોગથી સાવધાન રહેવુ કદાચિત્ પ્રમાદથી અન્યવિનિયોગ થઇ જાય તો પણ ચિતા તો ન જ કરવી. કારણ કે શ્રીપ્રભુ સર્વસમર્થ છે શ્રીમહાપ્રભુજીનુ વચનામૃત છે કે समर्थो हि हरि । સમર્પણનો વિધિ એવો છે કે પ્રથમ દિવસે ઉપવાસ કરીને શુદ્ધ થવુ પછી પ્રભુસમીપમા બેસવુ ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુના ચરણારવિંદમા નિષ્ઠા થાય. ત્યા શ્રીઆચાર્યજી મહાપ્રભુજી સ્વવંશદ્વારા અગીકાર કરે છે શ્રીકૃષ્ણને સર્વસમર્પણ કરવાનુ છે. તે થયા પછી અસમર્પિત કદીપણ ખાવુ નહિ. અન્યાશ્રય ન કરવો. અન્યવિનિયોગ ન થવા દેવો. સેવાપ્રકારને સ્નેહપૂર્વક જાણવો જે પ્રથમ આજ્ઞા કરી છે, તે પૂછીને સેવાપ્રકાર જાણીને સેવા કરવી શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનુ વચનામૃત છે કે सेवाकृतिर्गुरोराज्ञा बाधन वा हरीच्छया આથી અન્યથા વર્તે તો ફલ ન થાય व्रजलीला मध्यस्थितनेજ સમર્પણ કરવાનું છે. ત્યા શ્રીમહાપ્રભુ જીવનો અગીકાર કરે છે શ્રીગુસાઇજી પણ આજ્ઞા કરે છે કે सदा सर्वात्मना सेव्यो भगवान् गोकुलेश्वर. स्मर्तव्यो गोपिकावृन्दे क्रीडन् वृन्दावनस्थित । વળી શ્રીઆચાર્યજી મહાપ્રભુનુ પણ વાક્ય છે કે— आत्मानन्दसमुद्रस्थ कृष्णमेव विचिन्तयेत् । પ્રભુનુ સ્મરણ કરી તે પણ શ્રીઠાકુરજીના દર્શન માટેની

આર્તિ રાખીને કરો, આ માર્ગમાં અતિવિપ્રયોગભાવવિના પ્રભુને મળવું મુશ્કેલ છે, કેમકે શ્રીમહાપ્રભુ અગ્નિરૂપ છે આ માર્ગ પણ તેવોજ છે. भक्ताना दैन्यमेवैक એ વાક્યથી, વળી પ્રતિદિન આટલા ગ્રંથોનો અવશ્ય પાઠ કરવો श्रीकृष्णाश्रय, नवरत्न, भक्तिवर्धिनी, श्रीयमुनाष्टक, परिवृढाष्टक, पुरुषोत्तमसहस्रनाम, नामावली, श्रीवल्लभाष्टक, सर्वोत्तम, श्रीमद्भागवतनो १ अध्याय આટલા તો અવશ્ય પાઠ કરવા श्रीकृष्णाश्रय અને परिवृढाष्टकનો પાઠ શ્રીઠાકુરજીપાસે કરવો. બીજા પાઠો પરોક્ષ રહીને કરવા અને માર્ગની રીતિને અનુસરીને જ્યા પ્રભુ બિરાજતા હોય અને સેવા થતી હોય ત્યાનો મહાપ્રસાદ લેવો. તેના કરતા બીજે અન્ય સ્થને પ્રસાદ લેવાની આવશ્યકતા આવી પડે તો શ્રીમહાપ્રભુજીના શ્રીઠાકુરજીનો મહાપ્રસાદ મેલાવીને લેવો તો બાધક નથી નહિ તો ચરણામૃત અવશ્ય મેલાવવુ જ, અસમર્પિત અથવા અન્યસમર્પિત સર્વથા ન લેવો. સદા સતુષ્ટ થઇને રહેવુ ગૃહસ્થાશ્રમમા સ્થિત હોય તો ભગવત્સેવા કરવી श्रीकृष्ण शरण मम કહેતા રહેવુ. સ્વમાર્ગમા નિષ્ઠા રાખવી. આત્મનિવેદનવાળા વૈષ્ણવનો જ સગ કરવો દુસગથી ડરતા રહેવુ વળી ભગવત્કાર્યવિષે આદરભાવ રાખવો લૌકિકમા આદર ન રાખવો. એમ થવાથી ભક્તિમાર્ગના ધર્મોનુ આચરણ કરેલુ કહેવાય છે. આવશ્યક લૌકિક વૈદિક કાર્યો અનાસક્તિથીજ કરવા. વળી શ્રીઠાકુરજીને સર્વ સમર્પેલુ છે એમ જાણીને તે કાર્યમા દ્રવ્ય થોડુ ખરચવુ તે દ્રવ્યનો અન્યવિનિયોગ થશે એમ જાણીને ડરતા રહેવુ સદા સર્વદા શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનો દૃઢ આશ્રય રાખવો. તેથી સર્વસિદ્ધ થશે. એ બધુ ક્યા સુધી લખીએ ? જે આ માર્ગમા સ્થિતિ કરશે તેને આ માર્ગના સર્વ ધર્મો શ્રીમહાપ્રભુજી સ્ફુરાવશે. જેમ યૌવન પ્રાપ્ત થતા સ્ત્રીને કટાક્ષાદિ કોઇને શિખવવા પડતા નથી, તેમ શ્રીમહાપ્રભુની કૃપા થતા આ માર્ગ એની મેળેજ સમજાશે આ માર્ગની સર્વ વાત એમને એમ જ સ્ફુરી આવશે. શ્રીઠાકુરજી આપ તો સ્વકીયોનુ સર્વથા હિતજ કરશે. यथाकाले सुखं એ શ્લોકથી શ્રીમદાચાર્યજી એજ આજ્ઞા કરે છે અને જ્યા જન્મ સાર્થક કરવો છે, તથા થોડામા જાણવુ છે તો સકલ દોષ એક ક્ષણમાંજ ભસ્મ થઇ જશે અને સર્વ સ્ફૂર્તિ થશે ત્યારે સમજવુ કે તે માર્ગનુ ફલ જે મળનાર હતુ તે મળી ગયુ. જેણે પુણ્યો કર્યા હશે તેના મનમાં તે વાત આવશે બીજાને ઘણો દુર્લભ માર્ગ છે. કાલ અતિકરાલ છે, દુસંગો ઘણા આવી મળે છે, સત્સગનુ નામનિશાન ન મળે, ત્યારે શ્રીઠાકુરજી આપ તો તેવી રીતિ વિના ઉદાસીન ભાસે છે. સ્વતંત્ર છે, મનમા આવે તે કરે, એમા કોઇનુ જોર ચાલતું નથી ભાગ્યની વાત છે

मयेदं मार्गसर्वस्वं लिखितं लोकभाषया ॥
केशव ....मुख्य सेवित सुखसिद्धये ॥ १ ॥
मद्भावेनैव सन्तुष्टः सर्वथाहं हरेर्जुना ॥
ददाम्यत्राशिषो भूयात् प्रसन्नो भगवत्प्रभु ॥ २ ॥

॥ इति श्रीहरिरायेण विरचितंमार्गशिक्षा समाप्ता ॥

श्रीस्वामिनीप्रार्थनाष्टक:

निमंत्र्य प्रातर्या निजहृदयनाथं निरूपमा समाकार्यैकाकिन्यतिघनवनाद् स्वभवने ॥ विधायान्नं स्वादु स्वयमतिमुदा भोजयति सा मयि प्रीत राधा भवतु हरिसंगार्पितमना ॥ ३ ॥

શ્લોકાર્થ—અનુપમેય ઉપમાયુક્ત પ્રિયાજી પ્રાત કાલમા નિજ હૃદયનાથને આમંત્રણ કરીને અતિ ગહ્વર વનથી સ્વપ્રિયતમને સ્વકીય ભુવનમા અન્ય સખીની સહાયતા વિના એકલા જ પધરાવીને સ્વાદિષ્ટ અન્ન એટલે ષડ્રસયુક્ત સર્વ પકવાન સામગ્રી સિદ્ધ કરીને પોતે જ પ્રસન્નતાથી આરોગાવે છે. તે હરિસંગાર્પિતમના પ્રિયાજી મારે વિષે પ્રસન્ન થાઓ.

ભાવાર્થ—પ્રિયાજી રાત્રિમા પ્રભુની સાથે વિહાર કરીને દિવસમાં પણ પ્રભુસંગમનાર્થ ગહ્વરકુંજકુટીરમા એકાંતમા સ્વપ્રિયતમને મને મળીને પોતાની સર્વ વસ્તુનો ભોગ પ્રભુ કરે તે પ્રકારથી પ્રભુની પ્રાર્થના કરે છે તે પ્રાર્થનાનુ સ્વરૂપ નીચે મુજબ—

अस्मदीयपदार्थाना भोग कार्यस्त्वयैव हि
अन्यथा मार्गमर्यादा नंक्ष्यत्यंभोजलोचन ॥ १ ॥

અર્થ—અમારા સર્વ પદાર્થનો ભોગ આપે જ કરવો અન્યથા હે કમલનયન પ્રભુ, પુષ્ટિમાર્ગીય મર્યાદાનો ભંગ થશે—હા પ્રાણનાથ ઇતરના ઉપયોગની શંકારૂપ દાવાનલ અગ્નિએ કરીને સારી રીતે અમારૂં હૃદય સુતપ્ત રહે છે તે અંત તાપને નીલાંબુદવરશ્યામસ્વરૂપથી સાક્ષાત્ અમારી વસ્તુસામગ્રીને અંગીકાર કરીને શીતલ કરો. આ પુષ્ટિમાર્ગમા દેહપ્રાણાદિક સર્વ પદાર્થનુ પ્રભુને જ બ્રહ્મસંબંધદ્વારા નિવેદન થયુ છે, માટે અન્યસંબંધ અર્થાત્ પ્રભુવ્યતિરિક્ત અન્યના કામમા લગાડવુ તે મહાન્ બાધક છે એ પણ અત્ર ગૂઢાભિસંધિથી સિદ્ધ થઇ જાય છે, માટે જ પ્રિયાજી મહાપ્રાતકાલમા સ્વપ્રિયતમને મળીને સર્વ સામગ્રી આપ આ નિકુંજભુવનમાથી મારે ઘેર પધારીને અંગીકાર કરો એમ પ્રાર્થના કરે છે. અનેક પ્રકારની સામગ્રી સ્વભુવનમા બનાવીને પ્રભુને બોલાવીને, અર્થાત્ પધરાવીને અંગીકાર નિત્ય કરાવે છે તે પ્રિયાજી મારાપર કૃપા કરો એમ આપ પ્રાર્થના કરે છે.

આ અષ્ટકમા પ્રત્યેક શ્લોકમા જુદી જુદી લીલાયુક્ત પ્રિયાજીનુ વર્ણન છે આ ચતુર્થ શ્લોકમા નેત્રદ્વારા સ્વપ્રિયતમના વદનામૃતલાવણ્યનુ પાન તથા નિકુંજનાયક પ્રભુના વેણુનાદાનુકૂલ તારસ્વરથી પ્રિયાજીના ગાનનુ વર્ણન છે—

निधाय श्यामांसे निजभुजलतामिन्दुवदनं
कटाक्षैर्पश्यन्ती कुवलयदलाक्षी मधुपते: ॥
मुदा गायन्ती या मधुरमुरलीजातनिनदा-
नुसारं तारं सा फलतु मम राधा नयनयो: ॥ ४ ॥

શ્લોકાર્થ:—કમનીય મનોહર સર્વાંગલાવણ્યયુક્ત કમલદલાક્ષી પ્રિયાજી નિજભુજલતા સ્વપ્રિયતમના અંસ વિષે ધારણ કરીને, મધુપતિના કમલસદૃશ વદનચંદ્રને કટાક્ષે કરીને દેખતાં, અને માધુર્યયુક્ત મુરલીનાદાનુકૂલ તારસ્વરમા પ્રસન્નતાથી ગાન કરનાર પ્રિયાજી મારા નેત્રના ફલરૂપ થાઓ.

ભાવાર્થ:—શ્રીસ્વામિનીજી સ્વકીય ભુજલતા પ્રાણપતિ નિકુંજનાયકના ખભા ઉપર

ધરીને રસાત્મક સ્વપ્રાણેશના વદનચંદ્રને કટાક્ષથી નિહાલિને-નિરખીને, વદનલાવણ્યામૃતાબ્ધિમા નિમગ્ન થઇ રહે છે. આ પુષ્ટિમાર્ગમા મનોરથાંત આનંદની સિદ્ધિ શ્રીકૃષ્ણચદ્રના આનન્દમાંજ છે, માટે આ પુષ્ટિમાર્ગમાં પ્રભુનાં દર્શન કરતાં પ્રથમ શ્રીમુખનું જ દર્શન કર્તવ્ય છે એ પણ અત્ર સૂચિત થાય છે પ્રભુના વેણુનાદની સાથે તારસ્વરમા ગાન સંગીત શાસ્ત્રાનુકૂલ નવનિકુંજમાં નિત્ય પ્રિયાજી જ કરે છે. અન્ય ભક્તોમાં ગાન શિક્ષણ પદ્ધતિ સ્વામિનીદત્ત જ છે, એ સિદ્ધાતનુ વિસ્મરણ ન થવુ જોઇયે. આ પુષ્ટિમાર્ગમા મનોરથાંત આનંદની સિદ્ધિ શ્રીકૃષ્ણચંદ્રની વદનસુધામાં જ છે, માટે જ શ્રીવિઠ્ઠલનાથજીએ इन्दुवदन कटाक्षैःपश्यन्ती એમ આજ્ઞા કરી, તે ઉપપન્ન છે.

મધુપતિશબ્દથી નવનિકુંજાદિ કુંજકુટીરમા સ્વપ્રાણનાથસાથે વસંતવિહારમનોરથ પણ પ્રિયાજીનો સૂચિત થાય છે.

અહાહા ! આ પુષ્ટિમાર્ગમાં મોદપ્રમોદાદિ ઝરણોને વહેનાર સરિતા નિલકેવી વહી રહી છે, જે સરિતાની વૃદ્ધિ કરનાર સુબોધિન્યાદિ ગ્રંથ પણ ભૂતલપર સુપ્રસિદ્ધ છે. જેમા સ્નાન પાન કરવાથી સાધનસંપત્તિ વિના પણ ભગવલ્લીલાત પાત થાય છે તથાપિ અહંતામમતાત્મક સંસારરૂપી મૃગતૃષ્ણાના જલની ભ્રાંતિથી પ્રાય વૈષ્ણવવર્ગ પૂર્વોક્ત સરિતામા અવગાહન કરી શકતો નથી. અતએવ પ્રભુના સ્વરૂપસંબન્ધિલાવણ્યામૃતાબ્ધિનિમગ્નતા દેખાતી નથી. પૂર્વોક્ત રસાત્મક અમંદ સરિતામા સાંપ્રતકાલીન પુષ્ટિસૃષ્ટિને અવગાહન કરાવવુ, એ કામ પુષ્ટિમાર્ગીય સાંપ્રતકાલના આચાર્યો એટલે ગોસ્વામિ-બાલકોનું છે અથવા સાંપ્રદાયિક પંડિતોનુ છે. પૂર્વોક્ત સિદ્ધાંત સ્મરણમા રહે તો વલ્લભીય સૃષ્ટિ માર્ગાંતરમા પ્રવેશ નહિ કરીને પ્રભુપરાયણ થાય.

આજકાલ એવો કરાલ સમય આવ્યો છે કે ભ્રાંતશાસ્ત્રમા સાંપ્રદાયિક વૈષ્ણવો પણ પ્રવેશ કરીને પૂર્વોક્ત પુષ્ટિમાર્ગીય પ્રમેય વસ્તુમા પણ ભ્રાંત ચિત્તવાલા થાય છે, એ માત્ર દુઃસંગપ્રભાવ જ છે.

પૂર્વ ચતુર્થ શ્લોકમાં શ્રીવિઠ્ઠલનાથે સ્વકીય નયનકમલમાં લીલાવિશિષ્ટ પ્રિયાજીનું દર્શન પ્રતિપાદન કર્યું, હવે આપે સમશ્લોકમા શુદ્ધપુષ્ટિમાર્ગીય કૃષ્ણાધરામૃતાસ્વાદરૂપ સિદ્ધિની પ્રાર્થના આપે પ્રિયાજી પાસે કરી છે, તેનુ વર્ણન છે. કારણ, એ સિદ્ધિપ્રદાન પ્રિયાજી જ કરી શકે છે, અન્ય સાધનાંતરથી થતી નથી. અથવા તદ્રૂપ સ્વાચાર્ય પણ તે સિદ્ધિપ્રદાન કરે છે, એ પણ વિસ્મરણ ન થવુ જોઇએ.

अमन्दप्रेमार्द्रात् किसलयमयात् केलिशयनात्
उपस्युत्थायाब्जारुणतरकपोलातिसुचिरा ॥
गृहं यान्ती श्रान्तिस्थगितगतिरास्याम्बुजगतं
घनीभूतं राधा रसमनुदिनं मे वितरतु ॥ ५ ॥

—કમલના મધ્યભાગના અતિલાલરંગ જેવાં કપોલદ્વયથી રુચિર એવા [illegible] દ્રુમપલ્લવનિર્મિત કેલિશય્યામાંથી પ્રાતઃકાલમા ઉઠીને [illegible] રે સ્વપ્રિયતમની સાથે નવપલ્લવરચિત શય્યામાં વિ- [illegible] માં પ્રિયાજી સ્વઆસ્યામ્બુજગત ઘનીભૂત શ્રીકૃષ્ણા- [illegible] નો દાન કરો

ભાવાર્થઃ—આ શ્લોકમા આપ દાસીરૂપથી, શ્રીકૃષ્ણના અધરામૃતસંબધી રસ પ્રિયાજી પાસે માગે છે. પુષ્ટિમાર્ગીય ઉત્તમાધિકારીને સર્વોત્તમ સિદ્ધિ તે કૃષ્ણાધરામૃતજ છે, અન્ય નહિ. તે સિદ્ધિપ્રદાન, નિકુંજનાયિકા, રાસેશ્વરી પ્રિયાજી જ જીવોને કરી શકે છે શ્રીવિઠ્ઠલનાથ તો લીલાપરિકરમા ચન્દ્રાવલીરૂપ હોવાથી શ્રીસ્વામિનીદ્વારા આ સિદ્ધિ તેમને ઉપપન્ન છે, પરંતુ સામ્પ્રતકાલમા આ પુષ્ટિમાર્ગીય સિદ્ધિ કૃષ્ણાધરામૃતાસ્વાદરૂપ મેળવવા માટે સ્વામિનીરૂપ શ્રીવલ્લભાચાર્યનો જ સમાશ્રય કરવો, કારણ, રાસલીલાંતપાતિની રાસેશ્વરી પ્રિયાજી છે, તેના ભજનનો અધિકાર સામ્પ્રતકાલીન જીવને હોઇ શકેજ નહિ અને પુષ્ટિમાર્ગીય સિદ્ધિ તો અભિલષિત બ્રહ્મસબધિ સર્વ જીવને હોય એ સ્વાભાવિક નિયમ છે માટે શ્રીમદાચાર્યનો સમાશ્રય કરીને તે સિદ્ધિ મેળવવી ઉપપન્ન છે. रासस्त्रीभावपूरितविग्रह ઇત્યાદિ વાક્યથી સ્વામિનીત્વ શ્રીમદાચાર્યનુ સુપ્રસિદ્ધ થાય છે. લીલાપરિકરમા શ્રીવિઠ્ઠલનાથનુ દામીત્વ સ્વકૃત વિજ્ઞપ્તિમાં સુપ્રસિદ્ધ છે वितर वीर निजाधरसीधु मे विरहकुकुमत स्तनमण्डले ॥ हरवियोग रुजमित्यादि ઇત્યાદિક અનેક વાક્યોમા દામીત્વ પુષ્ટિમાર્ગીય સ્વરૂપાત્મક ભજનાનંદની સિદ્ધિ तद्द्वारा पुरुषो भवेत ઇત્યાદિક વાક્યથી, સ્વામિનીઓથી જ છે અન્યથી નહિ, માટે કૃષ્ણાધરામૃત પ્રિયાજી પાસે માગે છે—

અહાહા ! શું પુષ્ટિમાર્ગીય અપ્રમેય સ્નેહની પરાકાષ્ઠા કે જ્યા અહર્નિશ પ્રભુની સાથે જ રમણ, ક્ષણમાત્ર પણ પ્રભુવિયોગની અસહિષ્ણુતા એ સિદ્ધાત આ શ્લોકમા પ્રદર્શિત કરવા માટે પ્રિયાજીને, પ્રિયતમ નિકુંજાધીશ પ્રભુની સાથે રાત્રિવિહારવર્ણન કરીને દિવસમા પણ સ્વપ્રિયતમ પ્રભુએ કટાક્ષદ્વારા સકુચિત નવનિકુંજમાં વિવિધ પુષ્પોની શય્યા રચીને' પ્રભુની સાથે રમણ કરનારાં વર્ણવીને પ્રિયાજીના ચરણનુ દાસ્યત્વ માંગે છે

प्रियेणाक्ष्णा संसूचितनवनिकुञ्जेषु विविध-
प्रसूनैर्निर्मायातिशयरुचिरं केलिशयनम् ॥
दिवाप्येषा गुञ्जन्मधुपमुखरे धीरपवनाश्रितं
क्रीडन्ती मे निजचरणदास्यं वितरतु ॥ ६ ॥

શ્લોકાર્થ—સ્વપ્રિયતમે નેત્રદ્વારા સસૂચિત નવનિકુંજોમા વિવિધ પ્રકારના પુષ્પોએ કરીને અતિશય રુચિર એવું કેલિશયન એટલે ક્રીડાસ્થાન રચીને ભ્રમરોના ગુંજારથી શબ્દાયમાન અને ધીર પવનથી યુક્ત એવા પૂર્વોક્ત પ્રિયસસૂચિત નવકુંજમા દિવસમા મહાક્રીડા કરતા એવા પ્રિયાજી મને સ્વકીયચરણનું દાસ્યત્વ વિસ્તાર કરો એમ આપ પ્રાર્થના કરે છે.

ભાવાર્થ—જ્યારે સ્વપ્રિયતમ પ્રિયાજીની સાથે નવનિકુંજમા વિહારેચ્છા કરે છે, ત્યારે નેત્રદ્વારા પ્રિયાજીને સંકેત કરે છે, અને દિવસમા પણ તે સંકેતાનુકૂલ પ્રિયાજી નવકુંજોમા વિવિધ પુષ્પોની શય્યા રચીને વિવિધપવનયુક્ત લીલાનિકુંજમા પ્રભુ સાથે રમણ કરે છે, તે લીલાસહિત સ્વામિનીનું આપ દાસ્યત્વ માગે છે. અહાહા ! પ્રિયાજીના પ્રેમની કેવી અપૂર્વતા, કે જ્યારે સ્વપ્રિયતમની સાથે નવકુંજમા વિહાર કરે છે, પ્રભુના અંકમા સયોગરસાવિષ્ટ થઇ શયન કરે છે, તો પણ પ્રત્યક્ષમા પણ વિહાર થવાથી લલિતાદિકને સ્વપ્રિયતમ ક્યાં છે, એમ ભ્રાંતિથી પુછે છે શુદ્ધ પુષ્ટિમાર્ગીય પ્રેમસુધા એવી જ છે, કે જ્યા તે સુધાપાન કરવાથી અન્યધ્યાન, અન્યજ્ઞાન, અન્યઆલાપ સર્વ નિવૃત્તિ પામે છે અને કેવલ સ્વપ્રભુની જ સ્ફૂર્તિ રહે છે, પૂર્વોક્ત પ્રત્યક્ષવિરહ ષ્ટિ, મ્હાન્ ભક્તશિરોમણિ પ્રિયાજીને જ થાય છે

માટેજ તેનું દાસ્યત્વ આપે માગ્યું છે. નવનિકુંજોમા કદબના વૃક્ષપર ચડેલા પ્રભુને અકસ્માત્ દેખીને વિહ્વલ બનેલાં પ્રિયાજીની શરણાગતિ આપ કરે છે.

कदम्बारूढं या निजपतिमजानन्त्यहनि तत्तले
कुर्वन्ती स्वप्रियतमसखीभिः सह कथाम् ॥
अकस्मादुद्वीक्ष्य स्फुटतरलहारोरसमिति
स्मितस्मेरं व्रीडानमुदितदृक् सा मम गतिः ॥ ७ ॥

શ્લોકાર્થ—કદંબારૂઢ સ્વપ્રિયતમને પ્રિયતમા નહિ જાણીને, દિવસમા કદંબના વૃક્ષના મૂલમા સ્વકીય અતીવ પ્રિય સખીની સાથે સ્વપ્રાણપતિની કથા કરતા એવા પ્રિયાજી અકસ્માત્ પ્રકાશિત તરલહારયુક્ત વક્ષસ્થલવાલા સ્વપ્રિયતમને જોઇને, અતિમંદહાસ્ય અને વ્રીડા એટલે શરમયુક્ત મુખને વિષે પ્રફુલ્લિત દ્રષ્ટિવાલા પ્રિયાજી મારા ગતિરૂપ થાઓ

ભાવાર્થ—નિકુંજનાયક પ્રભુ, મારા વિરહમા પ્રિયાજીની કેવી સ્થિતિ થાય છે, તે વિરહાતુર સ્વપ્રિયાજીનુ સ્વરૂપામૃતપાન કરવા સારૂ, કદબના વૃક્ષપર ચડીને સર્વાંગલાવણ્ય પ્રિયાજીનુ જોઇને કદબના વૃક્ષપર કોટિકંદર્પલાવણ્યયુક્ત આપ પ્રિયાજીના લાવણ્યામૃતના પાન કરતાં વિરાજમાન થઇ રહ્યા છે, તે સમયમાં ચોતરફ સ્વપ્રિયતમને જોવા માટે દૃષ્ટિ ફેરવતા અકસ્માત્ કદંબને જોઇને અતિમંદમંદહાસ્યયુક્ત મુખથી નેત્રદ્વારા સ્વપ્રિયતમના રૂપામૃતનુ પાન કરવાથી દૃષ્ટિમા વિકાસ થઇ રહ્યા છે. અર્થાત્, મોદપ્રમોદાદિ ધર્મયુક્ત થઈ સ્વપ્રાણેશનું લાવણ્યામૃતપાન કરતા એવા પ્રિયાજી મારા આશ્રયરૂપ થાઓ. સજલ નેત્ર હોવાથી લોચનમા ચપલતા પ્રદર્શિત કરી છે શ્રીકૃષ્ણચંદ્ર પણ સ્વકીય કોટિકંદર્પલાવણ્યતાયુક્ત સ્વરૂપમા રતિસૂચક તરલહારોથી યુક્ત હૃદયપ્રદેશ પ્રિયાજીને બતાવીને પૂર્ણ શૃંગારરસનો આશ્રય હું જ છુ અન્ય હોઈ શકે જ નહિ એ બતાવવા સારૂ પ્રકટ વક્ષસ્થલસંબંધિહારનુ વર્ણન છે. આ પુષ્ટિમાર્ગમા નિત્યલીલામધ્યપાતી જીવોને યથાધિકાર ભગવત્સ્વરૂપામૃતપાન તથા भगवता सह सलाप એ વાક્યથી, સર્વે ઇંદ્રિયોનો પ્રભુની સાથે સંબંધ થવો, તેમા ગતિરૂપ પ્રિયાજી જ છે માટેજ આપે મારા ગતિરૂપ પ્રિયાજી થાઓ તેમ આજ્ઞા કરી, તે ઉપપન્ન છે.

लीलावैचित्र्य.

પુ. ભ. સુ.નો ચાલુ વર્ષનો ચતુર્થ અંક એક શુદ્ધ પુષ્ટિમાર્ગના ખરા આવેશથી લખાયલો હતો. જે લોકો શુદ્ધપુષ્ટિમાર્ગનું યથાર્થ મર્મ સમજતા નથી તે લોકોના અંતઃકરણમાં એ અંકે ગભરાટ અને અન્યથાભાવ પ્રસરાવી મૂક્યો હતો એમ સંભવ્યુ છે. પરંતુ જે લોકો અમારા શુદ્ધ દૃષ્ટિબિંદુથી પરિચિત છે, જે લોકો અમારી એક સરખી સત્યમાત્રાવલંબિની વિચારશ્રેણીથી સુજ્ઞાત છે, તે લોકોના અંતઃકરણમા એક પ્રકારનો આનંદ જ છવાઇ રહ્યો હતો. એક સાક્ષર ગૃહસ્થ વૈષ્ણવે તો અમને એટલે સુધી કહ્યુ હતુ કે " પુ. ભ. સુ.ના અત્યાર સુધીમા પ્રકટ થયલા અંકોમાનો આ અંક ઘણો અસરકારક છે, અને વાચવાલાયક બન્યો છે. આવી રીતે જ્યારે નિડરપણે જુસ્સાથી લખવામા આવશે ત્યારેજ સાર્વાધિકાર અને તેમાં સામ્રાજ્ય ભોગવતાં ધુતડો પલાયન કરી જશે "

* *

અત્રત્ય દયાનંદી સમાજનું રણશૃંગ ફુંકનાર એક સાપ્તાહિક પત્ર પ્રતિરવિવારે વડોદરામા પ્રગટ થાય છે. પુ. ભ. મુ ને પ્રકટ થતા લગભગ ચાર વર્ષ થવા આવ્યાં છે, પરતુ કોઇ પણ અકમા દયાનંદ અને તેને અનુસરનારી મડલીનુ કંઇ પણ ઇતિવૃત્ત લખવામાં આવ્યુ નથી. જો કે સર્વધર્મઉપર પ્રહાર કરવાનું લાયસન્સ મેળવી આવેલા દયાનદીએ પોતાના પ્રત્યેક અકમા આડકતરી અથવા સીધીરીતે એતદ્ધર્મનિદાસત્રથી નિવૃત્ત થવુ ઉચિત માન્યુ નથી. अस्तु.

સદર્હુ દયાનદીએ પુ ભ. મુના ચતુર્થ અકના લીલાવૈચિત્ર્યઉપર પોતાનુ અગાધ ચાતુર્ય દેખાડવાને પોતાના પત્રના ૧૦ કૉલમો ચિતર્યા છે ! બીજાઉપર પક્ષપાતિત્વનો આરોપ મુકનાર દયાનદી પોતે કેટલો નિષ્પક્ષ (!) છે, એ તેણે અમારી સાથે ચલાવેલી એક વર્તણુકથી સિદ્ધ થાય છે. તે ભાઈ દયાનદીને તેના લેખના જવાબ તરીકે એક લેખ મોકલવામા આવ્યો હતો. પરતુ નિષ્પક્ષપાત હોવાનો દાવો કરનાર તે ભાઇબધે તે લેખ પ્રકટ ન કર્યો, એટલુ નહિ, પરતુ તેનો સ્વીકાર અથવા પ્રત્યુત્તર આપવાની સભ્યતા પણ તે દયાનદી બનાવી શક્યો નથી ! તેની આવી સુધરેલી નીતિમાટે અમને ઘણો જ અફસોસ થાય છે !

અત્ર એ દયાનદીની વિચારપરંપરાનું નિરીક્ષણ કરવુ અયોગ્ય ગણાશે નહિ અમે તિલકાયિતશ્રીઉપર નરનારાયણમા અમુક શબ્દોના ઉચ્ચારસબધમા જે ટીકા કરી હતી, તે ટીકા દયાનદીની દૃષ્ટિમા 'સાર્થક લાગતી નથી.' ક્યાથી લાગે ? જે લોકોને આ માર્ગના સિદ્ધાતોની દિશા પણ સુજતી નથી તે લોકોને આ માર્ગનુ ઉત્તમોત્તમ દૃષ્ટિબિદુ ક્યાથી સમજાય ? જેઓ જમાનાના ઝપાટામા આવી જઇને પોતાના વિચારોનુ નિકદન કરી નાખનારા કાર્યો કરતા મુદ્દલે અચકાય નહિ તે લોકોને સત્ય ક્યાથી રુચે ? દયાનદી કહે છે કે 'વૈષ્ણવ ગ્રેજ્યુએટો'ની 'રંગેરગમાં' 'ઑર્થોડૉક્સિ' 'ભરી છે,' વળી કહે છે કે 'ભણવાનુ આ વિપરીત પરિણામ જોઇને યુનિવર્સિટીના લાભોના સગીનપણાવિષે શક પેદા થાય એવુ કામ તેઓ કરે છે' અત્ર અમે દયાનદીને પ્રશ્ન કરીએ છીએ કે તમારા ગુરુ દયાનદે જેટલી 'પરસપ્રદાય પ્રતિ અસહિષ્ણુતા બહુ તીવ્ર રીતે પ્રકટ કરીને પોતાની સ્વધર્મશ્રેષ્ઠ હોવાની અધશ્રદ્ધાનુ ભાન' કરાવ્યુ છે અને તેને જ પગલે ચાલીને: તમે દયાનદી ગ્રેજ્યુએટો પોતાના માનસ તરગઉપર ચણાયલા વિચારોની આડે આવનારને 'લબડધક્કે' લેવા ચૂકતા નથી,' આવુ તમારુ સ્વરૂપ કોઇ દિવસ વિચારવાનો તમને પ્રસગ પ્રાપ્ત થયો છે ? તમારા ગુરુનો ગ્રથ જુઓ, ફરીને જુઓ, તેમા અન્ય ધર્મોના તત્ત્વો સમજ્યા વિના, તેના ઉલટા અર્થો નિપજાવીને કેવી સભ્યતાભરી ભાષામા સમીક્ષા કરવાનો ડોળ કર્યો છે ? સ્વમાર્ગના સિદ્ધાતથી ઉલટુ વર્તન, માત્ર મીથ્યાભીતિથી જ થતુ હોય અને તેનાઉપર ટીકા કરવાથી ગ્રેજ્યુએટપણામા ખામી આવે ! વાહરે દયાનદીય બુદ્ધિની પરિસીમા ! ! કોઇ પણ દયાનદી ભાડુતી પડિત દયાનદના કપોલકલ્પિત વિચારોથી ઉલટો ચાલે તો સહિષ્ણુતાના પૂતળા મૌન જ ધરીને બેસતા હશે ? ના, ના, બિલકુલ નહિ તેઓ થોડા પણ દયાનદીય વિચારોથી ચ્યુત થાય છે ત્યારે ગમેતેવા તે સમાજના આગેવાનોની પણ ખબર તેમના મતવાના જાહેરમા લઇ નાખે છે ! આ તો परोपदेशे पाण्डित्यनो પાઠ ભજવાય છે ! આ ધર્મધુરન્ધરને એટલી ગમ નથી કે યુનિવર્સિટી લૌકિક વ્યાવહારિક શિક્ષણ આપે છે ધાર્મિક કેળવણીનો લેશપણ તેની કેળવણીમાત્ર લેનારાઓમા હોતો નથી. સમયના પ્રવાહમા ડૂબી જાય, પોતાની

ફરજો ભૂલી જાય, ધર્મને તિલાંજલિ આપે, 'યદ્ બી બગબર, વદ્ બી બરાબર' વાળી કહેવતને અનુસરે, એ જ ખરેખરો ગ્રેડ્યુએટ અને એવાથી જ યુનિવર્સિટિની કેળવણી દીપી નિકળે, એવી કાંઈક માન્યતા આ પંડિતધુરંધરના મનમા ઘર કરી બેઠેલી લાગે છે. આ માન્યતા એનાજ મનમા ચિરસ્થાયિની થાઓ ! ઑર્થોડૉક્સીનો અર્થ પણ આ 'વાર્તિકવાચસ્પતિ' સમજ્યો નથી. અમે એને પૂછીએ છીએ કે વેદને જ, તેમાં પણ અમુક ભાગને જ, સ્મૃતિ વિગેરે આર્ષ ગ્રંથોના પણ અમુક અંશને જ માનવા એ ઑર્થોડૉક્સી ખરી કે નહિ ? પોતાના ધર્મને પ્રાણાન્તે વળગી રહેવું એ ઑર્થોડૉક્સી ખરી કે નહિ ? ઑર્થોડૉક્સી ભૂષણ છે કે દૂષણ ? પ્રહ્લાદાદિ ભક્તો ગમે તેવા આસુર હુમલાઓ સામે પોતાનો સ્વધર્મ ટકાવી રહ્યા, યવનોએ ભીતમા ઉભાનેઉભા જીવતા ચણી દીધા છતા ઘણા બ્રાહ્મણવીરોએ પોતાનો સ્વધર્મ રાખીને પ્રાણનો ભોગ આપ્યો હતો, એ બધી ઑર્થોડૉક્સી કે નહિ ? ઑર્થોડૉક્સી ઇતિહાસના ચિત્રપટમાં શ્લાઘ્યગુણ બનાવે છે કે નિંદ્યગુણ ? મ. દયાનંદી આનો વિચાર કરશો ?

દયાનદીઓ મૂર્તિપૂજાને નથી માનતા એ વાત જગત્પ્રસિદ્ધ જ છે. જે માણસ જે મત ઉપર મદબુદ્ધિવિવશ થઈને સ્વાભાવિક તિરસ્કાર ધરાવે છે, તે માણસ તે મતનું લક્ષ્યબિંદુ બિલકુલ સમજી શકતો નથી મૂર્તિપૂજા એટલે શું ? મૂર્તિ શેનુ સૂચન કરે છે ? તેમા શું તત્ત્વ સમાયલું છે ? પુષ્ટિમાર્ગીયોમા આધુનિક સનાતની પંડિતોની કપોલકલ્પિત મૂર્તિપૂજા પ્રચલિત છે કે નહિ ? આ વિચારો આ 'વાર્તિકવાચસ્પતિ'ના મનમા આવ્યા જ નથી આજકાલના સનાતનીઓ કેટલીકવાર એવી દલીલો કરે છે કે, મૂર્તિમાં કંઈ ઈશ્વર નથી, માત્ર ઈશ્વરનું તે સૂચન કરે છે, નિરાકાર, નિર્ગુણ, નિર્લેપ, ઈશ્વર ઉપર શ્રદ્ધા થવા પુરતીજ તેની આવશ્યકતા છે. આવી દલીલોથી પુષ્ટ થયલી મૂર્તિપૂજા અમારા શ્રીવલ્લભસપ્રદાયમા છે જ નહિ અમે તો સાક્ષાત્ તેને—સ્વરૂપને—(મૂર્તિ પણ નથી કહેતા પણ સ્વરૂપ જ કહીએ છીએ.) સાક્ષાત્ પરાત્પર આનંદાત્મક પૂર્ણ પુરુષોત્તમ માનીને તેની સેવા કરીએ છીએ તેથીજ પુષ્ટિમાર્ગીયોમા મૂર્તિપૂજાને બદલે સ્વરૂપસેવા કહેવાય છે. આ ભાવૈકગમ્ય, પ્રભુકૃપાથીજ પ્રાપ્ય ભાવાર્થ આજના જડવાદીઓના ખ્યાલમા ન આવે, એમાં કંઈ અમને આશ્ચર્ય નથી થતું.

અમે માત્ર અંશી, સંપૂર્ણકલાવાન્, અગણિતાનંદ, ભાવતનુ, રસાત્મક ભગવાનના સેવકો છીએ. તેના વિના અમે સર્વ વિભૂતિઓને, દેવતાંતરોને સ્વપ્ને પણ નમતા નથી ! ભક્ત કવિવર દયારામભાઈ કહે છે કે 'શ્યામ પુરુષ અહીં કોઈ પણ પડિયું સાગર પાર, પડિયું સાગર પાર દેવ કોઈ બલહીના, બહુપ્રયત્ન ફલ તુચ્છ દે કો રાચે રતિ ઝીણા, એવ દેવ—દેવેશ, દયા ટાલે ભવરજને, શું કરશે સુર ન્યાલ ભીખારી તુજને, તુજને જો અક્કલ નથી પૂછ ભવા કો ચાર, શ્યામ પુરુષ અહીં કોઈ પણ પડિયું સાગર પાર.' આવી અવ્યભિચારિણી, અનન્યભક્તિના ભાવો અને તેનું મર્મ, જેમ પતિવ્રતાને પુંશ્ચલી નથી સમજતી તેમ અન્ય જ્યાં ત્યાં ભટકતા ચિત્તવાળા ન સમજે તેમાં નવાઈ નથી. આ સ્પષ્ટ વિવેચનથી તટસ્થ વાચકગણ સમજશે કે પુષ્ટિમાર્ગમાં અનેક દેવદેવીઓની ઉપાસના નથી, અને સનાતનીઓની મૂર્તિપૂજા પણ નથી: તેમ જ તેને સ્વીકારનારાઓ અને તેના જ અધિકારીઓ તરફ 'દ્વેષ'ભાવ પણ નથી દ્વેષભાવ તો ફક્ત દયાનંદને જ સોંપ્યો છે, જે તેના 'નિરાધાર' અને 'ભેદ'ભરેલા 'સત્યાર્થપ્રકાશ'માં અક્ષરેઅક્ષરે ઝળકી રહ્યો છે ! સમાજમાં મતભેદ તો હોય છે જ, પા-

ર્મિક મતભેદ સર્વત્ર હોય છે જ, પણ તેથી સામાજિક—સામૂહિક હિતમા પ્રતિબધો આવી પડતા નથી. આજથી ૧૦૦ વર્ષઉપરનો ઇતિહાસ જોઇશુ તો જણાશે કે હાલમા જેવી રીતે ધાર્મિક ઝઘડાઓ અનિષ્ટ સ્વરૂપ પકડે છે, તેવુ તે વખતે થતું ન હતુ હાલમા એટલે છેલ્લા પચાશ વર્ષમા જ તેવી દશા પ્રાપ્ત થઈ છે

કલિના કૌતુકો કળી શકાતા નથી નવા વાતાવરણે ઐક્યના વ્યાજથી ઘેરેઘેર ક્લેશ અને કુસપના બીજો રોપ્યા છે, શાન્તિના સામ્રાજ્યનુ ઉન્મૂલન કર્યું છે, સામયિક અનેકવિધ દુખોથી પરિપીડિત ભારતવર્ષની પ્રજામા વિદ્વેષાગ્નિ પ્રકટાવ્યો છે. પોતે અદર અદર અથડાઇ લડી મરતા હોય—તે—પણ જાહેરમા જ, છતા પોતાને સપના ઉત્સગમા ઉછરતા માનનારા 'આર્ય'મન્યોનો આજના જમાનામા ક્યા તોટો છે ? નાના નાના ગામડાઓમા ફરીને હળીમળીને પોતાના સ્વધર્મને વળગી રહેનારા લોકોમા ઉપદેશને બહાને અંદરઅદર કલેશ ઉત્પન્ન કરાવનારા કાવતરા ક્યા ઓછાં થાય છે ?

પુષ્ટિમાર્ગના સર્વ ગ્રથોને, એક નાનામા નાના ગ્રથને પણ દરેક આચાર્યવશ્ય તથા તેમના સેવકો માનવાને બધાયલા છે દયાનદનો ગ્રંથ, પછી તે ગમે તેવો વેદવિરુદ્ધ કે કપોલકલ્પિત હોય, તો પણ સાચ્ચો દયાનદી તેને વેદથી પણ વિશેષ માન આપવાનું સાહસ કરે છે, એ કઈ જનસમાજની ધ્યાનબાહાર નથી. અમારા આચાર્ય શ્રીતિલકાયિત દરેક પુષ્ટિમાર્ગના ગ્રથોને માનવાને બંધાયલા છે, **અને તે તેમણે તેનો જીર્ણોદ્ધાર કરવા આપેલી મ્હોટી રકમથી સાબીત થાય છે.**

અમારી માન્યતા અંધસમૂહને ભલેને 'અસત્ય' અને 'નિદા કરાવનાર' દેખાઓ, તેની અમને લેશપણ દરકાર નથી. અમે કળી ગયા છીએ કે લોકની વલણ કેવી છે તે જોવા તેને અનુસરવાની અમને મુલે જરૂર જ નથી ધાર્મિક નિયત્રણ નશ્વરદેહવાલાઓથી થયુ નથી અને થવાનુ પણ નથી નશ્વર દેહોએ જે જે ધાર્મિક તત્ત્વો પોતાના મનના તરગોમાથી ઉત્પન્ન કર્યાં છે, તે થોડા જ સમયમા લુપ્તપ્રાય બન્યા છે.

લાલબાવાશ્રીનુ ભાષણ ભટ્ટપ્રેરિત હતુ, એ વાત નિસદિગ્ધ જ છે, અને પ્રસિદ્ધ પણ છે આજના સમયમા આચાર્યવશ્યોમાથી ધીમેધીમે વિદ્યા ચાલી જાય છે, અને તેને લીધે આ સર્વોત્તમ સપ્રદાય હાસ્યાસ્પદ થાય છે, તેથી જ ગમે તેવા પડિતમૂર્ખો મનશ્ચાચલ્યથી સપ્રદાયનું તત્ત્વ સમજ્યા વિના સપ્રદાયવિષયમા ગમે તેવો છબરડો વાળી નાખે છે. ઘણા વર્ષોની આવી અધપરપરા દૂર થાય અને સપ્રદાયના ગ્રથોનુ પઠનપાઠન ગોસ્વામિબાલકો અને વૈષ્ણવોમા ચાલુ થાય અને ખરુ શુ છે તે સમજાય એટલા વાસ્તે જ અમે કડક શબ્દોમા ટીકા કરી હતી. તેને આ દીર્ઘદૃષ્ટિ, દયાનદી, ગુરુનિદા કહે છે ! ધન્ય છે મહાશય ! તમારી બુદ્ધિને પણ ધન્ય છે ! ગુરુનિંદાનો અર્થ શો છે, તે સમજો છો ? ન સમજતા હો તો સમજો, વિચારો ગુરુના કાર્યો ગુરુઓના મહાનુભાવી વંશ્યોના કાર્યોથી ભિન્ન દિશામા વહેતા હોય તો શિષ્ય બેધડક ગુરુને કહેવાને યોગ્ય છે. કઇ નીતિશાસ્ત્ર સમજો છો ? 'गुरोरप्यवलिप्तस्य कार्याकार्यमजानत उत्पथप्रतिपन्नस्य शिष्य कुर्याद्यथोचितम्' એ મહાકવિની ઉક્તિ કોઇ સ્થલે વાચી છે ? **મહારાજો અમારા ગુરુઓ છે, અમે તેના સેવકો છીએ, પ્રત્યેકને એકબીજાને સ્વધર્મસંરક્ષણાર્થ કહેવાનો હક્ક** છે, એ હક્ક આજનો નથી પણ પરાપૂર્વનો છે, એ વાત આ સપ્રદાયના ઇતિહાસને જાણનારાઓના લક્ષ્યમા છે પિતા

ઉન્મત્ત દશામા હોય તો પુત્ર તેને ગમેતેમ કહી શકે છે; પણ બીજા કે જેની સાથે બીજકુલ 'લાગતું વળગતું'જ નથી હોતું, તેવાઓ જો કંઇપણ કહેવા માટે આવે તો તેની બરોબર ખબર લઇ નાખવાને સુપુત્ર ચુકતો જ નથી, તેમ અમારા ગુરુ મહારાજોઉપર કોઇપણ ધાર્મિક આક્ષેપ થાય તો તેનું નિરાકરણ કરવા અમે તૈયાર છીએ, પણ તેઓશ્રી જો સંપ્રદાયાનુસાર ન વર્તે તો ગમે તેવા કડવાપણ ઔષધ જેવા, પરિણામે હિતકારી શબ્દો કહેવાને પણ અમને હક્ક છે, તેની વચમાં તમારા જેવા 'સ્નાનસૂતક'રહિતોને વચ્ચે પડવાનો મુદ્દલે હક્ક નથી. અમારૂ વચન, 'કડક' વચન બીજાને રુચો વા ન રુચો, તેની પણ અમને પરવા નથી થોડું પણ ધર્મસાંકર્ય થવું ન જોઇએ એવું અમારૂ મત છે, જ્યારે સર્વવિપ્લવ કરીને સંકરતાનું તત્ત્વ રગેરગમાં ભરવું એવું આજના 'આર્ય'નામધારીઓનું મત છે.

દયાનંદી કહે છે કે 'લેખક સભામા એ વ્યાખ્યાન વખતે હાજર હતો તે વખતે જ પાછળથી ખંડન કેમ નહીં કીધું?' આના ઉત્તરમા જણાવવાનું કે લેખક કંઇ ત્યાં 'શાસ્ત્રાર્થ' કરવા ગયો ન હતો. સભામા વ્યાખ્યાનવેલાએ કે પછી પણ શંકા પૂછવાની મર્યાદા નથી હોતી જો મહારાજશ્રીએ એમ આજ્ઞા કરી હોત કે આજના વ્યાખ્યાનમા કોઇને કંઇ પુછવુ હોય તો અવશ્ય પુછવું, તો લેખક તેઓશ્રીને ઘણી જ નમ્રતાપૂર્વક પ્રશ્ન કરત. પણ વ્યર્થ કોલાહલ કરવો અને મર્યાદાનું ઉલ્લંઘન કરીને ધર્મોપદેશમા વિક્ષેપ નાખીને કલેશનું મૂલ રોપવુ એ કાર્યને કોઇપણ સુજ્ઞ જન ડહાપણભરેલું લેખશે જ નહિ

ગોવિંદના—શ્રીકૃષ્ણના નામથી ભડકી ઉઠનાર આ દયાનંદી શંકરાચાર્યના ભજ ગોવિન્દ એ સ્તોત્રઉપર ફિદાફિદા થઇ ગયો છે! એ સ્તોત્રમાંની 'મીઠાશ' 'અર્થસિદ્ધિ' અને 'પ્રસિદ્ધિ' એ દયાનંદીનું હૃદય આર્દ્ર બનાવી દીધું છે! 'મરુભૂમિમા જલબિંદુ' તે આનું નામ! (વસિષ્ઠાદિ તો ઋષિઓ, આ તો આજના જમાનાના મરુ-ર્ષિ!) દયાનંદના વાક્યોથી શંકરાચાર્યઉપરની સદ્બુદ્ધિને ત્યજી દેનારાઓના મનમા શંકરાચાર્યના સ્તોત્રોની 'મિઠાશ' ઘર કરી દે એ ઘણી આશ્ચર્યકારક બિના બની કહેવાય! ગોસ્વામિબાલકોના 'સંસાર દુઃખમય છે' એવી વૈરાગ્યભાવના બતાવનારાં સ્તોત્રો આ મહાશયને દૃષ્ટિપથ થયા નથી. તેથી જ તેણે શંકરના સ્તોત્રની 'મિઠાશ' લઇને આનંદ માન્યો છે! મહાશયને એવા સંખ્યાબંધ સ્તોત્રો વાચવાની ઇચ્છા હોય તો એકવાર રા. [1]મહારાણીશંકરની પેઠે 'વૈષ્ણવ પરિ-

---

[1] મહારાણીશંકર નામના ગૃહસ્થ એક આગેવાન દયાનંદી પંડિત ગણાય છે. તેઓ મૂલ જુનાગઢના વતની ગિરિનારા બ્રાહ્મણ છે, પહેલા તેઓ વૈષ્ણવ હતા, એ તેમના નામથી સૂચન થાય છે, શ્રીયમુનાજીને વૈષ્ણવો 'મહારાણી' કહે છે, તે પ્રમાણે તેમનું નામ મહારાણીદાસ પાડેલું પણ પાછળથી દયાનંદીય વિચારોથી દાસને સ્થલે શંકર થઇ ગયા! તેઓ એક વાર વૈષ્ણવપરિષદ્મા જિજ્ઞાસુ તરીકે આવ્યા હતા. રા. આંકોલીઆ અને શાસ્ત્રીજી મગનલાલે તેમને તે સંબંધે કેટલુંક દિગ્દર્શન કરાવ્યું હતું. દયાનંદીઓનો સાધારણ નિયમ હોય છે કે ન જાણતા હોય તો પણ સર્વજ્ઞતાનો ડોળ કરવો એનું જ પ્રત્યક્ષ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો. સદરહુ પંડિતે પોતે અણુભાષ્ય વાંચ્યાનું જણાવ્યું. ત્યારે શાસ્ત્રીજી મગનલાલભાઈએ તેમને અણુભાષ્ય કેવું સમજાયું છે તે જાણવાને તેમના હાથમાં પુસ્તક મૂકીને અર્થ કરવા જણાવ્યું. પ્રથમગ્રાસે મક્ષિકાપાત. પહેલા જ સૂત્રમા ગુંચાયા! અર્થ કરી શક્યા નહિ.

કાર્યાલય' ની મુલાકાત લેવી તે વખતે તમારી ખાત્રી થશે કે 'ગોસાંઇઓકૃત સ્તોત્રોમાં' જેવી 'મિઠાશ અને પ્રસિદ્ધિ તથા અર્થસિદ્ધિ' છે તેનો દશાંશ પણ માયાવાદીના સ્તોત્રોમાં નથી

વળી દયાનંદી લખે છે કે "સંસાર દુઃખમય છે, એ ભાવના પણ લેખકને પુષ્ટિમાર્ગની માલમલીદા ઉડાવવાની ફિલસુફી પ્રમાણે સ્વસિદ્ધાંત વિરુદ્ધ ભાસે છે' આ ઠેકાણે દયાનંદી 'પુષ્ટિમાર્ગની ફિલસુફી' પણ સમજી ગયો છે પુષ્ટિમાર્ગ શું? પુષ્ટિમાર્ગનાં તત્ત્વો કયા પુસ્તકમાં છે? તેનાં નામ શું છે? આ બધું વિચારવાનો સમય આ અદ્ભુત શોધકને મળ્યો છે? એ ભાઈની પુષ્ટિમાર્ગવિષયક અજ્ઞાના માટે અમને દયા ઘણીજ આવે છે! અમે તેને સૂચવીશું કે તમને પુષ્ટિમાર્ગનાં તત્ત્વો આ જન્મમાં કે ૧૦ જન્મમાં પણ સમજાશે કે કેમ, એ સંશયગ્રસ્ત જ છે માટે તે વિષયમાં તમારું અગાધ બુદ્ધિબળ દેખાડવું બંધ કરશો તો ઠીક થઈ પડશે પુષ્ટિમાર્ગમાં વૈરાગ્ય એ પહેલું પગથીઉં છે, તેમાં માલમલીદા ખાઈને બેસવાનું નથી, પરંતુ તલવારની ધાર ઉપર રહેવાનું છે. બુટ, મોજા, ખમીસો પહેરીને હોમ કરવાનો ડોળ કરવાનો નથી.

લાલબાવાશ્રીએ ચાર સંપ્રદાયની જે ગણના કરાવી હતી તત્સંબંધી અમારા સપ્રમાણ વિચારો આ નવીન 'ટીકાકાર' સમજ્યો જ નથી, એટલે તે વિષે પિષ્ટપેષણ અત્યાવશ્યક નથી.

શૈવ દીક્ષાના દુરાગ્રહીઓનો સ્પર્શ ન કરવો એમ પંડિત ગટ્ટુલાલજીએ સપ્રમાણ લખેલું હતું, તેનું અમે ઉટંકન કર્યું, તેથી આ વિશાલવૃત્તિ (?) વાળા લેખકનું હૃદય બહુ જ ઉશ્કેરાઈ ગયું છે. તે વિષયમાં ભક્ત કવિ દયારામભાઈનો 'બ્રાહ્મણભક્તસંવાદ' જોવા જેવો છે. શ્રીમદ્ભાગવતમાં એક શ્લોક છે

> विप्राद् द्विषड्गुणयुतादरविन्दनाभपादारविन्दविमुखाच्छ्वपच वरिष्ठम् ।
> मन्ये तदर्पितमनोवचनेहितार्थप्राण पुनाति सकुल न तु भूरिमान ॥

આ જ શ્લોકનો ભાવાર્થ કવિ પોતાના સંવાદમાં લે છે 'વિપ્ર વિમુખ હરિ દ્વાદશ, ગુણયુત તરે ન સ્વયં અભિમાની જી, તેથી વર હરિભક્ત શ્વપચ પણ સકુલ તરે ગુણગાની. આ ઉપરથી નિશ્ચય થાય છે કે બાર ગુણો ધરાવનાર હરિવિમુખ બ્રાહ્મણથી પણ હરિભક્ત ચાંડાલ શ્રેષ્ઠ છે. ત્યારે જેઓ પોતે તો હરિથી વિમુખ થઈને બીજાને વિમુખ કરે છે, 'હું પોતે જ ઈશ્વર છું' એવા મિથ્યા પ્રલાપો કરવામાં સાર્થકતા માને છે, જગત્‌ને, ઈશ્વરને, ધર્મશાસ્ત્ર, પુરાણ, અને વેદને પણ ખોટા પશુતુલ્ય માને છે, પ્રચ્છન્નબૌદ્ધ થઈને વેદનો ઘાત કરે છે, એવા નાસ્તિકોનો પડછાયો પણ જો લેવામાં આવે તો પણ હાનિકારક છે, તો પછી બીજી વાત તો ક્યાં રહી? જો કે આ બધું ઇતરને સમજાવવું ઉપરભૂમિમાં જલવર્ષણવત્ છે, તથાપિ એતન્માર્ગીયો આવી વ્યામોહલીલાથી મુગ્ધ ન બને તેટલા માટે જ આ બધો પ્રયાસ છે

કેટલાક લોકો અમને પંડિત ગટ્ટુલાલજીના પરમ વિદ્વેષી માને છે, પરંતુ એ તેમની ગંભીર ભૂલ છે. હા, એટલું ખરું કે અમે તેમના દરેક કાર્ય સાથે વિચારશીલતાનો ત્યાગ કરીને અંધશ્રદ્ધામાત્રથી મળતા થતા નથી, પરંતુ પંડિતજીથી દયાનંદીય યુગમાં આ સંપ્રદાયને જે કેટલાક લાભો થયા છે, તેનો અમે ખુલ્લા હૃદયે સ્વીકાર કરીએ છીએ, અને જાહેર કરીએ છીએ અમુક બાબતમાં જ અમારે એમની સાથે મતભેદ છે, બીજા સર્વ

વિષયોમા અમે એમના પ્રશંસકો છીએ, અને અપવાદ સિવાય સંપ્રદાયની સારી સેવા બજાવવાનું માન એમને અમે આપીએ છીએ. આશા છે કે અમારા આ લેખ પછી અમને પંડિતજીના 'વ્યક્તિ શત્રુ' તરીકે માની લેવાની ગંભીર ભૂલ વૈષ્ણવો અને અન્ય તેમના શિષ્યો નહિ કરે

છેવટે ભાઇ દયાનંદી લખે છે કે 'હમારે કાંઇ મહારાજના ભક્ત વૈષ્ણવો તથા મહારાજો વચ્ચેના ઝગડા સાથે વિશેષ લાગતુ વળગતું નથી. પરંતુ તેઓ વચ્ચે સભ્યતાની કેવી આપ લે થાય છે તેજ જાહેર પ્રજાને બતાવવાનો હેતુ મુખ્ય છે' આ હેતુ કંઇ જેવી તેવી બુદ્ધિમાથી નથી જન્મ્યો, પણ 'બાહોશ' અને કસાયલી બુદ્ધિમાથી જન્મ્યો છે. 'લાગતુ વળગતુ' નથી છતાં માથું મારવુ એ કંઇ સાધારણ ધીમત્તા ન કહેવાય, સાધારણ સાહસ ન જ ગણાય હવે અમે આ દયાનંદીને સૂચવીશુ કે તમારે જૈનો વચ્ચે હાલ જે હોળી સળગી રહી છે, અને તેઓમા પણ જે મુનિઓ અને તેમના શિષ્યો વચ્ચે પરસ્પર વિસંવાદ ચાલી રહ્યા તેમા, પણ તમારી '૮૦૦ કોલમો' ચિતરીને કસાઇ ગયલી કલમનો ભોગ આપવો. એમ દરેક બાબતોમાથી કંઇક સાર ગ્રહણ કરવાના ગુણના અભાવે કંઇક ખૂણેખોચરે ભરાયલુ હોય તેજ ચુંટી કહાડીને દયાનંદી સમાજની અખંડ સેવા બજાવ્યા કરજો. બેશક, મહારાજો અને તેમના શિષ્યો વચ્ચે 'સભ્યતાની આપ લે'ની શરૂઆત નાછુટકે ચાલુ થઇ છે, પણ તે મર્યાદામા જ, સભ્યતામા જ, પણ દયાનંદી અને તેના ભક્તો વચ્ચે જે હાલમા 'સભ્યતાની આપ લે' શરૂ થઇ છે તેવી હું ધારૂં છું કે કોઇપણ સ્થલે થઇ નથી. 'ચોર' 'ડામીજના મોટાભાઇ વગેરે 'સભ્યતા' ભર્યા ઇલ્કાબો આ 'સુધરેલા' જમાનામા 'સુધરેલા' દયાનંદીઓના પેપરોમા પ્રકટ થવા લાગ્યા છે! આનો અનુભવ કરવાની કોઇપણ વાચકની ઇચ્છા થાય તો તેણે તેમના પત્રો વાચવા. અત્ર એ 'સભ્યતા' ખુલ્લી મુકતા અમારે શરમાવુ પડે છે.

અમારી દરેક ટીકાઓ કાર્યપરત્વે હોય છે. મહારાજશ્રીઓ જાહેરમાં જે ધાર્મિક જીવન વ્યતીત કરે છે તે સબંધમા જ અમારી ટીકાઓ હોય છે વ્યક્તિપરત્વે દ્વેષભાવથી કે અન્ય અધમ ઉદ્દેશથી હોતી નથી 'વ્યર્થ નિંદા' કરવાનુ કામ તો બીજાઓને સોપેલુ જ છે, એમ અમે આગલ કહી ગયા છીએ. છેવટે દયાનંદી લેખક પોતાને અલ્પજ્ઞતુ અજીર્ણ થયલુ હોય ને શુ એમ 'બુદ્ધિમાન્ વૈષ્ણવોને' માર્ગ દર્શાવવા નિકળ્યો છે! ધન્ય છે! ધીમત્તરતમ! તમારી વ્યોમવિહારિણી બુદ્ધિને ધન્ય છે અસ્તુ

* * *

એ જ દયાનંદીએ પોતાના બીજા અંકમા ભટ્ટોની વકીલાત કરી છે, ખૂબ હિમાયત કરી છે ભટ્ટસંબધે અમારા વિચારો પણ અમે જણાવ્યા છે અને જણાવીએ છીએ કે સંપ્રદાયમા તૃતીય કક્ષા ભટ્ટોને માટે છે. તેમને જાહેરમા હલકા પાડીને તેમનો અધિકાર લઈ લેવાની અમને મુદ્દલે ઇચ્છા નથી, પરતુ મહારાજશ્રીઓની અજ્ઞાનતાનો ગેરલાભ તો અમે તેઓને નહિ જ લેવા દઈએ. તેઓ બ્રહ્મસંબધ આપે, જૂઠણ ખવરાવે વગેરે વિરુદ્ધ આચારો તો અમે નહિ જ ચાલવા દઇએ. બ્રહ્મસંબંધ આપવાનો અધિકાર માત્ર મહારાજશ્રીઓનો જ છે, બીજા કોઇનો નથી, આધુનિક ભટ્ટો મહારાજશ્રીઓના સમાન હક્કો મેળવવાની તજવીજ કરી રહ્યા છે, માટે તેમના યથાર્થ સ્વરૂપને પ્રકટ કરવાની અમને ફરજ પડી હતી.

* * *

કુન્વીરમઠના કહેવાતા શંકરાચાર્યે પોતાની વિદાયગીરીની યાદગીરીમા અને પોતાની 'સેવાઓની પિછાનમા' નીચેના શ્રીવલ્લભસંપ્રદાયના વૈષ્ણવોને નિમ્નનિર્દિષ્ટ 'ખેતાબો' 'એનાયત કર્યા' છે. સ્વધર્મધુરંધર–સર જગમોહનદાસ વરજીવનદાસ, મેશર્સ ત્રિભુવનદાસ વરજીવનદાસ, રા. રા. દ્વારકાદાસ ગોવર્ધનદાસ, સ્વધર્મભૂષણ–રા મગનલાલ હરગોવનદાસ શ્રૉફ, રા. બ સુંદરદાસ નારાયણદાસ સોલીસિટર, મેશર્સ મનોરદાસ ત્રિભુવનદાસ વરજીવનદાસ, રા. ગોવર્ધનદાસ કરસનદાસ, સત્કાર્યભૂષણ–મેશર્સ પુરુષોત્તમદાસ કુંવરજી અને રા ચતુર્ભુજ કરસનદાસ શ્રૉફ. ધર્મકાર્યધુરીણ–રા પ્રભુદાસ લાધાભાઈ મોદી, સદ્ભક્તિપ્રદીપ–રા આત્મારામ ગંગાદાસ મરચંટ, રા. મૂલજી દામોદર, રા. ડૉ. મગનલાલ નગીનદાસ માણેકલાલ.

* * *

શ્રીનાથદ્વારાધીશ તિલકાયિત શ્રીગોવર્ધનલાલજી મહારાજ પ્રાચીન સાંપ્રદાયિક ગ્રંથોના મુદ્રણાર્થે પચીશ હજાર રૂપીઆ અત્રત્ય બૃહન્મંદિરાધીશ શ્રીગોકુલનાથજીમહારાજને આપી ગયા છે. જો કે આ અવસરે જે મહત્ કાર્યનો પ્રારંભ થવાની અફવા અફવા જ રહી છે પરંતુ આ પણ કાર્ય તદ્દન અસંતોષોત્પાદક તો નહિ જ ગણાય. શ્રીગોકુલનાથજીમહારાજે 'ગુજરાતી'પત્રમા સર્વ ગોસ્વામિબાલકો અને વૈષ્ણવોને આ ફંડમા યથાશક્તિ મદદ આપવાને સૂચના પણ કરી છે જો તિલકાયિતશ્રીએ પોતે અહિં વધારે બિરાજીને કાંઇ યોજના કરી હોત અને અન્ય 'અસાધારણ સમૃદ્ધિ'વાન્ મોટા મંદિરના મહારાજ અને વૈષ્ણવ સદ્ગૃહસ્થોને તે કાર્યમા પ્રેર્યા હોત તો કંઇક અવશ્ય લાભ થાત, અને સંપ્રદાયનુ શ્રેય વિશેષ પ્રમાણમા થવાનો સંભવ રહેત પણ તેમ થયુ નથી, એ ખેદજનક છે પરંતુ એ રકમ અને એની વ્યવસ્થાનો ભાર જેમના ઉપર નાખવામા આવ્યો છે, તે મહારાજશ્રીને અમે વિનતિ કરીએ છીએ કે આપ પણ આપની 'અસાધારણ સમૃદ્ધિ'માથી યત્કિંચિત્ ફાળો આપીને પછીથી જો અન્ય ગોસ્વામિબાલકો અને વૈષ્ણવોને સૂચના કરશો તો સંપ્રદાયને મહાન્ લાભ થશે આશા છે કે મહારાજશ્રી અમારી આ વિનતિઉપર 'ચાલુ રિવાજ'ને દૂર કરીને લક્ષ્ય આપશે

* * *

દયાનંદીય પત્ર સાવલીમા પુષ્ટિમાર્ગની જોહુકમી ! એ શીર્ષકનીચે એક વિચિત્ર ખબર ઉડાવે છે અને એક મહારાજશ્રીને ધમકી પણ આપે છે ! તેનું કારણ આ દર્શાવે છે 'સાવલીના એક મહાશય નામે પુરુષોત્તમદાસ બાકરોલ મુકામે રહે છે, હેમનાપર' દયાનંદી 'સામાજિક સંસ્કારો પડેલા,' (પ્રહ્લાદની પેઠે ગર્ભમાંથી જ તેના સંસ્કારો પડેલા કે કેમ તેની અમને ખબર નથી,) 'તે અન્વયે તેમણે યજ્ઞોપવીત ધારણ કરેલુ જેથી, હેમનાપર હેમની ન્યાતવાળાએ ઉક્ત યજ્ઞોપવીત ત્યાગી ફરી બ્રહ્મસંબંધ તથા કંઠી લેવાનુ દબાણ ચલાવ્યુ છે,' વગેરે. આટલુ લખીને ધમકી આપે છે કે 'ન્યાતના શેઠ્યાઓ તથા આચાર્ય શ્રીગોપેશ્વરજી મહારાજે વિચારીને પગલા ભરવાની જરૂર છે પોતાના ધર્મમા શુ પોલ ચાલે છે ? તે કેટલો લૂલો છે ?' વગેરે. આના જવાબમા અમારે અત્ર એટલુજ જણાવવુ પડે છે જેઓ ચુસ્ત વૈષ્ણવો છે અને પરાપૂર્વથી ચાલ્યા આવેલા વૈષ્ણવોના નિયમાચાર પ્રમાણે વર્તે છે, તેઓની ફરજ છે કે ગમેતેમ કરીને પણ સ્વધર્મ બચાવવો. તેમ જ દયાનંદીઓ પણ તેવી જ ફરજ-

થી મુક્ત થતા નથી. આ 'મહાશયો'એ આજકાલ વેદવિરુદ્ધ અને કપોલકલ્પિત રીતે યવનોને પણ યજ્ઞોપવીત આપવાનું જે નવું ધતિંગ જગાવ્યું છે, તેથી ડરતા રહેવાની અને તેવા ધતિંગનો ફેલાવો વૈષ્ણવોમા ન થાય તેને માટે સાવચેતીના ઉપાયો લેવાની મહારાજશ્રીઓ અને વૈષ્ણવોની ફરજ છે. તે પ્રમાણે તે કરશે જ, તેમાં આવી ધમકીઓ અકિંચિત્કર છે. જો દયાનંદીઓને પોતાના ધર્મને જ વળગી રહેવું હોય તો તેઓ તેવી 'ન્યાત' ની દરકાર શામાટે કરે છે ? શામાટે 'ન્યાત'થી દૂર જ નથી રહેતા ? 'ન્યાત'મા ઘેર ઘેર કુસંપોનાં બીજો રોપીને શામાટે કલહોત્પાદનમા કારણ બને છે ? તેમને માટે સીધો રસ્તો પડ્યો છે, તે એ જ કે તેવી ન્યાતથી દૂર રહીને તેની પરવા કર્યા વિના પોતાના સમાજ ધંધામા ધુરીણ બનવું અને ઉદાસીન થવું, અમે નથી ધારતા કે આ એમનેમાટેનો જ, શ્રેયસ્કર માર્ગ એઓ જો સ્વીકારશે તો કોઇ પણ દિવસ તેમની 'સ્વતંત્રતા ઉપર તરાપ' મારવા વૈષ્ણવો તૈયાર થશે નહિ. વળી, તે દયાનંદી મહાશયે જો આ સમ્પ્રદાયના મહારાજદ્વારા યજ્ઞોપવીત ધારણ કરવાની સ્વલોલુપતા તૃપ્ત કરી હોત તો વૈષ્ણવોને કશી તકરાર ઉભી કરવાનું કારણ મળત જ નહિ. જો કે આજકાલમા યજ્ઞોપવીત ધારણ કરીને કેટલા વૈદિક ધર્મમા મસ્ત રહે છે, એ દુનિયાની જાણબાહાર નથી, તેવાઓના ઉદ્ધારમાટે ભક્તિમાર્ગના અવલમ્બન સિવાય બીજું બધું વિડંબન જ છે, તો પણ યજ્ઞોપવીતના તરસ્યા, કર્મ બનવાની લાલસા ધરાવનારા હીન અધિકારીઓમાટે યજ્ઞોપવીત ધારણ કરાવવાનો પણ માર્ગ આધુનિક ગોસ્વામિબાલકોએ શોધી કાઢ્યો છે । તે પ્રમાણે અનુસરનારને વૈષ્ણવો કદાપિ બહિષ્કૃત નહિ જ કરે. પોતાની ભયંકર પોલ તરફ 'આંખ આડા કાન' કરનારા આજના સુધરેલા અતારકોનો તો યોગ્ય સત્કાર (?) કરવામા જ વૈષ્ણવોની લૌકિક કર્તવ્યતા સમાયલી છે, એમા વૈષ્ણવો કર્તવ્યપરાયણ રહેશે જ.

નિવેદન.

મુદ્રણાલયવિષયક પ્રતિબંધને લીધે પુષ્ટિભક્તિસુધાના અંકો સાથે જ પ્રકટ કરવાનો જે પ્રસંગ પ્રાપ્ત થયો છે, તે બદલ ગ્રાહકો પાસે અમે ક્ષમા યાચીએ છીએ હવેથી નિયમપુરઃસર અંકો પ્રકટ કરવાને બનતો પ્રયાસ કરવામાં આવશે.

આવતો અંક વી. પી.

પુ. ભ. સુ. ના ચાલુ (ચતુર્થ) વર્ષનુ નોછાવર જેઓએ હજુ સુધી નથી મોકલ્યુ, તેઓને આવતા નવમો અંક વી. પી. થી મોકલવામા આવશે આશા છે કે ગ્રાહકો વી. પી. સ્વીકારવાની કૃપા કરીને આ ધાર્મિક કાર્યમા સહાયભૂત બનશે.

સ્વધર્મના મુખ્ય સિદ્ધાન્તો.

---

૧. જગત્ સત્ય છે

૨. જગત્, જીવ, અંતર્યામી, અક્ષર ઇત્યાદિનો નિમિત્ત અને ઉપાદાન કારણ શુદ્ધ નિર્ગુણ બ્રહ્મ કૃષ્ણપરમાત્મા જ છે.

૩. જીવે અવિદ્યાથી કલ્પેલો અહન્તામમતાત્મક સંસાર મિથ્યા છે.

૪ જીવ અણુ છે, શુદ્ધ નિર્ગુણ બ્રહ્મનો અંશ છે, વ્યાપક નથી

૫. પરબ્રહ્મ પુરુષોત્તમ કૃષ્ણનું ધામ અક્ષરબ્રહ્મ ગણિતાનંદ છે.

૬ સર્વોપરિ વેદાદિ શાસ્ત્રે પ્રતિપાદિત પરમફળાપન્ન વસ્તુ શ્રીકૃષ્ણ જ છે

૭. કૃષ્ણની સેવા એ જ અંશ જીવનો ધર્મ છે, એટલે વસ્તુતઃ સ્વધર્મ કૃષ્ણસેવા જ છે.

૮. આત્મનિવેદન અને પ્રભુપ્રપત્તિ વિના અન્ય વિશ્વધર્મ હોઈ શકે જ નહિ

GRATIS.

The 'Suddhadwaita Philosophy' or 'System of Vallabhacharya' by Mr. Mulchandra T. Telivala, B. A., will be posted to any gentleman applying to

Humum Street,
BOMBAY, 1.

ISHVARDAS TRIBHUVANDAS VARJEEVANDAS SETH

Reg. No. B. 896.

વિદ્વન્મણ્ડનમ્.

(અનુવાદકઃ—નાનુલાલ નારાયણદાસ ગાંધી, M A; LL. B)

શ્રીમદ્વલ્લભાધીશ્વરના દ્વિતીય કુમાર શ્રીવિઠ્ઠલેશ્વરપ્રભુચરણના 'વિદ્વન્મંડન' નામક ગ્રન્થથી કયો વૈષ્ણવ અજ્ઞાત હશે? 'પુષ્ટિભક્તિસુધા'ના વાચકોએ પુ. ભ. સુ. ના બીજા વર્ષના અંકોમાં તે ગ્રંથના તાત્પર્યનો અંશતઃ અનુભવ કર્યો છેજ. માયાવાદના સંપૂર્ણ ખંડન સાથે સ્વસંપ્રદાયના સિદ્ધાંતોનું ઉદ્ઘાટન, શ્રુતિ અને યુક્તિઓના અપૂર્વ બલથી સ્વસિદ્ધાંતોનું પોષણ જેવું આ ગ્રંથમાં જોવામાં આવે છે તેવું અન્ય ગ્રંથમાં નથીજ. પુષ્ટિમાર્ગનાં માર્મિક તાત્પર્યો સમજાવવાને માટે આ ગ્રંથ જેવો ઉપયુક્ત થઇ પડે છે, તેવો અન્ય નથી થઈ પડતો, ટૂંકામાં એટલુંજ કે આ ગ્રંથ એકજ વખત વાંચીને તૃપ્ત નહિ થાઓ, પણ વારંવાર વાંચ્યાજ કરશો. ભાષા સરલ છે. સાધારણ ગુજરાતી જાણનાર પણ ઉચ્ચ સિદ્ધાંતોને આ ગ્રંથથી સમજી શકશે.

ગ્રન્થ રોયલ આઠપેજી ૩૩ ફૉર્મનો છે, છતાં નોછાવર માત્ર રૂ. ૧–૮–૦ રાખ્યું છે. ગ્રંથ પ્રકટ થઈ ગયો છે.

મલવાનું ઠેકાણું:—

શા. ઓછવલાલ ગોપાલદાસની કું.
મૂલજી જેઠા મારકેટ, કામધેનુ ગલ્લી.
મુંબઇ નં. ૨.

પુષ્ટિભક્તિસુધાના ગ્રાહકો તથા વાચકોને ખાસ વિજ્ઞપ્તિ.

ચાર વર્ષ થયાં આ માસિક વૈષ્ણવોની સેવા કરી રહ્યું છે, પુષ્ટિમાર્ગનું, રસનું, ભક્તિનું અને શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનું શુદ્ધ સ્વરૂપ સમજાવવા અથાગ પ્રયત્ન કરી રહ્યું છે, અને પુષ્ટિમાર્ગને નામે ચાલતા ઘોટાળા અને પ્રતારણાને ઉઘાડા પાડી અધમ વિષયગ્રસ્ત મનુષ્યોની અધમતા બેધડક ખુલ્લી કરી, શુદ્ધ, સુંદર પુષ્ટિમાર્ગ શું છે તે સરળતાથી વાચકોને દર્શાવી રહ્યું છે. આ માસિકના લેખકો નિઃસ્વાર્થથી સર્વે લેખો લખે છે, અને કાર્યવાહકો દ્રવ્ય, સમય અને બુદ્ધિથી સહાય કરે છે તોપણ અમે જોઇએ છીએ કે વૈષ્ણવો જો કે વાંચવાને આતુર છતાં માત્ર રૂ. ૨) વર્ષ દિવસે ભરી ગ્રાહક થતા નથી. માટે અમારી વિજ્ઞપ્તિ છે કે દ્રવ્યવાન્ વૈષ્ણવોએ ૫–૧૦ કોપી લઇ મદદ કરવી, અને શુદ્ધ ધર્મ સમજવાની ઇચ્છાવાળા દરેક વૈષ્ણવે એક કોપી તો અવશ્ય લઇ સહાય કરવી જો કાંઇપણ દ્રવ્ય બચશે, તો માસિકનું કદ વધારવામાં, ભેટ આપવામાં, અથવા પ્રાચીન પુસ્તકો છપાવવામાં ખર્ચવામાં આવશે. આ માસિકના શુભેચ્છકોએ—શુદ્ધ પુષ્ટિમાર્ગના શુભેચ્છકોએ—આ વિજ્ઞપ્તિ અવશ્ય ધ્યાનમાં રાખી માસિકની ઉન્નતિમાં સહાય કરવી

गुजराती
विठ्ठलभाई
पटेल रोड,
मुंबई

[વર્ષ ૪ થું] શ્રીકૃષ્ણાબ્દ ૫૧૩૯, માર્ગશીર્ષ

पुष्टिभक्तिसुधा.

કૃષ્ણ ૧૧, શ્રીવલ્લભાબ્દ ૪૩૬ અંક ૯]

नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन
यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा वृणुते तनुं स्वाम् ॥१॥
नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया ।
शक्य एवंविधो द्रष्टुं दृष्टवानसि मां यथा ॥ २ ॥
भक्त्या त्वनन्यया शक्यः अहमेवंविधोऽर्जुन ।
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परंतप ॥ ३ ॥

તંત્રી તથા પ્રકાશક
વાડીલાલ નગીનદાસ શાહ,
બી.એ., એલ્.એલ્.બી., વકીલ, હાઇકોર્ટ
મુંબાઈ.

લવાજમ રૂ. ૨-૦-૦ છૂટક અંકના રૂ. ૦-૪-૦

Printed by Somalal Mangaldas Shah at the Gujarat Printing Press Ahmedabad,
and published by Vadilal N. Shah B.A., LL.B., Princess Street, Bombay

आवश्यक निवेदन.

१. આ માસિકસંબધી સઘલો પત્રવ્યવહાર પ્રકાશકને નામે કરવો

૨. આ માસિક દરેક માસની કૃષ્ણ એકાદશીએ પ્રકટ થાય છે.

૩. આ માસિકમાં છપાવવાને આવેલા લેખો લેવા ન લેવા તેમ જ તેમાં યોગ્ય સુધારોવધારો કરવો પ્રકાશકની ઇચ્છાધીન છે.

૪ શ્રીમદ્વલ્લભાચાર્યજીના સિદ્ધાન્તાનુસાર જ લેખ લેવામાં આવશે.

૫. વર્ષનું નોછાવર પ્રથમથી લેવામાં આવે છે

૬ આ માસિકના પરિવર્તનમાં જેમના તરફથી માસિક વા પત્ર મલશે તેમને વગરનોછાવરે આ માસિક મોકલવામાં આવશે.

૭. કોઇ પણ બાબતની ખબર મગાવવી હોય તો જવાબને સારૂ ટિકિટ બિડવી, તે સિવાય જવાબ આપવામાં આવશે નહિ.

૮. આ માસિકમાં જાહેર ખબર છપાવવી હોય કે હેન્ડબિલ વહેંચાવવાં હોય તેમણે પ્રકાશકને લખવું અથવા મલવું

પુષ્ટિભક્તિસુધાકાર્યાલય,
પ્રિન્સસ સ્ટ્રીટ,
મુંબાઈ. } પ્રકાશક.

અનુક્રમણિકા.

વિષયો.	લેખકો.
૧. શ્રીસર્વોત્તમસ્તોત્ર.	રા. રા. વાડીલાલ.
૨. મોક્ષનું સાધન શું ?...	વે. શા. સ. વસંતરામશાસ્ત્રી
૩. શ્રીમદ્ભાગવત.	Mr. D. B. A. LL. B. High Court Pleader.
૪. હવે જાગશો ?	„ „ „ „
5. An Examination of S'amkara's refutation of the Sāmkhya Theory.	Mr. M. G. Shastri M.A

गुजराती सभा
विठ्ठलभाई
पटेल रोड,
मुंबई ४

श्रीसर्वोत्तमस्तोत्र.

(અનુસંધાન ગતાંક ૫-૬ પૃષ્ઠ ૧૨૦.)

ગત શ્લોકમાં આપે જ આજ્ઞા કરી કે સાક્ષાદ્ભક્તિમાર્ગીય જ્ઞાન કરાવવા સારુ ભગવદાસ્ય શ્રીમદાચાર્યચરણનું પ્રાકટ્ય થયું અને તત્પ્રાકટ્યવડે જ આપશ્રીને સર્વમાહાત્મ્યજ્ઞાનસંપત્તિ સિદ્ધ થઈ, તો પછી આપ તેઓશ્રીના સ્વરૂપનું જ કથન કરો, પણ તેઓશ્રીની સ્તુતિરૂપ તેઓશ્રીના અષ્ટોત્તરશત નામ આપ શામાટે પ્રકટ કરો છો? એમ વાદી શંકા કરે તો તેના ઉત્તરરૂપે આપશ્રી અષ્ટોત્તરશત નામ પ્રકટ કરવાનું પ્રયોજન-હેતુ-અગ્રિમ શ્લોકમાં આજ્ઞા કરે છે —

तदुक्तमपि दुर्बोधं सुबोधं स्याद्यथा तथा ।
तन्नामाष्टोत्तरशतं प्रवक्ष्याम्यखिलाघहृत् ॥ ४ ॥

શબ્દાર્થ:—તદુક્ત (આચાર્યશ્રીની વાણી) પણ દુર્બોધ યથા (જે પ્રકારે) સુબોધ થાય તથા (તે પ્રકારે) અખિલાઘહૃત્ તન્નામાષ્ટોત્તરશત (તેઓશ્રીના એકસો અને આઠ નામ) પ્રવચીશ. ૪

વિવેચન. તદુક્ત પણ દુર્બોધ:—વાણીના અધિષ્ઠાતા શ્રીમદાચાર્યચરણની શ્રીસુબોધિન્યાદિગ્રંથરૂપ વાણીથી સર્વ અર્થ સમજાશે, માટે આ આપનો નામકથનરૂપ પ્રયાસ નિષ્પ્રયોજન છે એમ વાદી શંકા કરે માટે આપશ્રી 'દુર્બોધ' પદ અત્ર ધરે છે, અર્થાત્ શ્રીમદાચાર્યચરણની વાણી સર્વ સમજાવવાને શક્તિમતી છે તો પણ દુર્બોધ અતિગૂઢ ગંભીર છે જો કે કૃષ્ણાસ્યરૂપ આચાર્યશ્રીના અનુગ્રહથી અમને આપશ્રીનિર્મિત શ્રીસુબોધિન્યાદિ ગ્રંથનો પૂર્ણ અર્થાવબોધ થયો તો પણ આધુનિક તદીય જનો જીવપણાથી અલ્પબુદ્ધિવાન્ હોવાથી તેઓને શ્રીસુબોધિન્યાદિ ગ્રંથોના અલૌકિક તાત્પર્યનું જ્ઞાન ન થતાં શ્રીમદાચાર્યચરણના પ્રાકટ્યની વ્યર્થતા અને ભક્તની અકૃતાર્થતા થાય

સુબોધ થાય ઇત્યાદિ—તેમ ન થાય તેટલા માટે આધુનિક તદીય જનને પણ જે પ્રકારે શ્રીસુબોધિન્યાદિ ગ્રંથ અર્થાત્ આપશ્રીની વાણી દુર્બોધ હોવા છતાં પણ સુબોધ થાય અને તેના તાત્પર્યનો સંપૂર્ણ અવબોધ થાય તે પ્રકારે તેઓશ્રીના એકસો અને આઠ નામ પ્રવચીશ, પ્રકટ કરીશ. આચાર્યશ્રીના ગ્રંથાર્થાવબોધસારુ અન્ય સાધન વા પ્રકાર નથી, પરંતુ તેઓશ્રીના નામનો જ જપ વા પાઠ જ કેવલ સાધન છે, તેથી તેઓશ્રીના નિત્યસિદ્ધ અષ્ટોત્તરશત નામ હું આ ગ્રંથમાં પ્રકટ કરીશ વસ્તુત જનનો ઉદ્ધાર સ્વરૂપનામભેદે કરીને બે પ્રકારે થાય છે. અવતારદશામાં પ્રભુના સાક્ષાદ્દર્શનમાત્રથી ઉદ્ધાર થાય છે, તે ઉદ્ધાર રૂપથી યા સ્વરૂપબલથી થયલો કહેવાય છે અનવતારદશામાં ભગવલ્લીલાકીર્તનથી પરમકૃપાલુ આચાર્યશ્રીનિર્મિત શ્રીસુબોધિન્યાદિગ્રંથોથી નિજ જનનો ઉદ્ધાર થાય છે, અને તે ઉદ્ધાર નામથી થયલો કહેવાય છે ભગવાનની અનવતારદશામાં સર્વ જનનો ઉદ્ધાર કરવા સારુ વેદ, શ્રીમદ્ભગવદ્ગીતા, વ્યાસસૂત્ર, શ્રીમદ્ભાગવત, વગેરે પ્રકટ થયા હતા, પરંતુ કલિકાલના અંધકારથી વિદ્વાનોને પણ વેદાદિના યથાર્થ અર્થની સ્ફૂર્તિ ન થઈ તેટલા માટે વેદાદિના સત્ય અર્થની સ્ફૂર્તિ કરાવવા સારુ વાગધીશ શ્રીમદાચાર્યચરણનું પ્રાકટ્ય થયું, અને

આપશ્રીએ સર્વ રહસ્ય શ્રીસુબોધિન્યાદિ ગ્રંથમા નિજ જનની ઉપર કરુણા કરીને પ્રકટ કર્યું, તો પણ આધુનિક જન જીવપણાથી અલ્પબુદ્ધિવાન્ અને અપરાધયુક્ત હોવાથી આચાર્યશ્રીની અલૌકિક વાણીનુ તાત્પર્ય સમજી શકે નહિ અને તેઓની અકૃતાર્થતા થાય, તેથી જે પ્રકારે આચાર્યશ્રીનિર્મિત શ્રીસુબોધિન્યાદિ ગ્રંથો આપશ્રીના સાક્ષાત્ પ્રાદુર્ભાવના અભાવમા પણ સર્વ નિજ જનને સુબોધ થાય, સુખે સમજી શકાય, તે પ્રકારે તેઓશ્રીનાં અષ્ટોત્તરશત નામ પ્રકટ કરું છુ, અર્થાત્ આચાર્યશ્રીની દુર્બોધ વાણી સમજવાના કેવલૈકઉપાયરૂપ તેઓશ્રીના એકસો અને આઠ નામ પ્રકટ કરીશ. ‘ સખ્યાના નિયંત્રણવિના જે જપાય, તે જપેલુ નિષ્ફલ[1] થાય ’ એમ શાસ્ત્રનો નિયમ હોવાથી અહિ નામની સંખ્યા એકસો અને આઠ નિયત કરી, સાક્ષાત્ શ્રીઠાકુરજીનાં સ્વામિનીની સંખ્યાદર્શક આઠ તથા સખીની સખ્યાદર્શક સો મલી એકસો અને આઠની સખ્યા નિયત કરી.

અષ્ટોત્તરશત નામના નિર્વચનથી આચાર્યશ્રીના અલૌકિક ગ્રંથો સુબોધ શી રીતે થશે એ આશંકા દૂર કરવાસારુ અષ્ટોત્તરશતનામને ‘ અખિલાઘહૃત્ ’ વિશેષણ લગાડ્યું છે. અખિલના–સર્વ–અઘને હરનાર, અથવા અખિલ–સર્વના–અઘને હરનાર એવા એ અષ્ટોત્તરશત નામ છે. ‘ અઘ ’ શબ્દ જો કે લોકમા પાપવાચકપણાએ પ્રસિદ્ધ છે તો પણ આચાર્યશ્રીએ પ્રકટ કરેલા ભક્તિમાર્ગમાં અનુવર્તનારને તેની (પાપની) સભાવના જ અતિદૂર છે, તેથી અત્ર ‘અઘ’ શબ્દ પાપવાચક નથી, પરંતુ પ્રતિબધવાચક છે, અર્થાત્ શ્રીસુબોધિન્યાદિ ગ્રથના અર્થાવબોધમાં જે પ્રતિબધ તે અત્ર ‘ અઘ ’ કહેવાય છે. આ અષ્ટોત્તરશત નામ અખિલાઘહૃત્ હોવાથી નિજ જનોને શ્રીસુબોધિન્યાદિ ગ્રથના અર્થાવબોધ થવામા જે જે પ્રતિબધ હોય છે તે સર્વને હરે છે, તે સર્વનો નાશ કરે છે. આથી એમ સૂચન થાય છે કે જેવી રીતે આચાર્યશ્રીનુ સ્વરૂપ પ્રતિબધનિવર્તક અને ફલદાયક છે, તેવી જ રીતે તેઓશ્રીના નામ પણ તેવા જ પ્રતિબધનિવર્તક અને ફલદાયક છે, તેથી આ સ્તોત્રના શ્રવણથી, પાઠથી, જપથી, ઉક્ત નામોમા કહેલા ધર્મવડે વિશિષ્ટ શ્રીમદાચાર્યચરણના સ્વરૂપનુ જ્ઞાન થશે, ધર્મવિશિષ્ટ સ્વરૂપજ્ઞાનથી આચાર્યશ્રીની વાણી સમજાશે, અને સાક્ષાત્ફલદાયક થશે પ્રતિબધ જ અત્ર પાપરૂપ હોવાથી તેના અપગમથી અર્થાવબોધ સુબોધ થાય એ તો યુક્ત જ છે આચાર્યશ્રીના નામ અખિલના–સર્વના–અઘ (પ્રતિબધ) હરે છે, અર્થાત્ જ્ઞાનમાર્ગવત્ કેવલ વિદ્વાનોના જ અઘને–પ્રતિબંધને–હરે છે એમ નહિ, પણ સર્વના સર્વ અઘને સ્વાનુભવદ્વારા હરે છે એમ ‘અખિલ’ પદથી સૂચન થાય છે. ‘ અખિલ અઘ ’ એટલે સાક્ષાત્પુષ્ટિફલપ્રાપ્તિમા પ્રતિબંધરૂપ સર્વ કાર્ય, કાયિકવાચિકમાનસિક, આધિદૈવિકાદિ, વા સાત્ત્વિકાદિ અઘ, તે સર્વનો નાશ કરનાર આ અષ્ટોત્તરશત નામ છે અખિલ અઘનો નાશ થયે સુખથી ગ્રથતાત્પર્યની સ્ફૂર્તિ થાય, અને તેથી અનવતારદશામા પણ ત્વરાથી ઉદ્ધાર થાય, એવા સર્વસામર્થ્યયુક્ત અષ્ટોત્તરશત નામ છે.

પ્રવચ્મીશ:—વક્ષ્યામિ એમ કહ્યુ હોત તો પણ ચાલત, છતા મૂલમા પ્રવક્ષ્યામિ પ્રવચ્મીશ એમ પદ યોજતા પ્ર ઉપસર્ગ લગાડેલો છે તેનુ તાત્પર્ય આ પ્રકારે છે. પ્ર એટલે પ્રકર્ષથી,

---

[1] असंख्यातं यज्जप्तं तज्जप्तं निष्फलं भवेत् ।

વચીશ, કથીશ, કહીશ. શ્રીમદાચાર્યચરણના નામ નિત્ય હોવાથી પૂર્વસિદ્ધ જ અષ્ટોત્તરશત નામનું પ્રાકટ્ય જ શ્રીપ્રભુચરણ કરે છે, નવીન નવા રચીને કહેતા નથી, એમ પણ પ્ર શબ્દનો ધ્વનિ છે

નિષ્કર્ષાર્થ.—

આચાર્યશ્રીનુ સ્વરૂપ આપશ્રીના પ્રાદુર્ભાવસમયે સર્વ પ્રકારે નિજ જનનો ઉદ્ધાર કરવાને સમર્થ હતુ, અને તે પ્રમાણે સ્વરૂપબલથી નિજ જનનો ઉદ્ધાર આપશ્રીએ કર્યો પણ ખરો, પરંતુ પોતાના પ્રાદુર્ભાવના અભાવમા પણ, આવા કરાલ કલિકાલના સમયમા પણ, અનેક દૈવજીવોનો વાણીદ્વારા સમુદ્ધાર કરવા સારુ આપશ્રીનુ પ્રાકટ્ય હોવાથી આપશ્રીએ જીવના ઉપર પરમ કરુણા કરીને શ્રમ લઈને બબ્બે ભગવદાજ્ઞા લોપીને પણ શ્રીસુબોધિન્યાદિ ગ્રંથો પ્રકટ કર્યા. ઉક્ત શ્રીસુબોધિન્યાદિ ગ્રંથો અતિગૂઢ અલૌકિક તાત્પર્ય દર્શાવનાર હોવાથી અલ્પબુદ્ધિવાન્ આધુનિક જીવનો તેમા ચંચુપ્રવેશ પણ ન થતા દૈવજીવનો ઉદ્ધાર થાય નહિ, તેથી દૈવજીવની અને શ્રીમદાચાર્યચરણના પ્રાકટ્યની ઉભયની અકૃતાર્થતા થાય, તેમ ન થાય તેટલા સારુ સાક્ષાત્ પુરુષોત્તમાવતાર અગ્નિકુમાર શ્રીગુસાંઇજીનુ પ્રાકટ્ય થયુ અને તેઓશ્રીએ દૈવજીવના ઉદ્ધારાર્થ, આધુનિકોને પણ આચાર્યશ્રીનિર્મિત શ્રીસુબોધિન્યાદિ ગ્રંથનુ તાત્પર્ય સમજાય તેટલા સારુ, નિજ જનની ઉપર મહતી કરુણા કરીને આચાર્યશ્રીના નિત્યસિદ્ધ અષ્ટોત્તરશત નામ પ્રકટ કર્યા, જેના પાઠથી, જપથી, શ્રવણથી, શ્રીમદાચાર્યચરણનુ નામોક્ત ધર્મસહિત સ્વરૂપ હૃદયારૂઢ થાય છે, અને હૃદયમાં તેઓશ્રીના ધર્મના પ્રવેશથી તેઓશ્રીની વાણી સુબોધ થાય છે, તેથી જ પુષ્ટિમાર્ગીય પ્રત્યેક વૈષ્ણવે અવશ્ય આ સર્વોત્તમ સ્તોત્રનો જપ, પાઠ, અર્થસહ શ્રવણ ઇત્યાદિ સ્વોદ્ધારાર્થ કરવુ, અને તદ્દ્વારા આચાર્યશ્રીના અતિગૂઢ અલૌકિક ગ્રંથ સમજવાને શ્રીમત્પ્રભુચરણની કૃપાથી સમર્થ થવુ[1]

[2]મોક્ષનું સાધન શું?

વેદ શું કહે છે?

વેદમા—ઉપનિષદ્મા બ્રહ્માનન્દવલ્લીમા કહ્યુ છે કે—‘[3]બ્રહ્મ સત્ છે, જ્ઞાનસ્વરૂપ છે, અનન્ત છે, પરમ આકાશરૂપ ગુહામા રહેલુ છે, એમ જે જાણે છે.’ (૧). ઉત્તર નારાયણોપનિષદ્મા કહ્યુ છે કે—‘(પૂર્વ મંત્રમા જગત્કર્તા તરીકે વર્ણવેલા) ‘એ [4]મહાન્ પુરુષને હું જાણુ છું,’ (તેનું સ્વરૂપ આવુ છે)—‘તે અજ્ઞાનથી—અજ્ઞાનાત્મક લોકથી—પર—પેલે પાર—છે,

---

[1] ૧. અહહ! ઘણી જ ખેદની વાત છે કે વસ્તુસ્થિતિ આવી છતા પણ આચાર્યશ્રીના ગ્રંથની—તેમની વાણીની—વૈષ્ણવો અને ગોસ્વામી બાલકો તરફથી અધુના કેવલ અવગણના જ હતભાગ્યે થાય છે.

[2] ૨ શ્રીમદણુભાષ્યના તૃતીયાધ્યાયના તૃતીયપાદના ૨૯મા સૂત્રપરથી આ લેખ લખાયલો છે. પ્રકાશનો પણ આશય લેવામા આવ્યો છે

[3] ૩. सत्य ज्ञानमनन्त ब्रह्म, यो वेद निहित गुहाया परमे व्योमन.

[4] ४. वेदाहमेत पुरुष महान्तमादित्यवर्ण तमस परस्तात, तमेव विद्वानमृत इह भवति नान्य पन्था विद्यतेनाय ।

સૂર્યની અદર જેવો શુદ્ધ **શ્યામ** વર્ણ દેખાય છે તેવો તેનો વર્ણ છે, તેને આ પ્રકારે જાણનાર આ લોકમા મુક્ત થઈ જાય છે (મોક્ષ મેલવે છે), મોક્ષ માટે બ્રહ્મના **જ્ઞાન** વિના બીજો માર્ગ નથી ' (૨). ઉપર આપેલા ઉપનિષદ્‌ના બે વાક્યોમાથી અને એવા જ બીજા પણ વાક્યોમાથી એ જ તાત્પર્ય નિકલે છે કે સત્યાદિસ્વરૂપ બ્રહ્મના **જ્ઞાનથી** જ મોક્ષ થાય છે. મોક્ષની પ્રાપ્તિ થવામા **સાધન બ્રહ્મજ્ઞાન** જ છે પરતુ '[1]આ (પરમાત્મા) જેને જ વરે છે તે વડે એ (પરમાત્મા) પ્રાપ્ય છે.' આ શ્રુતિ–વેદ–એમ પ્રતિપાદન કરે છે કે ભગવાન્ જેને પોતાનો કરે છે, કૃપા કરીને જેનો અગીકાર કરે છે, તેનો જ ભક્તિમાર્ગમા પ્રવેશ થાય છે, અને ભક્તિ પ્રાપ્ત કર્યા પછી, **ભક્તિવડે** જ પરમાત્મપ્રાપ્તિરૂપ મોક્ષને પ્રાપ્ત કરી શકે છે, ત્યારે તો એમ સિદ્ધ થયુ કે પ્રભુનો અનુગ્રહ થાય અને અનુગ્રહરૂપ **ભક્તિ** કરે તો જ મોક્ષ થાય.

પ્રથમની બન્ને શ્રુતિઓ **જ્ઞાનથી** જ મોક્ષ થવાનુ સૂચવે છે, જ્યારે અતિમ શ્રુતિ અને તેના જેવી બીજી પણ શ્રુતિઓ **ભક્તિથી** જ મોક્ષ થાય એમ દૃઢતાથી જણાવે છે, તેથી નીચે પ્રમાણે સશય થાય છે

સંશય—૧.

શ્રુતિનો–વેદનો–અક્ષરેઅક્ષર માન્ય હોય છે, તેમા કઇ આપણા તર્કો કામમા નથી જ આવતા. શ્રુતિ તો પરસ્પરવિરુદ્ધ કહે છે એક કહે છે કે **જ્ઞાનથી** મોક્ષ, અને બીજી કહે છે **ભક્તિથી** મોક્ષ ત્યારે ખરું શુ માનવુ ? શ્રુતિ **બન્નેથી** મોક્ષ થાય એમ કહે છે, તેથી જ્ઞાન અને ભક્તિ બન્નેનો સમુચ્ચય હોય તો જ મોક્ષ થાય એમ માનવું કે કેવલ જ્ઞાનથી કે કેવલ ભક્તિમાત્રથી પણ મોક્ષ થાય એમ વિકલ્પ માનવો ? જ્ઞાનભક્તિ સાથે જ જોઇએ કે કેવલ જ્ઞાન અથવા કેવલ ભક્તિ જ ? આ પ્રમાણે વેદવાક્યોમા સંદેહ થયો

ગીતાનો અભિપ્રાય શો છે ?

ભગવાન્ ગીતામા આજ્ઞા કરે છે કે –'**ભક્તિવડે મને** જાણે છે ' એમ આજ્ઞા કરીને આગલ એમ ઉપદેશે છે કે 'ત્યાર પછી મને યથાર્થ **સમજીને** અનતર (સમજ્યા પછી) (મારામા) પ્રવેશે છે ' આ વાક્યોનો ભાવાર્થ એવો ભાસે છે કે **ભક્તિવડે** જ્ઞાન પ્રાપ્ત થાય અને **જ્ઞાન** પ્રાપ્ત થયા પછી મોક્ષ મલે, અર્થાત્ ભક્તિમાર્ગમા પણ પુરુષોત્તમનુ **જ્ઞાન** પ્રાપ્ત થયા પછી જ મોક્ષ થાય. જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ ભિન્ન છે, એમાં તો સદેહ છે જ નહિ જ્ઞાનમાર્ગમા જેનુ જ્ઞાન મેલવવાનુ છે, તે **અક્ષરબ્રહ્મ** કહેવાય છે, જે અક્ષરબ્રહ્મ ગણિતાનદ છે શ્રુતિમા 'પ્રજાપતિના [2]સો આનદ તે બ્રહ્મનો એક આનદ' એ વાક્યથી અક્ષરબ્રહ્મના આનદની પણ ગણના કરેલી છે. અક્ષરબ્રહ્મને ગીતામા ભગવાને પોતાનુ ધામ–ગૃહ–કહેલુ છે, અને પોતે અક્ષરથી પણ પર [3]પુરુષોત્તમ છે, અગણિતાનદ છે, એમ દર્શાવ્યુ છે આ ઉપરથી એટલો **ભેદ** અવશ્ય ધ્યાનમા રાખવો કે જ્ઞાનમાર્ગમા ગણિતાનદ અક્ષરનું જ્ઞાન થવાથી મોક્ષ થાય છે શ્રુતિ પણ કહે છે કે 'બ્રહ્મને [4]જાણે છે તે પરને પામે છે'

---

[1] यमेवैष वृणुते तेन लभ्य ।

[2] ते ये शत प्रजापतेरानन्दा स एको ब्रह्मण आनन्द ।

[3] अक्षरादपि चोत्तम , अतोऽस्मि लोके वेदे च प्रसिद्ध पुरुषोत्तम ।

[4] ब्रह्मविदाप्नोति परम् ।

આ સ્થલે બ્રહ્મને એટલે અક્ષરબ્રહ્મને જે જાણે છે તે પરને-પુરુષોત્તમને-પામે છે, એમ સમજવુ, અને ભક્તિમાર્ગમા પુરુષોત્તમના જ જ્ઞાનથી મોક્ષ છે એમ અવધારવુ. અક્ષર અને પરબ્રહ્મના આ બે રૂપભેદથી જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગનું પણ વૈલક્ષણ્ય સ્પષ્ટ થાય છે.

સંશય ૨.

વેદમા પહેલા કહ્યુ તેમ ભિન્નભિન્ન વાક્યો નજરે પડે છે એક કહે છે કે અક્ષરબ્રહ્મના જ્ઞાનથી જ મોક્ષ અને એક વાક્ય નિરૂપણ કરે છે કે ભગવત્કૃપાજન્ય ભક્તિથી જ મોક્ષ ગીતામા ભગવાન્ એવી આજ્ઞા કરે છે કે ભક્તિવડે મારુ (પુરુષોત્તમનું) જ્ઞાન સપાદન કર્યા પછી જ મોક્ષ થાય છે ત્યારે વેદમા બતાવેલા ભક્તિમાર્ગમા પણ ભગવદાજ્ઞાનુસાર પુરુષોત્તમના જ્ઞાનની આવશ્યકતા સિદ્ધ થાય છે ભગવાન્ આજ્ઞા કરે છે કે પુરુષોત્તમનુ જ્ઞાન જોઇએ, અને વેદમા કથન છે કે અક્ષરબ્રહ્મનુ જ્ઞાન જોઇએ, તો જ મોક્ષ થાય. ત્યારે ભક્તે મોક્ષને વાસ્તે (ભક્તિથી પણ) કોનુ જ્ઞાન મેળવવુ ? પુરુષોત્તમનુ કે અક્ષરનુ ? તેમા પણ બન્નેનુ મેળવવુ કે પુરુષોત્તમનુ જ, અથવા અક્ષરનુ જ ? બન્નેનું જોઇએ, બેમાથી એકનુ હોય તો ચાલે નહિ' એમ જો કહેશો તો અન્ય ભગવદ્વાક્યનો વિરોધ આવીને ઉભો રહેશે. ભગવાન્ આજ્ઞા કરે છે કે –‘ તેથી ‘મારી ભક્તિવડે યુક્ત મહાત્મા યોગીને જ્ઞાન કે વૈરાગ્ય કંઇ પણ શ્રેયસ્કારક થઈ પડતુ નથી.’ આ વાક્યમા ભક્તને જ્ઞાનમાત્રની જરૂર નથી એમ ભગવાન્ આજ્ઞા કરે છે જ્યા જ્ઞાનની જ આવશ્યકતાનો અભાવ ત્યા બન્નેના જ્ઞાનની જરૂર છે એમ કહેવુ યોગ્ય કેમ ગણાય ? ભગવાન્ એક સ્થલે એમ આજ્ઞા કરે કે ભક્તિવડે જ્ઞાન પ્રાપ્ત થયા પછી જ મોક્ષ થાય, અને એક સ્થલે ભક્તને જ્ઞાનની અપેક્ષા જ નથી એમ પણ કેમ ઉપદેશે ? પરસ્પરવિરુદ્ધ ઉપદેશ હોવાથી શ્રુતિનો અને ભગવદ્વાક્યનો વિરોધ પ્રાપ્ત થાય છે, અને અમુક નિશ્ચયઉપર આવી શકાતુ નથી

પહેલા વિસ્તારથી વર્ણવેલા બન્ને સંશયનુ સ્વરૂપ અવધારણાર્થે પુન અત્ર આપવામાં આવે છે.

શ્રુતિવિરોધ. ૧.

એક શ્રુતિ એમ વદે છે કે જ્ઞાનથી જ મોક્ષ થાય છે, બીજી શ્રુતિ એમ કહે છે કે ભક્તિથી જ મોક્ષ થાય છે શ્રુતિનુ વચન સર્વને પ્રમાણ જ હોય છે, તેમા અમુક જ વાક્ય પ્રમાણ અને અમુક ભાગ અપ્રમાણ એવી માન્યતા આસ્તિક પુરુષોમા જોવામા આવતી નથી. બન્ને શ્રુતિના વાક્યો માનવા જ પડે, અને માનીએ છીએ તો વિરોધ જણાય છે. જ્ઞાનથી અને ભક્તિથી એમ બન્નેથી મોક્ષ પ્રાપ્ત થવાનુ વેદ કહે છે, એટલે જ્ઞાન અને ભક્તિ બન્ને હોય તો મોક્ષ થાય કે બેમાથી એક વડે પણ મોક્ષ મેળવવા ભાગ્યશાલી થવાય ? શો નિશ્ચય કરવો ?

સ્મૃતિવિરોધ ૨

ગીતામા ભગવાન્ આજ્ઞા કરે છે કે ભક્તિવડે મારુ (પુરુષોત્તમનુ) જ્ઞાન પ્રાપ્ત થયા પછી મોક્ષ પ્રાપ્ત થાય વેદ કહે છે કે અક્ષરબ્રહ્મના, જે પુરુષોત્તમનુ ધામ છે તેના, જ્ઞાનથી

---

[1] तस्मान्मद्भक्तियुक्तस्य योगिनो वै मदात्मन । न ज्ञान न च वैराग्य प्राय श्रेयो भवेदिह ॥

વિરોધ આવીને ઉભો રહેશે. ભગવાન્ આના કરે છે કે ‘[1]મારે વિષે કામ રાખીને મને રમણ અને જાર માનીને **મારા સ્વરૂપને નહિ જાણનારી** અબલાઓ સંગથી જ સેંકડો અને હજારોની સંખ્યામા પરમ બ્રહ્મ એવા મને પ્રાપ્ત થઈ.’ શ્રીમદ્‌ભાગવતના આ વચનથી જ્ઞાનમાર્ગના અને ભક્તિમાર્ગના પણ જ્ઞાનથી રહિત એવી અબલાઓને ભગવત્પ્રાપ્તિ થઈ એ સ્પષ્ટ થાય છે, ‘ભગવાન જેનો અંગીકાર કરે છે તે વડે ભગવાન્ પોતે પ્રાપ્ત થાય છે’ એ શ્રુતિ પણ એમ જ કહે છે ત્યારે જે શ્રુતિઓ અને સ્મૃતિઓ એમ પ્રતિપાદન કરે છે કે અક્ષરના કે પુરુષોત્તમના જ્ઞાનથી જ મોક્ષ થાય અન્યથી નહિ, એ શ્રુતિઓ અને સ્મૃતિઓ સાથે **વિરોધ** પ્રાપ્ત થયો, કારણ કે આ ઠેકાણે જ્ઞાનમાત્રથી રહિત છતા સંગમાત્રથી જ ભગવત્પ્રાપ્તિનુ નિરૂપણ છે, તેથી **વિરોધ** તો છે જ.

સંદેહપરંપરા.

એક ઠેકાણે જ્ઞાનને મોક્ષનું સાધન માન્યુ, તો કોઇ ઠેકાણે ભક્તિને જ મોક્ષસાધક કહી, અને કોઇ ઠેકાણે જ્ઞાન અને ભક્તિ એ બન્ને પણ મોક્ષસાધક નથી એમ ઉપદેશ્યુ આવા પરસ્પરભિન્ન અને વિરુદ્ધ ઉપદેશથી મોક્ષ મેલવવાની ઇચ્છા રાખનારને કોઇ પણ પ્રકારના એક નિયત સાધનનો નિશ્ચય થતો નથી, ત્યારે મોક્ષના સાધનમા તેવા મુમુક્ષુની પ્રવૃત્તિ પણ નહિ જ સંભવે. જ્યારે તેને મોક્ષની ઇચ્છા થઈ ત્યારે તેણે તેના સાધનોની શોધખોળ કરી, અને તેમ કરતાં પરસ્પરવિરુદ્ધ ઉપદેશથી અમુક નિયત સાધનનો નિશ્ચય કરવામાં તે નિરાશ થયો, એટલે એ અધિકારી અગ્નિહોત્રાદિક કર્મો કરીને સ્વર્ગનું નાશવત્ સુખ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરશે. મુમુક્ષુની પ્રવૃત્તિ મોક્ષ તરફ ન થાય તો પછી પૂર્વે બતાવેલુ જ્ઞાન અને ભક્તિનું વૈલક્ષણ્ય અને ભક્તિનો ઉત્કર્ષ, દોષની પણ ક્ષણિક સ્થિતિ, એ વગેરેનો પણ નિર્ધાર થવો અશક્ય છે આ પ્રમાણે વેદ, ગીતા અને શ્રીમદ્‌ભાગવતના વાક્યોમા સંદેહપરંપરા આવી પડવાથી શ્રીવ્યાસજી બ્રહ્મસૂત્ર યોજે છે કે—

गतेरर्थवत्त्वमुभयथान्यथा हि विरोध ॥ २९ ॥ (३-३-७)

“ જ્ઞાન બે પ્રકારે (મર્યાદા અને પુષ્ટિ એવા બે પ્રકારે) ફલજનક છે, એમ નહિ માનો તો **વિરોધ** ઉભો રહેશે. ”

આ સ્થલે આવો **આશય** છે. દરેક કાર્ય પ્રતિ ભગવદિચ્છા જ કારણ છે. ભગવદિચ્છા નિત્ય છે વેદ પણ એમ જ કહે છે કે ‘[2]ભગવાન્ જ તેની પાસે સારા કામો કરાવે છે, જેને પોતે આ લોકથી ઉંચે લઈ જવા ઇચ્છે છે’ આવી અનેક શ્રુતિઓ છે, તેનો ભાવાર્થ આવો છે. સૃષ્ટિ ઉત્પન્ન કરતાં પહેલા ભગવાને એવો નિશ્ચય કરેલો હોય છે કે ‘આ જીવ પાસે આટલા કર્મો કરાવીને આ ફલ આપીશ’ આ પ્રમાણે જ સર્વ થયા કરે છે ભગવાનની ઇચ્છાનુ સ્વરૂપ ‘જેને પોતે આ લોકથી ઉંચે લઈ જવા ઇચ્છે છે’ શ્રુતિએ સ્પષ્ટ કર્યુ છે આ ભગવદિચ્છાના સ્વરૂપનો વિચાર કરીએ ભગવાન્ કોને ‘ઉંચે લઈ જવા ઇચ્છે છે’? અર્થાત્ કોને મોક્ષ આપવા ઇચ્છે છે? આ ઇચ્છામા ઉન્નયન—ઉંચું લઈ જવુ—એ કાર્ય છે, તેના કારણનો વિચાર કરવો જોઇએ ઉન્નયન શાથી થાય? તેનુ એક નિશ્ચિત

---

[1] मत्कामा रमण जार मत्स्वरूपाविदोबला । ब्रह्म मा परम प्रापु सङ्गाच्छतसहस्रश ।

[2] एष उ एव साधु कर्म कारयति यमेभ्यो लोकेभ्य उन्निनीषति ।

કારણ શુ ? આવા પ્રશ્નોથી પ્રેરાઈને વેદ, ગીતા, શ્રીમદ્ભાગવતનો આશ્રય લઈએ છીએ તો ઉન્નયનનુ—મોક્ષનુ—એક નિશ્ચિત કારણ જણાતુ નથી કોઈ ઠેકાણે મોક્ષને માટે જ્ઞાન પ્રાપ્ત કરવાનો ઉપદેશ છે, તો કોઈ ઠેકાણે ભક્તિથી જ મોક્ષ થવાનો નિશ્ચય જોવામા આવે છે, કોઈ સ્થલે વરણથી—પ્રભુએ કરેલા અંગીકારથી—જ મોક્ષ મળવાનો નિર્દેશ છે, તો કોઈ ઠેકાણે ભગવાનમાં કામબુદ્ધિ, રમણબુદ્ધિ, અથવા જારબુદ્ધિ રાખીને પણ ભગવત્પ્રાપ્તિ થવાનો નિશ્ચય છે આવી રીતે મોક્ષના સાધનોનો વિચાર કરતા એક નિશ્ચિત સાધન મનાતુ નથી. મોક્ષનુ સાધન તો અમુક જ હોવુ જોઈએ એવા નિશ્ચય ઉપર આવી શકાતુ નથી. આવી જ વિચારપરપરામાં લીન થઈએ અને આટલેથી જ વિરામ પામીએ તો મુમુક્ષુ પુરુષની મોક્ષમાટે પ્રવૃત્તિ જ નહિ થાય, માટે કોઈ એવો પ્રકાર શોધી કાઢવો જોઈએ કે જેથી અનેક સશયો પરાસ્ત થાય અને મુમુક્ષુની પણ શાસ્ત્રદ્વારા મોક્ષસાધનમા પ્રવૃત્તિ થાય એવો પ્રકાર કયો ? એવો એક હેતુ શો છે ? આનુ ઉત્તર શ્રીમદ્વિઠ્ઠલેશ્વરપ્રભુચરણ ભાષ્યમા નીચે પ્રમાણે આપે છે.

માર્ગ બે છે, ૧. મર્યાદા અને ૨. પુષ્ટિ.

મર્યાદા એટલે શું ?

જીવના પ્રયત્નથી સિદ્ધ થઈ શકે એવુ સાધન જ્ઞાન અને ભક્તિ શાસ્ત્રમા જણાય છે, તે શાસ્ત્રમા કહેલા જ્ઞાન અને ભક્તિરૂપ સાધનથી જ મુક્તિ થાય એ **મર્યાદાનુ** સ્વરૂપ છે, અર્થાત્ શાસ્ત્રમા કરવાને ઉપદેશેલા જ્ઞાનભક્તિરૂપ સાધનોથી શાસ્ત્રની—વેદાદિની—મર્યાદામા રહીને મુક્તિ—મોક્ષ—થાય, એ મર્યાદામાર્ગનુ સ્વરૂપ છે સારાંશ એ જ કે વૈદિક માર્ગના નિયમ પ્રમાણે જ્ઞાન અથવા ભક્તિ કરવાથી જે માર્ગમા મોક્ષ થાય એ **મર્યાદામાર્ગ** કહેવાય. એક સાધારણ હેતુથી જ્યા અમુક બાબત સિદ્ધ થતી હોય છે ત્યાં મર્યાદા કહેવાય છે, *આટલુ કરવાથી આટલુ આપવુ એવી રાજ્યની મર્યાદા હોય છે,* તેવી રીતે શાસ્ત્રમા પણ ભગવાને મર્યાદા બાંધેલી છે. **મર્યાદા** એટલે એક જાતની હદ. અર્થાત્ આ હદમા સીધી રીતે ચાલવાથી અમુક સ્થલે જઈ પહોચાય, આ મર્યાદાનુ સ્વરૂપ છે.

પુષ્ટિ એટલે શું ?

શાસ્ત્રમા કહેલા જ્ઞાન અને ભક્તિરૂપ સાધનો ન હોય તો પણ ભગવાન્ પોતાના સ્વરૂપબલથી પોતાની પ્રાપ્તિ કરાવે એ પુષ્ટિ જ્ઞાન પણ ન હોય અને શાસ્ત્રીય ભક્તિરૂપ સાધન પણ ન હોય, કેવલ પ્રભુ કૃપા કરીને જ પોતાના બલથી જીવને પોતાની પ્રાપ્તિ કરાવે એ **પુષ્ટિમાર્ગ**. પુષ્ટિ એટલે પોષણ, ભગવાનનો અનુગ્રહ. [1]અનુગ્રહનુ સ્વરૂપ જુદું જ છે, ફલ આપવાની ઇચ્છા એ જ અનુગ્રહ નહિ. ઇચ્છા જુદી અને અનુગ્રહ જુદો પ્રભુ આજ્ઞા કરે છે કે 'જેના[2] ઉપર હું અનુગ્રહ કરવાની ઇચ્છા કરૂ છુ.' અર્થાત્ અનુગ્રહ અને ઇચ્છા એ બેનુ પણ સ્વરૂપ પૃથક્ પૃથક્ છે. અનુગ્રહ એટલે કૃપા, અનુકપા, દયા. જીવના સ્વરૂપનો, તેણે કરેલા સાધનોનો, વિચાર ન કરતા, માત્ર પોતાના જ સ્વરૂપના બલથી કૃપા કરીને પ્રભુ નિઃસાધન જીવનો ઉદ્ધાર કરે એ પુષ્ટિ.

---

[1] આનુ સ્વરૂપ વિસ્તારથી અવલોકવુ હોય તો જુઓ પુષ્ટિપ્રવાહમર્યાદાભેદની ટીકા.

[2] यस्यानुग्रहमिच्छामि ।

સંશયનિરાસ.

મર્યાદા અને પુષ્ટિ એવા બે માર્ગનું સ્વરૂપ નિરૂપણ કર્યું. આ બન્ને ભિન્ન માર્ગનો વિચાર કરીને શ્રુતિ, ગીતા અને શ્રીમદ્ભાગવતના વાક્યોનો જો યોગ્ય સમન્વય કરવામા આવે તો પૂર્વે બતાવેલા સર્વ સશયોનો નિરાસ થઈ જાય છે. બન્ને માર્ગો પ્રભુએ જ પ્રકટ કરેલા છે ભગવાને જ શ્રીમુખથી એ બન્ને માર્ગનુ સ્વરૂપ પ્રસ્થાનચતુષ્ટયમા ઉપદેશ્યુ છે, એટલે પુષ્ટિ અને મર્યાદા એ બને ભિન્ન માર્ગ અપ્રમાણ નથી ભગવાન્ જે જીવનો જે માર્ગમાં અંગીકાર કરે છે, તે જીવને તે જ માર્ગમાં પ્રવૃત્ત કરીને તે માર્ગનુ ફલ આપે છે. આ [1]વિચારયુક્ત સિદ્ધાંતથી એક પણ સશય ઉદ્ભવશે જ નહિ. જે જીવનો અગીકાર કેવલ મર્યાદામા જ છે, તે જીવને તે માર્ગમા પ્રવૃત્ત કરીને એ માર્ગનુ ફલ–અક્ષરબ્રહ્મમાં લય–આપે છે મર્યાદામાર્ગ વિકટ છે, એક જ જન્મમાં ઉદ્ધાર થતો નથી. શૂદ્રયોનિમા જન્મ થયુ હોય તો ક્રમશ વર્ણાશ્રમધર્મનુ આચરણ કરી ઉત્કૃષ્ટયોનિ પ્રાપ્ત કરીને, વૈદિક કર્મ વગેરેથી અતકરણની શુદ્ધિ થયા પછી અક્ષરબ્રહ્મનુ જ્ઞાન પ્રાપ્ત કરીને છેવટે અક્ષરબ્રહ્મમા લયરૂપ મોક્ષ પ્રાપ્ત કરી શકાય છે. પુષ્ટિમાર્ગમા ગમે તેવી યોનિમા જન્મ હોય, કાઇ પણ સાધન એણે કર્યું ન હોય તો પણ પ્રભુ પોતે જ કૃપા કરીને તે જીવનો ઉદ્ધાર કરે છે. જ્યારે કેવલ મર્યાદામા અગીકૃત જીવનો અક્ષરધામમા જ લય થાય છે એ સિદ્ધાત નિસંદિગ્ધ જ થયો.

પહેલા એમ શકા કરવામા આવી હતી કે 'જ્ઞાનમાર્ગની રૂઢિપ્રમાણે અક્ષરનું જ્ઞાન એણે સપાદન કર્યું, પછીથી ભક્તિ કરીને, પુરુષોત્તમનુ જ્ઞાન પણ એણે મેળવ્યુ, તેવા જ્ઞાનિભક્તનો લય ક્યા થવો જોઇએ ?' આ સશયનું તાત્પર્ય એટલુ જ છે કે કેવલ અક્ષરબ્રહ્મના જ્ઞાનવાનનો તો અક્ષરમા જ લય થાય એ વાત તો નિશ્ચિત થઈ, પરંતુ અક્ષરનુ જ્ઞાન મેળવ્યા પછી પુરુષોત્તમનુ જ્ઞાન પ્રાપ્ત કરનારનો લય શેમા થશે ? આ શકા તો કાયમ જ રહી આ સદેહ પણ હવે ટકશે નહિ પહેલા જ્ઞાનમાર્ગાનુસાર અક્ષરનુ જ્ઞાન એણે મેળવ્યું, તેથી તેનો અંગીકાર મર્યાદામા થયો, પણ પછી એણે ભક્તિમાર્ગાનુસાર પુરુષોત્તમનું જ્ઞાન પણ સપાદન કરેલુ હોવાથી એનો લય પુરુષોત્તમમા થાય છે

પ્રમાણ શું ?

આ ઠેકાણે એમ સંશય ઉભો કરવામા આવશે કે એકવાર જે જ્ઞાનીનો અક્ષરબ્રહ્મમાં લય થઈ ગયો તે જ્ઞાનીનો ફરીને પુરુષોત્તમમા લય ક્યાથી થવાનો ? તે માનવામા પ્રમાણ શુ ? આ સશયના શમનમાટે શ્રીમદ્ભાગવતનુ પ્રમાણ આપવામા આવે છે. દશમ સ્કધમા એક પ્રસગ છે, તેનો સાર એ છે કે 'એક વેલાએ શ્રીનંદરાયજી આસુરસમયમા વહેલા ઉઠીને સ્નાન કરવા ગયા, તે વખતે વરુણદેવનો અનુચર તેમને બાંધીને વરુણપાસે લઈ ગયો અને ભગવાન્ તેમને ત્યાથી મુક્ત કરી આવ્યા સર્વ ગોપોને ભગવાનના ઐશ્વર્યનુ ભાન થવાથી ભગવાનના લોકના દર્શનની ઇચ્છા થઈ, તે ઇચ્છા જાણી લઈને મહાકારુણિક પ્રભુએ એ

---

[1] પૂર્વમીમાસામા પણ उदिते जुहोति અને अनुदिते जुहोति એ પરસ્પરવિરુદ્ધ વિધાનનો સમન્વય અધિકારિભેદથી કરવામા આવ્યો છે તેમજ અત્ર પણ વિરુદ્ધ વાક્યનો સમન્વય પુષ્ટિ અને મર્યાદા એવા બે ભેદથી કર્યો છે.

લોકોને પોતાનું ધામ દેખાડ્યુ. તે રમ્ય પ્રસગમા એવો શ્લોક છે કે [1]ભગવાન તે બધાઓને બ્રહ્મહ્રદપ્રતિ લઈ ગયા અને તે લોકોને એમા મગ્ન કર્યા, અને ફરીને તેઓને ભગવાને બહાર કાઢ્યા ' આ ઉપરથી નિશ્ચય થશે કે અક્ષરબ્રહ્મમા લય થઈ ગયા પછી પણ ભક્તિજન્ય પુરુષોત્તમના જ્ઞાનથી તેનો અક્ષરબ્રહ્મમાથી ઉદ્ધાર થાય છે, અને તે ભક્તિવડે પુરુષોત્તમમા લય પામે છે.

ઉપર પ્રમાણે બન્ને માર્ગનો સ્વીકાર કરવાથી શ્રુતિનો વિરોધ દૂર થાય છે, એટલુ જ નહિ પણ સ્મૃતિનો વિરોધ પણ પરાસ્ત થાય છે બન્ને માર્ગ વિલક્ષણ હોવાથી પુષ્ટિમાર્ગમા જે જીવનો અગીકાર થયો હોય છે, તે જીવને જ્ઞાન વગેરેની અપેક્ષા નથી હોતી, અને મર્યાદામા જેનો સ્વીકાર થયો હોય તેને જ્ઞાનવૈરાગ્યાદિની જરૂર છે, એટલે પરસ્પરવિરોધ નહિ જ આવે.

જો ભેદનો સિદ્ધાત સ્વીકારવામા ન આવે તો વ્યાસજી કહે છે કે ' વિરોધ પ્રાપ્ત થશે ' મર્યાદા અને પુષ્ટિ એવા બન્ને ભેદનો સ્વીકાર કરીને વ્યવસ્થા નહિ કરો તો પહેલાં નિરૂપણ કરેલા વિરોધો એમના એમ ઉભા રહેશે, મુમુક્ષુની મોક્ષમા પ્રવૃત્તિ જ નહિ થાય

કેટલુંક આવશ્યક.

અત્ર પ્રકાશમા શ્રીપુરુષોત્તમજીમહારાજ કેટલુક આવશ્યક જાણવાજેવુ વિવેચન લખે છે, તે પણ અત્ર આપવામા આવે છે. વેદાતો (ઉપનિષદો) બ્રહ્મના સ્વરૂપનુ નિરૂપણ કરનારા છે. કોઇ સ્થલે બ્રહ્મને સૃષ્ટિને ઉત્પન્ન કરનાર તરીકે ઓલખાવે છે, તો કોઇ સ્થલે સૃષ્ટિના નિયામક તરીકે જણાવે છે, એમ અનેક પ્રકારે બ્રહ્મના માહાત્મ્યનુ વર્ણન કરે છે કવચિત્ જીવ અને પરમાત્માની એકતા પણ દર્શાવે છે, કવચિત્ કહે છે કે આવા પ્રકારનુ જ્ઞાન થવાથી મોક્ષ થાય છે, વલી કોઇ સ્થલે એમ પણ કહે છે કે ભગવાન વરણથી–અગીકારથી–સ્વતનુને વરે છે, કોઇ સ્થલે ભક્તિથી (નિજ અગરૂપ ભક્તનો) જ મોક્ષ કહેવામા આવે છે. આ સર્વની સગતિ પ્રકરણના ભેદથી કરી લેવી તેમ કરતા એવો નિશ્ચય થશે કે અક્ષરબ્રહ્મના માહાત્મ્યનુ જ્ઞાન અને તેની સાથે પોતાના આત્માના અભેદનુ જ્ઞાન થવાથી અક્ષરબ્રહ્મની પ્રાપ્તિ [illegible] [illegible] તનુ–સ્વશરીરનું–વિવરણ પણ શ્રુતિમા નિર્દિષ્ટ છે, તેથી ભગવત્સ્વરૂપ દૃષ્ટિગોચર થયા પછી હૃદયગ્રથિનુ ભેદન થાય છે, અને સર્વ સશયો છેદાઈ જાય છે, અને તેમ થવાથી સુદૃઢ સ્નેહરૂપ (માર્યાદિક) ભક્તિ ઉત્પન્ન થાય છે, તે વખતે અક્ષરનું પણ (પહેલાં કહેલુ) જ્ઞાન હોય તે ઉપકારક થઈ પડે છે, અને છેવટે પુરુષોત્તમની પ્રાપ્તિ થાય છે. આ સ્થલે કેવલ જ્ઞાનથી જ પ્રભુ વરણ કરે છે એમ માની લેવાનુ નથી, કેમકે વરણશ્રુતિમાં એમ દર્શાવ્યુ નથી. વરણશ્રુતિ તો કહે છે કે પરમાત્મા જીવે કરેલા કોઇ પણ સાધનથી મલતા નથી. શ્રવણાદિવિધિથી પ્રાપ્ત સાધનોથી પરમાત્મા લભ્ય નથી, તો પછી શ્રવણાદિવિધિઓને જ સિદ્ધ કરનારા જ્ઞાનથી–સાધન સિદ્ધ કરનાર જ્ઞાનથી–પરમાત્મા અગીકાર કરે એ અશક્ય છે. એ તો નિ:સાધન અને નૈસર્ગિક ભાવનાના ભેલી છે. એ પ્રકારે સાધનના ભેદથી ફલનો ભેદ સિદ્ધ થતા પહેલા કહેલી શ્રુતિમા–'જેને ઉચે લઈ જવા ઇચ્છે છે તેની પાસે સારા કાર્ય કરાવે છે શ્રુતિમા નિરૂપણ કરેલી ભગવદિચ્છામા શ્રૌત સાધનો અને તેનો અ-

---

[1] ते तु ब्रह्महृदं नीता मग्ना कृष्णेन चोद्धृता ।

ભાવ, તેથી વિરુદ્ધ કામબુદ્ધિ, જારબુદ્ધિ વગેરે પણ પ્રભુપ્રાપ્તિ થવામાં સાધન છે, એમ પ્રતીયમાન થતું હોવાથી વરણ કરવામાં પણ ભિન્નભિન્ન પ્રકારો સિદ્ધ થાય છે, આ બધો પ્રકાર વેદના ઉપબૃંહણરૂપ પુરાણોમાં વિશેષ જણાય છે, એમ હૃદયમાં વિચાર કરીને સૂત્રકારે આ વિચાર કર્યો છે. આ જ આશયથી અત્ર શ્રીમત્પ્રભુચરણે પુરાણોના વિરોધનો પણ પરિહાર કર્યો, મુખ્યતઃ પુરાણવાક્યોનો અત્ર વિચાર નથી આ બધુ વિવેચન કરવાનો ગૂઢ ભાવાર્થ એ જ છે કે પોતાને વૈદિક માની લેનારા બહિર્મુખો એમ શંકા કરતાં અટકે કે શ્રીવ્યાસજીએ બ્રહ્મસૂત્રો વેદના જ સંશયો દૂર કરવા માટે કર્યા છે, પુરાણોની સાથે તેને કશું લાગતુંવળગતું નથી. આ સર્વ પણ લોકોને જણાવવા માટે જ આ કથન છે ખરેખર જોતાં તો 'સર્વ વેદ[1] અને ઇતિહાસોમાંથી સાર સાર ઉદ્ધાર કર્યો છે' એ વાક્યથી શ્રીમદ્ભાગવત વેદસ્વરૂપ જ છે. 'ઇતિહાસ[2] અને પુરાણ વેદોમાં પાંચમો વેદ છે' એ બૃહદારણ્યકોપનિષદ્‌ના વાક્યથી પણ શ્રીમદ્‌ભાગવત વેદાત્મક છે, માટે તેના વાક્યો વેદવાક્ય જ હોવાથી તેમાંના સંશયોનું નિરાકરણ જો અત્ર કરવામાં આવે તો તે અતીવ સુયોગ્ય જ છે, એમાં લેશ પણ સંશયનો અવસર નથી.

પ્રકૃતાનુસરણ.

ઉપરના સિદ્ધાંતથી નીચેની એક અન્ય શંકા પણ પરાહત થાય છે

એ શંકાનું સ્વરૂપ આ છે શ્રવણાદિરૂપા નવવિધા ભક્તિ અથવા પ્રેમલક્ષણા ભક્તિ સર્વ પાપોનો નાશ થયા પછી ઉદ્‌ભવે છે કે પાપ છતાં પણ મળે છે? સર્વ પાપોના નાશ પછી તે પ્રાપ્ત થાય છે એમ માનવું યોગ્ય નથી, કેમ કે ઘણા આધુનિક ભક્તો દુઃખથી પીડાય છે, જો પાપપુંજ નષ્ટ થયા પછી જ ભક્તિ મળતી હોય તો ભક્તો દુઃખી કેમ થાય? વળી એમ પણ પ્રમાણ મળે છે કે શ્રવણાદિ ભક્તિથી પાપનો નાશ થાય છે. જો પાપનો નાશ થયા પછી ભક્તિ કરે તો તે ભક્તિ પાપનાશ કરનારી કેમ ગણાય? માટે સંપૂર્ણ પાપધ્વંસ થયા પછી ભક્તિ પ્રાપ્ત થાય છે એમ માનવું ઉચિત નથી. પ્રમાણ અને યુક્તિને અધીન બનીને શ્રવણાદિરૂપ ભક્તિ પાપનું અસ્તિત્વ હોય તો પણ ઉદ્‌ભવે, અને પ્રેમરૂપા ભક્તિ તો સર્વ પાપોનો નાશ થયા પછી જ પ્રાપ્ત થાય એમ માનશો તો વિરોધ ઉભો થયો સમજવો. અક્રૂર વગેરે ભગવાનમાં પ્રેમ રાખનારા છે, તો પણ તેઓએ શતધન્વાને ઉશ્કેરીને સત્યભામાના પિતા સત્રાજિતનો સ્યમંતક મણિ ચોરાવ્યો શતધન્વાએ સત્રાજિતનો વધ કરીને સ્યમંતક મણિ મેળવ્યો. આ સર્વ કથાપ્રસંગ શ્રીમદ્‌ભાગવતના દશમસ્કંધમાં સવિસ્તર વર્ણવેલો છે, ત્યાં છેવટે ભગવાને જ્યારે શતધન્વાને દંડ દેવા માટે પ્રયાસ કરવાનો આરંભ કર્યો તે વખતે શતધન્વા અક્રૂરને શરણે ગયો, પરંતુ અક્રૂર છૂટી પડ્યો, અને તેમાં અક્રૂરનો હાથ હોવાથી અક્રૂરને દ્વારિકાનો પણ ત્યાગ કરવો પડ્યો હતો આ ઉપરથી પ્રસ્તુતમાં એટલું જ સમજવાનું છે કે પ્રેમરૂપા ભક્તિ પ્રાપ્ત થયા પછી પણ પાપ અવશિષ્ટ રહે છે, માટે પાપનો નાશ થયા પછી જ પ્રેમરૂપા ભક્તિ થાય એ માનવું પણ ઠીક નથી. ત્યારે શો સિદ્ધાંત સમજવો?

ઉપરની શંકા પણ મર્યાદા અને પુષ્ટિ એવા બે ભેદ માનીને વ્યવસ્થા કરવાથી નિવૃત્ત થાય છે. અંગીકાર બે રીતે થાય છે, એક મર્યાદામાં અને એક પુષ્ટિમાં. જેઓનો અંગીકાર મ

---

[1] सर्ववेदेतिहासानां सारंसारं समुद्धृतम् ।

[2] इतिहासपुराणं वेदानां पञ्चमो वेदः ।

ર્યાદામા થયલો છે, તેઓની શ્રવણાદિમા પ્રવૃત્તિ મોક્ષની ઇચ્છાથી જ થાય છે, અને જ્યારે પ્રભુ મોક્ષદાતા છે એમ તેઓ જાણે ત્યારે જ ભગવાનમા તેમનો પ્રેમ પણ થાય, પણ તે પ્રેમ નિરુપધિક નથી, નિઃસ્વાર્થ નથી, કેમ કે મોક્ષરૂપ સ્વાર્થ સમાયલો છે કવચિત્ વસ્તુસ્વભાવે મોક્ષની ઇચ્છા નિવૃત્ત થાય તો પણ તેની ભક્તિ સાધનમાર્ગીય હોવાથી ‘ [1]ઇચ્છા ન ધરાવતો હોય તો પણ મારી સૂક્ષ્મ ગતિને પામે છે ’ એ વાક્યથી અંતે મુક્તિ જ થવાની. અર્થાત્ આ મર્યાદામાર્ગમા શ્રવણાદિ ભક્તિથી પાપનો ક્ષય થાય, અને પછી પ્રેમરૂપા ભક્તિ ઉદ્ભવે, અને અંતે પુરુષોત્તમમાં લયરૂપ મોક્ષ પ્રાપ્ત થાય

પુષ્ટિમાર્ગમા જે અંગીકાર થાય છે તે કોઈ સાધનો કરવાથી નથી થતો, પરંતુ માત્ર ભગવાનના અનુગ્રહથી જ થાય છે ભગવત્કૃપાથી જ પુષ્ટિમાર્ગમા અંગીકાર થાય છે. તેમા અંગીકાર થયા પછી પાપ વગેરેનુ બલ ચાલતુ નથી, તેથી તેના તરફથી પ્રતિબંધોનુ ભય વ્યર્થ છે પુષ્ટિમાર્ગમા શ્રવણાદિક ભક્તિ અને પ્રેમરૂપા ભક્તિ એકદમ સાથે, અથવા અનુક્રમે, અને કવચિત્ તો ઉલટે ક્રમે પણ થાય છે તો ખરી જ, તથાપિ તે સાધનરૂપા ભક્તિ પણ ફલરૂપા છે માત્ર સ્નેહથી જ, અંતરના નિઃસ્વાર્થ સ્નેહથી જ તે ભક્તિ કરવામા આવે છે, અમુક વૈદિક અથવા સ્માર્ત વિધિના આધારે નહિ શ્રવણાદિક ભક્તિ પાપનાશ માટે છે એમ ન સમજવું, પરંતુ શ્રવણાદિ ભક્તિ પણ માત્ર સ્નેહથી જ કરવામાં આવે છે, એટલે ફલરૂપા છે પાપનો નાશ તો પ્રભુના અનુગ્રહથી જ થાય છે અવિદ્યાથી આરંભીને મોક્ષપર્યંત ભગવત્પ્રાપ્તિમા પ્રતિબંધરૂપ વાદલને સ્પર્શ કરનાર વિરલ અને વિવિધ ગહન મહાવૃક્ષોને બાલવાને લોલુપ બનેલા ભગવદનુગ્રહરૂપ અગ્નિસમક્ષ મધ્યમા રહેલા પાપરૂપ પ્રતિબંધ રહે એ સંભવતુ જ નથી જે અનુગ્રહાગ્નિ મોટા મોટા વૃક્ષોને બાલીને ભસ્મ કરી નાખે તે અનુગ્રહાગ્નિ પાસે અવિદ્યાથી પ્રારંભીને મોક્ષપર્યંતના પાપરૂપ મહાપ્રતિબંધ મોક્ષ પ્રતિબંધક થવા તૈયાર બને એ કથન ઉપહાસપાત્ર જ છે. આ સિદ્ધાંતમા નીચેનો શ્રીમદ્ભાગવતનો શ્લોક પ્રમાણભૂત છે.

स्वपादमूलं भजत. प्रियस्य त्यक्तान्यभावस्य हरि परेश ॥
विकर्म यच्चोत्पतितं कथञ्चिद् धुनोति सर्वं हृदि सन्निविष्ट ॥ २ ॥

અર્થ—પરેશ હરિ સ્વચરણમૂલને ભજતા, અન્યભાવને ત્યાગ કરનારા, પ્રિય ભક્તના હૃદયમા બિરાજીને કાઇક આવી પડેલા સર્વ વિકર્મનો નાશ કરે છે

ભાવાર્થ:—વિકર્મ એટલે ઉલટુ કર્મ, અર્થાત્ પાપ, એ પાપ પૂર્વે થયલુ સમજવુ તે પાપ દુઃખને આપનારું છે. ભગવાન્ હરિ છે, સર્વ દુઃખના હર્તા છે, તેથી તે સર્વ વિકર્મનો નાશ કરે છે મહાભારતમા વાક્ય છે કે ‘ મને સ્મરનારાઓનુ જે પાપ હોય છે, તે હું હરી લઉ છુ, તેથી હરિ કહેવાઉ છુ.’ ભક્ત અન્યભાવને ત્યજીને કેવલ ભગવચ્ચરણારવિંદને ભજતો હોવાથી એને હાથે વિકર્મ થવુ જ પ્રથમ તો અસંભવિત છે, તો પણ યથા કથચિત્ ‘ આવી પડેલુ’ વિકર્મ સમજવુ આ વિકર્મનુ સ્વરૂપ આવી રીતિનુ છે ‘સંસર્ગથી મારાથી બની ગયલુ છે, કંઇ જાણીજોઈને મે તે કર્મ કર્યું નથી’ એમ થયલુ જે વિકર્મ તે અહિં શ્લોકમા ‘કાઇક આવી પડેલુ’ એ શબ્દથી ઓલખાવ્યુ છે. અર્થાત્, કામ વિના, બુદ્ધિપૂર્વક નહિ, અને માત્ર સંસર્ગજન્ય, એમ ત્રિવિધ વિકર્મ કહ્યુ આવુ વિકર્મ પણ તેવા ભક્તોને ન હોવુ જોઇએ

---

१. अनिच्छतो मे गतिमण्वीं प्रयुङ्क्ते ।

२. हराम्यघ मत्स्मर्तॄणा हविर्भाग क्रतुष्वहम् । वर्णश्च मे हरिश्श्रेष्ठस्तस्माद्धरिरह स्मृत ॥

ભાવ, તેથી વિરુદ્ધ કામબુદ્ધિ, જારબુદ્ધિ વગેરે પણ પ્રભુપ્રાપ્તિ થવામાં સાધન છે, એમ પ્રતીયમાન થતુ હોવાથી વરણ કરવામા પણ ભિન્નભિન્ન પ્રકારો સિદ્ધ થાય છે, આ બધો પ્રકાર વેદના ઉપબૃંહણરૂપ પુરાણોમા વિશેષ જણાય છે, એમ હૃદયમા વિચાર કરીને સૂત્રકારે આ વિચાર કર્યો છે. આ જ આશયથી અત્ર શ્રીમત્પ્રભુચરણે પુરાણોના વિરોધનો પણ પરિહાર કર્યો, મુખ્યતઃ પુરાણવાક્યોનો અત્ર વિચાર નથી. આ બધુ વિવેચન કરવાનો ગૂઢ ભાવાર્થ એ જ છે કે પોતાને વૈદિક માની લેનારા બહિર્મુખો એમ શકા કરતાં અટકે કે શ્રીવ્યાસજીએ બ્રહ્મસૂત્રો વેદના જ સશયો દૂર કરવા માટે કર્યા છે, પુરાણોની સાથે તેને કશું લાગતુંવલગતુ નથી. આ સર્વ પણ લોકોને જણાવવા માટે જ આ કથન છે. ખરેખર જોતા તો 'સર્વ વેદ[1] અને ઇતિહાસોમાંથી સાર સાર ઉદ્ધાર કર્યો છે ' એ વાક્યથી શ્રીમદ્ભાગવત વેદસ્વરૂપ જ છે. 'ઇતિહાસ[2] અને પુરાણ વેદોમા પાચમો વેદ છે ' એ બૃહદારણ્યકોપનિષદ્‌ના વાક્યથી પણ શ્રીમદ્ભાગવત વેદાત્મક છે, માટે તેના વાક્યો વેદવાક્ય જ હોવાથી તેમાંના સશયોનુ નિરાકરણ જો અત્ર કરવામા આવે તો તે અતીવ સુયોગ્ય જ છે, એમા લેશ પણ સશયનો અવસર નથી.

પ્રકૃતાનુસરણ.

ઉપરના સિદ્ધાંતથી નીચેની એક અન્ય શકા પણ પરાહત થાય છે

એ શકાનુ સ્વરૂપ આ છે શ્રવણાદિરૂપા નવવિધા ભક્તિ અથવા પ્રેમલક્ષણા ભક્તિ સર્વ પાપોનો નાશ થયા પછી ઉદ્ભવે છે કે પાપ છતા પણ મળે છે? સર્વ પાપોના નાશ પછી તે પ્રાપ્ત થાય છે એમ માનવુ યોગ્ય નથી, કેમ કે ઘણા આધુનિક ભક્તો દુઃખથી પીડાય છે, જો પાપપુંજ નષ્ટ થયા પછી જ ભક્તિ મળતી હોય તો ભક્તો દુ:ખી કેમ થાય? વળી એમ પણ પ્રમાણ મળે છે કે શ્રવણાદિ ભક્તિથી પાપનો નાશ થાય છે જો પાપનો નાશ થયા પછી ભક્તિ કરે તો તે ભક્તિ પાપનાશ કરનારી કેમ ગણાય? માટે સંપૂર્ણ પાપધ્વસ થયા પછી ભક્તિ પ્રાપ્ત થાય છે એમ માનવુ ઉચિત નથી. પ્રમાણ અને યુક્તિને અધીન બનીને શ્રવણાદિરૂપ ભક્તિ પાપનું અસ્તિત્વ હોય તો પણ ઉદ્ભવે, અને પ્રેમરૂપા ભક્તિ તો સર્વ પાપોનો નાશ થયા પછી જ પ્રાપ્ત થાય એમ માનશો તો વિરોધ ઉભો થયો સમજવો. અક્રૂર વગેરે ભગવાનમા પ્રેમ રાખનારા છે, તો પણ તેઓએ શતધન્વાને ઉશ્કેરીને સત્યભામાના પિતા સત્રાજિતનો સ્યમંતક મણિ ચોરાવ્યો શતધન્વાએ સત્રાજિતનો વધ કરીને સ્યમતક મણિ મેળવ્યો આ સર્વ કથાપ્રસગ શ્રીમદ્ભાગવતના દશમસ્કધમા સવિસ્તર વર્ણવેલો છે, ત્યા છેવટે ભગવાને જ્યારે શતધન્વાને દંડ દેવા માટે પ્રયાસ કરવાનો આરંભ કર્યો તે વખતે શતધન્વા અક્રૂરને શરણે ગયો, પરંતુ અક્રૂર છૂટી પડ્યો, અને તેમા અક્રૂરનો હાથ હોવાથી અક્રૂરને દ્વારિકાનો પણ ત્યાગ કરવો પડ્યો હતો આ ઉપરથી પ્રસ્તુતમા એટલુ જ સમજવાનુ છે કે પ્રેમરૂપા ભક્તિ પ્રાપ્ત થયા પછી પણ પાપ અવશિષ્ટ રહે છે, માટે પાપનો નાશ થયા પછી જ પ્રેમરૂપા ભક્તિ થાય એ માનવુ પણ ઠીક નથી. ત્યારે શો સિદ્ધાંત સમજવો?

ઉપરના શંકા પણ મર્યાદા અને પુષ્ટિ એવા બે ભેદ માનીને વ્યવસ્થા કરવાથી નિવૃત્ત થાય છે, અંગીકાર બે રીતે થાય છે, એક મર્યાદામા અને એક પુષ્ટિમા. જેઓનો અંગીકાર મ-

---

[1] सर्ववेदेतिहासाना सारंसारं समुद्धृतम ।

[2] इतिहासपुराणं वेदानां पञ्चमो वेद ।

શ્રીમદ્ભાગવત.

આપણા સર્વેના હૃદયમા પ્રભુ બિરાજે છે, પણ આપણને અનુભવ થતો નથી કાષ્ઠમા રહેલો અગ્નિ બાળી શકતો નથી, પણ જ્યારે ઘર્ષણ વગેરેથી બહાર પ્રકટ થાય છે ત્યારે જ દાહ કરી શકે છે, તેમ આનદમય પ્રભુ હૃદયસ્થિત છતા આપણને આનદ મળતો નથી, જ્યારે પ્રભુ હૃદયમાથી બહાર પ્રકટ થાય છે, ત્યારે જ જીવને પૂર્ણાનદનો અનુભવ થાય છે. આ બહાર પ્રકટ થયલા ફલાત્મક પ્રભુ તે જ શ્રીકૃષ્ણ એમનાથી પર બીજી કાઇ વસ્તુ નથી[1]

જ્યાસુધી એ પૂર્ણાવતાર પ્રભુ ભૂતલપર બિરાજ્યા, ત્યાસુધી દૈવ જીવો એ ફલાત્મક પ્રભુના—પૂર્ણ પુરુષોત્તમના—દર્શનમાત્રથી કૃતાર્થ થતા જ્યારે એ પ્રભુ ભૂતલપરથી બહિ પ્રકટરૂપથી–ફલરૂપથી–તિરોધાન થયા, ત્યારે જીવપર કૃપા કરીને પોતાની નિત્યલીલારૂપ શ્રીમદ્ભાગવત ભૂતલપર પધરાવતા ગયા, કે જેના શ્રવણકીર્તનદ્વારા પામર જીવ સસારથી છૂટી, પ્રભુને ઓળખી, પ્રેમના પ્રચડ તાપાગ્નિથી હૃદયમાથી પ્રભુને પ્રકટ કરી પૂર્ણાનદનો અનુભવ કરે. ભગવાનની લીલાનુ વર્ણન કરનાર, એ લીલાના શ્રવણમાત્રથી જીવનો ઉદ્ધાર કરનાર, સાધનદશામા પણ આનદનો અનુભવ કરાવનાર, અને ભગવાનને હૃદયમાથી પ્રકટ કરી સર્વોત્તમ ફલ આપનાર શ્રીમદ્ભાગવતવિના ભૂતલપર બીજો કોઇ પણ ગ્રથ વિદ્યમાન નથી ઉત્તમ કથાના ઘણા ગ્રથો વિદ્યમાન છે, પણ મર્ત્ય મનુષ્યના અલ્પ જીવનચરિત્રના શ્રવણથી માત્ર ક્ષુદ્ર ક્ષણિક ફલ જ પ્રાપ્ત થાય છે. પુરુષોત્તમની વિવિધ પ્રકારની સુદર નિત્યલીલાના શ્રવણથી જ જીવને પરમ ફલ પ્રાપ્ત થાય છે

આ કલિકાલમા, દેશ, કાલ, મત્ર, તીર્થ, દ્રવ્ય વગેરે એટલા દોષગ્રસ્ત થઈ ગયા છે કે ક્ષુદ્ર જીવ તે દોષોનો નાશ કરવા સમર્થ નથી. યજ્ઞયાગ, જપતપ, જ્ઞાનવૈરાગ્ય, ઉપાસના વગેરે સર્વે સત્ત્વહીન થઈ ગયા છે, અને તદ્દ્વારા મોક્ષ સુલભ નથી. સસારથી કાઇક વિરક્ત ચિત્તથી, પ્રેમભક્તિપૂર્ણ હૃદયથી, શ્રીમદ્ભાગવતનુ શ્રવણ કરવાથી દુનિયાના સકલ શાસ્ત્રોમા તેની શ્રેષ્ઠતા સ્ફુરે છે. કોઇ પણ ધર્મમા, કોઇ પણ શાસ્ત્રમા આટલા અપરપાર દેશકાલની, પ્રભુની આવી અગાધ લીલાનુ વર્ણન નથી. સત્ય બનેલી કે મનકલ્પિત કોઇ પણ વાર્તા ભગવાનની આ ઉત્તમ અને સુદર કથાની સરખામણીમા અત્યત ક્ષુલ્લક લાગે છે. સર્વ ધર્મના, સર્વ જ્ઞાનના, મૂર્ધન્ય વેદ પણ આપણને આટલો સતોષ, આવુ પરમ ફલ, આપી શકતા નથી. જ્ઞાનાવતાર વેદવ્યાસજીએ વેદના વિભાગ કર્યા, પુરાણો રચ્યા, મીમાસા કરી, પણ સતોષ ન જ થયો, અને જ્યારે સમાધિથી પ્રભુની સર્વ લીલાનો સાક્ષાત્કાર કર્યો, અને તેનુ સવિસ્તર વર્ણન શ્રીમદ્ભાગવતમા કર્યું, ત્યારે જ પોતાના અવતારની કૃતાર્થતા માની સતોષ પ્રાપ્ત કર્યો.

વિવિધ પ્રકારની સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના ભિન્ન ભિન્ન પ્રકારો, અનેક મન્વતરો, કલ્પો, વગેરેમા થયલા ઉત્તમ રાજાપ્રજાના વર્ણનો, ધર્મસસ્થાપનાર્થે ભિન્નભિન્ન દેશકાલમા થયલા પ્રભુના અવતારો, અને ભવિષ્યમાં થનાર રાજાપ્રજા અને અવતારોના વર્ણન, ભિન્નભિન્ન પ્રકારના મોક્ષના સાધન—આ સર્વ બીજા કોઇ પણ ધર્મના, કોઇ પણ દેશના, કોઇ પણ કાલના શાસ્ત્રોમા છે ? અને આ સર્વ એક દિવ્ય પુરુષના—પુરુષોત્તમના—દિવ્ય

---

[1] मत्त परतर नान्यत् किंचिदस्ति धनजय.

જન્મકર્મનું જ વર્ણન છે, એ જન્મકર્મ સર્વ તેની માત્ર લીલા છે, તેનું રમણ છે, અને તે પુરુષ આપણા જીવાત્માની સાથે આપણા હૃદયમા જ સ્થિત છે, એમ જાણી તેના અગાધ માહાત્મ્યનું ભાન થતા તેનામાં સુદૃઢ સર્વતોધિક સ્નેહ થાય એમા શું આશ્ચર્ય ! અને જો પ્રભુપર પ્રેમ થયો તો પછી શુ બાકી રહ્યું ?

માટે વાચવું તો શ્રીમદ્ભાગવત જ, શ્રવણ કરવી તો પ્રભુની લીલા જ. પણ તે વાચવા સમજવામા અર્થનો અનર્થ ન થાય એ આવશ્યક છે. ભિન્નભિન્ન મતમતાંતરોને લીધે શ્રીમદ્ભાગવતનો શુદ્ધ અર્થ કોઇ સમજી શક્યા નહિ, માટે એ દિવ્ય પુરુષ શ્રીકૃષ્ણે અગ્નિદેવને મનુષ્યદેહ ધારણ કરવા અને શ્રીમદ્ભાગવતનું વિવેચન કરવાને આજ્ઞા કરી, અને તે અગ્નિદેવે તે આજ્ઞાનુસાર ભૂતલપર અવતરી વ્યાસરૂપ વિષ્ણુને પ્રિય શ્રીમદ્ભાગવતનો શુદ્ધ અર્થ પ્રકટ કર્યો [1]

આ શ્રીમદ્ભાગવતનો શુદ્ધ અર્થ તે જ શ્રીસુબોધિની. એ અર્થની સરલતા, ઉત્તમતા, સુંદરતા, અને રસિકતા શ્રવણ કરનારને તરત જ સ્ફુરે છે, અને બીજાઓએ કરેલા અર્થની અતથ્યતા સ્પષ્ટ માલમ પડે છે ખોટા અર્થથી પુરુષોત્તમની લીલાનું ભાન થતું નથી, એટલું જ નહિ પણ વિપરીત ફલ થાય છે અત્યંત દિલગીરીની વાત છે કે અત્યારસુધી શ્રીમદ્ભાગવતના આ શુદ્ધ અર્થ-શ્રીસુબોધિનીજી-શુદ્ધ પ્રકટ કરવામા આવ્યા નથી. સંસ્કૃતમા જ શુદ્ધ છપાવવામા આવ્યાં નથી તો ભાષાંતર તો ક્યાથી જ ? મને ગમે તેટલા દોષ તમે દો, પણ હું પુછું છું કે આપણા ગુરુમહારાજોની પ્રથમ ફરજ આ નથી કે શ્રીસુબોધિની એકદમ છપાવવા અને તેનું યથાર્થ ભાષાંતર કરાવી વૈષ્ણવોને તે વાચવા સાભળવાની સુગમતા કરી આપવી? વૈષ્ણવો શ્રીસુબોધિનીને માટે તલસે છે, પ્રાણથી પણ પ્રિય ગણે છે, તે વૈષ્ણવોની આવી પવિત્ર જીજ્ઞાસા તૃપ્ત કરવી એ ગુરુમહારાજોની ફરજ નથી? શ્રીનાથદ્વારમાં સંપ્રદાયના ઉત્તમશાસ્ત્રીદ્વારા શ્રીસુબોધિનીજીની કથા નિયમસર થવી ન જોઇએ ? કાંકરોલીમા પણ શું તેની અગત્ય નથી ? અરે ! મુંબઇ, સુરત કે અમદાવાદ જેવા મ્હોટા શહેરોમા એક પણ મંદિરમા શ્રીસુબોધિની વંચાય છે? શ્રીસુબોધિનીજી ઘણા બાલકોને ત્યા બિરાજે છે, ભાષાંતર કરનાર વિરલ શાસ્ત્રીઓ પણ છે, દ્રવ્યની પણ ખોટને બદલે તે તો પુષ્કળ મળે તેમ છે, તો પછી આલસ્ય વિના બીજું શું કારણ છે ?

શ્રીમદ્ભાગવતસુબોધિનીના પ્રથમ સ્કંધનું ભાષાંતર ગોસ્વામી શ્રીનૃસિંહલાલજી તરફથી શાસ્ત્રી છગનલાલ અમરજીએ કરેલું છે, તેની મદદથી શ્રીભાગવતના શ્લોકના શુદ્ધ અર્થ અને શ્રીસુબોધિનીને અનુસાર કાંઇક ટુંક વિવેચન કરવાનો આ સ્વલ્પપ્રયાસ છે. સામાન્ય વૈષ્ણવો શ્રીમદ્ભાગવતનો શુદ્ધ અર્થ સહેલથી સમજે, અને શ્રીસુબોધિનીજીમાથી પણ કાંઇ કાંઇ તેમના કર્ણપર પડે એ આ લેખકની ઇચ્છા છે વિદ્વાનો તો સંસ્કૃત શ્રીસુબોધિની વાચશે, પણ મારા જેવા અલ્પજ્ઞ છતા જીજ્ઞાસુ ભક્તિમાર્ગીય હૃદયને માટે જે કાંઇ મને જેવું સમજાયું તેવું સહેલાઇથી સમજાવવા પ્રયત્ન અત્ર કર્યો છે.

---

[1] अर्थं तस्य विविचितु नहि विभुर्वैश्वानराद्वाक्पते –
रन्यस्तत्र विधाय मानुषतनु मा व्यासवच्छ्रीपति ।
दत्त्वाज्ञां च कृपावलोकनपटुर्यस्मादतोऽह मुदा
गूढार्थं प्रकटीकरोमि बहुधा व्यासस्य विष्णो प्रियम् ॥
श्रीसुबोधिनी.

ક્યા સંકર્ષણ, સનત્કુમાર, સાખ્યાયન, પરાશર, મૈત્રેય, વ્યાસ, અને શુકદેવજી વગેરેએ ગાયલું શ્રીપુરષોત્તમની લીલારૂપ શ્રીમદ્‌ભાગવત ! ક્યા તેનુ યથાર્થ વિવેચન કરનાર સર્વ દૈવોના આચાર્ય અગ્નિસ્વરૂપ શ્રીમદ્‌વલ્લભાચાર્ય ! અને ક્યા દુષ્ટસ્વભાવવાન્ સર્વદોષપૂર્ણ હું ક્ષુદ્ર જીવ ! તથાપિ જે કાંઇ લખાયુ છે તેમાના સર્વ દોષ મારા શિરપર નાખી સુજ્ઞ જનો માત્ર સાર ગ્રહણ કરશો.

जन्माद्यस्य यतोऽन्वयादितरतश्चार्थेष्वभिज्ञ स्वराट्
तेने ब्रह्म हृदा य आदिकवये मुह्यंति यत्सूरय
तेजोवारिमृदा यथा विनिमयो यत्र त्रिसर्गो मृषा
धाम्ना स्वेन सदा निरस्तकुहकं सत्यं परं धीमहि ॥१॥

जन्माद्यस्य यत=આ જગતના અથવા આદ્ય આકાશના જન્માદિ જેમાથી થાય છે તે.

अन्वयादितरतश्च=ઉપાદાન અને નિમિત્ત બને કારણથી. (માટીનો ઘડો કરવામા માટી ઉપાદાન કારણ અને કુભાર ચાક વગેરે નિમિત્ત કારણ કહેવાય, જગત્‌નું એવુ બને કારણ એક જ બ્રહ્મ છે.)

अर्थेष्वभिज्ञ =સર્વ જીવોના સર્વ પુરુષાર્થ એટલે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ સિદ્ધ કરવામા ચતુર.

स्वराट् = સ્વયપ્રકાશ, પોતાના આત્મામા જ રમણ કરનાર, વિષયમા નહિ

तेने ब्रह्म हृदा य आदिकवये=જેણે આદિ કવિ બ્રહ્માજીને અર્થે બ્રહ્મનો એટલે વેદનો વિસ્તાર અંત:કરણપૂર્વક અથવા પુરાણસહિત કર્યો

मुह्यंति यत्सूरय =જે વેદમા અથવા તેના અર્થમા વિદ્વાનો પણ મોહ પામે છે

तेजो. मृषा=તેજ, જલ અને મૃત્તિકા એ ત્રણેનો એક બીજામા અધ્યાસ જેમ મિથ્યા છે, જોનારની દૃષ્ટિદોષથી કલ્પિત છે, તેમ જ બ્રહ્મમા ત્રણ ગુણ સત્ત્વ, રજસ અને તમસ્‌ના કાર્ય દેહ, ઇંદ્રિય, અંત:કરણ પણ મિથ્યા છે

धाम्ना स्वेन सदा निरस्तकुहक=પોતાના સ્વરૂપની સ્ફૂર્તિથી સર્વદા દેહેંદ્રિયાદિકમાં આત્મત્વાદિરૂપ કપટને દૂર કરનાર.

सत्य=ભૂત, ભવિષ્ય, વર્તમાન એવા ત્રણે કાલમા એક સરખુ સર્વલોકપ્રસિદ્ધ સત્ય.

परं=શ્રેષ્ઠ, સર્વવેદપ્રસિદ્ધ પુરુષોત્તમરૂપ.

धीमहि=ધ્યાન કરીએ છીએ

શબ્દાર્થ—જે પરમ સત્ય શ્રેષ્ઠ પુરુષોત્તમથી આ જગતના જન્મ વગેરે થાય છે, જે સત્ય આ જગતનાં ઉપાદાન અને નિમિત્ત બને કારણરૂપ છે, જે સત્ય સર્વ જીવોના સર્વ પુરુષાર્થ સિદ્ધ કરવામા ચતુર છે, જે સત્ય સ્વયપ્રકાશ છે અથવા પોતાના આત્મામા રમણ કરનાર છે, જે સત્યે (પુરષોત્તમે) આદિ કવિ બ્રહ્માજીને માટે વિદ્વાનોને પણ મોહ પમાડે એવા વેદનો હૃદયપૂર્વક પુરાણોસહિત વિસ્તાર કર્યો તેજ જલ અને મૃત્તિકા એ ત્રણેનો એક બીજામા અધ્યાસ જેમ મિથ્યા અથવા જોનારના દૃષ્ટિદોષથી કલ્પિત છે, તેમ જે સત્યમા ત્રણ ગુણ સત્ત્વ, રજસ્ અને તમસ્‌ના કાર્યો દેહ, ઇંદ્રિય અને અંત:કરણ મિથ્યા, કલ્પિત, છે, જે સત્ય પોતાના સ્વરૂપની સ્ફૂર્તિથી સર્વદા દેહેંદ્રિયાદિકમા આત્મભાવાદિરૂપ કપટને દૂર પરમ સત્ય શ્રેષ્ઠ પુરુષોત્તમનું અમે ધ્યાન કરીએ છીએ.

વિવેચન—જેમાં ગાયત્રીના પ્રારભથી ધર્મનું વર્ણન કર્યું હોય, અને જેમા વૃત્રાસુરના વધની કથા હોય તે ભાગવત કહેવાય. જેમ વેદનુ બીજ ગાયત્રી છે તેમ શ્રીમદ્‌ભાગવતનું બીજ પણ ગાયત્રી છે. ગાયત્રી બીજ, વેદ વૃક્ષ, અને શ્રીમદ્‌ભાગવત ફલ, માટે ફલવિના, શ્રીમદ્‌ભાગવતના યથાર્થ જ્ઞાન વિના, વેદરૂપ વૃક્ષ પણ વ્યર્થ છે.

આ[1] શ્લોક ગાયત્રીના અર્થરૂપ જ છે.

ગાયત્રીના શબ્દો.	શ્લોકના શબ્દો.
तत्……………	………सत्यं परं (ચોથી પંક્તિ)
सवितु ……………………	……जन्माद्यस्य यतोऽन्वयादितरतः (પહેલી)
वरेण्यं …………………	……तेजोवारिमृदां यथा विनिमयो यत्र त्रिसर्गोऽमृषा (ત્રીજી)
मर्गः ……… …………	..धाम्ना स्वेन सदा निरस्तकुहकं (ચોથી)
देवस्य… ………… ………	…अर्थेष्वभिज्ञ (પહેલી)
धीमहि…………	……………धीमहि (ચોથા)
धियो यो नः प्रचोदयात् ..	…तेने ब्रह्म………सूरयः (બીજી)

सा होवाच मैत्रेयी यन्नुम इय भगो. सर्वा पृथिवी वित्तेन पूर्णा स्यात्स्या न्वह तेना-ऽऽमृताऽ हो ॥३॥

नेति नेति होवाच याज्ञवल्क्यो यथैवोपकरणवता जीवित तथैव ते जीवितं स्यादमृतत्वस्य तु नाशास्ति वित्तेन इति ॥३॥

सा होवाच मैत्रेयी येनाहं नामृता स्यां किमहं तेन कुर्यां यदेव भगवान्वेद तदेव मे ब्रूहीति ॥४॥

स होवाच याज्ञवल्क्यः प्रिया वै खलु नो भवती सती प्रियमवृधन्त तर्हि भवत्येतद्व्याख्यास्यामि ते व्याचक्षाणस्य तु मे निदिध्यासस्वेति ॥५॥

માટે જ વિત્ત પ્રિય થાય છે અરે, પશુઓને માટે કાંઈ પશુઓ પ્રિય થતા નથી, પણ આત્માને માટે જ પશુઓ પ્રિય થાય છે અરે, બ્રાહ્મણત્વને માટે કાંઈ બ્રાહ્મણત્વ પ્રિય થતુ નથી, પણ આત્માને માટે જ બ્રાહ્મણત્વ પ્રિય થાય છે અરે, ક્ષાત્રત્વને માટે કાંઈ ક્ષાત્રત્વ પ્રિય થતું નથી, પણ આત્માને માટે જ ક્ષાત્રત્વ પ્રિય થાય છે અરે, લોકને માટે કાંઈ લોક પ્રિય થતા નથી, પણ આત્માને માટે જ લોક પ્રિય થાય છે. અરે, દેવોને માટે કાંઈ દેવો પ્રિય થતા નથી, પણ આત્માને માટે જ દેવો પ્રિય થાય છે અરે, વેદોને માટે કાંઈ વેદ પ્રિય થતા નથી, પણ આત્માને માટે જ વેદો પ્રિય થાય છે અરે, પ્રાણીઓને માટે કાંઈ પ્રાણીઓ પ્રિય થતા નથી, પણ આત્માને માટે જ પ્રાણીઓ પ્રિય થાય છે. અરે, સર્વને માટે કાંઈ સર્વ પ્રિય થતુ નથી, પણ આત્માને માટે જ સર્વ પ્રિય થાય છે અરે, આત્મા દ્રષ્ટવ્ય (દર્શન કરવા યોગ્ય), શ્રોતવ્ય (શ્રવણ કરવા યોગ્ય), મન્તવ્ય (મનન કરવા યોગ્ય), નિદિધ્યામિતવ્ય (ધ્યાન કરવા યોગ્ય) છે, હે મૈત્રેયી, અરે, આત્માનુ દર્શન કરેથી, શ્રવણ કરેથી મનન કરેથી, વિજ્ઞાન થયેથી, ખરે આ સર્વનું જ્ઞાન થાય છે, સર્વનુ (જગતનુ) જ્ઞાન થાય છે. (૬).

આત્માથી અન્યત્ર બ્રાહ્મણત્વને જે જાણે તેનો બ્રાહ્મણત્વ ત્યાગ કરે, આત્માથી અન્યત્ર ક્ષાત્રત્વને જે જાણે તેનો ક્ષાત્રત્વ ત્યાગ કરે, આત્માથી અન્યત્ર લોકને જે જાણે તેનો લોકો ત્યાગ કરે, આત્માથી અન્યત્ર દેવોને જે જાણે તેનો દેવો ત્યાગ કરે, આત્માથી અન્યત્ર વેદોને જે જાણે તેનો વેદો ત્યાગ કરે, આત્માથી અન્યત્ર ભૂતોને (પ્રાણીઓને) જે જાણે, તેનો પ્રાણીઓ ત્યાગ કરે, આત્માથી અન્યત્ર સર્વને જે જાણે તેનો સર્વ ત્યાગ કરે. આ બ્રાહ્મણત્વ, આ ક્ષાત્રત્વ, આ લોકો, આ દેવો, આ વેદો, આ ભૂતો, આ સર્વ જે આ છે તે આત્મા છે. (૭).

स होवाच नवा अरे पत्यु कामाय पति प्रियो भवत्यात्मनस्तु कामाय पति प्रियो भवति । न वा अरे जायायै कामाय जाया प्रिया भवत्यात्मनस्तु कामाय जाया प्रिया भवति । न वा अरे पुत्राणा कामाय पुत्रा प्रिया भवन्त्यात्मनस्तु कामाय पुत्रा प्रिया भवन्ति । न वा अरे वित्तस्य कामाय वित्त प्रिय भवत्यात्मनस्तु कामाय वित्त प्रिय भवति । नवा अरे पशूना कामाय पशव प्रिया भवन्त्यात्मनस्तु कामाय पशव प्रिया भवन्ति । नवा अरे ब्रह्मण कामाय ब्रह्म प्रिय भवत्यात्मनस्तु कामाय ब्रह्म प्रियं भवति । नवा अरे क्षत्रस्य कामाय क्षत्र प्रिय भवत्यात्मनस्तु कामाय क्षत्र प्रिय भवति । नवा अरे लोकाना कामाय लोका प्रिया भवन्त्यात्मनस्तु कामाय लोका. प्रिया भवन्ति । नवा अरे देवाना कामाय देवा प्रिया भवन्त्यात्मनस्तु कामाय देवाः प्रिया भवन्ति । न वा अरे वेदाना कामाय वेदा प्रिया भवन्त्यात्मनस्तु कामाय वेदा प्रिया भवन्ति । नवा अरे भूताना कामाय भूतानि प्रियाणि भवन्त्यात्मनस्तु कामाय भूतानि प्रियाणि भवन्ति । नवा अरे सर्वस्य कामाय सर्वं प्रिय भवत्यात्मनस्तु कामाय सर्वं प्रिय भवति । आत्मा वा अरे द्रष्टव्य श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यो मैत्रेय्यात्मनि खल्वरे दृष्टे श्रुते मते विज्ञात इदꣳ सर्वं विदितम् ॥६॥

ब्रह्म त परादाद्योऽन्यत्रात्मनो ब्रह्म वेद क्षत्र त परादाद्योऽन्यत्रात्मन क्षत्र वेद लोकास्त परादुर्योऽन्यत्रात्मनो लोकान्वेद देवास्त परादुर्योऽन्यत्रात्मनो देवान्वेद वेदास्त परादुर्योऽन्यत्रात्मनो वेदान्वेद भूतानि त परादुर्योऽन्यत्रात्मनो भूतानि वेद सर्वं त परादाद्योऽन्यत्रात्मन. सर्वं वेदेद ब्रह्मेद क्षत्रमिमे लोकाइमे वेदाइमानि भूतानीदꣳ सर्वं यदयमात्मा ॥७॥

જેમ દુંદુભિ (ઢોલ) વગાડવામાં આવે, ત્યારે બહારના શબ્દનું ગ્રહણ ન થઈ શકે, પણ દુંદુભિના ગ્રહણવડે દુંદુભિના આઘાતના શબ્દનું ગ્રહણ થાય છે તેમ જ આ (આત્મા) છે, જેમ શંખનાદ કરવામા આવે ત્યારે બાહ્ય શબ્દનુ ગ્રહણ થઈ શકે નહિ, પણ શંખના ગ્રહણવડે શંખનાદનું ગ્રહણ થાય છે, તેમ જ આ (આત્મા) છે, જેમ વીણા વગાડવામાં આવે ત્યારે બાહ્ય શબ્દનુ ગ્રહણ થઈ શકે નહિ, પણ વીણાના ગ્રહણવડે વીણાવાદના શબ્દનું ગ્રહણ થાય છે, તેમ જ આ (આત્મા) છે, જેમ પાસે મુકેલા લીલા લાકડાના અગ્નિના જુદા જુદા ધૂમ નીકળે છે, તેમ જ અરે, આ મહાભૂતના નિશ્વાસ છે. જે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વાંગિરસ, ઇતિહાસ, પુરાણ, વિદ્યા, ઉપનિષદો, શ્લોકો, સૂત્રો, અનુવ્યાખ્યાનો, વ્યાખ્યાનો, ઇષ્ટ (યજેલુ), હોમ કરેલુ, ભોગ ધરેલુ, પાન કરાવેલુ, આ લોક, પરલોક, સર્વે પ્રાણીઓ છે તે આ સર્વ આના (આત્માના) જ નિઃશ્વાસ છે. જેમ સર્વે જલનું એ સ્થાન સમુદ્ર છે, તેમ જ એ છે. જેમ સર્વે સ્પર્શનુ એક સ્થાન ત્વક્ (ચામડી) છે, તેમ જ એ છે, સર્વે ગંધોનું એક સ્થાન નાસિકા છે તેમ જ એ છે, સર્વે રસનું એક સ્થાન જીહ્વા છે તેમ જ એ છે, સર્વે રૂપનુ એક સ્થાન ચક્ષુ છે તેમ જ એ છે, સર્વે શબ્દનુ એક સ્થાન શ્રોત્ર છે તેમ જ એ છે, સર્વે સંકલ્પનુ એક સ્થાન મન છે તેમ જ એ છે, સર્વ વિદ્યાનું એક સ્થાન હૃદય છે તેમ જ એ છે, સર્વ કર્મનુ એક સ્થાન હસ્ત છે તેમ જ એ છે, સર્વ આનંદનુ એક સ્થાન ઉપસ્થ છે (જનનેંદ્રિય) છે તેમ જ એ છે, સર્વ વિસર્ગનુ (મલશુદ્ધિનું) એક સ્થાન પાયુ ઇંદ્રિય છે તેમ જ એ છે, સર્વ માર્ગનુ એક સ્થાન પગ છે તેમ જ એ છે, સર્વે વેદનુ એક સ્થાન વાણી છે તેમ જ એ છે. (૧૨)

જેમ સિંધવઘનનો આખો કટકો અંતર્બહિર્ભાવથી રહિત બધો રસઘન જ છે, તેમ જ

स यथा दुन्दुभेर्हन्यमानस्य न बाह्याञ्छब्दाञ्छक्नुयाद्ग्रहणाय दुन्दुभेस्तु ग्रहणेन दुन्दुभ्याघातस्य वा शब्दो गृहीत ॥८॥

स यथा शङ्खस्य ध्मायमानस्य न बाह्याञ्छब्दाञ्छक्नुयाद्ग्रहणाय शङ्खस्य तु ग्रहणेन शङ्खध्मस्य वा शब्दो गृहीतः ॥९॥

स यथा वीणायै वाद्यमानायै न बाह्याञ्छब्दाञ्छक्नुयाद्ग्रहणाय वीणायै तु ग्रहणेन वीणावादस्य वा शब्दो गृहीतः ॥१०॥

स यथार्द्रैधाग्नेरभ्याहितस्य पृथग्धूमा विनिश्चरन्त्येवं वा अरेऽस्य महतो भूतस्य निश्वसितमेतद्यदृग्वेदो यजुर्वेदः सामवेदोऽथर्वाङ्गिरस इतिहासः पुराणं विद्या उपनिषदः श्लोकाः सूत्राण्यनुव्याख्यानानि व्याख्यानानीष्टं हुतमाशितं पायितमयं च लोकः परश्च लोकः सर्वाणि च भूतान्यस्यैवैतानि सर्वाणि निश्वसितानि ॥११॥

स यथा सर्वासामपां समुद्र एकायनमेवं सर्वेषां स्पर्शानां त्वगेकायनमेवं सर्वेषां गन्धानां नासिके एकायनमेवं सर्वेषां रसानां जिह्वैकायनमेवं सर्वेषां रूपाणां चक्षुरेकायनमेवं सर्वेषां शब्दानां श्रोत्रमेकायनमेवं सर्वेषां सङ्कल्पानां मन एकायनमेवं सर्वासां विद्यानां हृदयमेकायनमेवं सर्वेषां कर्मणां हस्तावेकायनमेवं सर्वेषामानन्दानामुपस्थ एकायनमेवं सर्वेषां विसर्गाणां पायुरेकायनमेवं सर्वेषामध्वनां पादावेकायनमेवं सर्वेषां वेदानां वागेकायनम् ॥१२॥

અરે, આ આત્મા અંતર્બહિર્ભાવથી રહિત આખો પ્રજ્ઞાનઘન જ છે, આ પ્રાણીઓમાંથી નિકળીને તેમની પાછળ જ તેનુ અત્યંત અદર્શન થઈ જાય છે (પૃથક્ દર્શન થતું નથી), દેહમાંથી નિકળી ગયા પછી, અરે, તેની કાંઈ પણ સંજ્ઞા રહેતી નથી, એમ હું તને કહું છુ—આમ યાજ્ઞવલ્કયે કહ્યું.

તે મૈત્રેયી બોલી—અહિં જ ભગવાન્ તમે મને મોહમાં નાખી. અરે, હું આને (આત્માને) જાણતી નથી.

તે બોલ્યા—અરે, હુ તને મોહ વદતો નથી. અરે, આ આત્મા અવિનાશી છે, અનુચ્છિત્તિધર્મવાન્ છે. (૧૪).

જ્યાં દ્વૈત જેવુ હોય ત્યા અન્ય અન્યને જુએ છે, ત્યા અન્ય અન્યને સુંઘે છે, ત્યાં અન્ય અન્યનો રસ લે છે, ત્યા અન્ય અન્યને કથન કરે છે, ત્યા અન્ય અન્યને સાંભલે છે, ત્યા અન્ય અન્યનુ મનન કરે છે, ત્યા અન્ય અન્યનો સ્પર્શ કરે છે, ત્યાં અન્યને અન્યનુ જ્ઞાન થાય છે, પણ જ્યાં આનુ સર્વ આત્મા જ થયુ, ત્યા કોનાવડે કોને જુએ? ત્યા કોનાવડે કોને સુંઘે? ત્યા કોનાવડે કોનો સ્વાદ લે? ત્યા કોનાવડે કોને કથન કરે? ત્યા કોનાવડે કોનુ શ્રવણ કરે? ત્યા કોનાવડે કોનુ મનન કરે? ત્યા કોનાવડે કોનો સ્પર્શ કરે? ત્યા કોનાવડે કોનુ જ્ઞાન લે? જે વડે આ સર્વને જાણે છે તેને કોનાવડે જાણે? તે આ નેતિ નેતિ આત્મા અગૃહ્ય છે, કારણ કે ગ્રહણ કરી શકાતો નથી, અશીર્ય છે, કેમકે તેને કાપી શકાતો નથી, અસંગ છે, કેમકે તેને સંગ થતો નથી, અસિત છે, કેમકે તેને વ્યથા થતી નથી, તેનો નાશ થતો નથી અરે, જ્ઞાતાને કોનાવડે જાણવા? આ મે તને કહ્યુ છે, મે તને ઉપદેશ કર્યો છે મૈત્રેયી, અરે, આ જ અમૃતત્વ છે, આમ કહી યાજ્ઞવલ્કય વિહાર કરી ગયા [ચાલી નીકળ્યા] (૧૫)

स यथा सैन्धवघनोऽनन्तरोबाह्य कृत्स्नो रसघन एववा अरेऽयमात्मान्तरो बाह्य कृत्स्न प्रज्ञानघन एवैतेभ्यो भूतेभ्य समुत्थाय तान्येवानु विनश्यति न प्रेत्य सज्ञाऽस्तीत्यरे ब्रवीमीति होवाच याज्ञवल्क्य ॥१३॥

सा होवाच मैत्रेय्यत्रैव मा भगवान्मोहान्तमापीपिपन वा अहमिम विजानामीति सहोवाच न वा अरेऽह मोह ब्रवीम्यविनाशी वा अरेऽयमात्माऽनुच्छित्तिधर्मा ॥१४॥

यत्र हि द्वैतमिव भवति तदितर इतर पश्यति तदितर इतर जिघ्रति तदितर इतरꣳ रसयते तदितर इतरमभिवदति तदितर इतरꣳ शृणोति तदितर इतर मनुते तदितर इतरꣳ स्पृशति तदितर इतरं विजानाति यत्र त्वस्य सर्वमात्मैवाभूत्तत्केन क पश्येत्तत्केन क जिघ्रेत्तत्केन कꣳ रसयेत्तत्केन कमभिवदेत्तत्केन कꣳ शृणुयात्तत्केन क मन्वीत तत्केन कꣳ स्पृशेत्तत्केन क विजानीयाद्येनेदꣳ सर्वं विजानाति त केन विजानीयात्स एष नेति नेत्यात्माऽगृह्यो न हि गृह्यतेऽशीर्यो न हि शीर्यतेऽसङ्गो न हि सज्यतेऽसितो न व्यथते न रिष्यति विज्ञातारमरे केन विजानीयादित्युक्तानुशासनासि मैत्रेय्येतावदरे खल्वमृतत्वमिति होक्त्वा याज्ञवल्क्यो विजहार ॥१५॥

लीलावैचित्र्य.

बोधितोपि बहुसूक्तिविस्तरै किं खलो जगति सज्जनो भवेत्?
स्नापितोपि बहुशो नदीजलैर्गर्दभ किमु हयो भवेत् क्वचित्?
विद्वानुपालम्भमवाप्य दोषान्निवर्त्ततेसौ परितप्यते च ।
ज्ञातस्तु दोषो मम सर्वथेति पापो जन पापतरं करोति ॥

એનું કારણ શુ? 'ત્રિવેદી' ઉપનામ ધરાવનારને પુષ્ટિમાર્ગ ઉપર સહજ દ્વેષ કેમ પ્રકટતો હશે? 'પુષ્ટિમાર્ગ કલ્પિત છે' વગેરે કાપુસ્તકોમાં પુષ્ટિમાર્ગ ઉપર અસત્ય આક્ષેપો કરનાર પણ 'ત્રિવેદી' ઉપનામ જ ધરાવે છે, અને હાલમા પણ તે જ 'ત્રિવેદી'ની પાસેની ગાદી ઉપર એક નવા 'ત્રિવેદી' સ્ફુરી નિકળ્યા છે 'ત્રિવેદી' ઉપનામ ધરાવનાર પુષ્ટિમાર્ગનો પ્રચ્છન્નપરિપન્થી હોવો જ જોઇએ એમ મ. ઇચ્છારામવાલા 'ગુજરાતી'માં દેખાવ દઈને સિદ્ધ કર્યું છે. પહેલા 'ત્રિવેદી' તો પોતાને શંકરાચાર્યના કારભારી અને શાંકર તરીકે જ ગણાવે છે, પણ આ નવા 'ત્રિવેદી' પુષ્ટિમાર્ગીયોથી 'છેતરાયલા' અને તેમને 'અનુસરીને' ચાલનારા છે, એમ તેમના લેખ ઉપરથી પ્રતીત થાય છે. રહેતું નથી. પુષ્ટિમાર્ગીયોથી પોતે છેતરાઈ ગયા, તેમાટે તેઓ શોક—પ્રલાપો—કરે છે, તો અમે તેમને તે શોક છોડી દેવાની સૂચના કરીને, શોકસાગરમાથી તેમનો ઉદ્ધાર કરીને સત્ય માર્ગનું દર્શન કરાવીશુ.

* * *

વસ્તુસ્થિતિ આ પ્રકારની છે. મિ. મણિલાલ જાદવરાય ત્રિવેદી નામના ધંધુકા અને ધોધાના 'સબ જડજ' છે તેમણે 'શ્રીગાયત્રીભાષ્યભાષાતર' નામનું એક 'અમૂલ્ય' (!) પુસ્તક બહાર પાડયુ હશે, તે પુસ્તક અવલોકનાર્થે સર્વ પત્રકારોની માફક આ માસિકના તંત્રીની ઉપર પણ મોકલાવ્યું, જેનું નિષ્પક્ષપાત અવલોકન આ માસિકના તંત્રીએ શુદ્ધ બુદ્ધિથી ચાલુ વર્ષના ૫—૬ અંકોમા કર્યું છે. આવા પુસ્તકોનું અવલોકન બહુધા આ માસિકમા કરવામા આવતું નથી, પરંતુ જ્યારે અનુવાદકનો અવલોકનાર્થે આગ્રહ જોવામાં આવ્યો, ત્યારે જ તેનું અવલોકન તંત્રીએ કર્યું. તેઓએ આ પ્રમાણે એક પત્ર લખ્યું હતુ "આ સાથે શ્રીગાયત્રીભાષ્યભાષાતરનુ પુસ્તક મોકલ્યું છે, તે અવલોકન કરી યોગ્ય સૂચના કરશો. આ ભાષાંતરને તટસ્થ રીતે જો કાંઇ ન્યાય મળશે તો જનસમાજ ઉપર ઉપકાર થશે એટલું જ નહિ પણ **મારી કાંઇ ખામી** હશે તો તેમાથી કાંઇ જોવાની તક મળશે." પુસ્તકનું વિચિત્રતમ સ્વરૂપ જોઈને તો તેના ઉપર અભિપ્રાય આપવાનું તંત્રીએ ઉચિત ધાર્યું ન હતું, કારણ કે તે પુસ્તક એટલું બધુ અશુદ્ધ અને હાનિકારક છે, કે જો તેનો પ્રસાર વધારે થાય તો 'જનસમાજ ઉપર ઉપકાર' થવાને બદલે અપકાર જ થાય, (હા, પ્રકટકર્તાની તો પ્રસિદ્ધિ થવામા અડચણ આવે નહિ) પરંતુ જ્યારે ગ્રંથાવલોકનમાત્રથી સ્વાર્થગર્ભિત 'જનસમાજનો ઉપકાર' થવાના અને કાંઇક 'ખામી' જોવાનાં પટુ વચનો શ્રવણને અથડાય ત્યારે તો તંત્રીએ અનુવાદકની સ્વાર્થમિશ્રિત લોલુપતા તૃપ્ત કરવી જ જોઇએ, અને તંત્રીએ તે માર્ગનું અવલંબન કરવામા તેમને અન્યાય કર્યો

નથી જ. અવલોકન પ્રકટ થયા પછી મિ. 'ત્રિવેદીએ તા ૨૦–૧૦–૧૩ ના પત્રમા જણાવ્યુ કે "આપે કૃપા કરી મારા 'શ્રીગાયત્રીભાષ્યભાષાતર'ના પુસ્તકનુ રીવ્યુ લીધુ છે, અને તેમાં આપે માગેલા પ્રશ્નોના ઉત્તર મારે દેવા જ જોઇએ, જેથી સવેળા પ્રશ્નોના ઉત્તર ફરીથી એકવાર રીવ્યુ વાચી આપી શકુ " આ પત્ર મળ્યા પછી તેમની માગણીને અનુસરીને આ માસિકની ૫–૬ અંકની બે કોપિઓ તેમને 'મફત' મોકલી આપવામા આવી. ત્યારબાદ લગભગ ૧॥ માસસુધી એમના પ્રત્યુત્તરની રાહ જોવામા આવી, પણ તેઓએ તો તે પ્રત્યુત્તર अन्त शाक्ता बहि 'शैवा' सभामध्ये तु वैष्णवा એ ન્યાયનુ સપૂર્ણ રીતે પરિપાલન કરવામાં પંકાતા મ. ઇચ્છારામના 'ગુજરાતી'મા બારોબાર મોકલાવ્યું, અને जीवनग्रहणे नम्रा એ ઉક્તિનો દાખલો બેસાડવા જેવુ કરવા પ્રયત્ન કર્યો જો તેઓએ પોતાનુ પ્રત્યુત્તર આ માસિક ઉપર મોકલ્યુ હોત તો અમે તેને યોગ્ય ન્યાય આપવામાં પાછળ ન જ પડત. અસ્તુ હવે અમે તે ભાઇએ 'ગુજરાતી'ના લગભગ ત્રણ કૉલમો ચિતર્યાં છે, તે સમાધાન કરીશુ તેઓ પહેલા નીચે મુજબ પ્રશ્ન કરે છે.

" કહેવત છે કે संसर्गजा गुणदोषा भवन्ति અમારા રૂઢિહીન થયેલા કાર્યને માટે ખેદ દર્શાવનાર પ્રિય હિતેચ્છુ પુષ્ટિસુધાના તંત્રીને જણાવીશુ કે તેમને એક ધર્મચુસ્ત વિદ્વાન સમજી અમારા તરફથી ગાયત્રીભાષ્યભાષાન્તર ફક્ત અભિપ્રાયાર્થે જ મોકલ્યું હતુ તેનો તમારા તરફથી પ્રકટ થયેલો અભિપ્રાય અપવાદસહ જેવા તમે માગેલા ખુલાસા તમારી જ શ્રેણીએ પ્રકટ કરવામા આવે તો તેમા કાઇ દોષ ખરો કે ? કારણ કે શાસ્ત્રો મનુષ્યોના થતા સબધપ્રયોગમા એકબીજાના ગુણદોષ પ્રાપ્ત થવાનુ પ્રતિપાદન કરે છે."

મિ. ત્રિવેદી પોતાનુ કાર્ય 'રૂઢિહીન' થયલું માને છે, પણ તેમાટે તેમના 'પ્રિય હિતેચ્છુ' અને 'ધર્મચુસ્ત વિદ્વાને' દર્શાવેલો યોગ્ય ખેદ તેમની વિશાલ દૃષ્ટિમાં ખુચે છે ! રૂઢિહીન અને કેવલ કપોલકલ્પિત કાર્ય માટે કોઇ સાક્ષર ખેદ પ્રદર્શાવે તો विद्वानुपालम्भमवाप्य એ કથનાનુસાર પોતાના કાર્યમા સંગીન સુધારો કરીને તે જ 'ધર્મચુસ્ત વિદ્વાન'ના હસ્તથી સારો અભિપ્રાય સંપાદન કરવો એ ગુણી જનનું કર્તવ્ય છે, પરંતુ કોઇ સત્યવક્તા અને નિસ્પૃહી સાક્ષરે કહેલાં કટુ પણ સત્ય વચનોથી છંછણીને ज्ञातस्तु दोषो मम એ શ્લોકના આધારે વર્તન ચલાવવુ એ કાપુરૂષનુ જ કાર્ય છે, એ વાત મિ અનુવાદક નાકબુલ કરી શકે તેમ નથી જ. વળી મિ.ત્રિવેદી અભિપ્રાય એટલે શુ તે પણ સમજતા નહિ જ હોય એમ એમના લેખ ઉપરથી જણાય છે. તેમના પુસ્તક ઉપર પુ ભ સુ એ અભિપ્રાય જ આપ્યો છે, તે સિવાય અન્ય કંઈ પણ અપ્રસ્તુત લખાયલુ હોય તો મિ ત્રિવેદીને તે જાહેર કરવાની સૂચના કરીએ છીએ મિ ત્રિવેદી એમ સમજતા લાગે છે કે અવલોકનમા 'અનુવાદક અથવા લેખક કોઇ મહોટી પદ્વી ધરાવતો હોય તો તેના ગમે તેવા ચિથરીઆ પુસ્તકના ખોટા બણુગા ફુકીને યોગ્યતાહીન લેખકને છેક ' પિરેમિડની ટોચ ઉપર ચડાવવો, ' પણ મિ.ત્રિવેદીને ખબર નથી કે સાચ્ચા અવલોકનકારો કેટલા બધા સ્પષ્ટવક્તા હોય છે ? પોતાના કે પોતાના સબધીઓના વખાણો વાચીને ખરો અવલોકનકાર પોતાની પવિત્ર ફરજ ઉપર કદાપિ પાણી ફેરવતો નથી જે અવલોકનકાર મિથ્યા સ્તુતિવિવશ થઇને પોતાના સત્કર્તવ્યને તિલાંજલિ આપવા તૈયાર થાય છે, તેના તેવાં માખણીઆ અવલોકનથી ' જનસમાજ ઉપર ઉપકાર ' થવાની આશા સ્વપ્નમાં પણ રાખી શકાય નહિ, અવલોકનકાર

ગુણ અને દોષનું સ્પષ્ટ નિરૂપણ કરે છે જ, અને તેથી જ य कथन જેવાઓના ગુસ્સાનો ભય તેને હોતો નથી. સ્વર્ગસ્થ સાક્ષર મણિલાલ નભુભાઈ કેવા સ્પષ્ટવક્તા હતા? મ. ઇચ્છારામના પુસ્તકોનું અવલોકન તેમણે કેવી રીતે કર્યું હતું? શું મિ ત્રિવેદી એવો બચાવ કરવા તૈયાર છે કે પોતાની માફક મિ. ઇચ્છારામના દિવ્ય સ્વરૂપને તેઓ કળી શક્યા ન હતા, માટે મ. ઇચ્છારામના પુસ્તકોનું યથાર્થ અવલોકન કરતા હતા? અમે ધારીએ છીએ કે મિ ત્રિવેદી 'રૂઢિહીન' કાર્યો કરવામાં મશગુલ થઈ ગયેલા હોવા જોઈએ, કેમકે તેમને અવલોકનની દિશાની પણ ખબર નથી. વળી મિ ત્રિવેદીને અમે પૂછીએ છીએ કે તમે જે ત્રણ કોલમો ચિતરી મારીને 'ખુલાસા' કર્યા છે, તે અવલોકનની જ શ્રેણીએ કર્યા છે? અવલોકનમાં જે સભ્યતા અને ગાંભીર્ય દૃષ્ટિપથ થાય છે, તેમાંનો શનાશ પણ તમારા 'અમૂલ્ય' પુસ્તકમા અને ૩ કોલમોના કોઇ પણ અક્ષરમા નજરે પડે છે? પરંતુ નદીનું મિષ્ટ જલ ક્ષારોદધિના ઉદરમાં પ્રવેશીને જેમ અપેય થાય છે, તેમ 'અવલોકનસ્ય ગુણો संसर्गजा गुणदोषा भवन्ति એ ત્રિવેદિનિર્દિષ્ટ ન્યાયે દોષના રૂપમાં ફેરવાઈ ગયા હોય તો તે પ્રભુ જાણે.

વળી મિ ત્રિવેદી લખે છે કે "અમો સમજતા હતા કે તમે એક પૂર્ણ વૈષ્ણવી સ્થિતિ ભોગવો છો, પરંતુ એની અમારી અટકળ તમારા લેખે ખોટી પાડી છે વૈષ્ણવ તેમજ પુષ્ટિભક્તિસુધાના નેતા એવા મહાન નામથી ઓળખાતા છતાં તેમાંનું યત્કિંચિત્ પણ સ્વારસ્ય તમારામા ઉતરેલુ જણાઈ નથી એમ તમારોજ લેખ સાક્ષી પુરે છે, એ શું આશ્ચર્યકારક નથી? પુષ્ટિભક્તિસુધા એ એક સ્વમતાનુષ્ઠિત માસિક છે પરમ ભાગવત ધર્મને પ્રતિપાદન કરી ઉચ્ચ શ્રેણીએ તેનું વહન કરવાનો તેનો ઉદ્દેશ છે. ભાગવત ધર્મને વહન કરનાર વ્યક્તિ પરમ વૈષ્ણવ કહેવાય છે વૈષ્ણવ શબ્દ એ પરમ ભગવદીય છે. વૈષ્ણવનો આચારવિચાર એક સરખો હોઇ ઈશ્વરાભિમુખ હોય છે. તેથી અન્યની નિંદા અગર સ્તુતિનો અવકાશ તેવા પુરૂષમા હોવો ઘટતોજ નથી, પણ મહાત્માઓને વિષે પૂજ્યબુદ્ધિ, સમાનને વિષે મિત્રતા અને કનિષ્ઠને વિષે તેમનામાં દયા સ્વભાવિકજ રહેલી છે. કદી વૈષ્ણવ મધ્યમ પ્રકારનો હોય તો પણ બીજાને વિષેના દોષનો ત્યાગ કરી ગુણનેજ ગ્રહણ કરે છે એવા ગુણયુક્ત વૈષ્ણવ શ્રેષ્ઠ છે, અને તેજ ભક્તિસુધાના' નેતા વૈષ્ણવપદ લાયક હોય છે, બાકીના વૈષ્ણવપદને લજાવનારા હોય છે. જે ભક્તિસુધાનો આસ્વાદ લેવાની લવલેશ પણ યોગ્યતા કે શક્તિ તમારામા નથી. એમ તમારોજ લેખ સાબીત કરે છે "

મિ ત્રિવેદી તંત્રીના લેખ ઉપર 'જડજમેટ' આપે છે! આ 'જડજમેન્ટ' એવી તો અગાધ–ઉંડી–બુદ્ધિમાથી જન્મ્યુ છે કે જેનો પત્તો જ ન લાગે! પહેલા મિ.ત્રિવેદી તંત્રીને 'પૂર્ણ વૈષ્ણવી સ્થિતિ' ભોગવનાર સમજતા હતા, અને એમના પુસ્તકની ઉપર અભિપ્રાય આપ્યા પછી તે 'અટકળ' 'ખોટી' પડી ગઈ છે! મિ ત્રિવેદીને અમે પૂછીએ છીએ કે તમારા પુસ્તકના અવલોકન પહેલાં તંત્રીને પૂર્ણ વૈષ્ણવી સ્થિતિમા રહેનાર તરીકે શાથી જાણ્યા? અને પછીથી ચક્ર એકદમ કેમ ફરી ગયુ? આનો જવાબ 'ના. જડજ સાહેબ' આપવા તસ્દી લેશે? 'વૈષ્ણવોના નેતા' એવી પદવી તંત્રીને પહેલવહેલી જ 'પ્રિય હિતેચ્છુ' (!) મિ ત્રિવેદીએ જ આપી છે, જે માટે તંત્રી મિ ત્રિવેદીનો જાહેરમા ઉપકાર નહિ માને તો ખચિત જ તેમની કૃતજ્ઞતામા ન્યૂનતા ગણવાને 'ત્રિવેદી' ઉપનામથી ઓળખાતા ચૂકશે નહિ. પુ.ભ.સુ.ના નેતા તો તંત્રી છે, અને તેના નેતા હોવાનું માન વૈષ્ણવો આપે છે જ, જો કે તંત્રી તો પોતે તેના ખાસ નેતા તરીકે પોતાને માનતા જ નથી અને માનશે પણ નહિ, કારણકે તેમ માનવુ એ આ સંપ્રદાયના સિદ્ધાંતથી ઉલટુ છે

તંત્રી તો निमित्तमात्र भव सव्यसाचिन् એ ભગવદ્વાક્યાનુસાર પોતાને નિમિત્તમાત્ર માને છે. પુ.ભ.સુ. ના નેતાના નામથી જે ઓળખાય છે, તે પણ ભગવદિચ્છાથી જ, એટલે એ પદવીથી ઈર્ષ્યા ધરાવનારાઓનો વાગ્વિલાપ તો અકિંચિત્કર જ છે. મિ. ત્રિવેદી ભગવાન્‌થી પણ આગળ વધીને જણાવે છે કે તે પદવી ધરવામા તંત્રીની યોગ્યતા જ નથી. અમને ભીતિ રહે છે કે રખેને મિ. ત્રિવેદી વૈષ્ણવોમા પણ બળવો જગાડીને તંત્રીપાસેથી ઈશ્વરદત્ત પુ.ભ.સુ.નું નેતૃપદ પડાવી લેવાની કોશિશ કરે । આ પ્રસંગે એક નીચેનો હાસ્યજનક શ્લોક સ્મરણમા આવે છે

आघ्रातं परिचुम्बितं परिमुहुर्लीढं पुनश्चर्वितं
त्यक्तं वा भुवि नीरसेन मनसा तत्र व्यथां मा कृथाः ।
हे सद्रत्न तवैतदेव कुशलं यद्वानरेणादरा-
दन्तःसारविलोकनव्यसनिना चूर्णीकृतं नाश्मना ॥

'પુષ્ટિભક્તિસુધા એ એક સ્વમતાનુદિત માસિક છે' એ પંક્તિથી પ્રારંભીને વૈષ્ણવ ધર્મથી સો ગાઉ દૂર નાસનારા મિ. ત્રિવેદી તંત્રીને ભાગવતધર્મનો અને વૈષ્ણવધર્મનો ઉપદેશ આપવા તૈયાર થયા છે એ ઘણું જ આશ્ચર્યકારક છે સદ્ભાગ્યે એટલું તો મિ. ત્રિવેદી કબુલ કરે છે કે પુ.ભ.સુ.નો ઉદ્દેશ 'પરમભાગવત ધર્મને પ્રતિપાદન કરી ઉચ્ચ શ્રેણીએ તેનું વહન કરવાનો છે.' અમે મિ. ત્રિવેદીને પુછીએ છીએ કે 'ભાગવત ધર્મ' ઉપર પાણી ફેરવનાર કોઈ પણ અયોગ્ય પુસ્તક વિષે અમુક પ્રકારના દબાણને વશ થઈ સારો અભિપ્રાય આપવો એ ઉચ્ચ શ્રેણી કહેવાય કે? સત્ય બોલવાથી "ઈશ્વરાભિમુખ" થવાય છે કે હડહડતા અસત્યનું અવલંબન કરવાથી? કોઈને સત્ય માર્ગનું દર્શન કરાવવું એ નિન્દા કહેવાય કે? अप्रियस्यापि तथ्यस्य श्रोता वक्ता च दुर्लभः એ ઉક્તિના કથનારને ખચિત મુખ સંતાડવાનો જ સમય હાથમા આવી પહોંચેલો જણાય છે પુ.ભ.સુ.ના તંત્રી પણ 'મહાત્માઓને વિષે પૂજ્યબુદ્ધિ' રાખે છે જ. હા, તે આજકાલના પ્રતારણાપ્રવીણ અને 'મહાત્મા'ઓના નામને કલંકિત કરનારા દંભીઓને તો સ્વપ્નમા પણ માનતા નથી. 'સમાન વિષે મિત્રતા અને કનિષ્ઠને વિષે તેમનામા દયા સ્વાભાવિક જ રહેલી છે' એ લૌકિક ન્યાયને સત્યપૂર્ણ લક્ષ્યબિંદુનો ભોગ આપીને પણ અનુસરવું એવી તંત્રીની લૌકિકી અંધમાન્યતા નથી વૈષ્ણવશબ્દની વ્યાખ્યા મિ. ત્રિવેદીએ જેવી કરી છે, તેવી तुष्यतु दुर्जन ન્યાયે સ્વીકારતા પણ ત્રિવેદીની સ્વાર્થપરાયણતાને આધાર મળતો નથી. 'બીજાને વિષેના દોષનો ત્યાગ કરી ગુણનું જ ગ્રહણ કરે છે એવા ગુણયુક્ત વૈષ્ણવ એક છે,' એ વાત પણ મિ. ત્રિવેદીને ટેકો આપતી નથી, કેમકે દોષોના સંભાર નીચે દબાયલા એકાદ બે ગુણો (સદ્ગુણો પણ નહિ), પ્રકાશતા નથી, અનુવાદક એ કથનનો અસ્વીકાર કરી શકે તેમ નથી. તંત્રીએ તો અનુવાદકના પ્રતીયમાન ગુણનો આભાસ કરાવ્યો છે. (જુઓ પુ.ભ.સુ.ના ચાલુ વર્ષનું ૧૩૭મુ પત્ર.)

અનુવાદક અનુરોધે છે કે—

"આર્ય પ્રજા સંબંધમા પુસ્તકગત સંબંધમાં અમોએ જણાવેલા ઉદ્ગારો તમો પુષ્ટિપથને દાવો પકડી બેઠેલાને યોગ્ય નહિ લાગ્યા તે એક રીતે વાસ્તવિક છે. કેમ કે મારા એ ઉદ્ગારો તો આર્ય ગ્રંથોના વાક્યોનો અનુવાદ છે, પરંતુ તેનું જો કોઈ ગૌણ પ્રમાણ હોત તો તે તમને કદી યોગ્ય લાગત?"

લેખકે ઉપરનો ભાવાર્થ ગ્રંથાવલોકનમાંથી તારવી કાઢયો છે, જે એમની અતિચંચલ ચિત્તવૃત્તિનો પરિચય કરાવે છે ગ્રંથાવલોકનમા કોઇપણ સ્થલે એમ નથી લખવામા આવ્યુ કે 'ડોળઘાલુ વિદ્વાન્'ના કહેવાતા 'ઉદ્‌ગારો' તદ્દન અયોગ્ય છે. એટલુ તો ખરું કે તે ઉદ્‌ગારો ખાસ પોતાના જ હૃદયથી ઉત્પન્ન થયલા છે, અથવા તો ગમે તેવા અન્ય ઉદ્દેશથી તેને મૂલ સ્વરૂપમા એટલે રાજર્ષિ મનુના જ શબ્દોમા મુકીને પછીથી પોતાની પાતાલતલસ્પર્શિની અનુવાદશક્તિનો પરિચય કરાવ્યો હોત, તો કાંઇક સંતોષપ્રદ થઈ શકત આર્ષ અને સ્માર્ત ગ્રંથોને અમે અપ્રમાણ નથી કહેતા એમ અમોએ તે જ અંકના (જેનું પણ ઉત્તર આપવાનું સાહસ કરવામાં આવ્યુ છે) ૧૪૩મે પાને જણાવેલુ છે, તો પણ તેવો ભાવાર્થ ઉપજાવવો અને 'દિલગીરી' દેખાડવા નીકળી પડવું એ खल सर्षपमात्राणि એ ન્યાયનું ઉદાહરણ પૂરુ પાડે છે.

" પણ અમો જણાવીશુ કે તમારાથી છેતરાયલા જે અમો આજ પર્યંત તમને અનુસરી તમો જેમ આર્ષ પ્રમાણોથી જ પુષ્ટિ શબ્દ સિદ્ધ કરો છો તેથી દોરાયા હતા. જેમ તમોએ પુષ્ટિ શબ્દનો અર્થ પોષણ તદનુગ્રહ એ વાક્યથી સિદ્ધ કર્યો છે તે કોઇ વેદ ઉપનિષદ બ્રાહ્મણ ભાગ કે કોઇ બીજી શ્રુતિઓમા છે? શ્રુતિમા તો તે દૃષ્ટિગોચર થતો નથી. ત્યારે તે પણ કોઇ ખુણે ખોચરેથી શોધી કાઢેલો મન્વાદિ આર્ષ ગ્રંથ શું તમોએ અપ્રમાણમા ગણેલો છે? જો તેમજ હોય તો હવે અમારે ઘણી દિલગીરી દેખાડવી પડશે.

મિ.ત્રિવેદી ઉપરની પંક્તિઓ લખીને પોતાના યથાર્થ સ્વરૂપનો પરિચય કરાવી દે છે. તંત્રીએ તેમના મહાભારત (?) ગ્રંથનું અવલોકન જ્યા સુધી કર્યું ન હતુ ત્યાં સુધી 'છેતરાયલા' થઈને તંત્રીને 'અનુસરીને' 'દોરાયા' હતા, પરંતુ અવલોકન પ્રકટ થયા પછી તુરત જ આ 'મનોરાજ્યના માલિક'ના નેત્રો ઉઘડી ગયા છે. પુષ્ટિ શબ્દનો અર્થ 'ભગવાનનો અનુગ્રહ' થાય છે, એ અર્થ શ્રીમદ્‌ભાગવતમાંથી ઉપલબ્ધ થાય છે. વેદમા થતા સંશયોનુ નિરાકરણ ગીતા, બ્રહ્મસૂત્ર, અને ઉપબૃંહણાત્મક પુરાણોમા શ્રેષ્ઠ શ્રીમદ્‌ભાગવતથી થાય છે વેદમા 'પુષ્ટિ' શબ્દ ઘણે ઠેકાણે આવે છે, તે બધાનો અર્થ શુ ખાઈ પીને પુષ્ટ બનવુ એવો થાય છે? 'પુષ્ટિ'નો અર્થ ભગવાનનો અનુગ્રહ એવો જ થાય છે. વેદમા થતા સંશયોનું નિરાકરણ શ્રીમદ્‌ભાગવતથી થાય છે. વેદમાં પણ પુષ્ટિશબ્દનો અનુગ્રહ અર્થ કરવામાં આવ્યો છે. એમ મર્હુમ પંડિત ગટ્ટૂલાલજીએ પોતાના 'સત્સિદ્ધાંતમાર્તંડમા' સિદ્ધ કર્યું છે. પરિસ્થિતિ એવી છતાં મિ.ત્રિવેદી 'વેદ, ઉપનિષદ્ કે બ્રાહ્મણભાગ'મા પણ તેવો અર્થ દૃષ્ટિગોચર કરીને પોતાના 'ચર્મચક્ષુને કૃતાર્થ કરી શક્યા નથી' એ અતીવ આશ્ચર્યકારક છે. જો મિ. ત્રિવેદીને હજુ પણ 'ચર્મચક્ષુને કૃતાર્થ' કરવાં હોય તો આ સંપ્રદાયના ગ્રંથોનો અભ્યાસ કોઇ એતન્માર્ગીય સુજ્ઞ વિબુધના સાહાય્યથી કરવાની અમે સૂચના કરીએ છીએ. આટલે શ્રમ લેતા પણ જો તેમને ન જણાય તો મિ.ત્રિવેદીના જ શબ્દોમાં અમે કહીશુ કે 'સાહેબ! સૂર્યનો પ્રકાશ સર્વત્ર છે છતાં ઘુવડને ન દેખાય તેમા સૂર્યનો શો વાંક?'"

ત્રિવેદી લખે છે કે—

" મનુષ્ય જીવનનું પરમ રહસ્ય " અમનેજ મુબારક હો " એમ જણાવો છો. જો એમજ હોત તો પ્રથમથીજ અમને મુબારક થઇ પડેલુંજ હતું પણ ગાયત્રી જેવા ગહન વિષયથી અજ્ઞાત મનુષ્યોના પરમ શ્રેયને ખાતર બ્રહ્મજીવનું ઐક્ય કરવાના સાધનરૂપ ગાયત્રીનું પરમ રહસ્ય પ્રકાશિત કર્યું છે. પરંતુ તે દિલગીરી માત્ર એટલીજ છે કે તમારા જેવા ધર્મચુસ્ત કહેવડાવતા ડોળઘાલુ વિદ્વાનની સમજ બહાર હતું!

કારણ કે બ્રહ્મવાદ પ્રમાણે બ્રહ્મ, સર્વત્ર સર્વરૂપે થઇ રહે છે. અને દૃશ્યમાના કાષ્ટપાષાણાદિ જડ વસ્તુઓમાં પણ જો બ્રહ્મ ક્રીડા કરી રહે છે તો બિચારા જીવોનો શો અપરાધ કે તેમને બ્રહ્મ અળગા રાખ્યા ?"

મનુષ્યજીવનનું પરમ રહસ્ય તે જીવબ્રહ્મનું ઐક્ય એમ મિ.ત્રિવેદી બતાવે છે. પણ તે ઐક્ય કેવા પ્રકારનું ? શંકર જેવું ઐક્ય માને છે તેવું કે શ્રુતિ કહે છે તેવું ? શંકરે જેવું નિર્ગુણ નિરાકાર અગડબંગ બ્રહ્મ સાથે માયિક જીવનું માયામય ઐક્ય માન્યું છે તેવું ઐક્ય માનવા જો ત્રિવેદી તૈયાર થયા હોય તો તેમને જ તે 'મુબારક હો' એમ અમારા મનનો ભાવાર્થ હતો, પણ જવાબ આપવાની ધૂનમા જગત્‌ના ગુરુ કહેવાતા પોતાના પૂજ્યપાદના મતની ઉપર પણ પાણી ફેરવવાનો પ્રયાસ 'દૃષ્ટિગોચર' થાય છે ! માયાવાદરૂપ તિમિરથી આવૃત હૃદયમા બ્રહ્મવાદનો પ્રકાશ સ્મશાનવૈરાગ્યવત્ ક્ષણવાર પણ પડે તો તે લાભદાયક ગણાશે ખરો ? કવિવર ભક્ત શ્રીશ્રીદયારામભાઈ સંપ્રદાયસાર ગ્રંથમા નીચે પ્રમાણે લખે છેઃ—

शुद्ध कहन को हेतु यह, सोंचो चित्त विचारि,
मिथ्यारूप मलिनता, शङ्कर शठ उचारि
निराकार शङ्कर कहे, ब्रह्मरूप कहे आप,
अंशि ब्रह्म जिय अंश हे, समता यों हि अलाप.

ઉપરના કવિવરના વૈદિક સિદ્ધાંત પ્રમાણે જ જો 'મનુષ્યજીવનનું પરમરહસ્ય' રેલાયું છે એમ ત્રિવેદી કહેશે તો અમે તેમને બ્રહ્મવાદનો સ્વીકાર કરવા માટે ધન્યવાદ આપ્યા વિના રહીશું નહિ.

વળી લખે છે કે "પણ અમો પુછીએ છીએ, ગોલોકમા ગોપી થઈ વિલાસ કરવામાજ પરમ રહસ્ય માનનારને જીવબ્રહ્મના ઐક્યરૂપ રહસ્ય ક્યાંથી સમજાય ? વળી રહસ્યમા "સકળ શાસ્ત્ર અને ગાયત્રીદેવી-ને સટોવવાને સાહસ કર્યું તે અક્ષમ્ય છે" એમ તમે કહો છો તો અમો તમને પુછીએ છીએ કે અક્ષમ્ય તે આપનાથી કે વળી કોઇ ઇતર વ્યક્તિથી?"

ગોલોક શું અને ગોપિકા શું એ સમજવાની યોગ્યતા સ્માર્ત માયાવાદીઓની નથી, તે વાત તો માત્ર ભક્તો જ જાણે છે. ભક્તો મિ ત્રિવેદીના મોક્ષને તરછોડે છે, અને તેથી પણ ઉત્તમોત્તમ ફલ જે ગોલોકવાસ, તેને જ માગે છે કવિ નરસિંહમહેતાના કાવ્યોના અભ્યાસીઓ પણ આ રહસ્યથી વાકેફ હશે જ મિ ત્રિવેદીને એ બાબત પણ જાણવાની ઇચ્છા થતી હોય તો સમીપવર્તી પોતાના પુસ્તક ઉપર સારો અભિપ્રાય આપનાર ગોંડલના વિદ્વાન રા પટવારી પાસે જવું, નહિ તો એકવાર समित्पाणि श्रोत्रिय એ ન્યાયે દીનતાપૂર્વક આ માસિકના કાર્યાલયમાં આવવું. પ્રશ્ન કરવામા આવ્યો હતો કે તેવું અદ્ભુત રહસ્ય ગાયત્રીના કયા અક્ષરમાથી નિકળ્યું ? તેના ઉત્તરના અખાડા કરીને મિ ત્રિવેદી પુ ભ સુ ઉપર નિંદા કરવાનો આરોપ મુકવા તૈયાર થયા છે

વળી લખે છે કે—"વળી જે લીલાલોચકે આષાઢ માસના અંકમાં અને શ્રાવણના અંકમા લીલાવૈચિત્ર્ય નામના મથાળાવાળા લેખદ્વારા પુષ્ટિપથના તિલકાયિત ગુરુને, શ્રીભારતધર્મ દેવકીનંદનાચાર્યને કરવીર પીઠના શંકરાચાર્યને વિષે જે મિથ્યા પ્રલાપો કર્યા છે તે શું ક્ષમ્ય છે? વળી ભારતમાર્તંડ વૈ. શા ગટ્ટુલાલજી મહારાજ દુરાગ્રહી હતા, અને એમણે પોતાના સંપ્રદાયને હાનિ પહોંચાડી છે એમ જણાવી તેઓશ્રીને

અસત્યાવલંબન કરાવનાર ગણ્યા છે, એ શું ક્ષમ્ય છે ? શ્રીદામોદરલાલજીનાં ભાષણો ઉપર દારૂણ પ્રહાર, કરવીરપીઠના શંકરાચાર્ય ઉપર આરૂઢ અને શ્રીમદ્ જગદ્ગુરૂ શંકરાચાર્ય શ્રી માધવ તીર્થ પ્રતિ મિથ્યા પ્રલાપ એ શું ક્ષમ્ય છે ? વળી શ્રાવણના અંકમાં પણ એઓ પૂછે છે કે " અમોએ પુષ્ટિમાર્ગથી વિરૂદ્ધ ક્યાં લખ્યું ? આચાર્યોની નિંદા ક્યાં કરી ? " અહો ! આશ્ચર્યની વાત છે કે પાછળ શું લખાયલું છે અને આગળ શું લખાય છે તેનું પણ તંત્રીને લેશ માત્ર પણ ભાન નથી ! ! જે પુષ્ટિભક્તિસુધા માસિક વૈષ્ણવોના સહાયરૂપે કલ્યાણમય હેતુવાળું હોવું જોઇએ તેની અંદર જ્યારે સ્વમતાનુરૂપણ અન્યમાર્ગી ધર્મો, વ્યક્તિઓ, અને સંપ્રદાયના ગુરૂ પ્રતિ પણ દોષ આરોપણ અને સ્વચ્છંદે નિસ્પૃહતા જણાવી શ્રીમદ્વલ્લભાચાર્યજીના વચનામૃત ઉપર હડતાળ મારવાના ઉદ્દેશે શ્રીટીકાયતને બોધ કરે (આષાઢ) એ શું ધર્માવલંબીઓથી સહન થઈ શકે તેવું છે ? પણ સ્વમતાંધતાથી પોતાના દોષ સમજવામાં ન આવે એમાં કાંઈ નવાઇ નથીજ તેથીજ તે આગળ (પાને ૧૪૨) કહે છે કે " खलः सर्षप मात्राणि परच्छिद्राणि पश्यति " એજ ન્યાય તમોનેજ પ્રાપ્ત થાય છે. કેમકે તમો તરફથી પ્રકટ થતા માસિકનો કોઈ પણ એવો લેખ નથી જોવામાં આવ્યો કે જેની અંદર કલ્યાણમય હેતુ રહેલો હોય દરેકમાં અનેક પ્રકારે દોષાનુરોપણ, છિદ્રાનું શોધન અને તેના ઉપર પાછી કૃતઘ્નતા બતાવવી એ તમો પુષ્ટિ પંથના કહેવાતા નેતાનુંજ કામ જણાય છે. "

એક 'બૅરિસ્ટર' ની માફક કોની કોની નિંદા આ માસિકે કરી તેનું લાંબુલચ લિસ્ટ આપ્યું છે. દ્વેષભાવે ભગવાન્ ભજે તો પણ મોક્ષ થાય એ ન્યાયે પુ.ભ.સુ. ના વાચન માટે અમે લેખકના આભારી (?) છીએ. આ માસિકમાં મહારાજશ્રીઓ માટે અને શંકરાનુગામીઓ માટે જે સમીક્ષા આવે છે, તેનો શો ઉદ્દેશ છે, તે વિષે અમે ગત અંકમાં જણાવી ગયા છીએ અત્ર પિષ્ટપેષણની જરૂર નથી, તથાપિ જણાવીએ છીએ કે અમે જે ાંઇ લખ્યું છે, તેનું વાસ્તવિક ખંડન હજુ સુધી કોઇ પણ મનુષ્ય તરફથી કરવામાં આવ્યું થી તેજ અમારા લેખની સત્યપૂર્ણતાનો પુરાવો છે. મિ ત્રિવેદી અને તેમના જેવા બીજાઓ લખે છે અથવા તો કહે છે કે તમે મહારાજોની અને બીજા ધર્મોની નિંદાઓ કરો છો, પરંતુ જ્યારે અમે તે લોકોને કહીએ છીએ કે " અમે મહારાજશ્રીઓની તમારા શબ્દોમાં કહીએ તો 'નિંદા' કરી, પણ તેમાં અસત્યનો ભાગ કેટલો છે એ બતાવી આપવાની સ્દી લેશો ? " ત્યારે તે લોકોને એમ કહ્યા વિના ચાલતું નથી કે 'તમે અસત્ય તો નથી જ કહેતા' પરંતુ તેઓ કહે છે કે "આજના લોકો મોં ટચનું સોનું નથી ચહાતા, લોકોને વિશુદ્ધ સત્ય નથી ગમતું, માટે તેવી તદ્દન સત્યને જ વળગી રહેનારી બાબતો બહાર પાડવી યોગ્ય નથી," જ્યારે અમે એમ માનીએ છીએ કે સત્ય વૃત્તાંત પછી તેનો લોકમાં ગમે તેવો ઉલટો અર્થ થાઓ, પરંતુ તે પ્રકટ કરવામાં કશી અડચણ નથી જ. આવા ઉદ્દેશથી જ પુ.ભ.સુ. ચાલે છે અને હિંમતથી કહીએ છીએ કે સત્ય માર્ગનું સંપૂર્ણ અવલંબન કરનાર જો કોઇ પણ માસિક હોય તો તે પુષ્ટિભક્તિસુધા જ છે તિલકાયિતશ્રી અમારા પૂજ્ય છે, પરંતુ તેઓ અમુક વ્યક્તિના દબાણથી અને સમયભયથી સ્વધર્મવિરુદ્ધ ઉપદેશ કરે તો અમારે તેમને 'ઉપદેશ'રૂપે નહિ, પણ વિનતિરૂપે કહેવું જ જોઇએ તિલકાયિતશ્રીના ચિ. લાલબાવાશ્રીએ એવું કહ્યું હતું કે " શિવજી આપણા આચાર્ય છે, શિવજી કહે તે કરવું અને કરે તે ન કરવું. શિવજી તુલસીમાળા અને ઊર્ધ્વપુણ્ડ્ર ધારણ કરવાનું પુરાણોમાં કહે છે, માટે તેને અનુસરવું, પરંતુ પોતે ભસ્મરુદ્રાક્ષ ધરે છે તે ન ધરવાં." આ ભાષણ પ્રસિદ્ધ થઈ ગયા પછી તેના ઉપર કોઇ સ્માર્તે 'મુંબાઇ સમાચાર'માં એક ચર્ચાપત્ર લખ્યું હતું, જેમાં શિવજીએ ભસ્મરુદ્રાક્ષ ધારણ કરવાનો ઉપદેશ કર્યો છે, એમ કેટલાક

વાક્યોના આધારે સિદ્ધ કરવાને પ્રયત્ન કરવામા આવ્યો હતો, જેનું ઉત્તર મહારાજશ્રી, કે લાલબાવાશ્રી, અથવા સપ્રદાયથી તદ્દન વિરુદ્ધ ભાષણુ કરાવનાર તેમના આશ્રિત ભટ્ટ કે ‘શુદ્ધાદ્વૈતભૂષણ’નો ખિતાબ મેળવનારાઓએ પણ આપ્યુ ન હતું. આવી લીલાનો વિસ્તાર થયા પછી સત્યના પ્રકાશની ખાસ આવશ્યકતા હોવાથી અમારે તે વિષયમા કાઇ પણ લખવાની ફરજ પડી હતી અમે કહીએ છીએ કે ‘અમારા લેખો અસત્ય છે અને અપ્રમાણુ છે’ એમ શાસ્ત્ર અને યુક્તિઓના આધારથી સિદ્ધ કરવા જ્યા સુધી કોઇ તરફથી પ્રયાસ નથી થયો ત્યા સુધી અમે નિશ્ચિત છીએ, અને મિ ત્રિવેદી જેવાઓના મિથ્યા વાગ્વિલાસથી બિલકુલ અજાઈશુ નહિ. ભા. મા. વે ભ. પડિત ગટ્ટૂલાલજીએ સપ્રદાયને અમુક અશમા જેમ હાનિ પહોચાડી છે, તેમ સપ્રદાયને તેમનાથી લાભ પણ થયો છે, એમ અમે માનીએ છીએ. શ્રીદેવકીનંદનાચાર્યજી ‘ભારતપ્રિય’ હતા, પણ તેઓ જે કુલમાં પ્રકટ થયા અને જે ધર્મનો આશ્રય કરીને ‘ભારતપ્રિય’ પદ્વી મેલવવા ભાગ્યશાલી બન્યા તે ધર્મનું શ્રેયસ્ તેઓશ્રીએ કેટલુ કર્યું, તેનો વિચાર શુ ન જ કરવો ? તેઓશ્રી લોકપ્રિયતાના પ્રવાહમા તણાઇને સ્વધર્મતરફ દૃષ્ટિ સુદ્ધા કરે નહિ, તે શુ ‘ક્ષમ્ય’છે ? તેઓશ્રીના હાથે સપ્રદાયનુ જે શ્રેયસ્ થવુ જોઇએ, તે ન થાય તો તે માટે શુ મૌન જ રાખીને બેસી રહેવુ ? કરવીરપીઠના આચાર્ય ઉપર જેવા પ્રહાર શાકર ગણાતા ‘ગુજરાતી’મા શાકર મનાતા ત્રિવેદીએ કર્યા છે, તેવા તો અમે કર્યા નથી જ, પરતુ તેઓએ પોતાનો ધર્મ ‘લોકપ્રિયતા’ની વેદી ઉપર હોમ્યો તે અને તેઓની સાથે જ આ સપ્રદાયની વ્યક્તિઓએ પોતાના ધર્મને તિલાજલિ આપી, તેથી કાઇ પણ તેની નોધ લેવી જરૂરની છે, એમ ધારીને તે વિષયમા સત્યમાર્ગનુ જ નિદર્શન કરાવ્યુ છે, શ માધવતીર્થ, વડોદરાની વરિષ્ઠ કોર્ટના જડજના શબ્દોમાં કહીએ તો outrageous—કલુષિત—લાજ વગરની—ટીકાઓ કરે તો તેને મિ.ત્રિવેદી ‘પુષ્પવૃષ્ટિ’ માને છે અને અમારા યથાર્થ કથનને ‘મિથ્યા પ્રલાપ’ કહે છે! એમની ન્યાયબુદ્ધિને ધન્ય છે! શ.માધવતીર્થે સીધી તેમ જ આડકતરી રીતે આ સપ્રદાય ઉપર જેવી ભાષામા હુમલાઓ કર્યા છે, તેથી શતાશે પણ અસભ્યતાનું સામ્ય નહિ મેળવનારી ભાષામા જ પુષ્ટિમાર્ગીયોએ લખ્યુ છે, એ દુનીઆની જાણબહાર નથી અમારા સર્વ લેખોમા ‘દોષાનુરોપણુ, છિદ્રાનુશોધન અને તેની ઉપર પાછી કૃતઘ્નતા’ ત્રિવેદી જુએ છે, પણ તે બતાવી આપવાની ‘બહાદુરી’ વાપરી નથી. અમે તેમને ચેલેન્જ કરીએ છીએ કે તમે આક્ષેપ કર્યા પહેલા સત્ય અને ન્યાયપૂર્ણ, પ્રમાણુ—પુરઃસર લેખ લખીને અમારુ લખેલુ ‘કલ્યાણુમય હેતુવાળુ’ નથી એમ સાબિત કરી આપશો તો જ તમારા શાબ્દિક આક્ષેપો કાઇક અશે સ્થિર થશે, નહિ તો જરૂર હવામા જ ઉડી જશે મિ ત્રિવેદી લખે છે કે ‘શ્રીમદ્વલ્લભાચાર્યના વચનામૃત ઉપર હડતાલ મારવાના ઉદ્દેશે’ વગેરે અત્રે ‘શ્રીમદ્ વલ્લભાચાર્યના’ ઘણા નહિ તો એક પણ ‘વચનામૃત’ ‘સ્વમતાધતાથી’ મિ.ત્રિવેદીએ ટાકી બતાવ્યુ હોત તો ઠીક થઈ પડત.

વળી મિ. ત્રિવેદી લખે છે કે—

> **સદ્ગત સાક્ષર ઇચ્છારામ સૂર્યરામ વિષે છજી અને મૂર્ખતા (૧૫૦ પાને) તમો વગર કોણ સૂચવે ? અને તેમના ગુણી પુત્રો પ્રતિ પિતાની થયેલી કહેવાતી ભૂલનો સ્વિકાર કરાવવા અને ક્ષમા માંગી પશ્ચાત્તાપ કરાવવા માત્રે એ તમારા જેવા બાહોશનીજ બહાદુરી ? પણ તમો જણાવો છો કે “જગત્‌ના ગુરૂ થઇ બેઠેલાના મત પ્રમાણે તે રહસ્ય રેલાયુ છે એમ લખત તો ઠીક પડત” પણ તમો તંત્રીને ખબર નથી કે**

કોઈ પણ પદવી ધારણ કરવી એ પોતાના હાથમાં નથી અને મહાન જગદ્ગુરુ (આચાર્ય)ની પદવી આખા જગતની માન્યતા કબુલ હોયા વગર ધારણ થઇ શકતી નથી. આ કાંઈ વંશપરંપરાની પદવી નથી પણ મહત્કાર્યના સંજોગોએ પુરી પ્રતકાતિદ્વારા, દુરાચાર, નાસ્તિકતા, અને પાખંડ ધર્મનો વિધ્વંસ કરવાની પરાયણતાજ એવી મહાન પદવી ભોગવે છે

ખરી વાત, કોઇ ન સૂચવે. જેઓ માખણદાસ થઈને પ્રસિદ્ધ થવાની લાલસા રાખે છે, તેઓ ક્યાંથી સૂચવે? મિ ધ્રચ્છારામને શુદ્ધ વૈષ્ણવોને છકવાલા અને મૂર્ખ કહેવાનો હક્ક છે, પણ વૈષ્ણવો જો એમને છકી અને મૂર્ખ કહેવા તત્પર થાય તે તેમના (વૈશ્યના) બ્રાહ્મણ ચેલા છછણી ઉઠે, એ પણ કલિનું કૌતૂહલ જ કહેવાય! શંકરે બહારથી નાસ્તિકોનું ખંડન કરવાનો પ્રયાસ કર્યો છે, પરંતુ 'त्वं च रुद्र महाबाहो मोहशास्त्राणि कारय' એ ભગવદાજ્ઞાનુસાર માયાવાદ ઉપજાવીને નાસ્તિકતામાં ઓર વધારો જ કર્યો છે, તેથી કેટલાકો તેમને જગત્ના કે તેથી પણ પેલેપારના ગુરુ બનાવે તેમાં કંઇ આશ્ચર્ય નથી જ.

વળી વદે છે કે “ એ તમોને સારી રીતે યાદ છે કે જ્યારે પુષ્ટિપથમાં અનર્થરૂપ અતિ દુરાચાર રાજદરબાર સુધી પહોંચ્યો છતાં પુષ્ટિપથ સુધરતો જણાયો નહિ ત્યારે શ્રદ્ધાળુ વૈષ્ણવ પ્રજાના કલ્યાણ સારૂ શ્રીમાન જગદ્ગુરૂ માધવતીર્થે પોતાનું મૌન ત્યજી દરેક વૈષ્ણવને જાગ્રતિમાં લાવવા ધર્મની ધ્વજા દશે દિશાઓમાં ફરકાવી ધર્મનું ખરૂં રહસ્ય બહાર પાડી જે કાંઇ પુષ્ટિપથને લાભ આપ્યો છે, તે શ્રીમાધવતીર્થ જગદ્ગુરૂનેજ આભારી છે છતાં તેઓશ્રીનો આભાર નહિ માનતાં મિથ્યા પ્રલાપ કરવો એ દુર્જનનું જ કામ છે.”

‘આર્યસમાજ’ સ્માર્તનામધારી માયાવાદીઓનું ખંડન કરે છે માટે તેમનો જાહેરમાં ઉપકાર માનવાનો આડંબર પણ મિ.ત્રિવેદીના જગત્ના ગુરુએ કે મિ.ત્રિવેદી જેવા બીજાઓએ કરેલો અમારી ધ્યાનમાં નથી, તેમ હોત, તો અમે શં.માધવતીર્થનો અને તેના ધર્મનો ‘દાંડો’ પકડીને ચાલનારા ત્રિવેદી જેવાનો ઉપકાર માનવાનો વિચાર કરવાને તત્પર થાત. ‘પુષ્ટિપથમાં અનર્થરૂપ અતિદુરાચાર રાજદરબાર સુધી પહોંચ્યો તે જોઇને શં. માધવતીર્થે વૈષ્ણવોનું કલ્યાણ કરવા વૈષ્ણવોને જાગૃત કર્યા એવો ભાવાર્થ અત્યાર સુધીની શં. માધવતીર્થની લીલામાંથી મિ ત્રિવેદી તારવે છે. શં.માધવતીર્થના હૃદયમાં તેવી લાગણી છે કે નહિ, અરે તેનો સંભવ પણ હોઈ શકે કે નહિ, એનો વિચાર અમે તટસ્થ વિવેચકોને સોંપીએ છીએ તેની સાથે જ મિ ત્રિવેદીને પ્રશ્ન કરીએ છીએ, કે જેવો ભાવાર્થ તમારા કહેવાતા જગદ્ગુરુ’ની લીલામાંથી તારવી કાઢવાનું સાહસ તમે કર્યું છે, તેવું જ સાહસ અમારા લેખ માટે કેમ ન કર્યું? તેવો ભાવાર્થ શું અમારા લેખમાંથી નથી નિકળતો? ‘જગદ્ગુરુ’ને માટે જુદો ન્યાય અને બીજા માટે જુદો ન્યાય? શં.માધવતીર્થ ‘શ્રદ્ધાળુ વૈષ્ણવ પ્રજાના કલ્યાણ સારૂ વૈષ્ણવોની શ્રદ્ધાનું અનન્ય સ્થાન, વૈષ્ણવોનું સર્વસ્વ, વૈષ્ણવોના પરમસ્નેહના આધાર પ્રભુ શ્રીનાથજીના સ્વરૂપ ઉપર અસહ્ય શબ્દપ્રહાર કરે છે, એ વાત મિ ત્રિવેદી કબૂલે છે? જે પુસ્તક ઉપર સ્માર્તનામધારી બ્રાહ્મણોનું ગુજરાન ચાલે છે, તેવા અલૌકિક વેદફલાત્મક શ્રીમદ્ભાગવતના ‘ટુકડેટુકડા’ કરીને નદીમાં નાખવાનું કહે, તેમાં વૈષ્ણવોનું શું કલ્યાણ સમાયલું છે, તે ‘પ્રિય દ્વિવેન્દુ’ (!) જણાવશે? અત્ર વિવેચક વાચકનું લક્ષ્ય ખેંચીએ છીએ કે, શં.માધવતીર્થે ‘પુષ્ટિપથને લાભ આપ્યો છે’ એમ મિ.ત્રિવેદી કહે છે, પરંતુ તે કેવા માર્ગથી અને કેવી પદ્ધતિએ, એ લક્ષ્યમાં લીધા પછી અમારા લેખો તરફ નજર કરવી

અને પૃથકરણ કરવુ કે શં.માધવતીર્થની રીતિ વૈષ્ણવોનુ કલ્યાણ કરનારી છે કે અમારી? જે બાબતો લખવા માટે અમારા ઉપર નિંદાનો આરોપ પોતાની દૃષ્ટિથી ત્રિવેદી મુકે છે, તેથી પણ વધારે સખ્ત બાબતો લખવા માટે મિ.ત્રિવેદી શં.માધવતીર્થને આ માર્ગના કલ્યાણ કરનાર કહે છે! આથી વધારે પક્ષપાતિની દૃષ્ટિ કોઇ પણ ઠેકાણે જોવામ આવી છે?

“વળી સર્વ શાસ્ત્ર જ્ઞાતૃત્વના અભિમાને પુછવામા આવ્યું છે કે “ કેટલા શાસ્ત્રો જોયા ને શેમા તે રહસ્ય સમાઇ રહેલું છે ” પણ ત્રવાડી સાહેબ! સૂર્યનો પ્રકાશ સર્વત્ર છે છતાં ઘુવડને ન દેખાય તેમાં સૂર્યનો શો વાંક! જેનો પોતાનો સંપ્રદાય સચ્છાસ્ત્રોક્ત સંપ્રદાયો માંનો નથી, તેમ સંપ્રદાયોનો નિયમ પુષ્ટિપંથને લાગુ નથી એમ મનાવી જેઓ મોટું માન સમજે છે (આવાદ) તેને ઉપર માગેલું રહસ્ય અને ગાયત્રી ઉપરનું શાંકરભાષ્ય બતાવવાથી શું ફળ! જેઓ પુષ્ટિસંપ્રદાયના ગુરુઓને પણ ગુરુરૂપે ન માને, તેમનાં વચનોનો પણ અનાદર કરે તેઓને બીજા ઉપર કેવી આસ્તિકતા હોય વારુ? જેને સ્વધર્મ ઉપર પ્રીતિ નથી, સ્વજાતિસંસ્કાર થયા નથી અને નિઃસાધનતાનેજ પ્રધાનરૂપ ગણનારા છે તેવા દ્વિજબ્રુવ પુરુષો ગાયત્રીને સર્વોત્કૃષ્ટ નહિ માનતા હોવાથી “ मूलं नास्ति कुतः शाखा ” એ ન્યાયે અનધિકારી પુરુષો આગળ વૈદિક મંત્રોની ચર્ચા કરવી પણ વ્યર્થ છે એટલુંજ નહિ પણ નિષેધ હોવાથી અનર્થરૂપ છે. શ્રીમચ્છંકરાચાર્યના રચેલા ભાષ્યને જોઇ સમજવા આદેશ કરતા “ આ પ્રકારની દૃષ્ટિ સંકુચિત નથી ” એમ મર્માર્થ કરી તમો જણાવો છો પણ એટલું સમજી શકતા નથી કે ચશ્મા બેસીને દૃષ્ટિને માઇલો સુધી પહોંચાડવાની કંઈ જરૂરજ નથી પણ જો બહાર જોવાની ક્ષીણ થયેલી દૃષ્ટિને અંતર એકજ ગુહામા આકાશ તત્વરૂપે (ગગન સદૃશ) રહેલા ઈશ્વર તરફ અભિમુખ કરવામા આવે તો સર્વ ભ્રમનું (ભ્રમણા) નિવારણ થાય. પછી કોણ કોના ઉપર ગુસ્સો કરે અમોએ શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ વિરચિત “ ગાયત્રી નિરૂપણ ” છે એમ જણાવી કૃતજ્ઞતા માની હતી કે પુષ્ટિ સંપ્રદાયના મહાન ગુરુના નામનું અવલોકન થતા તેમના અનુયાયી શાસ્ત્રી મગનલાલને તે માન્ય થશે અને તેટલા માટેજ પ્રુફ પણ તેઓને મોકલેલા હતા તથાપિ પ્રત્યુત્તર મળ્યો નહોતો શી ખબર કે આવી વિષમતા પુષ્ટિપંથ પરિષદના વિદ્વાન નેતા અને પુષ્ટિભક્તિસુધાના તંત્રીને વિષે સ્થિત હશે? “ શ્રીનાથજીના ચિત્રથી વૈષ્ણવ બ્રાહ્મણોને મોહ ઉપજાવીને બ્રહ્મવાદ વિરુદ્ધ ગાયત્રીકલ્પ સંગ્રહમા આપેલુ છે એમ તમો કહો છો. પણ જાણતા નથી કે સ્માર્ત વૈષ્ણવ બ્રાહ્મણો તો કદી મોહ પામેજ નહિ. કેમકે તેઓ ગાયત્રી દેવીની ઉપાસના હમેશા કર્યા જ કરે છે, કારણ કે તે સંપ્રદાયસિદ્ધ છે પણ પુષ્ટિપંથના બ્રાહ્મણો કદી મોહ ન પામે તેને વાસ્તે તમારે તમારે સાવચેત-જાગૃત રહેવુ જોઇએ અર્વાચીન મહાત્મા પૂર્ણાનંદજીની પ્રતિકૃતિ વાસ્તે જે વચન પ્રકટ કરેલા છે, તત્સંબંધે શું કહેવુ? જે માણસ સ્વધર્મનિષ્ઠ થયો નથી, સ્વસિદ્ધાન્તના રહસ્યને સમજતો નથી, સ્વવિદ્વાનોના પ્રસંગમા આવ્યો નથી, સુભાષિત ગ્રંથોનુ અવલોકન કર્યું નથી, તે મનુષ્યને, ભૂતલ ઉપર અનેક મનુષ્યોનો ઉદ્ધાર કરવા વિચારતા મહાત્માની શી ખબર! તે તો ફક્ત “ बुद्धिः कर्मानुसारिणी ” એ ન્યાયે સંકલ્પવિકલ્પવડે ઉડેલા મનોરાજ્યનો માલીક થઈ ગમે તેમ બણગા ફુંકી મિથ્યા તર્કની જાળમા ભરાઇ જાય તે તેની બુદ્ધિનીજ બલિહારી છે. ભગવાન શ્રીકૃષ્ણ ઉદ્ધવજી પ્રત્યે ભાગવત-૧૧-૧૪-૮ માં કહે છે કે —

याभिर्भूतानि भिद्यन्ते भूतानां मतयस्तथा
यथा प्रकृति सर्वेषां चित्रा वाच स्रवन्ति हि ।
एवं प्रकृति वैचित्र्याद्भिद्यन्ते मतयो नृणाम्
पारंपर्येण केषांचित्पाखण्डमतयोऽपरे ॥ इत्यलं

મણિલાલ જાદવરાય ત્રિવેદી

કોઇ પણ શ્રુતિસૂત્રમા શંકરનું મત દૃષ્ટિગોચર નથી થતુ. જો કે તે મનુષ્યબુદ્ધિની પરિસીમાને પહોંચાડનાર હશે, પણ તે ઔપનિષદં પુરુષં પૃચ્છામિ એ વાક્યને અનુસરનારાઓને કદાપિ માન્ય થઈ પડશે નહિ. તેથી જ, કોઇ પણ શ્રુતિસૂત્રના અભાવે વાગ્વિલાસ કરીને જ શંકરના મતની ઉચ્ચતા બતાવવાનો અતિસરલ માર્ગ ગ્રહણ કરવો પડ્યો છે। પુષ્ટિમાર્ગ સંપ્રદાય અથવા વાડો નથી, તેમ જ અમુક જ વર્ષનો પણ નથી. તેનું દૃષ્ટિબિંદુ અતીવ વિશાલ છે, તે નિત્ય છે, પ્રાચીનમા પ્રાચીન છે, અને તેના જેવો સમયાનુકૂલ માર્ગ તો એક નથી. અમે મિ.ત્રિવેદીને પૂછીએ છીએ કે તમે બ્રાહ્મણ છો, ગાયત્રીનુ રહસ્ય સમજવાનો દાવો કરો છો, ગુરુ, શાસ્ત્ર ઉપર શ્રદ્ધા હોવાનું જણાવો છો, તો આવા સુગોપ્ય ગાયત્રીમંત્ર અને તેનું રહસ્ય કેમ પ્રકટ કરો છો? શું ગાયત્રીમંત્ર છપાવીને પ્રકટ કરવો અને ગમે તેવા અનધિકારીને પણ તે આપવો એમ તમારા સ્માર્તો કહે છે? સ્મૃતિમા જણાવ્યા પ્રમાણે ગાયત્રીમંત્રને આવી રીતે જાહેરમા મુકવાથી તમને પ્રાયશ્ચિત લાગે કે નહિ? તમે હાલના સમયમાં કેટલા જાતિસંસ્કારો કરો છો? બ્રાહ્મણોના પ્રાચીન સાધનોમાથી કેટલા સાધન સિદ્ધ કર્યાં? સર્વ કર્યાં છે, એમ કહેશો તો તમારું તે વર્ચસ્વ ક્યા છે? પ્રાચીન કાલમાં જેવુ બ્રાહ્મણ્ય હતું તેનો શતાંશ પણ તમારામા છે? તમે બીજાને અનધિકારી કહો છો, પણ તમે પોતે કેટલા અધિકારી છો, એનો જવાબ આપશો?

ગાયત્રી ઉપર શંકરાચાર્યનું ભાષ્ય છે તો મિ.ત્રિવેદીએ કેમ પ્રકટ ન કર્યું? શુ પ્રચ્છન્નબૌદ્ધ સિદ્ધાંતના અધિકારી મિ.ત્રિવેદી એકલા જ છે? તેમના જેવા બીજા કોઇ દુનિયામા નથી? તંત્રીને તે ભાષ્યાભાસના અનધિકારી ગણ્યા છે, તે તો તેમ છે જ અને ગણીને ઘણુ જ સારું કર્યું, પરંતુ તે ભાષ્યાભાસમા ભાન ભૂલનારાઓને માટે તો તે પ્રકટ કરવું જોઈતું હતું. તંત્રી ભાષ્યાભાસના અનધિકારી છે એટલું જ નહિ, પરંતુ વૈદિક મંત્રના પણ અધિકારી છે, એમ મિ ત્રિવેદી જણાવે છે. અત્ર અમે એમને પૂછીએ છીએ કે તમે તો 'ત્રિવેદી' એ ઉપનામથી બ્રાહ્મણ હોવાનો દાવો કરો છો, તો રા ઇચ્છારામ જેવા અનુપનીત વૈશ્યને શામાટે આવો ગ્રન્થ અર્પણ કર્યો? શુ મિ.ઇચ્છારામ બ્રાહ્મણ હતા? શુ તેઓ યજ્ઞોપવીત ધારણ કરીને શ્રૌત કર્મ કરતા હતા? કે શુ કૈલાસવાસી થયા એટલે એકદમ 'દિવ્ય' બની જઈને ગાયત્રીના અનધિકારી બની ગયા? શુ 'સર્વજ્ઞતાના ડોળઘાલુ વિદ્વાન્' તેમનો નવો અવતાર જોઈ આવીને તેમને દ્વિજૈકવેદ્ય ગાયત્રી ભાષ્ય અર્પે છે? અત્ર બીજી પણ નોંધ લેવી આવશ્યક ધારીએ છીએ કે 'ગુજરાતી'ના આધુનિક તંત્રી પણ મર્હુમ તંત્રીની માફક પૂર્વાપરાનુસંધાનરહિત થઈ ગમે તેમ લખી મારે છે તેમણે કોઇએ પ્રકટ કરેલા ગાયત્ર્યુપનિષદનું અવલોકન કરતા જણાવ્યું હતું કે આવા વૈદિક મંત્રોના ચિત્રો બાહાર પાડવાથી તે ગમે તેના હાથમા જાય છે, માટે આવાં ચિત્રો બહાર ન પડે તો સારું તે જ તંત્રી પ્રસ્તુત પુસ્તકનું અવલોકન કરતા પોતાના પિતાના બેહદ વખાણના પ્રવાહમા ડુબીને પૂર્વની સૂચના ઉપર તિલાંજલિ અર્પે એ કંઇ થોડી નવીનતા ન જ કહી શકાય. બીજુ મિ ત્રિવેદીને જણાવીએ છીએ કે તંત્રી પણ જો તમારા 'ભ્રમનાધનાથી' ભરેલાં ચર્મ ચક્ષુ'માં 'અનધિકારી' હતા તો અવલોકનાર્થે પુસ્તક શા સ્વાર્થે મોકલ્યુ?

વળી મિ. ત્રિવેદીએ એટલુ બધું અશુદ્ધ છાપ્યુ છે કે તેના અનુવાદકની અનુવાદ શક્તિમાં પણ સંશય જાય છે. બીજું કંઇ નહિ પણ ગાયત્રીમંત્ર પણ અશુદ્ધ જ

છાપી માર્યો છે. ધન્ય છે, અધિકારી બ્રાહ્મણ ત્રિવેદીને !

'ગાયત્રીનિરૂપણ'ને નામે શ્રીવલ્લભાચાર્યજીના ભાષ્યનો રા. શાસ્ત્રિકૃત 'અનુવાદ અશુદ્ધ છાપ્યો છે, પણ તેમા મિ ત્રિવેદીએ પોતાનુ તરફથી કરવાનુ પણ અચાતુર્યમાત્ર દેખાડ્યુ છે. એમનામા કૃતજ્ઞતાનો ગંધ પણ નથી તે આથી સૂચન થાય છે. કોઇના લેખના જ ઉતારા કરવા અને તેના લેખક તરીકે ખપવુ એ ન્યાય તો મિ ત્રિવેદીને ત્યા જ હશે શાસ્ત્રીજી મગનલાલ પોતાના લેખ ઉપર પોતે કેમ અભિપ્રાય આપે ? આ બધી બાબત અમે અવલોકનવેલાએ જણાવેલી છે, પણ તેનુ ઉત્તર તો મિ. ત્રિવેદી ગડપ જ કરી ગયા છે ? બીજા પણ કેટલાક પેરેગ્રાફ એવા છે કે તે અમુક પત્રમાંથી ઉપાડી લીધેલા છતા, તેનુ નામ કે નિશાન જણાવવાની આ મનોરાજ્યના માલિકે તસ્દી લીધી નથી.

આટલું સ્ફોટન કર્યા પછી આશા છે કે કોઇ પણ વૈષ્ણવ આવી દુનિયામાં ચાલતી મૂઢ વ્યામોહલીલાથી મુગ્ધ નહિ જ બને. મિ ત્રિવેદીને અમે પૂછીએ છીએ કે તમારા 'ધોકાવાલા' બ્રહ્મલીન (?) મહાત્માએ તમારા જેવા કેટલાનો 'ભૂતલ ઉપર' 'ઉદ્ધાર' કર્યો તેનુ લિસ્ટ મોકલશો ?

સમાપ્તિમા મિ.ત્રિવેદી શ્રીમદ્ભાગવતના શ્લોકો આપે છે, પણ તે સર્વે એમનેજ લાગુ પડે છે જે શ્લોક એમણે આપેલા શ્લોકો પછી આવે છે, તે એમના જેવા માટે બહુ ઉપયોગી હોવાથી અમે તે શ્લોકોથી ઉપસહાર કરીશુ.

मन्मायामोहितधियः पुरुषाः पुरुषर्षभ ।
श्रेयो वदन्त्यनैकान्याद् यथाकर्म यथारुचि ॥

અર્થ—મારી માયાથી મૂઢ બનેલી બુદ્ધિવાલા પુરુષો, હે પુરુષશ્રેષ્ઠ ! કર્માનુસાર અને રુચ્યનુસાર વ્યભિચારિ[1]ભાવથી કલ્યાણ માને છે

स्तुत्य सेवा.

૧ આ અંકમા અગ્ર લેખ તૃતીયપીઠાધીશ્વર શ્રીમદ્ગોસ્વામી શ્રીબાલકૃષ્ણજી મહારાજ તરફથી અમને મલેલો છે આધુનિક સમયમાં બહુ વાર શંકા કરવામા આવે છે કે પતિ અને પત્નીને એક ગુરુ મંત્રદાન કેમ કરી શકે ? એક જ ગુરુ જો પતિ અને પત્નીને મંત્રોપદેશ કરે તો ઉભય એક જ ગુરુના શિષ્ય હોવાથી ભ્રાતૃભગિનીનો સંબધ થાય, અને તેથી ધર્મશાસ્ત્રાદિનો બાધ આવે. આવી રીતિની ભીતિ ઘણાઓને થતી, અને તે સંબંધી મહારાજોને પ્રશ્ન ધર્મશાસ્ત્રમા કાંઇક નિષ્ઠાવાન્ વૈષ્ણવો વારવાર પૂછતા, અને તેનુ નિરાકરણ પણ તેઓશ્રીઓ કરતા. પરન્તુ આ પ્રશ્નનો ઊહાપોહપૂર્વક લેખ અદ્યાપિપર્યન્ત ગુજરાતી ભાષામા પ્રકટ થયો હતો નહિ, જો કે સંસ્કૃતમા એવો લેખ ૨૩૭ ગ્રન્થના ગુટકામા પ્રકટ થયેલો જોવામા આવે છે. શ્રીબાલકૃષ્ણલાલજીને આ લેખની પ્રવૃત્તિ કરવાનુ એક પ્રયોજન મળ્યું ક્ષાત્રધર્મપરાયણ ઉદયપુરના મહારાણા એઓશ્રીના ગૃહના સેવક છે, ત્યાંના મહારાણીને બ્રહ્મસંબંધોપદેશ લેવાનો હતો, પરન્તુ ઉપર દર્શાવેલા ધર્મશાસ્ત્રના બાધના ભયથી મહા-

---

[1] ૧. વ્યભિચારિભાવ એટલે દરેક દેવનો આશ્રય.

રાણાથી ખચાતા હતા. ક્ષાત્રધર્મપરાયણ મહારાણાની શંકાનો પરિહાર કરવાનો આ લેખનો મુખ્ય ઉદ્દેશ છે, પરન્તુ એથી અન્ય એવા જ વૈષ્ણવોની શંકા દૂર થશે અને જેટલે અંશે તે વૈષ્ણવોના મન દૃઢ થશે તેટલે અંશે મહારાજશ્રીએ સંપ્રદાયની સેવા કરી કહેવાશે. પરન્તુ મહારાજશ્રીને અમારી નમ્ર વિનતિ છે, કે આવા લેખમાત્રથી સંતોષ ન માનવો. ઉક્ત પ્રશ્ન તો અમને ગૌણ લાગે છે. ગુરુમાં યોગ્યતા હોય તો ગમે તેને મંત્રોપદેશ કરી શકે. જે લોકો મંત્રોપદેશ લે તે લોકો સ્વશિષ્ય હોવાથી સાધારણ ભ્રાતૃધર્મ તેમને સ્વીકારવો પડે છે, પણ તેથી સેવોપયોગી પતિપત્નીના ધર્મને બાધ આવતો હોય એમ અમને તો લાગતુ નથી, અને તેથી ઉક્ત લેખ માત્ર બાહ્ય શરીરના ધર્મના અવલંબન કરનારાઓની શંકા નિવૃત્ત કરવાને વાસ્તેઠે ભક્તિમાર્ગમાં આત્મધર્મ પ્રધાન છે, શરીરધર્મો ગૌણ છે, એટલે ઉક્ત લેખ એક માત્ર બાહ્ય ધર્મશાસ્ત્રાદિ આચાર વિરુદ્ધ નથી એમ તેવાઓને દર્શાવવાને ઉપયોગી છે. ચતુર્થ પરિષદ્‌ના સંમેલન પછી મહારાજશ્રીએ આ જ સેવા સંપ્રદાયની કરી છે તે સ્તુત્ય છે. આત્મધર્મની શંકાઓ પ્રાચીન ગ્રન્થોની પ્રસિદ્ધિદ્વારા પરિહાર કરવાનું સામર્થ્ય શ્રીદ્વારિકાધીશ એઓશ્રીને દાન કરો એ જ પ્રાર્થનીય છે. ઉપસંહારમા એમની આ સ્તુત્ય સેવાની પ્રશંસા કરીને હવે ૪૫ વર્ષની વયે પણ એવા જ, અને એથી પણ ઉચ્ચતમ ભગવદ્ધર્મ પ્રવર્તાવવાની સવિનય પ્રાર્થના કરવામા આવે છે. આ પ્રશ્નના ઉત્તરમા જે કુશાગ્ર બુદ્ધિથી સ્વકીય કૃપાપાત્ર શિષ્યોનો અને શાસ્ત્રીઓનો વિનિયોગ કર્યો તેથી પણ અત્યંત અધિકતમ વિનિયોગ ભગવદ્ધર્મમાં તે બુદ્ધિનો થાય એ જ સર્વથા અભીષ્ટ છે.

૨ પુ ભ સુ ના ગ્રાહકોને ભરુચના ભગવદ્ધર્મપરાયણ વૈષ્ણવ જેકીશનદાસ કીસનદાસનું નામ સુવિદિત જ હશે. ઉક્ત સદ્‌ગૃહસ્થે આજથી એક વર્ષ ઉપર આ માસિક પત્રિકાને રૂ ૧૦૦) નું કોઇ પણ સરત કે સ્વાર્થ વિના દાન કર્યું હતુ, અને એઓની આડીથી સંસ્કૃત વાદ ગ્રન્થો અને શ્રીગુસાંઇજીના સંસ્કૃત પત્રો આ જ પત્રિકામા પ્રકટ થયા હતા. આ ભાઈની સેવા નિસ્વાર્થ હોવાનું કારણ એ છે કે આ સર્વ ગ્રન્થો સંસ્કૃતમા જ હોવાથી એમા એમને તો કંઇ ખાસ સમજવાનુ ન હતુ, છતા પણ સાંપ્રદાયિક સાહિત્યનો કંઇ ઉદ્ધાર થાય એવા ઉદ્દેશથી જ ઉક્ત રકમનું દાન એમણે કર્યું હતુ.

હાલમા એ જ સદ્‌ગૃહસ્થે શ્રીહરિરાયજીની ‘सहस्रीभावना’ નો મુદ્રણખર્ચ આપવાનુ સ્વીકાર્યું છે ઉક્ત ગ્રન્થ સંસ્કૃતમા છે વૈષ્ણવોનો પરમધર્મ પ્રભુસેવા છે તે લક્ષમાં રાખી ઉક્ત ગ્રન્થનુ ભાષાન્તર રા. રા. ધીરજલાલ સાંકલીઆએ કરવા માંડ્યુ છે, અને તે ભાષાન્તરના પ્રથમ ૪૦ શ્લોક આ અંકમા પ્રકટ કર્યા છે. જેવી રીતે શ્રીહરિરાયજીનાં શિક્ષાપત્ર ઉપયોગિ છે તેવી જ રીતે પ્રભુસેવાનો સાક્ષાત્ અનુભવ કરવામાં, અને તેનું યથાર્થ સ્વરૂપ સમજવામા આ ગ્રન્થ ઉપયોગી છે, તેથી ભાવુક વૈષ્ણવો આ ગ્રન્થનુ મનન કરી પ્રભુભાવના દૃઢ કરે એ જ પ્રાર્થના છે.

રા. જેકીશનદાસની માફક અન્ય વૈષ્ણવ સજ્જનોને જો સાંપ્રદાયિક સેવા કરવાની કાંઈ અભિલાષા થાય તો અમને લખી જણાવેથી તેની યોગ્ય વ્યવસ્થા કરી આપવામાં આનંદ માનીશું.

महाशिवरात्रि.

વૈષ્ણવો તરફથી વારવાર પૂછવામા આવે છે કે શિવરાત્રિનુ વ્રત આપણે કરવુ કે નહિ? આ પ્રશ્નનુ પ્રત્યુત્તર સામ્પ્રદાયિક ગ્રન્થોને આધારે નીચે પ્રકારે છે. આ વ્રતસબધી ચર્ચા પ્રથમ કરનાર દશદિગન્તવિજયી ગોસ્વામી શ્રીમત્પુરુષોત્તમજી મહારાજાધિરાજ છે. એઓશ્રીનાજ મતનું અવલમ્બન આધુનિક સમયમા સદ્ગત પડિત ગટ્ટૂલાલજીએ પ્રાય સ્વકૃત સસ્કૃત ગ્રન્થ સત્સિદ્ધાન્તમાર્તણ્ડમા આ વિષયમા કર્યુ છે.

ઉત્સવપ્રતાનનામક ગ્રન્થમા શ્રીપુરુષોત્તમજી (વ્રજ) ફાલ્ગુનકૃષ્ણના વ્રતાદિનો નિર્ણય કરી અન્તમાં શિવવ્રતાદિસબધમા સારી ચર્ચા કરે છે—અથાત प्रसगादिद विचार्यते, शिवरात्रिव्रत वैष्णवाना कर्तव्य, न कर्तव्य वेति? શિવરાત્રિવ્રત વૈષ્ણવોએ કરવુ કે ન કરવુ? એમ વિષય પ્રારભીને, પૂર્વપક્ષ તરીકે કરવુજ જોઈએ એવા કેટલાક શ્લોકનુ ઉટ્ટકન કરે છે, પછી કેટલેક ઊહાપોહ કરી અન્તમા એવો નિર્ણય આપે છે કે 'व्रत तु न कार्यमेव' અર્થાત્ શિવરાત્રિવ્રત વૈષ્ણવોએ કરવું નજ જોઈએ આ નિર્ણયના આધારમા શ્રીમદ્ભાગવતના ચતુર્થસ્કધના દ્વિતીયાધ્યાયના શ્લોક ટાકે છે, જેનો અર્થ નીચે પ્રકારે છે.

“જેઓ[1] શિવના વ્રતને ધારણ કરે છે, તથા તેઓને જે અનુસરે છે તેઓ પાખડી અને સત્સશાસ્ત્રથી ઉલટા ચાલવાવાળા થજો. નષ્ટશૌચ, મૂઢધી, જટાભસ્મ હાડકા ધારણ કરવાવાળા, શિવદીક્ષામા પ્રવેશ કરજો, કે જ્યા સુરાસવ દિવ્ય મનાય છે. મનુષ્યોના સેતુના વિધારણ બ્રહ્મની અને બ્રાહ્મણોની તમે નિન્દા કરો છો, તેથી પાખડીઓ છો. લોકોનો કલ્યાણકારી પથ આજ સનાતન છે, જેનુ અનુષ્ઠાન પૂર્વજોએ કર્યુ છે, એનુ પ્રમાણ જનાર્દન—વિષ્ણુ—છે. પરમશુદ્ધ વેદરૂપ સત્પુરુષોના સનાતનમાર્ગની તમે ગર્હા (નિદા) કરી છે, તેથી તમે પાખડી થાઓ, કે જ્યા ભૂતોના અધિપતિ તમારા દેવ છે.”

આ જ શિવપ્રતિ ભૃગુશાપના શ્લોકો ટાકીને પંડિત ગટ્ટૂલાલજી પણ નિર્ણય આપે છે કે 'अन्यच्च शिवदीक्षाख्यतद्व्रतग्रहणे पाखण्डित्व स्यात्' એટલે કે શિવરાત્રિવ્રત કરવામાં પાખડિત્વ પ્રાપ્ત થાય, માટે વૈષ્ણવોએ ઉક્તવ્રત અવશ્ય નજ કરવુ.

આ વ્રતના નિર્ણયના સબધમા શ્રીપુરુષોત્તમજી કેટલુ વિશેષ પણ કહે છે. શિવવ્ર-

---

[1] 'भवव्रतधरा ये च तान् समनुव्रता ।
पाखण्डिनस्ते भवन्तु सच्छास्त्रपरिपन्थिन ॥
नष्टशौचा मूढधियो जटाभस्मास्थिधारिण ।
विशन्तु शिवदीक्षाया यत्र दैव सुरासवम् ॥
ब्रह्म च ब्राह्मणांश्चैव यद्यूय परिनिंदथ ।
सेतुं विधारण पुसामत पाखण्डमाश्रिता ॥
एष एव हि लोकाना शिव पन्था सनातन ।
पूर्वे चानुसन्तस्थुर्यत्प्रमाण जनार्दन ॥
तद्ब्रह्म परमं शुद्ध सता वर्त्म सनातनम् ।
विगर्ह्य यात पाखण्ड दैव वो यत्र भूतराट् ॥

ના આધારમા પૂર્વપક્ષમા જે શ્લોકો ટાંકેલા છે, તે શ્લોકોથી વૈષ્ણવોને વાસ્તે એ વ્રતની નિત્યતા સિદ્ધ થતી નથી, અર્થાત્ એ શ્લોકોના આધારથી વૈષ્ણવોને એ વ્રત કરવાનું આવશ્યક નથી. એ શ્લોકોમા જે વ્રતની નિત્યતા દર્શાવી છે તે તો માત્ર જેઓ અવૈષ્ણવ[1] છે, શૈવો છે, તેમને માટે જ છે.

માધ્વ[2] વૈષ્ણવો શિવને જીવકોટિપ્રવિષ્ટ ગણે છે, અને તેથી શિવરાત્રિવ્રત ન જ કરવું એમ અત્યાગ્રહપૂર્વક માને છે, પરન્તુ શ્રીપુરુષોત્તમજી શિવને જીવકોટિમાં ગણતા નથી. એઓશ્રીના મતે શિવ ઈશ્વરકોટિમા છે. 'अहङ्काराधिष्ठातृ जीवत्वेऽपि गुणावतारस्येश्वरकोटित्वात् ।' + + + 'तस्माज्जीवत्वं अनुचितमेव' અહંકારાધિષ્ઠાતા હોવાથી શિવને જીવત્વ છે, તોપણ ગુણાવતાર શિવને ઈશ્વરકોટિમા ગણવા જોઈએ, અર્થાત્ મૂળસ્વરૂપ નહિ હોવાથી જેમ 'અક્ષર' મુખ્યજીવ છે તેમ શિવ મૂળસ્વરૂપ નહિ હોવાથી જીવત્વથી મુક્ત નથી, પરન્તુ શિવ પરમેશ્વર–પુરુષોત્તમ–તો નહિ જ

શિવનુ વ્રત નહિ કરવાથી શિવનો દ્વેષ[3] કર્યો એમ કોઈ કહે તો તેનો પણ પરિહાર શ્રીપુરુષોત્તમજી ઉક્ત ગ્રન્થમા કરે છે. શાસ્ત્રવાક્યનો અનુવાદ કરવામા શિવનો દ્વેષ કર્યો એમ કહેવાય નહિ. શિવનું[4] વ્રત ન કરવાનુ કારણ એ જ છે કે એ શાસ્ત્રમા નિષિદ્ધ છે તેથી જ, નહિ કે શિવદ્વેષથી. જૈનમંદિરમાં પ્રવેશ નહિ કરવાનુ કારણ શાસ્ત્રનિષેધ જ છે, જો એમ ન હોય તો જિન પણ અવતાર હોવાથી તન્મંદિરમા પ્રવેશ કરવામા દોષાપત્તિ ન થાય પણ તેમ કંઈ નથી, તેથી શિવજી ગુણાવતાર હોવાથી, (માર્યાદિક–શાસ્ત્રીય) વૈષ્ણવમા મુખ્ય હોવાથી, વૈષ્ણવધર્મના ઉપદેષ્ટા હોવાથી, વેદરૂપ હોવાથી, સર્વવિદ્યેશ્વર હોવાથી, સર્વદેહીના શાસ્તા હોવાથી નમસ્ય–નમસ્કાર કરવાયોગ્ય માન્ય છતાં **શિવરાત્રિનું વ્રત તો નિન્દિત હોવાથી વૈષ્ણવોએ કરવું ન જ જોઈએ.**

પંડિતગટ્ટૂલાલજી પણ અન્ય શબ્દોમા[5] આ જ સિદ્ધાન્તનું પ્રતિપાદન કરે છે શિવરાત્રિનુ વ્રત નહિ કરવાથી, અથવા શિવાચારાદિનાં શાસ્ત્રોદિત દૂષણોના અનુવાદથી શિવની નિન્દા થઈ જતી નથી

આ પ્રકારે સાંપ્રદાયિક પ્રાચીન જ તેમ આધુનિક પણ પંડિતોના મતે શિવરાત્રિવ્રત વૈષ્ણવોએ ન કરવુ એમ સિદ્ધ થાય છે.

---

[1] वैष्णवेभ्यो ये भिन्ना तेषामेव नित्यम् ।

[2] 'माध्वास्तु शिवं जीवकोटौ गणयन्तीति व्रतं तु सुतरां न कुर्वन्ति'

[3] 'न चैव शिवद्वेषापत्तिः, अनुवादित्वात्, अतः परात्परतरं यान्ति नारायणपरायणाः । न ते तत्र गमिष्यन्ति ये द्विषन्ति महेश्वरमितिवाक्योक्तो दोषोऽपि न ।

[4] 'व्रताकरणं व्रतस्य निषिद्धत्वादेव, न तु शिवविद्वेषात्, जिनमंदिरप्रवेशवत्, अन्यथा जिनस्यावतारत्वेन तन्मन्दिरप्रवेशेऽपि दोषानुत्पत्तिप्रसंग, तस्माद् शिवस्यावतारत्वात्, वैष्णवमुख्यत्वात्, वैष्णवधर्मोपदेष्टृत्वात्, वेदरूपत्वात्, सर्वविद्येश्वरत्वात्, सर्वदेहिशास्तृत्वाच्च नमस्य एव, मान्य एव, व्रतं तु निन्दितत्वादेव अकरणीयमितिदिक् ॥

[5] अतः स्वयं तद्धर्मानाचरणमात्रेण शास्त्रसिद्धतद्दोषानुवादेन वा नैव निन्दकत्वगन्धस्यापि आपत्तिः । सत्सिद्धान्तमार्तण्ड. २२२–२२३.

અત્ર કંઈ વક્તવ્ય છે. વૈષ્ણવોએ અવશ્ય યાદ રાખવુ જોઈએ કે તેઓ જે પ્રભુની સેવા કરે છે તે કોઈ દેવીદેવતા નથી, પરન્તુ મૂલસ્વરૂપ શ્રીકૃષ્ણ છે. એ સ્વરૂપમાં ઈષદ્-જરા પણ-આનન્દની ન્યૂનતા થાય કે તે જીવકોટિમા ગણાય, અર્થાત્ કૃષ્ણથી અભિન્ન હોવા છતાં પણ તે ભિન્નકોટિ પ્રાપ્ત કરે છે, બ્રહ્મા, શિવ અને વિષ્ણુ એ સર્વે ગુણાવતાર હોવાથી મૂલસ્વરૂપ તો નથી જ તેથી જ્યારે મૂલસ્વરૂપની જોડે આપણો સબંધ નિત્યસિદ્ધ છે અને જ્યારે એ મૂલસ્વરૂપની સેવા નિરોધપૂર્વક, મૂલસ્વરૂપવિના ઇતર સર્વની વિસ્મૃતિપૂર્વક, કરવાની છે, તો પછી અન્ય સર્વની વિસ્મૃતિમા શિવાદિની પણ સહજ વિસ્મૃતિ થાય છે. એ વિસ્મૃતિ થવાથી અને મૂલસ્વરૂપની સ્વત ઉત્કટ સ્ફૂર્તિ થવાથી, શિવાદિનો વિદ્વેષ પણ થતો નથી, તેમ અનન્યાશ્રયને કોઈ પણ પ્રકારે બાધ પણ આવતો નથી માટે શ્રુતિમાં[1] કહ્યુ છે તે પ્રમાણે નિજ પરમ દૈવત શ્રીકૃષ્ણની સેવાનો ક્ષણભર પણ મનવાણીકર્મથી, તનુથી, વિત્તથી કે મનથી, ત્યાગ કરવો નહિ એ અનન્યતાનો ત્યાગ ન થાય ત્યારે જ કૃતાર્થતા સપાદન થાય સ્વપ્રભુ શ્રીકૃષ્ણની સેવામાં ચ્યુતિ થવાથી પાપીયાન્ થવાય છે, તેથી જેમ સાધ્વી સ્ત્રીને સ્વપતિ જ સર્વસ્વ છે, નમસ્ય છે, માન્ય છે, પૂજ્ય ઇત્યાદિ છે, અને સ્વપતિથી ઇતર ગમે તે હોય તે તરફ ઉદાસીનતા છે, તેમ વૈષ્ણવોએ સર્વથા સર્વપ્રકારે પ્રભુસેવામાં નિરતર પરાયણ રહીને કોઈ પણ પ્રકારના અન્યાશ્રયથી સર્વથા દૂર રહેવુ, નહિ તો 'अन्यसबन्धगन्धोपि कन्धरामेव बाधते' એ શ્રીમત્પ્રભુચરણપ્રોક્ત વાક્યનું ફલ પણ સહન કરવાનો પ્રસગ પ્રાપ્ત થાય.

होलिका.

આપણા મદિરોમા તેમા પણ ખાસ કરીને જ્યા ગોસ્વામિબાલકો વિરાજમાન હોય ત્યા, અને વિશેષેકરીને મુબઈના, શ્રીજીદ્વારના અને વ્રજના મદિરમા એક દુષ્ટ રિવાજ એવો ઘુસી ગયો છે કે જેની વિરુદ્ધ લખતાં પણ આપણને ગ્લાનિ આવે છે. હોલિકા કેટલાક દિવસ પહેલા અહિના મુખ્ય મદિરોમા સૂરદાસાદિ મહાનુભાવી ભક્તોના કીર્તનોનુ ગાન ગૌણ થઈ જાય છે, અને તેને બદલે આધુનિકોના જોડેલા બીભત્સ પદો ગવાય છે. આ પદો એટલા તો બીભત્સ હોય છે, કે પ્રભુની સનિધિમા આવા અધમ પદોનો નિર્લજ્જતાથી ઉચ્ચાર કરવાથી પ્રભુ પ્રસન્ન થતા હશે એ માનવુ કેવલ અધમ વૃત્તિ સૂચવે છે અમને એ રિવાજ સર્વથા સપ્રદાયથી પ્રતિકૂલ લાગે છે, તેથી અત્રત્ય મહારાજાને નમ્ર વિનતિ છે કે સપ્રદાયના હિતાર્થે એવા અધમ રિવાજનો સત્વર અન્ત લાવવો.

ખરી વાત છે કે વસન્તઋતુ ઉન્માદકારક છે, પરન્તુ એ ઉન્માદની પણ કાઈક સીમા છે. આપણે ત્યા સદૈવ પ્રભુની સેવા થાય છે એ પ્રભુની સનિધિમા જો કંઈ અરસિક અચવા રસાભાસ જેવુ કરવામા આવે, તો ત્યાં પ્રભુ વિરાજે ખરા? શું સૂરદાસાદિના અને શ્રીહરિરાયજીના આ જ સમયના માધુર્યમય યોગ્ય પદો નથી? શુ આધુનિકોની યોગ્યતા અને કવિત્વશક્તિ તથા ભાવ તે મહાનુભાવીઓના કરતા પણ ચઢી ગયા. કે તેમને સ્થાને બનાવટી અધમ પદોનો ઉચ્ચાર થાય? અમારો નિશ્ચય છે કે અત્રત્ય મહારાજો હૃદયથી આ

---

[1] 'यो वै स्वा देवताम् अतियजते प्रस्वायै देवतायै च्यवते न परा प्राप्नोति, पापीयान् भवति.'

રિવાજને સંમતિ તો નહિ જ આપતા હોય, તો પછી આ અધમ અને અર્વાચીન રિવાજ બંધ કરવામા શો પ્રતિબંધ હશે? સૂરદાસાદિના કીર્તનોથી સ્પષ્ટ માલૂમ પડે છે કે આ રિવાજ પ્રાચીન નથી, પરન્તુ અધમવૃત્તિના આધુનિકોનુ જ સ્વોદરાર્થ ધતિંગ છે. આ ધતિંગનો જેમ જલદીથી નિષેધ થાય, તેમા જ સપ્રદાયની નીતિને અને પ્રતિષ્ઠાને લાભ છે.

આ અધમ ગીતો ઉપરાત બીજો દુરાચાર ઉક્ત દિવસોમાં યવનવત્ વેષ લેવાનો છે. મહારાજોના આશ્રિતો જે અનેક પ્રકારના અનીતિમય વેષ લે છે, અને સ્વમુખથી બીભત્સ ગીતોનો ઉચ્ચાર કરે છે તેની અધમતા દર્શાવવાને યોગ્ય શબ્દ અમને શોધ્યા જડતા નથી

કહેવામા આવે છે કે નિર્ણયસિન્ધુ વગેરે ધર્મગ્રન્થોમા હોલિકાસમયમા બીભત્સ શબ્દોનો ઉચ્ચાર કરવાનું વિધાન છે તે ખરી વાત હશે તે તે સમયના લોકોને ભલે મુબારક હો. અમારે તેની જોડે કંઇ સંબંધ નથી શ્રીરસેશ પ્રભુની સેવામા સર્વત્ર રસિકતા જોઇએ, મલીનતા ન જ જોઇએ. મહારાજોને સ્મરણમા તો હશે જ કે ભ્રમરગીતમાં શ્રીગોપિકાઓએ પ્રભુને જે વચનો કહ્યા છે તે રસિક છે, કોમલ ભાવથી પ્રેરિત છે, છતા પણ શ્રીમદાચાર્યજીએ તો એને મતાતરીય ભાષા જ કહી, સમાધિભાષા કહી નહિ અર્થાત્ શ્રીમદાચાર્યજીના મતે આ હોલિકાનો પ્રચલિત રિવાજ સર્વથા હેય જ છે વૈષ્ણવો અને મહારાજો સત્વર આ દુષ્ટ અનાચારનો ત્યાગ કરશે, અને તેમ કરવામાં સર્વબુદ્ધિપ્રેરક કૃષ્ણ એમને અપેક્ષિત સામર્થ્યનું દાન કરો એજ અભ્યર્થના છે. અમારી નમ્ર પ્રાર્થના લક્ષમાં લઈ જો આ અધમ રીતિ મહારાજશ્રીઓ સ્વમદિરોમા બંધ પાડશે તો સંપ્રદાયઉપર મહાઉપકાર થયો કહેવાશે

ब्रह्मवाद અને मायावाद.

(અનુસધાન, પત્ર ૧૩૧.)

માયા સગુણ બ્રહ્મની શક્તિ છે એમ વિવર્તવાદી કહેવા ધૃષ્ટતા કરે તો તે અત્યન્ત અયુક્ત છે. એ તો સ્પષ્ટ પ્રલાપમાત્ર છે. કોઇ કવિના મુખમા કદાચિત્ એ શબ્દો અલંકારે શોભે પણ તત્વજ્ઞાનીના મુખમા તો કદાપિ નહિ સગુણ બ્રહ્મ તો વિવર્તવાદીને ત્યાં માયાનું કાર્ય છે. બ્રહ્મ માયાની ઉપાધિથી બદ્ધ થાય ત્યારે જ તે માયિક ઈશ્વરત્વ અને જીવત્વ પ્રાપ્ત કરે છે. વિવર્તવાદમા ઈશ્વર માયાનું પ્રથમ કાર્ય હોવાથી તાત્વિક કારણતા ઈશ્વરને નહિ પણ માયાને પ્રાપ્ત થાય છે માયા જ જ્યારે બ્રહ્મને ઈશ્વ પે છે તો પછી બ્રહ્મ માયાનો ઈશ્વર કે માયા બ્રહ્મની ઈશ્વરી? અરે? પરમાર્થદૃષ્ટિથી શ્વર અને જીવ છે જ ક્યા? એ તો માયા છે, શંકરની માયા છે, ભ્રાન્તિ છે ંગ છે. ઈશ્વરનું માહાત્મ્ય ભૂલીને માયાના ભગવાન્ અધ્યક્ષ છે, પતિ છે, માયા ઈ તાની છે એમ ભગવદ્ગીતાનો નિર્દેશ ભુલીને ભગવાનને પણ પ્રાકૃત મનુષ્યવદ્ બના યો, અને બ્રહ્મના સ્વાભાવિક ધર્મોને મિથ્યા વા આગન્તુક કલ્પ્યા એ જ માયાવાદી મુખ્ય નાસ્તિકત્વ છે. ભગવાનના ગુણો પર છે, દિવ્ય છે, અલૌકિક છે, એ વિષે જરૂર શ્રીમદ્ભગવદ્ગીતાનાં વાક્યો નવમા તેમ જ તેવા અન્ય અધ્યાયોમાથી પણ ફરીથી જોજો. કંઇક નવુ તેમાં દેખાય છે કે કેમ? માયામાં ઊંડે જ તલ્લીન અને પક્ષપાતી ન થતા તે જોવા પ્રયત્ન કરજો. બ્રહ્મનું

પ્રસ્થાનો વારંવાર વર્ણવે છે, અને સ્વતંત્ર વાદમાં કલ્પેલી માયામાં તેમ કરવામાં આવતું નથી. વલી પરમાત્મામા, અલૌકિકસામર્થ્યવત્ બ્રહ્મમા જે વિરુદ્ધ ધર્મો દેખાય છે તે કેવલ (impossibility કે absurdity નથી) અસંભવ નથી, કારણ કે material objects અને spirit એ બેના ધર્મો જ વિલક્ષણ છે spirit એકી વખતે નહાનામા નહાનો અને મહોટામા મહોટો થઈ શકે છે. વલી બ્રહ્મશબ્દ જ પૂર્ણતા બતાવનાર છે બ્રહ્મ અપરિચ્છિન્ન છે, એટલે નાથી ગમે તેટલા બ્રહ્માંડોનો સર્ગ થાય તોપણ બ્રહ્મ તેવુ અને તેવુ જ રહે છે, અણુમાત્ર મહારાજ ગીતોનો ન્યૂનાધિક થતું નથી, તેથી તેને અવ્યય કહ્યુ છે. ગમે એટલા વિકાર–પરિણામાદિ–એ થાય તોપણ આત્મા તદવસ્થ અવિક્રિય જ રહે છે. આવુ હોવાથી આત્મતત્ત્વ અ-કહે છે. material bodies જડપદાર્થ સાથે તેની તુલના થઈ શકતી નથી. એથી કંઇ બ્દોનો ઉપ absurdity પરમાત્મામા છે એમ ફલિત થતું નથી. વલી આ યુક્તિ પણ કેવલ બારક હો. અ. છે, અથવા એ અમારા ઘરની છે એમ નથી, પણ ઉપનિષદ્‌માની છે. જરા જોઇએ, શ્રીગંમદ पूर्णमिद् पूर्णात् पूर्णमुदच्यते पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते' આ ઉપર કાઓએ પ્રભુને યાર કરો શ્રુતિએ બ્રહ્મને તેવુ જ કહેલુ છે, છતા તમે શા માટે દુરાગ્રહ કરી ચાર્યજીએ તો એ વિક્રિયા થવાની અને વિરુદ્ધ ધર્મોથી 'Logical absurdity' પ્રાપ્ત થવાની મતે આ હોલિક રાખો છો? બ્રહ્મસૂત્રમા જ સ્પષ્ટ કહ્યુ છે કે 'आत्मनि चैव विचित्राश्च हि' દુષ્ટ અનાચારને જરા પણ હાર્દ સમજો અહિ આત્મામાં વિચિત્ર ધર્મો કહ્યા છે એટલે ત-મર્થ્યનું દાન કેવક બ્રહ્મની કલ્પનાનો તો અવકાશ જ નથી. નિરવયવત્વ અથવા કૃત્સ્નપ્રસક્તિ રીતિ મહારાજ ભૌતિક પદાર્થમા પ્રાપ્ત થાય છે, તેવી રીતે આત્મામાં થતા જ નથી, અને તેમા, પણ શબ્દ જ છે, કેવલ તર્ક નહિ, એ પણ તે પ્રકરણના બ્રહ્મસૂત્ર સ્પષ્ટ કહે છે, આ પણ આપને વિચારણીય છે. લીલા પણ કૈવલ્ય છે એ પણ એ જ સ્થલે કહ્યું છે જ્ઞાનાવતાર શ્રીવ્યાસજીએ તત્ત્વજ્ઞાનના નિર્ણયમા યોજેલા શબ્દોથી સંતોષ ન પામતા બ્રહ્મનુ નિરવયવત્વ વગેરે સિદ્ધ કરવા, પારમાર્થિક દૃષ્ટિથી શુદ્ધ બ્રહ્મ તો સગુણબ્રહ્મથી ભિન્ન છે, વ્યવહારબ્રહ્મ છે વગેરે મતલબની કલ્પના લાવો છો એ કંઇ ઓછી ધૃષ્ટતા નથી. વ્યાસજીને વેદાન્તનું એ હાર્દ સમજાવવા જે શબ્દો મલી ન આવ્યા એટલે માયાવાદીએ પૂરા પાડ્યા! પણ ભાઈ ભાષ્યકારે જે કંઇ કહેલું હોય તેનુ સ્પષ્ટીકરણ જ કરવાનું છે, નવી વાત લાવવાની નથી આખા પ્રકરણનો આગલ પાછલનો સંબંધ જોતાં જે કંઇ કહેલું છે તે માત્ર વ્યાવહારિક છે એમ કલ્પના કરવાને કંઇ પણ સંતોષકારક કારણ તમારાથી હજી સુધી આપી શકાયુ છે? આવી રીતે બ્રહ્મમાં અશુદ્ધતાનો ભ્રમ લાવવાનું કારણ નથી, છતાં તમે તો નિર્ગુણ બ્રહ્મ અને સગુણ બ્રહ્મના ભેદ 'પોતાના ઘરના' લાવી મૂકો છો, અને તેમા વલી સૂક્ષ્મ દૃષ્ટિનું મિથ્યાભિમાન રાખો છો તે વાસ્તવિક નથી Elaborate interpretationને લીધે કેટલી બધી વેદબાહ્ય પરિભાષા તમારે કાઢવી પડી છે? અધ્યારોપ અને અપવાદ, સગુણ અને નિર્ગુણ બ્રહ્મ, વેદવ્યાસની શાસ્ત્રીય દૃષ્ટિથી ભિન્ન એવી 'પારમાર્થિક' દૃષ્ટિ આ બધું વાગ્જાલ ઉઠાવ્યા પછી પણ અંતે દોષોમાંથી Logically તમારો મોક્ષ તો થતો નથી પછી તમારી સૂક્ષ્મ બુદ્ધિને શુ નામ આપવું તે હું સમજી શકતો નથી. માયામા સર્વે વિરુદ્ધધર્માશ્રયો ઉપજાવવા કરતાં બ્રહ્મમાં અચિન્ત્ય ધર્મો શબ્દપ્રમાણથી મલી આવે છે તેનું જ ગ્રહણ કરો, 'श्रुतेस्तु शब्दमूलत्वात्' એ સૂત્રમા બ્રહ્મમા કૂટસ્થત્વ અને સર્વપરિણામ

કર્યા છે, પરિણામ છતા અવિકાર એક અશમાથી પરિણામ છતાં નિરવયવ છે, એવા વિરુદ્ધ ધર્મો દોષરૂપ નથી, એમ સિદ્ધાન્ત નિરૂપવાને માટે શ્રુતિ શબ્દનું જ પ્રમાણ આપે છે, છતા માયાવાદીને બ્રહ્મની શુદ્ધતાને માટે શબ્દપ્રમાણ રચતુ નથી, પ્રત્યુત બ્રહ્મમા દોષ લાવી તેને સગુણ બનાવી આત્મતત્ત્વ તો અત્યન્ત અધર્મિં, પણ પ્રકારની દિવ્ય વિભૂતિથી પણ રહિત, કલ્પે છે, અને સર્વ પ્રપચનુ સમાધાન માયામા આપે તેથી શુ સમાધાન થાય છે તે તો માયાવાદી જ જાણે !

બ્રહ્મ નિત્યશુદ્ધબુદ્ધમુક્ત તેમ જ ઈશ્વરને શ્રીજ્ઞાનવૈરાગ્યાદિ ષડ્ગુણયુક્ત તો માનો છો, ત્યારે પૂર્ણજ્ઞાન હોવા છતા તેમા માયાવિશિષ્ટત્વ કેવી રીતિનુ ? સોપાધિક બ્રહ્મની પણ પાછી શુદ્ધતા તો માનવાની રહી જ, ત્યારે શુદ્ધ આત્મપરત્વે જ સર્વ કથન છે એમ માનવામા તમારી શી ક્ષતિ છે ? સગુણ બ્રહ્મમા પણ નિત્યત્વ, શુદ્ધત્વ, બુદ્ધત્વ, મુક્તત્વ, તેમ જ વૈરાગ્ય, પૂર્ણકામતા વગેરે ગુણો તમે માનો છો, ત્યારે વળી તેવા સોપાધિક સગુણને લીલાની શી જરૂર છે ?

શ્રીહરિરાયજીકૃત સેવાભાવના.

શ્રીમદાચાર્યજીનું ચરણારવિંદ, જે સર્વ દેહીનુ શરણ-રક્ષક છે, અને જે સવ દોષનું દહન કરવાવાળું છે તે, મારા મસ્તકપર બિરાજો (૧) પ્રાતઃકાલથી આરભીને ભગવદ્ભાવનાનું નિરૂપણ કરવામા આવે છે, જેથી કરીને સેવામા માનસીપણું સિદ્ધ થાય. (૨). શ્રીઠાકુરજી પ્રાતઃકાલમા શયનપર બિરાજેલા છે, કેલિથી (રમણથી) શ્રમિત થયલા છે, પ્રિયાજી સાથે જ છે, આલસ્યથી નયન મિચાયલા છે, કપાલ કેશથી ઢંકાયલુ છે, (૩) દર શ્વાસથી નાસિકા જેમની ઉંચી થાય છે, પ્રિયાજનોની સાથે હાસ્ય કરી રહ્યા છે, પ્રિયાજીના સ્કંધની ઉપર શ્રીહસ્ત મુકેલો છે, જાગરેણુવડે આલસ્યવાન્ છે, (૪) જેમનું સ્વરૂપ રતિચિહ્નથી અંકિત થયલું છે, જેમની પીઠિકા કંકણથી અંકિત થયલી છે, જેમનું વદન બગાસા ખાવા માંડે છે, જેમની સુંદરતા કામદેવથી પણ અધિક છે (૫) અનેક યુવતિઓના વૃંદમા પોતે બિરાજેલા છે, વ્રજના ઇંદ્ર છે, રહસ્યલીલા જેમણે ગુપ્ત રાખી છે, શ્રીયશોદાજીએ જેમને જગાડયા છે, (૬) માતૃશ્રીના ઉત્સંગમા પોતે ભરાઈ ગયા છે, પોતાનુ મુખકમલ દેખાડે છે, શ્રીયશોદાજી જેમના મુખને ચુંબન કરે છે, નંદરાયજી વગેરે પોતાના ઉત્સંગમાં લાડ લડાવે છે, (૭) અને પોતાના બાલમિત્રો ગોપાલો જે ગુણનિધિનુ ગાન કરી રહ્યા છે, વ્રજસ્ત્રીઓના વૃંદના રસિક કટાક્ષોથી જેમનુ સર્વ પ્રકારે પૂજન થઈ રહ્યુ છે (૮) ઉત્તમ આસનના ઉપર બિરાજેલા શ્રીયશોદાજીના ઉત્સંગનું પોતે ભૂષણ છે, દૂધ જમાવેલુ દધિ વગેરે રસ આણી મુકેલા છે, તે રસનો પોતે ભોગ કરે છે. (૯) સાકરવાળુ તાજુ નવનીત 'મુખારવિંદમા આવી રહ્યુ છે, બાલક્રીડામાં પોતાનુ ચિત્ત લાગી રહ્યું છે, માતૃશ્રી વગેરે જેમની પ્રશંસા કરી રહ્યા છે, (૧૦) આ રાજપુત્ર મારો છે, મારા ઘરનો દીપક છે,' મારા નયનનો આનંદ છે, મારૂં નિર્ધનનુ ધન છે, (૧૧) સર્વ ગોકુલનો શૃંગાર છે, પોતાના પિતાને સુખદાયક છે, બાલલીલાને લીધે લાડ લડાવવા કઠિન થઈ પડે છે, એમના કર વેણુથી શોભી રહ્યા છે, (૧૨) મારી (યશોદાજીની) આજ્ઞા પાલવામા તત્પર છે, કમલસરખાં એમનાં નેત્ર છે, વિવિધ પ્રકારની લીલાથી મારો શોક નિવારણ કરે છે (૧૩) પોતાના

માતૃશ્રીનુ જીવન છે, સર્વ લોકના ગર્વરૂપી સ્તંભના કૃષ્ણવર્મા (અગ્નિવત્) વિનાશ કરવાવાલા છે. કંસાદિ શત્રુઓના હૃદયના અગ્નિ છે, પોતે કૃપાના નિધિ છે, (૧૪) માતૃશ્રીનુ જન્મ એમણે સફલ કીધુ છે, પોતાને રતિ (રમણુ) પ્રાણથી પણ અધિક પ્રિય છે,

આ પ્રકારના પોતાના માતૃશ્રીના વચનોથી જે ભોજન કરે છે, (૧૫) માતૃશ્રી વાર્તા કહે છે તેનુ પોતે શ્રવણ કરે છે, પોતાના નેત્ર ચકિત થઈ રહ્યાં છે, ક્ષણક્ષણમાં ડોક ઉંચી કરે છે, જરા જરામાં ઉઠવા માડે છે, (૧૬) શ્રીયશોદાજી જેમ તેમ કરીને બહુ બહુ પટાવે છે અને તેથી પોતે ભોજન કરે છે, નંદરાયજીની દાસી અને પોતાના માતૃશ્રીના સખી ત્યા જલપાત્ર લાવે છે, (૧૭) અને તેમાથી પોતાને જલપાન કરાવે છે, મુખકમલ લુછી નાખે છે, પાનના બે બીડા આપે છે, તે ખાતા પોતે આનંદ આપે છે, (૧૮) અધરપર પાનનો રસ સ્રવે છે તેથી પોતે અત્યંત શોભે છે, સખીવૃંદ આર્તિ (નીરાજન) લાવે છે, તેથી પોતે બહુ વિરાજે છે, (૧૯) પોતે દર્શનમા આનંદ આપે છે, દીપકના પ્રકાશથી મુખ હસી રહ્યુ છે, આ પ્રકારે નિત્ય મંગલાઆર્તિ સુધી ભાવના કરવી. અથવા પ્રાતઃકાલમા પ્રભુને જગાડવાની ભાવના નીચે પ્રકારે કરવી

શ્રીયશોદાજી પોતાના પ્રિય પુત્રને પ્રાતઃકાળમા જગાડે છે. (૨૧).

સૂર્ય ઉગ્યો છે, દીપની જ્યોતિ ઝાખી થઈ ગઈ છે હે ગોકુલાધીશ, શયનમાથી ઉઠી આપના મુખકમલના દર્શન કરાવો. (૨૨) હે બાલ, તને ભુખ લાગી હશે, પર્લંગપરથી ઉઠ, વત્સ, મારો બોલ તે કોઇ દિવસ ઉથાપ્યો નથી, અને હમણા આલસ્યવાન્ કેમ થઈ ગયો છે? (૨૩) અહિ સુવર્ણના પાત્રોમા (આવર્તિત) કઢેલુ દુધ, બાંધેલુ દધિ અને મિષ્ટ નવનીત સુંદર રીતે ગોઠવી મુકેલાં છે. (૨૪) આ બધુ તારે માટે જ છે, તારાવિના બીજું કોઇ એને અડકટોનુ નથી તારા મુખારવિંદમાં મુકીને મારો મનોરથ પૂર્ણ કર (૨૫) જાગ જાગ જલદી જાગ, ગોપીઓ તને લલિત પ્રશ્નો કરવા આવી છે હે પુત્ર, તારુ મુખારવિંદ દેખાડ એમના દીન નેત્રોને ઠાર (૨૬) પોતાનું ઘરકામ છોડીને, હે બાલ, સર્વે ગોપીઓ તારા મુખકમલનુ દર્શન કરવા આવી છે, તેમનો મનોરથ સફલ કર (૨૭) પોતાના માતૃશ્રીના આવા વચન શ્રવણ કરીને સ્વામિજીનીતરફ દૃષ્ટિયુક્ત પોતાના નેત્રો ઉઘાડીને પાછા બંધ કરીને શ્રીગોકુલાધીશ ફરીથી પોઢી ગયા (૨૮)

હે સખીઓ, મારા યત્નથી પ્રભુ જાગતા નથી, હુ શુ કરૂ? માટે તમે આવો, તમારા પ્રયત્નથી જાગે તો જગાડો, (૨૯) ગોપીઓ આ પ્રકારના વચન સાંભલીને અતીવ પ્રસન્ન થયાં. પોતાના સ્વામીએ એમને જોયા કામદેવથી[1] એમના હૃદય આકર્ષાયા પોતાના મનમા ઘણા વખતથી ઇચ્છા હતી તે પ્રકારે કર્યું. (૩૦) પોતાના ઉભયે શ્રીહસ્તથી પ્રભુને ભેટીને પ્રભુના શ્રીહસ્ત પોતાના કંઠમાં નાંખ્યા, "હજુ આલસ્ય કેમ ભરાઈ રહ્યુ છે?" એમ કહીને તે સખીએ પ્રભુના ઉભયે કપોલઉપર ચુંબન કર્યું (૩૧) તમારા કપોલ તો બહુ કોમલ છે, તેના ઉપર આ દાંત ક્યાથી પડ્યા? હજુ તો તમે બાલક છો, યુવાવસ્થા તો થઈ નથી, બાલપણામા આવો અનર્થ ક્યાથી? (૩૨) હે સખીઓ, ખરે તમારા હસ્તના સ્પર્શથી જ આ થયુ છે હું તો નિદ્રિત હતો, એટલે તમે શુ કર્યુ તે મને ખબર પડી નહિ (૩૩) "હે

---

[1] અહિ અલૌકિક કામ સમજીને માર્ગથી ભ્રષ્ટ થવુ નહિ, ભક્તિમાર્ગમા કામશબ્દનો અર્થ ભગવાનને અર્થે ભક્તના અંતઃકરણમા અમંદ સમાગમની અભિલાષા થાય છે.

નાથ, નખથી કાંઈ આ થયુ નથી, આ તો દાતના દંશ છે" "ત્યારે હું નિદ્રામા હતો ત્યારે શુ શુ થયું તે તમને ખબર છે ?" (૩૪) "જો આ અમે કર્યું હોત તો પ્રત્યક્ષ (તાજુ) દેખાત, પણ આ તો કઈ સુકાઈ ગયલુ છે માટે રાત્રિમા થયુ છે સમજ્યા" (૩૫) "હે સખીઓ, તમે કહો છો કે રાત્રિમા થયુ છે પણ હજી સવાર ક્યા પડી છે ? હજુ તો ગાઢ રાત્રિ છે જો એમ ન હોય તો કહે, મારા હાથમા કેટલી રેખા છે ? (૩૬) હે કપટી ઉભા રહો, તમારી વાણીની ચાતુરી અમે સમજ્યા બધા લોકના સાભલતા આવાં વચનો કુલસ્ત્રીઓને કહેવાય ? (૩૭) "હા, હા, મારે એકાતમા જ કહેવુ જોઇએ તે ઠીક કહ્યુ. તારા મનનો ભાવ મને ખબર નહતો, તેથી હે અંગને, મારાથી કહેવાઇ ગયુ" (૩૮) વળી, હે ગોકુલાધીશ મારે મુખે તમારા ચરિત્ર હવે સાંભલો તમારા ગુહ્ય ચરિત્ર સર્વ પ્રકટ થશે (૩૯) તમારા નીચલા ઓષ્ઠપર કાજલ ક્યાથી વલગ્યુ ? નેત્રમા પાનનો રંગ ક્યાથી લાગ્યો ? બન્ને ગાલપર ખાસા ચક્ર જેવાં ગોલ ચિન્હ દેખાય છે ! ૪૦

होलीके पद.

राग धनाश्री.

छीप जिन जैयो हो वनवारी खेलन आई है व्रजनारी ॥
वहां सुगंध लाई अगेलामनि निकसी चतुर खेलारी. ॥ १ ॥
वा दीन तुम यो बोली नाही ले सुगंध आंखिनमे डारी ॥
मोंहों मांडे बीन जानन देहो सूरप्रभु सों हतिहारी. ॥ २ ॥

॥ काफी. ॥

मोहन मुनी व्है आये हो ॥
हो ललना सबनको मन हरि लेत ॥१॥
रसमसी चाल चले अलबेलो अंग चढाय विभूति ॥
कानन कुंडल मुकुट विराजत पीतांबर ओढे पीत. ॥१॥
दंड कमंडल गही जपमाला आसन लीयो है बनाय ॥
कोटि जतन राधा पचिहारी मुख बोलते मुसकाय ॥२॥
जगजीवन जोगी व्हे आये अरसपरस लीये ग्वाल ॥
मानो कोटिक भान उदित ससि एस बने नंदलाल ॥३॥
धीग धीग थेई थेई थेई धुन बाजे ईत गोपी उतलाल ॥
आनंदभरी सकल व्रजवनिता बोलत बचन रसाल ॥४॥
ब्रह्मादिक इंद्रादिक मुनिवर देखत कोटि तेतरीस ॥
गोपीनाथ एक ख्याल बनायो सब रचनाको ईस ॥ ५ ॥
जान्यो भेद मदनमोहनको मुख मांडयो सकल सुवास ॥
जेजेकार करत सुर गन सब बरखत कुसुम आकास ॥६॥
नवलको सोर कहांलो बरनो सोभा कहा न जाय ॥
सूरदास बल लाल छबीलको निगम नेति नेति गाय ॥७॥

इमन.

एरी चलहु सखी तहां जैये ॥
नव निकुंजमें खेल मच्योहे रंग रंगनि रंगैये ॥ १ ॥
तजि अभिमान समुझ मन सखीरी श्याम मीले सुख पैये ॥
अरसपरस आलिंगन लैये चुंबन ओठ लगैये ॥ २ ॥
करो सिंगार सुभग तन थोरो मोतिन मांग भरैये ॥
सारी स्वेत पहेरे तन सुखकी आली गुलाल भरैये ॥३॥
रसिक प्रीतम प्यारीसों मीलीये अंतरभाव जनैये ॥
यह विधि फाग सोहाग सखीरी आनंदसिंधु बढैये ॥४॥

॥ राग धनाश्री. ॥

इत माधो उत राधिका ॥ नंदलालन हो ॥
खेलत यमुना तीर ॥ मोहन मूरतिं नंदलालनहो ॥ टेक. ॥
काहूके माथे रोचना ॥ नंद० ॥
काहूके बहोत अबीर ॥ मोहन० ॥ १ ॥
मोहन माथे अरगजा ॥ नंद० ॥
गोपिन बहोत गुलाल ॥ मोहन० ॥ २ ॥
काहु कर पीचकारीया ॥ नंद० ॥
काहुके केसर भाला ॥ मोहन० ॥ ३ ॥
चोवा चंदन छीरकही ॥ नंदा० ॥
बूका बंदन धूर ॥ मोहन० ॥ ४ ॥
शेप पाताले मोहीयो ॥ नंद० ॥
मोहे चंदा सुर ॥ मोहन० ॥ ५ ॥
डफ दुंदुभी सोहावनी ॥ नंद० ॥
ताल मृदंग उपंग ॥ मोहन० ॥ ६ ॥
गोकुल तें गोपी चली ॥ नंद० ॥
बजावत बीन अरु चंग ॥ मोहन० ॥ ७ ॥
सूर सुमन बरखा करे ॥ नंद० ॥
लीला देखन आय ॥ मोहन० ॥ ८ ॥
जुगल चरण रज पायके ॥ नंद० ॥
आसकरन बल जाय ॥ मोहन ॥ ९ ॥

સ્વધર્મના મુખ્ય સિદ્ધાન્તો.

૧. જગત્ સત્ય છે.
૨. જગત, જીવ, અન્તર્યામી, અક્ષર ઇત્યાદિના નિમિત્ત અને ઉપાદાન કારણ શુદ્ધ નિર્ગુણ બ્રહ્મ શ્રીકૃષ્ણપરમાત્મા જ છે.
૩ જીવે અવિદ્યાથી કલ્પેલો અહન્તામમતાત્મક સંસાર મિથ્યા છે.
૪. જીવ અણુ છે, શુદ્ધ નિર્ગુણ બ્રહ્મનો અંશ છે, વ્યાપક નથી
૫ પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રીકૃષ્ણનું ધામ અક્ષરબ્રહ્મ સચ્ચિદાનંદ છે.
૬ સર્વોપરિ, વેદાદિશાસ્ત્રે પ્રતિપાદિત પરમકાષ્ઠાપન્ન વસ્તુ શ્રીકૃષ્ણ જ છે.
૭ શ્રીકૃષ્ણની સેવા એ જ અંશ જીવનો ધર્મ છે, એટલે વસ્તુતઃ સ્વધર્મ શ્રીકૃષ્ણસેવા જ છે.
૮. આત્મનિવેદન અને પ્રભુપ્રપત્તિ વિના અન્ય નિજધર્મ હોઈ શકે જ નહિ

વિદ્વન્મણ્ડન.

(અનુવાદક–**નાનુલાલ નારાયણદાસ ગાંધી**, M A, LL. B)

શ્રીમદ્વલ્લભાધીશ્વરના દ્વિતીય કુમાર શ્રીવિઠ્ઠલેશ્વરપ્રભુચરણના 'વિદ્વન્મંડન' નામક ગ્રન્થથી કયો વૈષ્ણવ અજ્ઞાત હશે? 'પુષ્ટિભક્તિસુધા'ના વાચકોએ પુ. ભ. સુ. ના બીજા વર્ષના અંકોમાં તે ગ્રંથના તાત્પર્યનો અંશતઃ અનુભવ કર્યો છે જ. માયાવાદના સંપૂર્ણ ખંડન સાથે સ્વસંપ્રદાયના સિદ્ધાંતોનું ઉદ્ઘાટન, શ્રુતિ અને યુક્તિઓના અપૂર્વ બલથી સ્વસિદ્ધાંતોનું પોષણ જેવું આ ગ્રંથમાં જોવામાં આવે છે તેવું અન્ય ગ્રંથમાં નથી જ. પુષ્ટિમાર્ગના માર્મિક તાત્પર્યો સમજાવવાને માટે આ ગ્રંથ જેવો ઉપયુક્ત થઈ પડે છે, તેવો અન્ય નથી થઈ પડતો, ટૂંકામાં એટલું જ કે આ ગ્રંથ એક જ વખત વાંચીને તૃપ્ત નહિ થાઓ, પણ વારંવાર વાંચ્યા જ કરશો. ભાષા સરલ છે. સાધારણ ગુજરાતી જાણનાર પણ ઉચ્ચ સિદ્ધાંતોને આ ગ્રંથથી સમજી શકશે

ગ્રન્થ-રોયલ આઠપેજી ૩૩ ફૉર્મનો છે, છતાં નોછાવર માત્ર રૂ. ૧–૮–૦ રાખ્યું છે. ગ્રંથ ક્યારનો પ્રકટ થઈ ગયો છે

મળવાનું ઠેકાણું:–
શા. ઉત્સવલાલ ગોપાલદાસની કંપનિ.
મૂળજી જેઠા મારકેટ, કામધેનુ ગલ્લી.
મુંબઇ નં. ૨.

Reg. No. B. 896.

પુષ્ટિભક્તિસુધાના ગ્રાહકો તથા વાચકોને ખાસ વિજ્ઞપ્તિ.

ચાર વર્ષ થયાં આ માસિક વૈષ્ણવોની સેવા કરી રહ્યું છે, પુષ્ટિમાર્ગનું, રસનું, ભક્તિનું અને શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનું શુદ્ધ સ્વરૂપ સમજાવવા અનવરત પ્રયત્ન કરી રહ્યું છે; અને પુષ્ટિમાર્ગને નામે ચાલતા ઘોટાળા અને પ્રતારણાને ઉઘાડા પાડી અધમ 'વિષયગ્રસ્ત મનુષ્યોની અધમતા બેધડક ખુલ્લી કરી, શુદ્ધ સુંદર પુષ્ટિમાર્ગ શું છે તે સરલતાથી વાચકોને દર્શાવી રહ્યું છે. આ માસિકના લેખકો નિઃસ્વાર્થથી સર્વ લેખો લખે છે, અને કાર્યવાહકો દ્રવ્ય, સમય, અને બુદ્ધિથી સહાય કરે છે, તોપણ અમે જોઈએ છીએ કે વૈષ્ણવો, વાચવાને આતુર છતાં માત્ર રૂ. ૨) વર્ષદિવસે ભરી ગ્રાહક થતા નથી, માટે અમારી વિજ્ઞપ્તિ છે કે દ્રવ્યવાન્ વૈષ્ણવોએ ૫-૧૦ કોપી લઈ મદદ કરવી, અને શુદ્ધ ધર્મ સમજવાની ઇચ્છાવાન્ દરેક વૈષ્ણવે એક કોપી તો અવશ્ય લઈ સહાય કરવી જે કાંઇ પણ દ્રવ્ય બચશે, તો 'માસિકનું કદ વધારવામાં, ભેટ આપવામાં, અથવા પ્રાચીન પુસ્તકો' છપાવવામાં ખર્ચવામાં આવશે' આ માસિકના શુભેચ્છકોએ-શુદ્ધ પુષ્ટિમાર્ગના શુભેચ્છકોએ-આ વિજ્ઞપ્તિ અવશ્ય ધ્યાનમાં રાખી માસિકની ઉન્નતિમા સહાય કરવી

નિવેદન.

પુ. ભ. સુ. ના જે ગ્રાહકોએ ચાલુ વર્ષનું નોછાવર હજુ સુધી નથી મોકલી આપ્યું, તેઓને તે મોકલી આપવાની સવિનય સૂચના કરીએ છીએ જો નહિ મોકલી આપવામાં આવે તો છેલ્લો ૧૨ મો અંક વી. પી. થી મોકલવામા આવશે.

જે ગ્રાહકોએ પુ. ભ. સુ ના આઠ અંકો લઇને વી. પી. મોકલવાના પત્રનો જવાબ પણ ન આપતાં વી. પી થી મોકલેલા અંકો નહિ સ્વીકારીને આ નિઃસ્વાર્થ ધાર્મિક કાર્યમાં વિઘ્ન નાખવા જેવું કર્યું છે, તેઓએ કૃપા કરીને નોછાવર મોકલી આપવું અથવા ૧૨ મો અંક વી. પી સ્વીકારવા તસ્દી લેવી.

વર્ષ ૪ થું] શ્રીકૃષ્ણાબ્દ ૫૦૩૯, માઘ-ફાલ્ગુન

पुष्टिभक्तिसुधा.

ગ્રંથ ૧૧, શ્રીવલ્લભાબ્દ ૪૩૬ અંક ૧૧-૧૨.]

नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन
यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा वृणुते तनुं स्वाम् ॥१॥
नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया ।
शक्य एवंविधो द्रष्टुं दृष्टवानसि मां यथा ॥ २ ॥
भक्त्या त्वनन्यया शक्यः अहमेवंविधोऽर्जुन ।
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परंतप ॥ ३ ॥

તંત્રી તથા પ્રકાશક
વાડીલાલ નગીનદાસ શાહ,
બી.એ., એલ્.એલ્.બી., વકીલ, હાઇકોર્ટ.
મુંબાઈ.

પ્રત ૭૫૦

નોછાવર રૂ. ૨-૦-૦

છુટક અંકના રૂ. ૦-૪-૦

Printed by Somalal Mangaldas Shah at the Gujarat Printing Press AHMEDABAD,
and published by Vadilal N Shah B A, LL B, Princess Street, Bo

आवश्यक निवेदन.

૧. આ માસિકસંબંધી સઘળો પત્રવ્યવહાર પ્રકાશકને નામે કરવો.

૨. આ માસિક દરેક માસની કૃષ્ણ એકાદશીએ પ્રકટ થાય છે.

૩. આ માસિકમાં છપાવવાને આવેલા લેખો લેવા ન લેવા તેમ જ તેમાં યોગ્ય સુધારોવધારો કરવો પ્રકાશકની ઇચ્છાધીન છે.

૪. શ્રીમદ્વલ્લભાચાર્યજીના સિદ્ધાન્તાનુસાર જ લેખ લેવામાં આવશે.

૫. વર્ષનુ નોછાવર પ્રથમથી લેવામા આવે છે

૬. આ માસિકના પરિવર્તનમા જેમના તરફથી માસિક વા પત્ર મળશે તેમને વગર નોછાવરે આ માસિક મોકલવામા આવશે

૭ કોઈ પણ બાબતની ખબર મંગાવવી હોય તો જવાબને સારૂ ટિકિટ બિડવી, તે સિવાય જવાબ આપવામા આવશે નહિ.

૮. આ માસિકમા જાહેર ખબર છપાવવી હોય કે હેન્ડબિલ વહેંચાવવાં હોય તેમણે પ્રકાશકને લખવુ અથવા મળવુ.

પુષ્ટિભક્તિસુધાકાર્યાલય,
પ્રિન્સેસ સ્ટ્રીટ
મુંબાઈ. } પ્રકાશક.

અનુક્રમણિકા.

વિષયો. — લેખકો.
૧ મૈત્રેયી અને યાજ્ઞવલ્ક્યની સુંદર કથા .. Mr. D. B.A. LL B.
૨. બ્રહ્મવાદ અને માયાવાદ... ... ... રા. રા. હરિલાલ જે. કોઠારી B A
૩ નરસિંહ મહેતા ... ... રા. રા. દેસીવાલા. B A.
૪ મિ. ત્રિવેદીને બે બોલ... ... ... રા. રા કાશીદાસ નારણદાસ [illegible]. B. A. LL. B
૫ લીલાવૈચિત્ર્ય. ... ... રા. લીલાલોચક.
6. An Examination of S'ankara's Refutation of the Sāmkhya System, } Mr. M. G. S'astri. M. A.

गुजराती
विठ्ठलभाई
पटेल रोड.
मुंबई ४

યાજ્ઞવલ્ક્ય અને મૈત્રેયીની સુંદર કથા.

વિવેચન—બ્રહ્મવાદનું આ કથામાં ઘણું સુંદર વર્ણન છે. મૈત્રેયીને બ્રહ્મ શું છે તે સમજવાની ઉત્કટ ઇચ્છા હતી તે પ્રથમથી જ કહ્યું છે. યાજ્ઞવલ્ક્ય મુનિ પોતાની બે સ્ત્રીઓ સાથે અરણ્યમાં રહેતા હતા, ત્યાંથી સન્યાસ લઇ ચાલી જતાં પહેલાં પોતાની સ્ત્રીઓને ભાગ પાડી આપવાનો વિચાર કરી, સ્ત્રીઓને તે વાત કરી ઘરકામમાં ડાહી કાત્યાયની તો બિચારી શું બોલે? પણ ચતુર મૈત્રેયી બોલી કે 'મારા શિરના છત્રરૂપ તમે ચાલ્યા જાઓ છો તો હવે દ્રવ્યથી મારૂં શું વળવાનું છે? તમે અમૃતત્વ પ્રાપ્ત કરવાને અમને અને સંસારને છોડીને જાઓ છો તો તે અમૃતત્વ શું તે અમને પણ સમજાવો, જે જાણવાથી તમે અમારો ત્યાગ કરો છો, તે વસ્તુ–અમૃતત્વ–અમને સમજાવો' યાજ્ઞવલ્ક્ય મુનિ પ્રસન્ન થયા, અને શુદ્ધ અદ્વૈત બ્રહ્મવાદ પોતાની પત્નીને ઔપનિષદ સરલતાથી સમજાવ્યો પતિ, પત્ની, પુત્ર, વિત્ત, પશુઓ, બ્રાહ્મણત્વ, ક્ષાત્રત્વ, લોક, દેવો, વેદો, પ્રાણીઓ સર્વ આત્માને માટે જ પ્રિય થાય છે એમ કહી આત્મા દ્રષ્ટવ્ય, શ્રોતવ્ય, મંતવ્ય, નિદિધ્યાસિતવ્ય છે એમ કહ્યું, અને આત્માનું દર્શન, શ્રવણ, મનન, નિદિધ્યાસન કરવાથી, આત્માનું વિજ્ઞાન થવાથી, સર્વનું વિજ્ઞાન થાય છે એમ સમજાવ્યું.

હવે આત્મા તે શું તે આગલ સાતમા પેરેગ્રાફમાં સમજાવે છે બ્રાહ્મણત્વ, ક્ષાત્રત્વ, લોક, દેવ, વેદ, પ્રાણી સર્વ આત્મામાં છે, અન્યત્ર નથી, અન્યત્ર જે જાણે, તેનો બ્રાહ્મણત્વ, ક્ષાત્રત્વ, લોક, દેવ, વેદ, પ્રાણી સર્વે ત્યાગ કરે. આ ઉપર કહેલા સર્વ આત્મામાં છે એટલું જ નહિ, પણ આ સર્વ જે છે તે સર્વ આત્મા છે.

અહિં આપણે અટકી વિચાર કરવાનો છે. અહિ જીવાત્માની વાત છે કે પરમાત્માની વાત છે? એક જીવને આત્મા કહ્યો છે કે સર્વને આત્મા કહ્યા છે? લોક, દેવ, વેદ, પ્રાણી સર્વને ઘણી સ્પષ્ટ રીતે આત્મા કહેવાથી, આમાંથી સુંદર બ્રહ્મવાદ ફલિત થતો નથી? આમાંથી માયાવાદ ફલિત થાય છે શું? આમાંથી જગત્ મિથ્યા છે એમ ફલિત થાય છે કે જગત્ આત્મા છે, બ્રહ્મ છે, એમ ફલિત થાય છે? જગત્‌માંના બ્રાહ્મણ, ક્ષત્રિય, લોક, દેવ, વેદ, ભૂતપ્રાણી, એ સર્વ આત્મા છે, તો પછી મિથ્યા અથવા માયિક શું રહ્યું? ના, ના, આ સર્વ માયિક નથી, પણ બ્રહ્મ છે, सर्वं खलु इदं ब्रह्म એમ અંગુલિથી બતાવીને શ્રુતિ કહી રહી છે, અને આ સર્વ મિથ્યા છે, માયિક છે, એમ કહેનારને આ સુંદર શ્રુતિ ખોટા પાડે છે, ઘણા સ્પષ્ટ શબ્દોમાં ખોટા પાડે છે. શ્રુતિનો અર્થ સ્વાભાવિક, સરલ અને સ્પષ્ટ છે, માટે નિષ્પક્ષપાતી વાચકે આ શ્રુતિ વાંચી, સમજી, મનન કરી, તેનો નિદિધ્યાસ કરી, 'મિથ્યાવાદનો, માયાવાદનો', સર્વથા ત્યાગ કરવો, ઘણાં વર્ષથી હૃદયમાં આરૂઢ થયલો

રીતે કરેલુ છે. શ્રુતિ દુંદુભિ, શંખ, વીણા અને લીલા કાષ્ઠના અગ્નિના દૃષ્ટાંત આપે છે યાજ્ઞવલ્ક્ય મુનિ કહે છે કે હે મૈત્રેયિ, તારે આત્માને સમજવો હોય તો બાહ્ય વસ્તુઓને પકડવાથી આત્માનું સ્વરૂપ સમજાશે નહિ, પણ મૂળને જ પકડ આ સર્વ જગત્ દુંદુભિના આઘાત જેવુ, (ઢોલના અવાજ જેવુ), શંખના નાદ જેવુ, વીણાના વાદ જેવુ, લીલા કાષ્ઠના અગ્નિમાથી નીકળતા ધૂમ જેવુ છે. તે દુંદુભિના આઘાતને પકડવાથી, શંખના નાદને પકડવાથી, વીણાના વાદને પકડવાથી, જેમ દુંદુભિ, શંખ કે વીણા પકડાતી નથી, પણ દુંદુભિ, શંખ અને વીણા પકડવાથી તેમના શબ્દો તુરત પકડાય છે, તેમ આ આત્માને પકડવાથી–મૂળને પકડવાથી–આ સર્વ જગત્ પકડાય છે, સમજાય છે. જેમ દુંદુભિ અને તેનો આઘાત તેમ બ્રહ્મ અને સર્વ જગત્, જેમ શંખ અને તેનો ધ્વનિ તેમ બ્રહ્મ અને સર્વ જગત્, જેમ વીણા અને તેનો નાદ તેમ બ્રહ્મ અને સર્વ જગત્. દુંદુભિનો આઘાત, શંખનાદ અને વીણાવાદ કાંઈ મિથ્યા નથી, પણ એ સર્વ દુંદુભિ, શંખ અને વીણાના પરિણામ છે, વિવર્ત નથી, તેમ જ આત્મા અને આ જગત્ છે. જેમ લીલા લાકડાનો અગ્નિ અને તેનો ધુમાડો, તેમ જ આત્મા અને જગત્, જેમ ધૂમ લીલા કાષ્ઠના અગ્નિનું પરિણામ છે તેમ જગત્ અવિકૃત બ્રહ્મનું પરિણામ છે.

હજુ કાંઈ મિથ્યાવાદ મનમા ભરાઈ રહેતો હોય તો શ્રુતિ કહે છે કે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વાંગિરસ, ઇતિહાસ, પુરાણ, વિદ્યા, ઉપનિષદો, શ્લોકો, સૂત્રો, અનુવ્યાખ્યાનો, વ્યાખ્યાનો, યજેલુ, હોમ કરેલુ, ભોગ ધરેલુ, પાન કરાવેલુ, આ લોક, પરલોક, સર્વપ્રાણીઓ આ સર્વ આ મહાભૂતના નિઃશ્વાસ છે, (મિથ્યા નથી).

આનાથી વિશેષ સ્પષ્ટ કેમ કહેવાય ? આ વાંચ્યાપછી, સમજ્યાપછી પણ બ્રહ્મવાદ ન રુચતો હોય, અને માયાવાદ જ ઇષ્ટ હોય તો તેવા વાચકને પ્રણામ છે, વિશેષ કહેવુ નિરર્થક છે. માત્ર એટલુ જ કે આ આખા પ્રસંગમા શ્રુતિમા માયા કે મિથ્યા શબ્દ પણ નથી જ ! આત્મા, બ્રહ્મ વગેરે શબ્દના મૂળનો વિચાર કરશો તો પણ તેમાથી આ સર્વ જગત્ સ્વાભાવિક રીતે થાય છે, એમ માલમ પડશે. આત્મામા અત્ ધાતુ છે અત્ એટલે પ્રસરવુ. બ્રહ્મનુ મૂળ બૃંહ્ છે. બૃંહ્ એટલે વધવુ. આ પ્રસરવુ, વધવુ વગેરે આત્મા અને બ્રહ્મના અર્થોનુ અનુસંધાન ઉપલા દુંદુભ્યાઘાત, શંખનાદ, અને વીણાવાદના દૃષ્ટાંતો સાથે કરી લેવુ. જેમ તે રવે પ્રસરે છે તેમ આત્મા પણ પ્રસરે છે, જેમ દુંદુભિ–આઘાત પ્રસરવા છતાં દુંદુભિ અવિકૃત રહે છે, જેમ શંખનાદ પ્રસરવા છતા શંખ અવિકૃત રહે છે, જેમ વીણાવાદ પ્રસરવા છતાં વીણા અવિકૃત રહે છે, તેમ જ આત્મા સર્વ જગત્રૂપે પ્રસરવા છતાં આત્મા અવિકૃત રહે છે.

અસ્ય મહતો ભૂતસ્ય નિઃશ્વસિતમ્–આ શબ્દો પણ બહુ વિચારવા જેવા છે. આત્માને મહત્ભૂત કહ્યો છે, અત્યંત નિર્ધર્મક, vacuum કહ્યો નથી. આ જ પ્રસંગમાં આગલ નેતિ નેતિ કહી બાહ્ય વસ્તુઓથી નકાર કર્યો છે એટલું જ. આપણી પરિણામરૂપ, ભૌતિક ઇંદ્રિયોથી ગ્રહણ કરી શકાય નહિ જ, કારણ કે તે સર્વનું મૂળરૂપ છે, પણ આત્મા અત્યંત નિર્ધર્મક કે vacuum નથી, મહદ્ભૂત છે. એનું ગ્રહણ ન થવામાં કારણ પરિણામરૂપ મન બુદ્ધિ વગેરે વસ્તુઓની અશક્તિ છે, આત્માની જ નિર્ધર્મકતા નથી. સર્વધર્મોપપત્તેશ્ચ, સૂત્રમા

કહ્યું છે કે આત્મા તો સર્વધર્મવાન્ છે, સર્વરૂપવાન્, સર્વશક્તિમાન્ છે, કેમકે તે મૂલરૂપ, સર્વકારણનુ કારણ મહાભૂત છે

એમ આત્મા મહાભૂત હોવાથી દેશકાલથી પરિચ્છિન્ન થઇ જશે, એવી શંકા પણ ન કરવી. દેશકાલ વગર વિચાર થઇ શકે જ નહિ એ પણ મનુષ્યના મનની ખામી છે, આત્માની નથી. એ ખામી કેમ દૂર કરવી અને ક્યારે દૂર થાય તે કોઇ અન્ય પ્રસંગે કહીશું. ઇંદ્ર, વરુણ, યમ વગેરે દેવતાઓ પણ આપણી લૌતિક ઇંદ્રિયોથી દૃશ્ય કે ગ્રાહ્ય નથી, માટે દેવતાઓ નિર્ધર્મક કે vacuum છે એમ કહેવાય? જો એમ કહીએ તો એનો અર્થ એ જ કે આપણે દેવતાઓનુ અસ્તિત્વ જ સ્વીકારતા નથી તેમજ બ્રહ્મને અત્યંત નિર્ધર્મક માનનાર બ્રહ્મને માનતો જ નથી એ સિવાય એનો બીજો કોઇ અર્થ થતો નથી

આ મહાભૂતનો—આત્માનો—નિશ્વાસ તે આ સર્વ જગત્ આ વિવિધ પદાર્થોવાળા જગત્નુ મૂલ તેમ જ સ્થાન બ્રહ્મ જ છે, તે દર્શાવતા શ્રુતિ આગલ કહે છે કે જેમ સર્વજલનુ સ્થાન સમુદ્ર છે, સર્વસ્પર્શનુ સ્થાન ત્વક્ છે, સર્વગંધનુ સ્થાન નાસિકા છે, સર્વરસનું સ્થાન જીહ્વા છે, સર્વરૂપનુ સ્થાન ચક્ષુ છે, સર્વશબ્દનુ સ્થાન શ્રોત્ર છે, સર્વસંકલ્પનુ સ્થાન મન છે, સર્વવિદ્યાનુ સ્થાન હૃદય છે, સર્વકર્મનુ સ્થાન હસ્ત છે, સર્વઆનંદનું સ્થાન ઉપસ્થ છે, સર્વવિસર્ગનુ સ્થાન વાયુ છે, સર્વમાર્ગનુ સ્થાન પગ છે, સર્વવેદનું સ્થાન વાણી છે, તેમ જ સર્વનું સ્થાન આત્મા છે

વાચક, આ ઉપરથી એ જ ફલિત થાય છે કે સર્વનુ મૂલ, આદિ કારણ આત્મા છે, તેમ જ સર્વનો આધાર પણ આત્મા જ છે કારણ અને કાર્ય બન્ને સત્ય છે મિથ્યા સદસત્ એવી અનિર્વચનીય માયા કારણ નથી, અને મિથ્યાભૂત જગત્ કાર્ય નથી, પણ સત્ય બ્રહ્મનુ—આત્માનુ કાર્ય સર્વ જગત્ સત્ય છે

આ આત્મા કેવો છે? અંતર્બહિર્ભાવથી રહિત રસઘન છે, પ્રજ્ઞાનઘન છે, ત્રણે દોષથી રહિત છે, અવિનાશી છે, ઉચ્છેદ ન થઇ શકે એવા એનામા નિત્યધર્મ છે

હવે શુદ્ધ બ્રહ્મવાદનુ અમૃતત્વ યાજ્ઞવલ્ક્ય મુનિ કહે છે. હે મૈત્રેયિ, જ્યાસુધી, આ સર્વ જગત્ આત્મા છે એવો અનુભવ થતો નથી, ત્યાસુધી દ્વૈત ભાસે છે, અને અન્ય અન્યને જુએ છે, સુંઘે છે, વગેરે, પણ જ્યારે આનુ સર્વ આત્મા જ થઇ ગયુ, (માયા કે મિથ્યા નહિ), [यत्र तु अस्य सर्वमात्मैवाभूत्] ત્યા સર્વ શુદ્ધ અદ્વૈત બ્રહ્મ હોવાથી કોણ કોનાવડે કોને જુએ? કોનાવડે કોને સુંઘે? વગેરે. આ જ શુદ્ધ અદ્વૈત બ્રહ્મજ્ઞાન, આ જ અમૃતત્વ।

આ પ્રમાણે આ સુંદર શ્રુતિમાં યાજ્ઞવલ્ક્ય મુનિએ મૈત્રેયીને અમૃતત્વ શીખવ્યુ વાચક સારી રીતે સમજ્યો હશે કે અહિં આત્માનો અર્થ બ્રહ્મ અથવા પરમાત્મા છે વેદમા આત્માનો અર્થ જીવ થતો નથી પણ બ્રહ્મ જ થાય છે અહિ માત્ર જીવને આત્મા કહ્યો નથી, પણ દેવ, વેદ, પ્રાણી, લોક, સર્વને આત્મા કહ્યા છે, માટે અહિ માત્ર જીવની વાત નથી તેમ જ "આત્માને માટે સર્વ પ્રિય થાય છે" એમ કહેવાથી "સ્વાર્થ"ને માટે તે સર્વ પ્રિય થાય છે, એવો અર્થ પણ નથી, માટે શંકર આ સુંદર શ્રુતિને "लोकप्रसिद्धानुवादिनी*"

---

* अ २ पा. १ अ. ११ सू. ३२

(બધું સ્વાર્થને માટે વહાલું લાગે છે એમ લોકમાં પ્રસિદ્ધ છે તેનો અનુવાદ કરનારી) કહે છે તે ખોટું છે. અહિં આત્મા એટલે સ્વાર્થ કે જીવ નથી જ, એ તો સુજ્ઞ વાચક સરલતાથી સમજી શકે છે, તેમ જ શંકર બૃહદારણ્યકોપનિષદ્‌ના ભાષ્યમાં જીવ અને આત્માનો જે વિપ્લવ કરે છે તે પણ અનર્થ જ છે. મૈત્રેયી કાંઇ મૂર્ખ ન હતી કે લોકપ્રસિદ્ધ સ્વાર્થ તેને યાજ્ઞવલ્ક્ય મુનિ સમજાવવા બેસે. બ્રહ્મવાદજીજ્ઞાસિની મૈત્રેયીને બ્રહ્મ અમૃતત્વ—શું તે સમજાવે છે. જ્યાં સુધી અમૃતત્વ શું તે સમજ ન પડે ત્યાં સુધી દ્રવ્ય વગેરે કાંઇ જ ન રુચે, એ તો મૈત્રેયીએ પોતે જ કહ્યું છે, અને તેથી જ દ્રવ્યની દરકાર ન કરતાં અમૃતત્વ માગ્યું, તે અમૃતત્વ તે આત્મજ્ઞાન, બ્રહ્મજ્ઞાન જ, જીવજ્ઞાન નહિ, જીવના કારણનું જ્ઞાન જેમ લોક, વેદ, દેવ ભૂતો સર્વે આત્મામાંથી નીકળે છે, તેમ જીવ પણ આત્મામાંથી વ્યુચ્ચરણ પામે છે, અને લોક, વેદ, દેવ, ભૂત, જેમ આત્માનું અવિકારી પરિણામ હોવાથી આત્મા છે, તેમ જીવ પણ આત્માનું અવિકારી પરિણામ હોવાથી આત્મા છે, પણ તે મૂલ કારણરૂપ આત્મા નથી જ. જીવ ઉપરાંત બીજો કોઇ આત્મા જ નથી એમ કહેવામાં શંકરે સજ્જડ ભૂલ કરી છે, કેમ કે જ્યારે જીવને બ્રહ્મભાવ પ્રાપ્ત થાય ત્યારે પણ આત્માના, બ્રહ્મના, સર્વે ગુણ જીવાત્મામાં આવતા નથી, એમ તો શંકરને પોતાને जगद्व्यापारवर्जं એ સૂત્રમાં કહેવું પડે છે. છેલ્લે તાત્પર્યમાં એટલું જ કહેવાનું કે આ સુંદર શ્રુતિ કહે છે કે સર્વ જે છે તે બ્રહ્મ છે, सर्वं खल्विदं ब्रह्म; એમ નહિ કે જગત્ મિથ્યા છે માટે જગત્‌માંના સર્વ લોક, વેદ, દેવ, પ્રાણીને મિથ્યા, માયા ગણવા, અને બાકી રહ્યું તે ब्रह्म. આ જ ब्रह्मवाद અને मायावादनुं તારતમ્ય. जन्माद्यस्य यतः शास्त्रयोनित्वात्, तत्तु समन्वयात् વગેરે સૂત્રોમાં પણ શ્રીવેદવ્યાસ જગત્‌નું સમવાયિ અને નિમિત્ત કારણ બ્રહ્મ કહે છે. ગીતામાં શ્રીકૃષ્ણ પણ वासुदेव इदं सर्वं એમ કહે છે, મિથ્યા કહેતા નથી. આવા સહસ્ર પ્રમાણો છતાં માયાવાદી સૃષ્ટિની ઉત્પત્તિની સર્વ શ્રુતિઓને માત્ર અર્થવાદ—ખોટી કહે છે. આમ ઉંધું માનવાનું કારણ તપાસતાં અમને તમોગુણ અને તેથી ઉદ્‌ભવતો અહંકાર જ લાગે છે. તીવ્ર મેધાના મદથી મદોન્મત્ત થયલો વિમુખ જીવ દીનતારહિત થઇ જાય છે, અને એમ માને છે કે હું પોતે જ બ્રહ્મ—સર્વનું કારણ છું માટે રુદ્રના અવતાર શંકરની તામસ બુદ્ધિથી ન અંજાતાં શુદ્ધ અર્થ સમજવા પ્રયત્ન કરવો એ આપણું આવશ્યક કર્તવ્ય છે.

સર્વત્ર બ્રહ્મભાવ જ્યારે જીવને પ્રાપ્ત થાય છે ત્યારે ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે કે તેમઃ

ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति ।
समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ॥

સર્વત્ર બ્રહ્મભાવ પ્રાપ્ત થવાથી આત્મા પ્રસન્ન થાય છે, શોક રહેતો નથી, ઇચ્છા રહેતી નથી, સર્વ ભૂતમાં સમતા અનુભવાય છે—આ અમૃતત્વ, આ બ્રાહ્મી સ્થિતિ થયા પછી શું થાય તે આ શ્રુતિનો વિષય નથી, તે છતાં કાંઇક દિગ્દર્શન કરવું ઉચિત છે. શ્રીકૃષ્ણ કહે છે કે બ્રહ્માનંદ પ્રાપ્ત કર્યા પછી मद्भक्तिं लभते पराम्; સર્વ બાહ્ય પ્રપંચને બ્રહ્મરૂપ સમજ્યા પછી આંતર્વૃત્તિ થઇ જાય છે અને ભક્તને પૂર્ણ પુરુષોત્તમના દર્શન થાય છે. पुरुषस्तु परः पार्थ भक्त्या लभ्यस्त्वनन्यया, અને તેની પરાભક્તિ પ્રાપ્ત થાય છે.

માયાવાદથી ભુરકાયલા છતાં [illegible] સ્વાભાવિક દીનતાવાન્ અને દીનતાથી ઉદ્‌ભવતી

શુદ્ધ ભક્તિમાન્ જીવો પણ "ભક્તિ કોની કરવી ? अहं ब्रह्मास्मि". આવા પ્રશ્ન ઘણીવાર કરે છે, જે પ્રશ્નનું યોગ્ય ઉત્તર ન મળતાં કવચિત્ મોહના વમળમા પડેલા એવા જીવોનો વિનાશ પણ થાય છે.

શ્રીવલ્લભાચાર્યે નિબંધમાં કહ્યુ છે કે—

बुद्धावतारे त्वधुना हरौ तद्वशगा सुरा ॥
नानामतानि विप्रेषु भूत्वा कुर्वंति मोहनम ॥
यथाकथंचित् कृष्णस्य भजनं वारयंति हि ॥
अयमेव महामोहो हीदमेव प्रतारणम् ॥
यत्कृष्णं न भजेत् प्राज्ञ शास्त्राभ्यासपर कृती ॥
तेषां कर्मवशाना हि भव एव फलिष्यति ॥

અર્થ—હમણાં આ કલિયુગમા હરિએ બુદ્ધાવતાર ધારણ કરવાથી તેને અધીન દેવતાઓ બ્રાહ્મણોમા અવતાર લઇ અનેક મત પ્રવર્તાવી મોહ ઉત્પન્ન કરે છે, અને ગમે તે પ્રકારે કૃષ્ણના ભજનને અટકાવે છે. આ જ મહામોહ છે, આજ પ્રતારણા (ઠગ) છે કે પ્રજ્ઞાવાન્ શાસ્ત્રાભ્યાસમાં મગ્ન અને સુકૃત કરનાર છતા પણ કૃષ્ણનું ભજન કરતા નથી. એવા કર્મવશ મનુષ્યોને પુનર્ભવ એ જ ફલ પ્રાપ્ત થશે.

માટે જીવે દીન થઇ બ્રહ્મભાવ પ્રાપ્ત કરી, પોતે બ્રહ્મના, પરમાત્માના અંશ હોવાથી પરમાત્માની સેવા કરવી. આ શ્રુતિ કહે છે કે यो यदंश स तं भजेत. વાચક, જો તુ જીવને બ્રહ્મ માનતો હોય તો તુ જે બ્રહ્મનો અંશ છે તે બ્રહ્મને ભજ પણ જો તું જીવને મિથ્યા માનતો હોય તો માયાના અંધારા ખાડામા તુ જરૂર પડશે, કેમકે તુ પોતાને મિથ્યા આભાસ કે પ્રતિબિંબ માને છે, અને બ્રહ્મ અત્યંત ધર્મરહિત તારા માનવા પ્રમાણે હોવાથી કોણ કોનુ ભજન કરશે ? સર્વત્ર માત્ર અંધકારે પ્રસરી રહેલો અંધકારમા ગોથા ખાતો મદોન્મત્ત જીવ આ શ્રુતિ તો વ્યવહારદશાની, અને આ તો પરમાર્થદશાની, એવા મનકલ્પિત વિભાગ કલ્પી સર્વવિરોધ કરતા પણ ચુકતો નથી આવા ઉંધા પાટા બાંધવા બંધાવવાનું તાત્પર્ય શુ ? પરિણામ શું ? ભક્તિનો ઉચ્છેદ अहं ब्रह्मास्मिનો ઉંધો અર્થ કરી મદોન્મત્ત બનનાર કોની ભક્તિ કરે ? વળી માયાવાદીનો ઈશ્વર પણ માયાવી, માત્ર માયાનુ માયિક પુતળુ. એવા પુતળા જેવા ખોટા ઈશ્વરની ભક્તિ કરવાનુ કોને મન થાય ? માયાવાદીએ માત્ર અહિં જ ઘોટાળો કર્યો છે એમ નથી, પણ સર્વત્ર માયાવાદનો અંધકાર પ્રસારવાને ખોટા અર્થ કરવા પડયા છે. तत्त्वमसिનો અર્થ કરતા માયાવાદી કહે છે કે तत् બ્રહ્મમાંથી બ્રહ્મના સર્વ ગુણ (બ્રહ્મમા ગુણ માયાવાદીના સિદ્ધાંતમા છે જ નહિ છતા) કાઢી નાખવા, અને त्वम् જીવમાંથી જીવના સર્વ ગુણ કાઢી નાખવા, પછી જે કેવલ ચૈતન્ય રહ્યુ તે આત્મા, તે બ્રહ્મ આ પ્રમાણે જહદજહલ્લક્ષણા કરી નાગા જીવ અને નાગા બ્રહ્મનું ઐક્ય સાધે હવે એ અર્થ તપાસવાને માટે આપણે એ પ્રસંગ લઇશુ.

ब्रह्मवाद अने मायावाद.

(અનુસધાન પત્ર ૨૪૩ થી).

વળી પાછા તમે જો ફરી બેસીને કહેશો કે મિથ્યા વિશિષ્ટત્વ એ તો અજ્ઞાનમા પારમાર્થિક દૃષ્ટિથી, માયાવિશિષ્ટત્વ વા સગુણ ઈશ્વરનો સદ્ભાવ જ ક્યા છે ? ત્યારે ભાઈ તમને કહીએ છીએ કે તત્ત્વદૃષ્ટિથી જ તત્ત્વજ્ઞાનાર્થે જ પૂછીએ છીએ, કે તત્વદૃષ્ટિથી આ સર્વ પ્રપચનુ–જડ જીવાત્મક જગત્નુ સત્ય સ્વરૂપ શુ છે ? પ્રત્યુત્તરમા જો તમે કહેશો કે માયા છે, સર્વ પ્રતીતિ સત્ય નથી, અવિદ્યા છે, તો અર્થાત્ પારમાર્થિક દૃષ્ટિથી તમોએ અવિદ્યાને પર કારણ માન્યુ, તેને તમો અસત્ કેમ કહી શકો ? આવો મોહ ઉત્પન્ન કરવાની જેની શક્તિ છે, તે અવસ્તુ હોય, એમ સભવે જ નહિ. અર્થાત્ માયાને તમે સદ્રૂપ જ માનો, તાત્પર્ય કે તે અભાવરૂપ સર્વથા ન જ હોઈ શકે. હવે આ માયા શુદ્ધ નિર્ધર્મક બ્રહ્મથી ભિન્ન છે કે અભિન્ન છે. તે પણ તમો સ્પષ્ટ કરતા નથી. એ વળી કેવુ વિચિત્ર અને વેદથી વિપરીત વિરુદ્ધધર્માશ્રયત્વ.

જો કહેશો કે માયા સત્ય છે, બ્રહ્મ જ છે, બ્રહ્મસ્વભાવ છે, બ્રહ્મથી અભિન્ન છે, તો પછી સપૂર્ણ રીતે માયાવાદને તિલાજલિ આપી, માયાને બ્રહ્મનુ સ્વરૂપ વા બ્રહ્મના ધર્મ તરીકે સ્વીકારવાથી, બ્રહ્મવાદી અર્થાત્ શુદ્ધાદ્વૈતવાદી થઈ જશો, પણ જો ભિન્ન કહેશો તો તમે દ્વૈતવાદી થશો, તમારુ અદ્વૈત જ મિથ્યા છે, અલીક છે, અને તેથી કેવલાદ્વૈત પણ અનુપપન્ન થાય છે. વળી પારમાર્થિક દૃષ્ટિથી બ્રહ્મથી માયાને ભિન્ન કલ્પી, તેથી વાસ્તવિક રીતે માયાથી સર્વ વ્યવહાર સમજાવવાનો તમારા તત્વજ્ઞાનનો ઉદ્દેશ છે, તો માયાનો–અવિદ્યાનો–સબધ કેવલ શુદ્ધ બ્રહ્મને ક્યાંથી થયો ? જો કહેશો કે વાસ્તવિક રીતે થતો જ નથી, તો અમે કહીએ છીએ કે આ મિથ્યા પ્રતીતિ વા ભ્રમ જે તમે કહો છો તેનો વાસ્તવિક નિર્ણય તમે કરી આપો. સબધ તમે ભ્રમ અશક્ય છે તમારા આભાસવાદ–બિંબપ્રતિબિંબવાદ તો કંઈ પણ સતોષકારક સમાધાન આપી શકતા નથી, અને જો તેમ હોય તો તમારા શાસ્ત્રને તત્વજ્ઞાનનુ નામ યોગ્ય છે કે કેમ, તે પણ વિદ્વાનોને 'ચિન્ત્ય' છે, તત્ત્વજ્ઞાનનો (philosophy) ઉદ્દેશ વિશ્વનુ (Cosmos) વાસ્તવિક સ્વરૂપ–કારણ બતાવી આપવુ એ જ છે, એ તો આપને સુવિદિત છે, તો તમે આ સઘળી વિશ્વરચના વગેરેનુ કાઈક તત્વદૃષ્ટિથી સ્વરૂપ સમજાવો પણ હુ ભૂલુ છુ, તમે એમ કહેતા લાગો છો કે માયાની આ તો ચમત્કૃતિ છે, અને તેના પ્રભાવથી સૃષ્ટિનો આવો ભાસ થાય છે, તો પણ તમે તો માયાને અવસ્તુ કહો છો, અર્થાત્ તમે શૂન્યવાદી છો. શૂન્યમાથી સર્વ વિશ્વાદિની ઉત્પત્તિ સ્વીકારો છો, એટલે અન્ય મતવાળા તમને શૂન્યવાદી તરીકે કે પ્રચ્છન્ન બૌદ્ધ તરીકે ઘણા લાબા વખતથી કહેતા આવ્યા છે, તે પણ સર્વથા વાસ્તવિક છે.

વિજ્ઞાનવાદી બૌદ્ધમા અને તમારામા એટલો જ ભેદ છે કે તેઓ બાહ્ય પદાર્થને માત્ર મિથ્યા માને છે, પણ આતરજ્ઞાનને મિથ્યા કહેવાની ધૃષ્ટતા ધરાવતા નથી; પણ સત્ય માને છે, પરંતુ તમે તો તેનાથી આગળ વધીને આતર–બાહ્ય, સર્વ જ્ઞાનને મિથ્યા–માયાકૃત–અવિદ્યા કાર્ય–અસત્ય માનો છો. તમારૂં નાસ્તિક્ય Bishop Berkley અને Hobbes થી

પણ વધે છે, અને કાંઇક અંશે તમોને પૂર્ણ Secptie ની પંક્તિમાં મુકી આપે છે.

માયાવાદીના દૃષ્ટિબિંદુથી બૌદ્ધની સાથે વેદાન્તીનો વાદ જ વ્યાસ સૂત્રમા કાંઇ વિચિત્ર રૂપ પકડે છે, વિતણ્ડાવાદનુ જ રૂપ ધારણ કરે છે. તત્ત્વદૃષ્ટિથી જે બાહ્ય પદાર્થો સત્ય નથી, તે જ બાહ્ય પદાર્થને સત્ય છે, સ્વપ્નવત્ નથી, એમ બ્રહ્મ-સૂત્રના અર્થાનુસાર શંકર સ્થાપન કરે છે, શંકરની દૃષ્ટિથી એમા શી સ્વાભાવિકતા છે તે અમને દૃષ્ટિગોચર થતી નથી, કાંઇંક વિપરી અવશ્ય જ પ્રતિપાદન થાય છે.

માત્ર વિવાદની ઇચ્છાથી જ બીજાને ખોટા પાડવાને પોતાને ફાવતુ સત્ય માયાવાદીઓએ અંગીકાર કરી લીધુ છે, **બૌદ્ધમતનું ખંડન કરવાનું સ્વરૂપ પણ માત્ર તત્વસૂત્રોની તરફ નજર કરતાં તો માયાવાદીને ઘટતું નથી**, પણ સર્વ સત્યવાદીને જ ઘટે છે.

શંકરના દૃષ્ટિબિંદુથી બૌદ્ધને અને પોતાને જે વિવાદાસ્પદ છે, તે એટલુ જ કે શંકર વિજ્ઞાનને અખંડ—એકતા ધારારૂપ માને છે, અને તેને આત્મા કહે છે, જ્યારે બૌદ્ધ પ્રતિક્ષણે વિજ્ઞાન ભિન્ન ભિન્ન માની તેની માલાને (series ને) ‘ આત્મા ’ તરીકે સંબોધે છે બન્નેમાથી એક પણ બાહ્ય પદાર્થ સત્ય છે એમ સ્વીકારતા નથી તો સૂત્રકારનુ અને માયાવાદીનુ દૃષ્ટિબિંદુ એક જ હોત તો આ બૌદ્ધ મતની સાથે મુખ્ય વિવાદાસ્પદ વસ્તુ પરત્વે જ સૂત્રના અક્ષર યોજેલા હોત, પરંતુ તેમ નથી, તેથી જ માયાવાદી મીમાંસાનો ખરો Interpreter નથી એ સિદ્ધ થાય છે. માત્ર બૌદ્ધ સાથે એવુ છે એમ નહિ પણ વૈશેષિકાદિ મતો સાથે પણ તેમજ છે.

ગુણ તથા ગુણીનો, અથવા ધર્મ અને ધર્મીનો, એ બેનો સમવાય સંબંધ માની નૈયાયિક જે ભેદ માને છે, તેની વિરૂદ્ધ વેદાન્તી ગુણ ગુણીનો કાંઇ પણ ભેદ સ્વીકારતા નથી, અને બન્ને એક જ છે એમ સિદ્ધ કરે છે. અન્યોન્ય વિના એક બીજાનુ અસ્તિત્વ અસંભવિત છે

પણ માયાવાદીની પરમાર્થિક દૃષ્ટિબિંદુથી કેમ તે ચિન્ત્ય છે. તેઓ માત્ર વિતણ્ડાવાદ જ કરે છે. વાસ્તવિક રીતે ધર્મધર્મી ગુણગુણી એ પરિભાષા માયાવાદીને અશક્ય ભાસે છે. એક નિર્ધર્મક, નિર્વિશેષ તત્ત્વ જ સત્ય છે. માત્ર કોઇ વાદી ગુણગુણ્યનો ભેદ અંગીકાર કરે તો તેને જૂઠો પાડવાની ખાતર જ ગુણ અને ગુણી એક છે એમ પણ કહેવુ, હસ્તિદતવત અને સાથે એમ પણ માનતા જવુ કે એ સર્વ અસત્ય છે પ્રકૃતિકારણવાદી પ્રતિ પણ તમારો વાદ તેવુ જ રૂપ પકડે છે. માયાવાદીનુ નિર્વિશેષ બ્રહ્મ અને માયા અને પ્રકૃતિપુરૂષવાદ એ બેમા એવો શો ફેર છે કે એકથી વિશ્વરચનાની–સર્ગની–અને મોક્ષની અશક્યતા થાય છે, ત્યારે બીજાથી તે એકદમ શક્ય થઇ જાય છે. ’

પ્રકૃતિકારણવાદમાં જે દોષો રહે છે, તે અવાસ્તવ માયા અને માયાથી વિભિન્ન બ્રહ્મ માનનારને ત્યા પણ તદવસ્થ જ રહે છે, તે સિવાય કોઇપણ રીતે આ પ્રપંચનુ વિશેષ ઉદ્ઘાટન તમારા વાદથી થઇ શકતુ નથી, અન્તમા સર્વવાદીઓમા માયાવાદીની પારમાર્થિક દૃષ્ટિથી વેદાન્તસૂત્રો (દ્વિતીય અધ્યાયના પ્રથમ બે પાદમા) વિતણ્ડાવાદનુ જ રૂપ પકડે છે, વ્યાવહારિક દૃષ્ટિથી જ સર્વશાસ્ત્રો સાથે તેમને ખોટા પાડવા વાદ ઉપસ્થિત થયલો છે,

અને જે જે મતો (positions) ત્યાં ગ્રહણ કર્યાં છે, તે તે પારમાર્થિક દષ્ટિથી માન્ય નથી, એમ માનવા કરતાં, અર્થાત્ નિષ્પ્રયોજનવાદને તિલાજલિ આપીને સૂત્રાનુસાર વાસ્તવિક તત્ત્વાર્થેજ વાદ કરવો શું અધિક યોગ્ય નથી? અન્યની પ્રતિના વાદમા સત્યવાદી, અને નિજસિદ્ધાન્તનું ઉદ્ઘાટન થતાં તમે મિથ્યાવાદી–માયાવાદી થાઓ છો. આવી તમારી વિચિત્ર પ્રકારની વિવાદ શૈલી માટે જે અમારા આચાર્યોએ બે પ્રકારના દતવાલા ગજેન્દ્રની ઉપમા તમને આપી છે તે અક્ષરશ યોગ્ય લાગે છે. પ્રારભમા વેદાન્ત સૂત્રાનુસાર અર્થ કરવાનો ડોળ કરીને પછીથી નનુ.... .નચ ઉમેરીને તે સર્વને ખોટુ સિદ્ધ કરો છો, તેથી તમોને ‘ મિથ્યા પ્રલાપવાદી ’ કહ્યા છે. બ્રહ્મના અલૌકિક ધર્મ-સામર્થ્યનો–તિરસ્કાર કરીને, તેમા અશુદ્ધતા આવવાની તમને ભીતિરૂપ કુતર્ક થયો છે, અને તેથી કેવલ શુષ્ક તર્કથી માયાવાદ ઉપજાવ્યો, તેથી જ તમોને ‘ તસ્કર ’ પણ કહ્યા છે. अणुमात्रमपि अन्यथा कल्पने दोष स्यात् એમ વેદાદિકના વાક્યપર પૂર્ણ શ્રદ્ધાવાલા, વૈદિક યુક્તિઓને પ્રાયશ સત્ય માનવાવાલા, તેમજ नैषा तर्केण मतिरापनेया એમ જાણનારા સત્યવાદીઓએ તમને अन्यथा सन्तमात्मान योऽन्यथा परिकल्पते (प्रतिपद्यते)। किं तेन न कृत पाप चोरेणात्मापहारिणा ॥

એ ન્યાયથી જ એવું નામકરણ કર્યું છે, વળી તમે જગતને અસત્ય માનો છો, અને પારમાર્થિક દૃષ્ટિથી ઈશ્વરને પણ સત્ય માનતા નથી, તેથી તમોને અસુર પણ કહ્યા છે, એમ અમારી ધારણા છે असत्यमप्रतिष्ठ ते जगदाहुरनीश्वरम् એમ આસુરી બુદ્ધિવાલાને સબોધીને ગીતામા શ્રીમુખોક્તિ છે. સપૂર્ણ શ્રદ્ધા અને ચિત્તશુદ્ધિ વિના વેદવાક્યના તત્ત્વાર્થ માટે જે મિથ્યાભિમાન ધારવું એ જ વૃથા છે ભગવદાશ્રયવિના સ્વપુરુષાર્થમાત્રથી જ તત્ત્વાર્થ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવાવાલાને ક્લેશ અને વિશેષે કરી મિથ્યાચાર પ્રાપ્ત થવાનો જ સંભવ છે, કહ્યું છે કે मामेव य प्रपद्यन्ते मायामेता तरन्ति ते । પણ શ્રદ્ધા વિના આવા લોકોને શબ્દપ્રમાણ પણ પૂરતું નથી. ભગવાન્ તો સાતમા અધ્યાયમા નિજ ત્રિગુણાત્મક માયાથી પોતાને ‘ પર ’ કહ્યા છે, એટલે ગુણાતીત કહ્યા છે, એ સ્પષ્ટ છે, તથાપિ મંદમતિ તેને પણ ‘ સગુણ ’ કહે છે, એમ કહેવામાં પ્રસ્થાનોનાં પ્રમાણભૂત પણ વાક્યોમા શ્રદ્ધાની ખામી અને નાસ્તિક્ય શિવાય બીજુ કાંઈપણ દૃષ્ટિગોચર થતું નથી. ભગવાન્–શ્રીકૃષ્ણ પોતે અજ અને અવ્યય છે, તોપણ પોતાની યોગમાયારૂપ શક્તિથી પોતે ગુપ્ત થઈ પોતાના ધર્મો સર્વને દર્શાવતા નથી, તેથી તેવા મંદમતિઓ તેમના પરભાવને, કે જે સર્વ વસ્તુપર પોતાનુ સામ્રાજ્ય ચલાવવા શક્તિમાન્ છે તેને, ઓળખતા નથી પોતાના અલૌકિક ગુણાતીત ધર્મોને નહિ જાણનાર પણ જિજ્ઞાસુને શ્રીમદ્ભગવદ્ગીતાના સાતમા, નવમા વગેરે અધ્યાયોમાં તેમજ શ્રુતિઓમા પણ બ્રહ્મને જ કેવલ નપુસક લિંગમાં જ ઉદ્દેશીને નહિ, પણ પુલિંગમાં પણ આત્મા વા પુરુષના એક અંશમાથી સર્વ બ્રહ્માણ્ડોની ઉત્પત્તિ કહીને ‘ કેવલ ’ બ્રહ્મથી સગુણ બ્રહ્મનો ભેદનિર્દેશ કર્યા વિના જ ગુણાતીતત્વ તેમજ દિવ્યધર્મોપેતત્વ પ્રતિપાદન કરેલુ છે, તો પછી અત્ર વિશેષ કહેવાનુ પ્રયોજન જ રહેતુ નથી.

મિ. થ્રોફ વળી બીજો આક્ષેપ શુદ્ધાદ્વૈત વાદપર મૂકે છે કે તે ‘ જડવાદ ’ છે. શાબાશ છે, મિ. થ્રૉફ તમારી બુદ્ધિને! જડ વસ્તુને સર્વવિશ્વનું કારણ માન્યુ હોત તો તમારી વાણીનું ગ્રહણ કરવાને ઘણા લોકો દોડી પડત, પણ તેમ તો બિલકુલ જ નથી. અમે બ્રહ્મને સચ્ચિદાનંદ સ્વરૂપ માન્યુ છે, અર્થાત્ તેમાં સત્, ચિદ્ અને આનંદનો સમાવેશ

થાય છે, જીવમાં આનદાશ તિરોભૂત હોય છે, અને જડ પદાર્થોમા ચિદ્ તથા આનદાશ ઉભયે તિરોભૂત હોય છે, અને માત્ર સત્ ધર્મ વ્યક્ત રહે છે. પણ આમા તમોને જડત્વનો ક્યા આભાસ થયો ? શુ સત્તા જડમા જ સભવે ? સત્તા અને જડત્વ એ બે આપની ભાષામા પર્યાય હશે ? આપના વાદમાં સદ્ બ્રહ્મ જડ છે ? જરા ધ્યાન આપો જડ પદાર્થો પણ બ્રહ્મનું રૂપરૂપાન્તર, વા પરિણામમાત્ર છે, અને તેમા સત્તાધર્મ અભિવ્યક્ત હોઇ, ચિદંશ, અને આનદાશ તિરોભૂત છે. આ જ અમારા મતનો અભિપ્રાય, એમા તમને અમારું બ્રહ્મ જડ છે એવુ ક્યાથી સ્ફુર્યું ? શુ આત્મામાંથી આકાશાદિ ભૂતોનો જન્મ શ્રુતિમા વર્ણવ્યો નથી ? आत्मन आकाश सभूत વગેરે શ્રુતિને જુઓ. તેથી શું આત્મા જડ પ્રતિપાદન થાય છે ? અમે તો તમારી પેઠે મિથ્યાવાદી નહિ, તેમ જડવાદી પણ નહિ, પરંતુ સચ્ચિદાનંદ કારણવાદી, અથવા તો ચેતનકારણવાદી કહેવા જોઇએ, કારણ કે ચેતનમા પણ સદશ છે જ અમે તો જડ પદાર્થોને પણ કાઇક અશે ચેતન માનીએ છીએ, માત્ર ચેતન તેમા તિરોહિત (latent) છે, તેથી ચેતનનો તેમા અભાવ નથી (આ સિદ્ધાત એક પદાર્થ વિજ્ઞાની–ડા. બોસે સાબિત કર્યું છે.) આટલુ જ નહિ પણ પદાર્થ માત્ર આનદરૂપ પણ છે જ. પરંતુ તે ચૈતન્ય અને આનદ જડમાં માત્ર તિરોહિત છે, ગુપ્ત છે. સર્વ ચરાચર વસ્તુ અખડ–પૂર્ણ, સર્વ શક્તિમાન્ બ્રહ્મનું જ સ્વરૂપ અમારા વાદમાં મનાય છે ત્યાં તમારી બુદ્ધિને હિતે જડતા ક્યાથી સૂઝી ?

શ્રીનૃસિંહ સ્વરૂપ સ્તંભમાથી પ્રગટ થયુ તે ત્યા હતુ જ નહિ એમ નહિ, પરતુ માત્ર બ્રહ્મની અમુક શક્તિઓ ત્યા ગુપ્ત હતી તે નિજેચ્છા માત્રથી આવિર્ભાવ પામી. પણ તમે તો આ પૌરાણિક કથાને પણ મૃગતૃષ્ણિકાવત્ માનતા હશો તમારી અશ્રદ્ધા જ તેમ સૂચવે છે, જે જે ભાવ અમુકરૂપે અસત્ છે, તે પાછા તેજ રુપે સત્ પણ થઇ શકે છે, જે કાઇ સદ્ વા અસત્ છે તે બ્રહ્મ પોતે જ છે સર્વ વસ્તુ બ્રહ્મરુપ છે એમ સમજવુ છોડી કેવલ 'તુ બ્રહ્મ છે" વા "માત્ર જીવજ બ્રહ્મ છે" એટલુ જ માનીને જડ છે તે પણ બ્રહ્મ છે, એ શ્રૌત ઉપદેશને તમે કેમ છોડી દીધો ? શ્રુતિમા તો सर्वं खलु इद ब्रह्म (આ સર્વ ખરે બ્રહ્મ છે) એવો ઉપદેશ છે. નહિ કે सर्वं खलु इद मिथ्या एव ब्रह्म सत्य जीवश्च (આ સર્વ મિથ્યા છે, બ્રહ્મ સત્ય અને જીવ છે એવો તો કાઇ ઉપદેશ નથી. વક્તવ્ય એટલુ જ છે કે સરળ પ્રામાણિક રીતે જોતા તમારા માયાવાદનો ઉપદેશ ત્રણે પ્રસ્થાનમા કોઇ પણ સ્થળે નથી અધ્યારોપ, અપવાદ, વ્યાવહારિક દ્રષ્ટિ અને પારમાર્થિક દ્રષ્ટિ, કોઇ શ્રુતિ ભાગનો ત્યાગ, કોઇનો અનુગ્રહ, એમ કર્યા વિના તમારા માર્ગનો સ્પષ્ટ ખુલાસો, અને તત્વત તો કાઇ પણ સ્પષ્ટીકરણ થતુ જ નથી.

આ સઘળું કહ્યા પછી, માત્ર એટલુ જ વક્તવ્ય રહે છે કે બ્રહ્મનુ ત્રિગુણાતીતત્વ, નિર્ગુણત્વ, अविक्रियत्व, અવ્યયત્વ, સર્વોપેતત્વ, વિચિત્રશક્તિમત્વ વગેરે દિવ્ય ધર્મ તમે અગીકાર કરો, માયાને બ્રહ્મની શક્તિ માનીને પરમાર્થત ધર્મધર્મીની એકતા સ્વીકારો, માયાને બ્રહ્મથી પૃથક્ ન માનશો, એટલે શુદ્ધાદ્વૈત અને કેવલાદ્વૈત વચ્ચે વિશેષ અતર ન રહે આથી પ્રસ્થાનત્રય સરલ થઇ જશે અને પ્રાચીન પુરાણો વિષે પણ તમને કાઇક ન્યુનતાનો વિચાર હશે તે પણ અન્યંજ નષ્ટ થશે.

પરબ્રહ્મનુ સર્વશક્તિમત્વ, તેનું માહાત્મ્ય, તેના સઘળા ધર્મોમાં તેમજ મનુષ્યના અંતઃકરણમા અંકુરરૂપે સ્વભાવત રહેલુ છે. બૌદ્ધ વગેરે નાસ્તિક લોકોમા અને અજ્ઞાની જંગલી લોકમા પણ એમજ છે કોઇ દિવ્ય શકિતમત્ વસ્તુને માની, તેની કોઇ પણ પ્રકારે સ્તુતિ વા ભક્તિ કરવાની સ્વાભાવિક વૃત્તિ જોવામા આવે છે, એ જ मत्तः नास्ति पर किंचित् એમ ઉપદેશ કરનાર ભગવાનની વિભૂતિ અને તેનુ સામ્રાજ્ય દર્શિત કરે છે. શુદ્ધ અંતઃકરણથી યથા તથા ભગવાનને શરણે જઇ, આસુરી પ્રકૃતિ તરવાનો પ્રયત્ન થશે તો જ યોગમાયાવડે ઢંકાયલા ભગવાન્ પોતાનુ સ્વરૂપ દર્શાવી બુદ્ધિને નિર્મલ કરીને, પોતાનો આનંદ જે નિજેચ્છાથી ગુપ્ત કર્યો છે, તેજ નિજેચ્છાથી તે પ્રકટ કરશે.

આ Evolution અને Involution ની theory અને વળી તે kinetic and potential energy ના દૃષ્ટાંતથી એક energy માત્ર નહિ પણ સર્વ પદાર્થ માત્રનું conservation માનનાર સત્ય મતનુ જ્યારે ત્યારે પણ સામ્રાજ્ય થયા વિના રહેનાર નથી.

नरसिंह महेता.

'નરસિંહ મહેતા' શીર્ષકનો લેખ પુ. ભ. સુના ગત અંક ૫-૬ મા પ્રકટ થયો હતો. ઉક્ત લેખમા નરસિંહ મહેતાના વાક્યો ટાંકીને, તત્પ્રતિપાદિત વિચારોનુ પુષ્ટિમાર્ગના જોડે સામ્ય છે તે દર્શાવીને, એ કાઇક અંશના વિચારસામ્યને આધારે વૈષ્ણવો નરસિંહ મહેતાને પુષ્ટિમાર્ગના વર્ધાપક ગણતા 'વધૈયા' તરીકે માને છે તે યોગ્ય છે એમ સિદ્ધ કર્યું હતું. આ અનુમાન 'ગુજરાતી' પત્રકારને રુચ્યુ નહિ, તેથી ક્રોધાવિષ્ટ થઈને, અમે જે વાક્યોથી ઉભયનું સામ્ય દર્શાવ્યુ હતું તેનુ ખંડન કર્યા વિના જ, 'क्रोधात् भवति समोहः, समोहात् बुद्धिविभ्रम' એ ગીતાવાક્યાનુસાર બુદ્ધિવિભ્રમ થવાથી, યદ્વાતદ્વા લખીને બુદ્ધિવિભ્રમ જ વિશેષત સિદ્ધ કર્યો છે. એ બુદ્ધિવિભ્રમપ્રેરિત લેખમાં જે ઉત્તર યોગ્ય છે તેટલુ જ ઉત્તર અત્ર આપીશું, અને જે પદો તે ગૃહસ્થે ટાંકેલા છે, તે જ પદોથી સિદ્ધ કરીશુ કે "વૈષ્ણવો નરસિંહ મહેતાને પુષ્ટિમાર્ગનો 'વધૈયો' કહે છે તેનું કારણ માત્ર એટલુ જ કે શ્રીવલ્લભાચાર્યજીના ઉપદેશ જેવો ઉપદેશ નરસિંહ મહેતાએ એમના પહેલા કાઇક અંશે કર્યો" તદુપરાન્ત રા. ઇચ્છારામે છાપેલા નરસિંહ મહેતાના કાવ્યસંગ્રહમાથી અન્ય પદો પણ ઉમેરીને 'ગુજરાતી' પત્રકારને વિચાર કરવાનું સોંપીશુ કે ઉક્ત માત્ર લીટીયો જ નહિ પણ પદો પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તને 'પુષ્ટિ આપે છે કે કેમ ?' વાચકવર્ગને ન્યાય કરવાનું સાધન મળે એવા ઉદ્દેશે પ્રથમ 'ગુજરાતી'નુ કથન અક્ષરશ ટાંકીશુ અને પછી અમારુ વક્તવ્ય કથીશુ.

૧ "એ 'પુષ્ટિભક્તિસુધા' કે 'નિન્દાપુષ્ટિભક્તિસુધા'? કોઇ એક મી. ડભોઇવાળાએ 'નિન્દાપુષ્ટિસુધા'મા દેખાવ દીધો, અને યદ્વાતદ્વા બકારો કીધો છે એ મી ડભોઇવાળાનું પોતાનુ નામ કે બાપનું નામ જ નથી, એટલે ડભોઈવાળામાં કોને સમજવો ? ડભોઇમા રહેનારા ઢેડા, ભંગી, ચમાર, કોળી, કાછિયા, બ્રાહ્મણ, વાણિયા, જોષી, ડોસી, મુસલમાન એ બધા શું ડભોઇવાળા ન ગણાય ? તો પછી એમાં કયો ડભોઇવાળો સમજવો ? સુધારાવાળાઓ કહે છે કે ગુણકર્મથી જ જાતિ માનવી તો તે નિયમાનુસાર આ નિંદાપુષ્ટિસુધાના નિંદા કરનારાઓને કયી જાતિમા મૂકવા ?"

અત્ર પ્રત્યુત્તર આપવાની જરૂર નથી. ડભોઇવાલાની જાતિ તો જે છે તે છે જ 'પુષ્ટિભક્તિસુધા'ને 'નિન્દાપુષ્ટિસુધા' એ વિકૃતિનામ આપવામાં એટલી બધી ગહન બુદ્ધિનો ઉપયોગ થઈ ગયો છે કે નિન્દા પુષ્ટિ અને સુધા (અમૃત) એ ત્રણેની અસગત સગતિ કરવામાં આવી છે. (એ ગૃહસ્થના પુછવા પ્રમાણે) નિન્દાપુષ્ટિસુધાના (એટલે પુષ્ટિભક્તિસુધાના) નિન્દા કરનારાઓને કયી જાતિમા મૂકવા ? પ્રત્યુત્તર એટલુ જ કે જે જાતિમા મૂકવા આપને શોભે તે જાતિમા નિન્દાપુષ્ટિસુધા નામ કલ્પીને પુષ્ટિભક્તિસુધાના નિન્દા કરનારાઓની જાતિ વિષે તો આપને જ ખબર. ન ખબર હોય તો સત્યકામવત્ સ્વમાતૃશ્રીને પૂછવુ.

૨ એ મી ડભોઈવાળા એમ કહે છે કે નરસિંહ મહેતાના કેટલાંએક પદોમા પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તો મળી આવે છે, માટે તે શ્રીવલ્લભાચાર્યના સપ્રદાયનો વધૈયો છે''! કારણ કે નરસિંહ મહેતાએ પુષ્ટિમાર્ગના જેવો સિદ્ધાત શ્રીવલ્લભાચાર્યની પૂર્વે જણાવેલો છે !'' અર્થાત્ જે કોઈનામા શ્રીવલ્લભાચાર્યના સંપ્રદાયના પુષ્ટિમાર્ગના સિદ્ધાન્ત જેવો સિદ્ધાન્ત મળી આવે તેને પુષ્ટિમાર્ગનો વધૈયો માનવો જ ! નરસિંહ મહેતાના સમયમા ઇરાન અને ઉત્તર હિંદમા થયેલા કેટલાક ફારસી સુફી કવિઓમા પણ પુષ્ટિમાર્ગના જેવા વિચારો કોઇ કોઇ જગ્યાએ મળી આવે છે તો તેમને પણ પુષ્ટિમાર્ગના વધૈયા શું ન ગણવા ?

મી. ડભોઈવાળા એમ કહે છે કે નરસિંહ મહેતાના કેટલાક પદોમા પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તો મળી આવે છે, માટે તે શ્રીવલ્લભાચાર્યના સપ્રદાયનો 'વધૈયો' છે આમા ડભોઇવાલાએ ખોટુ શુ કહ્યુ ? શુ ડભોઇવાલાએ ઉભયનુ સામ્ય દર્શાવનારા પદો ટાકયા ન હતા ? જો તે ટાકેલા પદોમા પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તો નથી એમ ગુજરાતીએ સિદ્ધ કર્યું હોત તો જુદી વાત. પરન્તુ નિન્દાની ઇચ્છાથી માત્ર યદ્વાતદ્વા જ લખી માર્યુ છે. જો ઉક્ત પદોમાથી પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તો મળે છે તો પછી નરસિંહ મહેતાને પુષ્ટિમાર્ગનો વધૈયો કહેવામા શો અન્તરાય તે ગૃહસ્થને નડે છે ? જેને અગ્રેજીમા 'Forerunner' કહે છે તેને જ ગુજરાતીમા 'વધૈયો' કહે છે જેમ અરુણ સૂર્યનો વધૈયો છે, તેમ નરસિંહ મહેતો પુષ્ટિમાર્ગનો વધૈયો છે. જેમ અરુણમા સૂર્યના સર્વ ગુણ નથી હોતા, છતા ઉદય પામતા સૂર્યનો સૂચક છે, તેમ નરસિંહ મહેતામા શ્રીવલ્લભાચાર્યજીના સર્વ સિદ્ધાન્તો ન હોય તોપણ કંઇક અંશે સામ્ય હોવાથી તદુદયનો સૂચક છે. ભરતખંડના જે ભાગમા શ્રીવલ્લભાચાર્યજીનો સંપ્રદાય વિશેષ પ્રચલિત છે તે ભાગના અન્ય મહાપુરુષો પણ શ્રીકૃષ્ણના જ એકાન્ત ભક્ત હોય અને જેમના કાલ પછી તરત જ શ્રીમદ્ વલ્લભાચાર્યજીનુ પ્રાકટ્ય થયુ હોય, તેવાઓને પણ અંશતઃ 'વધૈયા' માનવામા અમારી ક્ષતિ નથી શ્રીમાન્ વલ્લભાચાર્યજીની વધાઈ તેમના જ સપ્રદાયના અન્તમા હોઈ શકે, વ્યતિરિક્તમા નહિ નરસિંહ મહેતામા શ્રીવલ્લભાચાર્યનાં સર્વ સિદ્ધાન્તો ન હોય તોપણ કંઇક અંશે સામ્ય હોવાથી તદુદયનો સૂચક છે વર્ધાપક છે, તેમા અસત્ય રા. ડભોઇવાલાએ શુ કહ્યુ ? આ અનુમાનને વ્યતિરેક રીતે મૂકવાનુ પ્રયોજન જ નથી, તથાપિ નરસિંહ મહેતામા અને પુષ્ટિમાર્ગમા સામ્ય એટલુ બધુ છે કે જે પદો ગુજરાતી પત્રકારે માયાવાદના માની ટાક્યા છે તે જ પદોમાથી પુષ્ટિમાર્ગનુ તત્ત્વ એમને ન સ્ફૂર્યું તે ઉપરથી એમ અનુમાન થાય છે કે જેમ રા. ઇચ્છારામ નરસિંહના કાવ્યો છાપવા છતાં નરસિંહના સિદ્ધાન્તના અજ્ઞાની હતા તેમ આધુનિક ગુજરાતી પત્રકાર પણ અજ્ઞ છે, અને પણ કંઇક વિશેષ અંશે આ વાત આગળ સ્પષ્ટ થશે.

૩. “ હવે ત્યારે ‘નિંદાપુષ્ટિસુધા’ના મહાન લેખકાચાર્ય મી. ડભોઈવાળાને હું પૂછું છું કે નરસિંહ મહેતાનાં પદોમાં શ્રીમત્ જગદ્ગુરુ શંકરાચાર્યના સિદ્ધાન્તોનાં નીચેનાં પદો છે તેનું શું? હું તો કહું છું કે નરસિંહ મહેતો માયાને તરી ગયા હતા અને તેને પુષ્ટિમાર્ગ કે પુષ્ટિભક્તિ કથા સાથે સંબંધ ન હતો. મી. ડભોઈવાળાની પેઠે તે મતાંધ ન હતો. નીચેની લીટીઓ પુષ્ટિમાર્ગના સિદ્ધાંતને પુષ્ટિ આપે છે કે કેમ તે મી. ડભોઈવાળા કહેશે તો બસ છે”

અહિં ‘ગુજરાતી’ના લેખકના અજ્ઞાનની અમને દયા આવે છે. બિચારાને નથી માયાવાદનો ગંધ કે નથી પુષ્ટિમાર્ગનો સુવાસ શંકરાચાર્યનું મત જો ખબર હોત તો આવાં પુષ્ટિમાર્ગનો ઉપદેશ કરનારાં પદો ન જ ટાંકત. એ પૂછે કે નીચેનાં પદોનું શું? તો એનું ઉત્તર એ જ કે એ પદો બ્રહ્મવાદ અને પુષ્ટિમાર્ગના પોષક છે, માયાવાદના નહિ જ. જો નિશ્ચય ન થતો હોય તો આ લેખનું મનન કરજો, અને તેથી પણ સંતોષ ન વળે તો રા. મગનલાલ શાસ્ત્રી અથવા તો માયાવાદના મર્મજ્ઞ રા. હિરાલાલ શ્રૉફની પાસે જજો. નરસિંહમહેતા માયાને તરી ગયા હતા તેની ડભોઈવાળાએ ના ક્યારે કહી હતી, તેમ તે ‘મતાંધ’ હતા તેવું પણ ક્યારે કહ્યું હતું? કેવલ સ્વમતાંધતાથી અન્યપર મતાંધતાનો આરોપ કરવો, તેના કરતાં કંઇ નરસિંહકાવ્યનો જ વિશેષ અભ્યાસ કર્યો હોત તો ઠીક પરિણામ મળત. પણ પ્રસંગ આવ્યો છે, તેથી એમણે ટાંકેલાં પદો માયાવાદ નથી શિખવતાં તે સિદ્ધ કરીશું, પછી ઉક્ત પદો માયાવાદને “પુષ્ટિ આપે છે કે કેમ તે મિ. ગુજરાતીના લેખક કહેશે તો બસ છે.”

૪. “જાગીને જોઉં તો જગત્ દીસે નહિ, ઉંઘમાં અટપટા ભોગ ભાસે,
ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રૂપ છે, બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે.
પંચ મહાભૂત પરબ્રહ્મવિષે ઉપન્યાં, અણુ અણુ માંહી રહ્યો રે વળગી,
ફૂલને ફલ તેતો વૃક્ષનાં જાણવાં, થડ થકી ડાળ તે નહિ રે અળગી.
વેદ તો એમ વદે, શ્રુતિ સ્મૃતિ શાખ દે, કનક કુંડલ વિષે ભેદ નોયે,
ઘાટ ઘડયા પછી નામરૂપ જૂજવાં અન્તે તો હેમનું હેમ હોયે.
જીવ ને શિવ તો આપ ઇચ્છાએ થયા મળી પ્રપંચ ચૌદ લોક કીધા,
ભણે નરસૈંયો તે જ તું, તે જ તું, એને સમર્યાથી કંઈ સન્ત સીધ્યા ”

આ પદમાં માયાવાદનો ગંધ નથી, પ્રત્યુત બ્રહ્મવાદ પ્રતિપદ ઝળકે છે. નરસિંહ કહે છે કે જ્યારે હું જાગીને અર્થાત્ વિદ્વદ્દશામાં જોઉં છું ત્યારે આ જગત્ જગદ્રૂપ નથી દિસતું, પરન્તુ બ્રહ્મરૂપ દેખાય છે, અર્થાત્ અજ્ઞાનદશામાં જ જગદ્ બ્રહ્મથી ભિન્ન લાગે છે; આવું અવલ સૂઝે છે. આ પ્રથમ પંક્તિ યદ્યપિ બહુ સ્પષ્ટ નથી, તો પણ ત્યાર પછીની સર્વ પંક્તિઓમાં શુદ્ધ સનાતન બ્રહ્મવાદ જ પ્રકાશે છે. આ ચિત્તચૈતન્યવિલાસ તદ્રૂપ અર્થાત્ બ્રહ્મરૂપ જ છે, કારણ કે બ્રહ્મ બ્રહ્મની પાસે લટકા કરે છે, જડરૂપે બ્રહ્મ ખેલે છે આ શ્લોકમાં જગત્નું મિથ્યાત્વ સિદ્ધ થતું નથી, પ્રત્યુત આગલી તુકોમાં પ્રકટ ઉપદેશેલું કારણ અને કાર્યનું, અંશિન્ અને અંશનું અનન્યત્વ, જેવું બ્રહ્મવાદમાં મનાય છે તેવું જ, અને તે જ દૃષ્ટાન્તોથી, નરસિંહે વર્ણવ્યું છે. આ પ્રકારના અનન્યત્વનું ખંડન શાંકરભાષ્યના ૨–૧–૧૪ સૂત્રમાં જોઈ લેવા રા. ગુજરાતીના લેખકને સૂચના છે. આ પદમાં માયાવાદનો ગંધ માયાભ્રમિતબુદ્ધિને જ આવે. પંચમહાભૂતની–અર્થાત્ સકલ જડ પદાર્થની ઉત્પત્તિ

પણ બ્રહ્મમા (બ્રહ્મવિષે જ), બ્રહ્મ એ સર્વમાં કારણરૂપે અનુસ્યૂત છે "અણુ અણુ માંહી રે રહ્યા રે વળગી,". આ સકલ જડજીવાત્મક પ્રપંચ બ્રહ્મથી ભિન્ન નથી, અનન્ય છે, તે દર્શાવવાને દૃષ્ટાન્ત આપે છે કે વૃક્ષના થડથી ડાળ જુદી નથી, ફૂલ અને ફળ પણ વૃક્ષનાં જ છે, વૃક્ષથી ભિન્ન નથી, અનન્ય છે. આ સિદ્ધાન્ત પ્રામાણિક છે, તે દર્શાવવાને શ્રુતિ અને સ્મૃતિની સાક્ષિતા આપે છે, આ સિદ્ધાન્ત બ્રહ્મવાદ—વૈદિક છે દૃષ્ટાન્તથી વિશેષ કથે છે કે કનકની (કારણની) અને કુંડલની (કાર્યની) વચ્ચે ભેદ નથી, જેમ કનક કુંડલરૂપે પરિણમવા છતાં કનક જ રહે છે, તેમ બ્રહ્મ જગદ્રૂપે પરિણમવા છતા અવિકૃત જ રહે છે, બ્રહ્મરૂપ જ રહે છે વાચકે વિવેકથી જોવું કે આ તે અવિકૃતપરિણામવાદ કે માયાવાદ? સુવર્ણના ઘાટ ઘડાય છે ત્યારે જૂદા જૂદા નામ અને રૂપ પ્રાપ્ત કરવા છતા કુંડલાદિ સુવર્ણ જ છે, તેમ બ્રહ્મને જગદાદિ ભિન્ન ભિન્ન નામ અને રૂપ હોવા છતા જગદાદિ બ્રહ્મરૂપ જ છે, જગદાદિ આમ બ્રહ્મરૂપ હોવાથી સત્ય છે, મિથ્યા નહિ. શ્રીમદ્વલ્લભાચાર્યજીવત્ નરસિંહ પણ કનક કુંડલનુ શ્રીમદ્ભાગવતોક્ત દૃષ્ટાન્ત આપે છે તે પણ અસ્મદુક્ત જ સિદ્ધ કરે છે. વળી છેલ્લી તુકમા સંપ્રદાયમા મનાતુ બ્રહ્મનુ ઐચ્છિક પરિણામ પણ નરસિંહ દર્શાવે છે, નહિ કે માયાવાદમા મનાતું માયાનુ પરિણામ, વા બ્રહ્મને વિવર્ત. જીવ ચૌદ લોક વગેરે આપ જ, બ્રહ્મ જ, આપની ઇચ્છાથી થયા આ પ્રકારનું બ્રહ્મમાહાત્મ્યગાન કરતા કરતા કેટલાક મુનિઓ સિદ્ધિને પામ્યા. 'તે જ તુ' 'તે જ તું' મા એક સદ્ગત લેખકે કલ્પ્યુ છે તેમ 'तत्त्वमसि' નુ તાત્પર્ય નથી, પરન્તુ 'તુ હિ' 'તુ હિ ના જેવો ભક્તનો જ ઉદ્ગાર છે. અહિ નરસિંહ સૂચવે છે કે જે બ્રહ્મ અવિકૃત રહીને સ્વેચ્છાથી જીવજડાદિરૂપે થયા તે તું અદ્વિતીય જ છે, અને ભગવન્માહાત્મ્યનું ગાન કરે છે આવો ઉક્ત પદનો સરલ વાક્યાર્થ છે. સાત્ત્વિક વાચકને માલૂમ પડશે કે આ પદમા જેને માયાવાદનુ દર્શન થાય છે, તે કેવલ શાંકરમાયાના અધ્યારોપથી જ જો આ નિવેચનથી એ અધ્યારોપનો અપવાદ થશે તો આ ચર્ચા પણ ફલપ્રદ થઈ ગણાશે ધ્યાનમા રાખવાનું છે કે નરસિંહ મહેતા શાંકરમતમાં મનાતા 'तत्त्वमसि' ના ભ્રાન્ત અર્થમાં પોતાને બ્રહ્મ કહેવડાવવા કે થવા નથી ઇચ્છતા, પરન્તુ 'एकमेवाद्वितीयम्' શ્રુતિ પ્રમાણે બ્રહ્મ તો એક જ અને અદ્વિતીય છે, તેથી આનન્દથી 'તે જ તું' 'તે જ તુ, અર્થાત્ 'તુહિ' 'તુહિ' નો ઉચ્ચાર ભગવન્માહાત્મ્યગાન કરતા કહે છે

૫. અલ્યા ભૂલ મા ભૂલ મા ભક્તિ ભૂધરતણી કારમી માયા જોઈ કા રે હરખો,
સ્વપ્નની વાતમા શું રે રાચી રહ્યો, પ્રેમદૃષ્ટિ કરી હરિને નિરખો.
શાને તે દેહ ધરી, સમરને શ્રીહરિ, આવ્યો સંસારમા શું રે કરવા,
માયાની જાળમાં મોહ પામી રહ્યો, અવનિપર અવતર્યો સાર ભરવા.

આ પદમાં શાંકરમતનુ ખાસ શુ છે તે દર્શાવવા રા. 'ગુજરાતી' લેખકે પ્રયત્ન કર્યો હોત તો ઠીક થાત. આ પદમાં 'કારમી માયા' અને 'માયાની જાલમા મોહ પામી રહ્યો' એ શબ્દો મોટા અક્ષરે છાપ્યા છે, તે ઉપરથી એમ અનુમાન થાય છે કે આ શબ્દોથી શાંકર મત સિદ્ધ થાય છે એમ રા. 'ગુજરાતી' લેખક માનતા હશે. પરન્તુ આ પણ ભ્રાન્તિ છે. અત્ર નરસિંહ જણાવે છે કે, ભૂધરની—કૃષ્ણની—કારમી—દુસ્તર—વ્યામોહક માયા—જોઈને શુ હરખે છે, હે જીવ તુ ભૂધરતણી—કૃષ્ણની—ભક્તિને ભૂલીશ નહિ. આ સ્વપ્ન જેવી વાતમા—સંસારમા—તુ

શું મોહ પામે છે ? માયામોહ—સાંસારિક સુખનો—ત્યાગ કરીને પ્રેમદૃષ્ટિથી (જ્ઞાનદૃષ્ટિથી નથી કહેતા તે ધ્યાનમાં લેવું) હરિનુ દર્શન કર. પ્રભુનું દર્શન પ્રેમથી થાય છે. આ સંસારમા તે દેહ શાને વાસ્તે ધર્યો છે ? શ્રીહરિનું સ્મરણ કર. જો એમ, હે જીવ, તું નહિ કરે તો દુસ્તર એવી પ્રભુમાયામા તુ મોહ પામતો પૃથ્વી ઉપર ભારરૂપ છે. અત્ર સંસારની મોહકના દર્શાવીને પ્રેમદૃષ્ટિથી પ્રભુનું દર્શન અને સ્મરણ કરવાનું નરસિંહે જે ઉપદેશ્યુ છે તેથી માયાવાદ તો સિદ્ધ થતો જ નથી, કારણ કે માયાવાદમા જીવ સ્વય બ્રહ્મ જ હોવાથી પ્રેમદૃષ્ટિથી વળી બીજા કયા શ્રીહરિનુ દર્શનસ્મરણ કરવાનુ તેમા હતું ? માયાવાદની દૃષ્ટિથી તો આ પદ કેવલ અસંગત જ ઠરે છે.

૬. પ્રૌઢ પાપે કરી બુદ્ધિ પાછી ફરી પરહરી થડ શું ડાળે વળગો,
ઈશને ઈર્ષ્યા છે નહિ જીવપર આપણે અવગુણે રહ્યો રે અળગો,
પ્રપંચ પરહરો, સાર હૃદયે ધરો, ઉચરો હરિ મુખે અચલ વાણી,
નરસૈયા, હરિતણી ભક્તિ ભૂલીશ મા, ભક્તિ વિના બીજું ધૂળધાણી.

નરસિંહ ઉપદેશે છે, હે જીવ, તારા પ્રૌઢ પાપથી તારી બુદ્ધિ પ્રભુથી પાછી ફરી છે, હે જીવ તું થડ—મૂલસ્વરૂપ—કૃષ્ણને પરહરીને—ત્યજીને—ડાલને—શિવાદિ—વિભૂતિને શા માટે વલગી રહ્યો છે? અર્થાત્ તું મૂલસ્વરૂપ કૃષ્ણનું ભજન કર ઈશને—કૃષ્ણને—જીવ ઉપર ઈર્ષ્યા નથી, પ્રભુ તો દયાલુ છે, પરન્તુ તારા પોતાના અવગુણથી તુ પ્રભુથી અલગો—દૂર—રહ્યો છે. હે જીવ લૌકિક ખટપટરૂપ પ્રપંચનો ત્યાગ કર, અને મુખમા અચલ—નિત્ય—હરિનામનો ઉચ્ચાર કર. એજ સાર હૃદયમા ધર. હે જીવ હરિની ભક્તિવિના અન્ય સર્વ ધૂલધાણી છે, વ્યર્થ છે. આ પદમાં માયાવાદ ક્યા પદમા ઝલકે છે તે તો ગુજરાતીના લેખકનું હૃદય જ જાણે. આ જ પદનો ભાવાર્થ ગ્રહણ કરીને નરસિંહના ઉપદેશને જો એ અનુસર્યા હોત તો અમો નિશ્ચયથી કહીશુ કે પ્રભુના નિત્ય નામોચ્ચારથી એમનુ પણ ગાઢ તમસ્ દૂર થયા વિના રહત જ નહિ.

૭ ધ્યાન ધર હરિતણું અલ્પમતિ આળસુ જે થકી જન્મના દુ:ખ જાયે,
અવર ધંધો કરે, અર્થ કંઈ નવ સરે, માયા દેખાડીને મૃત્યુ વાહે.
પટક માયા પરિ અટક ચરણે હરિ, વટક આ વાત સુણતાજ સાચી,
આશનું ભવન આકાશ સુધી રચ્યું મૂઢ એ મૂલથી ભીંત કાચી.
અંગ જોબન ગયું, પલિત પિંજર થયું, તોય નથી લ્હેતો શ્રીકૃષ્ણ કહેવું.
ચેતરે ચેત દિન ચાર છે લાભના લિંબુ લ્હેકાવતા રાજ લેવું.

સરસ ગુણ હરિતણા જે જને અનુસર્યા, તેતણા સુજશ તો જગત્ બોલે,
નરસૈયા રંકને પ્રીત પ્રભુશું ઘણી, અવર વેપાર નહિ ભજન તોલે.

આ પદમા નીચે કાઉંસમા મૂકેલી બે પંક્તિ ગુજરાતીના લેખક કેમ લખતા નથી ? શુ નરસિંહ મહેતાના ઉપદેશથી જે પ્રભુભજનવિનાનો, પુષ્ટિભક્તિસુધાને નિંદવાનો, વ્યાપાર પોતે માંડ્યો હતો તેની ગ્લાનિ આવી ? નરસિંહ મહેતા ખરૂં જ કહે છે જે લોકો હરિના સરસ રસપૂર્ણ ગુણોને અનુસર્યા છે તેનો આ જગત્માં સુયશ જ ગવાય છે. આ સમગ્ર પદમાં હરિભક્તિની યેન કેન પ્રકારેણ આવશ્યકતા દર્શાવી છે, અને સાંસારિક સુખની નિર્થકતા દર્શાવી છે. આ પદમાં માયાવાદના વિશેષ ગુણો કયાં છે ? માયાવાદમાં જીવ સ્વયં

ગ્રહ હોવાથી. વળી ભક્તિની આટલી બધી આવશ્યકતા દર્શાવવામાં નરસિંહ મહેતાએ રા. ગુજરાતીના લેખકના મત પ્રમાણે અક્ષમ્ય ભૂલ નહિ કરી કહેવાય શું?

૭. 'જાતી રહેશેરે જુવાનીને પછી થાશે હાનિ,
છાનામાના જમડા આવશે લેઈ જાશે તાણી.
માટે તમો માયા ત્યજીને થાઓને જ્ઞાની,
નરસૈંયાનો સ્વામી સાચો દુનિયા દિવાની'

આ પદમાં પણ વૈરાગ્યનો બોધ છે. માયાવાદનું અન્યત્ કાંઈ નથી. 'માયા ત્યજી થાઓ ને જ્ઞાની' આ શબ્દો મોટે અક્ષરે છાપ્યા છે, તેથી ગુજરાતીના લેખકને અહિં સંશય છે એમ લાગે છે, તો તેનું નિરાકરણ કરીએ. અત્ર માયાશબ્દનો અર્થ મમતા–મોહ–જેવો થાય છે, તે મમતાનો ત્યાગ કરીને પ્રભુનું જ્ઞાન મેળવો.

આ ચાર પાંચ પદોમાં માયાશબ્દ આવે છે તે ઉપરથી, ગુજરાતીના લેખક એવું માનતા લાગે છે કે જ્યાં જ્યાં માયાશબ્દ આવે ત્યાં ત્યાં માયાવાદ જ છે. પરન્તુ 'માયા' શબ્દથી કંઈ માયાવાદ સિદ્ધ થતો નથી. માયાશબ્દ અનેકાર્થ છે. ભાસ્કરાચાર્ય માયાશબ્દથી પ્રત્યક્ષશૂન્ય' અર્થ સમજે છે, રામાનુજાચાર્ય આશ્ચર્યવિશેષ સમજે છે, શંકરાચાર્ય સદસત્–અનિર્વચનીય–કંઈક સમજે છે, અને શ્રીમદાચાર્ય સર્વભવનસામર્થ્ય સમજે છે. માયાશબ્દ વિષે' વિશેષ ઊહાપોહ જાણવાની ઇચ્છા હોય તો રા. ગુજરાતીના લેખકે પુ. ભ. સુ. ના પ્રથમ વર્ષના અંક ૧૧–૧૨ જોવા, તે ઉપરથી સ્પષ્ટ સમજાશે કે માયાશબ્દથી પારિભાષિક માયાવાદ માનવા જવું એ કેવલ ભ્રાન્તિ છે. मम माया दुरत्यया ઇત્યાદિ સ્થલોમાં પ્રભુએ માયાને સ્વશક્તિ તરીકે વર્ણવી છે, અને તે જ અર્થ સૂપપન્ન છે. પ્રભુએ સ્વલીલા અખંડિત રહે એવા આશયથી સ્વમાયાને દુસ્તર કરી છે. એ પ્રભુની માયાને શાંકર સદસત્ અનિર્વચનીય માયા સાથે સ્વલ્પાંશે પણ સંબંધ નથી.

૮. નરસિંહ મહેતો ગુરુની પણ ભક્તિ કરવાનું કહે છે –
ભવસાગરમાંરે ગુરુ નાવે હું ચઢ્યો રે
ગોવિન્દથી અધિકારે સદ્ગુરુ ગુણનિધિરે'

આ પદમાં તો માયાવાદ જ છે એમ રા. ગુજરાતીના લેખક કહેતા હોય તો ધન્ય છે એની બુદ્ધિને? યોગ્ય ગુરુની ભક્તિ કરવામાં પુષ્ટિમાર્ગના વૈષ્ણવો કોઇ પણ પ્રકારે ન્યૂનતર નથી. માયાવાદમાં તો स्वप्रवृत्तिविघातेन गुर्वादीनां च दूषणात् સ્વપ્રવૃત્તિ માત્ર માયાજન્ય સદસત્ હોવાથી શૂન્યવત્ છે, અને ગુર્વાદિક મિથ્યા હોવાથી તેમની ઉપાસનાદિ પણ માયિક જ છે. આ પ્રમાણે કેટલાક પદો ટાંકી રા. ગુજરાતીનો લેખક આલાપે છે કે—

---

* આવા એક નહિ પણ અનેક પદો અને વાક્યો નરસિંહ મહેતાના પદોમાં છે તેનો ખુલાસો એ મી. ડભોઈવાળા શું કરશે? મી. ડભોઈવાળા પોતે પુષ્ટિભક્તિના જ્ઞાનમાં અધબનેલા એટલે તેમની નજરે નરસિંહમહેતાનું સત્યસ્વરૂપ ઉલટું ભાસે છે. નરસિંહ મહેતામાં જ્ઞાનનું અભિમાન હતું નહિ, અભિમાન એ અંધકાર છે, અને જ્ઞાન એ તેજ છે, એ બેનો એક સ્થાને સંભવ નથી. નરસિંહમહેતાને અભિમાન તો હતું જ નહિ તે પરમજ્ઞાની હતા માટેજ ઢેડને ત્યાં ભજન ગાવા ગયા હતા, વળી તેની ભક્તિ એકદેશી નહિ પણ સર્વદેશી હતી તે પણ ગુરુને સેવવાના ઉપદેશથી જણાય છે. નરસિંહમહેતાનો એક જ હેતુ હતો કે ગમે તે જાતથી ઈશ્વરને ભજો. મી. ડભોઈવાળા જણાવે છે કે નરસિંહમહેતો વિશુદ્ધ પરમ

શ્રીકૃષ્ણનો ઉપાસક ભક્તજ્ઞાની નહતો, પણ ગોપિકાના જેવો જ્ઞાનના અભિમાનથી શૂન્ય કેવલભક્ત હતો ! આ ભેદનું આરોપણ પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તોનું નરસિંહમહેતાનાં ચારિત્ર્યમાં આરોપણ કરવાને થયલું છે, બીજું કંઈ નથી નરસિંહમહેતાને તો જગત્ મિથ્યા હતું, માટે માણેકમહેતીનો સ્વર્ગવાસ થયો ત્યારે તેણે ગાયું કે ' ભલું થયું ભાગી જંજાલ હવે ભજશું શ્રીગોપાલ '

ગુ. ગુજરાતીના લેખકે આપેલાં પદોમાં માયાવાદ નથી જ, પરન્તુ બ્રહ્મવાદ અને ભક્તિમાર્ગ છે એમ અમે દર્શાવી આપ્યું છે. હજી પણ બીજાં પદો હોય તો અમારી કને લાવવા વિનતિ છે. અમે એમનો નિશ્ચય કરી આપીશું કે નરસિંહમહેતાના પદોમાં કદાપિ પણ માયાવાદ દૃષ્ટિગોચર થતો નથી. ' અમારૂં કહેવું છે કે આવા એક નહિ પણ અનેક પદો અને વાક્યો નરસિંહ મહેતાનાં કાવ્યોમાં છે તેનો ખુલાસો ' એ રા. ગુજરાતીનો લેખક શો કરે છે ! એ પદો નીચે અમે ટાંકીશું. રા. ગુજરાતીના લેખક પોતે માયાવાદના અજ્ઞાનવડે "અંધ" બનેલા છે એટલે તેમના નજરે નરસિંહ મહેતાનું સત્ય સ્વરૂપ પણ ઉલટું ભાસે છે. નરસિંહ મહેતાને જ્ઞાનનું અભિમાન હતું, અથવા નરસિંહ ઢેડને ત્યાં ભજન કરવા નહોતા ગયા, એવું ડભોઇવાલાએ ક્યારે કહ્યું છે? સનાતનીના વર્ણાશ્રમના અને મિથ્યા જ્ઞાનના અભિમાનથી 'શૂન્ય' એમ કહીને નરસિંહને દીન ભક્ત કહ્યા છે. વળી, નરસિંહે ગુરુભક્તિનો ઉપદેશ કર્યો એટલે તે સર્વદેશી છે, તો પછી પુષ્ટિમાર્ગમાં ગુરુને પુરુષોત્તમ માનીને સેવવાનો ઉપદેશ છે તે સર્વદેશી કેમ નહિ? એનો ખુલાસો રા. ગુજરાતીનો લેખક કરશે કે? શું ગુજરાતીના લેખક એમ તો નહિ કહેતા હોય કે પુષ્ટિમાર્ગમાં ગુરુભક્તિ કરવાનો ઉપદેશ નથી ! વળી, ઉપાસક ભક્તજ્ઞાની અને જ્ઞાનાભિમાનશૂન્ય ભક્ત એ ભેદ રા.ગુજરાતીના લેખકને નરસિંહના ચારિત્ર્યાંશ ઉપર મિથ્યા આરોપણરૂપ લાગે છે, પરન્તુ એ પણ મૂર્ખજલ્પિત છે. 'તત્ત્વનું ટૂંપણું તુચ્છ લાગે' એ પદથી નરસિંહ મહેતા દર્શાવે છે કે જ્ઞાન તુચ્છ છે, અને 'ભક્તિવિના બીજું ધૂળધાણી' એ પદથી ભક્તિવિના ઇતરનું ધૂળધાણીપણું દર્શાવે છે તે ઉપરથી સિદ્ધ થાય છે કે નરસિંહને બ્રહ્મવાદીય જ્ઞાન હોવા છતાં પણ તે જ્ઞાન તુચ્છ લાગવાથી કેવલ ભક્તિથી જ પ્રભુભજન કરવાનું તેમણે સ્વીકાર્યું. વળી, ' ગમે તે ભાવથી ઈશ્વરને ભજે એ જ હેતુ નરસિંહનો છે. ' તો, તેની ના ડભોઇવાલાએ ક્યારે કહી? પરન્તુ એ તો ' न हि कल्याणकृत् कश्चिद् दुर्गतिं तात गच्छति ' એ શ્રીમુખના વાક્યાનુસાર યોગ્ય જ છે, તથાપિ જો પ્રભુનો રસ જ અનુભવવો હોય, આનન્દમય રમેશનો અનુભવ કરવો હોય, તો તો નરસિંહ મહેતાના શબ્દોમાં 'રસભર્યું રૂપણું નાથ નોતરા કરે તે નહિ નારી અવતાર પામે' દર્શાવ્યા પ્રમાણે ગોપિકાના જેવો જ્ઞાનાભિમાનથી શૂન્ય પ્રેમભાવ પ્રાપ્ત થાય ત્યારે જ થઇ શકે. વળી, લેખક લખે છે કે ' નરસિંહમહેતાને તો જગત્ મિથ્યા હતું, ' પરન્તુ તેના તાત્પર્યનો વિચાર કરવાનું લેખક ભૂલી ગયા છે, તે અત્ર દર્શાવીશું. ઉત્કટ વૈરાગ્યને લીધે અને પ્રભુમાં અત્યન્ત નિરોધને લીધે નરસિંહને જગત્ સ્વરૂપાનંદની અપેક્ષાએ મિથ્યા લાગ્યું હોય તો તેમાં અમને પ્રતિબંધ નથી. જગત્ સ્વસત્તાથી સત્ય નથી, પરન્તુ પ્રભુસત્તાથી જ સત્ય છે. આ પણ तुष्यतु दुर्जनः એ ન્યાયથી કહીએ છીએ. બાકી નરસિંહ મહેતાના રા. ઇચ્છારામના છાપેલા પદસંગ્રહમાં એવું એક પદ પણ દૃષ્ટિએ પડ્યું નથી કે જ્યાં નરસિંહે જગત્‌ને મિથ્યા કહ્યું હોય. પણ તેમને તો મિથ્યા પ્રપંચ જ કરવો છે. જ્યારે સંસારબંધનનો નાશ થયો ત્યારે પ્રભુભજનમાં અન્તરાય થતો અટકે છે તે દર્શાવવાને નરસિંહે માણેક મહેતીના ગોલોકવાસ થયે ગાયું કે ' ભલું થયું ભાંગી જંજાલ સુખે ભજશું

શ્રીગોપાલ,' આમાં સંસારની જાલ ભાગવાથી સુખેથી ભગવાન્ ભજાશે એટલું જ તાત્પર્ય નીકલે છે, શંકરપંથમા મનાતું જગન્મિથ્યાત્વ નથી નીકલતું.

'વૈષ્ણવના લક્ષણ આપતા કહે છે કે —

'હારે વૈષ્ણવજનના કીયારે લક્ષણ છાપા તિલક તુલસીની માલારે'

તેમ બીજી જગ્યાએ તે એમ પણ કહે છે કે—શંકર તુઠે રે ભોળા શંકર તુઠે

× × ×

ધનભાગ્ય તે ઉભો નિરખું, ગીરધારિત ચરણે રે;
ગંગાધરને ગોકુલપતિમા જે કોઈ જાણે ભેદ રે
ભણે નરસૈંયો વૈષ્ણવ નહિ એ અધમ જાત કહે વેદ રે.

× × ×

જ્યાં લગી આત્મા તત્વ ચિન્યો નહિ, ત્યાં લગી સાધના સર્વ જુઠી,

× × ×

શું થયું તપને તીર્થ કીધા થકી, શું થયું માલ ગ્રહી નામ લીધે,
શું થયું તિલક ને તુલસી ધાર્યા થકી, શું થયું ગંગ જલપાન કીધે,
એ છે પ્રપંચ સહુ પેટ ભરવા તણા, આત્મારામ પરબ્રહ્મ ન જોયો,
ભણે નરસૈંયો કે તત્ત્વદર્શન વિના, રત્નચિન્તામણિ જન્મ ખોયો.'

આ પદો ટાંકવાનું શું પ્રયોજન હશે તે સ્પષ્ટ સમજાતું નથી, આ પદોમા શિવસંબંધી પદો બાદ કરતાં, અવશિષ્ટ પદોમાં પ્રતિપાદન કરેલો સિદ્ધાન્ત પુષ્ટિમાર્ગને સર્વથા સંમત જ છે પ્રભુદર્શનવિના આ સર્વેચ્છાપૂરક જન્મ જ વૃથા છે, તો પછી વૈષ્ણવોના બાહ્ય ચિહ્નો, તિલકમાલા વગેરે, પ્રભુમા આસક્તિને અભાવે આડંબરમાત્ર હોય એમા શું આશ્ચર્ય.' પ્રભુમા આંતર પ્રેમ, આસક્તિ, અને વ્યસન સિદ્ધ થવામા જ બાહ્ય અંગભૂત તિલકમાલાનો ઉપયોગ છે. તિલકમાલા તિલકમાલાને જ માટે નથી, પરંતુ પ્રભુની આંતર ભક્તિને માટે છે આત્મતત્ત્વ પણ જીવાત્મા નહિ, પરન્તુ પરમાત્મા, જ્યાંસુધી હૃદયમા પરમાત્મા નથી વિરાજતા ત્યાંસુધી સર્વ સાધન વૃથા જ છે. અત્ર નરસિંહમહેતા ખરેખર શુદ્ધ પુષ્ટિનો જ ઉપદેશ કરે છે

હવે, શિવવિષે પ્રશ્નના પ્રત્યુત્તરમા નરસિંહમહેતાના જ પદો ટાંકીશું, ને તે પણ ગુજરાતીવાલા રા. ઇચ્છારામના શોધેલા અને તત્પુત્ર રા મણિલાલે પ્રકટ કરેલા કાવ્યસંગ્રહમાંથી જ, તે પદોમા નરસિંહ મહેતા જાતે જ ગોકુલપતિ–કૃષ્ણ અને શિવનો ભેદ દર્શાવે છે. એનો ખુલાસો રા. ગુજરાતીનો લેખક કરશે તો ઉપકાર થશે.

પૃષ્ઠ ૬૧૦, પદ ૧૦૩

ગોઠડી મીઠડી ગોકુલાધીશની, શ્રવણ સુણતાં પરમપ્રેમ જાગે,
સકલ સિદ્ધાન્તનું સાર કૌતુક કથા, સર્વથા સંદેહ ભાગે,
ભણે પંડિત ઘણા વા કરી ગાગરી પાંગલી ગુરુ પડે કરે રે ચર્ચા;
કો કહે ઈશ (મહાદેવ) આરાધના સાધના, કોઈક ગજાનન કો અંબ અર્ચા
વેદાર્થ તે વદે, ધર્મ નવ અણુ હદે, શાસ્ત્ર સિદ્ધાન્ત સુપને ન જાણે,
તકને ખાર જેમ, ચીરને કુબુદ્ધ હોય, ચરમને ચીર સરખા વખાણે
તેને કારણ એકો મને નવ ગમે, મન રમણ ગોકુલાધીશ ચરણે
ભણે નરસૈંયો એ વાતો વના આજ પખાળ કેમ પરું કરણે

આ પદમાં ઈશ, ગજાનન, અંબા, સર્વને દીન દર્શાવી ગોકુલાધીશને પરમ શરણના વિષય તરીકે સ્વીકાર્યા છે.

૫૪. ૫૮૯.

નરસૈંયાચો સ્વામી ભક્તવત્સલ, હર બ્રહ્માદિક ન કળાયો રે.

૪૭૬ પૂર્ણ પુરુષોત્તમ, નવરંગી ત્યજી, અન્ય દેવે જેનું મન મોહે,
કોટિ ચિન્તામણિ કામધેનુ ત્યજી મહિષિના પુત્રનું દૂધ દોહે;
ગર્ગલેશથી જશ ગાય જેનો સદા નારદ નામ મુખથી ન મૂકે,
તે બ્રહ્મ દ્વાર આવીને ઉભા રહ્યા, ગોપિકા સુખ લેવાને હુંકે.
અજ ભવ સુરપતિ સ્વપ્ને પેખે નહિ, નેતિ નેતિ કહી નિગમ વામે,
નરસૈંયો રંક જશ ગાઈને રીઝવે સહસ્ર મુખે શેષ પાર ન પામે.

આ પદમાં જ અજ (બ્રહ્મા) ભવ-(શિવ) સુરપતિ-(ઇન્દ્ર) એ સર્વને, અને વેદને પણ, પૂર્ણ પુરુષોત્તમ કૃષ્ણનું સ્વરૂપ અગમ્ય છે એમ કહ્યું છે. અહિં શિવનો અને ગોકુલાધીશનો ભેદ નરસિંહે દર્શાવ્યો છે કે નહિ? જુઓ તમારૂં પોતાનું જ પ્રસિદ્ધ કરેલું ભાગવતનું ભાષાંતર शक्रशर्वपरमेष्ठिपुरोगा कश्मल ययुरनिश्चिततत्त्वा । આ પદમાં પ્રથમ પંક્તિથી અનન્યાશ્રયનો ઉપદેશ નરસિંહ કરે છે તે વિસ્મરવું જોઇએ

૪૭૭. અરે ગોકુલાધીશથી તો શું પણ ગોપીના ચરણરજની ઉપાસના શિવાદિ કરે તો પછી ગોપીપતિની જોડે શિવનો તો ભેદ સ્પષ્ટ જ છે.

સારમાં સાર અવતાર અબલાતણો જે બલે બલભદ્રવીર રીઝે,
પુરુષ પુરુષાતન શું કરું હું સખી, જેથી નહિ માહરું કાજ સીઝે.
મુક્તિપર્યન્ત તો પ્રાપ્તિ છે પુરુષને, સત્ય જો સેવકભાવ રાખે,
રસમયું રૂપરસણુ, નાથ નોહરા કરે તે નહિ નારી અવતાર પાખે.
ઇન્દ્ર આદિક અજ ઈશ ને મહામુનિ ગોપિકા ચરણરજ તેહ વંદે,
ગોપીથી આપનું અધમપણું લેખવે નરપણું નવ રુચે આપ નંદે.
વેદ વેદાન્ત ઉપનિષદો ખટ મળી જે મથીને રસ પ્રકટ કીધો,
તે રસ ભાગ્યનિધિ ભામિની ભોગવે, અહોનિશ અનુભવ સંગ લીધો.

૩૧૨ પદ-૧૬૭.

શિવને વિરંચી રે મહા મોટા મુનિ રે જેને નવ જડ્યો એહનો પાર.

૩૧૨. ૧૧૪.

શિવ સનકાદિકને રે સ્વપ્ને નહિ આવ્યા હરિ રે, તે હરિ રમે હમારી સાથ

જે પ્રભુ શિવ સનકાદિકને સ્વપ્ને નથી આવતા તે પ્રભુ અમારી (ગોપિકાની) સાથે રમે છે. જ્યાં ગોપીથી પણ અધકક્ષા શિવાદિની, નરસિંહે જણાવી, તો પછી કૃષ્ણનો શિવથી કેટલો ઉત્કર્ષ નરસિંહે દર્શાવ્યો હશેતાય.

શિવનાથી ઉત્કર્ષ દર્શાવનારાં પદો આ પ્રકારે થોડાંક અત્ર દર્શાવ્યાં છે. વિશેષજિજ્ઞાસાવાળા વાચકોએ નરસિંહકાવ્યસમુદ્ર વાંચવો: બ્રહ્માદિકનાથી ઉત્કર્ષ પણ તેવી જ રીતે નરસિંહે દર્શાવ્યો છે. ટાંકેલા પદોમાં પ્રથમ અનન્યાશ્રય ઉપદેશ છે, દ્વિતીયમાં કૃષ્ણનું અનન્યાશ્રયત્વ-

વડે વેદાતીતત્વ ઉપદેશે છે, તૃતીયમા કૃષ્ણરસ પ્રાપ્ત કરવાને પુરુષની અનધિકારિતા અને સ્ત્રીત્વની આવશ્યકતા ઉપદેશે છે, અને તે ત્રણે પુષ્ટિમાર્ગના પોષક છે આ પદો ઉપરાત જ્ઞાનથી ઉત્કર્ષ બતાવનારા અને પુષ્ટિભક્તિ અને બ્રહ્મવાદબોધક પદો નીચે આપ્યા છે આ પદો વાચવાથી વાચકનો નિશ્ચય થશે કે રા ગુજરાતીના લેખક કેવલ ઈર્ષ્યાપ્રયુક્ત મિથ્યા પ્રલાપ જ કરે છે. તે પદો ટાકતાં પહેલાં એક પદ એમણે આપેલુ છે તે પણ વિચારી લઈએ.

૧૦. 'નવધામા તો નહિ નરવેરો, દશધામા દેખાયોરે
અચલ રસ છે એની પાસે, તે પ્રેમીજનને પાશેરે
અદ્વૈત બ્રહ્મ અનુપમ લીલા અસખ્ય ગુણનો એવોરે,
યોગ યજ્ઞ જપ તપ મુનિ દુર્લભ, માને તેવો મેવોરે.
જ્યા લગી જ્યમ છે ત્યમનો ત્યમ છે, વધે ઘટે નહિ વધાયોરે.
આવે ના જાયે, જાયે ના આવે નહિ ખર્યો નહિ ઢાલોરે
પૂર્ણાનન્દ પોતે પુરુષોત્તમ, પરમ ગતિ છે એનીરે
એ પદ ક્ષર અક્ષરની ઉપર તમે જો જો ચિત્તમા ચેતીરે
હું હું જશે દુગ્ધા ટળશે નિર્ભય થાશો નિરખીરે
ભણે મહેતો નરસૈંયાચો સ્વામી, હુ હૈયામા હરખીરે'

આ પદને ટાકેલુ જોઈને રા ગુજરાતીના લેખક ઘટ્ટકુટીપ્રભાતન્યાયને અનુસરતા હોય એમ લાગે છે નરસિંહ મહેતાના પદમા શ્રીમદ્વલ્લભાચાર્યજીનો સિદ્ધાન્ત નથી અને માયાવાદ જ છે એમ દર્શાવવા પ્રયત્ન કરવા છતા, પ્રત્યેક પદમાથી બ્રહ્મવાદ અથવા પુષ્ટિમાર્ગ નિકલે છે, તેમાં વળી આ પદ તો પુષ્ટિમાર્ગને અત્યન્ત પોષે છે. આ પદમાં 'અદ્વૈત બ્રહ્મ અનુપમ લીલા' એ શબ્દોને તેમણે મોટા ટાઈપમાં છાપ્યા છે; તે ઉપરથી એમ અનુમાન થાય છે કે ગુજરાતીના લેખકને આ શબ્દોમા કાઈક માયાવાદનો ગધ આવતો હશે, પરન્તુ આ પણ એઓની ભ્રાન્તિ છે. માયાવાદમા બ્રહ્મ તો કેવળ નિર્ગુણ, નિરાકાર, નિરવયવ, નિરંજન, ઇત્યાદિ છે, તે બ્રહ્મને વળી લીલા કેવી? વસ્તુત: આ શબ્દો દર્શાવે છે કે બ્રહ્મ અદ્વિતીય છે, અને તેની લીલા પણ તેના જેવી જ અનુપમ છે. એ બ્રહ્મ (કૃષ્ણ) ક્ષર અને અક્ષર બ્રહ્મથી પણ પર છે ક્ષરાક્ષરાતીત પુરુષોત્તમ અનુપમ લીલાવિશિષ્ટ છે, તે નવધા ભક્તિથી પ્રાપ્ત થતા નથી, યોગ, યજ્ઞ, જપ, તપ, મુનિ વગેરેને પણ દુર્લભ છે. એ પૂર્ણાનન્દ પ્રભુ તો કેવલ પ્રેમૈકલભ્ય છે. તદ્રસનુ પાન પ્રેમી જનથી, ગોપિકાજનોથી, જ થઈ શકે છે. પૂર્ણાનન્દ પુરુષોત્તમ ક્ષરાક્ષરાતીત અનુપમ લીલાવિશિષ્ટ કૃષ્ણને નિરખશો ત્યારે અભય પ્રાપ્ત થશે, અહતા મમતા ટલશે આવા પ્રભુ 'આવે નહિ જાય પણ નહિ' અર્થાત્ નિત્ય છે. 'વધે નહિ તેમ ઘટે પણ નહિ'—પૂર્ણ છે આ ઉપરથી વાચકોને સ્પષ્ટ પ્રતીત થશે કે જેમ જેમ ગુજરાતીના લેખક અધિકાધિક શકા કરે છે તેમ તેમ અધિકાધિક પુષ્ટિમાર્ગ અને બ્રહ્મવાદ નરસિંહ મહેતાના પદોમાથી નીકળે છે. આથી આપણે આશીર્વાદ આપીશુ કે ગુજરાતીના રા શકાશીલ લેખક ચિરજીવ રહો અને આવી શકા કરતા રહો કૃષ્ણને નરસિંહ ક્ષર અને અક્ષરથી અતીત કહે છે, તે માયાવાદથી વિરુદ્ધ, હોવાથી મણિલાલ નભુભાઈ ધૃષ્ટતાથી 'यस्मात् क्षरमतीतोऽहमक्षरादपि चोत्तम अतोऽस्मि लोके वेदे प्रथित पुरुषोत्तम' એ ગીતા શ્લોકના અર્થને મચડવાનો મિથ્યા પ્રયાસ કરે છે તે પણ વિચારણીય છે.

૧૧ ગુજરાતીના લેખકની એક બે આનુષંગિક શંકા નીચે પ્રમાણે છે.

૧. મી. ડભોઇવાળાનો બીજો એક અકાણ્ડતાણ્ડવ આ વીશમી સદીમાં નોંધવા જેવો છે તે. રાજેશ્રી જણાવે છે કે “ સ્ત્રી સિવાય પ્રભુનો રસ કોઇથી અનુભવ શકાય એમ નથી. ” જેવું પિંડે તેવું બ્રહ્માણ્ડે. માત્ર મારો પ્રશ્ન એ છે કે પુષ્ટિમાર્ગના સ્થાપક સ્ત્રી હતા કે કેમ ! જો તેમ નહિ હોય તો તેઓએ સ્ત્રીનો અનુભવ કેમ જાણ્યો હશે ? અને ખાસ કરીને હાલમા મી. ડભોઈવાળાએ કેમ જાણ્યું હશે ? તેમને એનો અનુભવ થયો છે ખરો ?

૨ નરસિંહ મહેતો તો મી. ડભોઈવાળાથી ઉલટુ જ કહે છે તે નીચેના પદ પરથી જણાવશે.

ધન વૃન્દાવન ધન એ લીલા, ધન એ વ્રજના વાસી,
અષ્ટ મહાસિદ્ધિ આગણિયેરે ઉભી, મુક્તિ છે એમની દાસી.
એ રસનો સ્વાદ શંકર જાણે કે જાણે શુક જોગીરે,
કાંઇ એક જાણે વ્રજનીરે ગોપી, ભણે નરસૈં યો ભોગીરે

નરસિંહ મ્હેતા તો કહે છે કે પ્રભુનો રસ તો પુરુષ શંકર કે શુક જોગી બરાબર જાણે, પણ વ્રજની ગોપી તો માત્ર કાંઇ એક જાણે. સાચો અનુભવ કોનો ? મી ડભોઇવાળાનો કે 'નરસિંહ મહેતાનો ? આવા ખોટા લવારા કરનારા પ્રેમલાઓને હુ નરસિંહ મહેતાના જ શબ્દોમાં કહીશ કે

‘ રઝડતી રાડના રડવડતા છોકરા, કોઈ ચિંતા દઇ ઠોર આણે,
અંધ ગુરુએ વળી નિરંધ ચેલા કર્યા, બ્રહ્મની વાત તે શુ રે જાણે
ભરમે ભૂલા ફરે, આન દે આથડે, પૂર્ણ બ્રહ્મ પોતે ન જાણે.
સ્વપ્નાનુ સુખ સાચુ કરી લેખવે પાસેથી પ્રભુને દૂર વખાણે
મૂરખ મમતા કરે ભૂતલ ભમતા ફરે, જોને રીઝાય તે કર્મ કાંડે.
શ્રીમન્તનુ સુખ નિર્ધનને ન મળે, વાદ કરે ને વિષે વખાણે,
નિર્ગુણ નાથને નિરખી તે નવ શકે, સગુણને સરતે ન જાણે
ચેતન નિંદા કરે જડની વંદના કરે અચેત ભૂલ્યો ફરે ભિન્નભાવ આણે.
અગમ ગુરુ થકી નિગમ શિષ્ય નીપજ્યા, બુધની વાતનો ભેદ જાણે.
પાસેથી અન્ય અળગો રે દેવે નહિ નરસૈં યો પાસુ તે કોણ તાણે.’

આ બે શંકાનું પ્રત્યુત્તર ઉપરની ચર્ચામા આવી ગયુ છે. તથાપિ ગુજરાતીના ચિ. લેખકને વિશેષ બોધ થાય એવા ઉદ્દેશથી સહજ લખીશુ. ‘ સ્ત્રીસિવાય પ્રભુનો રસ કોઇથી અનુભવી શકાય એમ નથી ’ આ રા. ડભોઇવાળાના વાક્યમા ઉક્ત લેખકને ગહન સંદેહ રહ્યો છે, તો તેનુ નિરાકરણ નીચે પ્રકારે છે ઉક્ત વાક્ય ‘ રસભર્યું રુસણુ નાથ નોહરા કરે તે નહિ નારી અવતાર પામે ’ એ નરસિંહ મહેતાની પંક્તિના વિવરણરૂપે લખાયુ હતું. નરસિંહ મહેતાનુ મત એવું હોય, અને તે રા. ગુજરાતીના લેખકને ન રુચે તેમાં રા. ડભોઇવાળા શુ કરે ? નરસિંહ મહેતા તો કહે છે (ઉક્ત પંક્તિની પૂર્વ પંક્તિઓમાં જ), કે

‘ સારમા સાર અવતાર અબલા તણો, જે બલે બલભદ્ર વીર રીઝે,
પુરુષપુરુષાતન શુ કરું હે સખી, જેથી નહિ માહરુ કાજ સાજે.
મુક્તિ પર્યન્ત તો પ્રાપ્તિ છે પુરુષને, સત્ય જો સેવકભાવ રાખે,
રસભર્યું રૂસણું, નાથ નોહરા કરે, તે નહિ નારી અવતાર પામે.
ઇન્દ્ર આદિક અજ ઇશને મહામુનિ, ગોપિકા ચરણરજ તેહ વંદે,
ગોપીથી આપનુ, અધમપણુ, લેખવે નરપણુ ન રૂચે આપ નંદે ’

વળી,

મારીને મુક્તિ આપી ઘણા દૈત્યને, જ્ઞાની વિજ્ઞાની બહુ મુનિરે જોગી,
પ્રેમ ને જોગ તો વ્રજતણી ગોપિકા અવર વિરલા કોઇ ભક્ત ભોગી

× × × × ×

મેં ગ્રહ્યા હાથ ગોપીનાથ ગરવાતણો અવર બીજું કાંઇએ ન ભાવે,
નરસૈંયો મહામતિ, ગાય છે ગુણ કથી, જતિ, સતીને તો સ્વપ્ને ન આવે.

ઉક્ત પદોથી એટલું તો સિદ્ધ થાય છે કે નરસિંહના મતે પુરુષ જો પ્રભુમા સત્ય સેવકભાવ–દાસભાવ–રાખે તો એની ગતિ મુક્તિપર્યન્ત છે, પરન્તુ ચતુર્મુક્તિથી અતીત પૂર્ણાનન્દ કૃષ્ણના રસાનુભવપર્યંત તો નથી જ આ જ કારણથી ઇન્દ્ર, મહાદેવજી, બ્રહ્માજી વગેરેને નરપણુ રુચતુ નથી, અને કૃષ્ણરસનો અનુભવ થતો નથી, તેથી પોતાનુ ગોપીથી અધમપણું પણ લેખવે છે, એટલુ જ નહિ, પરન્તુ તે મહાનુભાવિનીઓ ગોપીઓની ચરણરજને વદન કરવામા કૃતાર્થતા માને છે. કૃષ્ણપ્રેમને યોગ્ય તો કેવલ વ્રજગોપિકા જ છે, તે સિવાય અન્ય કોઇ હોય તો તે કોઇ વિરલ ભક્ત જ (અને તે પણ શ્રીગોપીજનના અંશ હોય તે જ) હોઈ શકે. નરસિંહ મહેતાને ગોપીનાથ–કૃષ્ણ–સિવાય અન્ય ભાવતું નથી. જે કૃષ્ણરસ સ્ત્રીભાવથી પોતે અનુભવે છે, તે યતિને નામ સન્યાસીને અને સતીને તો એના મતે સ્વપ્ને પણ આવતો નથી.

શ્રીમદ્વલ્લભાચાર્યજીએ કૃષ્ણરસનો અનુભવ કેવી રીતે કર્યો તે વૈષ્ણવોને સુપરિચિત છે, એટલે તેના વિવેચનની અહિં આવશ્યકતા નથી રા ગુજરાતીના લેખકને જિજ્ઞાસા હોય તો શ્રીમુરલીધરદાસવિરચિત શ્રીવલ્લભાચાર્યચરિત, અને શ્રીમદગ્નિકુમારપ્રોક્ત સર્વોત્તમસ્તોત્રનુ તેમણે અનુસંધાન કરવું.

બીજી શંકા 'ધન વૃન્દાવન' ઇત્યાદિ પદની છે. ઉક્ત પદની છેલી પંક્તિ ૧૫–૨–૧૪ ના ગુજરાતીમા જણાવ્યા પ્રમાણે અશુદ્ધ છે. તેમા જણાવ્યુ છે કે છેલ્લી પંક્તિ 'કાઇએક જાણે વ્રજની રે ગોપી, ભણે નરસૈંયો ભોગી રે' એમ નથી, પણ 'કે જાણે છે વ્રજની નારી, કે જાણે નરસૈંયો ભોગી રે' કદાચિત્ પ્રથમ દર્શાવેલી પંક્તિ શુદ્ધ હોય તો પણ ઉપર છાપેલા પદોથી ગુજરાતીના લેખકે તેનો કરેલો અર્થ અશુદ્ધ જ છે. ઉક્તપંક્તિનો અર્થ એમ થાય છે એ રસ તો વ્રજની કેટલીએક (સર્વ નહિ) ગોપીઓ જાણે છે, કે નરસૈંયો જાણે છે. આ જ અર્થ યુક્ત છે, કારણકે શ્રીગોપીજનમાં પણ માતૃભાવવતી શ્રીયશોદાદિને પણ શ્રીરાધાદિ ગોપિકાઓના જેવો રસાનુભવ નથી.

વાચકવર્ગને હવે નરસિંહનુ સત્ય સ્વરૂપ સ્પષ્ટ થયુ હશે. પુરુષ શંકરનુ જે પદ ટાંક્યુ છે, તેથી વિરુદ્ધ નરસિંહના અનેક પદો ટાંક્યા છે, અને સિદ્ધ કર્યું છે કે શિવાદિને એ રસનો અનુભવ નથી, એટલું જ નહિ પણ એ અનુભવની ન્યૂનતાને લીધે શિવાદિને 'નરપણુ' રુચતુ નથી, અરે નંદરાયજીને પણ રુચતું નથી, માતૃભાવથી શ્રીયશોદાને જે અનુભવાનન્દ મળે છે, તે પિતૃભાવ કરતા અધિક છે માટે

ઇન્દ્ર આદિક અજ ઈશ ને મહામુનિ ગોપિકાચરણરજ લેઇ વંદે,
ગોપીથી આપનું અધમપણુ લેખવે નરપણું નવ રુચે આપ નંદે

આ ચર્ચાની અન્તમા કહેવુ જોઇએ કે નરસિંહ મહેતાને આરંભમા શિવદ્વારા કૃષ્ણભક્તિ પ્રાપ્ત થઈ હશે, અને તેથી જ રા ડભોઇવાળાએ લખ્યું હતુ કે 'કંઇક અંશે'

'સર્વાંશે નહિ', નરસિંહે શ્રીવલ્લભાચાર્યના જેવો ઉપદેશ કર્યો. જેમ જેમ નરસિંહની કૃષ્ણભક્તિ વૃદ્ધિગત થઈ અને જ્યારે કૃષ્ણરસનો પરમ અનુભવ થયો ત્યારે એને લાગ્યું હોવું જોઈએ કે કૃષ્ણ જ પરમવસ્તુ છે, શિવાદિને પણ પૂર્વે દર્શાવ્યા પ્રમાણે એની ગમ નથી, શુદ્ધાદ્વૈત જ્ઞાન પણ તત્ત્વનું તુચ્છ ટૂંપણ છે, અને કૃષ્ણરૂપ પરમફલના અધિકારી તો કેવલ વ્રજની ગોપિકા જ છે, તેથી જો જે રસનો અનુભવ ગોપીઓએ કર્યો તે રસનો અનુભવ કોઈએ કરવો હોય તો પુરષાભિમાન ત્યજી, ગોપવધૂનું હૃદય અનુભવી, પ્રભુ કૃષ્ણને હૃદયમાં પધરાવવા, તેમ કરવાથી નરસિંહવત્ વિરલભક્તગણાન્તપાતી થવાશે નરસિંહના પદોમા શુદ્ધ બ્રહ્મવાદનું વર્ણન કરેલું છે, અને તે જ જ્ઞાનને પણ પાછું તત્ત્વનું તુચ્છ ટૂંપણ કહ્યું છે, તે ઉપરથી સમજાશે કે સદ્ગત ઇચ્છારામે કરેલું અનુમાન કે નરસિંહ પ્રથમ ભક્ત હતો અને પછી જ્ઞાની થયો તે અસંગત ઠરે છે. રા. ઇચ્છારામનું અનુમાન કેવલ વાચોવિગ્લાપન છે, કારણ કે જો નરસિંહ અન્ત સમયે જ્ઞાની હોત તો જ્ઞાનને તત્ત્વનું તુચ્છ ટૂંપણું ન કહત, તેમ ભક્તિનો પણ ઉત્કર્ષ ન ગાત. જુઓ.

પ્રેમરસ પાને તું મોરના પિચ્છધર, તત્ત્વનું ટૂંપણું તુચ્છ લાગે,
દૂબળા ઢોરનું, ફૂશકે મન ચળે, ચતુર્ધા મુક્તિ તેઓ ન માગે
પ્રેમની વાત પરીક્ષિત પ્રીછયો નહિ, શુકજીએ સમજી રસ સંતાડયો,
જ્ઞાન વૈરાગ્ય કરી ગ્રન્થ પૂરો કર્યો, મુક્તિનો માર્ગ સૂનો દેખાડયો
મારીને મુક્તિ આપી ઘણા દૈત્યને, જ્ઞાની વિજ્ઞાની બહુ મુનિરે જોગી,
પ્રેમને જોગ તો વ્રજ તણી ગોપિકા અવર વિરલા કોઈ ભક્ત ભોગી.
પ્રેતન મુક્તિ તો પરમવલ્લભ સદા હેતુના જીવ તે હેતુ ત્રુઠે,
જન્મોજન્મ લીલારસ ગાવતા લહાણના વહાણ જેમ દ્વાર છૂટે.
મે ગ્રહ્યો હાથ ગોપીનાથ ગરવા તણો અવર બીજું કાંઈએ ન ભાવે,
નરસૈંયો મહામતિ ગાય છે ગુણ કથી જતિ સતીને તો સ્વપ્ને ન આવે.

સદ્ગત ઇચ્છારામના અનુમાનનું ચૂર્ણશ ખંડન કરવાને તેમ પ્રતિપદ પુષ્ટિમાર્ગને અનુસરતું છે તે સિદ્ધ કરવાને પણ આ પદ પૂરતું છે.

અત્ર કહેવું જોઈએ કે નરસિંહ મહેતામા શ્રીવલ્લભાચાર્યજીના સર્વ સિદ્ધાન્તો મળી આવતા ન હોય તો પણ એના પદોમાથી પ્રકટ થતું તાત્પર્ય શ્રીમદ્વલ્લભાચાર્યજીના સિદ્ધાન્તને બહુધા મળતું આવે છે, અને તે સત્ય તે સમયનું ભારતવર્ષમા સર્વત્ર બ્રહ્મવાદ અને શુદ્ધ કૃષ્ણભક્તિનું સામ્રાજ્ય સૂચવે છે નરસિંહ પોતે બ્રહ્મવાદી હતા, નહિ કે માયાવાદી, કૃષ્ણરૂપ બ્રહ્મતત્ત્વને માયાવાદિવત્ કેવલ ગુણશૂન્ય નહોતા માનતા, પણ અલૌકિક ગુણના નિધિ અને પ્રાકૃત ગુણશૂન્ય માનતા હતા. જુઓ,

મન વચન સાધન ચાતુરી અને અગમ અગોચર જેહ છે,
બ્રહ્મવાદ નિર્બોધ છે તેને સમજશે તે કોણ છે.
એવો રત્નકોશ છે નિધાન ગુણનો, નિગમે નિર્ગુણ ભાખીએ,
વેદ લિહાં વિધિભેદ ખોટે દયાનિધિ કરી દાખીએ
સ્નેહ ક્ષીરણ મહાશરી શીતલ શ્રીરંગ અંગે સંજર્યો,
તે જ તનથી તારુણીશું રૂપ રંગે શું રચ્યો

તારુણિ કોટિક તેજ રસમા મયક મહામતિ પરસહો,
સહેજ કર્તવ્ય કામ ભેદે કારજ કારણ નવ લહ્યો।
નવપલ્લવ જોબન શ્રીવૃન્દાવન તેની શોભા શ્રવણે ન સમાય,
સસારમા સન્મુખ ક ! સ્તુતિ ટળી નિન્દા થાય

આ અને આવા અનેક પદો છે કે જે ઉપરથી નિષ્પક્ષપાતી બુદ્ધિમાન્ વાચક સમજી શકશે કે નરસિંહ મહેતા પુષ્ટિમાર્ગને કેટલો મળતો આવે છે ? ઉભયની વચ્ચે અન્તર છે, અને તે આ છે કે સમ્પ્રદાયમા શ્રીમદાચાર્યના ચરણદ્વારા શ્રીકૃષ્ણભક્તિ પ્રાપ્ત થાય છે, ત્યારે નરસિહને આરંભમા શિવદ્વારા કૃષ્ણભક્તિ પ્રાપ્ત થઈ હશે, પણ તે આરંભમાં જ, કારણ કે અન્ય પદોમા એ દર્શાવે છે કે ગોપીઓએ અનુભવેલો રસ શિવાદિને પણ સ્વપ્ને નથી મળતો (જુઓ ઉપર ટાંકેલા પદો) હજુ પણ જો ગુજરાતીના લેખકને સતોષ ન થતો હોય તો જે પદથી એમણે સિહાવલોકનનો ઉપસહાર કર્યો છે, તેજ નરસિહના પદનુ અનુસધાન કરી, નરસિહના કહેવા પ્રમાણે સસારાસક્તિનો ત્યાગ કરી, નરસિહકાવ્યનો શુદ્ધ ભાવથી અભ્યાસ પુન આરભવો, એટલે તત્ત્વ સ્વત સ્ફુરશે વસ્તુત નરસિહ ગુજરાતી કવિ છે, અને શ્રીમદાચાર્યજી તૈલગ બ્રાહ્મણ છે, એટલે એક બીજાના વિચાર વાચીને ગ્રહણ કરવાનો કોઇ પણ પ્રકારે સભવ નથી, તેમ શ્રીમદાચાર્યજી જેવા સમર્થ માયાવાદકરીન્દ્રદર્પદલન વેદ-વેદાતના ભાષ્યકાર અને સસ્કૃત પડિત ગુર્જર નરસિહના કાવ્યો વાચીને પોતાનો સિદ્ધાન્ત નિર્ણય કરે તે પણ અસગત અને અસ્વાભાવિક છે, પરન્તુ ઉભયનુ વિચારસામ્ય તે સમયનું ભારતવર્ષમા સર્વત્ર પ્રસરી રહેલુ બ્રહ્મવાદ અને કૃષ્ણભક્તિનુ સામ્રાજ્ય જ સિદ્ધ કરે છે આથી ગોવર્ધનરામની કલ્પના (!) કે 'નરસિહના બીજરૂપ ઉપદેશને શ્રીવલ્લભાચાર્યે વિકસાવ્યો' કે એક અન્ય સાહિત્યરત્નવાળા ગ્રેડ્યુએટની કલ્પના કે 'બે વર્ષના બાલક શ્રીવલ્લભાચાર્યને નરસિહના વિચારો માર્ગદર્શક થઈ પડ્યા (!) એ ઉભય કલ્પના અસગત ઠરે છે. નરસિંહની વિચારદિશા શ્રીમદાચાર્યજી જેવી ખરી, પરન્તુ ઉપકાર તો સર્વથા નહિ નરસિહ મહેતા, દયારામ, નિર્ભયરામ ભટ્ટ, રા કેશવલાલ ધ્રુવના પૂર્વજ નાગજીભાઈ વગેરે નાગરોની પરમ ગતિ શ્રીકૃષ્ણમાં જ હતી, તેથી સિદ્ધ થાય છે કે તા. ૧૫-૨-૨૪નો ગુજરાતીનો દાસાનુદાસ-નામક ચર્ચાપત્રી લખે છે કે 'નાગરોને શિવ સિવાય અન્ય ગતિ નથી' એ પણ ભ્રાન્તિમૂલક છે, ઇતિહાસનુ એ લેખક ખેદકારક અજ્ઞાન પ્રકટ કરે છે.

વળી જુઓ,

સહસ મુખ કરી ગોપીને, ગમર્ડુ ગમર્ડુ નીત નીત બોલે,
તે વહાલાને તેં ઉરપર રાખ્યો, કમલાજી નહિ તુજ તોલે
શામલીઓ વર અતિશય બલીયો, તુજ આગલ દીન કહાવે
ધન ભાગ્ય ધન જોબન તારૂ વણ તેડ્યો ઘેર આવે
અનન્ત કોટિ બ્રહ્માડતણો પતિ સુરીનર સ્વપ્ને ન આવે
શિવ વિરચિ જેનુ ધ્યાન ધરે રે તે તુજને લાડ લડાવે.
પ્રેમ વિના પુરષોત્તમ દુર્લભ કોટિ જન્મ તપ સાધે
જનો જન્મ સૈયો રે જપતો એ લગની પ્રેમરસ વાધે.

× × +

સેજ તણું સુખ કહ્યું નવ જાયે જે પીયુજી પ્રેમ ધરી દે
જેનું ધ્યાન ધરે બ્રહ્માદિક તેશું રંગ રમી જે.
દુર્જન કેરું કાંપે ન ચાલે, જેને સન્મુખ સ્વામીરે
નરસૈંયાચા સ્વામીશું રમતાં અબલા આનન્દ પામી.

× × × ×

વિવિધનો વિનોદ કરતી મનશું. ગોપીનાથ વશ કીધો રે,
જે રસ શિવ સનકાદિક દુર્લભ, તે નેત્ર ભરી પીધો રે.

× × × +

કોટિ કંદર્પનો દર્પ એવા હરિ ભૂતલ ભોગીનું રૂપ લીધું
કામની કેલ કરવા કલિ કાલમાં અધમ જનને અભયદાન દીધું
ચાર યુગને વિષે મુક્તિ નહિ નારને જુગત જાણી એમ વેદ બોલે
વ્રજ તણી નાર વિધિચાર (વ્યભિચાર !) ભાવ (વે ?) ભજે (જે ?)
× × રંગ રાતો સદા સંગ મોડે
અધમ ઉદ્ધારવા અવતર્યા શ્રી હરિ એવું જાણીને જે જ્ઞાન કરશે.

× × × ×

નીચને ઉચનું ત્યાં નથી પારખું, પ્રેમ દીઠા તેને રહ્યો રે ઝાલી.
નંદનંદન તમો કહ્યા ન જાઓ, લીલા ન જાણે વેદ વદતા.
બ્રહ્માદિકને સ્વપ્ને દુર્લભ તે સંગમરસ મહાલું રે

આ ઉપર ટાંકેલાં પદોમાં પ્રભુ શ્રીકૃષ્ણનું વેદાતીતત્વ, પ્રેમૈકલભ્યત્વ, સ્પષ્ટ કહેલું છે જે રસ ગોપીઓએ અનુભવ્યો છે તે શિવાદિકને દુર્લભ છે, કૃષ્ણની લીલા પણ તદ્વત્ વેદાતીત છે, કૃષ્ણ અધમોદ્ધારક છે, સ્ત્રીઓના વિશેષ હિતકૃત્ છે. પ્રભુ પ્રેમને વશ છે, નીચ અને ઉચ્ચનો ભેદ પોતે નથી રાખતા, પરંતુ જે કોઇ કૃષ્ણને પ્રેમથી ભજે છે, તેનો કદાપિ ત્યાગ કરતા નથી, ઝાલી રહે છે. નરસિંહ મહેતાનાં પદો બહુધા પુષ્ટિમાર્ગને મળતાં આવે છે, એ રા. ડભોઇવાલાનું કથન કેટલું સુયોગ્ય છે તે બુદ્ધિમાન્ વાચકને હવે તો સમજાયું હશે.

સ્થૂણાખનનન્યાયે હજુ પણ કેટલાક પદો ઉમેરીશું.

નિત્ય સેવા નિત્ય કીર્તન ઉત્સવ નિરખવા નંદકુમાર રે

અત્ર કૃષ્ણની સેવા, કીર્તન, ઉત્સવ અને દર્શનાદિ નિત્યત્વ ગાયું છે.

કુંજ લલિત માહે શ્રી કૃષ્ણ લીલા કરે નિરખની નૌતમ નિત્ય કેલી.

અત્ર કૃષ્ણલીલાનું પુષ્ટિમાર્ગવત્ પ્રતિક્ષણ નૂતનત્વ અને નિત્યત્વ નરસિંહ ગાય છે.

જે ગમે જગદ્ગુરુદેવ જગદીશને તે તણો ખરખરો ફોક કરવો,
આપણો ચિન્તવ્યો અર્થ કાંઈ નવ સરે ઉગરે એક ઉદ્વેગ ધરવો.
હું કરું હું કરું એજ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે,
સૃષ્ટિમંડાણ છે સર્વ એણી પેરે, જોગી જોગેશ્વરા કોઇક જાણે.
નિપજે નરથી તો કોઈ ન રહે દુખી, શત્રુ મારીને સૌ મિત્ર રાખે
રાય અને રંક, દૃષ્ટે આવે નહિ ભવનપર ભવનપર છત્ર દાખે.
ઋતુલતા પત્ર ફલ આપે યથા માનવી મૂર્ખ મન વ્યર્થ શોચે,
જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું તેહને તે સમે તે જ પહોંચે.

સુખ સંસારી મિથ્યા કરી માનજો, કૃષ્ણ વિના બીજુ સર્વ કાચુ.
યુગલ કર જોડી કરી નરસૈંયો એમ કહે, જન્મ પ્રતિજન્મ હરિને જ જાચુ.

કાષ્ઠની પૂતળી કોટિ મટકા કરે મર્કટ માનવી ચાહી નચાવો.
અખિલ બ્રહ્માડમા એક છે નાથ તુ, પુણ્યને પાપ નામે કહાવો.

આ પદમા પરબ્રહ્મ કૃષ્ણનુ સર્વવિધ કર્તૃત્વ, ફલદાતૃત્વ, અને જીવમાત્રનુ તદિચ્છાને અધીનત્વ, સંસારનુ મિથ્યાત્વ, નરસિંહ ઉપદેશે છે. તે નચાવે છે તેમ સર્વ જીવો નાચે છે. પ્રભુનુ સર્વ પ્રકારનુ કર્તૃત્વ સ્ફુરવાથી, અને પોતાનુ કર્તૃત્વ પણ તદાજ્ઞાને અધીન થવાથી, જીવની કૃતિ માત્ર અપ્રાકૃત થાય છે, અને પાપ અને પુણ્ય તે જીવના સબધમા નામમાત્ર કહેવાય છે, પાપ પુણ્યની જવાબદારી એને શિર રહેતી નથી. 'અખિલ બ્રહ્માડમા એક છે નાથ તુ' એ વાક્યથી કૃષ્ણનુ અદ્વિતીયત્વ અને સર્વોત્કૃષ્ટત્વ સિદ્ધ થાય છે.

પ્રભુનુ ભજન કરવામા લોકલજ્જા ન રાખવી જોઇએ તે પણ નરસિંહ ઉપદેશે છે

લોકની લાજ મર્યાદ તે પરહરો, નિર્ભય થઇ હરિગુણ ગાવો

સર્વત્ર વ્યાપી પ્રભુ પોતે જ છે, તેથી 'सोहम्' શ્રુતિનો અનુવાદ કરીને કૃષ્ણની તુલ્ય કોઇ નથી એમ દર્શાવીને, શ્યામશોભા બુદ્ધિને અગમ્ય છે એમ કહીને, ઉત્સવની અનન્તતા ઉપદેશીને, પ્રભુનુ પ્રેમરસરૂપત્વ અને તેજોમયતા દર્શાવીને વિરુદ્ધધર્માશ્રયત્વ પ્રતિપાદન કરે છે. એવા પ્રભુ અર્ધ[1] અને ઊર્ધ્વની માહે ડોલે છે, વ્યાપિવૈકુંઠમા અને શ્રીમદ્ગોકુલમા ખેલે છે એ પ્રભુ સર્વવ્યાપક હોવા છતાં કેવલ પ્રેમબંધનથી જ ગ્રહણ કરી શકાય છે, અર્થાત્ સર્વવ્યાપકરૂપે નહિ, પરન્તુ એક જ સ્થલે દર્શન દઇને, ગોપી વગેરે સાથે ક્રીડા કરે છે

નિરખને ગગનમા કોણ ઘુમી રહ્યો, તેજ હું તેજ હું શબ્દ બોલે,
શ્યામના ચરણમા ઇચ્છુ છું મરણ રે, અહીંયાં કોઈ નથી કૃષ્ણ તોલે

શ્યામ શોભા ઘણી, બુદ્ધિ ન શકે કળી, અનન્ત ઉત્સવમા પથ ભૂલી,
જડ ને ચેતન, રસ કરી જાણવો પકડી પ્રેમસજીવન મૂળી

ઝળહળ જ્યોત ઉદ્યોત રવિ કોટમા હેમની કોર જ્યા નીસરે તોલે
સચ્ચિદાનંદ આનન્દ ક્રીડા કરે, સોનાના પારણા માહી ઝુલે

બત્તિ વિણ તેલ વિણ, સૂત્ર વિણ જો વળી, અચલ ઝળકે સદા અનલ દીવો,
નેત્ર વિણ નિરખવો, રૂપ વિણ પરખવો, વણ જીહ્વાએ રસ સરસ પીવો

અકલ અવિનાશી એ, નવ જાયે કળ્યો અરધ[1] ઉરધની માંહે મહાલે
નરસૈંયાચો સ્વામી સકલ વ્યાપી રહ્યો, પ્રેમના તન્તમા સન્ત ઝાલે

વળી બ્રહ્મવાદવત્ કૃષ્ણનુ ઐકત્વ અને સર્વરૂપત્વ નીચના પદમા પ્રતિપાદન કરે છે.

અખિલ બ્રહ્માડમા એક તુ શ્રી હરિ, જૂજવે રૂપે અનન્ત ભાસે,
દેહમા દેવ તુ તેજમા તત્ત્વ તુ શૂન્યમા શબ્દ થઈ વેદ વાસે

પવન તુ, પાણી તુ, ભૂમિ તુ ભૂધરા, વૃક્ષ થઈ ફૂલ્યો આકાશે,
વિવિધ રચના કરી અનેક રસ લેવાને શિવ થકી જીવ થયો એજ આશે

---

[1] परमे परार्धे

વેદ તો એમ વદે શ્રુતિ સ્મૃતિ શાખ દે કનક કુંડલ વિષે ભેદ ના હોય,
ઘાટ ઘડ્યા પછી નામરૂપ જૂજવા અન્તે તો હેમનું હેમ હોય.

× × × ×

વૃક્ષમાં બીજ તુ, બીજમા વૃક્ષ તુ, જોઉં પટંતરો એજ પાસે,
ભણે નરસૈંયો એ મન તણી શોધના, પ્રીત કરૂ પ્રેમથી પ્રકટ થાશે

અહિં પણ ઉપર દર્શાવેલુ બ્રહ્મવાદનું જ્ઞાન એ મનતણી શોધના છે, જ્ઞાન ચિત્ત શુદ્ધિને માટે છે, બાકી પ્રભુ તો પ્રેમથી પ્રકટ થાય છે, તેથી તેની જોડે પ્રીતિ કરવી એમ ઉપદેશ કરે છે.

વળી, કૃષ્ણ આદિ મધ્ય અને અવસાન છે. એ પ્રભુ એક જ અદ્વિતીય છે, વેદાતીત છે, સગુણ છે, નિર્ગુણ છે જે પ્રભુ શિવસનકાદિકને માત્ર ધ્યાનમા જ પરોક્ષ પ્રાપ્ય છે. તે પૂર્ણ પુરુષોત્તમ વ્રજતણી પ્રેમદાઓની સાથે ભાવથી નિત્ય સાક્ષાત્ ખેલે છે આથી ગોપિકાઓનું અહોભાગ્ય વર્ણવ્યુ છે

આદ્ય તું મધ્ય તુ, અન્ત્ય તું ત્રિકમા એક તુ એક તુ એક પોતે,
અખિલચો બ્રહ્મ બ્રહ્માદિક નવ લહે ભુરચા માનવી અન્ય ગોતે.

રવિશશિ કોટિ નખચન્દ્રિકામા વસે દૃષ્ટિ પહોંચે નહિ ખોજ ખોળે,
અર્ક ઉદ્યોત જ્યમ તિમિર ભાસે નહિ નેતિ નેતિ કહી નિગમ રોવે.

કોટિ બ્રહ્માંડના ઈશ ધરણીવરા, કોટિ બ્રહ્માંડ એક રોમ જેનું,
મર્મ સમજ્યા વિના ભ્રમ ભાગે નહિ, સગુણ સ્વરૂપ નિર્ગુણ એનું

એ નથી એકલો વિશ્વથી વેગળો સર્વવ્યાપિક છે શક્તિ સ્તુલ્ય જેની,
અખિલ શિવ આદ્ય આનન્દમય કૃષ્ણજી સુંદરી રાધિકા શક્તિ તેની

વેદની વાતનો ભેદ લભ્યે નહિ તેનું હારદ તે કોક જાણે.
શિવસનકાદિક દેવ મુનિ નારદ, પૂરણ બ્રહ્મનું ધ્યાન આણે

તે પૂર્ણ પુરુષોત્તમ પ્રેમદાશુ રમે, ભાળે શુ ભામિની અંક લીધો.
જે રસ વ્રજતણી નાર વિલસે સદા, સખીરૂપે તે નરસૈંયે પીધો

પ્રભુનુ માહાત્મ્ય કેવુ છે તે દર્શાવવાને નરસિંહ દર્શાવે છે કે અનન્તકોટિ બ્રહ્માંડ તેના એક રોમમા વસે છે. નરસિંહે પ્રભુરસ પણ પુરુષરૂપે નહિ પણ સખીરૂપે પીધો છે તે વિસરવું ન જોઇએ 'એક તું એક તુ એક પોતે' આ શબ્દો 'તે જ તું' 'તે જ તુ' ના અમે કહેલા અર્થની ઉપપત્તિ દર્શાવે છે.

વળી, શિવાદિકને ધ્યાનમાં પણ જે પ્રભુ અગમ્ય છે તે પ્રભુ વ્રજવધૂઓ સાથે સાક્ષાત ખેલે છે.

શિવબ્રહ્માદિક મહામુનિ તેને ધ્યાને ન આવે,
ધન્ય ભાગ્ય વ્રજનારનું વહાલો લાડ લડાવે

વળી, શુદ્ધ પુષ્ટિભક્તિમા મનાતું એક અદ્ભુત રહસ્ય પણ નરસિંહ ઉપદેશે છે.

'અખિલ બ્રહ્માંડનું અમૃત લઈ યુવતિવૃંદને પાયુંરે,
અદ્ભુત બળ આપ્યું અબળાને, નરવર કાયર આગેરે

હસતુ વનવેલીને આપ્યુ, કોકિલા સ્વર મધુર રે,
રોગ વિમુખજન સર્વને આપ્યુ ભોગભક્તિ ભગવાનરે

શ્રુતિમાં ઉપદિષ્ટ ' तस्य दाय पुत्रा उपयन्ति सुहृद साधुकृत्या, द्विषन्त पापकृत्याम् ' રહસ્યના જેવુ રહસ્ય પણ નરસિંહ ઉપદેશે છે ભગવદ્વિમુખજનને રોગાદિ આપ્યુ, અબલાને અદ્ભુત બલ આપીને સબલા બનાવી, અને તે યુવતિવદનથી અખિલ બ્રહ્માંડનુ અમૃત પીધુ. પુરુષની ભગવદ્રસ પાન કરવાકરાવવાની અયોગ્યતા, અને સ્ત્રીની યોગ્યતા, એવી સુદર રીતે ભક્ત નરસિંહે દર્શાવી છે કે [2]દુરાગ્રહરહિત વાચકને તો નરસિંહકાવ્યનુ શ્રીવલ્લભાચાર્યજીના સિદ્ધાન્ત સાથે સામ્ય સ્વત સ્ફુરશે

વર્ણાશ્રમ ધર્મ ગૌણ છે અને ભગવદ્ધર્મ પ્રધાન છે. ભક્તિમાર્ગમા કર્મ અન્તરાયરૂપ છે, સર્વ સાધનમાત્ર હરિનામ આગલ તુચ્છ છે, ઇત્યાદિ નરસિંહ જણાવે છે, તે પણ શ્રીમત્-પ્રભુચરણે ઉપદિષ્ટ દેહધર્મનુ વર્ણાશ્રમધર્મનુ ગૌણત્વ, અને આત્મધર્મનુ, ભગવદ્ધર્મનુ અન્તરંગત્વ અને પ્રધાનત્વની સાથે બહુધા મલતુ આવે છે

વર્ણના ધર્મ તે કર્મ કરવા ટલ્યા મર્મ જાણ્યો ત્યારે ભર્મ ભાગ્યો,
શ્રી રાધિકા કૃષ્ણ ભજ સચ્ચિદાનન્દને તેથી નથી કાઇ ધર્મ આઘો
મનુષ્યને કર્મ કરવા ઘટે જ્યા લગી ત્યા લગી ભક્તિનો ભેદ અળગો,
ભાવે ગોવિન્દમા, ભજન ભેદી રહો એક ઉપાસનાને વળગો
જાગને જોગ જગન નરથી ટલ્યા, ભૂખ વેઠી સીદ વ્રત કરતો,
તીર્થની શોચના, મેલ મનથી પરિ દેહ દમીને કા જ જાન કરતો.
સકલ સાધનનુ શ્રીહરિ નામ છે, પાર પામ્યા કોઇ સંત પુરા,
શાસ્ત્રરૂપી એ સમુદ્ર તરે જેટલા જાત કાપી ગયા જન શૂર'
મારે તો આશરો એક હરિ નામનો છેક આણ્યો હવે કયારે જઇએ
ભણે નરસૈયો એ નામને આશરે નામને મૂર્તિમા લીન રહીએ

નરસિંહને એક કૃષ્ણનો જ આશ્રય છે. એની દૃઢ ઇચ્છા પ્રભુના નામ અને સ્વરૂપમાં જ તલ્લીન થવાની હતી, તે માયાવાદને કોઇ પ્રકારે પોષતી નથી, પરન્તુ પુષ્ટિમાર્ગને જ પોષે છે યજ્ઞ, યોગ, વ્રત, તીર્થ સર્વ વ્યર્થ છે પ્રભુનામથી હેઠ છે ભાવથી કૃષ્ણનુ ભજન કરો, અને તેની જ ભક્તિને વલગી રહો. અત્ર પણ પુષ્ટિમાર્ગનુ જ સામ્ય પ્રકાશે છે, માયાવાદનુ નહિ

પુષ્ટિમાર્ગમા નિ સાધનતા અને દીનતા એ જ સાધન છે. ગમે એટલો પ્રયત્ન જીવ પ્રભુને રીઝવવાને કરે, પરન્તુ પ્રભુને તો તેનો અંગીકાર ' पत्र पुष्प फल तोयम् 'ન્યાયે જ કરવાનો છે. સ્વનિ:સાધનતા અને દીનતા દર્શાવતા અને પ્રભુનુ માહાત્મ્ય ગાતા નરસિંહ ઉચ્ચરે છે કે,

---

[2] હડહડતા માયાવાદી અને પુષ્ટિમાર્ગશત્રુ અખાના કાવ્યમાં શ્રીમદ્વલ્લભાચાર્યના બ્રહ્મવાદનુ દર્શન જેટલુ અસભવિત છે, તેટલુ જ નરસિંહમહેતાના કાવ્યમા માયાવાદનુ અસંભવિત છે, છતા બ્રહ્મવાદી ભક્ત નરસિંહના કાવ્યમા પ્રતિપદ સ્ફુરિત બ્રહ્મવાદ અને ભક્તિનો ન્યક્કાર કરીને તેમા માયાવાદનો અધ્યારોપ કરવો એ જ દુરાગ્રહ, જે સંપ્રદાયમા જન્મ થ તે સંપ્રદાયના ઉત્કર્ષનુ તમોમૂલક અસહન એ દુરાગ્રહનો હેતુ જણાય છે

તારી કેમ કરી પૂજા કરૂં શ્રીકૃષ્ણ કૃપા નિધિ અકલ આનન્દ કહ્યો ન જાયે,
સ્થાવર જંગમ વિધ વ્યાપિ રહ્યો, કેશવા કડીયે કેમ સમાઓ.
બાર મેઘ કરી સ્નાન શ્રીપતિ કર્યાં શંખની ધારે હરી કેમ રીઝયા,
ઓગણ પચાશ તુને વાયુ વ્યંજન કરે સૂક્ષ્મ વાયુ તુને કેમ ગમીયા.
સૂરજરૂપે કરી ત્રણ ત્રિભુવન તપ્યાં ચન્દ્રરૂપે કરી અમૃત ઠાર્યાં,
મેઘરૂપે વરશો રે વિઠ્ઠલા, વાયુરૂપે કરીને વધાર્યાં.
અઢારભાર વનસ્પતિ હરનિશ પીમળે, માળી તે પાનરી શરે લાવે
ચુવા ચંદન કરી પ્રભુ તુને પૂજીએ અંગના એકની તુલ્ય ના'વે.
તારે નિત નિત અવનવા નૈવેદ કમળા કરે સૂક્ષ્મ નૈવેદ કેમ તુલ્ય આવે.
ભણે નરસૈંયો, જેને કૃષ્ણરસ, ચાખીયો પુનરપિ માતને ગર્ભ ના'વે

પ્રભુનું વિરુદ્ધધર્માશ્રય દર્શાવતા ભગવન્માહાત્મ્યનુ ગાન કરવામા નરસિંહનુ અહોભાગ્ય છે । આટલુ પ્રત્યક્ષ સામ્ય છે, છતા જો કોઇ ન સ્વીકારે તો તેને આપણે બીજું શું કહીશુ ? માત્ર ‘ मजन्तो धन्या ’. સામ્ય સ્વીકારતા છતા નરસિંહ પુષ્ટિમાર્ગનો [1]“વધૈયો” છે એ કોઇ પૃથગ્જનને ન રુચતુ હોય તો આપણે શું કરીએ ? દયારામાદિ અસંખ્ય વૈષ્ણવો એવુ માનતા આવ્યા છે અને માને છે, તેને આપણી અરુચિની શી પડી છે ?

આ સિવાય પણ નરસિંહના અનેક પદો છે કે જેમા બ્રહ્મવાદ અને પુષ્ટિમાર્ગના જેવો ઉપદેશ નરસિંહે કર્યો છે. નરસિંહના પદોમાં માયાવાદ તો ક્યાહિએ દૃષ્ટિગોચર થતો નથી, જે પદો ગુજરાતીના લેખક ટાંક્યા છે તેમાં પણ નથી, પ્રત્યુત પુષ્ટિમાર્ગસદૃશ ઉપદેશ તો છે, જે અમે અનેક પદો ટાંકીને સિદ્ધ કર્યું છે. આ પ્રકારે નરસિંહ મહેતા પુષ્ટિમાર્ગને બહુધા મલતા આવે છે તેથી, અને શ્રીવલ્લભાચાર્યની તરત જ પૂર્વે થયલા હોવાથી જો વૈષ્ણવો એને પુષ્ટિમાર્ગનો “ વધૈયો ” માને તો તેમણે અપરાધ કર્યો નહિ કહેવાય. એ માન્યતા આટલા બધાં સબલ પ્રમાણોથી સિદ્ધ હોવા છતા ન સ્વીકારવી, અને નથી તેનો માયાવાદનો અંશ નરસિંહકાવ્યમાથી કલેશથી કાઢવા પ્રયત્ન કરવો એ જ કેવલ દુરાગ્રહનુ સ્વરૂપ. અત્ર કહેવું જોઇએ કે નરસિંહ કેટલી જગ્યાએ શિવાદિને કૃષ્ણસ્વરૂપ દુર્લભ કહે છે, અને કેટલીક જગ્યાએ પ્રાપ્ય પણ કહે છે, તે ઉપરથી એમ અનુમાન થાય છે કે કેટલીક (જેવી કે બાલલીલા) કૃષ્ણલીલા શિવાદિને ગમ્ય[2] હશે, જ્યારે કેટલી લીલા (જેવી કે રાસાદિલીલા) અગમ્ય હશે, અથવા કવિનુ શબ્દશૈથિલ્ય પણ હોય, ગમે તેમ હોય, अत्र नास्माकमाग्रहः अतो न किञ्चिदेतत् ।

श्रीकृष्णार्पणमस्तु ।

---

[1] જેનુ વાચનક્ષેત્ર વિશાલ છે તેને અન્ય ધર્મમા તો શું પણ અનેક મહાપુરુષના જન્મમા પણ વર્ધાપકત્વના અનેક દૃષ્ટાન્ત સુવિદિત હશે.

[2] શ્રીશુક શ્રીમદ્ભાગવતશાસ્ત્રના પ્રવર્તક છે, પુરાણમા શ્રીશુકને શિવાવતાર માન્યા છે, અને શ્રીમદ્ભાગવતમા પણ પ્રસ્તુત ગ્રંથના ઉત્કર્ષસૂચનના પ્રસંગમા वैष्णवानां यथा शंभुः એવું વાક્ય દૃષ્ટિગોચર થાય છે, તેથી શિવરૂપ અને શુકરૂપ ઉભયે (શંકરાચાર્ય નહિ) માર્યાદિક વૈષ્ણવ હોવાથી માર્યાદિક ભગવલ્લીલા અનુભવે, પરંતુ शक्रशर्वपरमेष्ठिपुरोगा ઇત્યાદિ શ્રીમદ્ભાગવતના દશમસ્કંધીય યુગલગીતીય શ્લોકમા વેણુનાદ પ્રવર્તિત રાસાદિક લીલામાં શિવાદિને મોહ થયો સૂચવ્યો છે, તેથી શિવને કે શુકને કોઇને પણ પુષ્ટિમાર્ગીય તત્ત્વભૂત રાસાદિલીલાનો તો સ્વપ્ને પણ અનુભવ નથી.

પુષ્ટિભક્તિસુધાકરને બે બોલ લખનાર મી. ત્રિવેદીને બે બોલ.

(આ લેખ માટે લેખક પોતે જવાબદાર છે)

“ ડાહી સાસરે જાય નહીં, અને ગાડીને શીખામણ આપે ” તેવો ઘાટ મી. ત્રીવેદીએ ધી ‘ગુજરાતી’ તા ૨૫-૨-૧૪ ના અંકમાં લેખ લખી વર્તન કરી દેખાડયુ છે. એક તરફથી સુધાકરે ગાલિ પ્રદાનનો ધધો આદર્યો માટે મી ત્રીવેદીએ શીખામણના બે બોલના બ્હાને બીજી તરફથી પોતેજ એક મુખ્ય વૈષ્ણવ સંપ્રદાયના પૂજ્યપાદ શ્રીમદ્ આચાર્ય તરફ કુતર્કો અને અમાનસીક લજ્જાહીન ગાલિપ્રદાનનો વરસાદ વરસાવ્યો. આટલા માટે તે મી. ત્રિવેદીને પણ બે બોલ લખવાની જરૂર જણાઈ છે

ગુજરાત સર્વસંગ્રહના પાન ૧૩૪ ઉપર જણાવવામા આવ્યુ છે કે ગુજરાતમા ત્રણ સપ્રદાય અને ત્રીસ ઉપરાત પંથો છે આ ત્રણ સપ્રદાયમાંના આ લેખમાં ફક્ત બે સપ્રદાય (૧) પૂજ્યપાદ શ્રીમદ્ વલ્લભાચાર્યનો એક અને (૨) શ્રીશંકરાચાર્યનો બીજો-એવા બે માટેજ આપણે લખવાનુ છે ગુજરાત સર્વસગ્રહમા જે સપ્રદાયો અને પથો માટે લખવામાં આવ્યુ છે તેની ઇગ્રેજી જાણનારાઓની માહિતી માટે મી. વીલસન કૃત હિંદુઓના ધર્મની બાબતમા જે નિબંધો અને ભાષણોનો સગ્રહ ઇ સ. ૧૮૬૨ ની સાલમા ડાકટર રેન્હોલ્ડ રોસ્ટે પ્રકટ કર્યો છે ને વાચવાની ભલામણ કરીએ છીએ. તેના પાને ૩૧ થી ૩૩ ઉપર સપ્રદાયો અને પથોની નોધ કરી છે. ઉપર જણાવેલા બે સપ્રદાયમાંના એકનો હેવાલ રૂદ્ર સંપ્રદાય ઉર્ફે પૂજ્યપાદ શ્રીમદ્ વલ્લભી સંપ્રદાયનો-તે ગ્રથના પાને ૧૧૯ થી ૧૩૬ સુધી છાપેલો છે અને બીજાનો હેવાલ ડંડી અને દશનામીના મથાળા નીચે પાને ૧૯૧ થી તે પાને ૨૩૭ સુધી છાપેલ છે આ ગ્રથના ઉપયોગથી-મી. ત્રિવેદીએ જે આધારોથી પૂજ્યપાદ શ્રીમદ્ વલ્લભાચાર્યની જાત માટે કુતર્કો ગુથ્યા છે તેના કરતા ચઢીયાતા ગ્રથના આધારથી' શ્રીશંકરાચાર્યની જાત માટે મી. ત્રિવેદીના જ સિદ્ધાતો ગ્રહણ કરવામા આવે તો તે કેવી હોવી જોઇએ તેનો તર્ક કરવાનું કામ મી. ત્રિવેદીને અને ગુજરાતી પત્રના અધિપતિ જેનું વલણ પૂજ્યપાદ શ્રીમદ્ વલ્લભાચાર્યની વિરૂદ્ધ હોય તો તેને અને વાચકવૃન્દને સોંપીએ છીએ

મી. ત્રિવેદી શ્રીશકરાચાર્યના સપ્રદાયના હોવા જોઇએ, અને સુધાકરના લેખકો પૂજ્યપાદ શ્રીમદ્ વલ્લભાચાર્યના સપ્રદાયના હોવા જોઇએ ધી ગુજરાતીના અધિપતિનુ વલણ ઉપર જણાવવા પ્રમાણે શ્રીશકરાચાર્ય સપ્રદાય તરફમા અને પૂજ્યપાદ શ્રીમદ્ વલ્લભાચાર્ય સંપ્રદાય વિરૂદ્ધ હોવું જોઇએ, કારણ કે શ્રીશકરાચાર્યના અનુયાયીએ પૂજ્યપાદ શ્રીમદ્ વલ્લભાચાર્યને “ચાડાલ” વિગેરે અનુમાન કરી સંજ્ઞા આપીને મોકલેલો લેખ પોતાના છાપામા છાપતા જરાપણ આચકો ખાધો નહી, પણ જે સિદ્ધાંતોથી તેવી સજ્ઞા મી. ત્રીવેદી આપવાને છાપામાં લખવા ભાગ્યશાળી થયા તેજ સિદ્ધાંતોનો ઉપયોગ મી વીલસન કૃત ગ્રંથમા શ્રીશકરાચાર્યના જન્મની કેરલ ઉત્પત્તિની દંતકથાના સિદ્ધાંત સાથે મેળવી તેવી સજ્ઞા શ્રીશકરાચાર્ય માટે ઉત્પન્ન થાય માટે તે પ્રકટ કરવા તે પત્રના અધિપતિએ પાછી પાની કરેલી હોવાથી એ લેખ આ પત્રમા પ્રકટ કરાવવાની હમોને ઘણી કડવી ફરજ પડી છે.

એક સપ્રદાયના અનુયાયીએ શંકરાચાર્યના સપ્રદાયના સ્થાપક માટે અઘટિત લખ્યુ તો તે સપ્રદાયના ધુરધર (?) અનુયાયી મી. ત્રિવેદીએ લખનારના સપ્રદાયના મુળ સ્થાપક

માટે ખરા અને ખોટાનો ક્ષણભર પણ વિચાર ન કરતા “ બે બોલના ” નામે લખતા “ ચાંડાલ” વિગેરે શબ્દોનો પ્રયોગ કરતા કોઇ જાતની તેને કપારી છુટી નહીં અફસોસ !!! ચાડાલ શબ્દોના પ્રયોગ કરવાના સાહસનુ કારણ મી. ત્રિવેદીનો નીચે જણાવેલો (Syllogism) ન્યાય છે.—

Major premise પ્રધાન સાધન	સન્યાસીમાથી ગૃહસ્થ થનારને ધર્મશાત્રમા “ वातासि ” (એકેલુ ખાનાર) તથા “ आरूढपातित ” કહેવાય છે.
Minor premise ગૌણ સાધન	શ્રી લક્ષ્મણભટ્ટજી પરણ્યા બાદ સન્યાસી થયા હતા. અને સન્યાસીમાથી ગૃહસ્થ થઇ સસાર ભોગવી પ્રજા ઉત્પન્ન કરી હતી.
Inference . માટે અનુમાન ન. ૧.	શ્રી લક્ષ્મણભટ્ટજી “ वातासि ”, તથા “आरूढपातित” કહેવાય.

મી. ત્રિવેદીનો-Syllogism—ન્યાય નબર બે નીચે પ્રમાણે તેમના તરફથી અપાયલો છે

Major premise પ્રધાન સાધન	સ્મૃતિના વાક્યોમા કહ્યું છે કે (૧) સંન્યાસીથી ઉત્પન્ન થયલી પ્રજાને (૨) બ્રાહ્મણીએ શુદ્ર થકી પેદા કરેલી પ્રજાને, અને (૩) સગોત્રની કન્યામા પેદા કરેલી પ્રજાને ચાડાલ કહી છે.
Minor premise ગૌણ સાધન.	પૂજ્યપાદ શ્રીમદ્વલ્લભાચાર્ય સન્યાસી લક્ષ્મણભટ્ટજીની પ્રજા છે

માટે

Inference ... અનુમાન નંબર ૨.	ગૌણ સાધનમા જણાવેલા આચાર્ય—કહેવાય.

આવી રીતના મી ત્રિવેદીના બે અનુમાનો ધી ગુજરાતીમા પ્રકટ કરવામા આવ્યા છે, અને તેના આધારમા કાશી–બનારસના સબ જડજ શ્રી ચદ્રબસુનો પરદેશગમનની બાબતમા આપેલો ફેસલો “ કવિ રત્ન ” “ મહારાજ લાઇબલ કેસ ” “ મહારાજોનો પથ ” અને વર્ણશંકરનામી Black-t-Anand બ્લાકટાનદ—[જેનુ નામ બે શબ્દોમાના એક ઇંગ્રેજી અને બીજા દેશી એ બે શબ્દોના લગનની પ્રજા—વર્ણસકર—બ્લાકટાનદ] ના ગ્રથો નોધવામા આવ્યા છે.

કાશી બનારસના સબજડજે જે ફેંસલો આપ્યો છે તે અપીલમા હાલજ ગયલો જણાય છે તે અપીલની સુનાવણીનો રીપોર્ટ સાંજ વર્તમાનના તા. ૨૨–૧–૧૪ના અંકમા જે હેવાલ પ્રગટ થયો છે તેમા અલાહાબાદ હાયકોર્ટના ઇંગ્રેજ ન્યાયમૂર્તિએ કહ્યુ છે કે ચંદ્રબાસુએ સંસાર સુધારાની લઢત ચુકાદામાં લાવવી જોઇતી ન હતી તે “ સદંતર અસંબદ્ધ ” છે તેને માટે ‘ ચુકાદામા બીલકુલ સ્થાન નથી. ” આ ઉપરથી જણાશે કે મી ત્રિવેદીએ જનસમાજને ભુલાવામા નાખવા માટે ઉપરનો ફેસલો જે અપીલમા ચર્ચાને પાત્ર છે તે ટાકયો છે. તેમાં ન્યાય આપનાર ન્યાયાધીશ માટે તેના ઉપરીએ ઉપર પ્રમાણે અભિપ્રાય જણાવ્યો છે.

